AP
95
.G8B8
1896

बुद्धिप्रकाश.

પુસ્તક ૪૩ મું.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

અમદાવાદ
ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં
મહેતા ઘેલાભાઈ નરસિંહદાસે છાપ્યું.

કીંમત રૂ. ૧-૮-૦

Source.....
Date.....
Price.....

अनुक्रमणिका.

विषय.	पृष्ठ.
અવયવ રૂપી ચાકરો અને દેહરૂપી ગેહ વિષે	૧૯૩
આડંબર	૩૭૦
આશ્વિન	૩૨૧
ઇતિહાસની આવશ્યકતા	૩૭
ઇતિહાસ શા ઉદ્દેશે લખાવો જોઇએ	૩૦૬
એક પતિની વર્તણુક	૫૪
એકાગ્રતા	૨૬૦
ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી, આઈ, ઈ. ઈનામ ફંડમાંથી સ્પર્ધાનાં ભાષણો	૯૩
ઓનરેબલ રા. બા. રણછોડલાલ બાડીયા કન્યાશાળાનો સ. ૧૮૯૫ નો રિપોર્ટ	૩૮૨
ઓકસફર્ડની પાઠશાળામાં ભણતા હિંદુસ્તાનના દેશીઓ વિષે	૩૦૬
કિંચિત	૫-૧૦૪-૧૯૩
કોલેરાનું કારણ	૧૭
ગામડાની મગરૂરી	૧૮૮
ગુજરાત વર્નાકયુલર સોસાઇટીનો વાર્ષિક સાધારણ સભાનો હેવાલ	૧૫૭
ગુજરાતી ભાષાનું અભિમાન રાખનારને પ્રાર્થના	૨૧૯-૨૩૯
ગુર્જર શિષ્ટ ગ્રંથ શતી	૪૦-૧૨૧-૧૭૩
ગ્રંથ સ્વીકાર અને પુસ્તકોની પોહોંચ	૨૯-૬૨-૧૭૫-૨૮૭-૩૧૮
ચર્ચાપત્રનો ખુલાસો	૬૩
ચારણ અને ચારણી ભાષા	૩૧૪-૩૨૬
ચોપાનીયાં તથા વર્તમાનપત્રો શાંશાં કામ કરેછે	૬૯
જાણવાજોગ બાબતો	૨૮૪-૩૧૬-૩૪૮
જીવનગતિ નિર્ણય	૧૮૧
જીવન ચરિત્ર	૧૪૫
જૂનું જાય ને નવું થાય	૨૭૮
ઠગનાં લક્ષણ	૧૦૩
તારા મંડળ સાથે તાપનો સંબંધ	૨૮૧
દૃષ્ટિ દોષાષ્ટક	૩૩
દૃષ્ટાંતિક દોહરા	૩૪૭-૩૭૪
નિપુણતા	૧૪૦

પાણી ...	૯-૪૩-૧૦૫-૧૩૨
પ્રાચીન સ્ત્રી ગુણને ઉપયોગ	૧૬૭
પ્રાચીન સ્ત્રી શૌર્ય	૬૫
પ્રારબ્ધ પ્રાબલ્ય	૧૬૨
બુદ્ધિપ્રકાશ મહિમા	૧
બેકનહૃત નિબંધ	૮૯-૨૩૦-૨૭૩-૨૯૦-૩૨૨
ભણીને શું કરવું	૩૫૩
ભાષા અર્થે	૧૭૮
ભૃંગની આમર પ્રત્યુક્તિ	૧૩૦
મંગોપાદની જીંદગીનું દિગ્દર્શન	૧૫૩-૧૬૯
મનુષ્ય ભાગ્ય	૫
મનુષ્યના આચાર અને કર્તવ્ય	૨૫૧-૨૬૭-૩૦૩
મહારાણી કૈસરેહિંદનો પ્રજાપ્રત્યે પત્ર	૨૨૩
માદક પદાર્થોના ઉપયોગથી સંતતીપર થતી અસર	૬૪-૧૨૫
મીઠાની ઓઘવારી વિષે	૨૫૭
મુંબઇ ઈલાકાના આધુનિક કેળવણી આતાનો સંક્ષિપ્ત ઇતિહાસ	૩૪૦
યૂરોપખંડનો હાલનો સુધારો	૨૨૫
રાત્રિ	૩૫-૧૨૯
રા. રા. હરિલાલ હર્ષદરાયનો પરલોકવાસ	૨૫૬
રા. રા. શેઠ મણિલાલ રણછોડદાસ લાઇબ્રેરી ફંડ	૬૦
રાવબહાદુર ભોળાનાથ સારાભાઈ સ્ત્રીવિદ્યાલય વિષે	૨૨૫
રાવબહાદુર ભોળાનાથ સારાભાઈ લીટરરી ઇન્સ્ટીટયુટ ફોરફિમેલ્સ	૬૨
રૂના પાક વિષેનો પત્ર	૩૪૧-૩૭૫
લોર્ડ સાલ્સબરી	૧૩૧
વણઝારાનો વૃત્તાંત	૨૪૬-૨૬૨-૨૯૭
વનસ્પતિ ખોરાક અને તેની તંદુરસ્તીપર થતી અસર	૧૪૮
વર્ષાની જનમંડળ ઉપર થતી અસર	૧૧૮-૧૩૭
વિપાક અને કોહવાણ	૧૪-૪૬
વેપાર સંબંધી જાણવાજોગ હકિકત	૭૬
વૈદ્યશાસ્ત્ર	૮૫-૨૪૧
વૉરનહેસ્ટીંગ્સ	૧૬૩
શરદઋતુ	૨૮૬
શૂરવીર સ્ત્રીઓનાં સંક્ષિપ્ત જીવન ચરિત્ર	૭૦-૧૧૦
શેખ સાદી કૃત ગુલિસ્તાનમાંથી ભાષાન્તર	૩૩૨-૩૩૭
શેખ સાદી કૃત કરીમા	૨૭૭-૩૦૫
શેઠ મણિલાલ રણછોડદાસ લાઇબ્રેરી ઉઘાડવાનો સમારંભ	૬

શ્રી વલ્લભી રાજ્યના મહાસામંત મહારાજ ધ્રુવસેનનું ગણેશગઢ..... ૬૦
સતીના શબ્દ સમીપ..... ૨
સદ્‌વિચાર..... ૩૪
સમાલોચક અને સોશિયલ કોન્ફરન્સ..... ૧૯૫
સારી અને નરસી ભાષાશૈલી..... ૩૯
સૈયરને શીખ..... ૧૬૧
સ્નેહપ્રલય..... ૭૫-૧૧૩
સ્વર્ગવાસી. સી; આઈ; ઈ. રા. સા. મહિપતરામ રૂપરામની સુગુણ પ્રશસ્તિ..... ૧૦૧
સ્વાર્થપરતા..... ૨૫૮
સ્ત્રીજાતિનું પ્રાબલ્ય..... ૩૬૯
સ્ત્રી વક્તૃત્વોત્તેજક ઈનામી ભાષણ..... ૨૭
સૃષ્ટિચમત્કાર..... ૬૭
હોરી..... ૫૯

बुद्धिप्रकाश.

પુસ્તક ૪૩ મું. જાન્યુઆરી સને ૧૮૯૬. અંક ૧ લો.

બુદ્ધિપ્રકાશ મહિમા.

(મળેલું.)

(દોહરા.)

વિદ્યા વૃક્ષ ઉછેરવા, વિદ્યા ફુલ ફળવાસ,–
પ્રસારવા ગુજરાતમાં, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૧
વિદ્યા રસ પાવા પીવા, વધારવા અભ્યાસ,
વિદ્યા વ્યસન સજાવવા, શિખવે બુદ્ધિપ્રકાશ. ૨
તિમિર પટને ટાળવા, અંતર થવા ઉજાસ,
સારાસાર વિચારવા, શિખવે બુદ્ધિપ્રકાશ. ૩
સાક્ષર વર્ગ વધારવા, વધવા ગ્રંથ વિલાસ,
વ્હેમ કુસંપ વિદારવા, શિખવે બુદ્ધિપ્રકાશ. ૪
સુખરૂપ સુધારા તણો, નિર્મળ સૂર્ય પ્રકાશ,
પ્રસારવા ગુજરાતમાં, શિખવે બુદ્ધિપ્રકાશ. ૫
કુળ–કીર્તિ ને દેશને, માટે પ્રૌઢ પ્રયાસ,–
તન મન ધનથી ખેંચવા, શિખવે બુદ્ધિપ્રકાશ. ૬
વિદ્યા–હુન્નર કારણે, વિદેશ માંહિ પ્રવાસ,–
કરવા ઉમર હિમ્મત ધરે, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૭
આર્ય ધર્મ નીતિ તણો, નિર્મળ થાય પ્રકાશ,
વ્હેમ તિમિર ભન્ને ટળે, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૮
સ્વદેશ સેવા કારણે, ઉરમાં વધે ઉલ્લાસ,
કરે કાર્ય આગળ પડી, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૯
ટપાલ તાર અગ્નિ રથે, કંઈ નહિ રહી કચાશ,
સુખ સગવડ સંપત વધી, વધતાં બુદ્ધિપ્રકાશ. ૧૦
રાજ્ય–ધર્મ–વ્યવહારમાં, સરસે કરી સમાસ,–
કરતાં પણ કરવો પડે, પૂરણ બુદ્ધિપ્રકાશ. ૧૧

સાર્થક જન્મ જીવિતનું, દઈ હિમ્મત અભિલાષ,
કરાવશે વિદ્યા થકી,–પ્રકટી બુદ્ધિપ્રકાશ. ૧૨
અગમ્ય દુર્લભ સેંજમાં, કરતાં સ્વલ્પ પ્રયાસ,
મનવાંછિતને મેળવે, ઉત્તમ બુદ્ધિપ્રકાશ. ૧૩

સતીના શબ સમીપ.

કુતવિલંબિત વૃત્ત.

વિધુ–મુખી, સગુણા, સુખડા, સતી,
ચતુર, સાક્ષર, કોમળ હાવ્યની,
રસિકડી, હસિબુલી, ડહાપરી,
પ્રિયતમા મમ જીવન–વેલડી. ૧

બહુ થયું, ડહિ થા, ન રિસાવિએ,
પ્રણયિને કદિએ ન મુઝાવીએ,
સજ થઇ ઉઠ, આળસ મૂકીં દે;
પુનિત શ્રી પ્રભુના પદ પૂજિ લે. ૨

હજિ તુ તો ખિલતી કળિ પેરછે,
હજિ મનોરથથી ભરપૂર છે.
હજિ અથાગ વિરાગનોં વાર છે,
ઉઠ સરાગ! સુભાગ્ય સવાર છે. ૩

કયમ નથી ઉઠતી, નથીં બોલતી,
કયમ નથી શુણતી બધિરી બની,
કયમ કઠોર નઠોર થઇ ભૂલી—
ચિર રૂચિર પરિચિત ચિત્તથી. ૪

---

૧. વિધુ–ચંદ્ર, પ્રથમ પદને બીજા પદ સાથે સંબંધ છે.

૨. પ્રણયિ–પ્રેમી. પ્રણય–પ્રેમ.

૩ ત્રીજા પદનો અર્થ એવો છે કે જ્યે તું વૈરાગ લઇને પડી હોય તો તે તારી જેટલી વયવાળીને યોગ્ય નથી કમકે તું તે માટે બહુ તરૂણ છે અને મનોરથથી ભરેલી છે, વૈરાગ લેવાને તારે માટે અથાગ વાર છે માટે સરાગ–ખુશીથી ઉઠ, સુભાગ્ય–સારા ભાગ્યથી અથવા હે ભાગ્યશાળી હજી સવારછે–તું હજી ઉગેછે.

૪. જ્યારે ન ઉઠી કે ન બોલી ત્યારે ઠપકો દેછે. બધિર–બહેરૂ. બધિરી–બેહરી ચિર–નિરંતર.–રૂચિર–મનોહર. પરિચિત–ઓળખીતાં–સ્નેહી.

કદિ નહિ પણ આજ જ આટલું,–
વિરત ચિત્ત કરી વિસરી બધું,
અણુચિતર્યું કયમ સાહસ આદર્યું,
સુહૃદયે! હૃદયે પડયું વાંક શું? ૫

સુહૃદના બણીં જે વિમલાત્મને!
ઉઠ પ્રસન્ન થઈ, વદ કોકિલે!
હશિ હસાવ્ય, રડાવ્ય નાહ સખે,
હદ થઈ હર સંશય આ ક્ષણે. ૬

નયનથી નમીં આદર આપતી,
કુલીનતા કુલજા દરશાવતી.
વિનય નામ ન આમ તુ છોડતી,
તદપિ આજ નથી કયમ બોલતી? ૭

નથીં રિસૈ, નથીં રોષ કદિ કર્યો,
નથીં નમેરી બની. નથીં તેં દુભ્યો,
પણ મને રિઝવી હૃદયે જડયો,
અરર હું પ્રિય તે કયમ તેં તજ્યો? ૮

નિરખવા સુજને કયવા મને,
હૃદય નેહથીં તાહરૂં ઉછળે;
અરર કેમ કઠોર જ તે કરે,
વગર વાંક મને કયમ તું દમે. ૯

હતીં અધીર હવે ધીર શું ધરી?
હતીં લલિત હવે જડશું થઈ?
હતીં દયાળ હવે ક્રુર શું બની?
સમજણી રમણી નગણી થઇ. ૧૦

નથીં તને તજિ હું દુર સંચર્યો,
નથીં તને વિસરી પરને ભજ્યો;
નથીં કદા અપરાધ કશો કર્યો,
તદપિ રોશ ઉરે કયમ તેં ધર્યો? ૧૧

---

૫. વિરત–સંસાર ઉપરથી મન ઉઠી ગયેલું.

૬. વિમલાત્મને–શુદ્ધ હૃદયવાળી.

૭. કુલજા–સ્ત્રી.–નામ–લગાર.

સ્વર શુણી મુજ તું કર જોડતી,
"પ્રિય કરો ફરમાશ મને" વદી;
તરત તું અનુકૂળ મને થતી,
વિલુપ આજ છતાં કુર શું બની ? ૧૨

"પ્રિયતમા" કહીં સાદ કરૂંછું હું,
ઘણીંક વેળ થઈ તલસુંછું હું,
સ્થિતિ વિચાર દયા કર આજ તું,
બધિર ના બન્ય, બોલ રિઝાવ્ય તું. ૧૩

વગર વાત કર્યે ક્ષણ જે જતી,
પ્રહર તુલ્ય તને તરૂણી થતી+ !
પ્રહર આ વિતશે કરૂં વિનતિ,
તદપિ સુંદરી શું નથિ બોલતી ? ૧૪

વિષમ દુઃખ વિયોગનું ટાનતી,
કદિ નહિ અળગી મુજથી થતી;
વળગી રતિ લતા સમ વ્હાલથી,
સુતનુ એ સ્વપનું કર આજ ન્હેં. ૧૫

વિધુ ઉગે ઉછળે જયમ ઉદધિ,
ત્યમ મને નિરખી ખુશ તું થતી;
પણ અન્યથા શું નથી બોલતી,
અરર હાય સહાય કરો હરિ. ૧૬

અરર ગાઢ પરિચિત સ્નેહિઓ,—
પતિ, સખી, પિતુ, માત સહોદરો,
ભુલિ જતાં સહસા કયમ તેમનો,
પ્રણયથી ન વિચાર કર્યો કશો ? ૧૭

ઉર થઈ ક્રુર આ ઉલટું કીધું,
પયમહિ મહિલા વિષ ઢોળિયું,
નિરપરાધ તજી કશિ મારિયું—
પ્રીતિ-વિયોગનું બાણ વિષે ભર્યું. ૧૮

૧૨ વિલુપ–વિલાપ કરવો.
૧૪+ થતી–લાગતી એવો અર્થ છે. ૧૫ ન્હેં—નહિ. ૧૮ મહિલા—સ્ત્રી.

વિસરિ આજ અકારણ તું પ્રીતિ,
સબળ પ્રેમનિ ગ્રન્થિ કરી દિલી,
ગઈ નિરંતર અંતરનાં તજી,
કકળતાં બળતાં વિરહિ કરી. ૧૯

કિંચિત્.

(૨)

શિખરિણી.

નથી કહેવાતાં હા ! અધમ ખલ કર્મો કુટિલતા,
બહિરાકારે સૌ કુચરિત દિસે છે ધુતિ કલા.
કલા એવી સાધ્યે નવલ રીતિએ ભિક્ષુકજનો,
કરે ગાંઠે અર્થો જીવન જીવવા સત્ય સમજો.
કર્યે સારા દંભો છલકપટમાર્ગે વિચરતાં,
મળે રાજસ્થાને પદ સુખદ યુક્તિચલનમાં.
નહીં ધિક્કારે આ પથ અનીતિના ધર્મગુરૂઓ,
અધિકારો પામે સહજ ભટ શઠા કિતવ જો.
વિચારો આ જાણે ગ્રહણ કરીં લોકો કૃતિ કરે,
રહી આનંદે તે નિપુણ જન નિરંતર ઠરે.
રહે સંતોષે જે શુચિ સરલ શુદ્ધાચરણમાં,
પ્રતિષ્ઠા તે બોધ મૂઢવર બને— જોઈ દુનિઆ.

નિર્ગુણ.

મનુષ્ય—ભાગ્ય.

(ઇંગ્રેજી ઉપરથી).

(લખનાર ડી. એન. પંડિત).

પૃથ્વીની વસ્તીની વૃદ્ધિ સાથે જનપરત્વે સુકાળનો કરતાં માલમ પડે છે કે જેમ જેમ આપણે વૃદ્ધ થતા જઇએ છઇએ તેમ તેમ યુવાનીમાં ઈષ્ટ મનાયલી

૧૯ ગ્રન્થિ–ગાંઠ.

કેટલીક વસ્તુઓ નિરસ થતી જાય છે; એથી ઉલટું જો આપણે જીંદગીરૂપી અગ્નિમાં ઉદ્યાપણથી બે હાથ શેકયા હશે, તો તે વખતે નિરસને બદલે વધારે રસયુક્ત સ્વ લાગશે. જેમ શક્તિ ક્રમે ક્રમે ક્ષીણ થતી જાય છે, તેમ શ્રમની આવશ્યકતા ઘટતી જાય છે. આશાને ઠેકાણે પશ્ચાત્ સ્મરણ રમણ થયા કરે છે અને તે સ્મરણ સુખ દાયી કે દુઃખદાયી થવાનો આધાર જે પ્રકારે જીંદગી કાઢી હોય તેનાપર રહેલો છે.

કેટલાક મનુષ્યો જેમ ઉમ્મરે મોટા થતા જાય છે, તેમ તેમની અક્કલ નિસ્તેજ થાય છે; આનંદ એક પછી એક ઉડતો જાય છે, અને જે કંઈ રસેન્દ્રિ રહે છે તે પણ બ્હેર મારી જાય છે. પણ એથી ઉલટું કેટલાક મનુષ્યો વધારે પરિપક્વ બુદ્ધિવાળા થાય છે, અને ઘડપણમાં વધારે શક્તિ ધરાવનારા નિવડે છે.

જુવાનીની મઝા, તીક્ષ્ણતા અને અભિરૂચિમાં વધારે હોય છે, પણ તેમાં બેચેની અને ચંચળતાના રંગની છાંટ પડેલી હોય છે. પુખ્ત વયે આવતી શાંત તથા ગંભીરતા યુવાની કરતાં વધારે સંગીન હોય છે.

જીંદગી દિવસના સંધ્યા સમય જેવી છે; સાંજે વાદળાંઓ થાય છે, પણ જ્યે દ્રષ્ટિમર્યાદા સ્વચ્છ હોય છે તો સંધ્યાકાળ રમણીય ભાસે છે. વૃદ્ધાવસ્થા એ સ્મરણ શક્તિના કિમતી ખજના રૂપ છે. સિસેરો કહે છે કે જ્યારે હું ઘડપણ વિષે વિચારૂં ત્યારે ચાર વસ્તુ મ્હને દુઃખકારી દેખાય છે. પહેલું એ કે વ્યવહારના વ્યાપારમાંથી તે આપણને દુર લઇ જાય છે; બીજું શરીરને ઘણું શિથિલ ને બોજારૂપ બનાવે છે; ત્રીજું આપણી પાસેથી આનંદ, રસ, સ્વાદને છીનવી લેછે, અને ચોથું એ કે ઘડપણ મૃત્યુની નજદીક આવતું જાય છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે આ જગતમાં મનુષ્ય એકલોજ જન્મે છે, એકલોજ મરે છે, તથા પુણ્યપાપનું ફળ પણ એકલોજ ભોગવે છે. જ્યારે તે મરે છે ત્યારે બાગેલા વૃક્ષની પેઠે તેનું શરીર અહીંઆં પડી રહે છે, પણ તેણે કરેલા સદ્‌ગુણ તેના આત્મા સાથે જાય છે. દરેક માણસે સદ્‌ગુણના ક્ષેત્રમાં સત્કર્મની વાવણી કરવી અવશ્યની છે, કારણ કે મૃત્યુ પછીની મજલ જે સર્વને કરવાની જ છે, તે ઘણી દુર્ઘટ અને દુખદાયી છે.

આ પ્રમાણે વિચારતાં ખરેખર એમ કહી શકાય કે મનુષ્યનો જીવાત્મા પૃથ્વીનો સૂર્ય છે. ચમત્કારિક અંતઃકરણની અગ્નિનું તેજ આકાશના સૂર્ય કરતાં વધારે તેજસ્વી રહે છે. ફ્રીડર્સમાં પ્લેટો મનુષ્યને મિશ્રણ જીવનરૂપ કહે છે, અને બે પાંખવાળા ઘોડા તથા સારથીની ઉપમા આપે છે. તેમાંનો એક ઘોડો ઉમદા અને ખરા તુખમનો છે. ઉમદા ઘોડો જીવન-રથને ઊંચો ચલાવવા મથે છે, ત્યારે બીજો રથને ખાડામાં નાખવાનું મથન કરે છે; હવે જો સારથી ડાહ્યો અને સજ્જત હોય તો બન્ને ઘોડાને કાબુમાં રાખી રથ હાંકવા શક્તિમાન થાય છે.

શેલી કવિના અલંકારમાં મનુષ્ય વાદ્ય-તંતુની વીણારૂપ બની ગયું છે. જેમ

અખંડિત પવનના પ્રવાહથી વીણાના બાહ્ય તારો અવાજ કરે છે, અને અખંડ ધ્વનિથી આલાપ કરતા ગર્ભિત તારો (તરપ) ખણખણી ઉઠે છે તેમ મનુષ્યના બાહ્ય તથા ગર્ભિત તારો લાગણીરૂપી પવન લાગ્યાથી ખખડી ઉઠે છે. શેલીકવિની નીચલી ઉત્તમ લીટીમાં, મ્હારા વિચાર પ્રમાણે તો, બે ભુલ થાય છે.

" જીંદગી બહુ રંગમિશ્રિત કાચના ઘૂમટ રૂપી
નિત્યતા અનંત કાળ(ની) શ્વેત દીપ્તિ ચિતરતી
જ્યાંસુધી મૃત્યુ કરે કકડા નહીં તે ત્યાં સુધી, "

જીંદગીને અનંતકાળની શ્વેત પ્રભા ચિતરવાની જરૂર નથી, અને મૃત્યુ કંઈ તેના ટુકડેટુકડા કરી શકતું નથી.

કોલેરીજ કવિ લખે છે કે—

" ત્રણ ખજના શ્વાસ શિશુ સમ, પ્રેમ, શાન્તિ, વિચાર તે
ત્રણ જ મિત્રો સત્ય સાચા, આત્મ, કર્ત્તા, મૃત્યુ, જે "

એમ અનુમાન થાય છે કે મૃત્યુ પછીની મુસાફરીનો નહી દીઠેલો પ્રદેશ મુસાફરને કેવો દુખદાયી અને પીડાકારી લાગતો હશે ? પણ મૃત્યુ ઘણીવાર શાન્તિ અને પીડા વગરનું થાય છે.

એંગ્લો સેક્સન ભાષામાં જોનગો સ્પલનો તરજુમો મી. બીડે મંદવાડમાં આરંભ કર્યો, અને મંદવાડ લાંબો ખેંચવાથી તથા શરીર ક્રમે ક્રમે ક્ષીણ થવાથી તેના કાર્યભારીએ એક દિવસ સવારે તેને પૂછ્યું કે મહારાજ, હવે એક પ્રકરણ બાકી રહ્યું છે, પણ આપનું શરીર હવે અશક્ત થઈ ગયું છે તેથી મ્હને ઘણો ભય રહે છે. મી. બીડે જવાબ આપ્યો કે ચાલ, ત્યારે તું કલમ લે અને લખાવું તેમ ઉતાવળથી લખતો જા. આ પ્રમાણે જ્યારે છેલ્લું પ્રકરણ પૂરૂં થયું ત્યારે કાર્યભારીએ કહ્યું કે મહારાજ, પ્રકરણ પૂરૂં થયું છે. તેનો જવાબ મી. બીડે આપ્યો કે તેં ખરેખર સત્ય કહ્યું છે; મ્હારૂં પણ જીવન-પ્રકરણ હવે સમાપ્ત થયું છે, અને એમ બોલતાં બોલતાં તેનો પ્રાણ નિકળી ગયો હતો.

ગીટી કવિ લખવાની તૈયારી કરતો હતો એટલામાં કંઈપણ વેદનાવગર અચાનક મરી ગયો હતો. પ્લેટો લખતાં લખતાં લ્યુકાન, ફ્રારસેલસની લડાઇનું પોતાનું કાવ્ય વાંચતાં વાંચતાં, બ્લેક ગાતાં ગાતાં, અને વેગ્નર ઉંઘમાં સ્ત્રીના ખભા ઉપર માથું મૂકતાં મૂકતાં મૃત્યુને આધીન થઈ પડયા હતા. ઘણાં મનુષ્યો ઉંઘમાંને ઉંઘમાં આ દુનિઆનો ત્યાગ કરી ગયલાં છે.

ત્યારે મૃત્યુ પછીનું ભવિષ્ય શું છે ? એ વિષેના વિચારના બે વિવાદ છે. કેટલાક આત્માનું અમરત્વ માને છે, પણ પ્રત્યેક પ્રાણીના આત્માનું માનતા નથી. શરીર સાથેથી આત્મા છુટો પડે છે, પણ તેનું ચેતનાયુક્ત સામ્ય કાયમ રહે છે, અને ઉંઘમાંથી જાગૃત થઇએ તે મુજબ મૃત્યુમાંથી પણ આત્મા સજીવ થાય છે;

અને મિલ્ટન લખે છે કે આપણે જાગૃત કે નિદ્રામાં હોઈએ છીએ, ત્યારે પણ હજારો સ્વર્ગના દેવદેવો અંતરિક્ષ પૃથ્વીપર ચાલે છે, અથવા આકાશમાં ગમન કરે છે; અને આપણે જ્યારે તારામંડળ તરફ નજર કરીયે છીએ ત્યારે આપણને તે આત્માઓ જુએ છે જો કે આપણી ચર્મચક્ષુમાં તેમનું પ્રતિબિંબ પડતું નથી. સિસેરો એમ લખે છે કે જો આપણે અમર થવાને સરજેલા નથી, તોપણ યોગ્ય વખતે મૃત્યુની અભિલાષા દરેક માણસે રાખવીજ જોઈએ, કારણ કે જેમ કુદરતે સર્વ વસ્તુની હદ બાંધી છે તેમ જીંદગીની પણ હદ જરૂરની છે. વૃદ્ધાવસ્થા નાટકની સમાપ્તિ પેઠે જીંદગીની પરમાગતિ છે. સર્વ વૃત્તિઓ પરિતુષ્ટ થયા પછીની ઋમયુક્ત જીંદગીનો અંત આવવોજ જોઇએ.

લોંગફેલો કવિ મૃત્યુને મૃત્યુ કહેતો નથી, પણ રૂપાંતર કહેછે; અને મૃત્યુ વશ શ્વાસવાળી જીંદગી સ્વર્ગીક જીંદગીનું એક નાનું પડ છે, અને તેના દરવાજાને આપણે મૃત્યુ કહીએ છઈએ. અમરત્વના આકારમાંથી નાશવંત નિવડતું માત્ર શરીર છે.

પ્લેટોએ દ્રઢ અનુમાન કર્યું છે કે જો ઈશ્વરને ત્યાં આત્માનો ઈનસાફ હોય તો આત્માની કોઈપણ પ્રકારની સ્થિતિ હોવી જોઇએ.

સિસેરોના કહેવામાં કંઇ પણ અતિશયોક્તિ નથી કે હે ઉજ્વલ પ્રતાપી દિવસ! આ દુખદાયી અને અપવિત્ર જીંદગીમાંથી છુટી સ્વર્ગના મહા પુરૂષોના મંડળનું દર્શન હું ક્યારે કરાવીશ? હું મહાત્માઓને મળીશ એટલુંજ નહી પણ મ્હારા પ્રિય મિત્ર કેટોને પણ હું જરૂર મળીશ. અરે! મ્હારૂં શરીર તેને હાથે બળવાને યોગ્ય હતું તે છતાં તેનું શરીર મ્હેં બાળી નંખાવ્યું છે! તોપણ એનો આત્મા મ્હને ન છોડતાં મ્હારા સામું જોયા કરેછે, અને જે પ્રદેશમાં મ્હારે જવું છે તે પ્રદેશમાં આગળથી જઈ મ્હારી રાહ જોતો બેઠો છે. આવા કારણોને લીધે હે સીપીઓ! મ્હારી વૃદ્ધાવસ્થા દુખમય ભયમાં ભયભીત થતી નથી, પણ ઉલટી આનંદદાયી લાગે છે; અને મનુષ્ય આત્મા અમર છે એમ માનવામાં જો હું ખોટો હોઉં તોપણ હું ભલે ભુલમાંજ રહેવા ઈચ્છું છું.

એથન્સની વસ્તી આગળ સોક્રેટીઝ એક વખત આ પ્રમાણે બોલ્યો હતો. હવે આપણે બીજી તરફ વિચાર કરીએ તો મૃત્યુ એ સારી વસ્તુછે એમ ધારવાનું આપણને મજબુત કારણ મળશે. મૃત્યુ શૂન્યત્વ અને સંપૂર્ણ અચેતનાની સ્થિતિછે, અથવા જેમ મનુષ્યો કહેછે તેમ એક દુનિઆની મુસાફરી છે. જો તમે એમ ધારતા હશો કે મૃત્યુ સ્વપ્ના વગરની નિદ્રા છે તો તેના જેવું બીજું કયું સુખ સ્પૃહનીય છે! અને જે મૃત્યુ બીજા પ્રદેશોનું પર્યટન હોય અને ત્યાં ગત પુરૂષોની હયાતી હોય તો હે મ્હારા મિત્રો, મ્હારા મૃત્યુ પછી મ્હને કેટલું બધું અખુટ સુખ મળશે! આપણે ઓર્ફીયસ, હોસીઓડ, હોમર સાથે વાતચીત કરવા માટે આ નાશવંત દેહનો ક્યારે ભોગ આપીશું?! જ્યારે આ નીચેની દુનીયામાં મુસાફર આવેછે, ત્યારે

ધર્માસનપર બેઠેલા ધર્મ રાજા તેને અહીંયા મોકલે છે. અરે જો આ બધું ખરૂં હોય તો હું પુનઃ પુનઃ મરવાની ઈચ્છા રાખુંછું.

તેથી હે ભાઇઓ! મૃત્યુ શબ્દથી તમે ભયભીત જરા પણ થશો નહિ, અને ખાત્રીથી માનજો કે સારા માણસને મૃત્યુ પછી જરા પણ દુઃખ પડનાર નથી. તે અને તેનાં કૃત્યો ઇશ્વરની સ્મૃતિમાંથી ખસતાં નથી. હું સ્પષ્ટ રીતે કહું છું કે આ દેહમાંથી મુક્ત થવું એ મ્હારે માટે ઘણું પ્રશંસનીય છે. જવાનો વખત આવ્યો છે અને આપણે બે રસ્તે જઇએ છઇએ. હું જાઉંછું અને તમે જીવો છો; બેમાંનું કયું સારૂં છે તે ઇશ્વરજ જાણેછે.

સોક્રેટીસના જ્ઞાનસૂત્રમાં એમ કહ્યું છે કે સદ્‌ગુણીનો આત્મા ઇશ્વર પાસે રહે છે અને તેમને કદી દુઃખ પડતું નથી. અજ્ઞાનીની દ્રષ્ટિએ તે મરી ગયલો લાગેછે, અને તેના જવાથી મુર્ખને શોક ઉત્પન્ન થાયછે, અને મૃત્યુ પછી તે આત્મા નાશ થઈ ગયો એમ માનેછે પણ એથી ઉલટું તે આત્મા વધારે શાન્તિમાં ઇશ્વર પાસે રહેછે.

પદ્માક્ષી.

લખનાર N. J. P.

વિભાવરીનું વર્ણન અને નારાયણ ભટ્ટ મીમાંસક.

નર્મદાના ઉત્તર તટમાં પૂર્વ કાલે વિભાવરી નામે વિશાલ નગરી હતી. કુરૂક્ષેત્રના પરસ્પર કલહથી કુરૂક્ષેત્રમાં રચાએલા ક્ષાત્ર સત્રમાં સૂર્ય, અને ચન્દ્ર વંશીરાજાઓએ ભારત વર્ષના ગૌરવની તાજી પૂર્ણાહુતિ આપી હતી તેમ છતાં, વિભાવરી હજી અગ્નિમાંથી બેંચી લીધેલા શુદ્ધ સુવર્ણની પેઠે શોભા આપતી હતી. માત્ર દર્શન સિવાય અન્ય અપેક્ષાએ સમુદ્રમર્યાદાનું ઉલ્લંઘન કરીને, ઇતર દેશીય ભારત વર્ષમાં આવી ટકી શકે એવો પ્રસંગજ નહોતો; એટલે વિભાવરીની બાંધણી આર્ય શાસ્ત્રોની શિલ્પ વિદ્યા પ્રમાણે એક સરખી ટકી રહી હતી. પિતાનું ઘર પૂર્વ દિશામાં હોવાથી પીયરથી નીકળેલી સાસુપુટજા પોતાને સાસરે પશ્ચિમમાં જતાં, વિભાવરીની દક્ષિણ બાજુએ રહી પોતાને સત્કાર કરતી નાગરિક સ્ત્રીઓને પતિ સમીપ જવામાં કેટલો લાભછે; એ વિષયમાં ઉપદેશ આપતી હોય એમ ધીમે ધીમે વહન થતી હતી. પ્રવાહના વેગથી બાલ વિધવાના હૃદયની પેઠે પૃથ્વીતલ છણાઇ પાણી ઉંડા ગયાં હતાં, એટલે શહેર તળિયું કુવામાં ડોકિયાં કરતા વટેમાર્ગુની પેઠે નોધારૂં ઉંચું ઉભું રહ્યા જેવું જણાતું હતું નગરની ઉત્તર બાજુએ રક્ષણને માટે ખણેલી પરિખામાં, મહોત્સર્ગને માટે પ્રાતઃકાલ, મધ્યાન્હ તથા સાયંકાલે એક વસ્ત્ર પેહેરેલાં જા, આવ કરતાં તથા સેતુ ઉપર પસાર થતાં મનુષ્યો, સંયમનીમાં વહન થતાં વૈતરણીનો દેખાવ આપતાં હતાં. પૂર્વથી પશ્ચિમ સુધી નર્મદાની પવિત્ર ટેકરી પર વિંધ્યાચલની પેઠે નિઃશંક પોઢેલા આ વિભાવરીને કિલ્લાની જરૂર જેવું નહતું. પ્રભાતમાં કે સાયં

સમયે અંધકારને લીધે અને મધ્યાન્હે સૂર્યના તડકાથી, શેહેરનાં પ્રાસાદોનાં શિખર સંપૂર્ણ જોઈ શકાતાં નહતાં; પણ પૂર્વ પશ્ચિમના વાયુથી ધ્વજદંડના ફડફડાટ કા નને વિલક્ષણ રવ આપતા હતા. રાંગુળીની પેઠે રસ્તા સમાન અને સરખા સિદ્ધા હોવાથી નાનાં, મોટાં બજારનો વિવેક સમજાતો નહોતો. પ્રત્યેક ઘરને નીચલે માળ નાગરિકોને રહેવાનો રિવાજજ નહોતો; એટલે વ્યાપારિઓને પોતાના માલ ભરવાને વખારો કે દુકાનોને માટે વિશેષ શોધવું પડતું નહિ. નગરની પશ્ચિમ બાજુએ વિશાલ ટેકરીપર, યુવાવસ્થાના મદથી મનોવિકારને સ્વાધીન થએલા વિલાસી પુરૂષની પેઠે, એકલો રાજમહેલ પશ્ચિમ સમુદ્ર અને નર્મદાનો રતિસંગ્રામ ટગર, ટગર જોયાં કરતો હતો. શહેરના મધ્ય ભાગમાં ઉપકુર્વાણ બ્રહ્મચારીઓને તથા ગૃહિણી થવાને યોગ્ય કન્યાઓને, પોતાના નિર્દોષ લાવણ્યથી લલચાવી, મધુરારૂઢ થએલી, વીણાનાદ વડે પોતેજ શિક્ષણ આપતી હોય એમ વિશાળ મંદિરમાં એકલી સરસ્વતી વિરાજતી હતી. વેદ, વ્યાકરણ, ન્યાય, મીમાંસા વગેરે શાસ્ત્રની પાઠશાળાઓ, પરિચારિકાઓની પેઠે આ વાગ્-દેવીના ભવ્ય મંદિરની આસપાસ વિંટળાએલી હતી. નાની મોટી તે તે પાઠશાળાઓમાં, ઉછરતા યુવકો તથા કિશોર બાલકીઓ વ્રતારૂઢ થઇ ત્રિકાળ કુમારિકાનું મંગલ સ્તવન કરતી હતી. વિભાવરીના વામભાગમાં, થોડેક છેટે, આચાર ભ્રષ્ટ નાયિકાઓ ધનની લાલચે ઘરની મેડિઓપર બેઠી, બેઠી, નાગરિક પુરૂષો તરફ ડોકિયાં કરે તેમ, ફોજદારી તથા દીવાની અદાલતો વેગળેથી ગુન્હેગારની વાટ જોતી નિસ્તેજ મોઢે ડોકિયાં કરતી હતી. દક્ષિણ ભાગના વિશાળ મેદાનમાં શહેરના શેઠ, શાહુકાર તથા ધનાઢ્ય લોકોને વિશ્રાન્તિ લેવાને બાગ બગીચા આવી રહેલા હતા. એ રમણીય પથથી પસાર થતા વિદેશી વટેમાર્ગુઓને પૃથ્વીનું ભાન ભૂલાવી, આકાશ ગંગા દ્વારાએ કુબેરની અલકાના ઉપવનનું સ્મરણ આણી આપતા. ઉત્તર દક્ષિણની પહોળાઈ કરતાં પૂર્વ પશ્ચિમ લંબાઇમાં આ શેહેર રચાયું હતું; તથાપિ સરસ્વતી મંદિરની અગાશીએ ચઢીને જોનારની આંખને એ તફાવત સહજ અટકળી શકાય તેવો નહોતો. કૌરવ, પાંડવોના રણયજ્ઞનો અગ્નિ ક્ષાત્રતેજનો આહાર કરી, વિભૂતિરૂપે વિરામ પામ્યા છતાં સંકર દોષે નિસ્તેજ કરેલી આર્ય ભૂમિ હજી નિસ્તેજ થઇ ન હતી; એટલે વિભાવરીમાં માત્ર બ્રાહ્મણ, ક્ષત્રી વૈશ્ય તથા શૂદ્ર, એ ચાર વર્ણની વ્યવસ્થા નિર્બાધ જણાતી હતી. રાજ વલ્લભમાં દર્શાવેલી શિલ્પ વ્યવસ્થા પ્રમાણે ઘરોની બાંધણી હતી તેથી બ્રાહ્મણ, ક્ષત્રી કે વૈશ્યનાં ઘર પૂછવાં પડે એવી જરૂર પડતી નહિ. પુરાણ ગ્રન્થોની પ્રસિદ્ધિનો પ્રારંભકાલ છે, એમ સમજી બ્રાહ્મણો અહર્નિશ પુરાણવ્યવસ્થામાં એક ચિત્ત થયા હતા તથાપિ શ્રુતિ સ્મૃતિ વિહિત ધર્મમાં લેશ સંકર જણાતો નહોતો. દૈતાદ્વૈતના મતભેદ માટે સેંકડો વિદ્વાનો પરસ્પર વિવાદ કરી સ્પર્ધાપર આવી જતા તોપણ સંસાર, વ્યવહાર, ધર્મ, સદાચાર કે રાજપ્રકરણીય વિષયમાં બખેડો કરી ધાંધા ઉભી કરવાનો સ્વભાવ વિભાવરીની પ્રજામાં હતો જ નહિ. રઘુ રાજાને ઉત્પન્ન થયાં તો સેંકડો વર્ષ થઇ ગયાં હતાં તથાપિ વિભ-

વરીનો વિષય જીત રાજા, હું રાઘવ છું; એવું અભિમાન અદ્યાપ સુધી નિર્વિઘ્ન જાણી શકયો હતો. નગરની પ્રજાઓ, આદિ કવિ વાલ્મિકે લખેલા રામાયણના સમયનાં રાજા પ્રજા વચ્ચેનાં સુખ દુઃખનાં દૃષ્ટાન્ત પોતાની તથા વિષય જીતની વચ્ચે ઘટાવતી હતી. રાજા પ્રજાની પરસ્પર મમતાનું એક વિશેષ કારણ હતું. પ્રજાનું સમગ્ર ઐશ્વર્ય એજ મારૂં રાજ દૈવત; એમ વિષયજીત પક્કું સમજતો. મિતાક્ષરા અને વ્યવહાર મયુખ પ્રમાણે સભ્ય બ્રાહ્મણો ન્યાયાસનપર વિરાજી નિષ્પક્ષપાત ન્યાય આપતા એટલે પ્રજા તથા અધિકારી વર્ગમાં કડવાસ થવાનો સંભવજ નહોતો. પ્રાચીન આર્યોની ઉત્તર અવસ્થામાં આચ્છાદિત થએલા આ વિભાવરી નગરમાં ઋગ્વેદી આશ્વલાયન શાખાના નારાયણ ભટ્ટ મીમાંસક રહેતા હતા. મીમાંસા શાસ્ત્રના પૂર્વ અને ઉત્તર, એવા બે વિભાગ છે. પૂર્વ મીમાંસાના આચાર્ય જૈમિની તથા ઉત્તર મીમાંસાના આચાર્ય બાદરાયણ છે; નારાયણ ભટ્ટ જૈમિની તથા વ્યાસનો અવતાર છે; એમ તે સમયના વિદ્વાનોનું માનવું હતું. એકંદરે આખા ભારતવર્ષમાં નારાયણ ભટ્ટ જેવો મીમાંસક તે સમયમાં નહોતો. દેશ, દેશના વિદ્વાનો નારાયણ ભટ્ટની કીર્તિ સાંભળી તેમની સાથે વાદ વિવાદ કરવાને આવતા; તેઓ સંતોષ પામી તેમની પ્રશંસા કરતા સ્વદેશમાં સીધાવતા. મીમાંસકનું વિભાવરીમાં વિશેષ માન હતું. રાજ્ય તરફથી તેઓ મીમાંસા શાસ્ત્રની મુખ્ય પાઠશાળાના વડા અધ્યાપક નીમાયા હતા, અને કર્મ કાન્ડમાં નિષ્ણાત હોવાથી વિષય જીતના પુરોહિતનું કાર્ય પણ તેઓનેજ કરવું પડતું. અધ્યાત્મ વિદ્યામાં નિપુણતાને લીધે અન્યશાળાના અધ્યાપકો પોતાની અપેક્ષાએ ભટ્ટજી અધિક છે, એમ સ્વાભાવિક સમજતા. વિદ્યા, લક્ષ્મી અને પ્રતિષ્ઠા ત્રણે એક કાલાવિચ્છિન્ન ભટ્ટજીની પત્નીરૂપે પરિચર્યા કરતાં હતાં તથાપિ તેમના પવિત્ર અન્તઃકરણને વિકારી કરવાને તે સમર્થ થયાં નહોતાં કારણ કે—જન્મથી આરંભીને બાલ્યાવસ્થા સુધીમાં તેમને પ્રત્યેક અનુભવ થયા હતા. ભટ્ટજીનું જન્મસ્થાન વિભાવરી નહોતું, અહીંયાં તો તે આવીને રહેલા હતા તેમની જન્મભૂમિ મિથિલામાં હતી. ભટ્ટજીના પિતાનું નામ અગ્નિકુમાર હતું અને માજી ભાગીરથી નામથી ઓળખાતાં. ભટ્ટજીનો જન્મ થતાં પહેલાં છ માસ અગાઉ તેમના પિતાનો યુવાવસ્થામાં અચાનક કાળ થયો હતો. પિતાનું મુખાવલોકન કરવાને પણ પોતે ભાગ્યશાળી નીવડ્યા ન હતા. માત્ર વૃદ્ધ માતાના મુખથી પોતાનું પૂર્વ વૃત્તાન્ત તેમણે શ્રવણ કર્યું હતું. કોઠે વખત દિવસનું કૃત્ય પરવારી રાત્રિએ પોતાના પરિવાર સહિત ભટ્ટજી શાન્તિથી માતાજી પાસે એકાન્તમાં બેસતા; ત્યારે પુત્ર, પૌત્રાદિ વગેરે પોતાના કુટુંબને સદુપદેશ મળે એવા ઉદ્દેશથી વૃદ્ધ માતા પાસે પોતાનું પૂર્વ વૃત્તાન્ત કહેવડાવતા; અને પોતે પણ એક ચિત્તથી સાંભળતા ભાગીરથીનું આ ઐતિહાસિક વ્યાખ્યાન સર્વ દેશી ન હતું, હતું તો એક દેશી તો પણ તેનો ફલિતાર્થ સર્વને ઉપનિષદના જ્ઞાનની પેઠે સરખો લાભદાયક હતો.

મીમાંસકનું પૂર્વ વૃતાન્ત.

વૃદ્ધાવસ્થાને લીધે માજીનું શરીર શિથિલ થયું હતું તથાપિ તેમની ભવ્યાકૃતિ જોનારના હૃદયમાં એકદમ છાપ પાડે તેવી તેજસ્વી હતી. શરીરપર કરચલી જણાતી હતી પરંતુ રૂધિરની રક્તતામાં કાંઈ વિકાર ઉત્પન્ન થયો નહોતો. જરાએ માજીના શરીરનું આક્રમણ કર્યું હતું; પરંતુ તેમની જ્ઞાનેન્દ્રિયો ઉપર તે અમલ ચલાવી શ-કયું નહોતું. ભટજીની ગૃહદેવતા પોતેજ પ્રસન્ન થઈ મૂર્તિરૂપે આખા કુટુંબનું રક્ષણ કરતી હોય એમ ભાગીરથી માતા પરિવારની સંભાળ લેતાં હતાં. આજના ઉપદે-શને પ્રસંગે ગંભીર અવાજે મૃદુ વચનથી દર્ભાસનપર વિરાજેલાં માતાજી પોતાને વિંટળાએલા પરિવાર પ્રત્યે ધીમે ધીમે કહેવા લાગ્યાં. મારાં વહાલાં બાળકો ? સત્ ચિત્ આનંદમય પરમાત્માનું અતર્કય ઐશ્વર્ય સમજવું વિશેષ દુર્ઘટ છે. મનુષ્ય બુદ્ધિ તેને શી રીતે કળી શકે; સન્યાસીયો, યોગીયો, મહાત્માઓ અને વિદ્વાનો સતત પ્રય-ત્ન કરેછે તથાપિ તેની અપાર લીલાનો પાર પામી શકતા નથી, તો હું કોણ માત્ર. માથા પર હાથ મૂકી વત્સ, બાપ નારાયણ ? આજે હું આ ભવ્ય ઘરનો વૈભવ ત-થા તમને વિંટળાએલાં જોઉંછું ત્યારે મને અપૂર્વ આનંદ ઉત્પન્ન થાયછે. મારા વ્હાલા પુત્ર પૂર્વાવસ્થામાં તેં જે અસહ્ય કષ્ટ સહન કર્યું છે તેનો બદલો અન્તર્યામીએ સં-પૂર્ણ વાળ્યોંછે, નિર્વિઘ્ન આ સુખ ચિરકાલ તમે ભોગવો. બેટા, વહુ; પૂર્વનું અનિ ષ્ટ જ્યારે મને સાંભરી આવેછે ત્યારે હૃદય ઘણું આર્દ્ર થાયછે. તમે તેમાંનું કંઇ સાંભળ્યું કે જોયું નથી. તમારૂં મોસાળ સાસરૂ કાનકુબ્જમાં હતું. હાલતો ત્યાં સમ ગ્રાવાને કોઈ પણ રહ્યું નથી. મારા પીયરના વૈભવ આગળ વિષય જીતનો વૈભવ કશા લેખામાં નથી. મારો પિતા હૂતવીર્ય આખા કાનકુબ્જ દેશનો ચક્રવર્તી રાજા હતો. હું તેની એકની એક વહાલી પુત્રી હતી. મારા પાંચ ભાઇઓ કરતાં પિતાનું મમત્વ મારા પર વિશેષ હતું. તેર વર્ષના વય સુધી પિતાનું સુખ મે નિર્વિઘ્ન ભો-ગવ્યું છે. મારી માનો કાલ છેક બાલક અવસ્થામાં થયો હતો. એટલે માતૃ ભાવના સ્નેહનો મને અનુભવ નથી. માતાનું સુખ મારા અદૃષ્ટમાં નહિ માટે મારે તે સં-બંધી કાંઈ ન્યૂનતા ભોગવવી પડી નથી. માતૃભાવનો પ્રેમ પિતૃ ભાવમાં જ શમા એલો મેં અનુભવ્યો. સોળમા વર્ષના આરંભ સુધી મારૂં આ સુખ ટકી રહ્યું. દૈવની ગતિ ચિત્ર વિચિત્ર છે, તે કોઈના લક્ષમાં આવે તેમ નથી. સુખ દુઃખનું દ્વંદ્વ કાલ ચક્રના દાંતામાં ઘસાતાં પ્રાણિઓને વારંવાર સહન કરવું પડેછે. ચડતી પડતી એ જગતૂનો સ્વાભાવિક નિયમ છે. એકની એક સ્થિતિમાં કોઈ મનુષ્ય રહ્યું નથી, અને રહેશે પણ નહિ. મારી કિશોર અવસ્થામાંજ ભવિષ્ય સુખનો સૂર્ય હવે દૃષ્ટિ મર્યાદા છોડી છેક પશ્ચિમમાં અસ્ત થવા માંડયો. ભૌતિક સુખ, ભૂતકાલનુંસ્મરણ કરાવાને મારા કુળા હૃદયમાં સ્વપ્નવત્ ટકી રહ્યાં. મારા પાંચે શૂરવીર ભાઈઓ દુર્યોધનની પક્ષે કુરક્ષેત્રમાં પાંડવોની સામે યુદ્ધ કરવા ગયા હતા, તે રણયજ્ઞમાં

પરાક્રમી ભીમસેનને હાથે મરાયા. પુત્ર શોકના તુમુલ અગ્નિમાં દ'વાએલો વિધુર પિ-તા, વૃદ્ધાવસ્થામાં મારા મુખ સામુ જોઈ વિભ્રમ ચિત્તે અવશેષ આયુષ્ય ભોગવતો હતો, એટલામાં ક્ષત્રીઓ વિનાની સુની પૃથ્વી છે, એવો લાગ જોઇ પાપી નિષાદોએ કાનકુબ્જમાં લુંટ મચાવી નગરને ઘેરો ઘાલ્યો. દુઃખી પિતાનું ક્ષાત્રત્વ જ્ઞાન નષ્ટ થવાથી મને લઇને નાઠા. અંગિરાના તપોવન તરફ જતાં, જતાં કોઈ શિકારીના ધનુષ્યમાંથી વિષકલેલો તિર્કસ બાણ પિતાની વામ કુક્ષીમાં ભોકાયો. શિવ, શિવ, કહેતાંમાં તેઓની આંખે તિમિર ઢળ્યાં. રસ્તામાં ઝુકેલા એક આમ્ર વૃક્ષ તળે દક્ષિણ પાસે તે પડયા. વિખુટી પડેલી હરિણ બાળકની પેઠે ભયભિત થઈ હું બેસી ગઇ.

એક સ્નાતક બ્રહ્મચારી.

વત્સ નારાયણ! આર્યાવર્તનું ગૌરવ ઘણા કાલથી ટકી રહ્યું છે તેનું ખરૂં કારણ મને તો આર્યોની ઉત્તમ વર્ણાશ્રમ વ્યવસ્થાજ લાગેછે. સુસાધ્ય આયભૂમિનો પ્રતાપ નિવૃત્તિ પરાયણ છે એટલે આર્યોનો લક્ષ પ્રવૃતિ માર્ગ તરફ વિશેષ ન ખેંચાતાં નિવૃ-ત્તિ તરફ વિશેષ દોરાયછે. વૈદિક કાલથી ચાલી આવેલી એ નિવૃત્તિએ આર્યોનું વલણ અધ્યાત્મ માર્ગમાંજ ખેંચ્યું છે. નિઃસ્વાર્થજ્ઞાન એજ પરમાનંદ સુખ; મનુષ્ય-ના ઐહિક તથા પારલૌકિક કર્તવ્યનું પર્યવસાન નિર્મલ જ્ઞાનમાંજ શમાએલું છે. બ્રહ્મચર્ય ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સન્યસ્થ એ ચાર આશ્રમ, અને બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્ય એ ત્રિપુટી એટલે દ્વિજ; આ નિષ્પક્ષપાત વ્યવસ્થાક્રમ જાત્યભિમાન, દેશાભિમાન, સદાચાર તથા ધર્મ એ ચારે પાયાને દૃઢ કરી ઐહિક તથા પારલૌકિક સુખનું ભા-જન કરેછે. આખા ભારત વર્ષની અપેક્ષાએ મૈથિલિઓ આ સનાતન માર્ગના વિશેષ આગ્રહી છે. વીર્ય શુદ્ધિ, ક્ષેત્ર શુદ્ધિ અને સંસ્કાર રહિતને મૈથિલિયો સંકર ગણેછે. તેઓ કહેછે કે—વર્ણ તથા આશ્રમ ધર્મનો હ્રાસ થવાથી કુલમાં અસદાચાર દા-ખલ થાયછે, તેમ થવાથી સનાતન ધર્મ છુટી જાયછે, ધર્મ નષ્ટ પામ્યો એટલે કુલ-વાન સ્ત્રીયો દુષ્ટાચરણીય થાય છે. તેમની અનાર્ય પ્રજા વર્ણસં-કર નીવડેછે; માટે પોતાનાં બાલકોને વ્યવસ્થા ક્રમથી વિરૂદ્ધ ન જવા દેવામાં મૈ-થિલ બ્રાહ્મણો વિશેષ કાળજી રાખેછે. એ મિથિલના રહેવાસી રાઘવભટ્ટને વૃદ્ધા વસ્થામાં એક પુત્ર ઉત્પન્ન થયો, તેનું વય આઠ વર્ષનું થયું એટલે ગૃહ્ય સૂત્રોક્ત વિધિ પ્રમાણે ભટજીએ મૌંજી સંસ્કાર કર્યો. સાવિત્રી નો ઉપદેશ થયા પછી તેણે બ્રહ્મચર્ય દિક્ષા લીધી. વેદાધ્યયનને માટે સર્યુ તટ પર આવેલી અયોધ્યા નગરીમાં રાઘવભટ્ટનો પુત્ર ગયો. ત્યાં શૌનક મુનિના કુલમાં ઉત્પન્ન થએલા કોઇ વૃદ્ધ બ્રાહ્મણને, ઘેર વેદની પાઠશાલા હતી, તેમાં બાર વર્ષ રહી યથાસ્થિત વેદનું અધ્યયન કર્યું. સમાવર્તન સં સ્કાર કરી ગુરૂની આજ્ઞા લઇ ઘર તરફ જવાને તે તૈયાર થયો. અસ્ખલિત બ્રહ્મચર્ય ના પ્રભાવથી સૂર્યના સરખી કાન્તિ વાળા તે બ્રહ્મચારીએ એક કોપિન વસ્ત્ર પહેરેલું, અને બીજું આચ્છાદન વસ્ત્ર ઓઢેલું હતું. કાળા મૃગ ચર્મની સાદડીનો વિંટો કરી બગલે ભરવેલો હતો અને હાથમાં નાળિએરીના ફલનું કમંડળ પકડેલું હતું જમણા

હાથમાં પાલાશ (ખાખરા) નો દંડ લીધેલો, એવે વેશે અયોધ્યાથી નીકળી જે વૃક્ષ તળે નિષાદના બાણથી પિતાજી પીડાભોગવતા હતા ત્યાં વિશ્રાન્તિ ને માટે આવી ચઢયો. બ્રહ્મચારીને જોઈ હું વિશેષ ભયભિત થઇ. અસહ્ય દુઃખમાં ગભરાઈ ગએલી હતી તેમ છતાં સ્ત્રીયોના સ્વાભાવિક ધર્મને અનુસરીને કે કાંતો ક્ષત્રી થકી આ શરીરના સંસ્કાર બંધાએલા તેમાં; ગમે તે હો, પરંતુ હિમ્મતથી તે યુવાન બ્રહ્મ ચારીના મુખસામું અસ્ખલિત નેત્રે જોઇ રહી, કંઇ કહેવાની હિમ્મત ચાલી નહિ. પોતાના અવિપ્લુત બ્રહ્મચર્યના તેજથી અગ્નિ જેવા દુર્ધર્ષ બ્રહ્મ ચારીએ મારા વ્યગ્ર દૃષ્ટિ પાતનો કંઈક સત્કાર કર્યો પરંતુ વિદ્વત્તાના પ્રભાવથી તે સદોષ ન થતાં દયા ને ઉપકાર રૂપે નીવડયો. તેણે મારા પડેલા દુખી પિતા પ્રત્યે પોતાની નિર્મલ દૃષ્ટિ ફેરવી. રૂધિરના પ્રવાહથી ભીંજાતાં વસ્ત્રોએ લથપથ પડેલા ક્ષત્રીએ અવસાન સમયમાં પણ વિશુદ્ધ બ્રાહ્મણત્વનું અપમાન ન થવાની વિશેષ કાળજી રાખી.

અપૂર્ણ.

વિપાક અને કહોવાણ.

(ગયા અંક ૮ પૃષ્ઠ ૨૩૮ થી ચાલુ)

પાંવ અથવા રોટી.

વિપાકક્રિયા ચાલતી વખતે જે રસાયનક્રિયા થાય છે તેનો પાંવ બનાવવાની રીતની સાથે ઘણો સંબંધ છે. માટે તે વિષે સહજ લખવું જરૂરનું છે. પાંવ અથવા રોટલી શેકતાં જે કાર્ય થાય છે, તે સમજવાને માટે, પાંવ રોટલી કે ભાખરી બનાવવામાં જે લોટ વપરાય છે તેમાં જે જે દ્રવ્યો છે તે બાબત કાંઈક જાણવું જોઇએ.

જે મુખ્ય ધાન્યોનો લોટ પાંવ રોટલી બનાવવામાં લેવાય છે તેમાં મુખ્યત્વે પિષ્ટ (Starch), ગ્લુટેન નામનો નાઇટ્રોજનવાળો પદાર્થ જે પાણી પડવાથી ચીકણો થાય છે, થોડી શર્કરા, થોડો ખેળ, થોડો ક્ષાર અને કાષ્ટદ્રવ્ય હોય છે. એમાં કાષ્ટદ્રવ્ય પાચન ન થાય એવો છે. લોટને થોડા પાણીમાં ભીજવીએ એટલે કણેક થાય છે તેમાં જે ચીકાશ હોય છે તે ગ્લુટેનને લીધે આવેલી હોય છે. જો ગ્લુટેનને લોટમાંથી છુટો પાડવો હોય તો નીચે મુજબ કરવું.

ઘઉંના લોટની કણેક કરીને ખાદીના કપડામાં તેની પોટલી બાંધવી, અને પછી તે ઉપર પાણીની ધારા કરવી. નીચે એક વાસણ મુકવું અને તેમાં તે પાણી ઝીલવું. એ રેડેલું પાણી સફેદ રંગનું નીકળશે અને જ્યાંસુધી સફેદાઈ આવ્યા કરે ત્યાં સુધી પાણી રેડ્યા કરવું. એ સફેદાઈ પિષ્ટ, ખેળ અને શર્કરા પાણીમાં ઓગળી લોટમાંથી બહાર આવે તેને લીધે, તથા કાષ્ટતંતુ અંદર તરતાં હોય તેને લીધે આવે

છે. જ્યારે પાણીમાં સફેદાઈ આવતી બંધ થાય ત્યારે જાણવું કે કપડામાં માત્ર ગ્લુટેન રહ્યો છે. એ ગ્લુટેન તેની ચીકાશ ઉપરથી ઓળખાય છે. બીજા લોટના ગ્લુટેન કરતાં ઘઉંનો ગ્લુટેન વધારે ચીકણો હોય છે માટેજ પાંવ રોટીમાં ઘઉંનો લોટ વપરાય છે, અને સારો પણ પડે છે. ગ્લુટેન થંડા આસેટિક આસિડમાં અને કાસ્ટિક (દાહક) પોટાસ અને સોડાના દ્રવમાંજ ઓગળે છે.

ગ્લુટેન બીનો હોય ત્યારે જલદી કહોય છે અને તેમાંથી હૈડ્રોજન, કાર્બોનિક આસિડ તથા એમોનિયા ઉત્પન્ન થાયછે. ગ્લુટેન મુખ્યત્વે બે નિરાળા સ્વભાવના પદાર્થોનો બનેછે તેમાંનો એક ગરમ મધાર્કમાં વિદ્રાવ્ય (Soluble) હોયછે અને બીજો અવિદ્રાવ્ય ન ઓગળે એવો હોયછે. ગ્લુટેનને મધાર્કમાં ઉકાળીએતો જે ભાગ અવિદ્રાવ્ય છે એટલે કે પ્રાણીના સ્નાયુ જેવો અંદર તરતો દેખાયછે તેને ઉદ્‌ભિજ જંતુ એ નામ આપેલું છે. પછી જે ભાગ મધાર્કમાં ઓગળી મળી ગયેલો હોય તેને થંડો પડવા દઈએ તો દહીંના ખડખાં જેવો નજરે પડેછે. એમાં પાણી મેળવીએ તો એમાંથી લોહીમાં હોયછે તેવા આલ્બ્યુમેનના જેવો પદાર્થ છુટો પડેછે.

પ્રાણીના શરીરના ત્રણ મુખ્ય ઘટક પદાર્થના જેવા આ ત્રણે પદાર્થ ગ્લુટેનમાં છે માટે શરીર પોષણને વાસ્તે ગ્લુટેન બહુ ઉપયોગી ગણાયછે. ઉપર કહ્યા મુજબ છુટા પાડેલા ગ્લુટેન ઉપર પેટમાંના દ્રવોનું દ્રાવક કાર્ય સહેલથી થતું નથી. માટે ગ્લુટેન વહેલો પચતો નથી. તેજ કારણને લીધે ઘઉંના લોટની રોટલી અગરજે રોટલા (જ્વાર બાજરીના) કરતાં પોચીને નરમ હોયછે છતાં વહેલી પાચન થતી નથી. આવા કારણોને લીધે ઘઉંની કણેકને વહેલી પચે એવી કરવાના ખરા હેતુથી સચ્છિદ્ર અને તંતુમય કરવામાં આવે છે એમ કરવાથી પેટમાંનાં દ્રવોનું કાર્ય વહેલું થાયછે, ગ્લુટેનનો વધારે ભાગ પાચન થાયછે અને શરીરને ખુબ પોષણ મળેછે. લોટની કણેકને સચ્છિદ્ર અનંતતંતુમય બનાવવાને સારૂ તેમાં કાર્બોનિક આસિડ ઉત્પન્ન કરવો પડેછે. એ કામ ઘણી રીતે કરવામાં આવેછે.

પાંવ બનાવવાનાં કારખાનામાં, કણેકને વાદળી (Sponge) ના જેવી સચ્છિદ્ર બનાવવાને જે કાર્બોનિક આસિડવાયુ જોઈએ, તે પેદા કરવાની રીત એજ છે કે લોટમાં જે શર્કરા હોયછે તેનો ખમીર નાંખીને વિપાક કરવો. થોડો લોટ, તેનાથી અડધા વજનનું પાણી લઈ તેમાં પલાળીને થોડું ખમીર અને થોડું મીઠું નાંખીને મસળી કણેક કળીને સુમારે ૭૦° ફારેન હીટતાપમાં એક બે કલાક મૂકી છાંડે છે. એટલામાં ખમીરને લીધે શર્કરાનું પૃથક્કરણ થાયછે અને કાર્બોનિક આસિડ તથા કણેકમાં કાર્બોનિક આસિડ થાય છે તેને બહાર નીકળવાનો માર્ગ નહીં મળવાથી કણેક ફુલે છે અને સચ્છિદ્ર બને છે. આ પ્રમાણે કણેકમાં વિપાક શરૂ થયો જાણીય કે તુરત તેને, બાકીના લોટમાં જોરથી મસળી નાંખીને બધી કણેકને થોડા કલાક એક ઠેકાણે મૂકી છાંડવામાં આવે છે. પછી વળી એકવાર ફેર મસળીને તેના જેવડા જોઇએ તેવડા લૂઆ કરીને ભઠ્ઠીપરના તાવડામાં મૂકીને શેકે છે. એ તાવ-

ડાને આસરે ૪૫૫° થી ૫૫૪° ફારેનહીટ તાપ દે છે. તાપે કરીને લૂઆમાંનો કા-ર્બોનિક આસિડ વાયુ વધારે વધારે ફુલે છે અને તેથી લુઆ પણ ફુલીને સછિદ્ર અને તંતુમય થાય છે. આમ લૂઆ શેકાય છે ત્યારે તેમાંનો ઘણો પાણીનો તથા મધાર્કનો સઘળો ભાગ ઉડી જાય છે. અગર જે લૂઆની અંદરને ભાગે ઉષ્ણમાન ૨૧૨° થી વધારે હોતું નથી તોય બ્હારનું પડ તાવડાના સખત તાપને લીધે છેક કોરૂં અને કઠણ થઈ જાય છે અને કોઇકોઇવાર ફાટી પણ જાય છે.

ખમીરને બદલે આથો આપેલો લોટ પણ વિપાકક્રિયા ઉત્તેજવામાં વાપરી શ-કાય છે. લોટને પલાળી તેનો લૂગદો ૧૦–૧૨ કે વધારે કલાક ગરમ જગ્યામાં રાખી મુકીએ તો તે ખાટો થવા માંડે છે ને તેમાં વિપાકક્રિયા શરૂ થાય છે. આમ ખટાશ પામેલી કણેક બીજી કણેકમાં મેળવીએ તો સઘળી કણેકમાં વિપાકક્રિયા પ્ર-સરી જાય છે અને કાર્બોનિક આસિડ ઉત્પન્ન થાય છે. આ વાત માલપૂડા, જલેબી, ઘેબર, ઢોકળાં, ઈદડાં વગેરે જે જે ખાવાના પદાર્થને માટે લોટને આથો દેવો પડે છે તે કામમાં બહુજ અગત્યની ને બરાબર સમજી રાખવા જેવી છે.

વિપાકક્રિયા સિવાય બીજી રીતે પણ કાર્બોનિક આસિડ ઉત્પન્ન કરીને પાંવને વાદળીના જેવી સચ્છિદ્રતા અપાય છે. શુદ્ધ પાપડખાર અને હૈડ્રોક્લોરિક આસિડ લોટમાં મસળવાથી કાર્બોનિક આસિડવાયુ અને મીઠું ઉત્પન્ન કરાય છે. આમ કર-વાથી પાંવમાં મિઠાશ વધારે આવે છે પણ વિપાકથી થાય તેવો હલકો થતો નથી. એ ક્રિયા નિચે મુજબ છે.

પાપડખાર

Sodium Carbonate	હૈડ્રોક્લોરિક આસિડ	મીઠું	કાર્બોનિક આસિડવાયુ	પાણી
સો.૨ કા. ઓ.૩	+૨.હૈ ક્લો	= ૨ સો ક્લો	+કા. ઓ.૨	+હૈ૨ આ.

સાતશેર ઘઉંનો લોટ, ૩½ શેર પાપડખાર, ૧ શેર પાણી અને ૪૨૦ ગ્રેન હૈડ્રોક્લોરિક આસિડ મેળવવાથી આ કાર્ય બરાબર થાય છે. આમ કરવામાં કાર્બોનિક આસિડ વાયુ પહેલી રીત કરતાં બહુજ વધારે ઉતાવળો ઉત્પન્ન થાય તે માટે બધો વાયુ કણેકમાં રહેતો નથી તેમજ તેને શેકવામાં ઉતાવળ રાખવી પડે છે.

આ સિવાય સોડિયમ બાઇ કાર્બોનેટ અને ટાર્ટેરિક આસિડનાં સરખાં પ્રમાણ લઇને, અથવા આમોનિયા ક્ષારવાળી કાર્બોનેટ લઇને પણ કાર્બોનિક આસિડ વાયુ ઉત્પન્ન કરી શકાય છે. પણ એ સઘળી રીતોમાં તે વાયુ બહુ ઝડપથી નીકળે છે. અને ખમીરથી જે સછિદ્રતા, તંતુમયત્વ અને હલકાપણું આપે છે. તે બીજી કોઈ રીતે આવતાં નથી માટે તે રીત વધારે પ્રચારમાં છે. ખમીર એકવાર તૈયાર કરીને ઘેાધને સૂકવીને રાખી મૂકયું હોય તો ઘણા દિવસ સુધી તેની શક્તિ જળવાઈ રહે છે અને જ્યારે ખપ પડે ત્યારે થોડું થોડું વાપરી શકાય છે. ફણુગાયલા જવનો લોટ ૧૮૦° ઉષ્ણમાનવાળા પાણીમાં મેળવીને પાતળો રગડો કરીને થોડાક કલાક રહેવા

દેવો, એટલે તેમાં ડાયાસ્ટાસ હોય છે તેથી કરીને લોટનું રૂપાંતર થઇને ડેકસ્ટ્રિન અને શર્કરા ઉત્પન્ન થાય છે. ઉપર ઉપરનું નીતર્યું પાણી નીતારી લઇને, ઉકાળીને પછી ટાઢું પડવા દેવું. ત્યારબાદ એક સાંકડા મ્હોના વાસણમાં તેને ઘાલીને અંદર થોડું ખમીર મેળવીને તે વાસણ એક બાજૂએ મૂકી છાંડીએ તો તેમાંનું દ્રવ વિપાક પામીને ઉપરથી ફદફદીને તેમાં જોઇએ તેટલું ખમીર ઉત્પન્ન થાય છે. એ રીણ અથવા ખમીર કહાડી, ઘેાધને સૂકવી મૂકીએ તો પછી જ્યારે ખપ પડે ત્યારે કામ આવે છે. રોજ રોટલી કરવાની કણેક થોડો ખમીર તેમાં મસળીને થેાડીવાર રહેવા દઈએ તો તે વિપાક પામે છે. અને તેની રોટલી, ભાખરી કે પૂરી જે કરીને તળીએ તે ફુલીને લગભગ વાદળીના જેવી સછિદ્ર થાયછે અને રહેલથી પચી જાયછે.

સાહેબ લોકોમાં સારી અને રહેલથી પચે એવી હલકી રોટીનું એટલું બધું મહાત્મ્ય છે કે તૈયાર પાંવ દરરોજ હજારો ગાઉપરથી મંગાવવામાં આવે છે. એનું જ મહાત્મ્ય આપણા લોકમાં પણ હોય એમ આપણા રીવાજો ઉપરથી સાબિતછે, તેમજ તેવો ખેારાક બનાવવાને જે ઉપાયો લેવામાં આવેછે, તે ઉપરથી તેઓને વિ-પાક ક્રિયાનું પણ જ્ઞાન છે એમ ખાતરી થાય છે: અગર જો કે તેઓ જે કરેછે તે વિપાક ક્રિયા છે એવું તેઓને માલમ નથી. લોટને પલાળી મૂકવો, કેળવવો, ખીરૂં આથવું, તથા માણ દેવું, દાભો દેવો દહીંએ લોટ બાંધવો, દૂધ આખરવું, વગેરે જે જે રીતો આપણામાં ચાલે છે તે ૧ાક ક્રિયાનાંજ ઉદાહરણોછે.

કોલરાનું કારણ.

તથા

તે અટકાવવાના ઉપાય.

(ભળેલું.)

આ નીચે લખેલો નિબંધ ગયા જુન મહીનાના "ઇંડીઅન મેડીકલ રેકર્ડ" નામના ચોપાનીઆમાં મી૦ ઈ. એચ. હેન્કીન સાહેબે પ્રસિદ્ધ કર્યો છે. તેઓ સાહેબ વાયવ્ય પ્રાંતના સરકારી કેમીકલ એકઝામીનર તથા બેકટીરીઓલોજીસ્ટ (રોગ મુલક પ્રાણિ જીવનશોધક કરનારા) છેઃ—

રોગનાં કારણ—હિંદુસ્થાનમાં કોઈ કોઈવાર એવા ભયંકર રોગ લોકોમાં ફે-લાય છે, કે તેથી વેદના, આફત અને જીવનું નુકશાન બહુ થાય છે. એવા રોગ અટકાવવાના ઉપાય જાણવાથી દરેક માણસને ફાયદો છે જ.

એવા રોગનાં લક્ષણ, કારણ, અને તેનો ફેલાવ અટકાવવાના ઉપાય, હાલ થોડા દિવસથીજ, ડાક્તર લોકોના સમજવામાં આવવા લાગ્યા છે. આ નિબંધમાં, જેમ બને તેમ સાદી રીતે, આ બાબતનો ખુલાસો કરવાનો મારો વિચાર છે.

હિંદુસ્થાનના લોકોને તો, આ વિષય તરફ ધ્યાન દેવાનું બીજું એક મોટું કા-
રણ છે; કારણ કે, આગળ જતાં આ નિબંધમાં એવું બતાવવામાં આવશે કે તેઓની
અસલથી ચાલતી આવેલી ઘણીએક રીતભાત તથા આચાર વિચાર રોગનો ફેલાવ
અટકાવવાનું ઉત્તમ સાધન છે. કોલેરાનું કારણ હાલના દિવસમાં સારીપેઠે જાણવામાં
આવ્યું છે, તેના સંબંધમાં, હિંદુઓની કેટલીએક અસલી રીતભાત તથા આચાર
વિચાર આ નિબંધમાં આગળ વર્ણવવામાં આવશે. રોગનું કારણ તથા લક્ષણ ખોળી
કાઢવામાં, સૂક્ષ્મદર્શક યંત્રથી બહુ મદદ મળે છે. આ યંત્રથી, વસ્તુઓ જેવી હોય
તેથી હજાર ગણી મોટી દેખાય છે. આ યંત્રથી, માણસના માથાનો એક વાળ જો-
ઇએ તો, તે એકાદ ઝાડ જેટલો મોટો દેખાય છે. આ યંત્રથી એવું દેખાય છે કે,
ગંદા પાણીમાં અતિ સૂક્ષ્મ પ્રાણી અને વનસ્પતિની મોટી વસ્તી હોય છે, તથા તે-
માંનું એક આપણી ખુલ્લી આંખે જોવા જઇએ તો, દેખાય નહીં અને તે એકેક એવા
તો સૂક્ષ્મ હોય છે કે, ઝીણામાં ઝીણા કપડાથી ગંદુ પાણી ગાળીને તે કાઢી નાંખવા
ધારીએ તો તે બની શકતું નથી.

કોલેરાથી મરી ગએલા માણસનું મડદું, તથા તેના આંતરડાંમાં જે પદાર્થ
જડે છે તેમાંથી એક ટપકું, સૂક્ષ્મદર્શક યંત્રથી, તપાસીએ તો, તેમાં અતિસૂક્ષ્મ જીવતું
પ્રાણી કોલેરાનું કારણ છે. તે પ્રાણીને "કોલેરાનું જીવડું" કહેછે. તે પ્રાણી કેમ જીવે છે,
અને કેમ વધે છે તેની હાલ બહુજ શોધ થઇ છે. તોપણ તે પ્રાણી છે કે વનસ્પતિ
છે તે કહી શકાતું નથી. પાણીમાં તે અતિ ઝડપથી હાલે ચાલે છે, અને તેથી તે
માછલા જેવું છે એમ કહેવાય. પણ તેને મોં હોતું નથી, તેથી તેને માછલું કહેવાય
નહીં તેમજ કોઈ પ્રાણી કહેવાય નહીં તેને મોં નથી, તેથી એમ જણાય છે કે, તે
જાડો ખોરાક ખાઈ શકતું નથી. તેનો ખોરાક પહેલાં પાણીમાં ઓગળે છે, અને
પછી તેના શરીરમાં મળી જાય છે. કોઈ કોઈ વખત તે પ્રાણી કુવાના પાણીમાં
પણ માલમ પડેછે; ત્યારે તે કુવાનું પાણી વાપરનારા લોકોને કોલેરા થાય છે. સોમ-
લખાર ખાધાથી જેવો વિકાર થાયછે તેવો જ વિકાર કોલેરાથી થાય છે તેથી એવી
કલ્પના થાય છે કે, કોઈપણ એક જાતનું ઝેર પેટમાં ગયાથી કોલેરા થાય છે. જેમ
સાપના શરીરમાંથી અમુક એક ઝેર પેદા થાય છે, તેમ, કોલેરાનાં જીવડાં માણસના
પેટમાં ગયાં હોય, તો તેઓ એક જાતનું ઝેર પોતાના શરીરમાં પેદા કરે છે; અને
તે ઝેરને લીધે માણસને કોલેરાનાં લક્ષણ થાય છે. કોલેરાનાં જીવડાં માણસનાં શ-
રીરમાં ગયાં, એટલે તે માણસને કોલેરા જરૂર થવોજ જોઇએ એમ કહેવાય નહીં.
કેમકે, ગાયના શરીરમાં દુધ પેદા થાય છે ખરૂં. પણ તે ગાય ગાભણી હોય, અથવા
એવુંજ બીજું કંઈ કારણ હોય તો તેના શરીરમાં દુધ પેદા થતું નથી; તેમજ,
કોલેરાનાં જીવડાં માણસના પેટમાં ગયાં હોય તોપણ, તેઓને કેટલીક હરકતો નડતી
હોય તો તેમનાં શરીરમાં ઝેર પેદા થાય નહીં, અને તે માણસને કોલેરા થાય નહીં.
એવી હરકતો શા શો છે તે હજી પૂરતું જણાયું નથી.

કોલેરાનાં જીવડાં પેટમાં ગયાં, કે તરતજ કોલેરાનાં લક્ષણ થતાં નથી. તેઓ
પોતાનું ઝેર પેદા કરે, તથા તેઓ વધે, અને તેનાં બચ્ચાં થાય અને તેઓની સંખ્યા
વધે, એટલું થવામાં કેટલોક વખત જાયછે જેમ, ખેતરમાં બી વાવ્યા પછી પાક
તૈયાર થવાને વખત જવો જોઇએ, તેમજ કેટલોક વખત ગયા પછી કોલેરાનાં જી-
વડાં પેટમાં ગયા પછી તે રોગનાં લક્ષણ જોવામાં આવે છે. ઘણું કરીને એમ બને
છે કે, જે પાણીથી કોલેરા થાય છે, તે પાણી પેટમાં ગયા પછી ત્રીજે દિવસે કોલેરા
શરૂ થાય છે.

ઉપર કહ્યું છે કે, અતિસૂક્ષ્મ જીવતાં પ્રાણીઓ કોલેરાનું કારણ છે, તેઓ કે-
ટલેક દરજ્જે પ્રાણીઓને મળતાં આવે છે, તથા કેટલેક દરજ્જે વનસ્પતિઓને મળતાં
આવે છે, તેઓ શી રીતે આવે છે? પ્રથમ તો તેઓને ખોરાક જોઇએ. ગંદકી તે-
ઓનો ખોરાક છે. જે પાણીમાં કોલેરાનાં જીવડાં હોય, તે પાણીમાં ઘણી ગંદકી
હોય તો, તેઓ ઘણી ઝડપથી વધે છે અને તેઓને બચ્ચાં થાય છે. તે વખતે તે
પાણી સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસીએ તો તેમાં કોલેરાનાં જીવડાં કમાનના આકારની
ઝીણી સળી જેવાં દેખાય છે. તેઓ એટલાં તો સૂક્ષ્મ હોય છે કે, તેઓના છેડા એક
બીજાને અડાડીને એક સીધી લીટીમાં પચાશ જીવડાં મુક્યાં તો, તે લીટીની લંબાઈ
માત્ર આપણા માથાના વાળની જાડાઈ જેટલી થાય. કોલેરાનું એક જીવડું લઇને તેને
બારીકાઈથી તપાસીએ તો, તે લંબાઈમાં વધતું દેખાય છે, અને વધીવધીને આખરે
તેના અસલ જીવડા જેટલા સરખા બે ભાગ થાયછે; આ બે ભાગમાંથી દરેક ભાગનું
પાછું એકેક સ્વતંત્ર કોલેરાનું જીવડું થાય છે; તે એકેક પાછું લાંબુ વધતું જાય છે,
અને આશરે અરધા કલાકમાં તેના બે ભાગ થાય છે; અને પાછા તે એકેક કોલેરાનું
જીવડું થાય છે, અને પોતાની પેદાશ વધારતું જાય છે. આ પ્રાણીઓમાં નરમાદાનો
ભેદ નથી, અથવા તેઓ ઇંડાં મુકતા નથી; તો પણ તેઓની પેદાશ અતિ ઝડપથી
વધે છે. કોલેરાનાં જીવડાંને ગંદુ પાણી બહુ અનુકુળ પડેછે; એવા પાણીના પ્યાલામાં
એક જીવડું મૂક્યું હોય તો, તેઓ એટલી ઝડપથી વધે છે કે બાર કલાકમાં તે પાણી
ભૂખરૂં દેખાય છે, કેમકે તેના એકેક ટપકામાં લાખો જીવડાં રહે છે.

ગંગા નદીના કાંઠા ઉપર એવો રીવાજ ચાલે છે કે, કોલેરાથી મરી ગએલાં
માણસનાં મડદાં તે નદીમાં નાખી દેવામાં આવે છે. તેથી, કોલેરાનાં જીવડાં તે
પાણીમાં મળે છે. તો એવો સવાલ ઉત્પન્ન થાય છે કે જે લોકો ગંગા અથવા જ-
મના નદીઓનું વહેતું પાણી પીએ છે; તેઓને કદીપણ કોલેરા થતો નથી, તે કેમ?
તેનો જવાબ એવો છે કે આ નદીઓના પાણીમાં કોલેરાનાં જીવડાંને માફક અને
અનુકુળ આવે તેવી ગંદકી હોતી નથી, ફકત કેટલાક મોટા મોટા આરાની પડખે
એવી ગંદકી હોય છે તથા તીર્થની પર્વણી આવે ત્યારે, તેવી ગંદકી હોય છે, પણ
સાધારણ રીતે તેમાં કોલેરાનાં જીવડાંને અનુકુળ ગંદકી તેમાં હોતી નથી. તેથી
કરીને, તે નદીઓના પાણીમાં કોલેરાનાં જીવડાં દાખલ થયાં કે તરતજ, તેઓને

ખોરાક ન મળવાથી તે મરી જાય છે. એથી ઉલટું, ગંદા કુવાના પાણીમાં કોલેરાનાં જીવડાં દાખલ થાય તો, તેઓને તેની ગંદકીથી પુષ્કળ ખોરાક મળે છે; અને તેથી તેઓ જલદી વધે છે, અને તેઓનાં કચ્ચાં બચ્ચાંની મોટી સંખ્યા થાય છે. એવા કુવાના તળીઆનો કચરો સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસીએ તો તેમાં પહેરવાના લુગડાંના તાંતણા દેખાય છે, પાણી કાઢવાની દોરીથી ઘસાએલા હાથની ચામડીના કટકા, તથા પ્રાણી વર્ગથી પેદા થએલી બીજી ચીજો દેખાય છે. ગંગાના પાણીના તળીઆનો કચરો સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસીએ તો, એવી કંઇપણ ચીજો તેમાં માલમ પડતી નથી; માત્ર યાત્રાના પ્રસંગ ઉપર નહાવાના આરા પાસે એવી ચીજો માલમ પડે છે, પણ બીજે ઠેકાણે તેવું કશું હોતું નથી. વળી ઉલટું, તે નદીના પાણીના પ્રવાહમાં જે કચરો તણાતો આવે છે તે સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં, એવું માલમ પડે છે કે તેમાં પથ્થરના ઝીણા કટકા અને રેતી શિવાય બીજું કશું હોતું નથી. પ્રાણી વર્ગથી પેદા થનારી કોઇપણ ચીજ તેમાં હોતી નથી, અને તેથી કોલેરાનાં જીવડાંને ખોરાક મળે તેવું તેમાં કશું હોતું નથી. એમ થવાનાં ઘણાં કારણો છે; તેમાં હવા અને સૂર્યનો પ્રકાશ મુખ્ય છે. હવાથી અને સૂર્યના પ્રકાશથી ઘણી એક જાતની ગંદકી નાશ પામે છે, અને પાણી શુદ્ધ થાય છે.

રોગ શી રીતે અટકાવવા તે—ઉપર જે કહ્યું છે, તે ઉપરથી આ વાત સંભવિત છે, એમ માની શકાય કે, ગંગા અને જમના નદીઓનું પાણી જેવું છે, તેવું કુવાઓનું પાણી, જો કોઇ યુક્તિથી, આપણે બનાવી શક્યા, તો કોલેરા ઘણે દરજ્જે ઓછો થશે. પાણીમાં જે ગંદકી હોય છે, તે દૂર કરવાને ઘણી દવાઓ છે; દાખલા તરીકે, થોડી ફટકડી લઇને, કચરાવાળા પાણીમાં સારી પેઠે મેળવી દઇએ તો, તે પાણીમાં જે જે ઝીણી ચીજો તરતી હોય, તે બધી તળીએ બેસે છે, અને પાણી સ્વચ્છ થાય છે. મેં મારી જાતે એવા એક બે દાખલા જોયા છે, કે કુવાના પાણીમાં ફટકડી મેળવી કે, તરત થોડીજ મુદતમાં કોલેરા મટી ગયો. પણ, મારું ધારવું એવું છે કે, ફટકડી કરતાં પોટેશ્યમ્ પર્માંગનેટ્ વધારે સારું. પોટેશ્યમ્ પર્માંગનેટ્ મીઠા જેવો એક પદાર્થ છે, અને તેની બનાવટમાં ક્ષાર અને ખનિજ પદાર્થ શિવાય બીજું કંઇપણ આવતું નથી. તે પાણીમાં નાંખ્યું કે, તરત ઓગળી જાય છે; અને તે પાણીનો રંગ જાંબુડો થાય છે. પાણીનો જાંબુડો રંગ કરવાની તેમાં એટલી બધી શક્તિ છે કે, તેનો તે એક તોલો લઈને, કુવામાં નાંખ્યું હોય તો, આખા કુવાના પાણીનો રંગ જાંબુડો થઈ જાય છે. પણ, તે રંગ બહુવાર સુધી ટકતો નથી. પાણીમાં જે ગંદકી હોય છે, તેનો આ દવાથી નાશ થાય છે, અને ગંદકીનો નાશ કરવામાં આ દવાની શક્તિનો અંત આવે છે, તેથી પાણીનો રંગ જતો રહે છે. આ દવા પાણીમાં મેળવ્યા પછી, કાચના પ્યાલામાં પાણી લઇને, તેમાં આ દવા નાંખીએ તો, તે પ્યાલાને તળીએ ભૂરા રંગનો કચરો બેસી ગએલો જોવામાં આવે છે. પાણીમાં તરતો, અથવા પાણીમાં ઓગળાઈ ગએલો જે કચરો હતો, તેની સાથે

પોતાનું મિશ્રણ થયાથી, પાણીને તળીએ બેઠેલો આ કચરો દેખાય છે. એવી રીતે પાણીમાં કંઈ ફેરફાર થએલો આ પાણી નજરમાં આવતો નથી; તોપણ, આ દવા નાંખ્યા પહેલાનું પાણી, અને પછીનું પાણી, એ બે પાણીમાં આ તફાવત છે, કે આ દવા નાંખ્યા પહેલાં તે પાણીમાં ઓગળી ગએલા કેટલાક ગંદા પદાર્થ હતા; પણ, આ દવા નાખ્યા પછી, તે પાણીમાં જરાકે કચરો રહ્યો નથી. કચરો અને દવા, બન્ને પાણીને તળીએ બેસી ગયાં.

આ દવાથી કુવાનું પાણી સ્વચ્છ કરવું હોય તો, તે પાણીને આછો જાંબુડો રંગ આવે તેટલી દવા તેમાં નાંખવી જોઇએ. સાધારણ કુવાને ત્રણ ચાર તોલા બસ છે. પોટેશ્યમ્ પર્માંગનેટ્ પાણીમાં નાંખ્યા પછી બની શકે તેટલી લાંબી મુદત સુધી તે પાણી હલાવવું નહી, માટે આ દવા સંધ્યાકાળે કુવામાં નાંખવી, તેથી કરીને ઓછામાં ઓછા બાર કલાક સુધી તે પાણી હલાવવાનો પ્રસંગ આવે નહી બીજે દીવસે સવારે તે પાણી પીવા લાયક થશે. આ દવા ઝેરી છે ખરી, પણ પુષ્કળ પાણીમાં મેળવી હોય તો તે ઝેરી રહેતી નથી, માટે બીજે દિવસે સવારે તે પાણીનો આછો રાતો રંગ દેખાતો હોય તો, તેની કંઇ ચિંતા નહી. કેટલાકએક પ્રાંતમાં એવા લોકો હોય છે કે તેઓ દવા ખાતા નથી; આવા લોકોને મનાવવા સારૂ એવું કરવું કે, તે પાણીનો રંગ જતો રહે ત્યાંસુધી તે કુવામાંથી પાણી કાઢવું નહીં. તે પાણીનો ચોખ્ખો રંગ થયો, એટલે નક્કી સમજવું કે, તેમાં દવાનો કોઈ ભાગ રહ્યો નથી.

ઉપર લખ્યા પ્રમાણે કોલેરામાં પ્રકટ થવાને, ઘણું કરીને ત્રણ દિવસ લાગેછે. તેથી જે કુવાના પાણીથી કોલેરા થયો હોય, તે પાણીમાં પર્માંગનેટ્ નાંખ્યા પછી ત્રણ દિવસ થયા કેડે કોલેરા મટવા લાગશે. કોલેરાનાં જીવડાં ઘણાં સૂક્ષ્મ હોય છે, અને જે પાણીમાં તે જીવડાં હોય તે પાણીના કુવામાં પર્માંગનેટ્ નાંખીએ, એટલે બસ થતું નથી, પણ ઘરના બીજા ત્રીજા કામમાં વાપરવાના પાણીમાં પણ પર્માંગનેટ્ નાંખવું જોઇએ.

પરંતુ રોગ થયા પછી મટાડવો તેના કરતાં રોગ થવાજ ન દેવો, તે વધારે સારું છે. કોલેરાનાં જીવડાં કુવાના પાણીમાં જવા દેવાં અને પછી તેમાં દવાઓ નાખીને તેઓના ખોરાકનો નાશ કરવો અને એવી રીતે તેઓથી થનારું નુકસાન રોકવાને યત્ન કરવો, તેના કરતાં તે જીવડાં કુવાના પાણીમાં જાય નહી, એવી તજવીજ કરવી, તે વધારે સારું. હિંદુસ્તાનમાં કેટલીએક રીતભાત તથા આચાર વિચાર અગાઉથી ચાલતા આવ્યા છે, અને તે હાલ જેટલા પાળવામાં આવે તો, તેનાથી હાલ જેટલો ફાયદો થાય છે તેના કરતાં વધારે ફાયદો થશે તેમાં બીલકુલ શક નથી. કોલેરાનાં જીવડાં કુવાના પાણીમાં જતાં અટકાવવાને, ઉપર બતાવેલી રીતભાત તથા આચારવિચાર કરતાં વધારે સારો ઉપાય મને તો સૂઝતો નથી.

હાલના વખતમાં અત્યાર સુધી આપણે સારી પેઠે જાણી ચુક્યા છીએ તથા તે સારી પેઠે સાબીત થયું છે કે મુસાફરો કોલેરાનું મુળ પોતાની સાથે એક

જગ્યાથી બીજી જગ્યાએ લઈ જાય છે. તેમજ આ વાત પણ સાબીત થઈ છે કે, કોલેરાનાં જીવડાં, ઘણું ખરૂં પાણીમાં રહે છે. અને મુસાફરો એક જગ્યાએ આવ્યા પછી ત્યાંના કુવાના પાણીમાં કોલેરાનાં જીવડાં નાંખીને, ત્યાં તે રોગ પેદા કરે છે. તેઓ પોતાના ડોલ અથવા લોટા પાણી કાઢવા માટે કુવામાં નાખીને તે પાણીમાં કોલેરાનાં જીવડાં નાખે છે. એનો એક દાખલો એવો બન્યો કે, લખનૌમાં અંગ્રેજ લશ્કરને માટે એક દવાખાનું છે, ત્યાં કોલેરાનો ઉદ્‌ભવ થયો, તેની તપાસ કરવા થોડા દહાડા ઉપર હું ગયો હતો. તેમાં માલમ પડ્યું કે તે દવાખાનામાં કોલેરાનો ઉદ્‌ભવ થયો તે પહેલાં થોડા દીવસ ઉપર પાસેજ એક ભિસ્તી રહેવા આવ્યો હતો. ત્યાં જે એક સારામાં સારો કુવો હતો, તેનું પાણી પીવાને માટે લાવતા હતા; તે ભિસ્તી આ કુવાનું પાણી લાવતો તેમાં કંઈ શક નહીં. ત્યાં આવ્યા પછી, ત્રીજે દીવસે તેને મરડો થયો, તેમાંથી થોડાએક વખતમાં કોલેરા પેદા થયો. તે ભિસ્તી તે દવાખાનાની પાસે આવીને રહ્યો તે પહેલાં, કોલેરાનાં જીવડાં તેને વળગેલાં હશે, તેમાં કંઈ શક નહી; તેથી તે માંદો પડ્યો, અને તેણે તે કુવો બગાડ્યો. આટલું થયા પછી તે કુવાનું પાણી પીનારા દવાખાનાની અંદરના દરદીઓમાં કોલેરા પેદા થયો. કેટલાએક પ્રાંતમાં, ઉનાળાના દિવસમાં, રસ્તા ઉપરના કુવાનું પાણી કાઢીને મુસાફરોને આપવા માટે એક બ્રાહ્મણ બેસાડી રાખે છે; અને તે પોતાની દોરી ને ડોલથી પાણી કાઢીને મુસાફરોને આપે છે, પણ મુસાફરોને પોતાના દોરી લોટાથી પાણી કાઢવા દેતા નથી. આવી રીતે મુસાફરોના દોરી લોટા કુવાના પાણીમાં નહી નાખવા દેવાથી કોલેરાનાં જીવડાં કુવાના પાણીમાં જવાનો સંભવ ઘણો ઓછો થાય છે. બીજા કેટલાએક પ્રાંતમાં ગામડાના લોકો ઉઘરાણું કરીને મોટા રસ્તા ઉપર મુસાફરોને પાણી પાવા માટે માણસ બેસાડી રાખે છે, તેથી પણ એવો ને એવોજ ફાયદો થાય છે. આ રીતભાત તથા આચાર વિચાર બહુજ સારો છે, અને તેથી મુસાફરોની મારફતે કોલેરા એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં અટકે છે. વળી બીજી એક રીત મારા જોવામાં આવી છે, તેપણ ઘણી ફાયદાકારક છે; તે એ કે કોઈ ઠેકાણે કોલેરાનો ઉદ્‌ભવ જણાયો એટલે, પીવાના પાણીના કુવા પાસે નીચ વર્ણના લોકોને આવવા દેતા નથી. એવા લોકોનો ધંધો રાતદહાડો ગંદી ચીજોની સાથે હોય છે, તેમાં કોલેરાનાં જીવડાં અથવા રોગ પેદા કરનારાં બીજી કોઈ જાતનાં જીવડાં હમેશાં માલમ પડે છે.

એક ઠેકાણેથી બીજે ઠેકાણે કોલેરા ફેલાઈ શકે નહી, તેટલા માટે ઉપલી રીતભાત અને આચારવિચારનો હાલ જેટલો અમલ છે, તેનાથી વધારે હોવો જોઇએ. જ્યારે કોઈ માણસ મુસાફરી કરીને પાછો પોતાને ઘેર આવે, ત્યારે તેને ઓછામાં ઓછા એક અઠવાડીઆની મુદત સુધી આખા ગામથી અલગ રાખવો જોઇએ; તેને પીવાના પાણીના કુવા પાસે આવવા દેવો નહિ, કારણ કે રસ્તેથી આવતાં કોઈ ગંદી ચીજનો તેને સ્પર્શ થયો હશે, અથવા તે પોતાની સાથે કોલેરાનાં જીવડાં લા-

વ્યો હશે. વિશેષે કરીને કોઈ યાત્રાને ઠેકાણે મોટો મેળો ભરાયો હોય અને ત્યાં કોલેરા પ્રગટ થયો હોય, એવા ઠેકાણેથી પાછા આવેલા યાત્રાળુને આવી રીતે અલગ રાખવાની વધારે જરૂર છે. યાત્રાની પર્વણી ઉપર ઘણાં માણસો ભેળાં થયાં હોય, એવે વખતે બ્રાહ્મણ વર્ણના લોકો પણ જરૂર પજ્યાથી ગંદા કુવામાંથી પાણી કાઢીને લે છે. તે કારણને માટે એવા ઉજળા વર્ણના ચોખ્ખા લોકોને પણ યાત્રા કરીને પાછા આવ્યા પછી આખા એક અઠવાડીઆ સુધી પીવાના પાણીના કુવા પાસે આવવા દેવા નહી. જે લોકોએ ગામ છોડ્યું નથી, તેવા લોકોએ પાણી કાઢીને યાત્રાળુને આપવું. યાત્રા કરીને પાછા આવેલા લોકોએ ફક્ત કોરી ચીજો ઉપરાંત બીજી કોઈ પણ ખાવાની ચીજ ગામડામાં લાવવી નહી. કોરો ખોરાક હોયતો ચાલે; કેમકે કોલેરાનાં જીવડાં કોરા ખોરાકને વળગ્યાં હોય તો ત્યાં તે મરી જાયછે; પણ ભીના ખોરાકમાં કેટલાએક વખત સુધી તે જીવડાં જીવતાં રહેછે. યાત્રાળુના પાણીના લોટા કે પવાલાં એમને એમ ગામડામાં લાવવા દેવાં નહી; પણ તેને ગામમાં લાવતાં પહેલાં તડકામાં સુકાવા દેવાં અથવા દેવતામાં તપાવી કાઢવાં, અને પછી તે ગામમાં લાવવાં. કોલેરાનાં જીવડાં લુગડાં વડે પણ કોઇ ઠેકાણે આવી જાયછે. જે ઠેકાણે કોલેરા હોય, તે ઠેકાણેથી આણેલાં લુગડાં તરતજ પીવાના પાણીના કુવા પાસે ધોવામાં આવે, તો એમ પણ બની શકે કે ધોતી વખત પાણીનાં એક ટપકાવતી પણ કોલેરાનાં જીવડાં કુવામાં જાય. એને લીધે, એમ કરવું જોઈએ કે ધોવા પહેલાં તે લુગડાં તડકામાં છુટાં કરીને સુકવાં, અને સારી પેઠે સુકાવવાં. તે સુકાવવામાં એટલું જ બસ નથી કે, તે હાથને સુકાં લાગે, પણ એક આખા દિવસ સુધી તે તડકામાં ઉઘાડાં સુકવાં, કારણ કે કોલેરાનાં જીવડાં તડકાથી મરી જાયછે. આ નિયમો હિંદુ લોકોની રીતભાત તથા આચારવિચારમાં હમેશાં પાળવામાં આવેછે; તેમાં લુગડાંને નક્ષત્ર દર્શન કરાવવું, એવું કહેછે; એટલે તે લુગડાં આખો દિવસ તડકામાં ઉઘાડી હવામાં રાખવાં અને તેના ઉપર તારાઓનો પ્રકાશ પડે ત્યારે, તે વાપરવામાં લેવાં. તેમજ કોઇ મેળામાંથી એટલે જ્યાં અનેક પ્રકારનાં ધંધાવાળાં તથા બાસીયતવાળાં અથવા રોગવાળાં માણસો એકઠાં થયાં હોય તેવે ઠેકાણેથી, કોઈ માણસ આવ્યો હોય તો, તેના લુગડાંને નક્ષત્ર દર્શન કરાવ્યા વિના તથા તેને પોતાને સ્નાન કર્યા વિના ઘરમાં અડકવા દેવો નહિ, આ નિયમોને "આભડ છેટ" તથા "વહેમ" કહીને તુચ્છકારવા નહી. તે જો બરાબર પાળવામાં આવે, તો રોગ અને વિશેષે કરીને કોલેરા, એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંચાર કરી શકે નહિ. હિંદુસ્થાનમાં આ નિયમો પાળવા સહેલું છે; કારણ કે આ રીતભાત અને આચાર વિચાર અસલી વખતથી ચાલતા આવેલા છે, તથા આ નિબંધની શરૂઆતમાં કોલેરાના કારણનું જે વર્ણન આપ્યુછે તે ઉપરથી, આ નિયમોને હાલના વખતના આધિભૌતિક શાસ્ત્રની તથા વિચાર શક્તિની સંમતિ મળેછે.

હિંદુસ્તાનના રહેવાશીઓની બીજાને પાણી પાવાની કેવી રીત છે? તે તપાસી જોઇએ, પહેલાં ડોલવતી કુવામાંથી પાણી કાઢવામાં આવેછે, પછી તે પાણી

લોટામાં કાઢી લેવાયછે; ત્યાર પછી, પીનારો પોતાના હાથનો ખોબો કરીને મો આગળ ધરેછે; તેમાં લોટામાંથી પાણી રેડવામાં આવેછે. આપણે જો, તેને પૂછીએ કે "તમે ડોલવતી હાથમાં પાણી કેમ નથી રેડતા ?" તો, તે એનો જવાબ આ પેછે કે, " પીનારના ખોબામાંથી કદાચ પાણીના છાંટા ડોલ ઉપર ઉડે, અને તેથ ડોલમાંનુ બધું પાણી અભડાય." હવે, આ "આભડછેટ" એટલે શું, તેનો વિચા કરીએ. એટલી વાત તો નક્કી છે કે, દુનિઆમાં જેટલા ઝેરી પદાર્થ જાણવામાં આવ્ય છે, ને સૌમાં અતિ ઝેરી પદાર્થ તેના હાથને ચોપડયો હોય તોપણ તેના હાથમાંથી પાણીના છાંટા ડોલ ઉપર ઉડયાથી, તે પાણી કોઇરીતે બગડે નહીં. એમજ એવું કોઈ પણ ઝેર તેના હાથને ચોપડેલું નથી, એ પણ વત નક્કી છે. અને, પાણી રેડનારને કોઇ ઝેરી પદાર્થનીજ બીક લાગતી હોય તો તેની રીતને વિચાર શક્તિની સંમતિ મળે નહીં; તથા તેની રીત બીજાએ લેવી, એવું કોઇ કહી શકે નહી. પણ રોગનાં કારણ તથા મૂળ વિષે હાલના દિવસમાં જેટલું જ્ઞાન મળ્યું છે, તે ઉપરથી એટલું કહી શકાયછે કે તે પાણી પાનારની રીત તથા આચાર વિચાર " સશાસ્ત્ર" છે, તથા તેનાથી રોગનાં જીવડાનો ફેલાવ થતો અટકે. ઉપર બતાવ્યું છે કે, રોગનું જે કારણ છે, તે સાધારણ ઝેરી પદાર્થ નથી, પણ અતિ સૂક્ષ્મ જીવતાં પ્રાણીઓ છે, તેઓની પેદાશ ઘણી ઝડપથી વધેછે, તથા તેઓ એટલાં સૂક્ષ્મ છે કે, પાણીનો નાનામાં નાનો છાંટો લઈએ તોપણ, તેમાં તે લાખો પ્રાણીઓ રહેછે. તેથી કરીને પાણી પીનારના હાથમાંથી ડોલ ઉપર જે છાંટા ઉડે, તેનાથી ડોલની મારફતે કોલેરાનાં જીવડાં આખા કુવાના પાણીમાં જાય, અને તેથી કોલેરા પેદા થાય, એટલી તે છાંટામાં નાશકારક શક્તિ રહેલી છે. જેમ એક તોલો જામણ (મેળવણ) હોય તો તેનાથી એક મણ દુધનું દહીં થઈ જાય, તેમ કોલેરાના જીવડાંવાળા હાથમાંથી ડોલ ઉપર ઉડેલો છાંટો કુવાના પાણીમાં જાય તો તે બધું પાણી એવું બગડી જાય કે, જે કોઇ તે કુવાનું પાણી પીએ તેને કોલેરા થઇ શકે.

એવી રીતે જોતાં આ રીત તથા આચાર વિચાર સારા છે; પણ હાલ તે પાળવા ઉપર જેટલું લક્ષ આપવામાં આવેછે તેના કરતાં વધારે લક્ષ આપીએ તો, તેનાથી ઘણો મોટો ફાયદો થાય. જે ડોલથી પાણી કાઢવામાં આવેછે, તે ડોલ બીજા કોઇ કામમાં વાપરતા નથી, તે ખરૂં છે; તથા મુસલમાન બિરાદરીઓ પોતાની મસ કને બીજા કોઈને અડકવા દેતા નથી પણ પાણી કાઢવાના વાસણને બીજી કોઈ જાતનો બગાડ વળગે નહિ, તેટલા સારૂ હાલ લેવાયછે તેના કરતાં વધારે સંભાળ લેવી જોઇએ. બૈરાં પાણી ભરવા જાયછે ત્યારે ગાંગર માથા ઉપર લઈ જાયછે, અને ડોલ હાથમાં હોયછે; પણ પોતાના લુગડાથી તે વાસણ બગડે નહી તેવી જરાકે સંભાળ લેતાં નથી. વળી કુવાનું મથાળું તથા આસપાસની જગ્યા ગંદી હોયછે તેના ઉપર વાસણ મૂકતાં પહેલાં તે ધોઇ નાખવી જોઇએ, અને ગંદી જગ્યા ઉપર વાસણ મૂકવાં નહી.

લોટો ઘણાએક કામમાં વપરાયછે, તેને લીધે તેનાથી કુવો બગડવાનો વધારે સંભવ છે. ઘણે ઠેકાણે એવો રિવાજ હોયછે કે પીવાના પાણીના કુવામાંથી લોટાવતી પાણી કાઢવા દેતા નથી, પણ જે ઠેકાણે મોટા મેળા ભરાયછે, તે ઠેકાણે એવો કંઇ નિયમ રહેતો નથી લોટા પાણીમાં નહિ નાખવા દેવા, એવો નિયમ વધારે સખતાઈથી અમલમાં આવે તો સારૂ. તેમજ જાત્રાળુઓને જ્યારે જ્યારે પાણી જોઇતું હોય, ત્યારે ત્યારે કોઇ કોઇ બ્રાહ્મણ રાખીને તેના હાથેજ તેઓને પાણી મળે, એવો બંદોબસ્ત રાખવો, અથવા પાણીની ટાંકી કરી તેને ચાવીવાળો નળ જોડી રાખી પાણીમાં લોટો બોળ્યા વિના પાણી લઈ શકાય, એવી તજવીજ રાખવી.

કોલેરા થઈ શકે નહિ, તેને માટે, અત્યાર સુધી કોઇએ જાણી નહિ હોય, તેવી રીતો સરકાર તરફથી યોજવામાં આવે છે. વિશેષે કરીને, મોટાં શહેરોમાં નળનું પાણી લાવવામાં આવે છે. તે શહેરના લોકોમાં તે પાણી વિષે ઘણી ગેરસમજ ચાલે છે. દાખલા તરીકે આગ્રામાં લોકો કહેછે કે " અમે આ પાણી નહિ પીઇએ, કેમકે તે ગરમ હોયછે;" બીજા કહેછે કે, " અમે આ પાણી ન પીઇએ કેમકે તે ઠંડું છે;" ત્રીજા કહે છે કે, " અમે આ પાણી ન પીઇએ કેમકે નીચલી વર્ણના લોકો જે નળ વાપરે છે, તેમાંથી આ પાણી આવે છે." હાલ ચાલતી રીતભાત તથા આચાર વિચાર સારા છે, તેની શાખીતીને માટે, રોગના કારણનું હાલ જેટલું જ્ઞાન થયું છે, તે જ્ઞાન ઉપરથી મળેલી શાખીતી આપી છે. તેજ જ્ઞાન ઉપરથી એવી શાખીતી મળે છે કે, લોકોના ઉપર બતાવેલા વાંધા નિષ્કારણ છે. નળનું પાણી ઘણા શ્રમથી, ઘણી કાળજીથી, અને ઘણી યુક્તિથી ગાળવામાં આવેછે, તેથી રોગના કારણરૂપી જે જીવડાં હોયછે, તે તેમાં આવી શકતાં નથી. તે ગાળવાની રીત ઘણી ગુંચવડાવાળી છે, તેથી તે આ નિબંધમાં સમજાવી શકાય નહિ; તોપણ અહિંઆં આટલું તો કહેવું જોઈએ કે, જે રેતીથી તે પાણી ગાળવામાં આવેછે, તે રેતીને માણસોના સ્પર્શ થયાથી તેમાં બગાડ થવાનો કદાચ થોડોક સંભવ રહે, તેટલો પણ બગાડ ન થાય તેટલા સારૂ તે રેતી સંચાવતી ધોવામાં આવેછે. નળના પાણી વિશે એટલી સંભાળ રાખવામાં આવે છે કે ગંગાના અથવા જમનાના પાણીમાં રોગના જીવડાં જેટલાં હોયછે, તેના કરતાં આ નળના પાણીમાં રોગનાં જીવડાં ઓછાં હોય છે; અને તેથી રોગ અટકાવવાને ઉપયોગી, આખા હિંદુસ્થાનમાં એના જેવું પાણી મળે નહિ. નીચ વર્ણના માણસના હાથમાંથી પાણી છાંટના ડોલઉપર પડે તે શા માટે સારૂં નથી, તેનું કારણ ઉપર બતાવ્યું છે; પણ, પાણીનો નળ ઉભો હોય, તેમાંથી નીચ વર્ણના લોકો એ પાણી લેતાં, તેના છાંટા નળઉપર ઉડે તો તે શા માટે ખોટું છે, તેનું ઉપર બતાવ્યા જેવું યોગ્ય કારણ કંઈ જડતું નથી. ડોલઉપર પાણી ઉડે, તે ભયંકર છે, કેમકે, પછી જ્યારે કુવામાં નાંખવામાં આવે, ત્યારે તેનાથી કોલેરાનાં જીવડાં કુવાના પાણીમાં જવાથી બધું પાણી બગડવાનો સંભવ છે પણ, નળ ઉપર, નીચ વર્ણના લોકો પાણી લેતાં, તેના છાંટા ઉડે, તેથી નળમાંથી બહાર આવતું

પાણી પાછું અંદર જઇ શકે નહીં તો, બધું પાણી શી રીતે બગડે? તેનું કારણ માલમ પડતું નથી; તેમાં વળી એટલી સંભાળ તો રાખવીજ જોઇએ કે જે વાસણમાં પાણી ભરવાનું, તે વાસણો નળને અડકવા દેવાં નહીં.

નળ જ્યાં ઉભો હોય, ત્યાંની આસપાસની જગા સ્વચ્છ રાખવી જોઇએ. કેમકે જ્યારે નળમાંથી પાણી બહાર આવતું નહિ હોય, ત્યારે તેની આસપાસની ગંદકી નળના પાણીમાં ભળી જવાનો સંભવ રહેછે.

કેટલાંએક ગામડાંમાં, કુવાઓને બંબા જોડવાનો, સરકાર તરફથી પ્રયત્ન ચાલે છે. જો કુવાઓનું બાંધ કામ પાકું હોય, તથા તેની દુરસ્તી કરીને સારૂં રાખ્યું હોય, તો તેઓનું પાણી બગાડનારી જે કંઈ ગંદકી તેઓની અંદર દાખલ થતી હોય, તે ગંદકી પાણી કાઢવાના વાસણથી દાખલ થએલી હોવી જોઇએ; તેથી કુવા ઢાંકી દીધા હોય, તથા બંબાવતીજ તેમાંથી પાણી બહાર નીકળતું હોય, તો તે કુવામાં નુકશાન કરનારા કોઈ પણ પદાર્થ અંદર જઈ શકે નહિ; કેમકે, બંબાની નળીમાંથી એકજ રસ્તે કુવાનું પાણી બહાર આવી શકેછે. હાલમાં વિલાયતમાં એવા બંબા તૈયાર કરેછે, કે તેનામાં ચામડાના પડદા હોતા નથી; અને બધાં ગામડાંમાં એવા બંબા દાખલ કરવાનું બની શકે, તો અમારી ખાતરી છે કે લાંના રહેવાશીઓને ઘણો ફાયદો થશે.

આ નિબંધમાં ઘણી રીતભાત તથા આચાર વિચાર એવા બતાવ્યા છે કે, તેનાથી કોલેરાનો ફેલાવ થતો અટકે. કેળવણી પામેલા લોકો આ સૂચનાઓ અમલમાં લાવવાને તત્પર થાય ખરા; તોપણ વગર કેળવાએલા લોકો તેનો અમલ કરવામાં આંચકો ખાશે, તો પણ અમારી ખાતરી છે કે કેળવણી પામેલા જે દેશી લોકો આ નિબંધ વાંચે, તેઓને દેશીઓની માહિતી સારી હોયછે, તેથી આ સૂચનાઓ અમલમાં કેમ લાવવી તેનો તેમને રસ્તો સૂઝશે, અને એવા લોકોએ પોતાની અક્કલ અને વજન વાપરીને પીવાનું પાણી સ્વચ્છ રખાવવું, તથા તે બગડયું હોય તો ઉપર બતાવેલી દવાથી તે સ્વચ્છ કરાવવું. બીજી કેટલીક યુક્તિઓ છે, જેથી કોલેરાનો ફેલાવ બેશક અટકશે; પણ આ નિબંધમાં તેનો સમાવેશ થઇ શકે નહિ. દાખલા તરીકે જે જીવડાથી રોગ પેદા થાય છે તે પાણી ઉકાળવાથી મરી જાય છે; તેથી કોલેરા ચાલતો હોય ત્યારે ઉકાળેલુંજ પાણી પીવાથી, તથા તરત રાંધેલો ખોરાક ખાધાથી, કોલેરા થવાની બીક રહેતી નથી. પણ ઘણાએક લોકો એટલા કંગાલ હોયછે કે, તેમને બળતણ મળતું નથી, તેથી આ સૂચનાનો અમલ થવો કઠણ છે. તેમજ જે બધાં કારણથી કોલેરા પેદા થાયછે, તે બધાં કારણોનો આ નિબંધમાં સમાવેશ થયો નથી. કોલેરાનાં જીવડાં તડકામાં સૂકાયાથી મરી જાયછે, તેથી શ્વાસોચ્છવાસમાં હવા લીધાથી કોલેરા થઈ શકે નહિ, તે વાત નિઃસંશય છે. જે પદાર્થ ખાવામાં કે પીવામાં આવેછે, તેનાથીજ કોલેરાનું મૂળ પેદા થાયછે. ઘણુંકરીને એવું બનેછે કે પીવાના પાણીમાં કોલેરાનાં જીવડાં હોયછે, અને તેઓને લીધે તે રોગ પેદા થાયછે. કોઈ કોઈ વખત કોલેરાનાં જીવડાંવાળો ખોરાક ખાધાથી, તે રોગ પેદા

થાયછે. જે જગ્યામાં ગંદી વાસ આવતી હોય અને ઘણા મચ્છર કે માખીઓ હોય, તે જગ્યામાં ખોરાકમાં કોલેરાનાં જીવડાંથી બગાડ થાયછે. જે માણસોને કોલેરા થયો હોય, તેમના મળમૂત્રમાં કોલેરાનાં જીવડાં જથાબંધ હોય છે. તેવા મળમૂત્ર ઉપર બેઠેલી માખીઓ કોલેરાનાં જીવડાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય છે, તથા ખોરાકમાં પણ નાંખેછે; તેથી તે જીવડાં પેટમાં જાયછે, અને આ ભયંકર રોગ પેદા થાયછે.

આ બધી વાતોની માહિતી લોકોને કરી આપીને, તેમને આ ભયંકર રોગમાંથી બચાવવા સારૂ સરકાર તરફથી જે જે પ્રયત્ન કરવામાં આવે છે, તે સફળ કરવાનું કામ કેળવણી પામેલા દેશી લોકોનું છે, અને તેઓનાથીજ આ કામ સરકારી અમલદારો કરતાં વધારે સારી રીતે થઈ શકે.

સ્ત્રીવક્તૃત્વોત્તેજક ઇનામી ભાષણ.

સ્ત્રીઓની ભાષણ આપવાની શક્તિ વધારવાને સ્ત્રીઓની સભા સમક્ષ સ્પર્ધાથી ભાષણ કરનાર સ્ત્રીઓને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ઇનામ આપવાની જાહેર ખબર બુદ્ધિપ્રકાશના નવેમ્બર માસના અંકમાં તા. ૩૦ મી ઓકટોબર સન ૧૮૯૫ ને રોજ આપવામાં આવી હતી. તે પ્રમાણે ભાષણ સમારંભ અમદાવાદમાં મગનભાઈ કરમચંદ કન્યાશાળામાં તારીખ ૫ મી તથા તારીખ ૬ ઠી ડીસેમ્બર વાર ગુરૂ તથા શુક્રને રોજ સાંજના ૪ વાગે કરવામાં આવ્યો હતો. જાહેરખબર મુજબ ભાષણના બે વિષય રાખવામાં આવ્યા હતા. ૧. છોકરાંને કેવી રીતે ઉછેરવાં આ વિષય પર સૌથી સારૂં ભાષણ આપનારને રૂપિઆ વીસનું ઇનામ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી આપવાનું ઠરાવ્યું હતું. ૨. શરીર તન્દુરસ્ત રાખવા જુદી જુદી સ્થિતિની સ્ત્રીઓએ ઘરનાં કયાં કયાં કામ કરવાં જરૂરનાં છે તે વિષે સૌથી સારૂં ભાષણ આપનારને રૂ. ૨૦) વીસનું ઇનામ સોસાયટી તરફથી આપવાનું હતું. હરિફાઇથી ભાષણો આપવા માટે નીચે લખેલી સન્નારીઓએ પોતાની ખુશી લખી જણાવી હતીઃ—

૧. ગંગાબાઈ પ્રાણશંકર, માણસા કન્યાશાળાનાં સ્ત્રીશિક્ષક.
૨. ગુલાબ કહાનદાસ, મુંબઇ જેરાજભાઈ પીરભાઇની કન્યાશાળાનાં સ્ત્રીશિક્ષક.
૩. એમી. ઉપકાર, ફ્રિમેલટ્રેનિંગકોલેજનાં સ્કોલર.
૪. વિજયા પ્રેમાભાઇ. ,,
૫. ગંગા વિઠ્ઠલદાસ. ,,
૬. જીવીબાઈ મનસુખરામ, અમદાવાદ ફ્રીમેલ ડીસ્પેનસરીનાં મીડ વાઇફ; એમણે પ્રથમ દિવસના મેળાવડામાંજ ભાષણ

માટે ઉમેદવાર તરીકે બહાર પડવાની ઇચ્છા જણાવ્યા
તેમને ભાષણ આપવાની તેજ વખતે પરવાનગી આપવ
માં આવી હતી.

ગુલાબ કહાનદાસ હાજર થઈ શક્યાં ન હોતાં. તા. ૫ મી એ સાંજના ચા
વાગે મગનભાઇ કરમચંદ કન્યાશાળામાં ઘણાં કુટુંબની સન્નારીઓ તથા સ્ત્રી શિક્ષ
કોની મોટી સંખ્યા ભાષણ સાંભળવા આવી હતી. છમાંથી પાંચ ઉમેદવારની પર
ક્ષા લેવાની હતી. નીચેના ગૃહસ્થોની પરીક્ષક કમીટી હાજર હતીઃ—

મિસિસ મેકફી, લેડી સુપરિનટેનડેન્ટ ફ્રીમેસનરી ગર્લ્સ કોલેજ.
રા. બ. લાલશંકર ઉમયાશંકર.
રા. સા. કેશવલાલ મોતીલાલ.
રા. સા. માધવલાલ હરિલાલ.
ડાક્તર નીલકંઠરાય ડાહ્યાભાઇ છત્રપતિ.
રા. રા. રેવાશંકર અંબારામ.

સોસાયટીના સેક્રેટરી રા. બ. લાલશંકરભાઇની ખાએસથી મિસિસ મેકફીને પ્રમુખ પદ આપવામાં આવ્યું હતું. પ્રથમ ઇનામી ભાષણની જાહેર ખબર શી છે તથા તે પ્રમાણે ભાષણ કરવા કોણ કોણ તૈયાર છે તે રા. બ. લાલશંકરભાઇએ જણાવ્યું. પછી ઉપરનાં નામ લખવામાં આવ્યાં છે તે ક્રમ પ્રમાણે ઉમેદવારોએ મોઐથી પહેલા વિષય પર ભાષણ કર્યાં. દરેકનું ભાષણ સરાસરી ૧૫ મિનિટ ચાલ્યું. ત્યાર બાદ પરીક્ષા પત્રક પ્રમાણે પરીક્ષક કમીટીએ વિષય, ભાષા અને વક્તૃત્વ શક્તિ લક્ષમાં લઈ દરેક ઉમેદવારનો અનુક્રમ નક્કી કર્યો તથા તે પ્રસિદ્ધ કરવાનું બીજા દિવસ ઉપર રાખી સભા બરખાસ્ત થઇ.

બીજે દિવસે એટલે તા. ૬ઠી ડીસેમ્બરે સાંજના ત્રણ કલાકે ફરીથી સભા મળી. તે વખતે સ્ત્રી શ્રોતાઓની એટલી ભીડ હતી કે કેટલાંકને સાંભળવા બહાર ઉભું રહેવું પડયું હતું. આ દિવસે ઉમેદવારો પહેલે દિવસ જે હાજર હતાં તેજ હતાં. તેમણે બીજા વિષય ઉપર પહેલા દિવસના અનુક્રમ પ્રમાણે ભાષણ કર્યાં અને તે ભાષણ માટે પણ પ્રથમ મુજબ પરીક્ષક કમીટીએ તેમના ભાષણનો અનુક્રમ નક્કી કર્યો. ત્યારબાદ પરીક્ષક કમીટીએ પરીક્ષા પત્રક જોઇ પહેલા દિવસના ભાષણમાં ગંગાબાઇ વિઠ્ઠલદાસનું ભાષણ સર્વોત્તમ લાગવાથી રૂ. ૨૦) વીસનું ઇનામ તેમને આપ્યું.

બીજા દિવસમાં ઓમી ઉપકારનું ભાષણ કમીટીને સર્વોત્કૃષ્ટ લાગવાથી તેમને રૂ. ૨૦ નું ઇનામ આપ્યું. અને પરીક્ષક કમીટીને બીજાં વક્તાઓનાં ભાષણ પણ ઉપયોગી હતાં તથા શરૂઆતનો તેમનો આ પ્રયત્ન ઠીક હતો તેથી તેમને પણ નીચે પ્રમાણે ઇનામ આપવામાં આવ્યાં હતાંઃ—

ગંગાબાઇ પ્રાણશંકર. રૂ. ૧૦
જીવીબાઇ મનસુખરામ. ,, ૧૦
વિજયા પ્રેમાભાઇ. ,, ૫

એ પ્રમાણે ઇનામ આપ્યા પછી રા. બ. લાલશંકરે અધ્યક્ષના અભિપ્રાયને અળતા થઈ ભાષણ કરનારાને તેમના હિતને માટે બે મોટી બાબતપર લક્ષ આપવાનું કહ્યું. પહેલું એ કે તેમણે જે જરૂરની બાબત હોય તે વધારે વિવેચનથી કહેવી અને કટલો કાળ જાયછે તે પોતાના અનુભવથી પ્રથમ નક્કી કરી રાખવો. અને બીજું જે નજીવી બાબતો હોય તે પર વધારે કાળ કાઢવો નહિ એ વગેરે તમને ઘણી ઉપયોગી બાબતો જેમકે ભાષણ કરનારે સર્વના સાંભળ જોઇને ભાષણ આપવું, જેથી તેમનું લક્ષ ભાષણમાં ખેંચાય એમ કરવું જોઇએ, છેક નીચું મોં રાખી બોલી જવું એ ભાષણ કરવાની રીત નથી. ત્યાર પછી અધ્યક્ષનો, ભાષણ કરનારાંનો તથા મગનભાઇ કન્યાશાળાના સેક્રટરીએ મકાન આપ્યું તેમનો ઉપકાર માની મેળાવડો વિસર્જન થયો.

ગ્રંથ સ્વીકાર.

નીચે લખેલાં પુસ્તકો ઉપકાર સાથે સ્વીકારવામાં આવેછે.

૧ **હિંદની દેવતાઈ તપાસ** એ નામનું પુસ્તક ડેમી આઠ પેજી ૨૦૦ પૃષ્ઠ કીમત રૂ ૧–૪–૦ નું આર્યવૈદ્ય મયારામ સુંદરજી ભયાણીએ રચેલું છે. એમાં હિંદની સ્થિતિ સુધારવા નવલ કથામાં વર્ણન કરેલું છે. એ ગદ્ય પદ્યાત્મક પુસ્તકમાં પ્રાચીન દેવ દેવીઓને ઋષિયોનાં નામથી સદુબોધ આપેલોછે. ભાષા સરલને સાદીછે. જેને રાખવાની મરજી હોય તેણે કર્તા પાસેથી મંગાવી લેવું.

૨ **તુલસી સતસાઇ** એ નામનું નાનું ડેમી આઠ પેજી ૬૪ પૃષ્ઠ કીમત રૂ. ૦–૮–૦ નું પુસ્તક રા. રા. છોટાલાલ સેવકરામે હિંદી ઉપરથી ગુજરાતી પદ્યમાં રચેલુંછે. એ પુસ્તક દોષરહિત સરલ સમન્વય તેનું કવિતામાં છે અને જેવું હિંદીમાં છે તેવુંજ ગુજરાતીમાં હાવભાવથી વર્ણન કરેલુંછે. રા. રા. છોટાલાલ પોતાનાં સાંસારિક કામમાંથી અવકાશ લઇ આવાં પારમાર્થિક કામ કરેછે તે સ્તુતિપાત્ર છે. લેખક રા. છોટાલાલની કવિતા ઉત્તમ ને સમન્વય તેવીછે એ પુસ્તક જેને રાખવાની મરજી હોય તેણે કર્તા પાસેથી મંગાવી લેવું.

૩ **સોનેરીટોળી** એ નામનું ડેમી આઠપેજી ૫૦૦ પૃષ્ઠનું પુસ્તક રા. માણેકલાલ વિ. લક્ષ્મીદાસ ઘોળકીયાએ વાર્તામાં રચેલુંછે. ભાષા સરલ અને ઠીકછે. એમાંની બાબતો મનન કરવાથી દુનીયાની ખટપટોમાં ફસાઈ પડતાં પોતાનો બચાવ કેવી રીતે કરવો તે જાણવાને માણસ શક્તિમાન થાય છે. રાખવાની મરજી હોય તેમણે કર્તા પાસેથી મંગાવી લેવું.

૪ રાજ્યનીતિ અથવા **વિવિધ જ્ઞાન દર્શક** ગ્રંથમાળા નં. ૫ એ નામનું [illegible] સોળપેજી ૧૫૦ પૃષ્ઠ અને બાર આના કીમતનું કાચાપુંઠાનું પુસ્તક રા. રા. ત્રિલોકન પરમાનંદ મુનશીએ ગદ્ય પદ્યમાં બનાવ્યુંછે; ભાષા ઠીક છે. રાખનારે વડોદરે[illegible] તા પાસેથી મંગાવવું.

૫ ગૃહિણી એ નામનુ રૉયલ બત્રીસ પેજી ૧૮૦ પૃષ્ઠનું સારી છાપ [illegible] બાંધણીનું પુસ્તક પૂર્ણાનંદ મહાનંદ ભટ્ટ બારીસ્ટર એટ લૉએ બનાવ્યુંછે ભાષા [illegible] અને સારીછે. એ પુસ્તકનાં ૧૩ પ્રકરણછે તેમાં પહેલા પ્રકરણમાં, પ્રાચીન તથા [illegible] વાચીન કાળની સ્ત્રીઓનો મુકાબલો, ૨ જા માં માબાપનું કર્તવ્ય, ૩ જા માં [illegible] કેમ વર્તવું, ૪ થા માં ગૃહકૃત્ય, ૫ મા માં ગૃહવ્યવસ્થા, ૬ ઠ્ઠા માં ચાકર નફર [illegible] કેમ વર્તવું, ૭ મા માં રત્નોદર્શન, ૮ માંમાં ગર્ભાવસ્થા તથા તેમને પાળવાના નિયમો ૯ મા માં બાલકની માવજત તથા તેનું શિક્ષણ, ૧૦ મા માં **સ્ત્રી કેલવણી** આપવી જોઇએ, ૧૧ મા માં આપણી પ્રખ્યાત સ્ત્રીયોની નોધ, ૧૨ મા માં [illegible] તાધર્મમાળા, ૧૩ મા માં સ્ત્રીધર્મગીતાવળી એ રીતે ૧૩ પ્રકરણમાં સમાપ્ત કરેલોછે. રા. પૂર્ણાનંદે એ બાબતનો લીધેલો શ્રમ સ્તુતિપાત્રછે તોપણ તેમના [illegible] કેળવણી બાબતના ૧૦ મા પ્રકરણના લખવા સાથે અમારો મત મળતો નથી એ [illegible] વિચારમાં જો છોકરા ને છોકરીઓને શિક્ષણ જુદું જુદું આપવું એમ હોયતો તે [illegible] લ ભરેલું છે કેમકે, છોકરાની ને છોકરીની મન શક્તિઓ જુદી નથી. જેમ [illegible] છોકરાને જરૂરછે, તેમ છોકરીને પણ છે. સામાન્ય જ્ઞાન તો બેઉનું સરખું જછે. જેમ [illegible] જુદાં શાસ્ત્રોનું અધ્યયન કરનારને સામાન્ય જ્ઞાન સરખું હોયછે ને વિશેષ [illegible] જુદાં જુદાં શાસ્ત્રો શીખી મેળવેછે તેમ તેમને પણછે, માટે છોકરા છોડીઓનાં [illegible] માન્ય શિક્ષણ બાબત જુદાં જુદાં પુસ્તકોની જરૂર નથી. ઇતિહાસ ઉપરથી માલુમ પડેછે કે સ્ત્રીઓ પણ પુરૂષના કરતાં બહાદુરીનાં કામ કરી શકેછે. પુરૂષોમાં [illegible] માલ વગરના ને બીકણ નીપજેછે, તેથી એમતો નથી કહી શકાતું કે સામાન્ય જ્ઞાન પુરૂષ [illegible] સ્ત્રીનું જુદું જુદું હોય. આ નિયમ ઉપરથીજ સ્ત્રી પુરૂષોને એક ધોરણે શીખવવા [illegible] પ્રથા પ્રાચીનકાળમાં હતો કેમકે એક એવું પણ જુનું વાક્ય જડતું નથી કે સ્ત્રીને [illegible] પુરૂષને સામાન્ય જ્ઞાન આપવા વાસ્તે પ્રાચીનકાળમાં જુદાં જુદાં ધોરણો હતાં. પુરાણો [illegible] કહાણીઓમાં સ્ત્રીઓના પરાક્રમની ઘણી વાતોછે પણ સંખ્યાના પ્રમાણમાં પુરૂષથી ઓછી [illegible] તેનાં ઘણાં કારણછે કેમકે આપણા જોવામાં જે જે ગ્રંથો આવેલા છે તે ગ્રંથો બનાવનાર [illegible] પુરૂષો છે. તેમણે તેમની યોગ્યતા ચઢવા દીધી નહિ હોય એમ માનવાને સબળ કારણ [illegible] શાથી કે હાલમાં ઘણા જણ લખેછે, બોલેછે અને સમજાવેછે કે સ્ત્રીઓએ પતિની [illegible] આવી રીતે સેવા કરવી, આવી રીતે સંકટ સહેવું, પતિને પરમેશ્વર જેવોગણવો, વગેરે [illegible] સ્ત્રીઓને આચરવાને ગ્રંથો બહાર પાડ્યાછે. પણ એક પણ પુરૂષે એવું લખ્યું નથી કે [illegible] પુરૂષે આવી રીતે ચાલવું, પુરૂષે આવી રીતે પનિવ્રત પાળવું, પુરૂષે સ્ત્રીઓની યો- [illegible] ગ્યતા આવી રીતે વધારવા યત્ન કરવો, સ્ત્રીઓને આમ માન આપવું; એવું કારણ

સ્વાર્થ બુદ્ધિ સિવાય બીજું નથી. ન્યાય દૃષ્ટિથી વિચાર કરીએ તો જેવો સ્ત્રીને હક છે તેવો પુરૂષનો પણછે. હાલના વખતમાં જેમણે બ્રહ્મદેશની મુસાફરી કરી હશે કે એ દેશ સંબંધમાં વાંચ્યું હશે તેમને જણાયું હશે કે એ દેશમાં જેટલો સ્ત્રીઓનો હકછે [illegible] ટલો પુરૂષોનો નથી. લાંબું સબળું કામ સ્ત્રીઓજ કરેછે માટેજ આપણાં પુસ્તકોમાં [illegible] ત્રેયારાજ્ય લખ્યુંછે, તે એજ હશે એમ માનવાને અડચણ નથી. સ્ત્રીઓને અને [illegible] રૂષોને શિક્ષણનાં ધોરણોમાં પણ ફરક નથી, બલકે સ્ત્રીઓ પુરૂષ કરતાં પણ [illegible] ધારે જ્ઞાન લઇ શકેછે. થોડી મુદતમાં અભ્યાસ કરી સ્ત્રી પુરૂષ કરતાં પણ વ- [illegible] ારે જ્ઞાન મેળવી શકેછે. તેના ઉઘાડા દાખલાછે. એ ઉપરથી કહી શકાયછે કે સ્ત્રી [illegible] રૂષને માટે સામાન્ય જ્ઞાનની જુદી ચોપડીઓની જરૂર નથી. શિક્ષણ સંબંધી [illegible] બાબતમાં સ્ત્રીઓનાં ધોરણો જો સખત હોયતો હલકાં કરવા સંબંધીની અમારી ત- [illegible] રાર નથી. રા, પૂર્ણાનંદ લખેછે કે વિલાયતમાં તેમજ હિંદુસ્થાનમાં ઘણો શ્રમ લે- [illegible] થી ડીગ્રીઓ પામેલી સ્ત્રીઓ દેખાવમાં કેવળ કદરૂપ અને શરીરે નબળી માલુમ [illegible] ડી છે, એ બાબતમાં વિલાયતમાં ગમે તેવું હોય પણ આપણે અહીં ડીગ્રી મે- [illegible] વેલા પુરૂષો અને સ્ત્રીઓનો મુકાબલો કરીએ તો નથી લાગતું કે અભ્યાસમાં શ્રમ [illegible] ીધાથી પુરૂષો કરતાં સ્ત્રીઓ નબળી થઇ હોય. એવા નબળા થએલા પુરૂષો વિષે [illegible] યુસપેપરો ને ચોપાનીયાંમાં લખાયું છે કે ડીગ્રીઓ મેળવવામાં પડતી મહેનતને [illegible] ીધે તેમનાં મરણ નાની ઉમ્મરમાં થાયછે. આ વાત સિદ્ધ કરવાને યુનીવરસીટીનાં [illegible] કલેનડરો તપાસીશું તો પ્રત્યક્ષ જણાઈ આવશે કે ઉંચી કેળવણી લીધેલા કેટલા [illegible] નાની ઉમ્મરમાં મરણ પામ્યાછે. એમની સાથે કેળવણી લેનાર સ્ત્રીઓની સંખ્યા ત- [illegible] પાસીશું તો જણાશે કે સ્ત્રીયોમાં નાજુક બદન, તથા એમને સાંસારિક કામમાં તેમનું [illegible] કોવત ઘટે એવા રોગ તેમને ભોગવવા પડેછે તેમ છતાં કેળવણી આપવા સંબંધી [illegible] સરકાર તથા લોકલફંડનાં જેટલાં નાણાં ખરચાય છે તેનો કેટલો ભાગ છોકરાંની કેલવણી [illegible] પાછળ ખરચાયછે તે ગયા વરસનો ડીરેકટરનો રીપોર્ટ વાંચવાથી જણાશે કે અમુક [illegible] પીઆ છોકરાની કેલવણી પાછળ અને અમુક કન્યા કેળવણીમાં ખર્ચાયાછે; એ- [illegible] માંથી છોકરીઓની કેલવણી પાછળ જુજ ખર્ચ થયુંછે એ ઉઘાડું છે તેમ છતાં તેઓ [illegible] તમની ઓછી સંખ્યામાં હરીફાઇ કરી શકેછે એ કંઇ ઓછું નથી. આ ભારત દેશમાં [illegible] હાલમાં જોઇએ છીએતો વર્તમાન પત્ર લખનાર તથા ચલાવનાર ગ્રંથ બનાવનાર અને [illegible] ઉપદેશ કરનાર પુરૂષોની મોટી સંખ્યાછે. જો એવાં માસિક ને વર્તમાન પત્ર ચલાવનાર ને [illegible] લખનાર હાલના સંખ્યાબંધ પુરૂષોના નંબરમાં સ્ત્રીઓ નીકળે ત્યાર પછી ન્યાય પૂર્વક [illegible] નિર્ણય થાય કે સ્ત્રીયો અમુક યોગ્યતાને લાયકછે નહિ. ઉપરના દાખલાથી જણાશેકે [illegible] સામાન્ય જ્ઞાન આપવાની શાળાઓની વાંચનમાળાઓ બદલવાની જરૂર નથી. જે વાંચ [illegible] નમાળાથી પુરૂષને સામાન્ય જ્ઞાન મળી શકે તેજ વાંચનમાળાથી સ્ત્રીના જ્ઞાનમાં પણ [illegible] લાભ વધારે થાયછે. ગુજરાતી વાંચનમાળામાં ફેરફાર કરવાની જરૂર હશે પણ તેમાં [illegible] કઇ કઈ ખામીઓ શાશ્વા કારણથી છે તે જ્યાં સુધી દેખાડનારા નથી, તથા નવી

સીરીઝ મહેનત લઈ લખનાર હોંશીલાની સંખ્યા આટલી છે એમ વિદ્વાન વર્ગ
પાડે નહિ ત્યાં સુધી ખુમો પાડવી વ્યર્થછે. ઓ. હોપ સાહેબની સીરીઝને લગ
આઠત્રીસ વર્ષ થયાં તે એક ધારી ચાલતી આવીછે. હાલમાં જે લખાયછે, બોલ
અને ભાષામાં સાહિત્યનો વધારો થાય છે તે એજ ધોરણ ઉપર છે. હવે એમાં
આએલું, કેટલું પસંદ કરવા જેવુંછે અને કેટલું કામ આવે એમ નથી એ કહેવું
જ્ઞાનનો ખપછે એવું માટે વિદ્વાન વર્ગ જ્યાં સુધી એ ઉપર પોતાનો વિચાર
લાવે નહિ ત્યાં સુધી મિથ્યા બોલવું એ બરોબર નથી.

૬ **આર્ય તરૂણોની હાનિનાં કારણ** એ નામની ડેમી ૩૨ પેજી ૫૮ પૃ
ચોપડીની ત્રીજી આવૃતિ રા. ત્રિલોકનાથ પરમાનંદ મુનશીએ પ્રસિદ્ધ કરીછે. શ
ની મરજી હોય તેમણે વડોદરેથી કર્તા પાસેથી મંગાવી લેવી.

૭ **ઇસ્કંદર અને ઇંદુના** એ નામની ડેમી આઠ પેજી ૮૮ પૃષ્ઠની ૦–૧૨–૦ કીંમત
ચોપડી તેના કર્તા જયંત તરફથી મળી છે. એ પુસ્તકની વાક્યરચના શુદ્ધ અને વખ
ણવા જેવી છે. એ ચોપડી ઇંગ્રેજી નામ લોર્ડ બીકન્સફીલ્ડના ધી રાઈઝ ઓફ ઇસ્કં
ઉપરથી પાડયું છે, અને એ વાર્તા રસિક અને વીરરસમાં વર્ણવેલી છે, એનાં
પ્રકરણ છે એ પુસ્તક પાશ્ચિમાત્ય નવલ કથાનું અનુકરણછે અને એમાં ગ્રંથકારે પ્રા
વાર્તાનું ઠીકાઠીક વર્ણન કર્યું છે. કેટલેક ઠેકાણે સંસ્કૃત શબ્દો વાપરેલાછે. ભાષા સ
કરવાનો ગ્રંથકારે પ્રયત્ન જે કે કરેલોછે તોપણ મૂળની પડેલી ટેવને લીધે સંસ્કૃત
કેટલેક ઠેકાણે થઈ ગયુંછે, જેથી વાંચનારને પુનરાવર્તન કર્યાસિવાય સમજાય એમ ન
ગ્રંથકાર બીજી આવૃતિમાં આ બાબત લક્ષ રાખી યોગ્ય ફેરફાર કરશે એવી અમ
બલાભણછે. જે જે સ્થળે ગ્રંથકારે વર્ણન કર્યું છે તેમાં આબેહુબ ચિતાર આપ્યો
તથા મુખ્ય હેતુ છોડી દીધો નથી એ ઘણું સારૂં કરેલું છે. કીમ્મત જો એ
રાખી હોત તો એ ચોપડી ઘણાજણ લેઈ શકત અને એનો સારો ફેલાવો થ
આપણા દેશમાં હજી જેવો જોઇએ તેવો વાંચવાનો શોખ થયો નથી તેથી વ
કીમ્મત આપી થોડાંજ મનુષ્ય ચોપડીઓ લેછે માટે લોકોમાં વાંચવાનો શો
ઉત્પન્ન કરવાને ગ્રંથકારે પોતાના ગ્રંથની કીમ્મત હલકી રાખી હોય તો તેનો
મુખ્ય હેતુ લોકોમાં જ્ઞાનનો ફેલાવો કરવાને પુસ્તક પ્રસિદ્ધ કરવું એ પાર પડે.

૮ **આર્યા વર્ત્તની અવદશા** એ નામનું બે આનાની કીમ્મતનું ૧૮ પૃષ્ઠનું નાન
પુસ્તક પદ્યમાં બાલુભાઈ કહાનદાસ મણીયાર ભાવનગરવાળાએ મોકલ્યું છે તે
કારીએ છીએ. એ પુસ્તકને મુંબાઈ નિવાસીએ સારો આશ્રય આપેલો છે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. ફેબ્રુઆરી સને ૧૮૯૬. અંક ૨ જો.

દૃષ્ટિદોષાષ્ટક.

(મળેલું)

વસંતતિલકાવૃત્ત.

રે મંદબુદ્ધિ મન તું ગણીં સત્ય રાચું;
દેખાય જે દૃગથી આ નથીં સર્વ સાચું.
ભાળી ભવાટવિ ભ્રમે ભઈ ભૂલ ખાયે;
આ ચર્મચક્ષુ થકીં ના ખરૂં તે જણાયે. ૧

જો સૂર્ય ને શશિ નભે ફરતા દિસેછે;
અગ્નિરથારૂઢ થયે નયનો ફસેછે;
'દોડે તરૂ' કહીં કહે મુરખો મનાયે;
આ ચર્મચક્ષુ થકીં ના ખરૂં તે જણાયે. ૨

આકાશ આ કંઈ નહીં તદપિ શું દેખે;
મૌક્તિક બિંદુ જ્યમ પંકજ પત્ર લેખે!
દૃષ્ટિવિકાર–પડળે પડદો ગણાયે;
આ ચર્મચક્ષુથકીં ના ખરૂં તે જણાયે. ૩

એ દોષ કોષ ટળવા કહીં ભત્ન થાયે;
નિર્દોષ દૃષ્ટિકર સદ્‌ગુરૂ શ્રી કથાયે.
જ્ઞાનાંજને પડળ એ પળમાં હણાયે;
આ ચર્મચક્ષુ થકીં ના ખરૂં તે જણાયે. ૪

મર્યાદ આ નયનની ત્રણ મૈલ માની?
ના અંત જ્ઞાનદૃગનો તજવે ગુમાની.
ત્રૈલોક્ય તેથી કરકંકણ શાં જણાયે;
આ ચર્મચક્ષુ થકીં ના ખરૂં તે જણાયે. ૫

બોધે બહુ બુધ જનો કરૉ સદ્વિચાર;
બ્રહ્માંડ પિંડસમુ–તત્ત્વમસિનું સાર.
એ જ્ઞાનચક્ષુ વિણ ના કદીએ કળાયે;
આ ચર્મચક્ષુ થકૉ ના ખરૂં તે જણાયે. ૬

જોતું જગે દિસતું તે જુદું તું ગણેછે;
તિમિર તેજ નભ ભૂમિ ભ્રમે ભણેછે.
એ દ્વંદ ભેદ વળતૉ શમૉ શુદ્ધ થાયે;
આ ચર્મચક્ષુ થકૉ ના ખરૂં તે જણાયે. ૭

સર્વત્ર એક પ્રસર્યું શુભ તત્ત્વ ભાઈ!
ચૈતન્ય નિત્ય હું–તુંનીજ વૃથા જુદાઈ.
અદ્વૈત સુખ મળવા મન તું વિચારે;
પંડિત તો સકળ સદ્‌ગુરૂપાદ ધારે! ૮

सद्विचार.

વસંતતિલકાવૃત્ત.

રે! મંદબુદ્ધિ મન તું કર સદ્વિચાર;
દુઃખાબ્ધિ આ જગતમાં તુજ તારનાર.
હું કોણ–ક્યાં થકૉ અહીં ક્યમ આવીયો છું;
પામી દશેંદ્રિમય આ તન શું કરૂંછું? ૧

કર્તવ્ય શું મુજ અહીં કરવા સમું છે;
મર્ણાંત બાદ તજી આ–તન ક્યાં જવુંછે?
આ સૂર્ય તે શશિ વળી અગણિત તારા;
વિદ્યુત મેઘ ધનુ ગર્જંત વૃષ્ટિ ધારા, ૨

વિશ્વે વિકાસૉ ગૃહ સૌ ગતિ જે કરેછે;
ક્યાંથી શૉખી સ્વનિયમે ફરતા ફરેછે?
ચાલે ઋતુક્રમ વળી નિયમે નિહાળું;
શાથી ચલાચલ તણી ઘટમાળ ચાલુ? ૩

શું સૃષ્ટિની સહજ આ થઈ યોજનાઓ;
નિર્જીવને સજીવ સૌ કરતા ક્રિયાઓ.

રક્ષા વિના વનવિષે તરૂ ઉછરેછે;
મચ્છાદિ સૌ જળચરો જળમાં ચરેછે? ૪

સુખાભિલાષ સહુમાં સરખા વસેછે;
ઉદ્યોગમાં જન કંઈ રડતા–હસેછે;
કો પામૉ સુખ જગમાં મન મમ્ન મ્હાલે;
કો દીન દુઃખ સહતાં દિન કેમ ગાળે? ૫

દેનાર કોણ સુખને દુઃખ વિશ્વ વિષે;
શાથી સુખી દુઃખૉ જનો જગમાંહિ દિસે?
અસ્તોદયે તિમિરને વળી તેજ ભાળે;
ઉત્પત્તિ સ્થિતિ લયની ઘટમાળ ચાલે! ૬

રાત્રી.

તોટક.

(મળેલું.)

૧.

છુપતાં ભમતાં, [1]અવકાશ મહીં,
વ્યભિચાર વિશે અનુરક્ત રહી;
જ્યમ કામૉજનો ફરતાં દિસતાં,
ત્યમ ચન્દ્ર નભે ફરતો રમતાં. ૧

નિજ રશ્મિ કદી કંઈ પ્રેરવતો,
વસુધા મહૉ કૌમુદૉ ખીલવતો;
[2]કપટે કરીને મનને હરતો,
[3]પણથી દયિતા જ્યમ રીઝવતો. ૨

જવ તારક કો સહસા મળતો,
તવ અભ્ર વિશે જઇને ઘુસતો;
[4]પ્રણિધી જ્યમ દેખૉ અહીં ફરતો,
જઈ [5]સ્તેન ખુણે ઑકથી છુપતો. ૩

પતિ પત્નિ કંઈ શશિ નીરખતાં,
વિધ વિધ રીતે સુખ ભોગવતાં;

૧ અ. આકાશ. બ. છુટી જગ્યા. ૨ કાંકરા. ૩ પોલિસ. ૪ ચોર.

થઈ પ્રચારક કોઈ સદ્દોપ થતાં,
ઉપલંભ ભયે મનમાં ડરતાં.

કદીં ચન્દ્ર ઘનેજ છુપાઈ જતાં, ૬
મનમાં કિતવો૭ અતિ ખુશ થતાં;
પશુ પક્ષિ નિશાચર ખિન્ન થતાં,
મન ઇચ્છિત વસ્તુ નહી મળતાં. ૫

નદીં નાળ વિષે કદીં કો ફરતાં, ૭
અવલોકન સૃષ્ટિ વિષે કરતાં;
અહિં દૃષ્ટિ જગે સહુ ફેરવતાં,
અભિમાન કરે શશિ, આ, સરતાં.

કહિં મંગલ કાર્ય પ્રવૃત્ત હતાં, ૮
જન કો, કુલ દીપક પુત્ર થતાં;
કદીં સ્નેહિ સબંધિ વિનાશ થતાં,
જન કો રડતાં સુકૃતો સ્મરતાં. ૭

જન કર્મ સુકર્મ કહીં કરતાં,
પ્રભુ નામતણા જપ કો જપતાં;
ગુહ મિત્ર કુમિત્ર વળી વસતા,
મળીં ઘાટ સુઘાટ બહુ ઘડતા. ૮

મનમાં સહસા અભિલાષ થતા.
વધતા ઘટતા વળીં નષ્ટ થતા;
મન ઉર્મિ સહે ઘસડાઈ જતા,
ચલ ચિત્ત જનો ધન લોભ થતાં. ૯

અધ રાત્રીં થઈ દુઃખ વિસરતાં,
જન વ્યગ્ર મને ઉંઘમાં પડતાં;
મદિરા ચકચૂર કદી ભમતા,
મદ ઉન્મત મૂઢ સમા દિસતા. ૧૦

બન્ધુસમાજ.

---

૫ ખુની. ૬ પકડાઈ જવું–આવવું. ૭ લૂચ્ચાં લોક.

ઇતિહાસની આવશ્યકતા.

*(ફ્રેન્ચ ઉપરથી.)

(લખનાર. ડી. એન. પંડિત)

ાળચક્રની આરસીરૂપ, સર્વ વૃત્તાંતના સંગ્રહ સ્થાનરૂપ, સલ્લાની વિશ્રબ્ધ સા-
, સદ્બોધ અને ઠહાપણના સાધનરૂપ, તથા નીતિ વ્યવહારમાં સાચા ભોમીયા
તિહાસ જે ગણાતો આવ્યો છે, તે ખરેખર બુદ્ધિ બળથી સર્વને માન્ય છે.
સ વગર, જન્મ ભુમિની મર્યાદામાં બંધિત થયલા, અલ્પ ઓળખાણ અથવા
જ વિચારના સાંકડા ચક્રમાં સપડાયલા, આપણે બાળકરૂપજ રહીશું, અને
પૃથ્વીના બીજા ભાગો સાથે પરદેશીપણું રખાવી, આપણા આગળ શું થઈ
તથા આસપાસ શું થાય છે તેના સંપૂર્ણ અંધકારમાં આપણે અટવાઇશું. લાંબા
ષના વર્ષનો આંકડો પણ કેટલો છે?! આપણે કલ્પને કરી શકીયે અથવા અવ-
કરી શકીયે એટલી પૃથ્વીની જગા પણ કેટલી છે? પૃથ્વીના અગાધ વિસ્તાર
તેની ઉત્પત્તિથી પરંપરા સેકડો સૈકાના વિસ્તારમાં મનુષ્ય જીવન માત્ર અણુરૂપ
પણ ઇતિહાસનું અધ્યયન સર્વ સૈકા અને સર્વ પ્રદેશનું દર્શન ઉઘાડે છે; અને
ની મદદ શિવાય આપણું જીવન સૂક્ષ્મ પરમાણુ રૂપ થઈ પડે છે. ઇતિહાસ, પ્રા-
ન મહા પુરુષોનાં વ્યાપાર કાર્યમાં નજર કરાવે છે, તેમનાં સઘળાં આચરણો,
સાહસિક પરાક્રમો, તથા ખામીખોડ પ્રદર્શિત કરેછે, અને થોડી મુદતમાંજ ચતુર
ાગુરૂના પાઠ કરતાં વધારે શ્રેષ્ઠ શાણપણ આપણામાં આણેછે.

આપણે ખાત્રી પૂર્વક કહી શકીયે કે ઇતિહાસ, એ મનુષ્ય સમુદાયની સામાન્ય
ળા છે; મોટાને તથા નાનાને, રાજાને તથા રૈયતને સરખીજ રીતે ગ્રાહ્ય તેમજ
પયોગી છે; તેમાં વળી રાજાને તથા મોટા પુરુષોને તો ઇતિહાસ ખાસ જરૂરનો
; કારણ કે ખુશામતીયાનું ટોળું જે ચારે પાસથી રાજા ઉપર ઘેરો ઘાલે છે, ને
મનાં વખાણ કરવાને જરા પણ અચકાતા નથી–એટલે એવા વખાણથી તે રા-
ને બગાડે છે, અને અંતઃકરણ તથા મનને દુષણ લગાડે છે—તેવા સર્વ ભ્ર-
ીયાના ઘોંઘાટ તથા ગડબડાટની વચમાં, શરમાળ સલ્લાહ કેમ ટકી શકે તથ તેનો

---

*પ્રખ્યાત વિદ્યાગુરૂ ચાર્લ્સ રોલે ઇ. સ. ૧૬૬૧માં પારિસ શેહેરમાં જનમ્યો
તો. છવીસ વર્ષની ઉમરે પ્લેસી કોલેજમાં સાહિત્ય શાસ્ત્રનો શિક્ષક નિમાયો, અને
જે વર્ષે ફ્રાન્સની કોલેજમાં વક્તૃત્વનો પ્રોફેસર થયો. ઇ. સ. ૧૬૮૪માં પારિસની
નિવર્સિટિનો રેક્ટર થયો. બુદ્ધિ કરતાં સારા સદ્‌ગુણ માટે તે વધારે પ્રખ્યાત છે.
પોતાનો પાછલો વખત જુવાનીયાઓને ઉપયોગી થઈ પડે એવાં પુસ્તકો બનાવ-
માં કાઢ્યો, અને તેના ગ્રંથોમાં મુખ્ય ગ્રંથો આટલા છે—Le traité des etudes,
Histoire ancienne, અને L'Histoire romaine. તે ઇ. સ. ૧૭૪૧માં
ણ પામ્યો. ભા. ક.

નત્ર અવાજ સંભળાવી શકે ? જો ખરેખરૂં રાજ્યનું મૂળ શોધીએ તો
પડશે કે રાજા દૈયતવડેજ રાજ્યપદ પામે છે. તેઓની ભૂલ બતાવવી, અદલ
સાફની ધાસ્તી રખાવવી, અને પોતાની મહત્વતા અને લક્ષ્મીના પડળથી બંધ
ખાલી ભૂતરૂપી વાદળું દુર હઠાવવું—એજ ઇતિહાસનું કર્ત્તવ્ય છે.

એટલી ઉપયોગી અને જરૂરી સેવા તે બજાવે છે કે રાજાઓની આગળ
બોલવાને અને તેમનાંજ આચરણોને ન્યાય આપવાને તે બ્હાર પડે છે, અને પ્રખ્
સેનેકાનું વાક્ય liberrimam principum judicem (મુખ્ય ન્યાય સ્વતંત્ર
તે અક્ષરશઃ સત્ય છે. પ્રખ્યાત જીત મેળવનારાઓનું કર્ત્તવ્ય મનુષ્ય જાતના દુ
થવાનું નથી; તેવા પુરૂષો માત્ર અસંતોષો અને અંધ રાજ્ય લોભના પ્રવાહમાં
ણાઇને એક પ્રદેશથી બીજે પ્રદેશ ભટકી સર્વ વસ્તુનો નાશ કરે છે, અને જેમ અ
લાગવાથી અથવા રેલ આવવાથી ખરાબી થાય છે તેવીજ ખરાબી તેઓ જ્યાં જ
છે ત્યાં કરતા રહે છે. ઇતિહાસ હજુ સુધી કેલીગુલા, નેરો, અને ડોમીટીઓ ત
દ્રષ્ટિપાત કરાવે છે, અને આપણે જાણીયે છીએ કે તેઓની હયાતીમાં તેમને મા
મળ્યું હતું, પણ તેઓના મૃત્યુ પછી મનુષ્ય જાતના વેરી અને નાશકારક રાક્ષસરૂ
તેઓ ગણાયછે. એથી ઉલટું, ટીટાન, ટ્રોજન, એનટોનીઓ, અને માર્કઓરલનું
સુકીર્ત્તિ હજી સુધી ગવાય છે, કારણ કે સર્વ લોકને ફાયદો થાય તેવી રીતે તેઓએ
પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હતો.

ઇતિહાસના ફાયદા કંઈ અમૂક સ્થિતિમાં કે અમૂક કાળમાં સંકુચિત થઈ રહેલ
નથી. રાજા, પ્રજા, દીવાન, લશ્કરના સરદાર, ન્યાયાધીશ, ધર્મગુરૂ, માતપિતા, શે
શેઠાણી વગેરે સર્વના પર ઉપરી સત્તા ધરનાર ઇતિહાસજ છે. ઘણીવાર એમ બને
છે કે મોટી જગાપર ચઢી કેટલાક મનુષ્યો રાજા કરતાં પણ વિશેષ અભિમાન,
બળ તથા લોભવાળી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે, તેવે વખતે સુબોધનો પાઠ આપવા ઈ
તિહાસજ સમર્થ નિવડે છે. સર્વનાં કૃત્યો તથા આચરણના પ્રતિબિંબ રૂપ ઇતિહાસ
આરસી ગુણ દોષ સ્પષ્ટ કરી આપે છે, તેથી જો સારી રીતે ઇતિહાસનું અધ્યયન
થાય તો તે સાર્વજનિક નીતિશાળા છે; દુર્ગુણોને દુર કરે છે, ખોટા સદ્ગુણનું પડ
ઉઘાડું પાડે છે, સામાન્ય વર્ગના વહેમ તથા શંકાને સુધારે છે, પૈસાની મોહિની અને
ખાલી હાઠમાઠનું માન હલકું કરે છે, અને સર્વ વાદવિવાદ કરતાં વધારે અસરકારક
રીતે હજારો દાખલા દલીલોથી બતાવી આપે છે કે સત્યતા અને સુશીલતાના ફરતાં
મોહું અને પ્રશંસનીય બીજું કાર્ય એકે નથી. આવા સદ્ગુણપ્રતિ માનની ભાવના
ઇતિહાસજ ઉત્પન્ન કરે છે, અને રાજ્યાસનના તેજમાંથી કાળી વસ્તુ પ્રદર્શિત કરવા
ઇતિહાસજ શક્તિમાન થાય છે. છોકરાંઓને આનંદ સાથે બોધ દેનાર, બુદ્ધિ ત
મનને તેજસ્વી કરનાર, અને ઉપયોગી તેમજ રમુજી વૃત્તાંતનો ખજાનો યાદશક્તિ
ભરનાર ઇતિહાસને હું ખરેખરા વિદ્યાગુરૂ તરીકે માનું છું. તેના અધ્યયનથી પાછ
જમાનાની સ્થિતિ તથા રીતભાત આપણી દ્રષ્ટિ આગળ ઉભી થાય છે. પ્લુટ

છે કે રોમન પ્રજાસત્તાક રાજ્યના ભૂષણરૂપ કેટો પોતાના છોકરાને ઇતિ-
હાસ કરાવવા પોતે ઇતિહાસ રચી હમેશ વંચાવતો અને આ નાનો બાળક
ઓરડાની બ્હાર નિકળ્યા શિવાય પોતાના દેશના મહાન પ્રતાપી નર સાથે
દ્વારે ઓળખાણ કરી પોતે આખરે પ્રતાપી નર નિવડ્યો.

સારી અને નરસી ભાષા શૈલી ઉપર

લોર્ડ ચેસ્ટરફીલ્ડના વિચાર.

ાષાશૈલી એ વિચારનું અંગવસ્ત્ર છે. શરીર ગમે તેવું સાફ ઘાટદાર હોય તો
ચહેરેલાં કપડાં ચિંથરેહાલ, ગંદાં અને ફાટેલાં હોય તો જેમ પહેરનાર ખ-
ાય અને સારો આવકાર નહીં પામે તેમ વિચાર ગમે તેવા પ્રમાણિક હોય
જો ભાષા ધરગતુ, કઠોર અને સંસ્કાર વિનાની હોય તો તેવા વિચારો
ખાશે અને સત્કાર પામશે નહીં. દરેક પુરૂષની બુદ્ધિ ભાવાર્થ સમજી શકતી
ુ કાન ચોડે કે ઘણે દરજ્જે ભાષા સમજી શકે છે; ને અભિપ્રાય બાંધેછે.
મને જાહેરમાં બોલવું કે લખવું પડે તો હું મધુર અને સુંદર ભાષામાં
ાડેલા એક સાધારણ વિચારને ખરાબ ભાષામાં લખેલા અને ખરાબ રીતે
ા ઉત્તમમાં ઉત્તમ વિચાર કરતાં વધારે પસંદ કરીશ.

ંવરહિત બોલતાં કે લખતાં આવડ્યું એ કોઈ પણ રીતે બસ નથી. બને
જ કાનને મધુર હોવા જોઇએ. આવા પ્રકારના દોષના સંબંધમાં થોડા દોષ
ડા ઠપકાને પાત્ર છે એવો નિયમ લાગુ પડતો નથી; પણ જરા પણ દોષ-
ષ ળ દોષ પાત્રછે. કારણકે એમાં તેનો પોતાનો વાંક છે. તેણે માત્ર
અ ોકન કરવું જોઇએ, ને સર્વોત્તમ ગ્રંથકારનું અનુકરણ કરવું જોઇએ-
મા જન્મકવિ હોવો જોઇએ, પણ પ્રયાસથી વક્તા થઈ શકે છે" એ
વ ન છે. વક્તાને સહુથી મુખ્ય જરૂરની વાત એ છે જે તેણે વિશેષે
ભાષા ઘણીજ શુદ્ધ તથા મધુર બોલવી જોઇએ. પરભાષામાં થતો દોષ—
ટા દોષ પણ દરગુજર કરવામાં આવે પણ સ્વભાષામાં થતી ઘણી નિર્જીવ
કડી કાઢવામાં આવેછે ને તેની હાંસી થાય છે.

ારી પાસે ડ્રાઇડન, એડિસન, અને સ્વિફ્ટ જેવાં ત્રણ ચાર સર્વોત્તમ અંગ્રેજી
ાં પુસ્તકો છે. ઘણીજ સંભાળથી અને ભાષા પરત્વે વિશેષ લક્ષપૂર્વક વાંચજે;
થી વેસ્ટમિન્સ્ટરમાં પડેલી અશુદ્ધ લેખનની ટેવ સુધરશે.

સિસરો સત્ય કહે છે કે જે વસ્તુ માણસમાં પશુ કરતાં વિશેષ છે, અર્થાત
તમાં બીજા માણસો ઉપર શ્રેષ્ઠતા મેળવવી એ ખરેખર સન્માનનીય છે. વખતો
અનુભવથી મને જણાય છે જે છટાદાર સંભાષણવાળી શુદ્ધ અને મધુર

ભાષા એક વક્તા કે લેખકના દોષસમૂહને ઢાંકી દે છે. મારે પોતાને વિષે
લાગેછે કે ઘણા માણસોનો એવોજ વિચાર છે-હું કબુલ કરૂંછું જે જો એ
બેદમથી કદાચ ફિરસ્તાના જેવા ઉમદા વિચાર બોલ્યો જાય કે ગણગણી
પછી મારૂં ચાલે તો હું તેને બીજીવાર મારી સાથે નહીં બોલવા દઉં. મે
દિલ, નહીં તો પછી કાંઈ વશ કરાશે નહીં. માત્ર આંખ અને કાન હૃદય
કરવાના માર્ગ છે. લખાણની ઉત્તમતાથી કે વિદ્વત્તાથી હૃદય જીતાશે નહીં. પ્ર
જીતાયા પછી તે તેને જરૂર વશ રાખશે. મહેરબાની કરી એ સત્ય વચ
હૃદયમાં રાખજે. સંભાષણ હાવભાવ અને હીલચાલથી સામા માણસની
ઉપર ઠરે એમ કરજે. સુંદર અને મધુરભાષાથી તેમના કાનને આનંદ પમાડ
પછી તેમનાં દિલ જરૂર તારી પૂંઠ પકડશે. એટલે સ્ત્રી કે પુરૂષ સ્વહૃદયની
પાછળ આવશે. મારે વારંવાર સંભારી તને યાદ દેવડાવવું જોઇએ કે તારૂં
જ્ઞાન ગમે તેવું હોય, યા હવે પછી તું ગમે એટલું સારૂં જ્ઞાન મેળવે, તારી
ગમે એવા ઉત્તમ પ્રકારની હોય, તો પણ તારી વાતચીત કરવાની રીતિ ને
રીતભાત અમીરી અને દિલવશ કરનારી, હાવ ભાવ મનોહર અને બોલવા
ખવાની ભાષા છટાદાર નહીં હોય તો પછી તારો કોઈ પણ ભાવ પૂછશે
તારાથી એક દશાંશ પણ જ્ઞાન ને યોગ્યતા નહીં ધરાવતા હોય એવા
તારી અગાડી વધતા અને જનસમૂહમાં તેમજ વ્યવહારમાં તને શરમમ
જોઈ તારૂં દિલ દરરોજ દુભાશે.

સો ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ.

(લખનાર–રતનલાલ રણછોડદાસ–બી. એ, એલ. એલ. બી. અમદા

સુપ્રસિદ્ધ વિદ્વાન સરજોન લબક સને ૧૮૮૯ માં "શત ઉત્તમ
(The hundred Best Books) એવી એક ટીપ "પેલમેલ ગેઝેટ"
Mall Gazette) માં પ્રસિદ્ધ કરી તે ઉપર ઇગ્લાંડના મહાન વિદ્વદ્વર્યોનું
પ્રાય નિમંત્રણ કર્યો હતો. ઘણાક સાક્ષરોએ તે ઉપર પોતાનો અભિપ્રાય
હતો તે સર્વની ઘટિત તુલના કરી સરજોન લબકે પ્રથમની ટીપમાં યોગ્ય
કરી એક લઘુ પુસ્તકાકારમાં પ્રથમની ટીપ, તદુપરાંત સાક્ષરોના આવેલા અ
તથા સુધારેલી નવીન ટીપ છાપી હતી. હાલ તે સુધારેલી ટીપ "સંસાર
(Pleasures of Life) ના ઉત્તમ પુસ્તકમાં શોભી રહેછે. આવી વિશિષ્ટ
વાનું મુખ્ય કારણ એ છે કે જે ભાષાના સાહિત્યનો ભંડાર અગાધ છે ત્યાં
પોતાની અલ્પ જીંદગીમાં બધાં પુસ્તકો વાંચવાનો વખત મળતો નથી તેથી
વાંચવાં અને કયાં ન વાંચવા તે ઉપર અજવાળું પડેલું જોઇયે ગ્રંથો ઘણા
વાંચવાનો સમય અલ્પ છે. કેટલીક વેળા કોઈ પુસ્તકની ભભકાદાર બાંધણી

નામ આપણું મન આકર્ષે છે પરંતુ પુસ્તકના થોડાંજ પાનાં વાંચ્યાં કે સ-
નાશ પામી તે પુસ્તક પર અભાવ ઉત્પન્ન થાયછે. સરજોન લબકે આજ
શત શિષ્ટ ગ્રંથો"ની ટીપ વાંચનના રસિકો સારૂ પ્રસિદ્ધ કરીછે.
ગ્રંથ સંપત્તિ વિપુલ છે ત્યાં કયાં પુસ્તકોજ્ઞાન સંપાદનાર્થે વાંચવાં એ
રનું છે. ગુજરાતીમાં એવો વિસ્તૃત ગ્રંથસમુહ છેજ નહી. પ્રાચીનકાળમાં
ય અન્ય વિષયોપર ઉત્તમ પુસ્તકો લખાયલાં દૃષ્ટિગોચર થતાં નથી. એ-
રણ એ છે કે આપણા લોકોને વાંચવાનો શોખ બહુધા હોતો નથી. પ્ર-
ર નવલરામ લખેછે કે " પુસ્તકોનો શોખ હજુ પેદા થયો નથી. હાલ
ડી વાંચવા ચાહેછે ખરા પણ પૈસો કહાડતાં પોતાની જુની ટેવ વચમાં
હાથને અટકાવેછે. અંગ્રેજી બુટ, સ્ટોકિંગ. અને લાલ પાણીનો ખપ વધ્યો
સુબોધ કર્તા અને રસિક વિચારોનો કોઈ ભાવ પૂછતું નથી એ ઘણું
હલું છે. આ અક્ષરસઃ સત્યછે. આથીજ ગુજરાતી સાહિત્યની સ્થિતિ અતિ
થઈ પડીછે. હાલમાં આપણા સાહિત્યસંગ્રહમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી
પરંતુ પ્રકટ થતાં માત્ર થોડાંજ પુસ્તકો શિષ્ટ ગ્રંથોમાં ખપે એમછે. ક્ષુદ્ર,
ન્ગીયા, અને કંગાળ લેખકોની તથા તેમના નિર્જીવ ચિ
ગારદમ થતી જાયછે. આ શોકમય સ્થિતિ સુધરશે જ્યારેઃ—

"વિદ્વાન મંડળ મળીને મંડે એજ કામે,
ચિત્તમાં ધરીને નિજ ભાષાની ચહાયતા;
ગુંથીને અનેક ગ્રંથ સુધારો વધારો કરે,
નિશ્ચલ થઇને નિત્ય આપશે જો ન્યાયતા;
કહે દલપતરામ તોજ થાય પુરૂં કામ,
એ વિના તો અન્ય નથી સુજતી ઉપાયતા."

આવા સમયમાં ગુજરાતી ભાષાનાં ઉત્તમ ગ્રંથોની એક ગ્રંથી ગુંથી હોય તો
ગીરાના નવીન ઉપાસકો પોતાનો અમૂલ્ય અવસર નિર્માલ્ય ગ્રંથો વાંચવામાં
જતો અટકાવી માત્ર પ્રતિષ્ઠિત લેખકોનાં પુસ્તકો વાંચી શકે, જીંદગી છે તેના
વિશેષ ઉન્નત બનાવવાની પ્રેરણા થાય, તથા જેનાથી હૃદયમાં કોઈ અતુલ ઉત્તમ
સ્ફુરે, તેમજ જેનાથી આપણી મનોવૃત્તિ ઉત્કર્ષતાને પહોંચે એવાજ ગ્રંથોની
પંક્તિમાં ગણના થાય. સાક્ષરત્વનગરીમાં, ભાષાજ્ઞાનનો વધારો કરવાધ્યછનાર,
મુધી ઉત્તમ પુસ્તકોની માહીતી નથી ત્યાંસુધી ઢકે શેર ભાજી ટકે શેર ખાજાં
સમજશે અને સાહિત્યરૂપી ઉપવનની ભૂલ ભૂલામણીમાં તે નિઃસંશય ગોથાં
કરશે. આજ ઉદ્દેશથી નીચે આપેલી ટીપ તૈયાર કરીછે. એ ટીપમાં ગુર્જરગી-
સાક્ષર મંડળના અગ્રેસરો યોગ્ય સુધારો કરી બુદ્ધિપ્રકાશના એડિટરને મોકલાવી
શે તો તે લક્ષમાં લઈ તેમનો અત્યંત આભાર માનીશ. આ ટીપમાં ભાષાન્તરો
દાખલ કર્યાં છે કારણકે પરભાષાઓનું વિદ્યા દ્રવ્ય આપણી ભાષામાં આણવાનો

રાજ્યમાર્ગ માત્ર ઉત્તમ પુસ્તકોનું ભાષાન્તરજ છે. તેમજ ભાષાન્તરો હ
ગશક્તિ (originality) ની અભાવના પ્રતિપાદન કરતાં નથી. જે
વર્ગોમાં પુસ્તકો ગોઠવ્યાં છે તેમાં વધઘટ કરવાની સૂચના પણ ઉપક
સ્વીકારવામાં આવશે.

ધર્મ સંબંધી.

મનુસ્મૃતિ. — ભગવદ્ગીતા.

કાવ્ય.

નરસિંહ મહેતા. — દલપતરામ.
મીરાંબાઇ. — ઈશ્વરપ્રાર્થનામાળા.
અખો. — કાવ્યકૌસ્તુભ.
પ્રેમાનંદ. — નરસિંહરાવકૃતકાવ્ય.
વલ્લભ. — હરિલાલ હર્ષદરાય કૃત કાવ્ય.
સામળભટ. — મણીલાલ નભુભાઈ કૃત કાવ્ય.
દયારામ. — બાળાશંકરનાં સ્ફુટ કાવ્ય.
નર્મદાશંકર. — સ્નેહમુદ્રા.
વિભાવરિસ્વપ્ન.

પુરાણાદિ ઇતિહાસ.

શ્રીમદ્ભાગવત્ (પ્રેમાનંદ-વલ્લભ). — કેળવણીનો ઇતિહાસ.
રામાયણ. (ગિરધરકૃત) — હિંદરાજસ્થાન.
મહાભારત. — રાસમાળા.
ગુજરાતરાજ્યસ્થાન.

નવલકથા.

સરસ્વતીચંદ્ર. — એરેબિયનનાઇટસ.
ગુલાબસિંહ. — કથાસરિત્સાગર.
કરણઘેલો. — કુસુમાવળી.
વનરાજ ચાવડો. — પૃથુરાજ ચહુઆણ.
કાદંબરી. — રાસેલાસ.
ઈરાવતી. — ગ ગા ગુર્જર વાર્તા.

સ્ત્રી ઉપયોગી.

સ્ત્રીધર્મનીતિ. — સ્ત્રીનીતિધર્મ.
ભામિનિ ભૂષણ. — સ્ત્રીહિતશિક્ષા.
વધૂબોધ. — સુંદરીગુણમંદિર.

નાટકીય

કાન્તા. — આર્યોત્કર્ષક અને
રત્નાવળી. — વિક્રમોદય.
સાવિત્રી નાટક. — હરિશ્ચંદ્ર.
અશ્રુમતિ. — જયકુમારીવિજયનાટક.
ललिताદુઃખદર્શક.

ગદ્ય.

કર્તવ્ય. — આર્યકીર્તિ.
હિંદ અને બ્રિટાનિયા. — અસ્તોદય અને નળદમયંતી.

ચરિત્ર.

બેન્જામિન ફ્રેન્કલિન. — જ્યોર્જવોશિન્ગટનઅને
ગ્લેડસ્ટન. — વિલિયમ ટેલ.
મહારાણી (ઈ. સ.)

પ્રવાસ.

હિંદુસ્તાનની મુસાફરી. — હિંદુસ્તાનની મુસાફરી.
(મુસ). — (કેન).

તત્વજ્ઞાન—શાસ્ત્રીય.

ચેતન શાસ્ત્ર. — અર્થ શાસ્ત્ર (અંબાલાલ)
પાતાંજલ યોગ દર્શન. — તર્ક ભાષા.
વિચાર સાગર.

પદ્માક્ષી.

લખનાર N. J. P.

અનુસંધાન પૃષ્ઠ ૧૪ થી.

વસ્થાને લીધે બોલવાનો શ્રમ થવાથી માજીને કંઇક વિરામ લેવાની અભિરુચિ
ટલામાં ભટજીની પત્નીએ વિનયથી તેમની પ્રત્યે કહ્યું; માજી, અરણોદયે
આપનો નિયમ છે, અને પ્રહરરાત્રી થવા આવી છે, એટલે હું જાણું છું કે
તરફ હવે જઇએ તો ક્રમ ? વાર્તામાં રસ પડવાથી ભટજીનાં છોકરાં અને
ચોતાની બાએ કહેલું આ વચન જરા દુઃસહ પડ્યું પણ ભટજીએ તેમાં
આપ્યું. માજી મારો પણ એજ વિચાર હતો; કારણ કે તમારે પથારીમાં
ળા કરવી હજી બાકી છે. નિત્યનો સમય થઈ ગયો છે. હું પણ મહારાજ
ત્રિતનો દૂત કંઇક નૈમિત્તિક કાર્યને માટે બોલાવવા આવ્યો છે તેની સાથે રાજ-

મહેલ તરફ જઈ આવું. માજી બોલ્યાં, હું પણ એજ વિચારમાં હતી. "ભ
બિલા, લે, આ શધડી ટેકાણે મૂક. હજી માંદ્ય અગ્નિ છે, કોયલા બરોબ્ય
માટે ઠારીને મૂકજે." મોં આગળ ઉભેલી ગોબિલા બોલી. " સત્વરછું
આપની આજ્ઞા." તાપવાની શધડી ઉપાડી લેવા જાય છે એવામાં સૌથી
શધડી ઉપાડી ઝટ ટેકાણે કરવા લઈ ગઈ. ભટજીની પત્નીએ ધીમેથી સારછુ
ઝાલ્યો. ગોબિલા હાથમાં દીવો લઈ આગળ થઈ. માજી ઉઠયાં, પરિવા
ભટજી ઉભા થયા. માજી શયનગૃહમાં પધાર્યા એટલે સૌ પોતપોતાને સ્થ
ભટજીએ ચાકર પાસેથી ઉતરેય વસ્ત્રે આચ્છાદિત કરેલો શાલ જોડો લઈ
ઓઢી લીધો. ચાકર ફાનસ લઈ ઝટ આગળ થયો. બારણાના ખુણામાં રા
મઢેલી પાતળી વાંસની લાકડી પડી હતી તે ભટજીએ હાથમાં લીધી; દક્ષિ
પહેરી રાજમહેલ તરફ સીધાવ્યા.

રાજ માતાનો ઓરડો.

રાજમાતાએ પૂછયું; કેમ વારૂ ભટજીને નિમંત્રણ કરવાની વરધી
કલાવી ? કુમારિકા જે પાસે ઉભી હતી તે હાથનો સંપૂટ કરી માજી પ્રત્યે
"આજ્ઞાનુસાર પિતાજીએ ક્યારનોએ જાસુસ મોકલ્યોછે. હવે તો પધારવા જોઇ
એમને નિત્યકર્મ કરવામાં જરા વિશેષ રોકાવું થાય છે." માજી કહે "હા, બેટા
ભટજીના જેવો કર્મકાન્ડમાં કુશળ આજને સમયે આખા ભારત વર્ષમાં જ
આવે તેમ છે." કુમારિકા બોલી, માજી હમે પૂર્વમીમાંસાનો પાઠ લેવા જ્યા
પાસે બેસીએ છીયે ત્યારે અમને વિશેષ સંતોષ થાયછે. બીજા વિષયના
પાસે પાઠ લેતાં જેટલો આનંદ અને સંતોષ અમને નથી મળતો એટલો
સેથી મળે છે. તેઓ ગમતની સાથે જ્ઞાન આપે છે. માજી તેઓ આપણાજ
નિવાસી હશે કે તેમનું જન્મ સ્થાન કોઈ ઇતર દેશમાં હશે?" માજી બોલ્યાં
એમનાં માજીએ વાત કરી હતી; હું તેમનું સઘળું પૂર્વ વૃત્તાન્ત તેનાથી જાણી
મની જન્મભૂમિ મિથિલ દેશમાં છે. ભટજી ઘણા વિદુરાવસ્થામાં ઉછર્યા છે.
પણમાં પુરોહિતની માતાને વિશેષ કષ્ટ સહન કરવાં પડ્યાં છે. પિતાનું
કરવાને પણ તેઓ ભાગ્યશાલી થયા નથી. પવિત્ર માજીને સંસારનો કશોએ
વિયો નથી. ફક્ત પિતાનું અવસાન સમયનું આજ્ઞાવચન એજ માજીનો
સોળ વર્ષની નાની વયમાં કુટુંબનો શત્રુને હાથે પરાભવ થવાથી પિતાની સાથે
ક્ષત્રી કન્યા અરણ્યમાં એક વૃક્ષ તળે વિલે મોઢે મરણ પથારીએ પડેલા પિતાનું
સામું ટગર, ટગર જોયાં કરતી હતી. એવામાં એક સમાવર્તન કરેલો અગ્નિના
તેજસ્વી સ્નાતક બ્રહ્મચારી તે વૃક્ષ તળે આવી ચઢયો. આ ગભરાટના
પણ તે રાજકુમારિકાએ બ્રહ્મચારીના નિર્દોષ દૃષ્ટિપાતનો અન્તઃકરણની
ઘટતો સત્કાર કર્યો. ઉપદેશ સિવાય દૈવે સંપાદન કરી આપેલી વિરક્તતાને
થએલા એ દૃઢવીર્ય રાજાની દૃઢ આસક્તિનું છેવટ બિંદુ આ દૃષ્ટિ મર્યાદાએ

. બાલકીમાંજ વિરામ્યું હતું. તે જબર શૃંખલાને તોડવાને જગત્ ચક્ષુ પ્રત્યક્ષ
સૂર્ય પોતેજ હાથમાં કમંડળ લઈ બ્રહ્મચારીરૂપે પધાર્યા હોય એવા બ્રહ્મચારીને
ઈ કાળે પકડેલા ક્ષત્રીનું અન્તઃકરણ કાંઈક પ્રફુલ્લ થયું. તેણે પોતાની મેળે ઉઠવાનો
રિદ્દો કર્યો; પણ ઉઠી શકાયું નહિ. બ્રહ્મચારી કંઈક તેનો હૃદ્‌ગત ભાવ સમજ્યો.
કમંડળમાં ગંગાજલ હતું, તે હાથની અંજલીવડે દૃઢવીર્યના મુખપર છાંટયું.
ાળ ઓઢને અડકાડી ધીમેથી જળપાન કરાવ્યું. જરા શાન્તિ થવાથી તે-
હિમ્મત પ્રકટી ઉઠવાને પુનઃ ઇચ્છા જણાવી, પરંતુ શ્રમ લેવાને બ્રહ્મચા-
ા ઘોર. નેત્રદ્વારાએ બ્રહ્મચારીને નમન કર્યું. સ્વાભાવિકજ દૃઢવીર્યના નેત્રોમાંથી
ાલકીની
દની પેઠે આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો. પોતાના ઉતરેય વસ્ત્રવડે તે
ામા નખા
તો, લુછતો ધીમે સાદે બ્રહ્મચારી કહેવા લાગ્યો.
રીએ ના કહે
રા શ્રાવણના વર્ષ અનિવાર્ય કષ્ટનું કારણ ચહેરા પરથીજ મને સમજાયું છે; એટલે
તો પ્રસુઓને જીવવાનો આગ્રહ ત્યાગ કરશો એવી હું વિજ્ઞપ્તિ કરૂંછું. પ્રતાપી ક્ષત્રીયોનું
ખરાબ આપન સ્વાભાવિક વિરક્ત દશામાંજ કલ્પાએલું હોય છે એટલે આપ સરખા
વિશેષ શ્રમ આ નાશવાન્ જગતનો ઉપાધિ વિશેષ અંતરાયભૂત થતો નથી. વખતે
વલંબન કરે અનાથની શી ગતિ થશે ? એમ પરોપકારબુદ્ધિએ આ-
વસાન અ ણવાર પ ાપમાં પડે છે પરંતુ તે ક્ષણિક પશ્ચાત્તાપ સદાની હાનિ
મહાત્માઓ નથી. હું મુકનો રક્ષક છું અને અમુક રક્ષણીય છે એ અવિદ્યાજનિત
દયાપાત્રનું જાએલો સન્નિપાત આતુરાવસ્થામાં વીર પુરૂષોપર પોતાનો.અમલ ચલા-
ેલું મન કરેછે; પણ ક્ષત્રીયો તો સ્વભાવથીજ તીવ્રછે એટલે શત્રુનું ઐશ્વર્ય દબાવી
નીવડતે
ન્તિએ ળા કોઇને શીખવવી પડતી નથી તેમના પરંપરાના ઉંચ સંસ્કારને લઇ-
ક લાભાલાભનું ફળ વિરોધિ છતાં સુખરૂપ કલ્પાયું છે. આલોકમાં જય
વાનો પ્રયા તાં રાજ્યની પ્રાપ્તિ અને રણમાં પડી જતાં સ્વર્ગાદિની પ્રાપ્તિ, એ ઉભય
દેવાની તાં ક્ષણિ ધિકારી માત્ર વીર ક્ષત્રીજ થાયછે.
ને
સંપાદન કરનાણુંછું કે આપને આ તીવ્ર શરથી વિશેષ પીડા થાયછે, પણ તે નિર્વિઘ્ન
ખનો અવો શંકિત છે. હું આપને આવી ભયંકર સ્થિતિમાં મૂકી એક તસુ પણ
હું ારવા. આ નિર્દોષ કન્યા અને મારૂં રક્ષણ આપના પૂર્વ પ્રતાપથી અ-
ાએની હા ત્યએ જશે.
ગણભના આતાપે ઓગળેલા હિમાલયના ઝરાના ધીમા, ધીમા પ્રવાહથી અ-
મ કરાનલ શાન્ત થાય તેમ બદ્રુના મુખકમલમાંથી ઝરતા વચનામૃતવડે દૃ-
ઉગારાનો પીડાગ્નિ કાંઇક શમ્યો. તેની જ્ઞાનેન્દ્રિય સતેજ થઈ. પીડા વગરનો
ને તે પુરૂષ બોલે તેમ તે બોલ્યો—"ઘટતો આદર ન કરાયા છતાં દયાને વશ થઈ
ારાપર અસાધારણ ઉપકાર કર્યો છે અને કરશો તેનો પ્રતિ ઉપકાર કરવાને
ાસે કાંઈજ નથી. દૈવે મારી ચારે પાસ પાશ નાંખ્યો છે એટલે હું છૂટવાને
તીમેતથી; તથાપિ હું પ્રાર્થના કરૂંછું તે સ્વીકારશો."

"હું કાનકુબ્જનો રાજા છું. આ મારી નિરાધાર બાળકી છે, તેના પાંચે ભાતૃ-
ઓનો કુરુક્ષેત્રના રણયુદ્ધમાં ભીમસેનને હાથે કાળ થયો છે. શત્રુઓની પીડાથી તમે
નૃઓ છો તેવી દશાને હું પાત્ર થયો છું. સુખ દુઃખ થવું એ પ્રારબ્ધના હાથમાં
છે. એટલે ભાઈ શું થશે તેનો મને લેશ ઉચાટ નથી પણ આ કુમારિકાના ભવિષ્ય
વિચારે મને ભ્રાન્તિમાં નાંખ્યો હતો. આપના દર્શન અને વચનામૃતે તે ભ્રાન્તિ નિ-
મૂળ કરી છે. આ અણીને સમયે પણ ભક્તનું રક્ષણ કરવાને વિશ્વંભર
મૃત્યુની વાટ જોતા બાણ શય્યાપર પોઢેલા ભિષ્મને કૃષ્ણના દર્શન
જેટલો આનંદ થયો હતો તેથી ચાર ઘણો આનંદ આજે મને થયો
છું કે હવે મારો ઉભય લોક સુધરશે. આપ તરતનું સમાવર્તન કરેલા
આજ્ઞા લઈ ગૃહસ્થાશ્રમની અપેક્ષાએ ઘર તરફ જતા હો એવા બહુ
અમારા ક્ષત્રીઓનો આવશ્યક ધર્મ છે કે દાન, માન વગેરેથી વિદ્વાન
હાર કરવો. એ સનાતન પંથને અનુસરી આ મારી અનાથ કુમારિકા
થવાને અર્પણ કરું છું. વધુમાં જેટલા ગુણ જોઈએ તેટલા તેણે યથાસ્થિ
કર્યા છે. છેક બાલક અવસ્થામાં એની માતાનો કાળ થઈ ગયો છે એ
ર્યમાં સંપૂર્ણ અનુભવ મેળવવાને જોઇએ તેટલો અવકાશ એને મળ્યો નથ
આશા છે કે તમે એને નિભાવી લેશો. દિગ્મૂઢ બનેલી ભાગીરથીના સ
કહેવા લાગ્યો; બેટા, ભાગીરથી; દીવેલ ખૂટવાથી ધીમે ધીમે દીવો
પૂર્વ રૂપને ભજે છે, તેમ ધીરે, ધીરે તારું પિયર સુખ આજે તદ્દન
છે. ભાઇઓ, ભોજાઇઓ, સગાં, વહાલાં, ગામ, ઘર, વૈભવ તથા તા
એ સઘળું પૂર્વે સુખ સ્વપ્નવત્ હતું; એમ તું જાણજે. તે ખરૂં ન હ
છે. એવો અનુભવ તને પ્રત્યક્ષ થાય છે. તું કોઈ થકી ઉત્પન્ન થઈ
છું, એમ માની તારા કર્તવ્યને ચુકીશ નહિ. કાયા, વાણી તથા મન
પતિને સેવજે, હવે તું રાજ પુત્રી નથી પરંતુ એક પવિત્ર ઋષિની
સદ્વિદ્યાનો ઉપયોગ કરવાનો અવસર અત્યારથી આરંભાયો; હર્ષ, લાડ
હવે છોડી દેજે. તારું અન્તઃકરણ તને કપટો આપે એવું કૃત્ય કદી આ
ઉભય કુલના ઉદ્ધારનો ભારે બોજો તારે નાને માથે મૂકાયો છે. ઉતાવળી થ
ડગલે, ડગલે, પતિની સલાહ લઈ આગળ વધજે, સંસાર સમુદ્ર ઘણો
નાવિક વગરનું નાવ ખડકને અથડાઈ ભાગી જાય છે. તારો નાવિક
પ્રવિણ જણાય છે. તેની આજ્ઞા પ્રમાણે અનુવર્તન કરવું એજ તારું
ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારે પુરૂષાર્થ, તમારા પરસ્પરના
છે. તેનાં સગાં એજ તારાં સગાં, તેનાં આપ્ત એજ તારાં આપ્ત; અને તેનાં
તારાં શત્રુ એ નિર્વિવાદ જાણજે. આ જગતમાં તારું અનન્ય શરણ આ
સિવાય બીજું કોઈજ નથી. મારી વહાલી પુત્રી; હવે મારાથી બોલી શકાશે
મારો છેવટનો ઉપદેશ ધ્યાનમાં રાખજે, તું પરિણામે સુખી થઈશ." એમ
દમ પોતાના હાથવડે વામ કક્ષીમાં ભોંકાએલો બાણ જોરથી ખેંચી કાઢ્યો.

નો પવિત્ર આત્મા આ અસદ્ દુનિઆનો ત્યાગ કરી ઇશ્વરની શરણે પ-
ગયો.

સાધારણ દુઃખના ડુંગર તળે ચગદાએલી ભાગીરથી રડવા લાગી–"અરે વિ-
આ નિરાધાર બાલકીની તને લેશ દયા ઉત્પન્ન ન થઇ ? તું છેકજ નિર્દય થયો?
સર્વસ્વ તેં લઈ લીધું તો હવે મને જીવતી શું કરવા મુકેછે? ભાઇ, ભાંડુ, સગાં
ધ, ઘર એ સઘળું ગયું. છેવટે મારા જીવનનો આધાર પિતા તે પણ ગ-
જીવવાનું શું પ્રયોજન છે? મારૂં અવલંબન કોણ ? ભયંકર પ્રાણીઓએ
ા ઘોર અરણ્ય, હવે હું ક્યાં જઇશ, અરે પિતા, ઉઠો, ઉઠો, તમારી નિ-
બાલકીની જરા દયા લાવો, આમ છેક નિર્દય થવું એ તમને ઉચિત નથી.
દિવસ મારાપર અનાદર આણ્યો નથી. આવા અરણ્યમાં મુકી આમ એકાએક
યા કેમ ગયા? તમારી વહાલી પુત્રી પર આવી નિર્દયતા તમે કદી વાપરી નથી.
રા અજાણ્યાની સાથે ઘરની બહાર મોકલવાનો પણ તમે ભરોંસો ન રાખતા; અને
તો ક્યા વિકટ જંગોમાં સદ્ધને માટે પોતાની પ્યારી પુત્રીને છોડી દેવાનો વિશ્વાસ
ખરાબ પડ્યો ? શું તમારી ઉપકાર પાત્ર છેક વિસ્મરણ થઈ ગઈ; હવે તેના
સરખી પણ નહિ કરો ? પિતાજી, મારા સાંભળતાં તમે શું કહેતા હતા
નો વિવાહ વિધિ પુરસ્સર કરીશ એટલે પુત્ર શોકનો અગ્નિ મને વિશેષ
શનદા તે પ્રતિજ્ઞા આમ છેક ટુંકામાં પતાવી, આ અનુચિત મારાથી કેમ
કશે ! અરે ! દૈવ !! તેં કાનકુબ્જની ભૂમિમાંથી દેશનિકાલ કર્યો છતાં
ન વળ્યો; છેવટે મારૂં જીવન તે પણ તેં ખેંચી લીધું, અરે પ્રભો ! મારે
કાંત. એ પ્રકારે કહી રડતી, રડતી સ્તબ્ધ થઈ ગઈ, બોલવાનું ભાન જતું રહ્યું,
પ્રાણવિહિન એકદમ પૃથ્વીમાં ઢળી પડી.

નમાં કાલક્રમણ થવાથી વ્યવહારનો જાણ જેને અનુભવ નથી; એવો
કુમાર કન્યાને અવાચક જોઈ જરા ગભરાયો, પરંતુ પોતાની વિદ્વત્તાના
જ્ઞાતને જાળવી શક્યો. દ્રૌપદીવર્ધનાં અવસાન વચનો તાડ પત્રપર લખેલાં
ની પેઠે તેને અક્ષીગોચર થવા લાગ્યાં, શોકે કુંઠિત કરેલા જ્ઞાનવાળી
ના અવ્યવસ્થિત શરીરે આગળ શું કરવું; તેની પ્રેરણા કરી.
મારિકાનો પ્રાય સ્પષ્ટ થયા સિવાય એના નિર્દોષ શરીરને સ્પર્શ કરવો
ારીને જણ્યો નથી. શુદ્ધ અન્તઃકરણ છતાં અડીને એવી કરવી એતો અપ-
ણ જ્ઞાપ્રજ્ઞા સિવાય એને શુદ્ધિ આવવી એ પણ મુસ્કેલ; ત્યારે મારે
કમ કરવું ? જ્યાં સુધી બુદ્ધિબલ પહોંચે ત્યાં સુધી ગમે તેવા પ્રાણીને મૃત્યુના
ઉગારવું એ મનુષ્ય માત્રનો સાધારણ ધર્મ છે. ભિચારી થોડોક વખત આમ
તો પડ્યો. છેવટે તેને આવ્યું. મારૂં કમંડલમાં હજી જળ છે, પાસે
ના મુખપર છાંટું એમાં કંઈ દોષ કર્યો ન ણાય. ડાબા હાથમાં કમંડલ
ીપમાં બેસી જમણા હાથની અંજલી વડે બેચાર વખત તેના પવિત્ર મુખ
ીમે, ધીમે જળ છાંટયું. પ્રાતઃકાલના દયથી ઝાકળના કણોએ વિટળાએલાં

કમલ ફાટે તેમ તેનાં નેત્ર ઉઘડ્યાં. બેબાનમાં સામું જોઈ રહેલી કુમારિકા પ્રત્યે બ્રહ્મચારી કહેવા લાગ્યોઃ—"આમ છેક હામલીને હવે શું કરશો; સતત ક્લેશ કર્યા કરશો તથાપિ બગડેલું સુધરનાર નથી. તેમ છતાં તમારા આક્રંદને શ્રવણ કરનાર તમારા પિતા હવે ક્યાંછે; તમારો ને તેમનો જેટલો સંબંધ હતો તેટલો ભોગવાઈ રહ્યો હવે તો તેમની ઉત્તર ક્રિયા કરી શબને ઠેકાણે પાડવું અને પરલોકમાં તેનો શ્રેય ઇચ્છવો એજ તમારૂં કર્તવ્ય છે. સાવધાન થાઓ; ક્ષત્રી પુત્રીને દુઃખની વખતે આમ કાયર થવું ઘટે ? તમે ક્યાં છો ? અને કેવી સ્થિતિમાં મૂકાયાં છો; તેનો જરા વિચાર કરો. તમને ક્રમે ક્રમે જે દુઃખ આવ્યું છે તેને જેમ સહન કરતાં ચાલ્યાં છો તેમ આ પણ સહન કર્યા સિવાય ઇલાજ નથી. અકસ્માત્ આવી પડેલા કષ્ટનો પણ સહનતા સિવાય બીજો કયો ઉપાય ? તમારા જેવાં સંસ્કારશીલ ધીરજ રાખી સહન નહિ કરે તો અજ્ઞાનીની તો વાતજ શી ? તમારા કર્તવ્યમાં હવે વિલંબ કરશો માં. પ્રેત કાર્ય કરવામાં ઢીલ કરવાનો આ સમય નથી. આપણે ઘોર અટવીમાં છિયે. રાજ્યની અવ્યવસ્થાને લઈ નિષાદોનો ભય દેશમાં વધી પડ્યો છે. અંગિરાનો આશ્રમ પણ ઘણો છેટે છે. ત્રીજે પ્રહર થવા આવ્યોછે; માટે સાવધાન થાઓ અને કર્તવ્ય કર્મને ત્વરાથી આટોપો. શોક સમાધિમાં શિથિલ થએલી ભાગીરથીના કર્ણદ્વારાએ બ્રહ્મચારીની પવિત્ર વાણીએ હૃદયમાં પ્રવેશ કરી તેનાં જ્ઞાન તંતુને જાગૃત કર્યાં. વસ્ત્ર સંકોરી બેઠી થઈ. બ્રહ્મચારીને સમીપમાં જોઈ જરા દૂર બેઠી. પિતાના સામું જોઇ ફરી રડવા લાગી. બ્રહ્મચારીએ વિનયથી તેને છાની રાખી. બ્રહ્મચારીના ઉપદેશથી ભાગીરથીને ધીરજ આવી. તેનો શોક જરા ઓછો થયો. હિમ્મતથી પિતાના શબની નજીક બેઠી. બ્રહ્મચારી બોલ્યો; "તમે ડરો નહિ અને ત્યાં બેસી રહો તો હું આ જંગલમાંથી કાષ્ટ વીણી લાવું; ચિતા ખડકી આપણે તેમને વિધિ પુરસ્સર અગ્નિ સંસ્કાર કરીએ. મને ભયતો નથી પરંતુ અહીંયાં અન્ત્યેષ્ટિ કર્યા કરતાં બે ખેતરવા છેટે નદી હોય એવાં ચિન્હ જણાયછે." જો તેમ હોય તો ત્યાં કરવું એ વધારે યોગ્ય હતું. બ્રહ્મચારી કહે બહુ સારૂ; "જળાશયમાં તેમ કરવું બહુજ અનુકૂલ થશે." તરત પોતાના અંચલો કેડે બાંધ્યો. મૃગચર્મ તથા કમંડલ ઉતારીને બોય મૂક્યાં. જરા તમે એને ઝાલો, હું પિતાશ્રીના શબને મારા ખભા ઉપર લઈ લઉંછું." ભાગીરથી બોલી; "ના, ના, એકલાં એવો શ્રમ થાય નહિ, હું લેવા લાગુંછું." બ્રહ્મચારી કહે; "ના કાંઈ પ્રયોજન નથી, મારાથી સુખે લઈ શકાશે. તમે મૃગચર્મ તથા કમંડળ પકડી પાછળ, પાછળ ચાલ્યાં આવો." બ્રહ્મચારીએ સ્કંધ પર શબને વહન કરી ચાલવા માંડ્યું; મૃગચર્મ તથા કમંડળ લઈ કુમારિકા પાછળ, પાછળ ચાલી. થોડી વખતમાં બન્ને નદીપર આવી પહોંચ્યાં. ભાગીરથીએ ઉતાવળથી કમંડળ વિછળી માંહ્ય જળ ભરી આણ્યું, પૃથ્વીનું જળવડે માર્જન કર્યું. બ્રહ્મચારીએ ધીમેથી પવિત્ર કરેલી જગ્યામાં પોતાનો અંચલો પાથરી શબને સુવાડ્યું. ભાગીરથીને ત્યાં બેસવાનું કહી બ્રહ્મચારી પાસેના અરણ્યમાં કાષ્ટને માટે ગયો.

અપૂર્ણ.

વિપાક અને કહોવાણ.

શુદ્ધ રસાયનિક વિપાકો

આગળ ગણાવ્યા તે ઉપરાંત કેટલાએક શુદ્ધ રસાયનિક વિપાકો છે. તે જુદી જુદી જાતના વાયુ, તેજાબો, તથા સેન્દ્રીય રસોને લીધે ઉત્પન્ન થાયછે. એવા વિપાકો થતાં બીમાં, ખાતરના ઢગલામાં, જમીનમાં દટાયલી વનસ્પતિમાં, ક્ષત છોડમાં તથા વૃદ્ધિ પામતા પ્રાણી માત્રમાં અનેકરૂપે દેખાયછે. એ સઘળાનું સવિસ્તર જ્ઞાન વિષય લંબાઇ જાય અને વખતે વાચકોને ન સમજાય તેથી અરૂચિકર થઈ એમ સમજી માત્ર પ્રાણીમાં પાચનક્રિયામાં તથા તેને અંગેશા રૂપાંતરો થાય તે જોઇએ.

પાચનક્રિયા એટલે ખાધેલા ખોરાકના પદાર્થોને લોહીમાં જઈ શકે તેવા બની શકે એવી સ્થિતિમાં લાવવાની એક ક્રિયા. પ્રાણી જે ખોરાક ખાયછે તે એ સ્થિતિમાં આવ્યા વગર એટલે કે પચ્યા વગર નિરર્થક અને નુકશાનકારક થઈ પડેછે. જે ખોરાકમાં મુક્યા પછી ચવાઇને પેટમાં જાયછે તેના ઉપર લાળ, (gastric Juice) જઠરરસ પિત્ત, આંતરડામાંનો રસ (Pancreatic Juice), અને આંતરડામાંના ગ્રંથિ રસોની ક્રિયા થાયછે. તેથી વિપાક થઇને ખોરાક પાચન થાયછે. અને પચેલી વસ્તુ લોહીમાં ઉમેરો કરેછે તથા વગર પચેલી વસ્તુ જુદી જુદી વાટે બહાર કાઢી દેવામાં આવેછે.

લાળ.

એ રસ મોંઢામાં જુદે જુદે ઠેકાણે ગ્રંથીઓ હોય છે તેમાં ઉત્પન્ન થાયછે. એમાં દરહજાર ભાગે ૯૮૪.૧ ભાગ પાણીછે, ૩.૬ ભાગ ચરબી, Ptyalin, તથા Proteids નાઈટ્રોજનવાળાં, દ્રવ્યો છે અને ૨.૩ ભાગ ક્ષારો જેવા કે સોડા, ચૂનો અને પોટાશીઆના ફાસ્ફેટ પોટાશ સાયાનાઇડ, અને સોડા તથા પોટાશ ક્લોરાઇડછે એમાં Phyalin લાલાકિણ્વ–તત્વ છે તેને લીધે પેજની શર્કરા બને છે અને તે organized ferment છે, એની ક્રિયાને માત્ર સાનિધ્યની જરૂર છે. વિપાક થાયછે પણ એમાં પોતામાં કાંઈ ફેરફાર કે વધઘટ થતી નથી.

૧૦ (કા ૧૨ હૈ ૨૦ ઓ ૦)+ હૈ ૨ ઓ કા ૧૨ હૈ ૨૨ ઓ ૧૧)
ગળાઉપેજ પાણી શર્કરા.
+૨ (કા ૧૨ હૈ ૨૦ ઓ ૧૦) સુંદર જેવો પદાર્થ.

નાના છોકરાની લાળમાં સુમારે પાંચ મહિનાની વય સુધી એ શક્તિ હોતી નથી માટે તેમને તે ઉમરે લોટ અથવા પેજવાળો ખોરાક ખવડાવવાથી નુકશાન થયછે. કૂતરા, બિલાડી, તથા ડુક્કરની લાળમાં એ શક્તિ તદ્દન હોતી નથી. પરંતુ ઘોડાં, સસલાં, ઉંદર, બકરીની લાળમાં એ શક્તિ ઉગ્ર હોયછે.

જઠરાગ્નિ રસ.

એ રસ પેટમાંજ ઉત્પન્ન થાયછે. ખોરાક પેટમાં આવેછે ત્યારે તેના ઉપર ક્રિયા થાયછે. પેટમાં ખોરાક હોતો નથી ત્યારે એ રસ પણ ઉત્પન્ન થતો ન ખોરાક પેટમાં જતાં વેંત એ રસ બનેછે અને પેટમાં તથા તેમાંની વસ્તુપર એ રસમાં માણસનામાં દર એકહજાર ભાગે ૯૯૪.૪ ભાગ પાણી, ૩.૨ ભાગ નામનો કિણ્વ, ૦.૨ ભાગ હાઇડ્રોક્લોરિક એસિડ અને ૨.૨ ભાગ ચૂનો, અને પોટાશ ક્લોરાઇડ તથા ચૂનો મેગ્નીશીઆ અને લોઢાના ફોસ્ફેટ હોય છે રામાં ૯૭૧. ૨ ભાગ પાણી, ૧૭ ભાગ કિણ્વ, ૨.૮ ભાગ હાઇડ્રોક્લોરિક અને ૯ ભાગ ઉપર કહેલા ક્ષારો હોય છે. યુવાન આરોગ્ય માણસનાં પેટ રોજ ૧૫ થી ૨૫ શેર માપ જઠરાગ્નિરસ ઉત્પન્ન થાય છે. એમાં જે હાઇડ્રોક્લો આસિડ હોય છે તેમાંથી ઘણીવાર અસાધારણ વિપાકો થઈ તકાસ્લ અને વગેરે બને છે. એ રસની પાચન કર્તા તરીકેની શક્તિ પેપસીન નામના તથા આમ્લને લીધે છે. એની ક્રિયાથી રૂપાંતર પામેલા ખોરાકને કાઇમ એમાં ઘણો ભાગ પચીને નરમ રસ જેવો બનેલો હોય છે, એમાં કોઇકને પદાર્થ હોય છે. એનો વાસ તથા સ્વાદ આમ્લના જેવો સખત અને ન ગમે હોય છે. એકંદર ખોરાકમાં (Proteids) હોય તેનાં (Peptone) પેપ્ટોન હોય છે. દૂધ ખાધું હોય તેનું દહીં બંધાયું હોય છે. તેનું કારણ એ કે એ રેનિન (Renin) નામનો કિણ્વ હોય છે. વળી ઇક્ષુ શર્કરા નીફલ શર્કરા આ રસમાં વળી કહોવાણ અટકાવવાની શક્તિ હોય છે. એ શક્તિ પેટમાં રસમાં હોવી જોઇએ કારણ કે જે સેંદ્રીય ખોરાક આપણે ખાઇએ છીએ તો પેટમાં કહોઈ જાય અને નુકશાન કરેજ; અને તેથીજ બગડતું માંસ કે તો નુકશાન થતું નથી અગર જો તેનો રસ બીજી વાટે શરીરમાં પેસે તે વ્યાધિ કરે છે.

આ રસની ક્રિયા થઈ રહ્યા પછી ખોરાક નાના આંતરડાંના ડ્યુઓડીનમ બાર આંગળ લાંબા પહેલા ભાગમાં જાય છે. ત્યાં તેના ઉપર પેન્ક્રિઅટિ (Pancreatic Juice) તથા પિત્તની ક્રિયા થાય છે.

આંતરડામાંનો રસ.

એ નાનાં આંતરડાંના પહેલા ભાગમાં ઉત્પન્ન થાય છે. એ રસ રંગીન, પ સહેજ ચિકણો, અને આમ્લનાશક છે. એમાં દરેક હજાર ભાગે ૯૭૫ ભાગ ૧૭ ભાગ કિણ્વ પદાર્થો તથા નાઇટ્રોજનવાળા પદાર્થ, ચરબી, અને ૮ ભા ડખાર વગેરે ક્ષારો, હોય છે. એમાં ટ્રિપ્સિન (Trypsin) નામે કિણ્વ લીધે નાઇટ્રોજનવાળા પદાર્થોના (પેપ્ટોન) બને છે. બીજા કિણ્વોની ક્રિયા ઇન્ડોલ (Indol) તેમજ કોઈ કોઈવાર તેમાં સ્કેટોલ (Skatol)

ન પદાર્થો બનેલા હોય છે. એ બનવામાં ઘણું ખરૂ સૂક્ષ્મ જંતુઓ આંતર- હોય છે તે સહાય કરે છે. બીજો મુખ્ય કિણ્વ એમીલોપ્સિન (Amylapsin) પેજની શર્કરા બનાવે છે. બીજો એક કિણ્વ હોય તે તેથી દૂધ બંધાય છે. (Steapsin) નામનો કિણ્વ હોય છે તે તૈલી અને ચરબીના પદાર્થોના અણુ ાડી નાંખે છે અને તેને ભાગી નવા પદાર્થો બનાવે છે.

પિત્ત.

પિત્ત (Juice) કાળજામાં ઉત્પન્ન થાય છે, અને એક નળી વાટે આંત- જાય છે. એ રસ ચિકણો પ્રવાહી પીળા કે લાલ પીળા, લાલ લીલા રંગનો નો સ્વાદ કડવો હોય અને તાજી સ્થિતિમાં રહેજ વાસ મારે છે. તેમાં દર જાર ભાગે ૮૫૯.૨ પાણી, ૯૧.૫ પિત્તના ક્ષાર, ૬.૨ ચરબી, ૨.૬ કોલેસ્ટ્રીન, રસી અને રંગના પદાર્થ અને ૭૭ ક્ષારો બાઇલિના ક્ષાર એટલે (Bilin) કાબીન, , સોડા નાઇટ્રોજન, ઓક્સિજન અને ગંધક હોય છે. પિત્તના રંગનો પદાર્થ C_{16} H_{18} N_2 O_3 અને C_{16} H_{20} N_2 O_3. પિત્તના બીજા ક્ષારોમાં મુખ્ય ઓક્સાઇડ અને ત્રાંબુ છે. જઠરાગ્નિ રસની પેઠે પિત્ત પેટમાંના ખોરાકને માં ગયા બાદ કહોવા દેતો નથી. પેપસીનને પિત્ત તળે બેસાડી દેછે, તેથી માં આંતરડામાંના રસમાંના કિણ્વોની શક્તિ મારવાનો ગુણ છે, તેની અસર તી નથી. ભૂખ્યા માણસમાં પિત્ત થતું બંધ પડે છે ને ખોરાક ખાધો કે ા થવા માંડે છે. આ રસોની ક્રિયા થયા પછી કાઇમ (Chyme જે આછા રસગનું, પાતળું, ને દાણા પડતું તથા ગંધાતું હોય છે તે મોટા આંતરડામાં ને ત્યાં ખોરાક જે પ્રવાહિ હોય છે તેનુ રૂપાંતર થઇને આમ્લ તથા બીજા દ્યાય છે. જે વસ્તુ નાનાં આંતરડાંમાં પચી હોતી નથી તે અહીંઆં પચેછે. ટા આંતરડાને ન પચેલા પદાર્થોને માટે, તેઓ બહાર નીકળે ત્યાં સુધી સગ્ર- તરીકે વર્તે છે.

પર કહ્યા તે રસો અને તેમાંના કિણ્વોની ક્રિયા ઉપરાંત આંતરડામાં આવેલા પ પામેલા ખોરાકમાં બીજા કેટલાક ફેરફારો થાય છે. એ ફેરફારો લાંબા જેવા ગર્ત્તામય સૂક્ષ્મ ઉદ્ભિજ જીવો જેને Bacteria કહે છે તે કરે છે. ક અર્થ એ કે પાચનક્રિયા કરનારાં કિણ્વોને નિરેન્દ્રિયત્વવાળાં છે તેમજ સેન્દ્રિ- ાં પણ છે. બમીરનુ કાર્ય આગળ કહ્યું છે તેવુંજ કાર્ય સૂક્ષ્મ તંતૂમય વન- જીવો (Bacteria) નું છે. એ કિણ્વો જૂદી જૂદી જાતનાં થાય છે. અને તે પેટમાં તથા આંતરડામાં પેદા થાય છે. પણ તેમની અસર અને તેથી ફેરફાર આંતરડામાં જોવામાં આવે છે. તેની અસર પિત્તને લીધે કાંઇક મીનમાં છે. તેઓ પેપ્ટોનમાંથી ઇન્ડોલ, સ્કેટોલ વગેરે બનાવે છે. એ વસ્તુઓ મૂત્ર સાથે નીકળે છે. તેની સાથે એલબ્યુમેનવાળા પદાર્થનું પૃથગ્ભવન થઇને આમોનીઆ, યુરેટેડ હાઇડ્રોજન અને બીજા આમ્લોના વાયુ પણ બહાર નીકળે છે. તેમજ

પેજ, શર્કરા વગેરેમાંથી ઘૃતામ્લ અને તક્રામ્લ બને છે. અને કાષ્ટ દ્રવ્યનું વન થાય છે તે નીચે મુજબ.

કા૬ હૈ૧૦ ઓ૫+હૈ૨ ઓ=૩ કા ઓ૨+૩ કા હૈ૪

કાષ્ટ દ્રવ્ય પાણી કાર્બોનીક એ સિડ વાયુ. થતો

ઉપર કહ્યા મુજબ પાચન થતો, પૃથગ્ભવન, વિપાક, તથા રૂપાંતર ખોરાક આંતરડામાં આવે ત્યારથી નાના આંતરડામાં લગભગ બાર કલાક સુ મોટામાં લગભગ ૨૪-૩૬ કલાક સુધી ફર્યા કરે છે. અ ખરે મોટા આંતર ભાગ છેડે આવતાં કઠણ થતો જાય છે. અને તેમાં નકામો દર્પ તથા ઘટત્વ છે. પછી ગુદામાંથી તે બહાર આવે છે. તે છતાં પણ વાયુનો મોટો ભાગ પે આંતરડામાં નિરંતર ભરાઈ રહે છે. એ વાયુ જૂદી જૂદી રીતે અંદર આવે છે ખોરાક ખાતાં કે થુંક. લાળ ગળતાં હવા અંદર જાય છે. (૨) પેટ અને આંત ખોરાકનું પૃથગ્ભવન થાય ત્યાં ઘણી જાતના વાયુ બને છે. જઠરમાંના જૂદા ભાગમાંના વાયુની તથા જૂદા જૂદા ખોરાકમાંથી થતા વાયુની ઘટના જૂદી હોય છે. પેટમાંના વાયુમાં દર સો ભાગે ૧૧ ભાગ ઓક્સીજન, ૭૧ નાઇટ્રોજન કાર્બોનિક આસિડ વાયુ અને ૪ ભાગ હાઇડ્રોજન છે; નાનાં આંતરડાંના વાયુ ભાગ નાઇટ્રોજન, ૩૦ ભાગ કાર્બોનિક આસિડ વાયુ અને ૩૮ ભાગ હાઇડ્રો અને સહેજ હાઇડ્રોજન સલ્ફાઇડ પણ હોય છે; ગુદા આગળના વાયુમાં ૪૬ નાઇટ્રોજન, ૪૩ ભાગ કાર્બોનિક આસિડ વાયુ, ૧૧ ભાગ કાર્બોરેટેડ હાઇડ્રોજન સહેજ સલફ્યુરેટેડ હાઇડ્રોજન હોય છે; જે વાયુ બહાર નીકળે છે તેમાં ૨ ટ્રોજન, ૪૦ કાર્બોનિક આસિડ વાયુ, ૧૯ હાઇડ્રોજન, ૧૮ ભેજમાં થતો વાયુ ૂ સલફ્યુરેડ હાઇડ્રોજન હોય છે. તેમજ ખોરાક પ્રમાણે પણ ફેર છે. દૂધથી વાયુમાં લગભગ ૧૩ કાર્બોનિક આસિડ, ૪૯ હાઇડ્રોજન, ૧ ભેજમાં થતો વાયુ, નાઇટ્રોજન છે; માંસથી થતા વાયુમાં લગભગ ૧૮ કાર્બોનિક આસિડ વાયુ, ઇડ્રોજન, ૩૨ ભેજમાં થતો વાયુ અને ૫૭ નાઇટ્રોજન છે; વનસ્પતિથી થતા યુમાં લગભગ ૨૮ કાર્બોનિક આસિડ વાયુ, ૩ હાઇડ્રોજન, ૫૦ ભેજમાં થતો અને ૧૯ નાઇટ્રોજન છે, આમાં કાર્બોનિક આસિડ વાયુ તે દુગ્ધામ્લ તથા વિપાકથી તથા શર્કરાના મધાઇથી આવે છે, હાઇડ્રોજન તે નીચે પ્રમાણે આવે

૨ કા ૩ હૈ ૬ ઓ ૩=કા ૬ હૈ ૪ ઓ ૨+૨કાઓ ૨+૨ હૈ ૨

થતો વાયુ માંશ વાયુ આવેછે તે નીચે પ્રમાણે.

કા ૬ ઓ ૫+હૈ ૨ ઓ=૩ કા ઓ ૨+૩ કા હૈ ૪ કાષ્ટ દ્ર

અને નાઇટ્રોજન તો હવામાંથી આવે છે.

ઉપર કહ્યા પ્રમાણે જે નિયમસર જોઇએ તેટલો પાચન થઈ શકે એ સ્થિત ખોરાક પેટમાં જાય અને પેટમાં તથા આંતરડાંમાં ઉપર કહ્યા પ્રમાણે

સમાન પ્રમાણમાં ઉત્પન્ન થયા કરે તથા તેમાં ગણાવ્યા તે સઘળા દ્રવ્યો તથા બરાબર હોય તો તો આરોગ્ય જળવાઈ રહે છે. આરોગ્યતા સંપૂર્ણ છે એ નો માત્ર સહેલો રસ્તો એટલોજ છે કે પોતાને ઝાડો કેવો થાય છે એ પર ધ્યાનમાં રાખવું. જો ઝાડો સાધારણ ઘટત્વનો થતો હોય અને કાગળ કે થી ગુદા સાફજ કરે તો લૂગડાં ન બગડે એવો હોય તો શરીર પૂરૂં આરોગ્ય વું. એમાં કાંઈ ફેર હોય તો સમજવું કે કોઠો બગડયો છે, આરોગ્યતા બગડી ને વધારેવાર એ ચાલુ રહેશે તો વધારે નુકશાન થશે. આ પ્રકાર થવાનો ર પેટમાં કેવો અને કેટલો ખોરાક જાયછે તે ઉપરછે. જો પચે એવો ન તો અથવા જરૂર કરતાં વધારે પડે અથવા તેમાં અન્ય દેશી વસ્તુ આવી તો પાચક દ્રવો બરાબર ઉત્પન્ન થઈ શકતાં નથી, તેમની ક્રિયા બરાબર ઘડાતી અને બિગાડ નજરે પડેછે. આવી વખતે અવિદ્રાવ્ય તથા અવિહુત પદાર્થો જ- ભેગા થઈ રહે છે અને વિપાક પામે છે. વિપાક ક્રિયા બહુ જોરથી ચાલે છે ત વસ્તુના કણો અંદર દરેક ભાગ ઉપર ફેલાય છે. તે ફેલાતાં ફેલાતાં ફેફસાં ંડ, ગુદા, ચામડી, નાક અને હાથ પગનાં આંગળાંઓના છેડા સુધી પહોંચી છે. એવી રીતે વિપાક પામતી વસ્તુઓ ફેલાવાથી શરીરની આકૃતિ અને દેખાવ બદલાઈ જાય છે. પછી એ વસ્તુઓ શરીરમાંથી પરસેવો, રસ વગેરે થઇને નીકળેછે. આમ થવાથી શીળવા, રતવા, રસોળી, ચાંદાં, ફોલ્લા, પાદાં, ભગંદર, , રક્તપીત વગેરે રોગો શરીરપર નીકળી આવે છે. તેમાં વિપાક પામતી વસ્તુ છે અને વિપાક પૂરો થયે પર પાણી થઈને બહાર નીકળી જાય છે ત્યારે એ પણ મટે છે. જો એ વિપાક પામેલી અને વિપાક પામતી વસ્તુઓ સહેલથી નીકળી શકે નહીં તો જેમ એ ક્રિયા શરીરમાં ચાલે છે તેમ તેમ શરીરમાં વધારે ઉત્પન્ન થાય છે અને તેથી કરીને તાવ ભરાય છે. તાવ આવે છે. તે ની આરોગ્યતા સુધારવાને માટે. તેથી કરીને તાવને વ્યાધિ કહેવા કરતાં વ્યાધિ શક કહેવો એ શાસ્ત્ર સિદ્ધ છે. જ્યારે વિપાક પામતી કે વિપાક પામેલી વસ્તુ ની બહાર નીકળી જાયછે ત્યારે તાવ એની મેળે નરમ પડી જતો રહે છે. જો આપીને તાવને રોકીએ તો તેથી પેલી વસ્તુ બરાબર બહાર નીકળી શકતી વિપાક થોડીવાર થોભી જાય છે, પણ અમુક સમયે પાછા જોરમાં ચાલેછે ને વ આવે છે, અને તે વિશેષ જોસમાં આવે છે. માટે આપણામાં જે રીવાજ વ આવે તો તુરત ઓસડ ન કરવું પણ તેને પાકો થવા દેવો તે બરાબર કોઈ એ માણસને તાવ આવી ગયો હોય અને તેમાં એકનો તાવ એકદમ રોકવામાં આવ્યો હોય અને બીજાનો તાવ રફતે રફતે રોકાયો હોય કે એની ુ હોય, તેને પૂછીએ તો પહેલો કહેશે કે તાવ આવી ગયો ત્યારથી શરીર સારૂં નથી એટલે ખરાબ થયુંછે, ને બીજો કહેશે કે ત્યારથી શરીર સુધર્યું ક ઘણા તનદુરસ્ત માણસને આવી વિપક્વ વસ્તુ ભેગી ધીમે ધીમે થાયછે

તેની અસર એકાએક જણાતી નથી; તાવ આવતો નથી, પણ ઘણે દીવસે શરીર બગડેછે અને જેનો તાવ એકદમ દવાથી બંધ કર્યો હોય છે તેના આખર તેનાપર બહુ માઠી અસર થાયછે. અર્થાત્ વિપક્વ વસ્તુ શરીરમાંથી રહેવાથી ફાયદો છે. તેમ ન થવાથી માથાના રોગ, ચક્કર રસ દાંતનો શરીરનું તોડાવું, ટાંટીયા ચુંથાવા, વાળનું સફેદ થવું, અને આખરે થવું એ પરિણામો નીપજે છે. શરીરનાં જે યંત્રો કે અવયવોના છેડામાં કે પામેલી વસ્તુ ભરાઈ રહેછે તેમાં શરદી જણાય છે, હાથ પગ પાછી ફરીને અવયવો પર ફેલાવા જાય છે ત્યારે સાંધાઓમાં અટકે સંધિવા વગેરે સાંધાના રોગો થાય છે. એ વસ્તુ ફેફસામાં ભરાઈ રહે કફ, દમ અને ક્ષય પણ થાયછે. પાચન શક્તિ બગડવાથી આમ થાય ઉત્પન્ન થાય તેથી કોઠો વધારે વધારે કબજ થઇને ઉપર કહેલા રોગો છે. ટૂંકામાં કહીએ તો જઠરમાં વિપાક થાય છે ને તે બરાબર થાય ચાલુ રહેછે નહિ તો શરીર બગડી દુઃખી થાય છે.

ઉપર કહ્યા તેવાજ વિપાકો અને રૂપાંતરો ઉગતાં બી અને થાય છે અને તેથી નવા છોડ ઉગી વધેછે અને તેમાંથી શર્કરા, ગુંદર, સુવાસિત પદાર્થો વગેરે ઉત્પન્ન થાય છે. તેમજ જો એ ક્રિયા બરાબર તો નવો છોડ મરી જાયછે અને મોટા છોડને પણ જૂદા જૂદા રોગો થઈ બહાર આવી છોડને કદરૂપો કરી નાંખેછે. વળી જેવી રીતે માણસ પ્રાણીઓના આવાં રોગનાં કારણ દૂર કરવાના ઉપાય છે તેવી રીતે છોડને

ખાતરના ઢગલામાં તથા જમીનમાંના ખાતર તથા વનસ્પતિમાં હવા, ઉષ્ણાંશ અને નાઇટ્રોજનવાળી વસ્તુઓનું સાનિધ્ય થવાથી વિપા ઉદ્ભવન થાયછે અને નવા છોડોને ખોરાક પૂરો પડેછે.

આ વિષય પૂરો કરતાં ટુંકમાં એટલુંજ કહેવાનું છે કે પૃથગ્ભવન એ પદાર્થોના રૂપાંતર તથા ફેરફારોનાં કારણછે; પદાર્થોનો સંબંધ તથા અને લયની રસાયન ક્રિયા ઉપરની હકીકત ઉપરથી સમજી શકાયછે.

एक पतिनी वत्तणुक.

" And oft, though wisdom wake, Suspecion sl
" At Wisdom's gate, and to Simplicity
" Resigns her charge, while Goodness thinks
" Where no ill seems. "

સીલોન દેશ એવો છે કે જ્યાં પતિ પત્ની પોતાના અન્યોન્ય

કારણ બાબત ગણી તે ઉપર યોગ્ય લક્ષ આપી શકતાં નથી, આનો દોષ તે દેશની હવા ઉપર મુકવામાં આવે છે અને તેજ પ્રમાણે " ડેફસ્ટર " પતિ પત્ની વચ્ચે જે અપ્રીતિનું લક્ષણ ઉત્પન્ન થયું તેનું કારણ પણ દેશની હવાજ એવી છે' એમ કહી બતાવતા, અને અસભ્યતાપૂર્વક પ્રકારે નિંદા કરવી છોડી દેતાં.

અનુભવી લોકોના કહેવા પ્રમાણે એમ લાગે છે કે જો પતિ પત્નીએ સંસાર સુધારવો હોય તો તેમને લાંની હવા માફક આવવી જોઇએ. પરણ્યા વર્ષ ખરી કસોટીનાં આવેછે, અને પછી તો રસ્તે પડ્યા પછી પતિ પરસ્પર ધર્મ ચૂકતાં નથી. આટલાજ માટે લાં કેટલાક માણસો સ્વ- પરણવા કરતાં લાંનીજ તેજ દ્વીપમાં ઉત્પન્ન થએલી સ્ત્રીયો પરણવી પસંદ કરે છે. કુંવારો માણસ પોતાની સ્થિતિમાં ડહાપણવાળો હોયછે અને પરણ્યા પછી આવી પડતી આફતોની જાણ થતાં પરણ્યા અગાઉ તે દૂર કર- સમર્થ થાય છે.

પરંતુ ડેફસ્ટર આટલો બારીક નહોતો; તે બીચારાએ સ્વદેશની છોકરી સાથે પરણ્યો, અને થોડીક મુદતે જ્યારે ૬ માસની રજા લઈ સ્વદેશ ગયો ત્યારે તે પાછો જ્યારે પાછો આવ્યો ત્યારે પોતાની નૂતન વધૂને સાથે લેતો આવ્યો તે નવી જાતની વેલને નવી જાતના બગીચામાં રોપતો હોય અને લાં માં પણ સારી રીતે ઉગશે એવી આશા રાખતો હોય, તેમ તેને આવા માં રાખી.

સ્વભાવે શરમાળ અને ઘણી શાન્ત પ્રકૃતિનો હતો. સ્ત્રી જાતિ તરફ તેના વિચાર કદી દોડતા નહીં અને તેથી કરીને પરણ્યા પછી સ્ત્રીને જાળવવાની કેવી છે તેની તેને ખરેખર ખબર નહોતી. પોતાના ઘરમાં જે કંઈ બનતું ખબર તેને પડતી હશે, અને તેથી પણ વધારે તે વિશે તેના સાંભળવામાં હશે, પરંતુ મારી સ્ત્રી લોકની સ્ત્રીઓની પેઠે વર્તતી હશે એમ તેને કદી આવ્યો નહોતો.

ની સ્ત્રી ઘણી સુંદર અને નાના બાંધાની હતી; અને યોગમથી તેની વખાણ થવાથી તેની તેને તુરતજ ખાતરી થઈ. પ્રથમ તો પોતાની માં તે શરમાઇને આગળ પડતાં અચકાતી, અને પોતાના પતિના અ- ત્રો સાથે મળતાં લજાતી. સ્ત્રી વર્ગ પ્રત્યે તો તે તેમને દરેકને યોગ્ય દરજ્જે વર્તણુક રાખી શકી, પરંતુ પુરૂષવર્ગ પ્રત્યે તે એટલી બધી ચોકસ અને શકી નહીં. ગમે તેમ હોય, પરંતુ કાલક્રમે કરીને ડેફસ્ટર સાહેબને રૂપૈયા આવવા જવા લાગ્યા અને સ્ત્રીયોની આવજાવ કમી થઈ. આ ફેરફાર જોવામાં ન આવ્યો. માત્ર તે જાણતો કે જેમ સર્વને પ્રથમ હવા પાણી

લાગીને મંદવાડ થાય છે, તેમ તેને પણ કંઈક મંદવાડ આવી ગયા પ
બીયત સારી રહેછે. અને તેથી પોતે ખુશીમાં રેહેછે, અને સઉના આ
તે એકલો રહેવાથી ગમતું નથી એમ હવે કહેતી નથી. ડેફ્સ્ટર શક
ઉંડી તપાસ કરે એવો માણસ નહોતો.

જો ડેફ્સ્ટરની સ્ત્રી ડાહી હોત તો તેણે ચેતીને પોતાનો સર્વ
લક્ષ અમૂક માણસ પ્રત્યે ન આપતાં, સર્વ પ્રત્યે બતાવી વેહેચી દીધે
બ્યાબંધ પ્રીતિ વેહેંચવામાં આવવાથી વાત જોખમપર નથી આવતી,
તે બીચારીની કંઈ દુષ્ટ ધારણા ન હતી. પરંતુ તે પોતે બાળ અને વ
નુભવી હતી, પેલો દુષ્ટ બાળ પણ ન હતો અને બીન અનુભવી પણ
તેથી તે સફળતાથી તેણીને જોખમમાં નાંખવાને, અને કેટલેક દરજ્જે
ઇરાદો અમલમાં લાવવાને જોઇએ તેટલો વાકેફ હતો. બાળાને પતિને
છએક માસ નહીં થયા હોય ને આ બનાવ બન્યો, અને તે પણ તે
નસીબે જ્યારે ડેફ્સ્ટર પોતાના કામમાં ઘણોજ રોકાયલો રહેતો ત્યારે

પેલા દુષ્ટે ધીમે ધીમે પોતાના હરીફોને દૂર કર્યા. તેણે જોે કે તે
પ્રીતિ સંપાદન કરી હતી તથાપિ તે કોઈ સારી જાતનો હોય એમ
લોકમાં એટલું માન હતું કે તે ભાગમાં રહેતા પરણેલા સર્વ માણસો તે
અતિ તિરસ્કાર દર્શાવતા. બીજી વિચિત્ર વાત એ હતી કે તે કંઈ એવો
નહોતો. પરંતુ કેટલીક રીતે કદુપો હતો. કદાચ એ એની બડાઈ મા
ગપ્પો મારી મોટી મોટી વાતો કરવામાં ફાવી ગયો હશે.

પછી તો તેણે મીસીસ ડેફ્સ્ટર પાસે નિરંતર રહેવાનું જરી રાખ્યું
પણ દિવસ ન જતો કે જ્યારે તે ન મળ્યાં હોય. સાથે ફરવા ન ગયાં
ઉપર અગર ગાડીમાં બશી બહાર ન ગયાં હોય. પાડોશના લોકો ઉત્સા
નીહાળતાં, અને એમ ફરતે તેમની સર્વ રીતભાતથી વાકેફ થયાં. કાલ
ભયની સર્વને જાણ થઈ; પણ માત્ર ધરધણી હજી તેનો અજાણ હતો.

તોપણ એક દિવસે ડેફ્સ્ટરને કોઇએ અણચિંતી ટીકા કરવાથી તે
ટીકા કરનારે તેને સંભળાવવાને નહોતી વાત કરી પરંતુ ડેફસ્ટરના જે
આવી ગઈ, અને તેથી તેને ઘણી અસર થઈ આવી. પોતે તરતજ ઘેર
ત્યાં આવી બડકીમાં બેશી લગભગ દોઢેક કલાક તે વાતનો વિચાર કર્યો.
તેણે પોતાની સ્ત્રીની તપાસ કરી તો તે ઘરમાં ન હતી, પરંતુ પેલા મા
હમેશની માફક બાહાર ફરવા ગઈ હતી. નોકરને પૂછ્યું તો તેણે હમે
જવાબ આપ્યો.

ડેફ્સ્ટર વધારે હકીકત મેળવવા પ્રયત્ન ન કરતાં પોતાની કોટડીમા
બદલવા લાગ્યો. તે વખતે તે જાણે કશાની શોધમાં હોય તેમ કપડાં
ફીંદતો હતો. પછી તે આનંદી દેખાવ કરી બહાર આવ્યો, બીકી સળ

ગઈ છે તે પૂછ્યું. અને આની બબર મળતાં વારજ તે રસ્તે ઝડપથી
બ્યો.

વખત ડેફ્સ્ટરની સ્ત્રી અને પેલો માણસ આશરે અર્ધોએક ગાઉને છેટે
જક ગુફામાં સાથે બેઠેલા હતાં. જ્યાં મૂર્ખતાનો છેડો આવેછે અને અ-
થાય છે એવી સ્થિતિને પામવાને તે બાઇને થોડીકજ વાર હતી. બરી
ની અવરાધી થઈ હશે એ કહેવું અતિ મુસ્કેલ છે. પોતાને ભોળવનારને
ચીઢ ચઢે એટલે દરજ્જે સુધી સફળતાથી તેણીએ તે દુષ્ટને પ્રત્યુત્તર
તા.

બર તેઓ બન્ને બરી મુસ્કેલાઈમાં આવી પડ્યાં હતાં. પેલો જરા ગુસ્સે
અને આ પણ કંઈ પીડામાં આવી પડી હોય એમ લાગતું. તેથી કરીને
કોઈ આવી ચઢતું સંભળાયાથી તે બેઉને કંઈક વિશ્રાન્તિપ્રદ થશે એમ
ચતું પરંતુ બેમાંથી એકે પણ ડેફ્સ્ટર આવશે એમ ધાર્યું નહીં તે તો કે-
છટ શીકારે ગયો છે એમ તેઓ ધારતાં હતાં.

નસીબે તેઓની ધારણા નિષ્ફળ નીવડી; કારણ કે જેનાથીઝાડીમાં બબડાટ
તે તો ડેફ્સ્ટર પોતે હતો. તે પોતાનો રસ્તો ચૂક્યા વગર સીધો તે ગુ-
આગળ ચાલ્યો આવ્યો, અને જુએ છે તો બેઉ એક પડેલા ઝાડના થ-
જોડે જોડે બેઠેલાં તેમને દીઠાં અને તેમને જોતાં વારજ એક ક્ષણવાર
મને મ્હોં ઉપર ભયજનક સ્મિત સાથે તેમના તરફ જોયાં કર્યું.

બન્નેએ પણ તેજ ક્ષણે તેને દીઠો; પેલો માણસ સમખાઇ ' હા એજ '
જ કુદી પડ્યો અને ઝીણી ચીસ નાંખી. ત્રણે જણમાં સૌથી દૃઢમાન ડેફ્-
ચ્યો.

ધીમેથી આગળ ચાલ્યો. અને આગળ ચાલતાં ચહેરા ઉપરનું સ્મિત અ-
; પેલા માણસની ભીતિ વધી. તેણે તે પતિના ફીકા ચેહેરામાં અને સ્થિર
લી દૃષ્ટિમાં ભય સાક્ષાત જોયો; અને પોતે બહારને પેટે હરેક પ્રકારની
રવા છતાં અન્તરખાને ઘણોજ બાયલો હતો. બડાઈ મારનારા માણસોનો
કરીને આવોજ હોય છે.

ફ્સ્ટરની સ્ત્રી જ્યાં બેઠી હતી ત્યાંને ત્યાં સ્થિર બેશી રહી; ઘડીક તે માણસ
પોતાના પતિઉપર એમ જોયાં કરતી હતી. પ્રથમની પોતાની ચીસ પછી
અક્ષરપણ બોલી નહીં.

તમે કોઈ લુટારો આવી ચઢ્યો છે એમ જાણ્યું ખરૂં ?" ડેફ્સ્ટરે કહ્યું.
લા માણસે આથી કંઇ વિશેષ જુલમ ગુજરશે એમ ધાર્યું હતું; પણ તેમ
દલે આવા શબ્દ પડવાથી તે હલકા કુતરાની પેઠે હિમ્મત ધારણ કરવા
અને આમ તેમ જુઠ્ઠાણના બે ત્રણ બોલ નાંખી વધારે સીધો ઉભો રહેવા

મંડયો. પરંતુ પેલી સ્ત્રી જે પોતાના પતિને લક્ષપૂર્વક જોતી હતી આવી ગયું કે જો કે તે પોતાની મુછો આંબળતો હતો તોપણ તે કરતો હતો.

ડેફ્સ્ટર બોલ્યો—" આ બાબત ઉપર કેટલીક મુદતથી હું વિ મને એમ લાગે છે કે આપણા બેમાંથી એક જણ આ સ્ત્રીને નકા દૂર કરવાને મને એકજ રસ્તો સૂઝે છે. આ સ્થળ સુંદર અને વિશાળ પણ જોઈએ તેટલું છે, અને દરેક પ્રકારે આપણને યોગ્ય છે. વળી બે શસ્ત્ર પણ તૈયાર છે. અને વિશેષમાં આપને લઢવાને નિશાન સ્ત્રી પણ હાજર છે."

આમ બોલતે બોલતે તેણે પોતાના કોટના ગજ્ઞામાંથી બે પી

" તે બેઉ સરખી છે અને બેઉ ભરેલી છે, ભલે તમે તેને સંદ પડે તે લ્યો. પછી કેટલે છેટે ઉભા રેહેવુ તેનો નિશ્ચય કરીશું કરીશું. "

તેણે બેઉ પીસ્તોલ નળીઓથી ઝાલી અને પ્રતિપક્ષી તરફ ધ તરફ જોયાં કર્યું. ડેફ્સ્ટરની સ્ત્રી ઉઠી અને તેમની પાસે ગઈ. પતિ સના તરફ સ્થિર દૃષ્ટિથી જોયાં કરતાં ઉભાં.

પરંતુ તે માણસે તેની પાસેથી પીસ્તોલ લીધી નહીં. તેની બ તેના ગાલ બીબાંમાંથી નીકળતા તાજા પાકની પેઠે ધ્રુજવા લાગ્યા; તે આવી હોય તેમ ફડફડવા લાગ્યા. જેમ ડેફ્સ્ટર તેની આગળ પાસે તેમ તે પાછો હઠવા લાગ્યો, અને પીસ્તોલના કુંધા ધર્યા છતાં જાણે સામે ધરી હોય એમ બ્હીવા લાગ્યો.

એને ડેફ્સ્ટર હસ્યો.

તેની સ્ત્રી હસી નહીં. તેનો ચહેરો એકદમ રાતો થઈ આવ્યો. અટકાવી શકાય એવા આવેશથી મુઠી વાળીને તે માણસને જોવા મંડી ગઈ, અને બોલી ઉઠી ' નીચ ' ! ' નામરદ ' !

આ શબ્દથી તેને ચપ્પાની માફક ઘા લાગ્યો. તે એક બે પગલાં એકના ઉપર તેણે ફીકે ચહેરે જોયાં કર્યું અને ત્યાંથી નાઠો.

પતિ પત્નીએ કંઇપણ બોલ્યા વિના તેના નાસતાં પગલાં સાંભળ્યા ડેફ્સ્ટરે પીસ્તોલો ગજ્ઞામાં મૂકી દીધી અને ઘેર જવા ફર્યો.

ફરતે તેણે જ્યાં પોતાની સ્ત્રી ઉભી હતી ત્યાં જોયું તો તેને રાતા જોઈ.

પૂછ્યું કે " તું મારી સાથે ન આવી શકે એવું કંઈ કારણ

સ્ત્રીએ પોતાનું માથું ઉચું કર્યું, અને એક ક્ષણવાર સુધી તેની આંખોમાં આવ્યો; અને અચાનક કોપથી તેનો ચહેરો રાતો થઈ ગયો. પછી તે લાગણી શમાવી દીધી, અને નમ્રતાથી બોલી " ખરેખર તમને અધિકાર છે, ' પરંતુ ન આવી શકું " એવું કંઇપણ કારણ નથી " પછી તેણે પોતાનો હાથ તેના હાથમાં આપ્યો અને બેઉ સાથે ઘેર ગયાં.

હોરી.

વસંત વિષે.

આવો આવો વસંત વધાવો. એ ટેક.
મંદિર અંદર સુદર શોભિત, ભારે બિછાનાં બિછાવો;
ચિત્રની શાળા વિચિત્ર વિષે કરો,
મિત્ર પવિત્ર મેળાવો, આવો ભલો અવસર આવ્યો. આવો. ૧
મુચ્છ ગુલાબના સ્વચ્છ મગાવી, છાબમાં બાબ ભરાવો,
બાજ કરો ભલો આનંદ ઉત્સવ,
વાજીત્ર વિવિધ બજાવો, પ્રીતે પ્રભુના ગુણ ગાવો, આવો. ૨
પાડ પુરો પરમેશ્વરનો ગણી, પ્રીતિનો રંગ રચાવો,
છાંટણાં તેનાં પરસ્પર છાંટી,
અંતર એથી રંગાવો, હૈયાં સહુનાં હરખાવો. આવો. ૩
નીતિની રીતિથી પ્રીતિ કરીને છેક અનીતિ છોડાવો,
હેતે હળી મળી હર્ષ વધારો,
જીવ શું જીવ જડાવો, જુદા નહીં ઘાટ ઘડાવો. આવો. ૪
ચંપા ચમેલીને જાઈ જુઈના, હાર હજારી ગુંથાવો,
નેણ ને વેણથી તેહ જણાવી,
પ્રિય તમને પહેરાવો, પ્રીતિ તણી ગાંઠ પડાવો. આવો. ૫
કાગળ બદલે કાલજડામાં લાયક લેખ લખાવો,
સારમાં સાર કરાર કરો જે,
રાખવો આવોને આવો, પરસ્પર પ્રેમનો દાવો. આવો. ૬
પાનનાં બીડાં પરસ્પર આપી, સ્નેહ સહિત સીધાવો,
જીવથી જીવ જુદા ન પડે જેમ
હૈયામાં હીરા જડાવો. મને મન એમ મેળાવો. આવો. ૭
પ્રાર્થના કરીને પ્રભુ પાસે માગો બીજાને મગાવો,
દલપતરામ ના દેવ અમારો
નેહ હમેશાં નિભાવો, દિને દિને થાય ચઢાવો. આવો. ૮

શ્રી વલભી રાજ્યના મહાસામન્ત મહારાજ ધ્રુવસેનનું ગણેશગઢ

(તાલુકા દામનગરનું) તામ્રપત્ર (ગુપ્તવલભી સંવત ૨૦૭)

વડોદરા રાજ્યના દામનગર તાલુકાના ગામ ગણેશગઢ પાસેના એક ખેતરમાંથી આ તામ્રપટ મળ્યાં હતાં. તે અમરેલીમાંના આસિસ્ટંટ એજંટ ગવરનર જનરલ મેજર ફ્રેરિસ સાહેબે દા. ફૂલીટ ઉપર મોકલ્યાં હતાં તે એપિગ્રાફિઆ ઈંડિકા પુ. ૩ નં. ૪૬ પૃ. ૩૧૮ થી ૩૨૩ જુઓ તેના એક તંત્રી દા. હુલ્ટઝશે વાંચી તેમાં પ્રસિદ્ધ કીધાં છે. તેનું ગુજરાતી ભાષાંતર થવા વડોદરા રાજ્યના રા. બા. સરસુબા તરફથી આવતાં તે બદલ હાલની આ નોંધની તક મળી છે. પત્ર બે હતાં, ૧૧×૭½ ઈંચ મ્હોટાઇનાં અંદરની કોરે અક્ષરોના સરક્ષણ માટે માંહેથી વાળેલી હતી. તેના ઉપર પુષ્કળ કાટ અને મેલ ચડી ગયેલો છતાં તે સાફ કરી વાંચવામાં આવ્યાં હતાં, તે ½ ઇંચ જાડાઈના તાંબાના તારથી જોડેલાં હતાં, તેને છેડે ૨½×૨½ ઈંચના વિસ્તારની એક મોહોર હતી તે ઉપર ભટક્ક નામ સ્પષ્ટ હતું. આ ભટક્ક નામ અને યમલને બદલે જમલ બોલ તે વખતના પ્રાકૃતની સાક્ષી પુરે છે. ડૉ. દા. હુલ્ટઝશ નોંધ લે છે. તેની સાથે વેઢ, વળાવાના બોલ ઉપર જોવાં આવેલા અમારા મતથી ઉમેરવા ઘટે છે.

દા. હુલ્ટઝશે મૈત્રકાણાં આ લેખમાંથી શોધી સિદ્ધ કરી આ વંશ[illegible]ના ઇતિહાસ ઉપર ઉપયોગી અજવાળું નાંખ્યું છે. અને તે અમને પણ શુદ્ધ લાગે છે. અર્થાત્ વલભી રાજાઓ મૈત્રક વંશના હતા અને તેથીજ તેમની સૂર્યવંશ[illegible] આખ્યાયિકા સાધાર હતી. મૈત્રકોને મૈહિરો મેહેરો સાથે જોડવાની કલ્પના [illegible] આવીજ અર્થે યોજનાથી લાગે છે. કૃતક મમ્મક આ લેખમાંએ છે, તે બીજાપણ ત્રણમાંના એક લેખમાં હતા; કે જે લેખો આ લેખના લેખક કિક્કક પણ હતો. વ[illegible] વંશનું આ પ્રાચીનમાં પ્રાચીન તામ્રપત્ર છે. તેજ સાલનું દા. બુલરે પણ એ[illegible] (ઇંડીયન એન્ટિક્વરી પુ. ૫ પૃ ૨૦૪ માં) પ્રકટ કીધું છે. અહિં નીચે તામ્રપટનું [illegible] ભાષાન્તર આપ્યું છે.

હ. હ.

ભાષાન્તર.

ઓમ્ સ્વસ્તિ વલભીથી બળથી શત્રુઓને નમાવ્યા છે તેવા મૈત્રકો[illegible] થવા તેમનામાં) પરમ માહેશ્વર, શ્રી સેનાપતિ ભટક્ક (સં. ભટાક્ક) [illegible]ના (અ[illegible] જેણે અતુળ બળવાળા શત્રુઓના આભોગમાં મેળવેલા સેંકડો જખમોકાર[illegible] (હતો), કે [illegible] થી પ્રતાપ

મેળવ્યો હતો, (અને) જેણે પ્રતાપથી મળેલા દાન, માન, આર્જવથી મેળવી લીધેલા તાબાના ખંડિયા દોસ્ત રાજાઓના બળથી, રાજ્યશ્રી મેળવી હતી. તેનો પુત્ર, તેની ચરણ રજથી રંગાયેલ અને પવિત્ર થયેલ મસ્તકવાળો, અને પગના નખની પંક્તિનાં કિરણો પગે પડેલા શત્રુઓના ચૂડા મણિની પ્રભાથી ફેલાયલાં છે તેવો, અને દીન અને અનાથ પુરૂષોની જેના વૈભવ ઉપર ઉપજીવિકા છે તેવો, પરમમાહેશ્વર સેનાપતિ ધરસેન (હતો): તેનો નહાનો ભાઈ તેના ચરણથી પંકાયલી નિર્મળ શિરની કલગીના મણિવાળો, મનુ આદિએ બાંધેલા ધર્મ પ્રમાણે ચાલનારો, ધર્મરાજ જેવો, વિનયની વ્યવસ્થા પદ્ધતિ જેણે રચીછે તેવો, અખિલ ભુવન મંડળના આભોગના સ્વામી, પરમ સ્વામીએ, પોતે થઇને રાજ્યાભિષેકના મ્હોટા વિધાનથી જેની રાજ્યશ્રી પવિત્ર કીધી છે તેવો, પરમ માહેશ્વર મહારાજ દ્રોણસિંહ (હતો): સિંહની માફક, તેનો નહાનો ભાઈ, પોતાના બાહુના બળવડે, શત્રુઓના (અથવા શત્રુઓરૂપી) હાથીઓના ધટાવાળા સૈન્યનો એક જીતનાર, શરણ ઇચ્છનારાઓનો શરણ, શાસ્ત્રાર્થ તત્વોનો જાણનાર, સ્નેહી સંબંધીયોને કલ્પતરૂ જેવો, ઇચ્છેલા જે તે ફળનો ઉપભોગ આપનાર, પરમ ભાગવત પરમ ભટ્ટારકના ચરણ વિષે જેનું ધ્યાનછે તેવો, મહા સામન્ત મહારાજ ધ્રુવસેન કુશળ (છે તે) સઘળાએ આયુક્તક, વિનિયુક્તક, દાંગિક, મહત્તર, ધ્રુવ, સ્થાનાધિ કરણિક, દાંડ પાશિક, ચાટ, ભટ વગેરે (અમલદારોને) હુકમ કરે છે કે " તમારે જાણવું કે હસ્તવપ્ર આહરણી (મહાલ) માં, અક્ષસરક પ્રાપ (પેટામહાલ)માંનું હરિયાનક ગામ (છે તે) માં, પશ્ચિમોત્તર સીમમાં, ક્ષેત્ર (ખેતર) ના ચાર ખંડ, પૂર્વોત્તર સીમમાં ક્ષેત્ર (ખેતર) ના ચાર ખંડ, એ પ્રમાણે ક્ષેત્ર (ખેતર) ના આઠ ખંડ, જેમાં પાદાવર્ત (કાઠિયાવાડમાં હાલ કરમ કહેછે તે) ત્રણસો પા૦ ૩૦૦ આજ ગામમાં, પશ્ચિમોત્તર સીમમાં, જમલ વાપિ (વાવ) ચાલીસ પાદાવર્તના વિસ્તારની, અને બીજી વાપિ (વાવ) વીસ પાદાવર્ત્ત વિસ્તારની, એમ એકંદર બધું પાદાવર્ત્ત ત્રણસેં અને ઉપર સાઠ—અહિંજ રહેનારા બ્રાહ્મણ ધમ્મિલ દભસ ગોત્રનાને વાજસનેય શાખાનાને માતા પિતાના પુણ્યને માટે અને પોતાના આ લોકનાં અને પરલોક ઇચ્છેલાં બરોબર ફળ મેળવવાના નિમિત્તે ચંદ્ર, સૂર્ય, સમુદ્ર, પૃથ્વી રહે ત્યાં સુધી અને નદીઓ પર્વત પ્હોચે તે કાળ સુધી છોકરા, છોકરાના છોકરા અને તેના વંશના ભોગવે તેવી રીતે દાણ કર, વિષ્ટ (વેઠ) ઉલ્લક (વળાવું) વિગેરેથી મુક્ત, ભૂમિચ્છિદ્ર ન્યાયથી જળ ભૂમીને બ્રહ્મદાય આપ્યો છે, જેથી કરીને બ્રહ્મદેય પ્રમાણે ભોગવનાર, ખેડનાર, ખેડાવનાર, ચલાવનારને કોઇએ પણ લગીરેક પણ હરકત કે દખલ કરવી નહિ. અમારા વંશનાઓએ કે હવે પછી થનારા સારા રાજાઓએ ભૂમિનાં દાનનું ફળ (એમને અને અમને) સામાન્ય છે એમ જાણનારાઓએ તેમણે આ આ અમારો દાય કાયમ ચલાવવો. જે કોઈ તે તોડે, અથવા તે તોડનારને અનુમોદન આપે, તે પાંચ મહાપાતક અને ઉપપાતકથી સંયુક્ત થાય. વળી આ બાબતમાં વ્યાસના ગાયેલા શ્લોક પણછે. પૃથ્વી આપનાર સાઠ હજાર વર્ષ સ્વર્ગમાં આનંદ

મેળવે છે. અને તેનો છેદ કરનાર, અને તેમાં અનુમતિ આપનાર, તેટલાંજ વરસ નરકમાં વસેછે. પોતાની આપેલી કે પારકી આપેલી ભૂમિ, જે પાછી લેઈ લેછે, તેને લાખો ગાયો માર્યાનું પાપ લાગે છે. અહીંઆં નરેન્દ્રો (રાજાઓ) એ દરિદ્ર ભયથી જે ધન ધર્માદાય કીધાં છે તે નિર્માલ્ય કે વાન્ત (ઉલટી) જેવાં છતાં કયો સારો માણુસ (સાધુ પુરૂષ) પાછાં લેઈ લેશે.' દ્વિજાતિ (બ્રાહ્મણો) ને આગળ આપેલી જમીન હે યુધિષ્ઠિર તું યત્નથી રક્ષ (પાળ) હે મહી (પૃથ્વી) વાળાઓમાં શ્રેષ્ઠ દાન આપવા કરતાં તે પાળ્યાથી પાળવું તે વધારે સારૂં છે. ઇતિ અમારા મહાસામન્ત મહારાજ ધ્રુવસેનના સ્વહસ્ત (છે) દૂતક પ્રતીહાર મમ્મક (છે) લખ્યું (છે) કિક્કકે ઇતિ

સ. (વલભી કે ગુપ્ત) સંવત ૨૦૦+૭=૨૦૭ વૈશાખ બહુલ (વદી) ૧૫ અમાવાસ્યા

ગ્રંથસ્વીકાર.

૯ 'કુળવતી' અથવા 'અજ્ઞાન વિલાપ' નામની ૮૮ પૃષ્ઠની ચોપડી તેના કર્તા દીનશા માણેકજી સુતરીઆ તરફની મળી છે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. એ ચોપડીના કર્તા જો કે પારસી ગૃહસ્થ છે તો પણ ભાષા શુદ્ધ ગુજરાતી છે એટલુંજ નહિ પણ કવિતામાં પણ પારશી શબ્દ આવ્યા નથી. ઇબારત સારી છે. આવી શુદ્ધ ગુજરાતી ભાષા લખનાર પારસી ગૃહસ્થોમાંના જે ગણ્યા ગાંઠ્યા છે તેમનીજ પંક્તિમાં મૂક્વા લાયક આ ગૃહસ્થ છે. સ્ત્રી કેળવણીનો ફેલાવો થવા તથા સ્ત્રીઓને વાંચવા લાયક આ ચોપડી વખણાશે એમ અમારૂં માનવું છે.

૧૦ 'સ્ત્રીધર્મનીતિ સાર' નામની ચોપડી તેના કર્તા રા. રા. મગનલાલ જોઈતારામ પંડ્યા તરફથી મળી છે તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. તે ચોપડીના 'પહેલી વીશી, બીજી, વિશી. ત્રીજી વીશી' એવા ત્રણ ભાગ કર્યા છે. ભાષા સરલ અને સારી છે. દરેક સ્ત્રીને વાંચવાની અમારી ભલામણ છે. સ્ત્રીઓના સદ્વર્તન અર્થે જે બોધ આ પુસ્તકમાં આપેલો છે તે ઠીક છે. પુસ્તકની કિંમત ત્રણ આના છે તે પુસ્તકના પ્રમાણમાં ઠીક છે.

૧૧ 'શેઠ વરજીવનદાસ માધવદાસનું જીવનચરિત્ર' લખનાર રા. સા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખર તરફથી મળ્યું તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. આ પુસ્તક શુદ્ધ અને સરલ ભાષામાં લખાએલું છે. બાંધણી તથા છાપ કામ ઉત્તમ છે. શેઠ વરજીવનદાસનું જીવન ચરિત્ર અનુકરણ કરવા લાયક છે અને તેના લેખકે તે લખવામાં જે શ્રમ લીધો છે તે ખરેખર સ્તુત્ય છે. પુસ્તકની કિંમત આના બાર છે; તે ઘણી નથી.

૧૨ બાલગણિત પોથી પુસ્તક ૧ લું' એકથી સો સુધીની સંખ્યાના અભ્યાસ

પાઠનું તેના યોજનાર રા. રા. ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર, એમ, એ, બી, એસ, સી. તરફથી મળ્યું છે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. એમાં લખેલી બાબતો પ્રમાણે જો નાનાં છોકરાંને શિક્ષણ અપાય તો આ પુસ્તક લાભકારક છે. પુસ્તકમાં છોકરાંને શિક્ષણ આપતાં શિક્ષકને સરલ પડે તેવી સૂચનાઓ લેખક તરફથી આપવાની રહી ગએલી જણાય છે.

૧૩. 'શિક્ષકનો ભોમીયો' આ નામનું પુસ્તક તેના કર્તા રા. રા. જાદવજી ભાવજી ગાંધી તરફથી મળ્યું તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. ભાષા સરલ અને શુદ્ધ છે. એમાં લખેલી સૂચનાઓ શિક્ષકોએ ધ્યાન દઈ વાંચવી એવી અમારી ભલામણ છે. આવી રીતે શિક્ષક વર્ગ, પોતાનું કામ યોગ્ય રીતિએ કરી બજાવશે તો બેશક દેશને લાભ થશે. પુસ્તકની કિંમત આના ત્રણ છે, પુસ્તકના પ્રમાણમાં ઠીક છે.

૧૪ 'ધર્મની સત્યતા' અને 'મન બુદ્ધિ સંવાદ' રચનાર બિ. સચ્ચેદિના નાનજી આણી કચ્છ; તેમના તરફથી આવ્યું ઉપકાર તે સહિત સ્વીકારીએ છીએ. એમાં ધર્મ સંબંધી સંવાદ તથા કેટલીક માનસિક વૃત્તિઓનું ચિત્ર લેખકે ઠીક આપ્યું છે. ભાષા શુદ્ધ તેમજ સરલ છે. પુસ્તકની કિંમત આના આઠ છે; પુસ્તકના પ્રમાણમાં બહુ નથી.

चर्चापत्रनो खुलासो.

(રા. રા. ગણપતરાવ ગોપાળરાવ બર્વે તરફથી.)

આ સાથે ખંડુભાઈ ભીમભાઈ નામના જિજ્ઞાસુએ જે અગત્યના ખુલાસા પૂછ્યા છે, તે ઘણાજ મહત્વના છે. એ સમ્બન્ધમાં જેટલું લખવા માગીએ તેટલું થોડુંજ છે. તદ્યપિ મ્હારા બનતા પ્રયાસથી યથાશક્તિ જે ખુલાસા કરૂં છું, તે જો યોગ્ય હોય તો અવશ્ય આ લાંબા પત્રને જગા આપશો.

સરકારી શાળાનાં ધોરણોમાં વાંચન, ઇતિહાસ, ભૂગોળ જેવા વિષયો ઘણાજ મહત્વના ચલાવવામાં આવે છે. પરન્તુ તેમાં નવાઈ જેવું એ છે કે, આપણાં પ્રાચીન શાસ્ત્ર કળાઓ, ભૂગોળ અને વેદ જેવા મહત્વના વિષયો પટન્તરે આવી જઈ, પ્રાચીન સાહિત્ય જ્ઞાન વિષે વિદ્યાર્થીઓ તદ્દન અજાણ્યા હોય છે. ઇતિહાસ જોવા જઈશું તો આજે જે જે ઇતિહાસો શાળાઓમાં ચાલે છે, તેમાં વેદ, ષડ્દર્શન, ભૂગોળ, ખગોળ, વેદાન્ત વગેરે ઘણાજ મહત્વનાં શાસ્ત્રોના ઇતિહાસ વિષે તો કેવળ મીંડુંજ હોય છે. મુસલમાની સમયથી ઇતિહાસ ચાલતો હોવાથી આપણી જૂની બાબતો એટલી ખૂણામાં પડે છે કે, કોઈ પણ વિદ્યાર્થી છઠ્ઠા કે બીજા વર્ષની પરીક્ષા પસાર કરે તો પણ તેને જણાતી નથી. અને કેળવણીનો સંસ્કાર છેક અવશ્યજ લાગે છે, વાંચન પાઠમાળા જોઈશું તો તેમાં પણ ગોળ મીંડુંજ. ચોપડીઓમાં હિંદુસ્થાનના ઇતિહાસના, આસિરીઆ, રોમ તથા બીજા દેશોના ઇતિહાસના પાઠો છે તેને બદલે

આપણાં પ્રાચીન શાસ્ત્રો તથા કળાઓનાં વર્ણનો તથા ઇતિહાસ આવે તો તેથી પુષ્કળ ફાયદો થાય. તેમજ તે તે દેશોના ઇતિહાસો, ઇતિહાસના પુસ્તકોમાં સ્વતંત્ર રીતે આવે તો ઘણું સારૂં.

ભૂગોળ વિષે મ્હારા વિચાર ઉપર પ્રમાણેજ છે. જૂનાં નામો, તથા ભાષા શાસ્ત્રાનુસાર કરેલાં નામોનો સંગ્રહ ભૂગોળ વિદ્યાની ચોપડીઓમાં ઉપલાં ધોરણો માટે થવો જોઇએ. આ વિષે તથા સરકારી ધોરણોમાં ચાલતા અભ્યાસ ક્રમ વિષે પુષ્કળ લખવાનો વિચાર છે, તે કોઈ બીજા પ્રસંગ ઉપર નાંખી **રા.** ખંડુભાઇના ચર્ચાપત્રનો યથામતિ ખુલાસો કરૂં છું.

વેદ વિષે.

આખા જગતના ઇતિહાસમાં પ્રાચીનમાં પ્રાચીન ગ્રન્થ વેદ છે, એમ હાલમાં સિદ્ધ થયું છે. તે ચાર છે; **ઋગ**વેદ, **યજુ**વેદ, **સામ**વેદ, અને **અથર્વ**વેદ. એ દરેક વેદના કર્તા ૧ પૈલ, ૨ વૈશંપાયન, ૩ જૈમિનિ, અને ૪ **સુમન્તુ** અનુક્રમે પુરાણોમાં પ્રસિદ્ધ રીતે બતાવેલા છે. દરેક વેદમાં **સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક** અને **સૂત્રો** હોય છે. સંહિતા એટલે મૂળવેદમન્ત્રો **બ્રાહ્મણ** એટલે તે ઉપર ટીકારૂપ વ્યાખ્યાન, **આરણ્યક** એટલે ઉપનિષદાદિ વિભાગ અને સૂત્રો એટલે વર્ણાશ્રમ ધર્મનું વિવેચન.

દરેક વેદની સંહિતા—છેક જૂની હોઈ તેના પણ પદ, ક્રમ, જટા, ઘન, રેખા, શિખા વગેરે અનેક પ્રકારો થએલા જોવામાં આવે છે. સંહિતા એટલે મૂળ સ્થિતિમાં રહેલા વેદનાજ મન્ત્રો હોઈ તેના જે પદ વિભાગ તે પદ કહેવાય. ક્રમ એટલે ઋચાઓનો અનુક્રમ અને તે દરેક સંહિતાનો જૂદો જૂદો છે.

દરેક વેદના બ્રાહ્મણો—**બ્રાહ્મણ** શબ્દ વેદની ભાષામાં નાન્યતર જાતિમાં છે. તે દરેક વેદનાં જૂદાં જૂદાં છે; જેમ કે ઋગ્વેદ ઉપર **ઐતરેય** અને **શાંખ્યાયન**, અગર **કૌષીતકી બ્રાહ્મણ** યજુર્વેદની બે શાખાઓ છે તે પૈકી **કૃષ્ણયજુર્વેદ** ઉપર **તૈતિરીય બ્રાહ્મણ**, અને **શુક્લયજુર્વેદ** ઉપર **શતપથ બ્રાહ્મણ** છે. સામવેદ ઉપર **તાણ્ડ્ય, અદ્‌ભૂત, છન્દોગ્ય, પ્રૌઢ, પઞ્ચવિંશ** કે **મહા બ્રાહ્મણ** છે. તથા **અથર્વ** વેદ ઉપર **ગોપથ બ્રાહ્મણ** છે. સઘળાં બ્રાહ્મણોમાં ઘણું કરીને યજ્ઞક્રિયા વિષે વિવેચન છે.

આરણ્યકો—નું અધ્યયન અરણ્યમાં કરવાનું હોવાથી તેને આરણ્યક એવી સંજ્ઞા પડી. આ આરણ્યકો **બ્રાહ્મણો**ના પારિશિષ્ટરૂપેજ હોઈ, તેમાં સઘળાં ઉપનિષદોનો સમાવેશ થઈ શકે છે. તથા **અધ્યાત્મ** જ્ઞાનનું ખરૂં રહસ્ય એમાંજ સમાયલું છે.

દરેક વેદનાં સૂત્રો—જૂદાં જૂદાં હોઇ જૂદા જૂદા ઋષિઓએ કરેલાં છે. તેમાં **શ્રૌતસૂત્રો** અને **ગૃહ્યસૂત્રો** એવા બે ભેદ છે. **શ્રૌતસૂત્રો**માં યજ્ઞયાગાદિ વિધિનું છુટથી વિવેચન છે, અને **ગૃહ્યસૂત્રો**માં વર્ણાશ્રમ, ધર્મ, અને નિત્યનૈમિત્તિક કર્મ (દરરોજ અગર અમુક વખતે કરવાનાં ધર્મકૃત્યો) વિષે સઘળી હકીકત છે. અપૂર્ણ.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. માર્ચ સને ૧૮૯૬. અંક ૩ જો

પ્રાચીન સ્ત્રી શૌર્ય.*

(ધીરજલાલ કેશવલાલ હાકોર બી. એ.)

કવિતા.

" હે પ્રિતમ ! આ મ્લેચ્છો જીતશે એમ ધારિ શકો આપ કદી;
રજપૂતાણી શુરી શાણી રાણી ભાનિતિ વાણી વદી.
જયમલ નીરખે શત્રુ દળનું ચલણ કિલ્લાપર ઊભો,
બોલ્યો " ભવિષ્ય નહીં ભખાયે અકબર ચતુર જ્યાં યોદ્ધો "
" શું નથી શુરા લોક નગરના, હે પ્રિતમ ! જરી ખ્યાલ કરો.
શૌર્ય પરાક્રમ આગળ શું નહિ શત્રુ સૈન્યનો થશે મરો. "
" ના, ના પ્યારી ! શે શુરા; પણ જ્યાં સ્વારી કરી શાહ ચઢયો,
જીત મેળવી રાજ્યો જીતી ડંકો કરતો પાછો ફર્યો.
બુદ્ધિ કરામત ચાતુર્યે જય પ્રારબ્ધે નહિ કદિ મળે "
" શું ? તમે પણ વિજય ન મેળવ્યો સર્વ જગમાં આ પૂર્વે."
" હા પ્રિયે ! એ વાત સત્ય પણ શત્રુ શત્રુએ ફેર, વળી
હાર પામશે દુશ્મન એવું અગાઉથી કહેવાય નહિ. "
" નિરાશ પાશમાં બંધાયા કે ? પ્રિય ! આમ જીતશે, મ્લેચ્છો "?
" પ્રિયે ! જીત અનિશ્ચિત પણ ના થાય નીરાશ રજપૂત બચો,"
" શું શત્રુની સ્તુતિ કરો ! પૂર સ્ત્રી અકેક પચીશ હણશે;
પુરૂષ હશે તે પાછો ફરશે; શંકા એ વિણ સ્ત્રી ધરશે.
આજ્ઞા આપો સત્વર સ્વામી ! સૈન્ય સ્ત્રીનું આવું લઇને;
પતિ સંગ જગ માંહિ લડવા અંગેઅંગ ઉમંગ મુને.

---

* પ્રાચીન કાળની શૂરવીર રજપૂતાણીઓની કીર્તિ ચોમેર ઝગઝગી રહી છે. તેમના શૌર્ય ને પરાક્રમના અસંખ્ય દાખલા જગ પ્રસિદ્ધ છે, પોતાના વહાલા સ્વામિઓને યુદ્ધમાં મોકલવાનો તેઓનો ઉત્સાહ અને આગ્રહ વિશ્વને વિસ્મય પમાડે એવો હતો. તેઓમાં વીરરસ ઉભરાઇ જતો. સ્વભાવે શૂર પરાક્રમે પૂર અને સ્વદેશ તથા સ્વામિ ભક્તિમાં અતિ ચતુર હતી. મહાન અકબરે એક વેળા ચિતોડ ગઢને બે વર્ષ પર્યંત ઘેરો ઘાલ્યો હતો તે અરસામાં એક દિવસ પ્રાતઃકાળમાં થએલો બનાવ વર્ણવે છે.

છે ચળકંત શુરત્વ સ્ત્રિયોનું ઝળળળ ઝળકે પ્રસંગ આવે,"
દુષ્ટ મોગલો હાંકી યશ કીર્તિની વિભાગી થઉં ભાવે.

૨

રાણીને બે કન્યાઓ હતી રૂપ ગુણ કુંદન કાયા;
સોળ વર્ષની મોટીનું શુભ લગ્ન મૂહુર્ત નજીક હતું ત્યાં.
રાજકુમાર પ્રતાપ શુરો વર સુંદર સૈન્ય સહાયાર્થે;
કેસરીયો[1] સજી આવ્યો મોટ્ટો કુંવરીના રૂપ તારૂણ્યો.
વિગ્રહ અંત ધ્વજ ક્યારે ઉડશે ઉડશે જ્યોતિષી પણ કળે નહી,
કોકોથિ ગાંજ્યા ના જાયે એવા બળિયા મળિયા સહી.
પ્રેમ વિણાના સૂર મધુરા પ્રતાપ અધિરે કાદય તહીં;
" પ્રિયે ! તારૂણ્ય મનોહર અતિ પણ વારિ તુજ્યે જશે વહી.
અમૂલ્ય અવસર નહી ચુકવો ગયો વેળ ફરી આવે નહી,
ઇચ્છા મારી એવિ છે જે યોગ્ય વિધિ કરી લેવી મહી. "
કુલીન શૂરી સુંદરિ શુણી આ ખુલખુલિ વાણિથી ઉચરી.
" યોગ્ય પ્રસગે લગ્ન થશે પ્રિય ! વેવિશાળની ગ્રંથિ ગુંથઇ.
ઉલ્લાસ ઉત્સાહનું પુર ચઢે ન સંકટ ખણો શિર ઝુલે;
થાઓ નિર્ભય શત્રુ જીતી માળ આરોપું વધાવી પ્રુલે. "
" શું પ્રિયે ! નહિ શૌર્ય બતાવું લગ્ન થયા પછી હું યુદ્ધે;
શું ! શું ! પ્રિયે ! બિકણ બાયલો હિજડો ગણીયો તે જુદ્ધે.
ક્ષત્રાણીનું દુધ પીધું જે ફરી રહ્યું છે રગે રગે.
ઊંચ બીજનું હાડ બન્યું ! જે પૂર્વ શૌર્ય ચોમેર ઝગે "
" છો, છો, પ્રિય બળવંત કીર્તિવંત 'રંગડ'[2] ઊંચા' બહુ સોહો;
પણ અહીં યશ રસ પિયો ઉમંગથી સમર રંગ પિયા ! રમિને હો."
" અહા ! પ્રેમની સૃષ્ટિ થશે શું શૌર્ય વ્યોમમાં માત્ર પ્રિયે !
વિચિત્ર સ્થિતી નિરખી મનની શીતળ અગ્નિથી બળું પ્રિયે "
" પ્રિય ! કીર્ત્તિ વધવાના પ્રસગે શુરા અધિકાનંદ પામે;"
" પ્રિયે ! પ્રિયે ! તું લગ્ન થવા દે ક્ષત્રિકલંક નહિ વામે. "
" નહિ, નહિ, નાથ ! અનુકૂળ મુજને અનુપમ ઇચ્છા આપનીએ;
ન્યાય દેવિનો હોત ઉપાસક કરત સ્વારિ શું શાહ કહિએ.
કાં તેને જમપુરિ બતાવો કાંતો ઘેરો ઉઠાવો તે;
લગ્નજ કરવા તત્પર હોતો રસ્તો માત્ર રહ્યો છે એ.

---

૧ રજપૂત શૂરવીરો જ્યારે મારવું કે મરવું એવા નિશ્ચયથી યુદ્ધે જતા ત્યારે કેસરીયા રંગના વાઘા પહેરતા હતા.

૨ "રંગ" આ શબ્દ મેવાડમાં વપરાય છે. એ શબ્દમાં શૌર્યના રંગનો અભિમાનના રંગનો તથા મસ્તીના રંગનો સમાવેશ થાય છે.

કઠોર કાળ જે કટાર મારી પ્રિતમ ! સત્વર આવો અહીં;
પ્રેમાશ્રુ ભેટિ આલિંગન દઈ ધાક ત્રાસ વિસરાવિશ અહીં;"
વિચાર સાગર પાર જઇને પ્રતાપ શૂરો બોલ્યો હસી;
" ચતુર સુંદરિ ધન્ય ! ધન્ય ! છે ચિતોડની ખરી તુજ શૂરી. "

સૃષ્ટિ—ચમત્કાર.

(ઇંગ્રેજીપરથી)

હરિગીત છંદ.

(લખનાર. ડી. એન. પંડિત.)

શાંત રજની ઉદિત થાતાં નગ શિખર મળી અભ્રમાં,
ઢંકાઈ રહી વાદળ ભુરે મહતા ભરે કુદરતમાં;
અબ્ધિ કાંઠે અનિલ લહરી, ખિલતિ કળિ શું બ્હેકતી !!
શાન્ત પટકુળ અંધકારે ઘેરી આ અવનિ બધી ૧

શ્રવણે પડે જ્યાં ધીમે રહિને જલધિમાં બિંદુ પડે,
મધુર ઝીણા સૂરથી કોકિલ ઉડે રાત્રીએ;
રજનિમાં માધુર્ય ભરતી ભટકતી આ કોકિલા,
જીંદગી શિશુ સમ ગણીને ઉડતી સૂર ગવિતા. ૨

ઇચ્છાનુસારે ગમન કરતી ગાન મધુરૂં તરવરે,
કંઇક બીજાં પક્ષીઓ આલ્હાદમાં ઉડ્યાં કરે;
તરતિ સરિતા મગજની આ કલ્પના ઉડે અહિં,
ઝાકળ તણાં બિંદુ વિષે જ્યાં તેજ તારક મળી જઇ; ૩

પ્રેમ અશ્રુ પૂરે હૃદયે રંગ કુદરત રજનિના,
મિશ્રણ બની તૂષાવરમાં મન પ્રેરતુ સુપ્રેમમાં;
સ્વર્ગના કવિતા રૂપી આ તારલાઓ તો દીસે,
અતિ સુંદરાનભ–પૃષ્ઠમાં સુજ ભાગ્ય કોરું તો હશે. ૪

ભાગ્ય જનનું રાજ્યનું સર્વસ્વ તુજમાં છે લખ્યું,
નિષ્ફળ પ્રયત્નો આશ મનની ચિત્ત ચોરી નાખતું;
કાંતિ ગંભિર પ્રેમને સન્માન ઉત્પન્ન ઝટ કરે,
લક્ષ્મી, કીર્તિ, શક્તિ, જીંદગી, નામ તારક સૌ ગ્રહે. ૫

હે રાત્રી દેવિ ! કીર્તિવાળી ભભક તુજ બ્હેકી રહી !

જન જગતના ઘોરતા નિદ્રા વિષે મરાગુલ બની;
પણ ભાગ તુજના ભભકમાં હું લીન થઈ વિચારૂં જ્યાં,
સુંદર સરોવર ચળકતું વરષાદ બિંદુ પડતું ત્યાં. ૬

અભ્રાવલિ આનંદમાં ગાજી રહી ધ્વનિ ધૂનથી,
ધરતિ કંપિત ચલિત ચિજપર હસ્તિવદને ઘુરકતી;
આકાશ, પર્વત, અનિલ, સરવર, વિજળી, સરિતા, હેતમે !!
રજનીમાં ગાંભીર્ય પટકુળ પ્રેરતાં હૃદયે તમે. ૭

હે ! ભવ્ય તોફાનો તમારૂં સ્થાન સ્થિર ક્યાં આવીયું ?!?
(૬) મનુષ હૃદની ઉર્મિસમ અસ્થીર સ્થાનક આવીયું ?
કે ઉચ્ચ સ્થાને ગરૂડ સમ ગંભીર થઈ ઉડો તમે ?
જગતના તોફાનમાં સ્થીરતા કદી નહિ મનુષને. ૮

તરંગનો રંગ ઉજ્વલ રમ્ય નભમાં શું ઉડે !!
અવનિપરનું આ બધું એ મનઅલૌકિકતા ભરે;
સ્થાન મુજનું આ રહ્યું પણ મન ઉડે અવનિ થકી,
અધર રહીને જીવ જાણે વિમાનમાં બેઠા પછી; ૧૦

નિહાળતું આ દૃશ્ય જાળો જગતમાં જે વિસ્તરી,
પણ અવનિ સાંકળ ખેંચતી વિમાન મન ગભરાવતી;
હે પ્રેમ ! તારૂં વસન આ અવનિ મહીં દિસતું નથી !
સ્વર્ગના ખેચર ખરે તુજ દૃષ્ટિ ઝાંખી થઈ નહીં. ૧૧

પુર્ણ શ્રદ્ધા રાખીને તુજ ભક્ત તુજમાં લીન છે,
અંતઃકરણના ભિન્ન ભિન્ન તુજ ભક્ત સર્વે થાય છે;
દૃષ્ટિએ દીઠો નથી ને દેખશે નહી જન કદા,
આકાર કેવો ? રૂપ તારૂં ? શૂન્યમય દીસે સદા. ૧૧

મન તણી ઉર્મી થકી ઉત્પન્ન થયેલો તું દીસે.
બ્રહ્માંડ કલ્પે માનવી સમ જન્મ મળજે તો હશે;
વિચાર એ આકાર કેવા ચિત્ર ચિતરે મગજમાં,
અંતઃકરણ જે તૃપિત હોયે દગ્ધ દુઃખી જગતમાં; ૧૨

અધિક દુઃખો ભોગવે સંસારની ઘટમાળમાં,
કલ્પનાઈ મન ગમે તેમ વ્યાધિ લાવે હૃદયમાં;
શિલ્પકારી ચિત્ર પારે ચિત્ર તેવું ક્યાં વસે ??
કલ્પનામાં પુતળી કલ્પી જગતમાં ક્યાંથી વસે !?! ૧૪

પ્રેમ ખોલે તે બદ્દે યુવાનિનું તોફાન છે,
ઉપચાર કરતાં અધિક દુખતો ઝટ પ્રગટે મન વિષે,
રાખીયો જાગૃત, અને વિચાર પંડિત હૃદયના,
ભણકાર ભરતા ભાન ભુલતા સ્વપ્નમય સંસારના. ૧૪

चोपानीयां तथा वर्तमान पत्रो शां शां काम करेछे ?

સવૈઆ એકત્રીશા.

માસિક ચોપાતીઆં અને વળી વર્તમાન પત્રોથી હાલ,
શાં સુખનાં સાધન સૃષ્ટિને કરૂં ધ્યાન તે ધરજો ખ્યાલ;
રાજાનાં પણ રાજા સમ એ અંકુશનાં પણ અંકુશ એહ,
ચક્ષ દક્ષને ચોંકાવનાર એ તેમાં નવ લવ છે સંદેહ.

નૃપતિ નીંદા પાત્ર કરે કૃત તો તેને નાંદે તત્કાળ,
કે નૃપને નીચ કૃત્ય કરતાં રહે અહોનીશ ઉરમાં ફાળ;
અધિકારી અધિકાર રૂએ જો કરે ધિકાર ભર્યા રૂપ કામ,
તેને માટે છપવે કો જન પ્રગટ કરે તેનાં આખ્યાન.

સડો હોય કોઈ દેશ મહીં તે ડાક્ટર રૂપ ધરી કાઢે તેહ,
વિના દવા એ અસ્ત્ર શસ્ત્ર વિણ વર્તમાન ગોળીએથી જોહ;
જુને જમાને રાયકૃતોપર ટીકા કરી નવ શકતું કોય,
રાય કૃત્તિ તો પ્રભુ પ્રમાણે નૃપનું માર્યું હલાલ જ હોય.

આજ કૈસરેહિંદ શેહનશાહ કરશે શો અપરાધ વરીષ્ટ,
પણ વિચાર વિણ વાક્ય વદે તો તેને પત્રો કહે કનીષ્ટ;
દ્રવ્યવાન દીન દેખી સરખા અદલ કરે ઈનસાફ દયાળ,
ત્યમ વસુધાધિપ શાક વણિક ગુણ પેપર પિઠ ચઢવે તત્કાળ.

ગજ મોટો પણ અંકુશ ડર ઉર તેથી બતવે બળ ન કદાય,
નૃપ ગજ અઘટિત કૃતરૂપ બળ પણ અંકુશ પત્રે ડરે સદાય;
જેને કોઈ ન જાણે જગમાં વર્તમાન પત્રથી પ્રખ્યાત,
ચિંથરે વીંટાયલ રત્નોને જાહેર કરતાં જે સાક્ષાત.

એક વશાનો આદમી ધોખો કરે વશા સોનો એ પેર,
એક માસપર અછતો તેને પ્રસિદ્ધ કરશે ઘેરેઘેર;
બાળક લડી માબાપ કને ફરિયાદ કરે કે ફડચો થાય,
ફરિયાદી બાળક રૂપ માતા તાતરૂપ પેપરો સદાય.

હોય કદી હથીઆર હીનને તે દેખી ડરશે બળવંત,
છેડ ન કરશે દેરો રહેશે દિલમાં ડર હથીઆર વસંત;
વર્તમાન પત્રો હથીઆર જ દીનજનોનાં નીત દેખાય,
કરે કોઈ અન્યાય સબળ તો પેપર હથીઆરે પેખાય.

સૂર્ય ચંદ્રના પ્રકાશ પુરા પણ વાદળમાં આવી જાય,
દબાણ વાદળતણું રહે એ જેથી પ્રકાશ કમતી થાય;
પણ ન્યુસો સામે તકરારે ખળરૂપ જન દળ આવે જેમ,
ઉજ્વલ પ્રકાશે સત્‌ગુણ ગાશે રિપુદળ નાસે તેજે તેમ.

ગુજરાતી કાઠીઆવાડ ટાઈમિસ જન ગુજરાતી ચાલ્સ,
વધો મહીમા વધો પેપરો જે દરદીને કરતાં સાજા;
વધો મહીમા મહારાણાનો સ્વતંત્રતા દઈ આપે સુખ,
શંભુરામ કહે વધો એહ જશ જે થકી દીન જન પામે સુખ.

શૂરવીર સ્ત્રીઓનાં સંક્ષિપ્ત જીવન ચરિત્રો.

જોધપુરની રાણી.

(ગત વર્ષના પૃષ્ઠ ૫૩ થી ચાલુ).

જાઓ કે, ઔરંગઝેબે જસવંતસિંહના વારસને (પૃથુરાજને) ઘણીજ માઠા બતાવી અને તેને છાજતું માન પાન આપ્યું, પરંતુ પોતાના મનમાં તેના ઘાટ ઘડવાનો દૃઢ નિશ્ચય કર્યો. એક દિવસે જ્યારે આ રાજપુત્ર (પૃથુરાજ) તેને મળવા આવ્યો ત્યારે તે હુકમેશના વિરૂદ્ધ ભાવથી તેની તરફ આવ્યો અને જેવી રીતે મહાન પાદશાહો બે પરવાઈથી બોલે છે તેવી રીતે તેણે તેના અદૃશ્ય કરેલા હાથ પકડાને કહ્યું કે, "મારા સાંભળવામાં એમ આવ્યું છે કે તમારામાં જે બાહુબળ છે તે તમારા પિતા તરફથી અને મનનો જુસ્સો માતા તરફથી ઉતરી આવેલાંછે તે અહીં બતાવો !"

તે રાજપુત્રે જવાબ આપ્યો કે " આપ નામદાર દીલાવરપણે થાઓ પણ જ્યારે આપના જેવા મહાન પાદશાહો પોતાની ગરીબમાં ગરીબ રૈયત ઉપર પોતાનો રક્ષણ કરવાનો એક જ હાથ મૂકે છે તો તે પોતાને કૃતાર્થ થએલા સમજે છે. જ્યારે મારા જેવા ઉપર આપે બંને હાથ મૂક્યા છે તો મને તો એમજ લાગેછે કે, હું હવે આખી પૃથ્વીને જીતવાને સમર્થ થઈશ." આ શબ્દોને એટલા બધા જુસ્સાથી અને ચપળતાથી બોલ્યો કે, ઔરંગઝેબે તેને મર્મમાં કહ્યું કે " અહીં આગળ કોઈ બીજો જશવંત તો નથી ?" તોપણ આ રાજપુત્રના ખુલ્લા દીલના શબ્દોથી પોતે

જાણે ખુશી થયો હોય તેમ ઢોંગ કરીને તેણે રાજદરબારી રીવાજ મુજબ એક સુશોભિત પોશાક મંગાવ્યો અને તેને ભેટ કર્યો. આ પોશાક તે રાજપુત્રે તેજ સ્થળે ધારણ કર્યો અને સલામ કરીને મનમાં ખુશ થતો થતો ઔરંગઝેબ પાસેથી ચાલી નીકળ્યો.

અફસોસ ! તે દિવસ તેની જીંદગીનો છેલ્લોજ હતો જેવો તે પોતાને ઉતારે આવી પહોંચ્યો કે તુરત જ તે એકાએક માંદો થઈ ગયો અને મરણ સમયના ઘણા જ પછાડા ખાધા પછી થોડીજ પળમાં તેનો આત્મા દેહથી છુટો થઈ ગયો ને આજ સૂધી પણ તેને વિષે એમ કહેવાય છે કે, ઔરંગઝેબે તેને જે પોશાક આપ્યો હતો તે ઝેહેરી હતો.

પોતે વાપરેલા ઘાતકીપણાથી નિર્દોષ હોય એવો ડોળ કરીને ઔરંગઝેબે જસવંતસિંહ અને તેની રાણીને તેના મૃત્યુના સમાચાર કહાવ્યા અને તેમના દુઃખમાં દિલાસો આપ્યો. આ સમાચાર સાંભળી। જસવંતસિંહ ઘણોજ દિલગીર થયો પણ રાણી કે જે પોતાના પુત્રની બહાદુરી માટે ઘણોજ મગરૂર હતી તેને આથી ઘણો જ કારી ઘા લાગ્યો.

વળી તેમની આ દુઃખી સ્થીતિમાં વધારો કરવાને અધુરામાં પુરી અફઘાનીસ્તાનની બરાબર હવાથી તેમના બાકી રહેલા જગતસિંહ અને દલથંભાડ નામના બે પુત્રો મરણ પામ્યા.

પોતાના છોકરાઓના મરણ પછી જસવંતસિંહ પણ વધારે વખત સૂધી જીવવા પામ્યો નહિ. કેટલાકનું એમ કહેવું છે કે આ દુઃખથી તેનું મરણ નીપજતું હતું અને કેટલાક એમ કહેછે કે, ઔરંગઝેબ જેણે એવું પણ લીધું હતું કે જશવતસિંહ કાબુલથી પાછો નહિજ ફરવો જોઇએ તેના હુકમથી તેને ઝેર આપવામાં આવ્યું હતું. પણ એટલું તો સ્પષ્ટ છે કે તેની સાથે દગો રમવામાં આવ્યો હતો, કારણ કે ઔરંગઝેબ તેની સાથે જે દુશ્મનાવટ ધરાવતો હતો તે હદ કરતાં વધારે ભયંકર હતી. તે સમયનો એક ગ્રંથકાર પ્રજાની તરફની લાગણી જણાવતાં લખે છે કે, જ્યાંસુધી જસવંતસિંહનો અંત આવ્યો નહિ ત્યાં સુધી તેનો વૈરનો જુસ્સો નરમ પડયો નહોતો.

સ્વામી અને પુત્રવિનાની રાણીની સ્થિતિ અફઘાનિસ્તાન જેવા જંગલી પ્રદેશમાં ઘણીજ દુઃખદાયક હતી અને આ વખતે આ દુઃખી સ્ત્રી પોતાની જીંદગીથી કંટાળી ગઈ હતી. તેણે પોતાના પતિ પાછળ સતી થવાનો પોતાનો દૃઢ નિશ્ચય જાહેર કર્યો પણ તેના નિમકહલાલ સલાહકારો તેનો આ હરાવની આડે આવ્યા. ઘણીજ મુશ્કેલીથી તેમણે તેને તેમ કરતી અટકાવી અને એવો દીલાસો દેવામાં આવ્યો કે તે ગર્ભવંતી છે ને થોડા માસમાં તેને કાંઈ સંતતિની પ્રાપ્તી થશે.

જ્યારે તેમના બહાદુર રાજાના મૃત્યુના સમાચાર જોધપુરમાં પહોંચ્યા ત્યારે પોતાના ધર્મરક્ષક રાજાના જવાથી પ્રજા તદ્દન નિરાશ થઈ ગઈ. શેહેરમાં ઘણો જ શોક પથરાઈ ગયો. થોડા વખત પછી રાણીએ કાબુલ શેહેરમાં એક પુત્રને જન્મ આપ્યો તેનું નામ અજીતસિંહ પાડવામાં આવ્યું.

જ્યારે રાણી મુસાફરી કરી શકે એવી સ્થીતિમાં આવી ત્યારે કાબુલમાં રહેલું નાનું રાઠોડ સૈન્ય તેમના બાલ રાજા અજીતસિંહ તેની મા (રાણી) અને પુત્રીઓ તથા રસાલા સાથે તેમને સ્વદેશ જવાને તૈયાર થયું.

થોડા વખતમાં તેઓ દિલ્લી આવી પહોંચ્યા અને અફઘાનિસ્તાનમાં બનેલી શોકમય બીનાનું વર્ણન ઔરંગઝેબને કર્યા પછી રાણી અને તેની સાથેના રસાલાએ જોધપુર જવાને રજા માગી. પણ તેઓ સાથે લડાઈ કર્યા શિવાય ઔરંગઝેબ તેમને જવાદે એવો નહોતો. દયાહીન ઔરંગઝેબે જસવંતસિંહના સ્વર્ગવાસી થયા પછી પણ વેર લેવાને પાછો પડ્યો નહોતો. તેણે બાલ રાજા અજીતને તેના કેદખાનાને સ્વાધીન કરવાને માગણી કરી. રાણીએ આ વાતની ચોખ્ખી ના પાડી ને તેના શૂરા રજપૂતોએ તેને અનુમતિ આપી. ઔરંગઝેબે વળી આ શૂરા રજપૂતોને લાલચ આપવામાં કમી રાખી નહોતી. તેણે તેમને કહ્યું કે જો તમે તમારા બાલ રાજકુમારને મારે હસ્તક કરશો તો મારવાડની જમીન તમારી વચે વહેંચી આપવામાં આવશે.

આ સાંભળીને શૂરા રજપૂતો ગુસ્સાથી લાલ ચોળ આંખ કરી બોલ્યા કે, અમારા સ્વદેશનું રક્ત અમારી નસેનસમાં ઉછળે છે અને આથીજ અમારી તે સ્વદેશ ભૂમિ અને અમારા પાલકનું રક્ષણ કરીશું.

આટલું બોલીને તેઓ ઔરંગઝેબની પાસેથી છુટા પડ્યા અને લડાઈ કરવાની તૈયારીઓ કરવા મંડી પડ્યા. તેઓનો પ્રથમ વિચાર એ હતો કે, બાળ રાજકુમાર અને રાણીને કોઈ નિર્ભય સ્થળે રાખવાં. આ સ્થળે રાણીની હાજરજવાબ્બી એટલી બધી હતી કે, તેને ગમે તેવો રાજનીતિજ્ઞ પુરૂષ પણ પહોંચી શકે નહિ. રાણીએ તેમને દૃઢ નિશ્ચયથી જવાબ આપ્યો કે " હુંતો મારે લડાઇમાં આવીશ અને બાલ રાજકુમારના રક્ષણની સંભાળ પણ મને જ સોંપો અને હું તેને કેવી નિર્ભય સ્થિતિમાં મૂકુછું તે તમે જુવો."

બીજે દિવસે બાલ રાજકુમારને મીકાઇના કંડીઆમાં સંતાડવામાં આવ્યો, ને તે કંડીઓ આ રાજકુટુંબની માઠી હાલતની દયાખાનાર એક મુસલમાન, કે જેણે કુરાનના સોગન ખાઇને કહ્યું કે, તેનો એક પણ વાળ વાંકો નહિ થાય, તેના હસ્તકમાં સોંપવામાં આવ્યો. આ મુસલમાન તે કંડીઓ શેહેરના કોટ બહાર લઈ ગયો અને મુકરર કરેલી જગોએ જઇને રહ્યો.

બાલ રાજકુમારને તે માણસ લઈ ગયો કે તુરતજ બહાદુર રજપૂતો લડાઇની મસલત કરવા મંડી પડ્યા તેમણે જોયું કે, તેમનાં બૈરાં છોકરાં અહીં સહી સલામત રહી શકશે નહિ અને તેઓ ઔરંગઝેબના હાથમાં પકડાશે તો તેમને ખરાબજ કરશે તેના કરતાં તેમને મારી નાંખવા એજ સારૂ છે, એવા નિશ્ચયપર આવ્યા. રાણી શિવાયની બધી સ્ત્રીઓને દારૂગોળાથી ભરેલા સુરંગવાળા મેહેલના એક ઓરડામાં એ-

કઠાં કરવામાં આવ્યાં અને એકજ પળમાં ભયંકર નિશાની આપતાંજ તેમાં અગ્નિ લગાડવામાં આવ્યો અને આ પ્રમાણે આવો ભયંકર ભોગ પૂરો થયો.

પછી ઢાલ તલવાર અને બખતર ધારણ કરીને રાણીને મધ્યમાં રાખીને રજપૂતો તેમના ઉતારાની બહાર આવ્યા અને જે બાદશાહી લશ્કરે તેમનો મૂકામ ઘેરી લીધો હતો તેની ઉપર જેમ શીયાળ પર વાઘ તુટી પડે તેમ તુટી પડ્યા અને શહેર બહારનો રસ્તો લેવા મંડ્યા. તેમણે પ્રભુની પ્રાર્થના કરી રોજ કરતાં બમણું અફીણ લીધું અને પોતાના ઘોડા ઉપર સ્વાર થયા. તેઓ બહાદુરોની પેઠે લડ્યા અને બહાદુરોની પેઠે પડ્યા. આ વાતની જાણ આપવાને સારૂ ફક્ત થોડા સિવાય બાકીના મર્યું પામ્યા. આ નાની રજપૂતની ટોળી દિલ્લીના મોહોલાઓમાં લડાઇ કરીને ઘણીજ નામાંકિત થઈ ગઈ છે, કારણ કે હજારની સામે એક એમ બને લશ્કરો હતાં તે લડાઈ તેમની રાણી, બાલરાજકુમાર અને પોતાની સ્વદેશ ભૂમિ માટેજ હતી.

બેગમ ચાંદબીબી.

સર્વે લોકોએ આ નામ તો સાંભળ્યું જ હશે, પણ તેના વૃત્તાંતથી માહિતગાર ઘણાજ થોડા હશે. આ નામ હાલ પણ અહમદનગરમાં ઘેરે ઘેર ગવાય છે અને તેના નામનું સ્મરણ હાલ પણ તે શહેરમાં થાય છે. જો કે તેને આજ લગભગ ૩૦૦ વર્ષો થઈ ગયાં છે, પરંતુ દરેક મુસલમાન આ બહાદુર બેગમના નામને માટે મગરૂર છે. આ બેગમ અહમદનગરના રાજા હુસેન નિઝામશાહની પુત્રી થતી હતી. તે સને ૧૫૫૩માં જન્મી હતી. તેનું વૃત્તાંત લખતા પહેલાં આપણે દક્ષિણનાં રાજ્યોની શી સ્થિતિ હતી તે તપાસીએ. તે વખતે અહમદનગરમાં રાજા બુરહાનનિઝામશાહ અને વિજાપુરમાં ઈબ્રાહીમ આદીલશાહ રાજ કરતા હતા. તેનો જન્મ થતા પહેલાં આ બે રાજ્યો એક બીજાનાં કટ્ટાં દુશ્મનો હતાં. વળી તે સમયે વિજયનગરનું હિંદુ રાજ્ય પણ પોતાની પૂર ચઢતીમાં હતું. તે આ મુસલમાન પાદશાહોને માંહો માંહે લડાવી પોતાનું બળ મજબુત કરતું; થોડે કાળે આ બે રાજ્યોમાં સંપ થયો અને હિંદુરાજ્યને તોડી પાડવાનો વિચાર થયો. આ મિત્રાચારીની ગાંઠ ચાલુ રહે તે માટે અહમદનગરના હુસેન રાજાએ પોતાની પુત્રી ચાંદબીબીને વિજાપુરના પાદશાહ અલી આદીલશાહ વેરે પરણાવી અને, અલી આદીલશાહે પોતાની બેનને અહમદનગરના શાહજાદા મુરતુઝા જોડે પરણાવી. આ પ્રમાણે મિત્રાચારીની ગાંઠ દૃઢ કરવાને તેમનાં લગ્નો ૧૫૬૪માં ઘણી ધામધુમથી કરવામાં આવ્યાં હતાં. સંધિ થયા પછી બન્ને મુસલમાન લશ્કરોએ એકઠાં મળીને વિજયનગરના મોટા હિંદુ રાજ્યનો ૧૫૬૫ માં કૃષ્ણા નદીના તટ ઉપરની મહાભારત લડાઇમાં અંત આણ્યો. આ રાજ્ય ફરીથી ઉભું થવાજ પામ્યું નથી. આ કાર્ય પુરૂ થયા પછી એ રાજ્યનો મુલક બને રાજ્યોએ માંહોમાંહે વહેંચી લીધો અને ખંડીયા રાજાઓ પાસેથી જેમ વિજયનગરનું રાજ્ય ખંડણી લેતું હતું તેમ તેઓ લેવા લાગ્યા પણ તે મુલકો તેમણે પડાવી લીધા નહિ.

રાણી ચાંદ પ્રથમથીજ સારી કેળવણી પામી હતી. તેણીએ તેના પિતૃગૃહથી અરબી, તુરકી, ઉરદુ, ફારશી, મરાઠી કાનડી વિગેરે ભાષાઓનું જ્ઞાન ઘણુંજ ઉત્તમ પ્રાપ્ત કર્યું હતું. તે રૂપે ઘણીજ ખુબસુરત હતી. તેની કાંતિ મોહક, તેના અવયવો ઘાટદાર, તેની ચાલ પુરૂષના જેવી તેની વાણી મધુર, રંગે શ્વેત, અને ઊંચાઇમાં વચલાવડની હતી. તેને પ્રથમથીજ યુદ્ધશાસ્ત્રની કેળવણી વધારે આપવામાં આવી હતી અને પોતે તલવાર ઘણીજ સારી રીતે વાપરી જાણતી હતી. સાસરે ગયા પછી તે પોતાના પતિને એક ઘડી પણ વીસો મૂકતી નહિ, તેને તે દરબારી કામકાજોમાં ઘણી જ સારી સલાહ આપતી હતી. તે બીજી સ્ત્રીઓની પેઠે જનાનામાં બેશી રહેતી નહિ પણ તેનો પતિ જ્યાં જતો ત્યાં તેની સાથે ઘોડેસ્વાર થઇને જતી, તેની જોડે તે બે ઘડક શિકારમાં પણ ઉતરતી. ગમે તેવી લડાઈ કે બંડખોરોની સામે રાજની સાથે સામેલ થતી હતી અને તે સ્થળે પોતાનું પરાક્રમ દર્શાવવાને કોઈ પણ જાતની કચાશ રાખતી નહિ. ગૃહિણી તરીકે ગૃહ કાર્યમાં પણ તેવીજ હતી. ગૃહકાર્યમાં પોતાના નોકર ચાકરોની ઉપર તેનો પ્રેમ ઘણો હતો. તેણી નવરાશની વખતે પોતાનો કાળ ઊંઘમાં કે આળસમાં કે નકામી વાતોમાં કાઢતી નહિ. જૂદી જૂદી ભાષાઓનો અભ્યાસ વધારવામાં, ચિત્ર કાઢવામાં, ભરવામાં ગુંથવામાં, કાઢતી હતી. તેણે આ સર્વ ઉપરાંત સંગીતશાસ્ત્રનું પણ ઘણું સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે વિણા વગાડવામાં ઘણીજ હુશીઆર હતી. પોતાના પતિને તેના આરામની વખતે તે જૂદી જાતનાં ફારસી તેમજ હિંદુ ગાયનો ગાઈ ખુશ કરતી હતી. તેણી આ પ્રમાણે સુખચેનમાં રહેતી હતી, પણ ફક્ત એકજ તરફની તેને ફીકર હતી. અને તે એજ કે તેને કોઈ પણ જાતની પ્રજોત્પત્તિ થઈ નહોતી.

આદીલશાહ પણ શરવીર હતો એટલુંજ નહિ પણ તે પોતાને આવું સ્ત્રી રત્ન પ્રાપ્ત થવાથી પરમેશ્વરનો ઘણોજ ઉપકાર માનતો હતો. તેણે પોતાની રાણીની સલાહથી દેશમાં ચાલતા વેપાર વણજને અત્યંત ખીલવ્યો. વિદ્યાકળામાં ઘણોજ વધારો કર્યો, અને કળા કૌશલ્યમાં તેમ જ કર્યું. તેની નિશાનીઓ હજી સુધી પણ વિજાપુરમાં જોવામાં આવે છે. રાણી ચાંદબીબીના જ પતિએ વિજાપુરનો મજબૂત કોટ બાંધ્યો હતો. જે જુમામસીદ હાલ છે તે પણ તેણેજ બંધાવી હતી. તેના વખતમાં પાણીનું બાંધકામ કરી નળોદ્વારાએ શહેરમાં પાણી લાવવામાં આવ્યું હતું. તેણે વિજાપુરની પડોશમાં હોઝેશાપુર નામનું મોટું તળાવ છે તે પણ તેની વખતમાં બોદાવવામાં આવ્યું હતું. તે તળાવની આસપાસ પરદેશી વેપારીઓની સગવડો માટે મુસાફરખાનાંઓ તથા પુષ્કળ ધર્મશાળાઓ બાંધેલી હતી—વળી ચાંદબીબીના પતિમાં જે ખાસ એક ગુણ હતો તે એકે તેણે બીજી કોઈ સ્ત્રી સાથે લગ્ન કર્યા નહોતાં; આથીજ ચાંદના પતિવ્રતપણાની ખરેખરી તુલના થાયછે. તે રાજદારી કામમાં તેમજ ગૃહકાર્યમાં જ કુશળ હતી એટલુંજ નહિ પણ તે ઘણીજ પરોપકાર સ્વભાવની પણ હતી. તે ગરીબ માણસો ઉપર અને અપંગ ઉપર ઘણી દયા ખાઈ તેમને સારો આશ્રય આપતી હતી.

આ પ્રમાણે સુખચેનનાં ૧૫ વર્ષ પૂરાં થયાં. શોળમા વર્ષના મધ્ય ભાગમાં તેણીને ભારે દુઃખ પડ્યું. તે એ હતું કે, તેનો પતિ તે વર્ષમાં ગુજરી ગયો. આ વખતે તેની ઉમર ૨૭ વર્ષની હતી. તેને સંતાન ન હોવાથી આદીલશાહના ભાઈ તહમાશના પુત્ર ઇબ્રાહીમને ગાદી મળી. પરંતુ આ શાહજાદો ઘણીજ નાની વયનો હોવાથી દરબારીઓએ પોતાની રાણી ચાંદને તેના રીજંટ તરીકે નીમી, જે પદવી તેણે ઘણા જ માન સાથે સ્વીકારી.

અત્રે આપણે તેના વખતમાં વિજાપૂરમાં રાજખટપટ કેવી રીતની ચાલતી હતી અને પોતે કેવા ન્યાયથી રાજ ચલાવતી હતી તેનું ટુંક વર્ણન આપીશું.

પોતાના પતિના મરણ પછી અને પોતે રીજંટ થયા પછી રાણીએ બાળરાજા ઇબ્રાહીમને કેળવણી આપવાનું માથે લીધું. બુધવાર અને શુક્રવાર એમ બે દિવસો સિવાયના બીજા બધા દિવસે તેને તખ્ત ઉપર લાવીને બેસાડવામાં આવતો પણ બધું કાર્ય તો રાણી ચલાવતી અને પ્રધાનો સાથે પણ મસલત કરતી હતી. આ વખતે જણાવવું જોઇએ કે વિજાપુરમાં તે વખતે સરદારોમાં બે પક્ષો હતા. ૧ દક્ષણી. ૨ એથીસીનીયન. જે જે પક્ષમાંથી વજીર પદવીને પ્રાપ્ત થતો તેના હરીફ પક્ષને નરમ પાડવાને કદી ચુકતા નહિ. આ હાડવેર એટલે સુધી બંધાઈ ગયાં હતાં કે કોઈ કોઈ વાર તો આ લોકોમાં માંહોમાંહે એક બીજાનાં ખૂન કરી બેસતા અને બર દરબારમાં પણ તિરસ્કારની નજરથી જોવાને ચૂકતા નહોતા. રાણી ચાંદના વખતમાં આવા બખેડા ઘણા થતા હતા. પણ તે બધામાંથી રાણી સહીસલામત બચી જવા પામી હતી.

(અપૂર્ણ)

સ્નેહ-પ્રલય.

મનુષ્યને દૃષ્ટિ ગોચરી આ જગતની અનેક વસ્તુઓમાં **સ્નેહ** એ ઉત્કૃષ્ટ સ્થાનમાં વસનારી વસ્તુછે. પારલૌકિક વસ્તુઓ બાદ કરતાં ઐહિક વસ્તુઓમાં મનુષ્યમાત્ર સન્મિત્ર, સુખદાયક ધરસૂત્ર, સુકીર્તિ ધનવિદ્યા વિગેરે સહિતની સંપત્તિ આદિકને ઇષ્ટ ગણેછે. વ્યાવહારિક સંબંધોનો વિચાર મેલી આગળ ચાલીએ તો; ધરસૂત્ર કે સન્મિત્રનો, ગમે તે પ્રેમનું ઉચ્ચસ્વરૂપ, દૈવીસ્વરૂપ, એકજ છે. મનનું ઐક્ય અને નિર્મમતાને લીધે એક સ્વરૂપે જ રહેવું તથા દેખાવું તેજ પ્રેમ પરમાત્મા પ્રતિ પણ તેજ સ્વરૂપ ધારણ કરેછે, આવી અતિ ઉચ્ચ વસ્તુનો વિચાર જ્યારે અત્યંત આલ્હાદક છે, ત્યારે તેજ વ્યાવહારિક દેખાતો—સ્નેહ મૃત્યુ પામેછે, સંબંધ દોરી તૂટેછે, ત્યારની સ્થિતિનો વિચાર અતિશય ખેદકારક છે. ઘણેલા ઐક્યમાં, નિર્મમતામાં ભંગ કેમ પડેછે, તેનાં અધિષ્ઠાન પાત્રોમાં કેમ વિરોધ થઈ જાયછે, તે જોવાની જરૂર એટલા માટે છે કે, જ્યારે જીવંત સ્નેહ આટલી ઉપયુક્તતા વાળોછે, ત્યારે મૃતપ્રાય થતા સ્નેહને ટકાવી શકાય કે નહિ ? મનુષ્યના મૃત્યુની પેઠે તેની જીવનદોરી પણ આપણા હાથમાં નથી જ, તેથી નિરૂપાય થઈ સંતોષ માની બેસવું ? એ વિચાર પણ તેટલોજ લાભદાયક છે.

એક ગ્રંથકાર લખે છે કે—દુનિયામાં કેટલાંક દુઃખ એવાં છે કે જેને માટે ઈશ્વર સિવાય બીજું કોઈ જવાબદાર નથી. દૃષ્ટાંત તરીકે એક વાદળું ચઢી આવ્યું તેને જોઈ કોઈ કવિ અત્યંત ગમગીન થઈ જાયછે, એમાં કોનો વાંક! સ્નેહ જે એક વખત તુટ્યો તો તેને સજીવન કરવાનો ઉપાય હજુ કોઇએ શોધી કાઢયો નથી. કવિ દયારામ લખે છે કેઃ-

"સાવધાન પ્રીત પાળજો કહું કથી જો,
મોતી મન ને કાચ તુટ્યાં સંધાતાં નથી જો."

માટેજ સ્નેહના વિખરવાને, તૂટવાને, 'મૃત્યુ' કે 'પ્રલય' નામ આપ્યું છે, તે યોગ્યજ છે તેથી આ મૃત્યુનો ભાવ, સ્નેહપાત્રનું મૃત્યુ એવો નથી, પરંતુ અમુક હદ અને અમુક અંશના નિકટના સયોગ-હૃદયસયોગમાં ભંગ, માત્ર અંતરજ-બતાવે છે, ખાસ કરીને તેમાં તેવી સયોગ વૃત્તિ નિર્મૂળ નથી થતી, ભાવ છેક અભાવ નથીજ થતો, પણ—હતું તે નથી, તેટલું નથી-એમાંજ લીનતાનું મૃત્યુ છે. અંતર પડતું જોઇ આપણને દુઃખ થાયછે; આપણાજ દ્વોષથી તેમ થયું હોય તો આપણને પરિતાપ થાયછે, પરંતુ સ્વાભાવિક કારણોથી થયું હોય તો દુઃખ કે શોકને પણ કોઈ વિચારે પાડે, તેમ નથી—નિષ્ફળ જ છે; છતાં ઉપર કહ્યું તેમજ; એવાં પણ કેટલાંક દુઃખ છે કે જેને માટે કોઈ જવાબદાર નથી.

જીંદગીના અનેક સંબંધોમાંના એકાદ કે વધારે વિષયમાં બે મનની એકાગ્રતાને પ્રેમ કહેછે; અને તે બેઉ મનને વિષે જે ગુણ, પ્રકૃતિ નથી તેથી જેમ તે પૂર્ણતાએ પહોચ્યે છે, તેમજ તેમને વિષે જે અમુક ગુણોની સંપત્તિ છે તેને લીધે પણ તે લીનતા પૂર્ણ થાયછે. આથીજ બાળ વિદ્યાર્થીઓ સ્નેહ સંબંધ અત્યંત સહેલથી બાંધી શકેછે, તે સમય પરત્વે તો અંતઃકરણ પૂર્વક અને આનંદમય લાગેછે. આ સંબંધ આવી સેહેલાઇથી બંધાય છે, એનું કારણકે એકજ વર્ગમાં વિદ્યાર્થીઓને તેની તેજ વસ્તુઓમાં રસ પડયો હોયછે, અને એવું ભાગ્યેજ બનેછે કે બેમાંથી એકને કોઇ એવા વિષયમાં રસ પડયો હોય, કે તેમાં બંનેને સમાન રસ ન લાગે.

જીંદગીના પ્રપંચોમાં આગળ વધતાં બંને મિત્રો જુદા જુદા ધંધામાં પડે છે, તેને અંગે તેમનાં મગજમાં તે તે વિષયક વિચારો ભરાય છે, અને વિચાર શ્રેણી જે અત્યાર સુધી સમાન હતી, એક હતી-તે હવે બદલાયછે. આનું તેમને ભાન પણ હોતું નથી, પરંતુ જ્યારે તેઓ પાછા મળેછે ત્યારે તેમને દરેકને એટલું તો સમજાઇ આવેછે કે—સામાના મનમાં એવો વિચાર ક્રમ ચાલેછે કે, જે મને રૂચતો નથી, તેવા વિચાર મને આવતા નથી, અને આવે તોપણ પસંદ નથી; આથી તેમની વચ્ચે સમાન વિચાર જે થોડા રહ્યા હોય તે તેમનો સ્નેહસંબંધ મજબૂત પકડી રાખવા અશકત થાયછે; અને તેથી પોતાનું આખું મન પ્રથમની માફક એકજ વિષયમાં તલ્લીન થઈ રમતું નથી; અને આમ તેમને હાલ જે જાતના વિચાર થતાં હોય છે, તેવા વિચારમાં ભળી શકે તેવા, મિત્ર નહિ પણ ફકત ઓળખીતા હોય તેમની,

સાથે પણ વધારે ચેન પડેછે, પણ તેવા વિચારથી વિરૂદ્ધ અથવા જુદી જાતના વિચાર કરતાં પોતાના બાળ મિત્રને તજી પોતાની પ્રકૃતિ, ટેવ, વિચારવાળા સાથે મન મેળવવા પ્રયત્ન કરેછે.

જે લોકોને પોતાનાં વતન, અસલ મિત્રો વિગેરે છોડી ઘણોક વખત દૂર પરદેશ જઈ અનેક ધંધામાં રોકાવું પડેછે અને ત્યાં ચિત્ર વિચિત્ર અનેક અનુભવ થઈ જાયછે, તેવા લોકો પાછા ઘેર આવેછે ત્યારે તેમને માલુમ પડે છે કે, હવે તો તેમની પ્રકૃતિનો કોઇક અમુક અંશજ માત્ર સામાને પોતાના જુના સહવાસીઓને, રૂચિકર છે. મુસાફરી, પ્રદેશ, અભ્યાસ, જનમંડળ સાથે તરેહ તરેહવાર સહવાસ વિગેરેથી પોતાના સ્વભાવમાં ફેર પડી જાયછે, અને આ ફેરફારો ગમે તેટલા કીંમતી હોય, ગમે તેટલા ઈષ્ટ હોય તોપણ સ્નેહના પ્રદેશમાં તો તેઓ શત્રુ રૂપે આવેછે.

વળી કાળ-વયથી પણ વર્તણુંક પર અમુક પ્રકારનો ફેરફાર માલમ પડેછે આપણને લાગેછે કે આપણે તેજ છીએ, પણ આતો એક આભાસજ છે. આપણે ફરીએ તો છીએ છતાં બધાય એકજ રીતે, એકજ રસ્તે ફરતા નથી. વય થતાં એક ગરીબ પ્રકૃતિનો થાયછે, તો બીજો કઠોર થાયછે, એકની બુદ્ધિ બીજો તે પ્રમાણે તેની પ્રકૃતિ શાંત અને પ્રિયકર થઈ જાયછે, તો બીજો દુરાગ્રહી, ત્રીજો હુકમી, અને તોછડી પ્રકૃતિમાં પડેછે. વળી બનેમાં એકજ જાતનો ફેરફાર થાય તો પણ તે ફેર સ્નેહ-સંબંધમાં આડે આવનાર થઈ પડે, એમ પણ બને દૃષ્ટાંત તરીકે બે આનંદી જુવાન એક બીજાથીજ જીવતા હોય, તેમની જુવાનીનો જોશ જતો રહેતાં જ એક બીજાનો સંગ પથરા જેવો ભારે થઈ પડેછે.

પણ વિચાર બદલાવાથી થતા સ્નેહ પ્રલયની તો હજુ વાતજ નથી કરી, છતાં સર્વથી અગત્યની તે છે. દુનિયાંમાં અડધો અડધ ભાગ બુદ્ધિમાં મંદ હશે તેઓ એવા છે કે, તેમને હમેશ એવીજ ઇચ્છા થાયછે કે જે અમે બોલીએ તેવુંજ બધાય બોલવા લાગે, હાજી હા કરે. અભ્યાસ, અનુભવ, વિદ્યા, જ્ઞાન શું છે તેમાં દૃષ્ટિ પહોચવા ન પામે તેને પરિણામે તેમને એમજ લાગે કે, અમે જે રસ્તે ઉતર્યા છીએ, જે બોલીએ છીએ તેજ યથાર્થ છે. એથી પણ દુરાગ્રહ વધીને એમ થાયછે કે, 'તે સિવાય અન્ય માર્ગ યથાર્થ છેજ નહિ, હોઈ શકે પણ નહિ.' જો કે યથાસ્થિત વિચાર કરવા જેટલી બુદ્ધિ હોય અને વાપરે તો તેમને જ માલમ પડશે કે; એક વખત એમ માનો કે તેમનો માર્ગજ યથાર્થ છે, તોપણ બીજા પણ તેવાજ યથાર્થ છે, બીજા છતાં તેવાજ યથાર્થ માર્ગ હોવાનો સંભવ છે. ૨+૨=૪, ૧+૩=૪, ૨×૨=૪,÷૨=૪, ૫-૧=૪, વિગેરે અનેક રસ્તે તે ને તે પરિણામ આવવાનો સંભવ છે, એમ માનશેજ નહિ. પરંતુ બુદ્ધિશાળીની વળી જુદીજ રીતછે. પોતાના અંતરમાં પેસીને જોશે તો દરેક બુદ્ધિમાનને માલમ પડશે કે પોતે જે મત માનતા હોયછે, તેના ટેકામાં નવી અને વધારાની દલીલો લાવી આપે તેવું તેમને અત્યંત ગ-

મેછે. પણ તે મતનું ખંડન થાય તેવી દલીલો કે દાખલો કોઈ માણસ આપે, અણધારી દલીલોથી પોતાના મતનું ખંડન કરે તો તે તેમને વજ્રપાત થઈ પડેછે, અતિશય ચિંતા કરાવેછે. અમુક વખતથી ઇંડાંને સેવતી મુરઘીને ખડામાંથી નસાડવાથી તેને જે મહાકષ્ટ, વજ્રઘાત થઈ જાયછે, તેવું કંઈક તેમનો થાયછે, જેથી બે મિત્રો વચ્ચે ધીમે ધીમે પડતો મતભેદ, તેમના સામાન્ય વ્યવહારના વિષયો ટુંકાઈ જવાથી, તેમને વધારે વધારે દૂર અને અતડા કરી મુકે ખરો, પરંતુ એકાએક બની આવેલા એકની બુદ્ધિ કે વિચારના ફેરફારથી તો તાત્કાલિક અને અનિવાર્ય તુટ થઈ જાયછે.

સ્ટુઅર્ટ મીલનું લખવું છે કે—'પ્રકૃતિ ઘડાઈ ગઈ અને મનનું વલણ મુકરર થઈ ચુક્યું તો પછી વિચાર અને વૃત્તિઓની એકતા તેજ સર્વ કાળમાં સ્નેહ નામનો શોભાવે એવા સંબંધનું મુદ્દાનું સાધન છે.' આ તદ્દન ખરૂં છે એમ માનીને અત્રે લેવામાં આવ્યું નથી, પરંતુ તેથી સામાન્ય માનવું શું છે તે જણાઈ આવેછે. આવી બાબતોમાં આપણે આપણા પોતાનાજ અનુભવથી દોરવાઇએ છીએ, માટે મત તો એ છે કે:-

સ્નેહીઓ વિચારમાં મારાથી ગમે તેટલે અંશે ભિન્ન પડતા હોય તોપણ જો તેમને માટે મારા મનમાં માન હોય તો સ્નેહ ટકી શકવાનો; પરંતુ ગમે તેવી સામાન્ય વિચારની વાતોમાં ઘણીક રીતે તેમના વિચાર મારી સાથે મળતા હોય છતાં જો તેમના તરફ મને માનવૃત્તિ ન થઈ શકે તો તે સંબંધ ટકવો સંભવેજ નહિ.

વળી આ પણ નક્કી છે કે સ્નેહ બંધાતી વખતે મત ભેદ જણાયાથી સ્નેહભંગ થવા સંભવ છે, તે મત દેખાયો હોત તોપણ સ્નેહ બંધાયા વગર રહત નહિ, તેવો મતભેદ પણ જુદાઈ કરાવી દેછે. આનાં દૃષ્ટાંત જીવન ચરિતો—ખાસ કરીને ધાર્મિક પુરૂષોનાં જીવનચરિતો—વાંચનારને જણાઈ આવશે, કારણ કે મતભેદથી ધાર્મિક પુરૂષોને વિશેષ 'દુઃખ' કે 'ધ્વા' થાયછે. આવાં પુસ્તકોમાં આપણે વાંચીએ છીએ કે અમુક ધાર્મિક પુરૂષને પોતાના નવા મતમાં અમુક મિત્ર વિરૂદ્ધ જવાથી અથવા ધર્મની અમુક બાબતોમાં અમુક મિત્રોનું મત વિરૂદ્ધ જણાવાથી, તેવા અસલી મિત્રોથી જુદા પડતાં અમુક જનનું મૃત્યુ જેવું દુઃખ અનુભવવું પડ્યું, રાજકીય બાબતમાં વિરૂદ્ધ મતથી જુદાઈ વધારે ઉત્કટ, પણ ઓછા દુઃખ સાથે થાયછે. અરે! વિદ્યાકળામાં વધતી ઘટતી રસિકતાથી પણ સંબંધને શિથિલ થતાં વાર નથી લાગતી. આમ કલાનિપુણ વિદ્વાનો ઝીણી બાબતોની પરીક્ષક બુદ્ધિનાં વિવેચનમાં મતભેદ પડવાથી જુદા થઈ જાયછે.

જયન્ત.

વેપાર સંબન્ધી જાણવા જોગ હકીકત.*

(ભેગું.)

કોઈ પણ પ્રાણી ઉદ્યોગ વગર સુખ સાધન મેળવી શકતું નથી. બીજાં પ્રાણી ઉદર પોષણના ઉદ્યોગમાંજ પોતાનો કાળ કાઢી નાંખે છે અને તેમને તેમ કરવું પાલવે છે. વળી વધારે મોટો ઉદ્યોગ કરવાને માટે જે બુદ્ધિ જોઇએ તે પણ બીજા પ્રાણીમાં મનુષ્યના કરતાં ઘણીજ ઓછી હોય છે. મનુષ્યને ઉદર પોષણ ઉપરાંત બીજા સુખની પણ અગત્ય છે. આ પ્રમાણે ઉદ્યોગ મનુષ્યના સંબંધે વધારે ખીલેલો જોવામાં આવેછે. ઉદ્યોગના ત્રણ ભાગ થઈ શકે છે. (૧) ખનીજ સિવાય ભૂમિમાંથી ઉત્પન્ન થતા પદાર્થોને કેળવવા, ઉછેરવા અને પરિપક્વ થતાં કામમાં લેવા તે, એટલે ખેતીવાડી. (૨) કારીગરી અથવા બનાવટ. માટી, પથ્થર, લાકડાં, હાથીદાંત, ચામડાં, હાડકાં, અને બીજા પદાર્થોની ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ બનાવવી તે. (૩) ખેતીવાડી અને કારીગરીથી ઉત્પન્ન થયેલા પદાર્થોનો વ્યવહાર કરવો તે, એટલે વેપાર. આ ત્રણ માર્ગે મનુષ્યો પોતાના જીવનનાં સુખ સાધનોને માટે પ્રવર્તે છે. એક માર્ગનું અનુસરણ ઉદ્યોગને ખીલવી શકતું નથી. બધી વસ્તુઓ અને ખેતીવાડી, દરિયાઈ કે પ્રાણી પદાર્થો એક ઠેકાણે મળતા નથી. એક દેશમાં જે વસ્તુ ઉત્પન્ન થાયછે તે બીજા દેશમાં થતી નથી એટલે જો સર્વ દેશો વચ્ચે વ્યવહાર ન હોય તો અમુક વસ્તુઓ અમુક દેશના લોકના ઉપયોગમાં આવીજ શકે નહિ. વ્યવહાર ન હોય તો મનુષ્યને અનેક વસ્તુની અડચણો પડે. એક દેશમાં માત્ર ધાતુ જ નીકળતી હોય અને ત્યાં બીજા પદાર્થો વેપારને માર્ગે આવતા ન હોય તો તે દેશને બીજા પદાર્થોની અગવડ વેઠવી પડે અને અન્ય દેશોને ધાતુની અગવડ વેઠવી પડે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, દેશ દેશ વચ્ચે વ્યવહાર અને વેપારની જરૂર છે. વેપાર વગર ઉદ્યોગની વૃદ્ધિ થતી નથી. વેપારની વસ્તુઓના સંચલનથી નાણાંની ઉથલ પાથલ થાય છે અને એ માર્ગે ઉદ્યોગની બીજી અનેક શાખાઓને જન્મ મળેછે. દુનિયાંના સર્વે દેશો સાથે વ્યવહારની જરૂર છે. પરાપૂર્વથી આ પ્રમાણે ચાલેછે પરંતુ દિન પ્રતિદિન તેમાં વધારો કરવો એ માણસની બુદ્ધિનું કામ છે. એક વસ્તુ એક ઠેકાણે પડી રહેવાથી મનુષ્યને લાભ કરતી નથી અને છેવટ નષ્ટ થઈ જાય છે. અર્થશાસ્ત્રમાં એક ઠેકાણે કહેલું છે કે, એક રૂપિઆને જે ફરતો રાખ્યો હોય તો તે એક દિવસમાં પંદરથી સત્તર જણની અડચણો દૂર કરી પાંચથી સાત માણસનું પોષણ કરેછે અને એવા ભ્રમણમાં તેમાંથી જે કંઈ ઘટે છે તે માત્ર નામનું જ હોય છે. એક રૂપિયો આટલી બધી સહેલાઈ કરી શકે છે તો લાખો અને કરોડો રૂપિઆની ઉથલ પાથલ કેટલી સહેલાઈ કરી કેટલાં મનુષ્યની આજીવિકા પૂરી પાડે તે ઉપર લક્ષ આપો અને પછી વેપાર, એ ઉદ્યોગની કેવી ઉપયોગી શાખા છે તેનો

*આ વિષય, વેપારની બાબતો જણાવનારી 'વ્યાપારિક ભૂગોળ' નામના અંગ્રેજી પુસ્તકમાંથી છુટક લીધેલો છે.

વિચાર કરી જુવો. આ રીતે હાલ અનેક શાખાઓમાં દુનિયાં ઉપર વિસ્તરેલો વેપાર ચાલે છે, જેમાંની વધારે જરૂરની બાબતોનું અત્ર દિગદર્શન કરીશું. પરંપરાગતથી જાણેલી વસ્તુઓ 'જેમ ચાલતું હોય' તેમ ચલાવ્યા કરવું એ મોટી મૂર્ખાઇ છે. દરેક વસ્તુને તેના મૂળતત્વથી જાણનાર જેટલો કાબેલ થાય છે તેટલો પરંપરાગતથી જાણનાર થતો નથી. એક માર્ગે કામ કરનાર માણસ દુર્ભાગ્યથી જો તે માર્ગ બંધ થાય તો બીજે માર્ગ શોધી શકતો નથી જો કે દુનિયાં ઉપર તેનાં ઘણાં બારાં હોયછે. આ અજ્ઞાન તોડવાને માટે વેપારની વસ્તુઓ, તે કયા દેશમાં અને કેટલી ઉત્પન્ન થાયછે, કયે માર્ગે આવે છે અને કયા દેશમાં વધારે ખપેછે વગરે બાબતો જાણવાને સારૂ આવી વ્યાપાર વિષયક ભૂગોળની આવશ્યકતા છે. અગ્રેજ વેપારીઓ આવા જ્ઞાનથી અજ્ઞાન નહિ હોવાથી જ અત્યારે આખી દુનિયાના વડા વેપારી થઈ પડેલા છે.

જુદી જુદી પ્રજાની હાલત અને જરૂરીઆતના પ્રમાણમાં તેઓને જોઇતું પુરૂ પાડવામાં આવેછે તેના પ્રમાણમાં આપણે જુદા જુદા વિભાગ પાડીએ.

૧ ખોરાકની વસ્તુનો ઉદ્યોગ.

૨ વણવાના તથા બીજી બનાવટના મૂળ પદાર્થ બનાવનાર-ઉત્પન્ન કરનાર.

૩ કારીગરી કરનાર.

ઉપરના વર્ગ ઉપર નજર રાખી જેમ એક માણસ પોતાના વર્ષ દિવસના ખર્ચના આંકડાની ગણતરી કરેછે તેમ આપણે જુદા જુદા દેશના ખર્ચ ઉપર નજર કરીએ. શરૂઆતમાં ખોરાક સંબંધી વિચાર કરીએ એટલે કે ખોરાક કેમ પ્રાપ્ત થાયછે અને તેની શું ખરાબત પડેછે.

માણસે પોતાનો ખોરાક વાવીને મેળવવો જોઇએ અથવા કોઇ પાસેથી ખરીદ કરવો જોઇએ. (દુકાનમાંથી નહિ પણ કોઈ દેશમાંથી) કેટલીક વાર એક દેશમાં પોતાને જોઇતા અનાજ કરતાં વધારે અનાજ પાકે છે ત્યારે વધારાનું અનાજ બહાર દેશાવર મોકલવામાં આવેછે.

ખોરાક સંબંધી વિચાર કર્યા બાદ આપણે કપડાં લત્તાં તથા ઘરમાં જોઇતો સરંજામ કેમ મેળવાયછે તે તપાસીશું કેટલાક માણસો ખોરાક તૈયાર કરેછે. કેટલાક ખોરાક ખરીદે છે અને કેટલાક જથાબંધ ઘેર લાવી પછીથી તૈયાર કરેછે. દાખલા તરીકે કેટલાક તુવેર ડાંગેર ખરીદી ઘેર આણ્યા પછી ચોખા દાળ તૈયાર કરાવેછે ને કેટલાક માણસો દાળ ચોખા વિગેરે તૈયાર ખરીદે છે પણ કપડાંના સબંધમાં તો આપણે વધારે બારીકાઇથી તપાસવાનું એ છે કે કેટલીક પ્રજા કપડાં બનાવવાના પદાર્થો ખરીદી પોતે બનાવી વેચે છે ને વાપરે છે ને કેટલીક પ્રજા તૈયાર કપડાં ખરીદ કરે છે. એટલે કેટલાક દેશમાં કપડાં તૈયાર કરવાના પદાર્થો ભરવામાં આવે છે ને કેટલાક દેશમાં તૈયાર કપડાંનો જથ્થો ખરીદવામાં આવેછે માટે કપડાં બનાવનાર વર્ગને આપણે જુદો પાડી જે કપડાં કાંતી વણીને તૈયાર કરવામાં આવેછે તે ઉપર આપણે નજર કરીશું.

ખાવા પીવાના પદાર્થોની પેદાશ.

આ વિષય ઉપર વિવેચન કરતાં આપણે જરૂરની બાબત ધ્યાનમાં લઈ તેના નીચે પ્રમાણે ભાગ પાડીએ.

અ ધાંન અને કઠોળ—રોટલા બનાવવાના ઉપાગમાં આવતાં.
ઘઉં, બાજરી, જ્વર, જવ, મકાઈ.
કઠોળ—તુવેર મગ, અડદ ચોળા વિગેરે

બ માંસ—ઘેટાનું, બળદનું, ડુકરનું અને માછલાં.

ક ગાંધીઆટુ—ચાહ, કાફી, મશાલા, સાકર ઇત્યાદિ

ડ પીવાના પદાર્થોમાં—દારૂ, ખીર ઇત્યાદી

ઇ તંબાકુ ભાંગ વગેરે.

૧ ધાંન અને કઠોળ.

દુનીયાંમાં અથવા તેના કોઈ પણ ભાગમાં ઉત્પન્ન થતા અનાજની પેદાશનો વિચાર કરવા સારૂ આપણે કાંઈ અડસટ્ટો કાઢવો જોઇએ.

સને ૧૮૮૪ અને ૧૮૮૭ ના વર્ષના પાકની કીમતની ગણત્રી ૧૧૦૦૦૦૦૦૦ પાઉન્ડની થઈ હતી. આ કીમત એકંદરે સર્વ જાતના અનાજની હતી તેમાં નીચે જણાવેલી વિગતના અનાજની ગણત્રી હતી.

ઘઉં	પાઉન્ડ	૪૩૫૦૦૦૦૦૦
મકાઈ	,,	૧૮૭૦૦૦૦૦૦
બાજરી	,,	૧૪૬૦૦૦૦૦૦
જુવાર	,,	૬૮૦૦૦૦૦૦
જવ	,,	૩૦૦૦૦૦૦૦૦
કઠોળ તથા પરચુરણ	,,	૧૬૭૦૦૦૦૦૦

જે પાક ઉત્પન્ન થયો તે દેખાડનારી આ રકમોમાં ઘઉં. મકાઈ બાજરી અને કઠોળની રકમો ઘણી મોટી છે. અકંદરે ઉપર જણાવેલી રકમો જે ખોરાક પુરો પાડવામાં આવ્યો તેનું પ્રમાણ દર્શાવનારી છે. હવે આપણે આ રકમોને જુદી જુદી પ્રજામાં વેહેચી નાંખી તે દેશોના પાક તરફ નજર કરીએ, એટલે કે મુખ્ય ધાંન કયા મુલકોમાં થાયછે તેનો વિચાર કરીએ.

ઘઉં—(યુરોપના દેશો) ફ્રાંન્સ, રૂશીઆ, ઓસ્ટ્રીઆ, હંગેરી, ઇટલી, જર્મની સ્પેન, યુનાઇટેડ કીંગડમ, તુર્કસ્થાન, (બીજા દેશો) યુનાઇટેડસ્ટેટ, હિંદુસ્થાન, કેનેડા, અને આસ્ટેલીઆમાં ઘઉં ઉત્પન્ન થાય છે.

બાજરી—અથવા ઇંગ્રેજીમાં તેવાજ અનાજને રાય કહેછે તે રૂશીઆ, જરમની, ઓસ્ટ્રીઆ, હંગરી ફ્રાંન્સ ને હિંદુસ્થાનમાં થાય છે.

જવ—રૂશીઆ ઓસ્ટ્રીઆ હંગરી જરમની યુનાઇટેડ કીંગડમ, ફ્રાંન્સ યુનાઇટેડ સંસ્થાન અને અલજીર્સમાં થાયછે.

મકાઈ—યુનાઇટેડ સંસ્થાન ઓસ્ટ્રીઆ, હંગેરી, ઇટાલી અને રોમાનીઆમાં થાયછે.

કઠોળ—રશીઆ, યુનાઇટેડ સંસ્થાન, જરમની, ફ્રાંન્સ, યુનાઇટેડ કીંગડમ ઓસ્ટ્રીઆ હંગેરી, કેનેડા, સ્વીડન, ડેનમાર્ક, હિંદ, વગેરે દેશમાં વિશેષ થાયછે.

જ્યારે ઉપર જણાવેલા દેશોમાં પુષ્કળ અનાજ પાકેછે ત્યારે તે બહાર દેશાવર રવાના કરવામાં આવેછે જેથી કિંમતમાં વધારે તફાવત પડતો નથી એટલે કે સહેજ ફેરથી સર્વ ઠેકાણે તે અનાજ મળેછે ને દુકાળની ધાસ્તી દૂર થાયછે. એવું તો ભાગ્યેજ બનેછે કે દુનીયાંમાં સર્વ ઠેકાણે પાકની સ્થિતિ એક સરખી હોય કાંઈ દેશમાં સારો પાક તો કોઈ દેશમાં ખરાબ પાક ઉતરે. યુરોપમાં સને ૧૮૮૫ અને ૧૮૮૬ ના વર્ષમાં પાકની હાલત સારી નહોતી ત્યારે ૧૮૮૫માં હિંદુસ્તાનમાં સારો પાક થયો હતો ને સને ૧૮૮૬ની સાલમાં મધ્યમ તથા ૧૮૮૯માં ઘઉંનો પાક ખરાબ હતો. સને ૧૮૮૫માં યુનાઇટેડ સંસ્થાનમાં ઘઉંનો પાક સારો ન હતો પણ મકાઇનો પાક સારો હતો ને સને ૧૮૮૬ માં મધ્યમ હતો ૧૮૮૯માં પાકની સ્થિતિ તદન ખરાબ હતી.

સને ૧૮૮૭ તથા ૧૮૮૮માં પાકની સ્થિતિ સારી ન હતી. ૧૮૮૮નો પાક સાધારણ હતો, ૧૮૮૭માં યુનાઇટેડ સ્ટેટમાં મકાઇનો પાક ઘણોજ ખરાબ હતો ૧૮૮૮માં ઘઉંનો પાકની સ્થિતિ પણ સારી નહતી. જુદા જુદા દેશમાં જુદા જુદા પાક હવાના ફેરફારને લીધે જુદા જુદા વખતે ઉતરેછે તેથી ઘણુંજ સવળ થઈ પડેછે. બધી જાતના વેપારની સ્થિતિ તપાસતાં જુદા જુદા દેશમાં અનાજના વેપારની સ્થિતિ ઘણી મોટીછે એટલે કે ૧૪૦૦૦૦૦૦૦ પાઉન્ડ જેટલીછે. કિંમતના પ્રમાણમાં દાણાનો જથ્થો ૭૫૦ થી ૮૦૦ ગુણલ જેટલો થાયછે જેનીચે જણાવેલા કોઠાથી ધ્યાનમાં આવશે.

ઘઉં	૪૦ ટકા
બાજરી	૧૦ ટકા
જુવાર	૧૨ ટકા
મકાઈ	૧૪ ટકા
કઠોળ	૯ ટકા
બીજા પરચુરણ	૫ ટકા

જે દેશમાં જમીનનું ખોડાણ વિશેષ થાયછે તથા જ્યાં હવાપાણી આદ્રક હોય છે ત્યાં જોઇએ તેથી વિશેષ પાક ઉત્પન થાયછે ને તેથી દેશનું અનાજ દેશાવર ચડાવી વેપાર સારો ચલાવવામાં આવેછે. વળી જે દેશના લોકો પોતાનું ગુજરાન ચલાવવા સારૂ કારીગરી તથા ઉદ્યોગમાં મંડ્યા રહેછે તેજ દેશ સાથે તે વેપાર ચાલી શકેછે. આપણે અનાજની આવક અને જાવક સમજવા સારૂ અનાજની આવકના દેશો અને અનાજની જાવકના દેશોના વિભાગ પાડી તેની ગણત્રી કરીએ.

અનાજની આવકવાળા મુખ્ય દેશો.

દેશનાં નામ	સને ૧૮૮૮માં જાવક કરતાં પણ આવક વધારે હતી.
યુનાઇટેડ કીંગડમ.	૫૧
ફ્રાન્સ.	૧૪
જરમની.	૯
બેલજીઅમ.	૮
હોલાંન્ડ.	૭
ઇટલી.	૬

અનાજની જાવકના મુખ્ય દેશો.

	સને ૧૮૮૮માં આવક કરતાં પણ જાવક વધારે હતી. હન્દર પાઉન્ડની કીમતનું અનાજ
યુનાઇટેડ સંસ્થાન અમેરીકાનું.	૨૪
રશીઆ.	૩૯
હિંદુસ્થાન.	૧૫
ઓસ્ટ્રીઆ હંગેરી.	૧૩
રોમાનીઆ.	૮

ઉપર જણાવેલા કોઠાથી આપણે એકલા અનાજની આવક જાવક થઈ એમ ધારવાનું નથી, કારણ ઘણા જુદા જુદા કારણોને લીધે પાકની હાલતમાં ફેર પડે છે. આ વિવેચનની ઘણી જરૂર હોવાથી દરેક જાતનો થોડો હેવાલ લખવો જરૂરનો છે.

ઘઉં—જે દેશની સ્થિતિ સારી સુધરેલી છે અને જ્યાં અનાજનો ધંધો ચાલેછે. ત્યાં ઘઉં ઘણું ઉપયોગી ધાંન ગણાયછે. તેને ઉનાળાની ગરમ એટલે વસંત ઋતુની હવાની જરૂર છે. પણ જે બરફથી બચાવવામાં આવેતો શીઆળાની મોસમમાં પાક સારો થાયછે. આ પાકનો વખત દેશની જુદી જુદી હવા ઉપર આધાર રાખી થાય છે એટલે કેટલાક દેશમાં વર્ષની અમુક ઋતુમાંજ થાયછે. ઘઉંનો પાક કીઆ દેશમાં ક્યારે થાયછે તે જાણવું જોઇએ.

જાનેવારી–ઓસ્ટ્રેલીઆ. ન્યુઝીલાંન્ડ ચીલી. આર્જન્ટાઇન. ફેબ્રુઆરી–ઇસ્ટઇન્ડીઝ. માર્ચ—સદર. એપ્રિલ—મેક્ષીકો ઇજીપ્ત ઇરાન અને સીરીઆ. મે—ચીન જાપાન ઉત્તર એશીઆ મૈનર, અલજીર્સ. જુન—ટ્રેલીફોર્નીઆ, સ્પેન પોર્ટુગલ, ઇટલી, ગ્રીસ ફ્રાંન્સની દક્ષિણમાં. જુલાઈ—ફ્રાંન્સ જર્મનીના દક્ષિણ ભાગમાં. ઓસ્ટ્રીઆ. રશીઆતી— દક્ષિણના ભાગોમાં અને યુનાઇટેડ સંસ્થાનમાં. ઓગસ્ટ—જરમની, બેલજીઅમ, હોલન્ડ, ડેન્માર્ક, ઈંગ્લાંન્ડ અને કાનડાના ભાગમાં સપટેમ્બર—નોરવે, સ્વીડન, સ્કોટલંન્ડ, રશીઆ અને કાનડા. ઓકટોબર—રશીઆની ઉત્તરના ભાગમાં. નવેમ્બર —આફ્રિકાની દક્ષિણના ભાગમાં. ડીસેમ્બર—ઓસ્ટ્રેલીઆની દક્ષિણના ભાગોમાં. ઉપર

જણાવેલો ઘઉંનો પાક જુદાજુદા દેશમાં એક સરખો ઉતરે છે એમ કોઈ રીતે સમજવાનું નથી. અનાજના મોટા પાકના દેશોમાં, જે દેશમાં વસ્તી વધારે ગાઢી હોય છે તેના કરતાં ઓછો પાક થાય છે અને કેટલાક દેશમાં ઘણી સંભાળથી જમીનનું ખેડાણ વધારે કરવા છતાં બીજકુલ પાક ઉતરતો નથી. આ નીચેના કોઠા ઉપરથી જણાશે કે ડેનમાર્કને ઈંગ્લંડમાં ઘઉંના પાકની સંખ્યા યુનાઇટેડસ્ટેટ અને દક્ષિણ અમેરિકા કરતાં વધારે છે. દરેક એકરે કેટલા બુશલ ઘઉં ઉતરે છે તે નીચેના કોઠાથી જણાશે.

દેશનાં નામ	દરેક એકરે કેટલા બુશલ ઉતરેછે તે.	દેશનાં નામ.	દરેક એકરે કેટલા બુશલ ઉતરેછે તે.
ગ્રેટબ્રીટન	૨૮	ઇટલી	૯
જરમની	૨૧	હિંદુસ્થાન	૯
ફ્રાંન્સ	૧૭	યુનાઇટેડ સંસ્થાન	૧૨
રૂશીઆ	૯	ન્યુસાઉથવેલ્સ	૧૪½
બેલજીઅમ	૨૦	ન્યુઝીલંન્ડ	૨૬
હોલાંન્ડ	૨૯	દક્ષિણ આસ્ટ્રેલીઆ	૭¾
ડેનમાર્ક	૪૨	વીક્ટોરીઆ	૧૨
ઓસ્ટ્રીઆ	૧૫	મેનીટોબા	૧૮
હંગેરી	૨૦½	ઓનટેરીઓ	૧૭

ઘઉં વાપરનારી પ્રજા મુખ્યત્વે કરી ઘણી ઉદ્યોગી છે તેમાં—દક્ષિણ યુરોપ—ઉત્તર અમેરિકા—અને ઓસ્ટ્રેલીઆના મુલકો મુખ્ય છે.

આ પ્રમાણે વર્ષ દિવસનો ઘઉંનો ખપ દરેક માણસે કેટલા બુશલનો ગણવામાં આવે છે તે આ પ્રમાણે:—

યુનાઇટેડ કીંગડમમાં	૬ બુશલ
ફ્રાન્સમાં	૮ ,,
બેલજીઅમ હોલંન્ડમાં	૫ ,,
ઇટલીમાં	૫½ ,,
કેનેડામાં	૬ ,,
વીક્ટોરીઆમાં	૬ ,,
યુનાઇટેડ સંસ્થાનમાં (મકાઈ ઘણા વપરાયછે)	૪¾ ,,

રૂશીઆમાં બાજરી લોકોનો મુખ્ય ખોરાક છે, જ્યારે જર્મનીમાં ફક્ત માણસ દીઠ વર્ષ દિવસમાં ૩ બુશલ ઘઉં વપરાય છે. વળી ઉત્તર જર્મનીના લોકો બીજકુલ ઘઉં વાપરતા જણાયા નથી.

૧૮૮૯ની સાલ એકંદર આખી દુનીઆ ઉપરનો ઘઉંનો પાક ૨૦૪૦ બુશલ આંકવામાં આવ્યો હતો. સને ૧૮૯૦માં પણ એટલોજ પાક ઉતર્યો હતો. ઘઉનો પાક

બાહાર દેશાવર મોકલનાર દેશોમાં યુનાઇટેડ સંસ્થાન રૂશીઆ અને હિંદુસ્થાન મુખ્ય છે. આ દેશનો પાક યુરોપની ઘાડી વસ્તીવાળા દેશોમાં તેમાં મુખ્યત્વે કરી યુનાઇટેડ કીંગડમ કે જ્યાં તે દેશના વપરાશ જેટલો પાક પણ નીપજતો બંધ પડયો છે ત્યાં મોકલવામાં આવે છે. આ ત્રણ દેશોની ઘઉંની જાવકની આશરે ગણતરી નીચેના કોઠાથી જણાશે.

વર્ષ	યુનાઇટેડ સંસ્થાન	રૂશીઆ	હિંદુસ્થાન
૧૮૮૧	૧૮૬૩૦૦૦૦	૩૬૫૦૦૦૦૦	૧૩૮૦૦૦૦૦
૧૮૮૨	૧૨૧૮૦૦૦૦૦	૪૮૬૦૦૦૦૦	૩૭૧૦૦૦૦૦
૧૮૮૩	૧૪૭૮૦૦૦૦૦	૭૬૩૦૦૦૦૦	૨૬૪૦૦૦૦૦
૧૮૮૪	૧૧૧૫૦૦૦૦૦	૮૩૭૦૦૦૦૦	૩૮૨૦૦૦૦૦
૧૮૮૫	૧૩૨૫૦૦૦૦૦	૬૭૭૦૦૦૦૦	૨૬૫૦૦૦૦૦
૧૮૮૬	૬૪૫૦૦૦૦૦	૬૧૭૦૦૦૦૦	૩૬૩૦૦૦૦૦
૧૮૮૭	૧૫૩૮૦૦૦૦૦	૫૧૬૦૦૦૦૦	૪૧૫૦૦૦૦૦
૧૮૮૮	૧૧૬૬૦૦૦૦૦	૭૬૬૦૦૦૦૦	૨૫૨૦૦૦૦૦
૧૮૮૯	૮૮૬૦૦૦૦૦	૧૨૫૧૦૦૦૦૦	૩૨૮૦૦૦૦૦
૧૮૯૦	૧૦૬૪૦૦૦૦૦	૧૦૨૪૦૦૦૦૦	૨૬૭૦૦૦૦૦

આ છેવટના વર્ષોમાં એક વર્ષ એવું છે કે જેમાં હિંદુસ્થાનમાં સારો પાક થએલો છે અને તે એમ બતાવે છે કે હિંદુસ્થાનમાંથી યુરોપખાતે ઘણા ઘઉં ચડેલા છે, ત્યારે બીજા દેશમાં પાકની ખરાબ સ્થિતિ હોવાથી ઓછા ચડેલા છે. ઉપરના કોઠા ઉપરથી સાફ સમજાય છે કે યુનાઇટેડ સંસ્થાનમાં ઘઉંનો પાક પ્રતિવર્ષ ઘટતો જાય છે અને એમ અનુમાન કરી શકાય છે કે, ત્યાંની વધતી જતી વસ્તીના પ્રમાણથી અને જમીનનું પ્રમાણ ઘટવાથી થોડી ખેતી થવાથી તે પાક સદંતર બંધ થવાનો વખત જલદી આવી પોંહોચશે. બીજી બાજુથી જુઓ તો રૂશીઆમાં પાક વધતો જતો જણાય છે. એકંદરે યુનાઇટેડ કીંગડમ સાથે સંબંધ ધરાવતા આ ત્રણે દેશો ઘણા જરૂરના છે, કારણ ઘણાખરા આ ત્રણે દેશો પોતાની ઘઉંની આવકનો પોણો ભાગ બાહારગામ ખાતે ચહડાવે છે.

વૈદ્યશાસ્ત્ર.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૯ થી)

જે પ્રજાઓ અને જાતો વૈદ્ય-શાસ્ત્રની કંઈ પણ મદદ વગર અથવા જે ઉપચારોથી મનુષ્યને નુકસાન થવું જોઇએ તેવા ઉપચારો છતાં બળવાન્ અને તંદુરસ્ત સ્થિતિમાં સારી રીતે રહી છે, તેવાંનાં અનેક દૃષ્ટાંત લેતાં સિદ્ધ થશે કે વૈદ્યશાસ્ત્રથી અમુક વ્યક્તને ફાયદો થાય છતાં સમસ્ત પ્રજાને લાભ ન થાય. હુએરિક નામે એક આફ્રિકાખંડમાં રહેનારી, પ્રાચીન કાળથી આજસુધી ચાલી આવતી પ્રજા આનું એક દૃષ્ટાંત છે. હિરોડોટસ (પુ. ૪ પૃષ્ઠ ૧૮૭) કહે છે કે ' લીબીઅન લોક જેવી ના-

રોગી પ્રજા મેં જોઈ નથી; અને તેમની આરોગ્યતાનું ગુપ્ત રહસ્ય કપાળમાં રગ ડાવી એ હતું. રોલીન્સનને આધારે, ટુએરિક પ્રજાને હિરોડોટસે કહેલા લીબીઅન લોકના વંશ જ ગણવાનો ઉત્તમ હક છે. બેશક આરોગ્યતા વિષેના તેમના વિચાર વિપરીત હોવા છતાં તેઓ પણ આબાદ સ્થિતિની તેવી જ શક્તિ દર્શાવે છે, અને તેઓને પણ ડામ દેવાનો ઉપાય તેટલો જ ગમે છે. આ સૈકાની શરૂઆતમાં કેપ્ટન લાયેન તેમની મુલાકાતે ગયો હતો; તેણે જોયું તો, જેઓને કલેજાનું દરદ, બરોળનું વધવું, ખાંસી, ક્ષય, અંતરગળ, અને ગાંઠના રોગ લાગુ પડ્યા હોય તેમને લોહું તપાવીને ડામ દેતા. આંધળાના લમણા ડામતા અને આંખોની વચ્ચે કાંદા (ડુંગળી) બંધાવતા. આ પ્રજામાં ન્હાવા ધોવાનો અતિશય સજ્જડ તિરસ્કાર હતો. તેઓ કહેતા કે, 'મનુષ્યનું ચાલી શકે તો, તેણે પોતાની તબીયત બગાડી દેવી એવી ઈશ્વરની ધારણા કદી છે જ નહિ. પાણી તો પીવા તથા રાંધવા માટે આપ્યું છે, તેથી ટુએરિકની ત્વચાને અનુકૂળ છે નહિ; ઘણું ન્હાવા ધોવાથી તે હમેશ માંદા પડે છે.' પરંતુ આમ છતાં, અને વળી તેઓ ૧૩૬ અંશ સુધી ચઢતી ઉષ્ણતાવાળી હવામાં રહેતા હતા, તેમ છતાં, કેપ્ટન લાયેને તેમને 'અતિ સુંદર, ઊંચા, સીધા અને ખુબસુરત' તરીકે વર્ણવ્યા છે.

પ્રાચીન અને અર્વાચિન જમાનાની સરખાવટ કરી જોવાથી પણ એજ અનુમાન નીકળે છે કે વૈદ્યશાસ્ત્રની કુશળતાથી પ્રજાને લાભ થયા સિવાય અમુક વ્યક્તિને જ લાભ થાય છે. એમાં તો કંઈ શક નથી કે અર્વાચિન વૈદ્યકની કુશળતાથી ઘણીક વખત રોગી મનુષ્યનું આયુષ્ય લંબાય છે, અને વૃદ્ધાવસ્થા સુધી તેને જીવાડેછે, ત્યારે વૈદ્યની મદદ સિવાય, અથવા પ્રાચીન કે મધ્યકાળના જમાનામાં જે મદદ મળી શકવી સંભવિત હતી, તેટલી મદદથી તો તે યુવાવસ્થામાં અથવા નાની ઉમ્મરે ગુજરી જાત. છતાં પુરવાર કારણોથી એમ માનવામાં આવે છે કે પ્રાચીન ગ્રીસ અને રોમના સમયમાં તેમજ મધ્યકાલમાં મનુષ્યના આયુષ્યની જે સરાસરી હતી તે કરતાં હાલ કંઈ ચઢતી નથી. કમનસીબે પ્રાચીનકાળનાં આયુષ્યની માત્ર ઘણી ભાગી તુટી નોંધ હાલ મળી શકે તેમ છે. પરંતુ કોઈ માણસ પોતે જે મત પ્રતિપાદન કરવા ઈચ્છતો હોય તેના ટેકામાં લાંબા આયુષ્યના કે અકાળ મૃત્યુના વિચારપૂર્વક વીણી કાઢેલા દાખલા આપે તે કરતાં આવી ભાગી તુટી ગણત્રીની નોંધ વાપરવી તે વધારે રીતસર છે. જેમ કે—૮૮ વર્ષની ઉમ્મરે પોતાના ઘોડેસવારોના લશ્કરને મોખરે રહી હલ્લો કરનાર એસીનીસા એ લાંબા આયુષ્યનું વધારે ચમત્કારિક દૃષ્ટાંત ગણાય, કે હાલના જર્મનીના શેહેનશાહનો પિતામહ, અગર ટેનિસન અને બ્રાઉનિંગની વૃદ્ધાવસ્થા સમયની કાવ્યશક્તિ કરતાં સોફોક્લિસે વૃદ્ધાવસ્થામાં વિશેષ કર્યું હશે? અથવા, જે પરાક્રમ મી. ગ્લેડસ્ટને પોતાના આઠમા દસકામાં કર્યાં તેમાં પ્રાચીન કાળનો કોઈ વક્તા તેની બરોબરી કરી શકે કે કેમ?—આ બાબતો વિષે વિચાર ચલાવવામાં આનંદ અને રસ પડે, પરંતુ આવા છુટક દાખલાઓનો ઝગડો, સંભવિત અનુમાન કાઢવાના સાધન તરીકે તો નિરુપયોગી નીવડે. (તેથી) આપણો હેતુ બર આવવાનો વધારે સારો સંભવ તો એમ છે કે કોઈ બીજો જે દીર્ઘાયુષ્યના સવાલનો વિચાર ન કરતો હોય, તેવા એ ભેગા કરેલા દાખલાનો ઉપયોગ કરવો, અને તેમાંથી શું અનુમાન નીકળેછે, તે જોવું. 'Every bodys' pocket cyclopæria' ('દરેક મનુષ્ય માટે સર્વજ્ઞાનસંગ્રહની લઘુપોથી' નામે) ગ્રંથના પ્રસિદ્ધ કર્ત્તાએ આવો લાભ આપણને આપ્યો છે; તેણે પ્રાચીન અને અર્વાચિન સૈકાના ૧૦૯ પ્રસિદ્ધ પુરૂષોનાં નામનો સંગ્રહ કર્યો છે અને સેહેજ જ તેમના જન્મ મરણની તારીખો નોંધી છે. ત્યાં આપેલી તારીખો આપણે ખરી માની લઇએ અને નવ માણસોની તારીખો તે નોંધમાં આપી નથી, જેવા કે હોમર, મોઝીઝ, ઝોરોસ્તર, કોન્ફ્યુશીઅસ, બુદ્ધ, પાઇથાગોરસ; અથવા તો જેની સંશયાત્મક આપી છે, જેવા કે સેંટ પોલ, હીપ્પોક્રેટીસ, અને ગેલન, આટલાને ગણત્રીમાંથી બાતલ કરીએ. આ પ્રમાણે આપણી પાસે ૧૦૦ પ્રખ્યાત પુરૂષો રહ્યા, તેના ત્રણ વર્ગ પાડીએ; પેહેલા વર્ગમાં ૨૨ માણસો, જેઓ ઈ. સ. પૂર્વે થઈ ગયા; બીજામાં ૫૨ માણસો, જેઓ ઇ. સ. નાં પ્રથમ સત્તર સૈકામાં થઈ ગયા; અને ત્રીજામાં ૨૬ માણસો લઇએ, તેઓનો જન્મ અઢારમા સૈકાની શરૂઆત પછી થયો છે. આ દાખલાઓની સંખ્યા જો કે વગર છુટકે ઘણી નાની છે પરંતુ તેમની યોગ્યતાને વિષે જે સારામાં સારા આપણને મળી શકે તેવાજ આ છે, કારણ કે તે દાખલા નામાંકિત પુરૂષોના છે; અને નામાંકિત પુરૂષોને ઘણુંકરીને સર્વોત્તમ વૈદ્યકની મદદ મળી શકે તેમ હોય છે. તેથી વૈદ્યશાસ્ત્રની શક્તિને વિશેષ પ્રકાશમાં આણવામાં સાધારણ મનુષ્યો કરતાં પ્રસિદ્ધ પુરૂષોના દાખલા વધારે ઉપયોગી છે. ત્રણે વર્ગના પુરૂષોની ઉમ્મર સાથે નામ નીચે પ્રમાણે છે.

પ્રથમ વર્ગઃ—પીંડાર, ૭૪; એસ્કીલસ, ૬૦; સોફોક્લીસ, ૯૦; યુરીપીડીસ, ૭૪; એરિસ્ટોફેનિસ, ૬૪; મિનેન્ડર, ૫૧; હ્યુક્રેસ્યસ, ૪૦; વર્જીલ, ૫૧; ફીડીઆસ, ૫૯; પ્રેક્ષિટિલિસ, ૭૦; સોક્રેટિસ, ૭૦; પ્લેટો, ૮૧; એરિસ્ટોટલ, ૬૨; હિરોડોટસ, ૭૮; થુસીડીડીસ, ૬૯; ડિમોસ્થેનિસ, ૬૦; સિસેરો, ૬૩; આર્કિમિડિસ, ૭૫; પેરિક્લિસ, ૭૦; અલેક્ઝાંડર, ૩૩; હેનિબૉલ, ૬૪; સીઝર, ૫૬;

દ્વિતીય વર્ગઃ—ડેન્ટી, ૬૦; રાલેલેસ, ૭૦; સર્વેન્ટીસ, ૬૯; શેક્સપિઅર, ૫૨; મીલ્ટન, ૬૬; ગેાવિએર, ૫૧; લીઓનાર્ડો વીન્સી, ૬૭; માઇકેલ એન્જેલો, ૮૯; રાફેલ, ૩૭; કેરોંજીઓ, ૬૦; ટીશીઅન, ૯૬; રૂબન્સ, ૬૩; રેમ્બ્રેન્ટ, ૬૨; બેક, ૬૫; હૅન્ડેલ, ૭૪; મહમદ, ૬૨; સેન્ટ ઑગસ્ટાઈન, ૭૬; સેન્ટ બર્નાર્ડ, ૬૨; આરસીસીનો સેંટ ફ્રેન્સીસ, ૪૪; ઇરેસ્મઝ, ૭૦; લ્યુથર, ૬૩; કેલ્વીન, ૫૫; લૉયેાલા, ૬૫; બૅરસુએટ, ૮૭; સેન્ટ ટોમસ એકવીનાસ, ૪૭; બેકન, ૬૫; ડેકાર્ટે, ૫૪; સ્પાઇનોઝા, ૪૫. લોક, ૭૨; લીબનીટ્ઝ, ૭૦; બર્કલી, ૬૮; ટૅસીટસ, ૬૩; પ્લુટાર્ક, ૭૦; મોન્ટેન, ૬૦; મોન્ટેસ્કયુ, ૬૬ વોલ્ટેર, ૮૪; કોપાર્નિકસ, ૭૦; કેપ્લર, ૫૯; ગેલીલીઓ, ૭૮; હાર્વે, ૭૯; ન્યુટન, ૮૫; શાલમેન, ૭૨; મહાન આલ્ફ્રેડ,

૫૨; વિલ્યમ કોંકરર, ૬૦; પાંચમો ચાર્લ્સ, ૫૮; વિલ્યમ સાઇલેંટ, ૫૧; રીશેલ્યુ, ૫૭; ક્રોમ્વેલ, ૫૯; મહાન પિટર, ૫૩; ગસ્ત્રનમર્ગ, ૬૮; કોલમ્બસ, ૭૦; પેલિસ્સી, ૮૦.

તૃતીય વર્ગઃ—ગીટે, ૮૩; સ્ક્રૉટ, ૬૧; ઓઝાર્ટ, ૩૫; બીહ્વેવન, ૫૮; જે. વેસ્લી, ૮૮; હુમ, ૬૫; કેન્ટ, ૮૦; ડીડરોટ, ૭૧; લેસ્સીંગ, ૫૨; ગીબન, ૫૬; લીનીયસ, ૭૧; લેવોઇઝીઅર, ૫૧, બીચેટ, ૩૧; કવીઅર, ૬૩; ફ્રેડરીક, ૭૪; વૉશીંગ્ટન, ૬૭; જેફર્સન, ૮૩; નેલ્સન, ૪૭; નેપોલીઅન, ૫૨; વેલીંગ્ટન, ૮૩; ફ્રેંકલીન, ૮૪; મેન્ટગોલ્ફાયર, ૭૦; હાવર્ડ, ૬૪; આર્કરાઇટ, ૬૦; જે. વૉટ, ૮૩; સ્ટીવન્સન, ૬૭.

મૃત્યુ સમયે ઉમ્મરની ખાત્રી નહિ હોવાથી, આ વર્ગોમાંથી બાતલ કર્યા તે-હોમર, ઓઝીઝ, ઝોરાસ્ટર, કોન્ફ્યુસ્યસ, બુદ્ધ, સેન્ટ પૉલ, પાઇથાગોરાસ, હિપ્પોક્રેટિસ, અને ગેલન.

જે કોઈ હિસાબ કરવા બેસશે તેને માલુમ પડશે કે પેહેલા વર્ગના પુરૂષોની વયની સરાસરી ૬૫$\frac{૬}{૭}$; બીજાની ૬૪$\frac{૬}{૭}$; અને ત્રીજાની ૬૫$\frac{૬}{૭}$ થાય છે. આ ગણત્રી ઉપરથી તો, છેલ્લાં બે સૈકાંમાં કરેલા વૈદ્યક શાસ્ત્રના મોહોટા વધારા સુધારાથી આયુષ્યની સરાસરી લાંબી વધ્યાની કંઈપણ ચોખ્ખી સાબિતી મળતી નથી. યાદીમાં જણાવેલ, પણ ઉપરની ગણત્રીમાં નહિ લીધેલ, ઓઝીઝ વિષે બાઇબિલમાં આપણા વાંચવામાં આવે છે કે તે 'જ્યારે ગુજરી ગયો ત્યારે તેનું વય ૧૨૦ વર્ષનું હતું;' અને વળી વૈદ્યક શાસ્ત્રની દૃષ્ટિથી જોતાં નીચેની રસુજ ખબર પણ વધારવામાં આવી છે કે 'તેનું ચક્ષુઃ તેજ ઝાંખું પડ્યું ન હતું કે તેનું સામાન્ય અંગ બળ નરમ પડ્યું ન હતું.'* તે યાદીમાં હિપ્પોક્રેટોસને નામે આયુષ્ય ખાતે ૧૦૩ વર્ષ ચઢાવ્યાં છે પણ પ્રગટ કર્તા તેની તારીખો પછી શંકાનું ચિન્હ મુકે છે, તેથી તેને ગણત્રીમાંથી બાદ કરવો એ વધારે સલામતિ ભરેલું છે. હિપ્પોક્રેટિસ અને ઓઝીઝ અથવા તો હિપ્પોક્રેટિસ એકલોજ જો ઉપર પ્રથમના વર્ગમાં વધાર્યો હોત તો ઈ. સ. પૂર્વેની જીંદગાનીની સરાસરી, પછીના બે કાળની સરાસરી કરતાં, ચોખ્ખી રીતે ચઢી જાત. ગેલનનાં વર્ષ પણ 'સર્વજ્ઞાન સંગ્રહ' માં ૭૦ લખ્યાં છે, તે તારીખની પાછળ, હિપ્પોક્રેટિસના સંબંધમાં છે તેવું શંકા ચિન્હ મુક્યું છે. બીજા વર્ગમાં તેને ઉમેરવાથી તે વર્ગની સરાસરી ૬૬ ઉપર થઈ જાત, અને સેંટ પૉલે યાદીમાં આપેલી તારીખો પ્રમાણે ૬૨ કે ૫૫ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું, તેને ઉમેરવાથી જરા કમતી થઈ જાત.

*આ એક જ દાખલા પરથી અનુમાન કરી સામાન્ય નિયમ આપું છું, એવો જો કોઈ બાધ ન લેતો ! મારૂં પ્રથમના અંકમાં જે કહેવું થયું છે કે શારીરિક સ્થિતિ દિવસાનુદિવસ મનુષ્ય માત્રની બગડતી ચાલી છે, તેનું આ દૃષ્ટાંત છે, અને આવું અનુમાન સ્વાભાવિક રીતે નીકળે છે, માટેજ ઉપર લખ્યું છે કે વૈદ્યક શાસ્ત્રની દૃષ્ટિથી જોતાં તે 'રસુજ' છે

હવે આપણે બીજો મુકાબલો લઇએ. હજુ પણ આપણે નામાંકિત પુરૂષોનેજ અવલંબી રહેવું પડશે, કારણ કે પ્રાચીન દુનિયાંએ સામાન્ય પુરૂષોના દીર્ઘાયુષ્યની કંઈ પણ ગણત્રી આપણને આપી નથી. રાજ્ય ખટપટી પુરૂષોમાંથી આપણને સારોમુકાબલો મળી શકશે નહિ; કારણ કે અસલના વખતમાં રાજ્યતંત્રમાં જેઓ ભળતા તેમની જીંદગી ઘણીક વખત નિરંતર યુદ્ધ, શિરચ્છેદ અથવા કાવતરાંમાં ખુનથી, ઠુંકામાં પુરી થતી. વિદ્વાન્ વર્ગ મુકાબલાનું સારૂં સ્થાન થઈ પડશે, અને આ વખતે આપણે માત્ર તેમનેજ વળગી રહીએ, અને આપણા દાખલા વીણીને લેવાય નહિ એવી સંભાળ રાખીએ.*

લૉર્ડ બેકનકૃત નિબંધો.

વિપત્તિ.

"સંપત્તિ કાળની જે સારી વાતો છે તે ઈચ્છા કરવા યોગ્ય છે, પણ વિપત્તિ સમયની જે સારી વાતો છે તે પ્રશંસા કરવા યોગ્ય છે." એવું સેનેકા નામના તત્ત્વજ્ઞાનીનું મોહું વચન છે. અદ્‌ભુત ચમત્કાર એ શબ્દનો અર્થ એવો હોય કે કુદરતી નિયમો ઉપર સત્તા ચલાવવી—તો વિપત્તિ કાળમાં અદ્‌ભુત ચમત્કારો ઘણુંજ દૃષ્ટિએ પડે છે, એમાં કાંઈ પણ સંશય નથી. મનુષ્યની દુર્બળતા અને મહાન્ પ્રભુની નિર્ભયતા એ બન્ને બાબતો એક જ પુરૂષમાં હોય તે જ ખરેખરૂં મોટાપણું કહેવાય, એવું ઉપર લખેલા તત્ત્વજ્ઞાનનું એક બીજું ઉપરના કરતાં એ ઉત્તમ વચન છે. આ વિચારનું કવિતામાં વર્ણન કર્યું હોત તો તે બહુ જ શોભત, કારણ કે કવિતામાં અતિશયોક્તિની વધારે છૂટ છે; અને કવિઓએ તેમ જ કર્યું છે. અને પૂ-

*જરાક આગળ વધીશું, અને દાખલા લઈ રહીશું એટલે સરાસરી શું, અને તેનો ઉપયોગ શું, તે અમારા ગુજરાતી વાચક ભાઇઓને સમજાવીશું. હાલ તો માત્ર પ્રખ્યાત, સત્તાધીશ, શ્રીમંત અમલદાર, વિદ્વાન એવા વર્ગોમાંના મનુષ્યો પ્રાચીનકાળમાં કેટલું જીવતા તેનો દાખલો છે, તે દાખલાને હાલના તે તે વર્ગના મનુષ્યો કેટલું જીવે છે તે સાથે સરખાવી જોઇએ. નામાંકિત, હાલના અને પ્રાચીનકાળના પુરૂષોના, ફિલસુફ, રાજ્ય-કુશળ, વિદ્વાન, કવિ, એવા વિભાગ પાડી દરેક જમાનાના એક વિભાગને બીજા જમાનાના તેજ વિભાગ સાથે—ફિલસુફને ફિલસુફ સાથે, કવિને કવિ સાથે એમ સરખાવે છે. કમનશીબે એક વાતની ખરેખરી ખામી છે. દુનિયાનું કલ્યાણ કરવા બગલમાં કોથળી લઈ ફરતા દાકતરોની પોતાની શી સ્થિતિ છે? વૈદ્યકમાં હમણાં દિનપરદિન ઘણા શોધોથી સુધારો વધારો થતો જાય છે, તો 'દાકતરો' પોતે કંઈ વધારે જીવતા સાંભળ્યા? અગર એ ધંધામાં કંઈ એવો ગુણ હોય કે બીજા કરતાં કમનશીબે તેઓ વેહેલા મરે, તોપણ નવા શોધોથી પ્રાચીનકાળમાં વેહેલા મરતા, તે કરતાં કંઈ વિશેષ ફાયદો થયો? જવાબ કોણ દે? કોઈ દાકતર. !!!

રાતન કવિઓએ* કલ્પનાથી રચેલા એક વિચિત્ર કથનમાં સારાંશ એ જ વાત છે. એ કથામાં ગૂઢાર્થ રહ્યો છે એમ સ્પષ્ટ માલુમ પડી આવે છે. એમાં સદ્‌ધર્મનિષ્ઠની અવસ્થા કંઈક દર્શાવી છે. તેમાં કહ્યું છે કે હરક્યુલીશ પ્રોમિથિયસને બંધમાંથી છોડવાને સારૂ ગયો ત્યારે માટીનાં વાસણમાં બેસીને મહાસાગર તરી ગયો હતો. પ્રોમિથિયસને મનુષ્યસ્વભાવની પ્રતિમારૂપે કલ્પેલો જણાય છે. સંસાર સાગરના મોજામાં દેહરૂપી ક્ષણભંગુર નાવની સહાયતાવડે ધાર્મિક મનુષ્ય દૃઢ સંકલ્પથી પાર ઉતરે છે તેનું આબેહુબ ચિત્ર અહીં દર્શાવ્યું છે.

સાધારણ રીતે કહેતાં સંપત્તિ કાળનો સદ્‌ગુણ તે પરિમિત આચાર અને સહન શીલતા છે અને વિપત્તિ કાળનો સદ્‌ગુણ ધૈર્ય છે. આ બે સદ્‌ગુણો પૈકી વિપત્તિકાળમાં ધૈર્ય રાખવું એ સદ્‌ગુણ નીતિશાસ્ત્રમાં વધારે મનોબળવાળો ગણાય છે. ખ્રિસ્તી ધર્મના જુના કરાર (ઓલ્ડટેસ્ટમેન્ટ)માં સંપત્તિનું વરદાન દર્શાવેલું છે. અને નવા કરાર (ન્યુટેસ્ટમેન્ટ)માં વિપત્તિનું વરદાન દર્શાવેલું છે અને એ ધર્મમાં નવો કરાર વધારે મોટા આશીર્વાદ રૂપ ગણાય છે. અને ઈશ્વરના કૃપાળુ મનનું વધારે સ્પષ્ટ પ્રમાણ મનાય છે. તોપણ એ ધર્મના જુના કરારના પુસ્તકમાં ડેવીડનાં સંગીત બદ્ધ પદો સાંભળીશું તો હર્ષનાં જેટલાં જ મૃત્યુકાળનાં પદો સાંભળવામાં આવશે, અને પવિત્ર આત્માએ (હોલીઘોસ્ટ) પોતે જ સોલોમનના સુખ કરતાં જૉબની વિપત્તિનું વધારે વર્ણન કર્યું છે. સંપત્તિ કાળ અનેક પ્રકારના ભય અને સંકટ વિનાનો છે એમ નથી તેમ જ વિપત્તિ કાળ પણ મનની શાંતિ અને આશાથી રહિત છે એમ પણ નથી. ભરત અને ગુંથણના કામમાં આપણે જોઇએ છીએ કે ખિન્ન કરે એવા ઘેરા રંગના લુગડાપર કરેલું મનોહર કામ જેવું શોભે છે તેવું જ આછા રંગના લુગડા ઉપર કરેલું કાળું ઘેરૂં કામ શોભતું નથી, તો, નેત્રના સુખ ઉપરથી હૃદયના સુખનો વિચાર કરી જુઓ, ખરે, સદ્‌ગુણ તે ઉત્કૃષ્ટ સુવાસમય પદાર્થ જેવો છે. તેને અગ્નિમાં નાંખી ધુપ કરવામાં આવે અથવા મસળી નાંખવામાં આવે ત્યારે તેની ખુશબો અત્યંત નિકળે છે. સંપત્તિ દુર્ગુણોને સારી રીતે બહાર પાડે છે અને વિપત્તિ સદ્‌ગુણોને સારી રીતે પ્રકાશિત કરે છે.

રા. રા. શેઠ મણિલાલ રણછોડદાસ

લાઇબ્રરી ફંડ.

અંજપોળ વહેરાઇપાડા.
અમદાવાદ, તા. ૧૫મી ફેબ્રુવારી ૧૮૯૬.

મેહેરબાન 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' ના સેક્રેટરી સાહેબ.
સાહેબ, મુ. અમદાવાદ.

વિનંતિ કે, જેમ બહુશ્રુતપણાથી મનુષ્યના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, તેમ સારા

* સ્ટેસીકોરસ, ઓપોલોડોરસ. અને બીજાઓ.

સારા ગ્રંથો અને વર્તમાન પત્રો વગેરે વાંચવાથી પણ મનુષ્ય જ્ઞાનવાન્ થાય છે; માટે જન સમાજમાં વાંચનની અભિરૂચિ ઉત્પન્ન કરવી એ કામ અવશ્યનું ગણાય છે, તેમજ હામ હામ લાઇબ્રેરીઓ અથવા વાંચન શાળાઓની હયાતી એ વાંચનનો શોખ વધારવાનું એક સબળ સાધન છે એમ હું માનું છું. હાલને સમયે ગુજર્જર પ્રજામાં વાંચન અભિરૂચિ વધારવી એ મને જરૂરનું લાગે છે. અમદાવાદ ગુજરાતનું પાયતખ્ત શહેર છે અને આ મોટા નગરમાં જોઇએ તેટલી વાંચનશાળાઓ નથી. એ ખોટ પૂરી પાડવા, અમદાવાદ ચંગપોળને નાકે રીચીરોડના મોટા માર્ગ ઉપર એક લાઇબ્રેરી (વાંચનશાળા) સ્થાપન કરવાની મારી અભિલાષા છે.

સદરહુ લાઇબ્રેરી ચલાવવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને હું રૂ૫૦૦૧ અંકે પાંચ હજાર ને એક, રૂપિઆની રકમ નીચેની શરતોથી સ્વાધીન કરવા ઇચ્છું છું.

૧ એ રકમ અમદાવાદની 'ધી આર્યોદય સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની લીમિટેડ' મિલમાં અથવા હવે પછી હું બીજું સ્થળ બતાવું તો ત્યાં વ્યાજે મૂકીને તેનું વ્યાજ સદરહુ લાઇબ્રેરીના ખર્ચમાં ખર્ચવું.

૨ સદરહુ લાઇબ્રેરીને શેઠ "મણિલાલરણછોડદાસ લાઇબ્રેરી" એ નામ આપવું.

૩ સદરહુ લાઇબ્રેરીની વ્યવસ્થા સોસાઇટીની વ્યવસ્થાપક કમિટીએ કરવી, અથવા તેને માટે ખાસ વ્યવસ્થાપક કમિટી નીમવી. તે કમિટીમાં સબ્સ્ક્રાઇબરોમાંથી પાંચ મેમ્બર તથા સોસાઇટી નીમે તે પાંચ મેમ્બર અને મારા કુટુમ્બનો એક પુરૂષ મેમ્બર એટલા રાખવા.

૪ લાઇબ્રેરીના નિયમોમાં એક નિયમ એવો રાખવો કે, લાઇબ્રેરીમાં બેશીને કોઈ પણ પુસ્તક કે પત્ર મુકૃત વાંચવાને હરકોઇને પરવાનગી છે.

લાઇબ્રેરીનો ટુંક હેવાલ સોસાઇટીના વાર્ષિક રિપોર્ટમાં છપાવવો.

૬ હાલ લાઇબ્રેરી સારૂ ચંગપોળને નાકે એક મેડો ભાડે રાખવાની ગોઠવણ કરી છે ત્યાં તેની સ્થાપના કરવી, અને હવે પછી મારી અથવા મારા કુટુંબનો જે માણસ વ્યવસ્થાપક કમિટીમાં હોય, તેની સંમતિ સિવાય મકાન બદલવું નહિ.

સદરહુ શરતોથી વિરૂદ્ધ ન હોય એવી રીતે પ્રસંગોપાત જરૂર હોય તેવી વ્યવસ્થા અથવા ફેરફાર કરવાને હું સોસાઇટીને સત્તા આપું છું.

સદરહુ શરતો સોસાઇટીને માન્ય હોય તો મને લખી જણાવ્યાથી હું સદરહુ રકમ સોસાઇટીને સ્વાધીન કરીશ.

લાઇબ્રેરી જેમ બને તેમ જલદી સ્થાપન કરવાની મારી ઇચ્છા છે માટે સદરહુ રકમ સિવાય લાઇબ્રેરી શરૂ કરવાને સારૂ ટેબલ, ખુરશી, અને કબાટ વગેરે ફરનીચર તથા ઇંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો ખરીદ કરવા સારૂ રૂ ૫૦૧) ની રકમ હું આપવાની ઇચ્છા જણાવું છું માટે આ વિષે યોગ્ય વિચાર કરી મને ઉત્તર આપવાની કૃપા કરશો.

લી. સેવક.
શેઠ મણિલાલ રણછોડદાસ.

રા. વ. ભોળાનાથ સારાભાઇ લિટરરિ ઇન્સ્ટિટ્યુટ ફૉર ફિમેલ્સ.

સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવાને તથા સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવાને અર્થે મિસિસ ઍશ્ટનના પ્રયાસથી સન ૧૮૮૯માં નેશનલ ઇંડીઅન ઍસોસિએશનની એક શાખાની અમદાવાદમાં સ્થાપના થઈ. સ્ત્રીઓની દશા સુધારવાનો આ સદુદ્દેશ પરિપૂર્ણ કરવાને સ્ત્રી વર્ગને માટે એક પુસ્તકશાળા, સંગ્રહસ્થાન તથા સ્ત્રીસમાજના સંસ્થાપન અર્થે એક મકાન બાંધવાનો કરાર થયો. આ સત્કાર્યની હીલચાલ થતાં ગુજરાતના કેટલાક ગૃહસ્થો તથા કાઠિઆવાડના કેટલાક રાજાઓ તરફથી ઉત્તેજન મેળવી એક ફંડ ઉભું કરવામાં આવ્યું, તે આ કામને જોઇએ તેટલું ન હોવાથી મર્હુમ સરદાર રા. બ. ભોળાનાથ સારાભાઈ સ્મારક ફંડના કાર્યભારીઓએ રૂ ૮૦૦૦, મર્હુમ ગૃહસ્થનું નામ આ ઇન્સ્ટિટ્યુટ સાથે જોડવાની શરતે, અર્પણ કરવાથી, મકાનની યોજના નિર્ણિત થતાં, સન ૧૮૮૯ ના ડિસેમ્બર માસમાં નામદાર ડચેસ ઓફ કૉનૉટના શુભ હસ્તે તેનો પાયો નાંખવામાં આવ્યો. આ ઇમારતનું બાંધ કામ અલ્પ કાળમાં પૂરું થયું તથા તેની ભવ્યતા તથા સૌન્દર્યના પ્રમાણમાં ખર્ચ ઓછું થયું તેનું માન કેળવણીના પ્રસારમાં ઉત્સાહથી પ્રવૃત્ત રહેનાર રા. બ. લાલશંકર ઉમયાશંકર, જેઓ લેડી ડફરીન ફંડની અમદાવાદની શાખાના ઑ. સેક્રટરી છે, તેમને ઘટેછે.

મુંબઈ ઇલાકાના નામદાર ગવર્નર લૉર્ડ સેન્ડહર્સ્ટે તરદી લઈ તા. ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૯૬ ને રોજ અત્ર પધારી આ મકાન ખુલ્લું મૂક્યું તેને માટે તથા આ શુભ પ્રસંગે તેઓ સાહેબના સન્માનાર્થે મળેલાં લગભગ ૨૦૦ સ્ત્રીઓ તથા ૪૦૦ પુરૂષોના મિલાવડા વચ્ચે મકાન ખુલ્લું મૂક્યા બાદ, તેઓ સાહેબે સ્ત્રી કેળવણી તથા સ્ત્રી મંડળના સુધારા સંબંધે ટુંક વિવેચન સાથે ભાષણ કર્યું, તેને માટે સ્ત્રી કેળવણીના સર્વ સુજ્ઞ હીમાયતીઓ તેઓના ઉપકૃત રહેશે તથા તેમની આવાં કામોમાં ભાગ લેવાની ઉત્સુકતાને ધન્યવાદ આપશે.

દેશના તેમજ દુનિઆના ઉત્કર્ષ અર્થાત્ કલ્યાણનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપર છે. સ્ત્રી કેળવણી વધારવાને એટલે જનહિત કરવાને માટે સરદાર રા. બ. ભોળાનાથભાઈ, તેમના સ્મારક ફંડના કાર્યભારીઓ, અન્ય સદ્‌ગૃહસ્થો તથા દેશીય તેમજ વિદેશીય વિદુષી સ્ત્રીઓએ આશ્રય આપી અને પ્રયાસ કરી આ ઇન્સ્ટિટ્યુટની સ્થાપના અમદાવાદમાં કરીછે તથા આ સ્થાપના પ્રથમ છે માટે દરેક સુશિક્ષિત મનુષ્યે તેમનો આભાર માનવો જોઇએ, તથા જન સમૂહનો સુધારો કરનાર આવાં સત્કર્મ જોઈ તેમજ તેવાં કર્મો કરી પોતાનું કર્તવ્ય કરવામાં આનંદ માનવો જોઇએ.

આનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ, ઈ, ઇનામફંડમાંથી સ્પર્ધાનાં ભાષણો.

૧ વનસ્પતિ ખોરાક અને તેની તંદુરસ્તી ઉપર થતી અસર.

૨ માદક પદાર્થોના ઉપયોગથી સંતતિ ઉપર થતી અસર.

આ બે વિષયો ઉપર સ્પર્ધાથી ભાષણો આપવા સંબંધી જાહેરખબર જાનેવારી સન ૧૮૯૬ના બુદ્ધિપ્રકાશના ૧લા અંકમાં આપવામાં આવી હતી તે ઉપરથી ભાષણનો સમારંભ અમદાવાદ હિમાભાઇ ઇન્સ્ટીટ્યુટમાં તા. ૧લી ફેબ્રુઆરી ૧૮૯૬ ને રોજ થયો. જાહેરખબર મુજબ વનસ્પતિ ખોરાક અને તેની તંદુરસ્તી ઉપર થતી અસર એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા ઉમેદવારે પોતાનાં નામ નોંધાવ્યાં હતાં. તેમાંનુ ૧ ડાક્ટર જોસેફ ઍનજમિન, ૨ ડાક્ટર કપીલરામ નરભેરામ, ૩ રા. રા. નાગે નેષ્ટારામ ૪ રા. રા. સાંકળચંદ લલ્લુભાઈ, ૫. રા રા. નરસી વિ. અમરશી ૬ રા. રા. ચુનીલાલ બદ્રીનાથ તથા, રા. રા. કેશવલાલ મહિપતરામ એ પ્રમાણે સાત જણ હાજર હતા. કોઈ ગેરહાજર હતુ નહિ. તે વખતે કેટલાક શ્રોતાઓ તથા પરીક્ષક કમિટીના ગૃહસ્થો આવ્યા હતા. નીચે લખેલા સદ્‌ગૃહસ્થોની પરીક્ષક કમિટીની દેખરેખ નીચે ભાષણો થયાં હતાં. રા. બા. લાલશંકર ઉમયાશંકર સોસાઇટીના ઓનરરી સેક્રેટરી, ડાક્ટર નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ, ડાક્ટર સોલોમન અબરામજી એડલકર રા. રા. રમણુભાઈ મહીપતરામ, રા. રા. કેશવલાલ મોતીલાલ, ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. ન આવવાથી રા. રા. મહેહાર ભીખાજી ઍલસરેને તેમને કેકાણે પરીક્ષક કમિટીમાં રાખ્યા હતા. પ્રથમ રાવ. બા. લાલશંકરે ભાષણ સમારંભના પ્રારંભ વિષે વિવેચન કર્યા પછી અનુક્રમવાર ભાષણ આપનારનાં નામ વાંચ્યાં તથા તેમનાં પરીક્ષા પત્રક પરીક્ષકોને માર્ક મૂકવા માટે આપ્યાં. પ્રથમ ડાક્ટર જોસફ ઍનજમીન પછી નાગેશ્વર જેષ્ટારામ, રા. રા. કપીલરામ નરભેરામ વગેરેએ ભાષણો પુરાં કીધાં. ભાષણનો વખત અર્ધા અર્ધા કલાકનો રાખ્યો હતો. એ પ્રમાણે તે દિવસનો ક્રમ સાંજના આઠ વાગે પૂરો થયો હતો.

બીજે દિવસે એટલે તા. ૨જીને રવિવારે સાંજના ચાર વાગે ઉપર લખેલે કેકાણે બીજો વિષય જે માદક પદાર્થના ઉપયોગથી સંતતિ ઉપર થતી અસર એ ઉપર પહેલા દિવસની જે પરીક્ષક કમિટી હતી તે જ કમિટી તે વખતે પણ હતી તેમની સમક્ષ પેહેલા દિવસ પ્રમાણે ડાક્ટર જોસફ ઍનજમીન, રા. નાગેશ્વર જેષ્ટારામ ડાક્ટર કપીલરામ નરભેરામ રા. ચુનીલાલ બદ્રીનાથ રા. કેશવલાલ મહીપતરામ એ રીતે પાંચ જણે ભાષણો આપ્યાં હતાં. કોઈ ગેરહાજર હતુ નહિ. એમણે આશરે અર્ધા અર્ધા કલાક સુધી પોતાનાં ભાષણો કર્યા પછી પરીક્ષક કમીટીએ પોતાનાં પરીક્ષા પત્રક તપાસી કેને કેને ઇનામ આપવાં તે નકી કર્યું. તે કમીટીનો ઇનામ આપવા સંબંધીનો અભિપ્રાય રા. રા. રમણુભાઈ મહીપતરામે કહી સંભળાવ્યો તેમાં

પ્રથમ દિવસનું પહેલા ભાષણનું ઈનામ રા. રા. નાગેશ્વર જેષ્ટારામને રૂ ૨૫) આપ્યું ને બીજા દિવસનું ઈનામ ડાક્ટર કપીલરામને રૂ ૨૫) આપ્યું. એ પ્રમાણે ઈનામ આપ્યા પછી રા. રા. રમણભાઈ મહીપતરામે ભાષણ સમારંભ વિષે વિવેચન કરી બતાવ્યું ને તે બાબત રા. રા. કેશવલાલ મોતીલાલે કેટલુંક કહી સભળાવ્યું. પછી મેળાવડો વિસરજન થયો. આ વખતના ભાષણ સમારંભમાં રા. બા. લાલશંકરે દક્ષીણની ભાષણ કમિટીમાં જેટલો ઉત્સાહ ને હોંશ છે તેવી આ મેળાવડામાં આવવા સંબંધી સારો બોધ આપ્યો હતો. આ વખત હાઈસ્કુલના બે વિદ્યાર્થી જો કે તૈયારી કર્યા સિવાય આવ્યા હતા, તોપણ તે જુવાન નિશાળીઆ પોતાની આવી હોંશ રાખશે તો આગળ જતાં તે વક્તા તરીકે સારા નીવડશે એમ સભાના કેટલાક ગૃહસ્થોના મનમાં આવ્યું હતું.

માદક પદાર્થોના ઉપયોગથી સંતતિપર થતી અસર.

સદ્‌ગૃહસ્થો,

'માદક પદાર્થોના ઉપયોગથી સંતતિપર કેવી માઠી અસર થાયછે,' એ આજના ભાષણનો વિષય છે. સ્ટર્ન નામના નાટકકારના એક નાટકમાં, ટ્રિસ્ટ્રામ શૅન્ડી નામનો નાયક કહે છે કેઃ—"મારાં માબાપે મને ગર્ભદાન આપ્યું તે વખતે તેઓ શું કરતાં હતાં તે વાત તેઓએ લક્ષમાં રાખી હોત,—દરેક બાળકની આકૃતિ અને સ્વભાવ, અક્કલ તથા મનશક્તિ, શરીરની ઉષ્ણુતા અને રોગાધીનપણું, એ સઘળાં માબાપના ગુણોપર જ આધાર રાખે છે, એ વાત તેઓએ મને ગર્ભધારણ કરાવતી વખતે ધ્યાનમાં રાખી હોત,—તો હું ખાત્રી પૂર્વક કહું છું કે હમણાં જેટલું નામ મેં કાઢ્યું છે તેના કરતાં વધારે સારું નામ હું દુનીયામાં કાઢત." સદ્‌ગૃહસ્થો, આ વાક્યો માં કેટલી ફિલ્સુફી તથા મર્મ સમાયલાં છે તે તમે સેહેલથી સમજી શકશો. 'બાપ તેવા બેટા,—' વડ તેવા ટેટા—જેવું ઝાડ તેવું ફળ—ઇત્યાદિ કહેવતોમાં પણ ઘણો ભાવાર્થ સમાયલો છે. ગુલાબના ઝાડમાંથી ગુલાબ જ ઉત્પન્ન થાય છે; પણ કરેણાંના ઝાડમાંથી તો કરેણાં જ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે વ્યસની માબાપનાં છોકરાં વ્યસની અને દુરાચારી હોય છે; એટલું જ નહિ પણ તેઓને અનેક તરેહના વ્યાધિઓ થાય છે. તેઓ ગર્ભસ્થાનમાં જ મરણ પામે છે, અથવા પૂરા મહિનાનાં થઇને જન્મ ધારણ કરે તો તેમની જીંદગી લાંબી અને સુખાકારી કદી પણ થતી નથી.

'માદક પદાર્થો' એટલે શું? અને તે તે કયા કયા?

જે પદાર્થો મદ લાવે છે, મનને ચલિત કરે છે, ચિત્તને ભમાવે છે, અને આદમીને છાકટા અને ગાંડા બનાવે છે, તે ઝેરી પદાર્થોને 'માદક' કહે છે. દારૂ, તાડી, ભાંગ, ગાંજો, માજુમ, ચડસ, અફીણ ઇત્યાદી પદાર્થોને 'માદક' ગણેલા છે. કેટલાક લોકો શોખસર ખાય છે તેથી પણ મીઠી નિંદ્રા આવે છે. આ સઘળા માદક પદાર્થો આદમીના શરીર અને મનને નબળાં કરી આયુષ ટૂંકું કરે છે; એટલું જ

નહીં પણ અનેક રોગોનો વારસો તેમનાં છોકરાંઓને તેમ જ આખા કુટુંબને એવા આદમીઓ આપી જાય છે.

દારૂનાં વ્યસનથી શરીરનાં જૂદાં જૂદાં મર્મસ્થાનોપર થતી અસર.

દારૂ, શરીરના જૂદા જૂદા કોમળ ભાગો માંહેની ભીનાસ કમી કરી પ્રવાહી તથા અપ્રવાહી દ્રવ્યોને સૂકવી નાંખે છે, તેથી ક્ષયનાં બી રોપાય છે. દારૂ થોડો જલદ હોય તો રોગનાં બી ધીમે ધીમે રોપાય છે; વધારે જલદ હોય તો રોગ વહેલો દાખલ થાય છે. હોજરીમાં પ્રવેશ કરવાથી, દારૂ, તેનાં સઘળાં કોમળ પડોમાં પસરી જાય છે અને કીલની માફક એટલો ચોંટી બેસે છે કે ગમે તેટલું ધોવા છતાં તે ઉખેડી શકાતો નથી. લોહીના ઉદ્‌ભિજ્જતત્વ (ઍલ્બ્યુમેન) ને ઈજા નાંખે છે; અને તમે થોડો દારૂ પીઓ—અથવા વધારે પીઓ—તોપણ 'ઍલ્બ્યુમેન' પર દારૂની અસર થયા વગર રહેતીજ નથી. લોહીને પુષ્ટિ આપનારૂં તત્વ જેને રક્તતંતુ જાળ (ફિબ્રિન) કહે છે તેનો પણ દારૂથી ક્ષય થાય છે; અને આ પ્રમાણે લોહી ક્ષીણ થવાથી, શરીરનાં મર્મસ્થાનો પણ નબળાં પડે છે. શરીરના જૂદા જૂદા ભાગો સાથે દારૂનો સ્પર્શ થવાથી, તે ભાગોમાં બળતરા અને વરમ ઉત્પન્ન થાય છે. તે ભાગો વેદનાયુક્ત સુજેલા, રાતા રંગના અને ગરમ થાય છે. સૂક્ષ્મદર્શક યંત્ર વડે રક્તાભિસરણ ક્રીયાનું અવલોકન કરવાથી દારૂ, શરીરનાં મર્મસ્થાનોપર કેવી માઠી અસર કરેછે, તે સ્પષ્ટ માલમ પડી આવે છે. દારૂથી પ્રથમ લોહીનો વેગ વધે છે, પણ પાછળથી કમી થાય છે, અને લોહીની ધમનીઓ સંકોચાવાને બદલે વિસ્તૃત સ્થિતિમાં જ રહે છે. કેટલીક ધમનીઓ લોહી તથા રક્તરજકણોનો જમાવ થાય છે, અને રક્ત રજકણો ભાગી ગયલાં માલમ પડે છે. દારૂ થોડો વખત અથવા પ્રસંગોપાત પીવામાં આવે તો ઉપર જણાવેલી લોહીની સ્થિતિ પ્રત્યાઘાતરૂપે બદલાઈ, પોતાની સ્થિતિમાં આવે છે. પણ દારૂ હમેશાં પીવામાં આવે તો મર્મસ્થાનો ક્ષય પામે છે; શરીરનાં પૌષ્ટિક દ્રવ્યોનો નાશ થાય છે; અને ગંભીર અસાધ્ય રોગો જન્મ પામે છે.

સદ્‌ગૃહસ્થો—ઉપર જણાવેલી હકીકતપરથી માલમ પડે છે કે દારૂથી પ્રથમ જુસ્સો આવે છે પણ પાછળથી પ્રત્યાઘાતરૂપે નબળાઈ ઉત્પન્ન થાય છે. કેટલાક ડાક્તરો એમ કહે છે કે દારૂથી લોહીની ધમનીઓમાં શક્તિ આવવાથી, શરીરમાં તાજાત ઉત્પન્ન થાય છે. પણ આ વિચાર તદ્દન ભૂલભરેલો છે. અજમાયશપરથી સિદ્ધ થાય છે કે થોડા વજનમાં દારૂ પીવાથી પણ શક્તિને બદલે નબળાઈ આવે છે. દારૂથી તંતુઓપર પણ ખરાબ અસર થાય છે. મુખ્યત્વે કરીને જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે. દારૂના વ્યસનથી લોહી કાળું પડી જાય છે અને રક્તરજકણોનો ક્ષય થવાથી, લોહી, શ્વાસોશ્વાસ, અને તંતુમાળાપર ખરાબ અસર થાય છે. ડાક્તર પરસીના મત પ્રમાણે દારૂનું શોષણ મગજમાં વિશેષ થવાથી તંતુના રોગો જેવા કે

સન્નિપાત, દિવાનાપણું, માનસિક નબળાઈ, ફેફરૂં, ઉન્માદ લખવો મૃગિાદિ દારૂઓને વિશેષ થાય છે.

સદ્‌ગૃહસ્થો—સુશ્રુત, વાગ્ભટ, અને ચરક જેવા પ્રાચીન આર્યવૈદ્યોનો મત જોયું તો તે પરથી પણ તમારી ખાત્રી થશે કે મદિરાપાનથી શરીરનાં જૂદાં જૂદાં મર્મસ્થાનો ઉપર ઘણું જ નુકશાનકારક અસર થાય છે. તેઓનો મત એવો છે કે મદિરાથી હૃદયમાં રહેલો ઓજ-ધાતુ વિકાર પામી પિત્તને ગરમ કરે છે. હૃદયરસાદિક છ ધાતુના માર્ગોનું, ઓજ ધાતુનું, સત્વનું, બુદ્ધિનું, તથા ઇંદ્રિયોનું સ્થાન હોવાથી, દારૂ તેમાં પ્રવેશ કરવાથી, એ સઘળાપર અસર કરે છે. પિત્તને ગરમ કરી યકૃત (લિવર)ની વૃદ્ધિ અથવા સંકોચ કરે છે; જહર રસને બગાડી, અજીરણ છાતીમાં બળતરા, કબજીઆત, વગેરે રોગો ઉત્પન્ન કરે છે; કફનો ક્ષોભ થવાથી, ઉધરસ, ફેફસાંની નબળાઈ, કફજ્વર, તથા ક્ષય રોગ ઉત્પન્ન કરે છે; શ્લેષ્મ રસને ગરમ કરી મર્મસ્થાનોમાં વરમ પેદા કરે છે; ઓજ ધાતુની વિકૃતિ થવાથી, નપુંસકતા, વીર્યસ્રાવ તથા લખવો થાય છે; બુદ્ધિનો ક્ષય થવાથી ગાંડાપણું અને મૂઢમતિ ઉત્પન્ન થાય છે; અને જૂદી જૂદી ઇંદ્રિયોપર અસર થવાથી, તેમના વ્યાપાર મંદ થઈ રોગોને વશ થાય છે.

અફીણથી શરીર તથા મનપર થતી અસર.

અફીણનાં વ્યસનથી શરીરનાં રસોત્પાદક મર્મસ્થાનોના વ્યાપાર મંદ થઈ જાય છે. જહર રસ, પિત્ત, રક્ત, શ્લેષ્મ રસ વગેરે સઘળાં પ્રવાહી દ્રવ્યો સુકાઈ જાયછે. ભૂખ મરી જાય છે. આંટો તથા પેશાબ કબજ રહે છે. પરસેવો પુષ્કળ છૂટવાથી, ચામડી ભીની રહે છે અને અતિશય નબળાઈ પ્રાપ્ત થાય છે. આવી રીતે શરીરને પુષ્ટિ આપનારાં દ્રવ્યો સુકાઈ જવાથી, મર્મસ્થાનો ધીમે ધીમે ક્ષય પામે છે. દારૂની માફક, મગજ અને તંતુમાળાપર, અફીણની અસર વિશેષ થાય છે. તેથી સુસ્તી, બગાસ, ગ્લાનિ વગેરે તંતુની નબળાઇનાં ચિન્હો થાય છે. બુદ્ધિમંદ પડે છે. ભેજું નબળું પડી જાય છે અને આદમી પોતાના મનોવિકાર પર કાબુ રાખવાને અશક્ત થઈ પડે છે.

ભાંગ અથવા ગાંજાથી શરીર તથા મનપર થતી અસર.

દારૂની માફક, ભાંગ અથવા ગાંજાનું શોષણ મગજમાં વિશેષ થવાથી દિવાનાપણું, સન્નિપાત, મંદમતિ, મૂઢમતિ, બકબકાટ, લવારો વગેરે રોગો ઉત્પન્ન થાયછે. આદમીનું મન નબળું પડવાથી, મનોવિકાર કાબુમાં રહી શકતો નથી. બુદ્ધિ તથા અક્કલ મંદ પડી જાયછે, અને આખરે આદમી દિવાનો થઈ જાય છે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. એપ્રિલ. સને ૧૮૯૬. અંક ૪ થો.

શેઠ મણિલાલ રણછોડદાસ લાયબ્રેરી ઉઘાડવાનો સમારંભ.

શેઠ મણિલાલ રણછોડદાસની ઉદારતાથી માર્ચ માસની તા. ૩જીએ અત્રે ચંગપોળને નાકે એક ફ્રી-વાંચનશાળા ઉઘાડી મૂકવાની ક્રિયા કરવામાં આવી હતી. આ સમારંભનાં આમંત્રણ પત્ર ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઑ. સેક્રેટરી રાવ બહાદૂર લાલશંકર ઉમીયાશંકરની સહીનાં કાઢવામાં આવ્યાં હતાં તેથી શહેરના મોટા મોટા સંભાવિત ગૃહસ્થો વકીલો વગેરે તે પ્રસંગને માટે બાંધેલા મંડપમાં પધાર્યા હતા. બીજા લોકોની પણ સારી હદ એકઠી થઈ હતી. વખત થતા પહેલાં મંડપ સદ્‌ગૃહસ્થોથી ચીકાર ભરાઈ ગયો હતો. અત્રેના સેશન જજ સાહેબ બહાદૂર મેકડોનેલની ગાડી આવી પહોંચતાં સર્વે તેમને વંદન કરી માન આપ્યું હતુ. તેઓ સાહેબે પ્રમુખ સ્થાન લીધા પછી રાવબહાદૂર લાલશંકરભાઇએ શેઠ મણિલાલની ઉદારતા વિષે તથા તેમણે આ ઉદારતાની પૂર્વે કરેલી બીજી વિદ્યોત્તેજક ઉદાર દેણગીઓનું સ્મરણ કરાવી પ્રસ્તુત કાર્યનો હેતુ કહી સંભળાવ્યો હતો. સાહેબ બહાદૂરે વિદ્યાની વૃદ્ધિના સંબંધમાં તથા શેઠ મણિલાલની ઉદારતાના સંબંધમાં અંગ્રેજીમાં છટાદાર ભાષણ આપ્યું હતું જેનું ગુજરાતીમાં રાવબહાદૂર સાહેબે ભાષાન્તર કરી સર્વેને સમજાવ્યું હતું. ઑ. રાવ બહાદૂર રણછોડલાલ છોટાલાલે પણ આ વિષય ઉપર બે યુક્ત બોલ બોલીને પ્રસંગને શોભાવ્યો હતો. આ પ્રમાણે સમારંભ થયા પછી નીચેની બે કવિતાઓ સુસ્વરથી ગવાઈ હતી:—

દોહરો.

આ સજ્જન મંડળ મળ્યું, કરવાને શુભ કાજ;
દેખી દિલ રાજી થયા, રાજનગર જન આજ. ૧

હરિગીત છંદ.

આ રાજનગર વિરાજમાન, સમાજ આજ ભલો મળ્યો,
મનનો મનોરથ સુજ્ઞ સૌનો, સફળ આજ સુફળ ફળ્યો;

આ સ્થળ સકળ જન સમુહમાં, પ્રખ્યાતિ પામે સર્વદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૨

વિદ્યા વિલાસી જન વિશેષ, ઉમંગ આણી અંતરે,
આ પુસ્તકાલયમાં અતીશય, પ્રેમ આણી પરવરે;
કહેતાં ન આવે પાર જેનો, જે સદા છે સુફળદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૩

વેપારી જન વેપારના, સર્વે સમાચારો જુએ,
વળી વાંચીને વિધ વિધ વિષય, અજ્ઞાનતા સઘળી ખુએ;
બહુ બુદ્ધિશાળી જન બને, શુભ પુસ્તકો વાંચી સદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૪

નીતિતણાં પુસ્તક નવિન, વાંચી બને નીતિવાન સૌ,
ગુણવાન ચિત્ર ચરિત્ર નિરખીને બને ગુણવાન સૌ;
હુન્નરકળાનાં પુસ્તકો, હુનરી વિલોકે સર્વદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૫

વિદ્વાનમાં વખણાય છે, વિદ્યાવિલાસી જે જનો,
નિશ દિન મંડળી મેળવી, કરશે ભલાં શુભ ભાષણો;
આરોગ્યતાના ગ્રંથ વાંચી, અઠ્યણો કરશે અદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૬

આ પુસ્તકાલય પૃથ્વીમાં, પ્રખ્યાતિ પૂરણ પામશે,
જેની સુકીર્તિ જગત મધ્યે, જરૂર ઝાઝી જામશે;
વાંચે વિચારે સર્વ જન, સરકારી સારા કાયદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૭

પરદેશના કે દેશના જન, સર્વ જોવાને જશે;
ગીલમોર મેકેારફુલ, સાહેબ હસ્તકે તે ઉઘડશે;
જેનાં સુકામો સકળ જગ જન, મળિ વખાણેછે સદા,
મણિલાલ રણછોડદાસ, લાયબ્રેરીના એ ફાયદા. ૮

દોહરા.

મણિસમ આ મણિલાલના, વિચારનો ચળકાટ;
જાણે સઘળા જન જુઓ, વિશ્વ વિષે વિખ્યાત. ૯

એ વિણ અધિક કર્યાં ઘણાં, પરોપકારી કામ;+
આ અવનીમાં અહરનિશ, નિશ્ચલ રહેશે નામ. ૧૦

ગીતિ.

મંગળ કાર્ય પ્રસંગે, મંગળમય મહા પ્રભુને પ્રથમ સ્મરૂં;
મંગળ કર પરમેશા, પુનિત પદાંબુજમાં મમ ચિત્ત ધરૂં. ૧

દોહરા.

રાજનગરમાં રાજવી, ધિંગી ધર્મની ઢાલ;
સુજ્ઞ સુસ્વત રણછોડના, મહાજન છે મણિલાલ.

કુંડળિયા

વડા વિવેકી વાણીઆ, સ્વધર્મ રક્ષણહાર,
ભલપણ કેરા ભૂપતી, સ્વદેશના શૃંગાર;
સ્વદેશના શૃંગાર, સાર શાહુકાર સુહાગી,
નીતિમાન નરનિપુણ, વિમળ વિનયી વડભાગી;
કદર દાન કોવિદ વળી, જન હિતકારી જાણીઆ,
મહાસુખ નભના સ્થંભ એ, વડા વિવેકી વાણીઆ. ૩

ઓગણીસેં બાવનતણી, શાલ પરમ સુખકાર,
ધન્ય તૃતીયા ફાગણ વદી, સર્વોત્તમ શશિવાર;
સર્વોત્તમ શશિવાર, સ્થાપિ આ પુસ્તકશાળા,

+ ૧ સ્ત્રી કેળવણીના ઉત્તેજન માટે રૂ ૧૫૦૦) ગુજરાત વર્નાકયુલર સોસાઈટીને સોંપ્યા છે. ૨. ગુ. વ. સોસાઇટીને સારી મદદ કરીને સોસાઇટીના લાઇફ મેંબર પોતે થયાછે. ૩. સોસાઇટીએ માણેકચોકમાં લાયબ્રેરી સ્થાપી છે તેને પણ સારી મદદ કરીછે. ૪. ચંગપોળમાં ચાલતા સદાવ્રતના કામમાં પોતે પહેલ કાઢી સારી રકમ ભરી તેથી તે ફંડ વધીને હાલ ચારહજાર રૂપીઆનું થયું છે. ૫ પોતાની નાતની વાડી બંધાવવાની ટીપમાં રૂ ૫૦૧) પોતે આપ્યા છે. ૬. સોસાઇટી તરફથી નવું મકાન બંધાવવાનું છે તેના ફંડમાં પણ સારી રકમ તેમણે ભરી છે. ૭. સાક્ષર સહાયક મંડળીના મેંબર થઇને તેને સારી મદદ કરીછે. ૮. જુદા જુદા ગામની સભાઓને વખતો વખત સારી મદદ કરેછે. ૯. રૂ ૧૧૦૦)નું ઘર પોતાની પડોશમાં વેચાતું લઇને તેમાં એક વર્ષ ચાલે તેટલું અનાજ વગેરે ભરીને એક સારા વિદ્વાન બ્રાહ્મણને તેનું દાન પોતે કર્યું.. ૧૦ શાહીબાગમાં જ્યાં ભીમનાથ મહાદેવનું દેરૂં છે, તે ભીમનાથ મહાદેવની જગ્યામાં રૂ ૪૦૦) ખરચીને સારી ધર્મશાળા બંધાવી છે. એ વિના બીજાં અનેક પરોપકારી કામ તેમણે કર્યાં છે.

સુખનો ઉગ્યો સૂર્ય, ઉદયનાં ચિન્હ રૂપાળાં;
પંચાવનસો પ્રેમથી, વસુ ખરચ્યા મણિભાઈ મણી,
મહાસુખ સુખદા શાલ આ, ઓગણીસેં બાવનતણી. ૪

દેશ હિતેચ્છુ દેશમાં, હિમાભાઈ નર રત્ન,
હકીશંગ રણછોડભાઈ, અમુલ્ય જેહના યત્ન;
અમુલ્ય જેહના યત્ન, ભગનભાઈ બહેચરદાસે,
ભાવિક ભોળાનાથ, મહીપતીરામ પ્રકાશે;
આણ્યું અમદાવાદને, અતિ શ્રમ કરી ઉજેશમાં,
એ માળામાં આ મણી, દેશ હિતેચ્છુ દેશમાં. ૫

હરિગીત છંદ

જન પાત્ર પેખી પુણ્ય કરે, સ્થળ ન્યાળીને ધન વાપરે,
ધનીનો બન્નવે ધર્મ, શુભ કર્મે ન પગ પાછો ભરે;
ઉમદા ઉદાર સ્વભાવ, ભાવિક ભારતી તપતી રતી.
પ્રતિ દિવસ એ મણિલાલનો, કર ઉદય તું ત્રિભુવનપતી. ૧

શુધ્ધ ચિત્તથી સ્વારથ રહિત પરમાર્થ કૃત્ય આ આચર્યું,
અંગે ઉમંગ ધરી ઉપાસન, શ્રેષ્ટ શારદનું કર્યું;
દેને પ્રભુ દશ સહસ્ત્ર ઘણું, કરી તાપ પાપ તણી ક્ષતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો કર ઉદય તું ત્રિભુવનપતી. ૨

અન કનક ધનના દાનથી આ જ્ઞાન દાન વિશેષ છે,
સન્માન રાજ સમાજમાં રાજી રહે વિશ્વેશછે;
પ્રસરે સુવિદ્યા શહેરમાં, વિદ્વાન નિવડે સંતતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો કર ઉદય તું ત્રિભુવનપતી. ૩

કંઈ એકભુક્તા માટ નિજ ભંડાર આખા વાપરે,
ચિતમાં ન જન હિત ચહાય, ઋષિ તો ક્ષારની ભુમિમાં કરે,
એ ક્ષણિક કીર્તિ ત્યાગીને લિધ અમર યશ આ મહામતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો કર ઉદય તું ત્રિભુવનપતી. ૪

કંઈ રૂધિર શોષી દિન તણાં, પોષી ઉદર ભુવનો ભરે,
દમડી ન દેશ હિતારથે, ચમડી તુટ્યા લગી વાપરે;
ઉપદેશ લેશે જન કૃપણ ન્યાળી નિપુણ નરની કૃતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો કર ઉદય તું ત્રિભુવનપતી. ૫

કલ્યાણકર સંકલ્પહર સતકર્મ મણિલાલે કર્યું,
ન્યાણા સુહાગી ધર્મ રાગી, સાક્ષરોનું મન હર્યું,

સોસાઇટી સાનંદીને જયધ્વજ ઉડાવે ગાજતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો, કર ઉદય તું ત્રિભુવનપતી. ૫

પ્રતિ દિવસ બુદ્ધિ વિશુદ્ધ એ મણિલાલને પ્રભુ આપજ્જે,
સુખ સિદ્ધી રિદ્ધી સદનમાં કરી અચળ ઈશ્વર સ્થાપજ્જે;
દલથી વિશેષે દેશ હિતનાં કાર્ય કરજ્જે કીમતી,
પ્રતિ દિવસ એ મણિલાલનો કર ઉદય તું ત્રિભુવનપતી.

શાર્દૂલવિક્રીડિત.

પામો સંતતિ સંપતી શુભમતી, ભક્તિ નીતિ સર્વદા.,
વામો તાપ ત્રિવિધિ જે તનતણા, એળે જજ્જે આપદા;
જમો જગત વિષે સુકીર્તિ કિરણો, રાજી રહો શ્રી હરી,
આપે મહાસુખરામ આમ ઉરથી, આશીષ અક્ષે ખરી. ૮

ગીતિ.

જશવંત જજ સાહેબે નિજ કર કમળે ઉત્તમ કાર્ય કર્યું,
પ્રતિદિન વૃદ્ધિ થાશે, હૈયું જેનું પૂરણ હિતથી ભર્યું;
કરી કમક કીમત આ રાજનગરને કીધું આભારી,
મેકેારકુલ મહીતળમાં દીર્ઘાયુષ્ય ભોગવજ્જે જયકારી. ૯

સ્વર્ગવાશી શી. આઈ. ઈ. રા. મહિપતરામ, રુપરામની સુગુણ પ્રશસ્તિ.

દોહરા.

તન મન ધન અર્પણ કર્યું, પરમારથને કામ,
ગયા સુધારો સ્થાપિને, સ્વર્ગે મહિપતરામ. ૧

વિચરી પ્રથમ વિલાતમાં, સાર્વજનિકને કામ,
પ્રથમ પંથ દેખાડિયો, લાયક મહિપતરામ. ૨

દુખીયાંનું દુઃખ ભાગવા, ભડથી ભીડી હામ,
ગરીબતણા બેલી ગયા, સ્વધામ મહિપતરામ. ૩

અમલદાર સરદાર કે, ભલે હોય બળરામ,
સત્ય પક્ષ સબળો કરે, બ્હાદુર મહિપતરામ. ૪

પ્રિનસીપાલ કોલેજના, દેશ હિતેચ્છક નામ,
સોસાઇટિમાં મંત્રીપદ, લીધું મહિપતરામ, ૫

બાળ લગ્ન હરવા કર્યાં, ભાષણ ઠામોઠામ;
પુનર્લગ્ન પસરાવીયાં, જગમાં મહિપતરામ, ૬

સરસ્વતિ જીભાગ્રે વશી, લક્ષ્મિ રહી કર ઠામ,
કિરતી દેશો દેશમાં, પસરી મહિપતરામ, ૭

સદાચરણને સત્યના, ગ્રંથો રચ્યા તમામ,
કેળવણીનાં પુસ્તકો, રચિયાં મહિપતરામ. ૮

દેશ ભક્તિ દિલમાં વશી, નીંદ્રા કરી ન જામ,
આર્યોત્કર્ષ વધારવા, રહ્યા ન મહિપતરામ. ૯

હિંદુનો હીરો ગયો, ગયો સુજન વિશરામ,
સત્યવાદિ વસુધા વિશે, વિરલા મહિપતરામ. ૧૦

માલિની છંદ.

મહિપતિ મન મોહે, સદ્‌ગુણો સત્યતાથી,
કવિજન મન રંજે, જેમની વિદ્વતાથી,
નિશદિન જન જંખે, ક્યાં ગયા હેતકારી,
હૃદય કમળમાંથી, દેશ ભક્તિ વિસારી.

મતિ અગમ વિચારી, સદ્ય ક્રાંધો સુધારો,
રચિ ગહન સુગ્રંથો, શ્રેષ્ટ આપ્યા વિચારો,
દિન જન દુખ દેખી, અંગમાં દુઃખ આવે,
નિજ કર કર ઝાલી, પંથ સિદ્ધો બતાવે.

ધન ધન વસુધામાં, જે થયા સત્યવાદી,
પર દુખ મન આણે, વિશ્વમાં વીર આદી,
જનનિ જન જણજે, દેશ કલ્યાણકારી,
મહિપત(રામ) સમ મૂર્તિ, ક્યાં જડે દેહધારી.

હરિગીત છંદ.

વસુધા વિશે વડવીર વિરલા શ્રેષ્ટ સજ્જન જે થશે,
કરી કામ પરમારથ તણાં નિજ સ્વાર્થ જે નર સાધશે,
તે જીવતા નર જાણવા ચિરકાળ દુનીયાદારમાં,
ગુણગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૧

સત્કાર સજ્જનનો કરી પ્રતિકાર પાપીનો કર્યો,
વિદ્વાનનો કરી પક્ષ, ઝાલી બાંહ્ય આપ્યો આશરો;

કંઈ લાંચીયા વળી ફાંશીયાને દોરીયા દરબારમાં,
ગુણ ગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૨

જે ચાલ જુના રાક્ષસી કાજે કરી બગડી ગયા,
તે સદય કરી સુધારવા તન મનથી તત્પર થયા;
સ્થાપી સુધારો સાથ સારો મેળવ્યો નર નારમાં,
ગુણ ગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૩

ભર્ત ભૂમિ ભક્તિ જેના હૃદયમાં પામી રતી,
આર્યોત્કર્ષ વધારવા રાખી સદા નિર્મળ મતી;
દેશાભિમાની તત્વ જ્ઞાની પંડિતોની લ્હારમાં,
ગુણ ગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૪

જે બાળ લગ્ન નિવારવાને યત્ન હમેશાં કરે,
દુઃખ બાળ વિધવાનું નિવારી પુનર્વિંવા ઉદ્ધરે;
કરી કામ સાર્વજનિક તણાં જશ મેળવ્યો સરકારમાં,
ગુણ ગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૫

કલ્યાણ કરવા દુઃખ હરવા દેશનાં દિલમાં ધર્યાં,
જશ મેળવી આ લોકમાં પરલોક પોતે સંચર્યા;
સી. આઈ. ઈ. નો ચાંદ રૂડો મેળવ્યો સરદારમાં,
ગુણ ગ્રામ મહિપતરામના સૌ ગાય આ સંસારમાં. ૬

ઠગનાં લક્ષણ.

દોહરા.

અર્થ સુધારવા આપનો, પરમારથ પર પ્યાર;
પૈસો ખરચે પારકો, એ ઠગનો સરદાર. ૧

પાળી રાખી પેટમાં, પ્રપંચનો રચનાર;
ડોળ દાખવે સત્યનું, એ ઠગનો સરદાર. ૨

આ મારૂં, આ પારકું, પક્ષતણો નહિ પાર;
નામ ધરાવે ન્યાયનું, એ ઠગનો સરદાર. ૩

ધર્મ કર્મના મર્મનો, લેશ લહે નહિ સાર;
ઉપદેશક થઇને ફરે, એ ઠગનો સરદાર. ૪

ચાંચ ન બોળે લાંચમાં, ખાસ ખુશામત યાર;
ધર્મીળુ અધિકારી જે, એ હગનો સરદાર. ૫

ભીતર વર્તન ભિન્ન તે, ઓર બતાવે બા'ર;
કરી દંડવત કારમો, એ હગનો સરદાર. ૬

સાચી વાત ન સૂચવે, આશાના ઉદ્‌ગાર;
જળા પુંડળ ફેરવે, એ હગનો સરદાર. ૭

પોતે પૈ નવ વાવરે, ધર્મ કરો કહેનાર;
કરે વાત બહુ પારકી, એ હગનો સરદાર. ૮

મોઢે મારું નવ કહે, પુંઠે દુષ્ટ વિચાર;
તાળી આપી છેતરે, એ હગનો સરદાર. ૯

જાણે છત પોતા તણી, બા'ર રાખવા ભાર;
આડંબર અધિકો કરે, એ હગનો સરદાર. ૧૦

હુંપદમાં ઉંધુ ખણે, ખરી વાત પર ખાર;
તેજ દાખવે તોરનું, એ હગનો સરદાર. ૧૧

ફાંસુ લોક ફસાવવા, પ્રપંચ પાથરે જાળ;
અંગે કંઈ હોરે નહિ, એ હગનો સરદાર. ૧૨

નામ રાખવા હામથી, હુન્નર રચે હજાર;
સ્વારથ લેશ ન સૂચને, એ હગનો સરદાર. ૧૩

ધન ધુત્યાની ધાંખના, રસ બસ બોલ રસાળ,
જગમાં બગ થઇને ફરે, એ હગનો સરદાર. ૧૪

હગનાં લક્ષણ ઠીક છે, માનીને હગનાર;
આપે આપ હગાય છે, હગ નહિ એહ ગમાર. ૧૫

કિંચિત્.

(૩)

નારાચ.

અશક્ત છે અસત્ય વસ્તુ સત્ય ગુણ ધારવા,
વિચાર આ અગમ્ય સર્વ અજ્ઞને સુનીતિના;
નીતિ ભૂલી અસાર સાર માનીં મૂર્ખતા ગ્રહી,
પવિત્રતા પ્રભાવ ચંડ અંધ દેખશે નહીં.

પતંગ દીપ સંગ રંગ રાગ ધારીં માણીં લે,
વખાણીં તે રીતે અસત્ય સુખ મૂર્ખ માનીં લે;
અનુભવે અનિષ્ટ, ઇષ્ટ સત્ય તત્વ ત્યાગથી,
દયામણાં બને પ્રગલ્ભ, હાસ્યપાત્રતા ધરી. ૨

અમુક વસ્તુ અંગમાં અલાભ હોય જે કદા,
તથાપિ તે ન લાગતાં નિમગ્ન કોઈ રહે સદા;
દિસે ચમત્કૃતિ અપાર, આ મનુષ્યવર્તને,
અભાવ એ અનિશ, નિત્ય સત્ય જ્ઞાનનો ખરે. ૩

ન હોય સત્ય લાભના વિચાર સત્ય જેમને,
વિનાશ નીતિનો થઈ અલાભ થાય તેમને;
દબાવી રાખી, વૃત્તિઓ અયોગ્ય, સત્ય નિયમે,
ફરે કરે સુકર્મ તે રહે સદા ખરા સુખે. ૪

ન હોત સત્ય પૃથ્વીમાં, અસત્ય અલ્પ જોરથી,
ટકે નહિજ અલ્પ કાલ, પાપના પ્રચારથી;
પ્રતાપ સત્યનો વિશિષ્ટ, સિદ્ધ આમ માનીં, તે,
ઉમંગ ભંગ ના થતાં, ધરો સદા સ્વવર્તને. ૫

નિર્ગુણ.

પદ્માક્ષી.

લખનાર
N. J. P.

રાજમાતા પોતાના ઓરડામાં કુમારિકા પ્રત્યે ભટજીનું પૂર્વ વૃતાન્ત કહેવામાં રોકાએલાં છે એવામાં પ્રસૂતિગૃહની અગાસીમાં જ્યોતિવિદે થાળી વગાડી; ધાત્રી એકદમ દોડતી ભાજીના ઓરડા પ્રત્યે આવી, તે હર્ષભેર ભાજીને કહેવા લાગી. વધાઈ, વધાઈ જય થાઓ; વધાઈ. આયુષ્મતિ ! વિભાવરીની પ્રજ્ઞના ભવિષ્ય સુખનો પ્રકાશનાર અને આપના પવિત્ર કુળની વૃદ્ધિ કરનાર તેજસ્વી સૂર્ય ઉદય થયો; મહારાણીને પ્રતાપી પુત્ર ઉત્પન્ન થયા. કુમારી એન આપનાં ઉત્તરોત્તર ભવિષ્ય સુખને અભિવૃદ્ધિ કરનાર ભાઇસાહેબ પધાર્યા. કુમારિકાએ મલકાતે મોઢે ભાજીના સામું જોયું, ભાજીએ ગાદીપર પડેલો કુમારિકાની કોટનો મોતીનો હાર ધાત્રીને ભેટ આપ્યો. ભાજી બોલ્યાં; હજી સુધી ભટજી કેમ ન પધાર્યા વારૂ ? ફરસંપુટ કરી ધાત્રીએ કહ્યું; આયુષ્મતિ ! તેઓ ક્યારનાએ પધાર્યા છે પરંતુ સ્નાનગૃહમાં મહારાજાને સ્નાનવિધિ કરાવેછે. ભાજીએ પ્રત્યુતર આપ્યું. ઠીક ત્યારે તો તેઓ સમયાનુકૂલ આવી જાત કર્મ સંસ્કાર માટે

રોકાયા હશે. ધાત્રી બોલી; જી હા, તેમજ છે. માજીએ ધાત્રીને આજ્ઞા આપી; તું પણ સત્વર જા, અને જાત કર્મ સંબંધી તૈયાર કરેલી સામગ્રીમાં ઘટતી મદદ કર. આજ્ઞા માથે ચઢાવું છું; એ પ્રકારે કહી તે ઉતાવળી પ્રસૂતિ ગૃહપ્રત્યે ગઈ. માજી તથા કુમારિકા અન્તઃપુરનાં નોકરચાકરને શીરપાઘ આપવાની વ્યવસ્થામાં ગુથાયાં.

ભટજીએ વિષયજીતને વિધિ પુરસર સ્નાન કરાવ્યું. દાસીઓએ આગળથી હુતદ્રવ્યાદિ સામગ્રી તૈયાર કરી રાખી હતી એટલે પુરોહિતે જાત કર્મ નિમિત્ત વિધિ પૂર્વક હવનાદિ કરી પથ્થરપર મધ તથા ઘી નાંખી રાજા પાસે સુવર્ણનો કડકો તેમાં ઘસાવી એક રૂપાની વાડકીમાં તે ગળથુથી ભરાવી. ગળથુથી પાત્ર હાથમાં લઈ તેને સૂતિકા ગૃહમાં જવાની આજ્ઞા કરી. પુરોહિતની આજ્ઞા પ્રમાણે તે પાત્ર લઈ રાજા પ્રસૂતિ ગૃહના આગલ્યા દ્વાર આગળ આવ્યો; એટલે અંદર રાણીની પાસે રહેલી દાસિયો તથા દાઇઓ પાછલે દ્વારે થઈ પેલીમેરના બીજા ઓરડામાં દાખલ થઈ ગઈ. આગલે બારણેથી વિષયજીતે અંદરના પ્રસૂતિ સ્થાનમાં પ્રવેશ કર્યો. ચાકુ તૈયાર જ હતું એટલે નાલછેદ કરી માતા પુત્રનો સંબંધ છૂટો પાડી રૂપાના પાત્રમાંથી રૂના પુમડાવડે બાળકને ગળથુથી ચટાડી વિષયજીતે બહાર નીકળી જઈ ઝટ પુનઃ સ્નાન કરી લીધું.

યજ્ઞકુંડની મંગળ આરતીનો શંખનાદ સાંભળી દોઢી ઉપરનાં ચોઘડિયાં મધ્યરાત્રિનાં હમણાંજ વાગી રહ્યાં હતાં તે પુત્રના જન્મ ઉત્સવ નિમિત્તે ફરી વાગવા લાગ્યાં.

જ્યોતિર્વિદે માંડેલી ઘડીપરથી લગ્ન મેળવી કાચા જન્મકાળ તૈયાર કર્યા હતા, તે લઈ અગાસી ઉપરથી નીચે આવ્યા. ભટજી પણ જાત કર્મ નિમિત્ત હવનાદિ કાર્યથી પરવારીને તૈયારજ હતા એટલે બેઉ જણા માજીના અન્તઃપુર તરફ સીધાવ્યા.

જનનાશૌચ નિમિત્તે સ્નાન કરી વિષયજીત પ્રથમથીજ માજીના ઓરડામાં દાખલ થઈ ચુક્યો હતો. ભટજી તથા જ્યોતિર્વિદ્ને જોઈ માજીએ મધુપર્ક કરી સત્કારપૂર્વક બેસવાને આસન આપ્યાં. બેઉ જણ આસનપર બેઠા એટલે રાજમાતાએ પૃથ્વી, ગાય, સુવર્ણ તથા અન્ન વસ્ત્રાદિ જે જન્મ નિમિત્ત દાનમાં આપવાનું હતું તેના સંકલ્પ કરી લીધા. વિધિ પુરસ્સર સંકલ્પ થઈ રહ્યા એટલે બે શાલ, દુપટ્ટા, તથા પાઘડીયો તેઉના મોં આગળ ભેટ મૂકી; માજી બોલ્યાં—કેમ જોશીબુઆ પુત્રના જન્મકાલના ભાવ કેવા છે? રાજમાતાનો પ્રશ્ન સાંભળી હાથમાં જન્મપત્ર લઈ મલકાતે મોંઢે ભટજીના સામું જોઈ જોસીબુઆ શાન્તિ પૂર્વક ધીમે સાદે માજી પ્રત્યે કહેવા લાગ્યા.

યુવરાજને ફલાધ્યાય ઉપર વિશેષ શ્રદ્ધા નથી; તથાપિ આપની આજ્ઞાને તાબે થઈ જ્યોતિષના ફલનિદર્શક ગ્રન્થોને આધારે જન્મપત્રનો ભાવ હું નિવેદન કરીશ.

આપના કુલ દીપકનો જન્મ કર્ક લગ્નમાં થએલ છે, એટલે રાજ મહેલના દક્ષિણ ભાગમાં પ્રસૂતિ ગ્રહ હોવું જોઇએ. સૂર્ય ચર છે માટે ઉપાદિક રોગની જરૂરજ

હોય. બુધ તથા શુક્રના મધ્યમાં ચન્દ્ર પડેલો છે તેથી પિતાશ્રીના પરોક્ષમાંજ ભાઈ સાહેબનો જન્મ થએલો છે. લગ્નથી ચન્દ્ર ચોથી રાશિએ છે માટે રાણી સાહેબ સિવાય બીજી ઉપસૂતિકાઓ ચાર હોવી જોઇએ, એવું અનુમાન થાયછે. ચન્દ્રનો નવ માંશ પતિ બૃહસ્પતિ છે, એટલે કુમાર સાહેબના શરીરનો વર્ણ ઘણો ગૌર હશે. તેમના શરીરના ડાબા અવયવમાં સૂર્ય તથા મંગલ પડેછે માટે તે ભાગમાં રાતું લાખુ હોવું જોઇએ. ચન્દ્ર તુન્નાનો છે માટે નામકરણ સંસ્કાર રકાર અક્ષરપર વિશેષ લાભદાયક જણાય છે. લગ્નનો પતિ બલવાન્ છે અને તેના પર કેન્દ્રમાં રહેલા શુભ ગ્રહોની દૃષ્ટિ પડેછે માટે તે દીર્ઘાયુ થશે. સર્વ ગ્રહો ઉચ્ચ રાશિમાં રહ્યાછે તેથી અરિષ્ટનો ભંગ કરનારા જણાયછે. લગ્નનો સ્વામી પોતાના નવમાંશમાં શુભ ગ્રહોએ જોએલ છે એટલે દેહ પણ રોગ રહિત તથા પુષ્ટ થશે. બીજા અને દશમાના સ્વામીનો યોગ કેન્દ્રમાં છે એટલે પુષ્કળ ધનમાં ઉછરશે. ત્રીજાનો સ્વામી કેન્દ્રમાં પારાવત અંશનો શુભે યુકતછે એટલે ભ્રાતૃઓ વગેરે વિસ્તારવાળા કુટુંબી પણ થશે. લગ્ન સ્થાન અને ચોથાનો સ્વામી પરસ્પર મિત્ર છે માટે કુટુંબમાં પરસ્પર સ્નેહની અભિવૃદ્ધિ કરનારા થશે. છઠ્ઠા ભુવનપર ઘણા શુભ ગ્રહોની દૃષ્ટિ પડેછે એટલે મોશાળ પક્ષનું સુખ સંપૂર્ણ છે. સાતમા સ્થાનનો સ્વામી ગુરૂએ યુકતછે એટલે પતિવ્રતા પત્ની મળશે; અને પોતે પણ રામચન્દ્રજીની પેઠે એકપત્ની વૃત્ત ધારણ કરશે. આઠમે બુધ શુભ ગ્રહોએ જોએલ છે માટે ઘણાં તીર્થાદિની સેવા કરશે; એમાં સંશય નથી. નવમું સ્થાન ગુરૂ તથા શુક્ર બેઉ ગ્રહ સંપૂર્ણ દૃષ્ટિથી દેખેછે માટે આખા દેશમાં પોતાનો જય પ્રવર્તાવી ભાગ્યશાલી ગણાશે. દશમાનો સ્વામી પાંચમે અને ચોથાનો સ્વામી દશમે પાંચમાના સ્વામીએ જોએલ છે; એટલે રાજાધિરાજ થશે. શુભ ગૃહ અગીઆરમે છે; માટે ન્યાયથી ધન સંપાદન કરશે. બારમા સ્થાનને પણ શુભ ગ્રહો સંપૂર્ણ દૃષ્ટિથી જુએછે; તેથી તેઓ પોતાના દ્રવ્યનો વ્યય દાન માનાદિ શુભ માર્ગમાંજ કરશે. ગ્રહો સઘળા ઉચ્ચરાશિમાં આવેલા છે માટે સર્વથા સુખરૂપજ જણાય છે માજી.

જન્મપત્રનો ભાવ સાંભળી વિષયજીત જરા હસ્યો તેણે ભટજીના સામું જોઇ કહ્યું. મહારાજ; બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય તથા શૂદ્ર, એ સઘળા વર્ણના જન્મ લગ્નના ફલનો આધાર એકજ લગ્ન રાશિઓના ફલપરથી કહેવામાં આવતો હશે કે તેમને માટે ફલાધ્યાય જુદા હશે. જોશીબુઆ બોલ્યા—ફલાધ્યાયતો એકજ પરંતુ ફલ વર્ણવવામાં જ્યોતિર્વિદ્ની સમય સૂચકતા જોઇએ. હમેશાં ભાવ કહેવામાં અનુમાન પ્રધાન ભૂત હોયછે. પરંપરાનો જ્યોતિર્વિદોનો એવો સંપ્રદાય છે કે તત્ તત્ વર્ણને ઉદ્દેશીને ફલ કહેવું.

વિષયજીત બોલ્યો—જ્યારે આગળ પાછળના સંયોગોથી બંધાએલું અનુમાનજ ફલાધ્યાયમાં પ્રમાણ ભૂત હોય તો પછી પારણામાં સુતેલા બાલકને તેની માતા હાલા ગાય તેવા મિથ્યાલાપનું શું પ્રયોજન? એથીતો ઉલટી હાનિ, કેમ ભટજી મહારાજ મારો આશય આપના લક્ષમાં આવ્યો કે નહિ? ભટજી બોલ્યા—આયુષ્મન્? આપને ઉપનિષદાદિ ગ્રન્થો વાંચવા અને સાંભળવાનો અભ્યાસ વિશેષ છે એટલે એવી શંકા-

ઓનું સમાધાન ઘટાવી લેવામાં વિશેષ મુશકેલી નથી તથાપિ મારા સમજવા પ્રમાણે કહું છું;

"વેદનું છઠું અંગ જ્યોતિષ છે. આકાશના ગ્રહ નક્ષત્રાદિકની ગતિ પરથી સમયનું જ્ઞાન થવા માટે આદિત્ય તથા ગર્ગાદિક ઋષિઓએ જ્યોતિષના ગ્રન્થો રચેલા છે, વૈદિક ધર્માચરણમાં જ્યોતિષ વડે અમાવાસ્યાદિક સમય જણાય છે માટે એ વેદના અંગમાં ગણાય છે. અગ્નિ હોત્રીઓને પ્રતિમાસની ઇષ્ટિ ગણવામાં તે સાધનભૂત થાયછે. જ્યોતિષ શાસ્ત્રનો પાછળથી ઘણો વિસ્તારથઈ *અઢાર સિદ્ધાન્ત થયાછે. ને તેમાં મુહૂર્ત, ગણિત અને હોરા એવા ત્રણ વિભાગ છે. એ સિવાય ચોથો વિભાગ સ્વરોદય અને પાંચમો રમલ છે. સૂર્ય ચન્દ્રાદિની ગતિપરથી કાલનું માન તથા ઋતુ વગેરેના ફેરફાર અને ખગોળ શાસ્ત્ર સંબંધી જ્ઞાન મેળવવાને જ્યોતિષ શાસ્ત્ર ઘણું ઉપયોગી છે. પ્રત્યેક શાસ્ત્રમાં જે પ્રધાન ઉદ્દેશ રહેલોછે તેનો નાશ ન થાય અને ભિન્ન ભિન્ન રૂચિવાળાં મનુષ્યોની તેમાં સતત પ્રવર્તી રહે માટે પ્રત્યેક શાસ્ત્રોને અંગે એવી ફલશ્રુતિયો દેખાડી છે. તેમ જ્યોતિષ શાસ્ત્રનો ગણિત ભાગ ઘણોજ ઉપયોગી છે; તેનો નાશ ન થવો જોઇએ તેને માટે વિદ્વાનોએ આચરેલો માર્ગ કેવળ કાઢી નાખવા જેવો નથી.

રાજમાતાના પડખામાં બેઠેલી કુમારિકા ત્યારની પિતા તથા પુરોહિતનો આ સંવાદ કાન દઇને સાંભળતી હતી; તે વિનય પૂર્વક પિતાજીના સામી દૃષ્ટિ રાખી કહેવા લાગી મને લાગે છે કે બીજા શાસ્ત્રોની ફલ શ્રુતિનો રોચક વાક્યોમાં નિર્વાહ કરો છો તેમ જ્યોતિષ શાસ્ત્રના ફલાધ્યાયનો રોચકમાં સમાવેશ થવાથી લાભને બદલે હાનિનો અધિક સંભવછે. ઉચ્ચ સ્થાનમાં રહેલા સારા ગ્રહોનું સારૂં ફલ કહેવામાં આવેછે અને પાપગ્રહોનું નઠારૂં ફલ કહેવાયછે. જેઓના પાપ ગ્રહ નઠારે સ્થાને પડ્યા હોય અને તેઓનો જન્મ અમુક વખતે એટલે જ્યોતિષ શાસ્ત્રના ફલાધ્યાયમાં જે અયોગ્ય ફલ આપનાર કાલ કહ્યોછે તેજ વખતે હોય તેમની કેટલી અવદશા ? અમુક વખતે જન્મ થવો એ તેમના હાથમાં નહિ અને જ્યારે તેઓ સમજતા થાય ત્યારે મહર્ષિઓના પવિત્ર મુખમાંથી પોતાના જન્મ કાલની અશુદ્ધિનો ભાવ શ્રવણ કરે ત્યારે નિષ્કારણે તેમના ઉત્સાહનો ભંગ થાય એ કેટલા બધા અનર્થનો સંભવ ? કદાચિત્ એમ માનીએ કે ફલ શ્રુતિ રોચક છે; અને તેના પર સંપૂર્ણ વિશ્વાસ મૂકવા લાયક નથી, ત્યારે અરિષ્ટ ફલોની અઘટિત કલ્પના નિઃસ્વાર્થ વિદ્વાનોએ કલ્પવીજ શા માટે ? સદાચરણમાં દોરવાને શારિરીક તથા માનસિક શિક્ષાઓ કેટલેક અંશે ઉપયોગી છે પરંતુ તે પણ સંસ્કાર રહિત બુદ્ધિવાળા પ્રાણીઓને સંપૂર્ણ લાભ આપવાને

*૧ બ્રહ્મ, ૨ આર્ય, ૩ વસિષ્ઠ, ૪ અત્રિ, ૫ મનુ, ૬ પૌલસ્ત્ય, ૭ લોમશ, ૮ મરીચિ, ૯ અંગિરા, ૧૦ વ્યાસ, ૧૧ નારદ, ૧૨ શૌનક, ૧૩ ભૃગુ, ૧૪ ચ્યવન, ૧૫ પવન, ૧૬ ગર્ગ, ૧૭ કશ્યપ, ૧૮ પરાશર. આ સિદ્ધાન્તોને સંહિતા એવાં નામ આપેલાં છે.

સમર્થન થવી મુશકેલછે. વેદ અને સ્મૃતિ કાલનું બંધારણ કેવલ શિથિલ થઈ ગયું. માત્ર ઐતિહાસિક વિષયોને પુરાણ દ્વારાએ પ્રસિદ્ધ કરી પૂર્વ માર્ગને પ્રચાર કરવાનો આધુનિક ઉદ્યોગ છે. રહસ્યનો કેવલ હ્રાસ થયોછે છતાં મહર્ષિ ભગવાન્ વ્યાસે જે ઉદ્દેશથી પ્રારંભ કર્યોછે તે ઉદ્દેશને વિદ્વાનો અત્યારથીજ મતભેદ રૂપે જૂએછે. "**स्त्री शूद्र द्विज बन्धूनां त्रयी न श्रुति गोचराः**" એ વાક્યનો અર્થ એવો કરે છે કે—સ્ત્રી, શૂદ્ર અને ભ્રષ્ટ બ્રાહ્મણોને વેદનો અધિકાર નથી માટે તેમના પર કૃપા કરીને હું મહાભારત વગેરે ગ્રન્થો રચું છું. આવો ઉદ્દેશ વ્યાસનો હોય તો વેદ અને સ્મૃતિકાલના સ્ત્રી, શૂદ્રોના ઐતિહાસિક દાખલા આપી પોતેજ પોતાના ઉદ્દેશનું ખંડન કરે એ સંભવે કેમ ? ઉપનિષદ વગેરે ગ્રન્થોમાં હામ, હામ ભગવાન વ્યાસ કહેછે કે—ગાર્ગી વગેરે સ્ત્રીઓએ મહર્ષિઓને આત્મ જ્ઞાનના પ્રશ્ન કર્યાછે, અગ્નિ હોત્રિયોની સ્ત્રીઓ ઇષ્ટિ કાલે સ્વામીની સાથે સ્પષ્ટ વેદ મંત્રોના ઉચ્ચાર કરેછે. પ્રચાર આવોછે; તેમ છતાં ક્ષુદ્ર બુદ્ધિના મનુષ્યો રોચક વાક્યોના અર્થ મત ભેદથી બગાડશે અને ભવિષ્યનો પરિણામ હાનિરૂપ થશે એમ હું તો માનું છું.

કુમારિકાનો અભિપ્રાય સાંભળી જ્યોતિર્વિદ્ સ્તબ્ધ થઈ ગયા. વિષયજ્ઞતને તથા ભટજીને જરા હસવું આવ્યું. રાજમાતાને લાગ્યું કે જોસીબુઆનું મન કંઇક ક્ષોભ પામ્યું.

એકદમ ભટજી બોલી ઉઠયા, માજી કુમારિકા એન હવે હોંશીઆર થયાં; ખંડન મંડનના ગ્રન્થોપર એમનો લક્ષ વધારે દોડે છે. રાત્રિ દિવસ અધ્યયન કરવામાંજ પોતાના કાલનું નિર્ગમન કરે છે. સઘળી કન્યાઓ કરતાં પ્રત્યેક વિષય સમજવામાં એમની બુદ્ધિ વિશેષ તિવ્ર છે. હમણાં મારી પાસે ઉત્તર મીમાંસાનો પાઠ લે છે; પરંતુ એમનો તર્ક વખતે મારા કરતાં પણ અધિક જણાય છે. શિખવાની ઢબ એવા ઉત્તમ પ્રકારની છે કે વાક્ય નિઃસંશય હૃદયમાં ઉતર્યા સીવાય આગળ જરા ખસતાં નથી. તેમ પૂર્વાપરની એકવાક્યતા મેળવવાનો વધારે પ્રયાસ કરે છે.

માજી કહે-હાં; તેમજ છે. ઘરનાં હરેક કાર્યમાં પણ એનો સ્વભાવ એવો જ છે. જરા ઉતાવળી વધારે છે, નિર્ણયપર આવી જતાં વાર લાગતી નથી, હજી હલેતાઈ છેકની; એટલે અનુભવ જ્ઞાન જરૂર લઇને ક્યાંથી થાય. કેમ જોસીબુઆ; આપની કુમારિકા એનને હવે સોળમું વર્ષ ઉતરી આ માગશિર્ષ શુકલ પંચમીએ સત્તરમા વર્ષનો પ્રારંભ થશે; હવે એને કુમારિકા ક્યાં સુધી કહીશું. ઓણ એના વિવાહનો સમારંભ કરવાનો યોગ બનશે કે નહિ, તમારા પંચાંગમાં કેમ છે ? કુમારીને ઉજાગરો થવાથી નેત્રમાં ક્યારનીએ નીદ્રા ભરાઈ આવી હતી, તે માજીની રજા લઈ પોતાના સુવાના ઓરડા તરફ ચાલી ગઈ.

કુમારિકા કોણ ?

એને આપણે ઓળખતા નથી એટલુંજ નહિ પરંતુ વિષયજ્ઞત, માજી, ભટજી તથા જોસીબુઆ વગેરે સર્વને ખરૂં ઓળખાણ પડવાનો આરંભ દિવસ તો આજ

જ છે. વિષયજીત, રાણી તથા માજી એ તો એનાં પાલક માતા પિતા છે; એના જન્મથી ભોમિયા થવાનો અવસર તો આજે સોળ વર્ષે હમણાં આવે છે.

વિભાવરીથી પંદર ગાઉને છેટે નર્મદાના કાંઠાપર વિનોદપુર નામે તાલુકો છે; ત્યાં હું રહું છું. જાતે વૈશ્ય છું; ઘરનો બે પૈસે સુખી છું; ઓળા કુટુંબવાળો છું; જ્ઞાતિમાં અને લોકમાં મારી પ્રતિષ્ઠા સારી છે. ઉમર આધેડ થવા આવી છે. ઘરમાં સ્ત્રી પતિવૃતા છે. એક પુત્ર અને એક પુત્રીની મારે પ્રજા છે. રાત્રિ દિવસ મહાત્માઓનો મને પ્રસંગ છે, પડોશમાં ઉત્તમ વર્ણના સદાચરણી પાડોશિયોનો મને સહવાસ છે, ધર્મ ઉપર મને દૃઢ શ્રદ્ધા છે. નીત્ય પ્રાતઃકાલમાં નર્મદામાં સ્નાન કરવાનો મારે નિયમ છે. આટલી ઉમર સુધીમાં મેં કંઈ પણ અસદ્ કર્મ આચર્યું ન હતું પરંતુ આ—એક મહાભારત કલંકિતથી આજ હું સંપૂર્ણ દૂષિત થયોછું. મારૂ નામ..... લખતાં હું લજ્જાઉંછું. મારો અસાધારણ અપરાધ તમે સહન નહિ કરી શકો તો ઈશ્વર તો કેમ જ સહન કરશે. મારૂં મહાપાપ છે; અવશ્ય મને આલોક અને પરલોકમાં અસાધારણ શિક્ષા થવી જોઇએ. મારી કુત્સિત મતિએ મને કેવળ ઠગી લીધો છે, મારો પુણ્યનો રાશિ મેં અગ્નિની ચીણગારી મૂકી મારે હાથે બાળી મૂક્યો છે, મારો પ્રાણ ત્યાગ કરવાને હું તૈયાર હતો પરંતુ આત્મહત્યાનો બીજો દોષ હોરી લેવાને મારા મને મને ના કહી. મેં ઘર, બાર, ધન દોલત, છોકરાં છૈયાં અને સ્ત્રી વગેરે સર્વસ્વનો ત્યાગ કરી અત્યારથી અરણ્યમાં છાનો નિવાસ કર્યો છે; માત્ર ફલાહાર પર મારો નિર્વાહ કરૂંછું; તથાપિ મને ખાતરી છે કે મારા મહાપાપનો નિગ્રહ આ પ્રાયશ્ચિતથી થવાનો નથી. જો જન્માન્તર હશે તો મારે ત્યાં પણ આ અવશેષ પાપનું અનિષ્ટ ફલ અવશ્ય ભોગવવું પડશેજ. મારૂં પાપ ઉઘાડું કરતાં પણ મને લજ્જા આવે છે તથાપિ એથી કાંઇક નિગ્રહ થતો હોય તો તેવી આશાએ તમારા આગળ પ્રકાશ કરૂં છું. કહેવામાં એક બીજો લાભ પણ મેં માન્યો છે; તે એ કે:—સદાચરણનું મનન કરનારને આ મારૂં અનિષ્ટ દૃષ્ટાન્ત શિક્ષારૂપ થાય.

શૂરવીર સ્ત્રીઓનાં સંક્ષિપ્ત જીવન ચરિત્રો.

(ચાલુ.)

રાણી ચાંદ રીજંટ નીમાયા પછી દક્ષણી પક્ષનો વડો અમીર કામીલખાન નામનો હતો, કે જેને તેના મર્હુમ પતિએ પ્રધાનવટાનો ઓહ્દો થોડા દિવસ ઉપર આપ્યો હતો. તેને તેણે કાયમ રાખ્યો. કામીલખાન ઘોડો વખત સુધી તો ઠીક ચાલ્યો પણ પાછળથી રાણી અને તેના ભત્રીજા વચ્ચે અણબનાવ કરવા કાવત્રાં કરતો માલુમ પડવાથી તેને તે ઓહ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યો. ત્યારથી તેના પતિના એક મિત્ર કીશવરખાન નામના અમીરને તે ઓહ્દો સોંપ્યો. કીશવરખાન જે કે દેખીતો તાબેદાર અને રાજભક્ત હતો છતાં તેના મોટા ઓહ્દા જોડે લપટાયેલી લાલચોથી

પોતે દૂર રહી શક્યો નહિ. તે ફક્ત રાણી તરફજ નહિ પણ રાજના બીજા તરફ ગર્વીષ્ઠપણાથી જોવા લાગ્યો. આથી તેને ઓહ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યો, અને તે હોદ્દો બંકાપુરના હાકેમ સૈયદ મુસ્તફાને આપવામાં આવ્યો. પણ કીશવરખાનને આ ખબર પડતાં તેણે બાદશાહી મોહોર સાથેનો છુપી રીતે બંકાપુર-ખાતે એક વિશ્વાસુ માણસ મોકલ્યો, તેણે તે હુકમમાં લખ્યા પ્રમાણે કીલ્લાના અમલદારો જોડે મળી જઈ તથા એને બાદશાહી ફરમાન ખરૂં માનીને એક નિર્દોષ બાપડા સૈયદ મુસ્તાફાખાનને હાર કર્યો—

આ પ્રમાણે પોતાના એક અતિ જૂના અને વિશ્વાસુ અધિકારીનું ખુન થયેલું સાંભળી રાણી ઘણીજ ગુસ્સે થઈ, પણ તે દક્ષિણી પંથનો વડો હતો તેથી તેનું કાંઈ પણ ચાલ્યું નહિ. કીશવરખાન આટલું જ કરીને અટક્યો નહિ. પણ પોતાની પ્રજાના ખેરમાં હોય એવો ઢોંગ કરીને એવી અફવા ઉરાડી કે રાણી આ રાજ્ય, પોતાના ભાઈ અમદનગરના રાજા મુરતુઝા નિઝામશાહને ઉસ્કેરી વિજાપુર ઉપર ચઢાઈ લાવીને એ બન્ને રાજ્યો જોડી દેવાની કોશિશ કરે છે. આટલું જ કહીને પણ તે અટક્યો નહિ. તે જાણે પ્રજા ઉપર કેટલી બધી લાગણી તથા પોતાના રાજકુંવર ઉપર કેટલો બધો ભક્તિભાવ બતાવતો હોય તેમ એક વખતે ઢોંગ કરીને વિખરાયલાં કપડાં સાથે જ બાળરાજાની હજુરમાં દોડી ગયો અને કહેવા લાગ્યો કે રાજની સલામતી સારૂ અહમદનગરના રાજકુંવરોને મારી નાંખવા કે તેમને દૂરના કીલ્લામાં જન્મ સુધી કેદમાં રાખવા. આ વખતે તે ઓટલી છટાથી અને અસરથી બોલ્યો કે, બાળરાજાએ પોતાની કાકીનો ઘણો બચાવ કર્યો પણ તેનું કાંઈ ચાલ્યું નહિ અને કીશવરખાને જલદીથી રાણી ચાંદને જનાનામાંથી ઘસડી જાહેર અપમાન સાથે ૧૨૦ માઈલ દૂર આવેલા સતારાના કીલ્લામાં મોકલી દીધી. કીશવરખાને પોતે પ્રજા તરફથી આ કામ બજાવ્યું છે તેથી તેને પ્રજા ચહાશે એવી આશા રાખતો હતો, તે ધુળધાણી થઈ ગઈ. પ્રજા તેના આ કૃત્યથી ઘણીજ ઉશ્કેરાઈ ગઈ અને સરીયામ રસ્તા ઉપર થઇને જ્યારે તે જતો હતો ત્યારે સ્ત્રીઓ અને છોકરા તેને મુસ્તફાખાનનો ખુની અને રાણીને રંજાડનાર કહી ગાળો દેતાં હતાં, આથી તેના ભયનો કાંઈ પાર રહ્યો નહિ. તેને એમ લાગ્યું કે હવે અહીં રહેવાથી જીવની હાની થશે તેથી એક દિવસે બાળરાજાને બાગમાં લેઈ ગયો કે જ્યાં આગળ તેને મૂકી પોતે છાનો માનો નાશી ગયો, પહેલાં તે નાશીને અહમદનગર ગયો પણ ત્યાં તેને આશ્રય મળી શક્યો નહિ, તેથી તે ગોવળકોંડા ગયો. પણ ત્યાં આગળ મુસ્તફાખાનના એક ગુલામે તેને હાર કર્યો અને આ પ્રમાણે કીશવરખાનની પ્રધાનવટાની કારકીર્દિનો અંત આણ્યો.

કીશવરખાનથી આ પ્રમાણે છૂટો થયા પછી બાળરાજાએ પોતાની કાકીને તેડું મોકલ્યું અને તે આવ્યા પછી તેણીને તેનો રીજંટનો ઓહ્દો પાછો સોંપ્યો, અને એખલાસખાન નામના એબેસીનીયન પક્ષનાને વજીર નીમ્યો. આ એખલાસખાન ઘણો જ ક્રોધી અને જંતુની હતો તેથી દક્ષણી પક્ષના ઉમરાવોને તેની (એબેસીનીયનો)

વચ્ચે ઘણીજ મારામારી થતી હતી. આ પ્રમાણે કુસંપ સાંભળી વરાડ, બીદુ અને ગોવળકોંડાના રાજાઓ રાજ્ય ઉપર ચઢી આવ્યા. એખલાસખાન જો કે, ક્રોધી અને તોફાની હતો છતાં તે શૂરો અને નિમકહલાલ હતો તેથી તેણે આ હુમલામાં સારો ભાગ લીધો ને શહેરનો બચાવ કર્યો. રાણી ચાંદબીબી પણ બખ્તર અને ઢાલ તરવાર સહિત પોતાના મંત્રિજને લઇને રાતની વખતે લશ્કરના દરેક થાણે ફરતી અને યોદ્ધાઓને ઉલટ આપતી હતી. તેમને ખુશ કરતી અને તેમનામાં ઝનુન ઉત્પન્ન થાય એવાં ભાષણો આપતી. આ સમયે પોતાના લશ્કરને ગામ બહાર મોકલી દુશ્મનના લશ્કરને મદતી ખોરાકી અટકાવતી અને તેમાં પૂર્ણ કૃતેહ પણ મેળવતી. આ સમયમાં અધૂરામાં પૂરો વરસાદ પડ્યો અને તેથી એક તરફથી કિલ્લાની દિવાલ તૂટી પડી. પણ સુભાગ્યે દુશ્મનોમાં માંહોમાંહે કલહ પેદા થવાથી હુમલો ધારેલે સમયે આવી પહોંચ્યો નહિ. તેથી તેટલા સમયમાં કીલ્લો સમરાવવાને વખત મળ્યો. આ કીલ્લો સમરાતો હતો તે દરમીયાન રાણી ઘોડેસ્વાર ટુકડીની આગેવાની લેઇને ત્યાં આગળ સજ થઇને ઉભી હતી; અને જો કે સરદારો તરફથી તેને આરામ લેવાને વિનતિ કરવામાં આવી હતી, છતાં તેણે તેમ કરવાને ગણકાર્યું નહોતું. વજીર એખલાસખાન પણ આ સમયની ઝપાઝપીમાં માર્યો ગયો કહેવાય છે, આ નાનું સરખું યુદ્ધ થયા પછી બન્ને રાજ્યો વચ્ચે સંધી થઈ અને દુશ્મનો પાછા ગયા.

આ પ્રમાણે અંધાધુંધી રાજપ્રકરણ ચાલતું હતું. પ્રજાનું આ વખતે કાંઈ ઠેકાણું નહોતું. રાજના ખેરખાહ લોકોએ રાણી હજુર આવી રાણી અને રાજા હયાત રહે ત્યાં સુધી તેઓ ફરમાવે તે કરવાને તયાર છે. રાણીએ આ પક્ષી બન્ને પક્ષનો લાગવગ ધરાવતો એક વજીર શોધી કાઢ્યો. પરંતુ હજી પણ રાણીને જંપીને બેસવાનું નહોતું, થોડો વખત નહિ થયો એટલામાં આ વજીરના ઉપર દીલાવરખાનના એક લશ્કરી સરદારે હુમલો કરી આંખો ફોડી નાંખી અને તેની સત્તા પોતે ધારણ કરી, અને ફરીને પાછી ખુનામરકી ચાલી અને રાણીની સત્તા નામનીજ રહી, આટલું છતાં દીલાવરખાન કાબેલ માણસ હતો તેણે રાજ્યમાં શાંતિ ફેલાવી અને દેશમાં ચાલતો વેપાર રોજગાર બીલાવવા તરફ લક્ષ આપ્યું. તેણે રાજ્ય ઉપર સારો બંદોબસ્ત રાખ્યો અને પરદેશી લોકોના આવતા હુમલા બંધ થઈ ગયા, અને આ પ્રમાણે ચાર વર્ષ સુખશાંતિમાં નીકળી ગયાં. રાજા પણ હવે ઉમરે આવવા લાગ્યો અને રાણી પણ તેવું જોવાને ઘણી ખુશી થઈ.

વિજાપુરની ગરબડ થઈ રહી નહિ એટલામાં અહમદનગરમાં ગરબડ ઉઠ્યાનું સાંભળ્યું. ચાંદબીબીના ભાઈ મુરતુઝા આ સમયે ગાદી ઉપર આવ્યો હતો. રાણી પોતાના લગ્ન પછી અહમદનગર ગઈજ નહોતી. તેના સાંભળવામાં આવ્યું કે ત્યાં આગળ ભારે ખટપટ ઉઠી છે, તેથી તે ત્યાં જવાને નીકળી. રસ્તામાં તેણે સાંભળ્યું કે તેનો ભાઈ મુરતુઝા જે ઘણોજ ઝનુની સ્વભાવનો હતો, તે રાજમદને લીધે ઘણો જ વધી પડ્યો હતો, અને તેથી તેણે પોતાના મીરાસ નામના છોકરાને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો. પણ મીરાસે ઉલટો તેને પકડીને ગુંગળાવીને મારી નાંખ્યો ને પોતે ગાદી ઉપર આવ્યો, તેનું ફળ તેને તુરતજ મળ્યું. તેના વજીરે તેને જાહેર પ્રજાની વચમાં લાવીને ગરદન મારી. આમ થવાથી લોકોની લાગણી ઉશ્કેરાઈ ગઈ ને ગામમાં ખુનામરકી ચાલી. કેટલાક માન મરતબાવાળા પરદેશી લોકો પણ માર્યા ગયા અને અંધાધુંધી ચાલી. પ્રજાપક્ષે મુરતુઝાના ભાઈ બુરહાનના દીકરા અને રાણી ચાંદના ભત્રીજા સસમાદને ગાદી ઉપર આણ્યો અને દક્ષણીપક્ષના વડા કે જેનું નામ જમાલ હતું તેને વજીર તરીકે નીમવામાં આવ્યો. આ ફેરફાર સાંભળી રાણી ચાંદ તેની સામે થઈ અને તેથી વીજાપુર અને બીરારનાં રાજ્યો તેની સામે થયાં. બન્ને લશ્કરો તેની સામે નીકળ્યાં. વીજાપૂરનું લશ્કર ચાંદ બીબીની સરદારી હેઠળ જતું હતું તેણે ઉતાવળે કુચ કરવા માંડી. બીરારનું લશ્કર તેની પહેલાં અહમદનગર જઈ પહોંચ્યું હતું પણ તેને જમાલે હરાવી કાઢ્યું હતું. વીજાપુરના લશ્કરને પોતે નહિ પહોંચે એમ જાણી જમાલે રાણી ચાંદને સંધિપત્ર મોકલ્યું. રાણી કે જે સંધિ ને લડાઈ કરતાં વધારે ચહાતી હતી તેણે તે કબુલ રાખ્યું, અને અહમદનગરની ગાદી ઉપર આ વેળા પાદશાહ તરીકે પોતાના ભત્રીજાને નીમી માન આપ્યું અને તેને પાદશાહ તરીકે સ્વીકાર્યો, અને પોતે વીજાપુર આવવા નીકળી. વીજાપુર આવી ત્યારે તેને બહુ માન મળ્યું. લોકોએ તેને માન સહિત વધાવી લીધી. હવે તેનો ભત્રીજો ઇબ્રાહીમ જે ઉમરે આવ્યો હતો તેને રાજ કાજ સોંપી પોતાની સતા ધીમે ધીમે રાણીના રાજ્યમાંથી ઓછી કરવા માંડી અને સુલેહ શાંતિમાં પોતાનો વખત પસાર કરવાનો વિચાર કર્યો.

સ્નેહ પ્રલય.

(ચાલુ)

સાંસારિક સ્થિતિમાં વૈભવ ભોગવી શકવામાં બે જણની જુદી જુદી સ્થિતિ અથવા શક્તિ પહેલેથીજ હોય, અને તેથી તે હમેશની તરીકે જ પહેલેથી મનાઈ હોય, તો તે સ્થિતિના ભેદથી બંધાયામાં બાધ આવતો નથી; પરંતુ જો તે સ્થિતિમાં પાછળથી અંતર વધે અગર નવું થાય તો તે સ્નેહભાવ શિથિલ પાડે, એવો સ્વભાવ છે. આ શિથિલતા એવી રીતે થાય છે કે રહેવા કરવામાં અને ખર્ચની બાબતના અનેક બીજા વિચારોને વિષે એકના મત બીજાના વિચારો કરતાં પલટાઈ જાય છે. વધારે વૈભવ પામેલો મિત્ર પોતાની નવી પ્રાપ્ત કરેલી સ્થિતિને અનુકૂલ વૈભવથી રહેવા જાય તો તેના સ્થિતિ ઉપરાંત ઠાઠમાઠ કે દમામના ઢોંગમાં રહે છે એમ પેલો બીજો ગણે છે, પણ જો પોતાની અસલ સ્થિતિ જાળવી રાખે તો તેને કંજુસ અને હલકા મનનો ધારે. જ્યારે આ માણસ શ્રીમંત ન હતો તે વખતે જેટલી છૂટથી પૈસા સંબંધે વાતચિત કરતો, તેટલીજ છૂટથી પોતાની નાણાં સંબંધીની હાલની સ્થિતિ વિષે તે વિવેકની ખાતર વાત કરતો અટકી જશે. જો તેને લૌકિક કીર્તિ લોભ થયો

હશે, તો તે શ્રીમંત વર્ગમાં સંબંધ બાંધશે, અને તેનો જુનો મિત્ર આ સ્થિતિની અજાણે ઈર્ષ્યા બાંધી બેસશે.

ઘણી વખત એવું અવલોકવામાં આવ્યું છે કે, યુવાન ચિત્રકારોમાંથી કોઈ એકનો ગુણાનુવાદ લોકમાં થાય નહિ અને તેને ઘટિત સન્માન ન થયું હોય ત્યાં સુધી જ, તેવા ચિત્રકારની કૃતિઓને ઘણા માન અને સાનંદાશ્ચર્ય પૂર્વક તેના મિત્રો વખાણે છે, પરંતુ જેવો બિચારો પેલો નવો કારીગર પોતાના ઉદ્યોગ અને પ્રવિણતાનું ફળ પામે છે કે, તરતજ તેના જુના મિત્રોના સંબંધનો અંત આવે છે. કદાચ આવા સ્નેહનું કારણ એમ હતું કે જનસમાજથી તેમની કલાની યોગ્ય પરીક્ષા નહિ થઈ શકેલી, તે સમાજના કરેલા અન્યાય સામે તેઓ એક મતે ક્રોધાવેશમાં હતા; તેથી જ્યારે સમાજે ન્યાય કરી યોગ્યતાને માન આપી પ્રસિદ્ધિ આપી, ત્યારે સામાન્ય દુઃખને લીધે જે અન્યોન્યનો ભાવ હતો, તે દુઃખ જતાં ભાવ પણ વિરમ્યો. ઈર્ષ્યાખોર પ્રકૃતિવાળાઓને એમ લાગે કે લોકોએ પક્ષપાતથી અમુક માણસ ઉપર તેની યોગ્યતાથી પણ વિશેષ કૃપા વરસાવી.

અમુક રાજનીતિ, રમત, મોજશોખ, વ્યસનાદિકમાં એકજ વિચાર અને એક જ પસંદગીથી રસ્તે જતાં બંધાયેલો, પાછળથી તેજ ધંધામાં સંસર્ગ ટેકથી દૃઢ થવા પામેલો સ્નેહ, તેજ વિચાર કે પસંદગીમાં એકના તરફથી દેખાઈ આવતા વિક્ષેપથી નષ્ટ થાય છે.

એક વાત અગત્યની રહી જાય છે, તે ઘણી અગત્યની રહી જાય છે. જે ઓને ઉમર થયા પછી પણ બળાત્કારે–ન ચાહ્યે–બ્રહ્મચારીની સ્થિતિમાં દિવસ લેવા પડ્યા હશે, તેઓને તો આ સ્વાનુભવથી સારી રીતે જાણીતું જ છે; પરંતુ સામાન્ય રીતે જ આ સ્થિતિનો અનુભવ હરકોઇને એવો સુપ્રસિદ્ધ થએલછે કે તેનું ખાસ ચિત્ર આપવાની અત્ર જરૂર પડે તેમ નથી; તે એ છે કે–બાળ બ્રહ્મચારી મિત્રોનો સ્નેહ ઘણુંકરીને હમેશાં એકના લગ્નથી પ્રલયવશ થાય છે. એક મિત્રનુ લગ્ન થતાં તે બેઉની સાથેનો અન્યોન્યનો પ્રીતિપ્રવાહ હવે ગતિ–માર્ગ બદલે છે, જુદે રસ્તે વહે છે, ઘટાય છે, દૂર થતો જાય છે, અને આખરે તદ્દન વિરક્ત થઈ જાય છે. સંસારી પોતાની સ્થિતિમાં કંઈ નવીનતા દેખતો નથી. તેને તો માત્ર પ્રીતિસ્થાન બદલાયું, અગર હતું તે કરતાં વધારે દૃઢતર, અંતરનું, કાયમનું, જીંદગીનાં સુખ દુઃખના ઝપાટાને સરખે હિસ્સે અને સાથે રહી, સોડમાં રહી વેહેંચી લેતું પાત્ર મળ્યું. તેથી તે વિશેષ આનંદમાં પણ હોઈ શકે. વળી તે સ્થાન કાયમનું, જીંદગી પર્યંતનું અને જીંદગી પછી પણ તેની મારફતે પોતાના આ દુનિયામાં રહેલા પુત્રાદિક રૂપ સ્વાર્થ અને અવલંબનરૂપ હોવાથી, તેને જ તન મનના ધનથી સંપૂર્ણ કરવામાં અન્ય સર્વથી વિસ્મૃત થાય છે, તેમ તેમ પોતાના બાળ સ્નેહિઓના વિચાર, સંસર્ગાદિકથી દૂર થતો જાય છે. સંસારીની આવી સ્થિતિ છે ત્યારે **असमर्थो भवेत् साधुः** ના ન્યાયે 'બ્રહ્મચર્ય' અમર લઈ બેઠેલાની સ્થિતિ મહા દુઃખદ અને દયા પાત્ર છે.

તેને તો સુખ પાછળ દુઃખછે. ગયેલું સ્થાન જાય છે, અને વળી જાય છે એટલુંજ બસ નથી, તેને ઈર્ષ્યા કરાવે તેવી સારી સ્થિતિના વૈભોગમાં નિમગ્ન થતું દેખાયછે, તેમ તેનું ઈર્ષ્યા દુઃખ વધે છે; એકાંત એ જ તેનો વિસારો છે; આમાં વળી જો મિત્રના ઘરમાં ગૃહિણી ગુણવાન હોઈ સ્નેહમાં અંતરાય રૂપ થઈ પડે તેમ ન હોય તો તો વળી બ્રહ્મચારીની સ્થિતિ અતિ વિષમ છે. તે ગૃહિણી અંતરાય રૂપ થઈ પડે અને સંબંધ સમૂલ એકજ વખત જલદીથી તુટી જાય એ જ સર્વોત્તમ માર્ગ આની શાંતિ માટે તો છે. પરંતુ જો સંબંધ ટકે તો ઘણુંક અંશે, એમ બનશે કે સ્ત્રીની મરજીને અનુકુલ બંનેને વર્તવાની જરૂર પડશે. એમ તો ક્યાંથી જ બને કે જે ભાવ મૂળ પોતાના પતિના અંતરમાં તેના મિત્ર પ્રતિ હતો, તેમાં વૃદ્ધિ કરાવી આપનાર આ ગૃહિણી નીવડે ? તેમ બને તો તો મહા સદ્‌ભાગ્યની વાત છે. પરંતુ તેમ બનતાં પણ જેમ સંબંધ નિકટ તેમ વિષયતા વિશેષ એમ ઉપર કહ્યું તે એટલા માટે જ કે મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર તેને પણ વૈભવ ભોગવવાનું મન થાય, છતાં પામે નહિ, તેથી નિરાશાનું ઈર્ષ્યા દુઃખ થાય. વળી સ્વાભાવિક રીતે સંસારીઓને આનાથી કેટલુંક ગુપ્ત રાખવા જેવું હોય, જે પેલો સહન કરી શકે નહિ, કારણ અત્યાર સુધી તેનાથી ગુપ્ત રહેલું એવું તેણે કંઈ જાણ્યું નથી. આથી પોતે સામાનામાં જુદાઈ પરસે. વળી અનેક બાબતોમાં ગૃહિણીના વાક્ પ્રહાર અને મૃદુસ્પર્શોથી શિથિલ થએલ સંસારીનું મન વળી જાય, તાબે થઈ જાય, દોરવ્યું દોરાય એવું થાયછે, ત્યારે પોતાનું ચિત્ત મહા ઉગ્ર, હમેશ તપેલું, કઠોર, કમળની પાંખડીઓને પણ કોઈ જાતની સહૃદયતા કે રસિકતા સિવાય, કચરી નાખવાને પણ સંકોચ ન પામે તેવું, લગામ નહિ લીધેલા ઘોડા જેવુંજ રહેછે. આથી વિચાર આચારમાં ફેર પડવાથી મતભેદ અને માનહાનિ થવાનો સંભવ આવી પડેછે, અને તેથી જે સ્નેહમાં તૂટ પડેછે, તે અતિશય વિશેષ ભેદકારક છે. એક જગાએ સામાન્ય લોક મત એમ જ થઈ ગયું છે કે સઘળા બાળ મિત્રોનો સ્નેહ લગ્ન થતાં સુધીનોજ સાચો માનવો, પછી તે સ્વપ્નવત્ માનવો. આમાં ઉપર કહ્યું તેમ એક લાભ છેકે— અમુક વખત સુધી પેલો મિત્ર પોતાની સ્ત્રીએ કરેલી મિત્રની અવગણનાને પણ ન ગણકારતાં, પોતાના જુના સ્નેહીને ખોટું ન લાગે, તેને ઓછું ન આવે એવી આશામાં કંઇક થોડોક વખત વિશેષ લક્ષ આપેછે, અને ધીમે ધીમે પ્રકાશ ગુલ થઈ આખરે બંધ પડેછે, તેવી તૂટમાં કંઈ પણ વિરુદ્ધ ભાવની લાગણી, ઈર્ષ્યા, કે શત્રુવટ વગેરેને અવકાશ થોડોજ મળેછે, તેથી તેવા સ્નેહીઓ જ્યારે જ્યારે પાછળથી મળે ત્યારે ત્યારે દરેકના અંતરમાં કોઈ અકથ્ય ક્ષોભભૂમિ થાયછે, પણ અનિવાર્ય અંતરાય છે, એમ બંનેને મનોમન સાક્ષી થઈ જવાથી જ ક્ષોભ થાયછે; ત્યારે પેલા બીજે પ્રકારે જુદા થએલા પાછળથી મળવા ઇચ્છતા નથી, અને મળતાં એક બીજા તરફ મહા તિરસ્કારની દૃષ્ટિથી જુએછે.

ઉપર કહેલાં સાંસારિક, માનસિક, વ્યાવહારિક–કોઈ પણ સ્થિતિમાં ભેદ પડતાં જેને ધર્યા કે નિરાશાનું દુઃખ થવાથી જુદાઈ થવા જાયછે, તેવાં પાત્રોમાં એટલું તો

કબુલ કરવું પડશે કે ઈર્ષ્યા, સુખ એ ઉત્કટ લાલસા વગેરેના અંશ અતિશય રહેલા છે. વ્યવહારમાં પચેલાં સામાન્ય પ્રકૃતિનાં મનુષ્યોનાં એ દૃષ્ટાંત છે. તેમનામાં ધૈર્ય, મનની ઉદારતા, કે પોતાના કર્ત્તવ્ય વગર ભાવિના ફળ ઉપર શ્રદ્ધાથી મળતી સંતોષ વૃત્તિની આશા રાખવાનીજ નથી. જેઓ ઉદાર થઈ કે પછી આપણું ભાવિ એવું હશે, એમાં મિત્રનો દોષ નથી, હાલ આપણો ઉપાય નથી, એમ શ્રદ્ધા પૂર્વક માની પૂર્ણ ધૈર્ય રાખી શકે તેમને નિરાશા કદાચ એક પ્રકારે થશે, પણ ઇર્ષ્યા દુઃખ થશે નહિ. આવી સમજુતી વાળાને પોતાનું ભાવિ આવું રચનાર પોતાના ગત કર્મ તરફ તિરસ્કાર વૃત્તિ કરશે. અન્યથા તો દુઃખીજ થશે. પરંતુ જેઓને આવું શિક્ષણ કે જ્ઞાન નથી થયું, તેઓ તો દુનીયાંનાં સામાન્ય મનુષ્યોનાં સઘળાં સુખ દુઃખને વશ થશે, તેમની તો પ્રકૃતિજ એવી ઘડાશે કે દુઃખ, ઇર્ષ્યા થાય છે. દુનિયાંની બહારદૃષ્ટિ નહિ કરી જોનાર, માત્ર વ્યવહાર કૂપમાં ડુબેલાં મનુષ્યોને તો અન્ય પરિણામ સંભવતું નથી.

ત્યારે આવાં કોઈ પણ કારણથી—ખરેખરી અવગણનાથી કે પછી સ્નેહ સ્થાન બદલાવાથી, પ્રેમ પ્રવાહનો માર્ગ બીજી દિશામાં વળવાથી, કે પછી બીજા પ્રકારના કાર્ય વ્યવસાયમાં પડવાથી, કે પ્રકૃતિજ અત્યંત આળસુ હોવાથી, કે વિચારાદિકમાં ફેરફાર થવાને લીધે સામાન્ય વાતચિતના પ્રસંગ બંધ થવાથી, કે પછી તેજ પ્રકારના છતાં અત્યંત વધી પડેલા કાર્ય વ્યવસાયમાં અત્યંત ગ્રસ્ત થવાથી—સહજ બેદરકારી પ્રકૃતિ થયછે તેથી સ્નેહીને સ્મૃતિ બહાર થવું પડેછે, એજ ઘણે મોટે અંશે સ્નેહ પ્રલયનું કારણ થઈ પડેછે, સ્નેહ ભાવમાં કાંતો અત્યંત નિખાલસપણું હોવું જોઇએ, અગરતો અમુક નિશ્ચિત અડચણો, અગવડો કે અંતરાય નહતાં હોય તેમને જીતવા, કાંઇક સામાન્ય લાભનો સ્વાર્થ, એ એક બહારનું કારણ હોવું જોઇએ. સંબંધ સાચવી જાણવામાં એક નિશ્ચિત અંતરાય પણ ઘણેક દેકાણે થોડાજ વખતમાં સ્નેહ ઉપર પૂર્ણ અંકુશ થઈ પડવા સમર્થ છે. દૃષ્ટાંત તરીકે, તમારે ઘર વડિલાદિકને લીધે અવર જવર મુશ્કેલ લાગે, રેલવેથી તમારું સ્થાન દૂર હોય, અગર કોઈ હુંગર ઉપર હોય આવાં કારણોમાં તમારો જાતનો દોષ ન હોય તોપણ શિથિલતા થાય એવી રીતે ઘણે લાંબે વખતે મેળાપ થાયછે, ધાર્યા પ્રમાણે મનને ખાલી કરવાનું બનતું નથી, મન તો પ્રકૃતિ પ્રમાણે ખાલી થવાનું સ્થાન શોધીજ લેછે, વેહેતા પાણીને એક દિશાએ અટકાવોછો, તો જેટલી ઘડી અટકાવો, તેટલી ઘડી પણ તે એવી રહેતું નથી. તેની તો પ્રકૃતિજ છે કે તેને તમે તદ્દન બાંધી લો, તોજ તે પણ કોઈ મનુષ્ય તરફ વળતું બંધ પડે. નહિતો મનુષ્યને સહવાસ જોઇએજ, man is a social being તેથી તે અન્યસ્થાન તરફ વળ્યા વગર રહેશે નહિ. વાચક દોષ કાઢે કે અંતરાય નડવાથી જે તૂટી જાય તે સ્નેહ શાનો? કબુલ, પરંતુ મારો અનુભવ તો એવો છે કે શરૂઆતમાં જણાવ્યું જ છે કે—સ્નેહ પાત્ર બંને આ જીંદગીમાં હયાત છતાં પણ, અંતરમાં રહેલો સ્નેહ મૃત્યુ પામે છે, મનુષ્યની માફક ફરી પાછું ન વળે, એવું મૃત્યુ પામેછે. આ મૃત્યુ તે પેલા ઇર્ષ્યાના

મૃત્યુ જેવું ઝેર ખાધાના આપઘાત જેવું કડવું નથી, છતાં મૃત્યુ કુદરતના નિયમનો કાંઇક ભંગ થવાથી થયેલું છે, અને દુઃખદ તો છે જ,. માટે આશ્ચર્ય ન પામશો. આવા અંતરાય પછી પણ જો કોઈ મિત્ર તમને મળવા આવશે; તમારે ઘેર ચાકર નોકરોના હજારો હડસેલા ખાઈ પાછા વળવા છતાં પણ આગ્રહથી એક વખત પણ તમને પકડવા પામશે, તો જાણવું કે તમને મળવામાંજ આખર ગણાતી હશે તેથીજ તે તમને મળશે. શુદ્ધ, નિખાલસ, સાદી સમાનતાની પ્રકૃતિ કે ભાવથી નહિ. આમ કોઈ ગરીબ મિત્રોનો સ્નેહ શ્રીમંત મિત્રો સાથે ક્યારનોય તુટી ગયો જોઇએ, છતાં માત્ર પોતાના દૃઢ આગ્રહથીજ તેવો ભાવ—અને પોતાનાજ અંતરના તે ભાવ વડે, ઘણું કરીને—રાખી રહેછે. સામાના તરફથી સમાન ભાવની આશાનો અંતરમાં હોય, પરંતુ તે બહાર જણાવી તેવી સમાનતાનો ભાવ માગવાની હિંમત તેમનામાં હોતી નથી, ત્યારે તેમની સ્થિતિ હમેશના ઘરાક જેવી થઈ પડેછે. મુરબ્બીઓ બહારનાજ માત્ર દયા કે સ્નેહના ભાવથી વર્તે છે, પણ ખરેખર તો તેઓ તેના તરફ તદ્દન બેદરકાર હોયછે, અને બંને વચ્ચેનો જુનો ગાઢ સ્નેહ ટકાવી રાખવા તેમના તરફથી કંઈ પણ પ્રયાસ જણાતો નથી.

પરંતુ સંપત્તિ કે માન આબરૂમાં સમાનતા હોવાથી જ સ્નેહ ટકે એમ નથી. સમાનતા તો કોઈ બીજા જ પ્રકારની જોઇએ છે. "સહજ સ્નેહ ટકાવવો હોય તો જ્યાં સુધી તેને ટકાવી રાખવા બંને પક્ષ તરફથી કાંઇક અગવડ અને દુઃખ સહન કરી લેવા પ્રયાસ ન હોય ત્યાં સુધી તેમ થાય નહિ." તેથી જો તમને એમ લાગે કે, જેને તમે તમારો મિત્ર ધારતા હતા તે તમારી ખાતર કંઈ પણ તસ્દીમાં આવી પડવા માગતો નથી, તો તમારી પોતાની માન હાનિ ન થવા માટે એટલું જ બસ છે કે તમારે પોતાને પણ તેના જેટલી તસ્દીમાં, તેની ખાતર પડવું. આ વાત, જ્યારે તમને માન હાનિ અને સ્વાર્થ અંગ પ્રબળ હોય ત્યારે જ લાગુ પાડવાની છે. ઉત્કટ સ્નેહમાં જ્યાં માનહાનિ, ધનહાનિ કે શરીર હાનિ સુદ્ધાંતમાં ભેદ જણાશે, કારણ કોઈ વિષમે ભેદ તમે અનુભવ્યો જ નથી, ત્યાં તો આ નિયમ નિરૂપયોગી છે. આમ કરશો એટલે, તેને પોતાની શિથિલતાની તો સમજ નહિ પડી હોય, પણ તમારી શિથિલતા તો તેને સમજાશે જ, અને તેથી કાંઇક ખાસ દેખાઈ આવે તેવી રીતથી પોતાનો સંબંધ તાજો દેખાડશે કે પછી તેમાંથી તદ્દન અટકી જશે.

કુદરતી નિયમ જ છે કે, આપણે હતા તે હાલ નથી. એમ સ્થિતિ અંતરશારીરિક, માનસિક ભોગવીએ છીએ તો સ્નેહને પણ કદાચ ગત થાય અને તેને સ્થાને નવો થાય એમાં શું? આવો નિયમ પ્રથમ તો દેખીતો દુઃખકારક ભાસે છે, પરંતુ અનુભવી માત્ર સાથેજ કહેવા લાગશે કે ખોળીયું બદલવા જેવોજ આ પણ અનિવાર્ય નિયમ છે.

આ વિષયના અંતમાં સ્નેહપ્રલયના એક સ્વરૂપને લક્ષમાં લઇએ, કોઈ કોઈ પ્રસંગનો સ્નેહ ભંગ એવો તો ખરેખર બેદકારક અને દુઃખદાયી નીવડે છે કે તેની

અંધકારમય શોકની છાયા આપણાં સઘળાં બાકીનાં વર્ષોને ખિન્ન કરી નાંખે છે. આવું ક્યારે બને છે કે જ્યારે, આપણી કોઈ પ્રકૃતિની વિચિત્રતાને લીધે જ કમનસીબે થએલી ભૂલથી મિત્રના દીલને ઘા કરી દીધો હોય અને તે ભૂલ, જો કે કમનસીબે, અકસ્માત થઈ ગઈ હોય છે છતાં અનિવારી શકાય તેવી હોય, તેનો ઉપાય થઈ શકે તેમ હોય અને તેથી મમતાળુ હૃદયમાં જે કુમળી વૃત્તિ સુખે વાસો કરી રહી હોય તેનો ઉચ્છેદ થઈ ગયો હોય ત્યારે આ વૃત્તિને ઘડતાં તો જન્મભર પણ કમતી પડે; તોડતાં તો ક્ષણ પણ જોઇએ નહિ.

જયન્ત.

વાર્તાની જનમંડળ ઉપર થતી અસર.

ખરું બનેલું અથવા બનાવટી, જે વૃતાંત કંઈક સાર ગ્રહણ કરવા યોગ્ય હોય તેનું નામ વાર્તા. વાર્તાનો અર્થ એકલું ટાયલું એમ થતો જ નથી. જેમાં વૃતાંતની સાથે નીતિ, લોકની રહેણી કરણી, અને જનસ્વભાવનું વર્ણન હોય તેજ ખરી વાર્તા કહેવાય છે. પ્રાચીન કાળથી આજ સુધી જોઈએ છીએ તો, વાર્તાઓ આવા જ ઉદ્દેશથી ચાલતી જોવામાં આવે છે. આજ એ ક્રમ વિપરિત થઈ ગયો છે અને નવા લેખકો વાર્તા તે માત્ર વાકફળ જ, એમ માની લેખ લખવા શીખ્યા છે. પંચતંત્ર વાર્તાઓમાં સર્વથી શ્રેષ્ઠ છે; કારણ કે એમાં ગમ્મતની સાથે જ્ઞાન અને બોધ બેઉ મળે એવાં વૃતાંત ગોઠવેલાં છે. શૃંગારરસને ઉદ્દીપન કરી વાર્તાનો ક્ષુદ્રભાવ રાખવો અથવા જેમાંથી મનુષ્યના મનમાં દુર્ગુણનાં બીજ રોપાય એવા ચોરીના, લુચ્ચાઇના અથવા શીસાદના બનાવોની પરંપરાથી વાચકનો વાચનરસ રાખવાને અનેક ભળતાં ન ભળતાં વૃતાંતોથી પુસ્તકનું પૂર વધારવું તે વાર્તા કહેવાય નહિ. નવલકથાઓને નામે હાલમાં, ચાલતા જમાનાની વાર્તાઓ લખાય છે, તે માત્ર ઉપર જણાવ્યા એવા દુર્ગુણ મૂલક વૃતાંતોથી જ પૂર્ણ હોય છે. ચોરી, વ્યસન, અને મનુષ્યઘાત વગેરે બાબતોને બહુ ચતુરાઇથી વર્ણવવી અને પ્રસંગને ભયંકર તથા ફૂરતર બનાવવો, એ વાર્તાના રસને પોષક છે ખરૂં, પરંતુ તેથી જનસ્વભાવ ઉપર છુપી નહારી છાપ પડે છે. માણસનું મન નહારી બાબતને એવી તો ગુપ્ત રીતે ગ્રહણ કરી રાખે છે કે, જે સમજુથી પણ સમજાતું નથી. મનુષ્યઘાત કરવાના અથવા ચોરીના પ્રસંગમાં વાપરેલી ચતુરાઇના દાખલા નવલકથામાં જ્યારે એક મનુષ્ય વાંચે છે, ત્યારે પ્રથમ તો તે માત્ર વંચાયે જાય છે પરંતુ જ્યારે કોઈ કાળે, તે માણસને એવો પ્રસંગ આવી મળે છે, ત્યારે છૂપા રહેલા જ્ઞાનવિષની માફક પેલી ચતુરાઈ તેને યાદ આવે છે અને મન એવા પ્રકારે તેને સમજાવે છે કે જેથી તે ઘાત કરવાને તત્પર થાય છે. જેમ સમજણ વધારે તેમ વિચાર અથવા યુક્તિ બાહુલ્ય વધારે અને જેમ યુક્તિ વધારે તેમ માણસ વધારે અમાનુષિક કાર્ય કર્યા નીવડે છે. કોમળ મન ઉપર આવા દુર્ગુણમૂલક વૃતાંતો

ની અસર જલદી થાય છે અને તે થઈ છે કે નહિ, તે જણાતું નથી; એટલે એક મોટા ચોરની વાર્તા વાંચવાથી વાચક ચોર થાય છે એમ કહેવું નથી, પરંતુ તે ચોરે બતાવેલી ચોરીની યુક્તિઓ વાચકના મનમાં છૂપું ઘર કરી રહે છે. વર્ષો વીતી જાય છે, પરંતુ તે વાચકને સાંભરતું નથી છતાં જ્યારે લાગ હોય, સુવર્ણનો ઢગલો મુખ આગળ પડેલો હોય અને લોભ પોતાના કાબુમાં લઇને પેલા ચોર વૃત્તાંતના વાંચનારને સુવર્ણ લેવાને પ્રેરતો હોય ત્યારે પેલી વાર્તામાં વાંચેલી યુક્તિઓ વાચકના મનમાં એની મેળે યાદ આવે છે અને બે દુર્ગુણનું મન ઉપર જોર થતાં મનુષ્ય તે કર્મમાં પ્રેરાય છે. આ ઉપરથી અત્ર જે કહેવાનું છે, તે માત્ર એટલું જ છે કે, વાર્તાઓમાં પણ દુર્ગુણમૂલક વૃતાંતો આવવાં જોઇએ નહિ.

સારી છટાદાર ભાષામાં લખાયલી વાર્તાઓ મનુષ્યના મન ઉપર એટલી બધી અસર કરે છે કે, જેથી જમાનો બદલાઈ જાય છે. ફ્રાન્સમાં વાર્તાઓથી જનસ્વભાવમાં, વર્તનમાં, રહેણીકરણીમાં અને પહેરવા ઓઢવાની ઢબમાં પણ વર્ષે વર્ષે ફેરફાર થાય છે. વાર્તાના રસમાં એકતાર થઈ ગયેલાં મનુષ્યમન તેવા વર્તનને પસંદ કરે છે અને એ પ્રમાણે ઘણાં મનના સમવાયથી, એ વર્તને વર્તવું, એ એ જમાનાની રહેણી બંધાઈ જાય છે. ગુજરાતમાં પણ વાર્તાઓની આવી અસર થયેલી છે જે સંસારનું નિરીક્ષણ કરનારથી છૂપું નથી. વધારે અસર તો થઈ નથી કારણ કે જમાનો બદલાવે એટલી નવલકથાઓ હજી જનમંડળમાં લખાઈ નથી અને લખાઈ છે, તો પ્રવર્તાઈ નથી, બાકી એ ફેરફાર પણ થાય. ગુજરાતમાં વાર્તાઓની મનુષ્યના મન ઉપર જે અસર થઇ છે તે નામકરણના સંબંધમાં જ માત્ર થઈ છે. આ દશકામાં ગુજરાતમાં જેટલાં 'રોમેન્ટીક નેઇમ' નવલકથા જન્ય નામો સાંભળવામાં આવે છે તેટલાં પહેલાં દશકામાં નહોતાં એમ તો સર્વે કબુલ કરશે જ. હાલ જેમ નામમાં નવલકથાની અસર થઇ છે તેમ આગળ ઉપર જેમ જેમ નવલકથાઓની વધારે પ્રવૃત્તિ થતી જશે તેમ તેમ જનસ્વભાવમાં અને રહેણીકરણીમાં પણ અસર થતી જશે. આ ઉપરથી એમ કહેવું ઉચિત છે કે, જેનાથી જનસ્વભાવ ઉપર આવી પ્રબળ અસર થાય છે તે પુસ્તકો અર્ધદગ્ધ લેખકોને હાથ લખાવાં જોઇતાં નથી. મનુષ્યનું મન પાણી છે અને વાર્તા અથવા વાચન રંગ છે. મન જેવા રાગ રસને પોતાનામાં ગ્રહણ કરે છે તેવું મનુષ્યનું વર્તન નીવડે છે. શર ચઢાવવાને માટે વીરરસ પ્રાધાન્ય કાવ્યો પૂર્વે લઢાઇના વખતમાં વંચાતાં હતાં અને હાલ પણ વંચાય છે. વાચનની અસર મન ઉપર થાય છે અને મનની અસર તન ઉપર થાય છે. વીરરસ વાંચતાં માણસનું મન ઉશ્કેરાઈ જાય છે અને તેની નાડીઓમાં રૂધિરનો પ્રવાહ ગરમ થઈ આખું શરીર ધમધમી જાય છે. આ પ્રમાણે બધા રસો મન ઉપર અસર કરે છે અને મનની અસર દેહ ઉપર થાય છે. નવલકથાઓમાં આવતા રસ વધારે અસરકારક હોય છે, કારણ કે તે ચાલુ જમાનામાં પ્રવર્તતા વૃત્તાંતથી પૂર્ણ હોય છે. ઐતિહાસિક વૃત્તાંતો મન ઉપર અસર કરે છે, પરંતુ સદ્‌વર્તનમાં તે વધારે દૃઢ અસર કરે છે, જ્યારે દુર્ગુણમૂલક વૃત્તાંતો આજના વર્તન ઉપર સત્વર અસર કરેછે. એક

વાર મનમાં આવેલી વાર્તા માણસને સ્વપ્નમાં ખરી થઈ નજરે પડે છે અને પછી હૃદય ઉપર તેની છાપ દૃઢ થઈ જાય છે. નવલકથાકારો માત્ર પોતાના પુસ્તકની ભાષા, શૈલી, કે રસિક વૃત્તાંતને માટે જ લેખ લખે છે એમ નહિ, પરંતુ તેઓ જનમંડળના ઉપર પોતાના પુસ્તકથી એક નવું ચિત્ર ચીતરી તે પ્રમાણે થતું હતું વા થાય છે, એમ દેખાડી તેમાંનાં સારાં ખોટાં વર્તનોને મનુષ્યના મન ઉપર ઠસાવે છે, માટે જ તેઓ પોતાના પુસ્તકના ચિતાર માટે વધારે જોખમદાર છે.

સારા વાચનથી વિદ્યાની અભિરૂચિ થાય છે એમ સાંભળનાર પણ જો અભણ હોય તો તેને ભણવાનું મન થાય છે. હાલ જેમ આપણા દેશમાં છે તેમ પૂર્વે ઇંગ્લંડમાં પણ વિદ્યા ભણવી અને ભણાવવી એ જેમની પરંપરાગત વૃત્તિ નહોતી, તે લોક ભણતા નહોતા અને બૈરાંમાં પણ વાંચવાની કે ભણવાની અભિરૂચિ નહોતી. ડૉ. જૉનસન કહે છે કે, 'સ્ત્રીઓમાં જો કોઇને લખતાં વાંચતાં આવડતું તો બીજી સ્ત્રીઓમાં તેની ચેષ્ટા થતી.' હાલ એ જ લાં સ્ત્રીઓમાં ભણે છે એટલુંજ નહિ પણ ન ભણેલી હોય તે ચેષ્ટાને પાત્ર થાય છે. ઇંગ્લંડમાં આટલી બધી કેળવણી વધવાનું જો મૂળ તપાસીએ તો એજ જણાય છે કે, લાં સારા સારા લેખકો થયા અને તેમણે લોકને વાંચન અભિરૂચિ ઉત્પન્ન કરે એવાં પુસ્તકો રચીને પ્રસિદ્ધ કર્યાં. ઍડીસન નામના પ્રસિદ્ધ વિદ્વાનના સંબંધમાં ડૉ. જૉનસન લખે છે કે, 'એ વિદ્વાને જ ઇંગ્લંડમાં વિદ્યાને વધારી. એણે લોકને વાંચવાનું મન થાય એવા લેખ લખ્યા અને તેણે એવી નીતિ અને ધર્મના બીજવાળાં લખાણ કર્યા કે જેથી બીજા લેખકોનું વળણ પણ ફેરવાઈ ગયું અને લોક વિદ્યા ભણવાને આતુર થયા.

લેખમાં કિંવા વાર્તામાં એવાં ચિત્ર ચીતરવાં કે જે જનમંડળ ઉપર નીતિની છાપ પાડે. અનીતિની છાપ પાડે એવા લેખકોને પણ સારા લેખકોએ પોતાની સદ્‌વસ્તુથી આંજી નાંખવા અને લોકરૂચિને ફેરવી નીતિમાન્ વાર્તામાં લઈ જવી. જનમંડળ ઉપર જેની અસર થાય છે તે લેખ જો જનમંડળમાં પરિચિત અને સહેજ વંચાય તેવા હોય છે તો જ થાય છે. બાળકોને માટે લખાતા લેખ બાળકના જેવા વિચારના હોવા છતાં તેમાં વૃદ્ધને પણ સાર ગ્રહણ કરવા જેવી વસ્તુનો સમાવેશ કરવો જોઇએ. નવલ કથા અથવા વાર્તાઓમાં જે પાત્ર લેવાય છે તે બહુધા ઊંચી પ્રતિનાં હોય છે અને જો કે તે કલ્પિત હોય છે તોપણ જનમંડળમાં એક સદ્‌ગૃહસ્થના કુટુંબ જેવાં લેખાઈ દાખલો લેવા જોગ બને છે ઉચ્ચ પાત્રોમાં ગણાતાં નવલકથાનાં અનુષંગી માણસોનાં વર્તન લોકને અનુકરણીય થાય છે એટલે જેમ એ પાત્ર વર્તે તેમ વર્તવાની વાચકોને અભિલાષા થાય છે. મોટાં ગૃહસ્થકુટુંબોમાં જેવું વર્તન ચાલતું હોય છે તે પ્રમાણે બીજા માણસ ચાલે છે. કહ્યું છે કેઃ—**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः** એટલે કે જેમ ઉચ્ચ પંક્તિના માણસો ચાલે છે તેમ ઇતર માણસો ચાલે છે; માટે જ નવલકથામાં આવતાં પાત્રો ઉચ્ચ ગણાતાં હોવાથી તેનું ઉચ્ચ અને નીતિમાન વર્તન રાખવું એ લેખકનો મુખ્ય ધર્મ છે. ઉત્તમ લેખકો પોતાની

વસ્તુને એવી ચીતરી બતાવે છે કે, લોકો તેને સત્યવત્ અનુભવે છે, તેનાં પાત્રોના ઉચ્ચ ગુણોને અનુસરવા લલચાય છે અને એ જાતની રીતભાતનો અંગીકાર કરવા તત્પર થાય છે. ઉંચી જાતની કવિતા મનુષ્યને ઉંચી જાતના કાલ્પનીક વિચારો અને ભાવ ઉત્પન્ન કરે છે, પરંતુ સહેલું અને સત્યવત્ લખાણ તો મનુષ્યને તેના ઘરમાં કેવા આચારવિચાર અને વર્તનથી ચાલવું તે શીખવે છે. ગુજરાતમાં જનમંડળ ઉપર જો કોઈ પણ લેખથી અસર થઈ હોય, તો તે રા. ગોવર્ધનરામનો 'સરસ્વતીચંદ્ર' છે. કુમુદસુંદરી અને તેની માતા ગુણસુંદરી, એ બે પાત્ર તેમાં એવાં વર્ણવ્યાં છે કે, જેમના જેવા વર્તનનો ઘણાં બૈરાંને સહજ જ ભાવ થાયછે. સરસ્વતીચંદ્રથી થયેલી અસર જનમંડળમાં તાજી છે, એટલે આ ઉદાહરણ વાચકને પોતાના અનુષંગમાં આવેલાં મનુષ્યથી સત્યાસત્ય જેવા વા મનન કરવાને બની આવશે.

ગૂર્જર શિષ્ટગ્રન્થ શતી.

(લખનાર રા. બ. હરિલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ. એલ. એલ. બી. એમ. આર. એ. એસ, વિગેરે નવસારી.)

સુપ્રસિદ્ધ વિદ્વાન્ **સરજોન** લબ્બક પ્રમાણે, સ્વભાષા માટે, રા. **રત્નલાલ રણછોડદાસનો**, આ પત્રમાં, રતુલ્ય પ્રકમ થયો છે, તેને માટે સર્વ સહૃદય વાચકો તેમને ઉપકારી થશે. તેમણે આ બાબતમાં જે સાક્ષર મંડળના અગ્રેસરોને નિમંત્રણ કીધું છે તે પણ તેમના આદરને યોગ્ય છે, અને તેને માન આપી હું પણ કેટલાંક નામો મારી રૂચિ પ્રમાણે આપું છઉં. આ પુસ્તકોમાંનાં ક્યાં કયાં મળવા મેળવવા જેવાંછે, તો તેમાં **ગૂજરાત વર્નાકયુલર સોસાઇટી**, "**નિર્ણયસાગર**" તથા "ગૂજરાતી પ્રેસ," "**સુદર્શન**" અને "**ચંદ્ર**"ના વ્યવસ્થાપક, વડોદરા રાજ્યના કેળવણી ખાતા તરફ તેની ભાળ મળશે, એમ સૂચના કરવી ઘટેછે. તેજ પ્રમાણે "**પ્રાચીનકાવ્ય**" "ત્રિમાસિક" અથવા "માસિક" રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ તરફથી પ્રકટ થયેલી છે તેમાં, વડોદરા સરકાર તરફથી પ્રકટ થયેલી "પ્રાચીન કાવ્યમાળામાં" કે "ગૂજરાતી" તરફની "બૃહત્કાવ્યદોહન" કે બીજી પુસ્તકમાળામાંથી કાંઈ કાંઇ રત્નો જડી આવશે તે એ જણાવવું જોઇયે. આત્મકૃત ગ્રંથોનાં નામ આપવામાં અવિનયની આશંકા નહિ થાય, કારણકે તે નામ રા. રત્નલાલે કંઇક આપ્યા પછી જ આપ્યાંછે.

નીતિ અને ધર્મના ગ્રંથો.

૧

મનુસ્મૃતિ, રા. **છબેરિલાલ ઉમયાશંકર યાજ્ઞિકનું** ભાષાન્તર.
ભગવદ્‌ગીતા, રા. **મણિલાલ નભૂભાઈ દ્વિવેદીનું** ભાષાન્તર.
પંચતંત્ર અથવા **પંચોપાખ્યાન અને હિતોપદેશ**.
આહારમીમાંસા રા. **હરિલાલ હર્ષદરાય ધ્રુવકૃત**.

ઈશ્વરપ્રાર્થનામાળા રા. બ. ભોળાનાથ સારાભાઇકૃત ગદ્ય અને પદ્ય, ભાષણો અને વ્યાખ્યાનો સહિત.

તત્વજ્ઞાન અને શાસ્ત્રના ગ્રંથો.

૨

સિદ્ધાન્તસાર
પ્રાણુવિનિમય. } રા. મણિલાલ નભૂભાઈ દ્વિવેદીકૃત.

ચંદ્રકાંત રા. ઇચ્છારામ સૂર્યરામકૃત.

અર્થશાસ્ત્ર રા. અંબાલાલ સાકરલાલ દેસાઇકૃત.

ચેતનશાસ્ત્ર.

પાતંજલ યોગદર્શન.

વિચાર સાગર.

સરળ અર્થશાસ્ત્ર વિગેરે. રા. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીની ગ્રંથાવળિ, વડોદરાની જ્ઞાનમંજૂષા ગ્રંથાવળિમાંનાં રત્નો.

પુરાણ, આખ્યાનાદિના ગ્રંથો.

૩

શ્રીમદ્ભાગવત–કવિ પ્રેમાનંદાદિકૃત.

રામાયણ, ગિરધર કવિકૃત અને તુળસીકૃત રામાયણનું ભાષાન્તર કવિ શિવલાલ ધનેશ્વર કૃત.

મહાભારત.

નર્મકથા કોષ.

બીજાં પુરાણોનાં ભાષાન્તરો મુંબાઇમાંની જુદી જુદી મંડળીઓ તરફથી થયેલાં.

ઇતિહાસના ગ્રંથો.

૪

રાસમાળા (ગુજરાતી.)

કેળવણીનો ઇતિહાસ.

ગૂજરાતી ભાષાનો ઇતિહાસ. શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસકૃત.

હંટરકૃત હિંદુસ્તાનના ઇતિહાસનું ભાષાન્તર.

હિંદરાજસ્થાન.

ગૂજરાત રાજસ્થાન.

ચરિત્રના ગ્રંથો.

૫

કરસનદાસ મૂળજીનું ચરિત્ર. ભોળાનાથ સારાભાઇનું ચરિત્ર.
દુર્ગારામ મેહેતાજીનું ચરિત્ર. જ્યોર્જ વોશિંગટનનું ચરિત્ર.

જેનન્નમિન ફ્રાંકલિનનું ચરિત્ર હિંદના હાકેમની ગ્રંથમાળામાંના ગ્રંથો.
વીરમંડળ, રા. નારાયણ હેમચંદ્ર વિરચિત.
ધાર્મિકપુરૂષો, ઉદ્યોગીપુરુષો વિગેરે ગ્રંથો પણ રા. નારાયણ હેમચંદ્રના.

પ્રવાસના ગ્રંથો.

૬

ઇગ્લાંડમાં પ્રવાસ (કરસનદાસ મૂળજીકૃત.)

ઇગ્લાંડની મુસાફરી. રા. સા. મહીપતરામ તથા ખા. સા. યુસફઅલીકૃત.

યુરોપ યાત્રા. રા, હરિલાલ હર્ષદરાય ધ્રુવકૃત. (ગૂજરાત દર્પણમાં આવેલી અને હવે પછી ધલાહિંદી (છપાવાની.)

હિંદુસ્તાનની મુસાફરી (મુસકૃત.)

સ્ત્રી ઉપયોગી ગ્રંથો.

૭

સ્ત્રીધર્મનીતિ.

સતીમંડળ.

મા અને છોકરાં.

વધુ બોધ.

સુંદરી ગુણ મંદિર.

કાવ્ય અને કવિયો.

૮

કવિ નરસિંહ મેહેતા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવની કુંજવિહાર અને ચંદ્રમાંની કવિતા.

મીરાંબાઈ. રા. નરસિંહરાવ ભોળાનાથની કુસુમમાળા અને જ્ઞાનસુધા વિગેરેમાંની કવિતા.

કવિ પ્રેમાનંદ.

કવિ વલ્લભ પ્રેમાનંદસુત. રા. મણિલાલ નભૂભાઈ દ્વિવેદીના પ્રેમજીવન અને પ્રિયંવદા તથા સુદર્શન આદિમાંની કવિતા.

કવિ દયારામ.

કવિ નર્મદ. રા. બાળાશંકર ઉલ્લાસરામ કંથારિયાના કલાન્ત કવિ અને ભારતી ભૂષણ વિગેરેમાંની કવિતા.

કવિ સામળ ભટ.

કવિ વલ્લભ ભટ. રા. ગોવર્ધન માધવરામ ત્રિપાઠીની સ્નેહમુદ્રા.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ. જટિલ પ્રાણુપદ્મબંધ.

અખેભકત. વિભાવરી સ્વપ્ન.

કવિ ભાલણ. વસંતવિજય.

મેઘદૂત (નવલરામ લક્ષ્મીરામ. ભીમરાવ ભોળાનાથ, હરિલાલ ધ્રુવ.કૃત.)

ગીત ગોવિન્દ } રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું ભાષાન્તર.
અમરૂ શતક }

અનુભવિકા, નીતિવિનોદ અને વિલ્સન વિરહ મી. બેરામજી મેરવાનજી મલબારી.

નાટકો

૯

અભિજ્ઞાન શાકુન્તલ (રા. ઝવેરિલાલ ઉમયાશંકર યાજ્ઞિક અને રા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખર કૃત.)

વિક્રમોર્વશી અને માલવિકાગ્નિમિત્ર (રા. રઘુછોડભાઈ ઉદયરામ કૃત.)

મુદ્રારાક્ષસ (રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવકૃત.)

રત્નાવળિ (રા. મધુવચરામ બલવચરામ કૃત અને રા. રણછોડભાઇ ઉદયરામ કૃત.)

કાન્તા (રા. મણિલાલ નભૂભાઇ કૃત.)

ઉત્તરરામચરિત અને માલતી માધવ. (રા. મણિલાલ નભૂભાઇ દ્વિવેદી કૃત.)

પુરૂ વિક્રમ નાટક. રા. નારાયણ હેમચંદ્ર.

અશ્રુમતી નાટક.

જયકુમારી વિજય નાટક, અને લલિતા દુઃખદર્શક નાટક. (રા. રણછોડભાઇ ઉદયરામ કૃત.)

આર્યોત્કર્ષક, વિક્રમોદય અને વસંત વિલાસિકા (રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવકૃત.)

નવલકથાના ગ્રંથો.

૧૦

સરસ્વતી ચંદ્ર. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીકૃત.

કરણઘેલો રા. નંદશંકર તુળજાશંકર કૃત.

કાદંબરી રા. છગનલાલ હરિલાલ પંજા કૃત ભાષાન્તર.

વાસવદત્તા (ભાષાન્તર.)

કથાસરિત્સાગર (ભાષાન્તર)

અરેબિયન નાઈટસ (રા. ઇચ્છારામ સૂર્યરામ કૃત ભાષાન્તર.)

ઇસપનીતિ (ભાષાન્તર.)

બાળમિત્ર (ભાષાન્તર.)

ઈરાવતી રા. છગનલાલ ઠાકોરદાસ મોદીકૃત.

સુંદર અને વિદ્યાનંદ રા. કાઠિયાડવાડી કૃત.

વિક્રમની વીસમી સદી.

દિલ્લીપર હલ્લો. રા. ઇચ્છારામ સૂર્યરામ કૃત.

સંન્યાસી રા. નારાયણ હેમચંદ્ર. તેમના બીજા પણ વાર્તાગ્રંથો.

રાસેલાસ રા. ગીરધરલાલ દયાળદાસ કોહારીનું ભાષાન્તર.

પૃથુરાજ ચહુઆણ.

મુક્તા રા. વૈદ્ય મણિશંકર ગોવિંદજી વિરચિત.

મણિમોહન વિગેરે રા. વનમાળી લાધા મોદીના વાર્તાગ્રંથો.

ગંગા ગુર્જરવાર્તા રા. ઇચ્છારામ સૂર્યરામ કૃત.

ગૂજરાતની જૂની વાર્તાઓ. રા. મણિલાલ છબ્બારામ ભટ કૃત.

બે બહેનો. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ વિરચિત.

ઇતર ગદ્ય ગ્રન્થો.

નર્મ ગદ્ય.	હિન્દ અને બ્રિટાનિયા.	આર્ય કીર્ત્તિ.
નવલ ગ્રંથાવળિ.	અસ્તોદય અને નળદમયંતી.	કર્ત્તવ્ય.
બુદ્ધિપ્રકાશ.	ગૂજરાત શાળાપત્ર.	ચંદ્ર.
સુદર્શન.	જ્ઞાનસુધા.	ભારતીભૂષણ.

માદક પદાર્થોના ઉપયોગથી સંતતિપર થતી અસર.

(ચાલુ)

મદિરા પાનથી સંતતિપર થતી શારીરિક અસર.

દારૂ પીનારાઓનાં છોકરાં નબળાં અને ઠીંગણાં ઉત્પન્ન થાય છે. દારૂનું શોષણ મગજમાં વિશેષ થવાથી, એવા વ્યસનીઓનાં છોકરાંનાં મગજ નબળાં હોય છે; તેઓની મનશક્તિ, તથા અક્કલ બુઠ્ઠી રહે છે, અને તેઓને દિવાનાં થતાં વાર લાગતી નથી. બચપણથીજ તેઓની મૂઢમતિનાં ચિન્હો દર્શન દે છે. તેઓનો ચેહેરો ગાંડા ઘેલા જેવો લાગે છે મ્હોંમાંથી લાળ નિકળ્યા કરે છે અને એવાં મૂઢમતિવાળાં બાળકોને યોગ્ય શિક્ષણ આપવામાં આવે નહીં તો ગાંડપણ વધતું જાય છે અને ફેફરાંનો રોગ જન્મ પામે છે. આવાં બાળકોને ખાવાનું, પ્હેરવાનું, કે ઓઢવાનું ભાન સેહેજ પણ હોતું નથી. ટુંકમાં કહીએ તો તેમની જીંદગી રદ જાય છે. ગંડમાળ, (સ્ક્રોફ્યુલા), નજળો (ગાઉટ), ક્ષયરોગ, (ટયુબરકલ), અને સંધિવા, દારૂડીઆઓને સાધારણ રીતે થાય છે અને તેજ રોગો તેઓ પોતાનાં બચ્ચાંને વારસામાં આપેછે. આ ભયંકર વારસો જીંદગી પર્યંત રીબાવી રીબાવી તેમનાં આયુષ્યને ટુંકું અને દુઃખી કરે છે. પ્રાચીન કાળનો ફિલસુફ પ્લુટાર્ક કહે છે કે, "એક દારૂડીઓ બીજા દારૂડીઆને જન્મ આપેછે. ઍરિસ્ટોટલ કહેછે કે મધુપાન કરનારી સ્ત્રીનો ગર્ભ દારૂડીઓજ પેદા

થાયછે. દિવાનાની ઇસ્પીટાલવાળો ડાકટર બ્રાઉન કહેછે કે, મદિરાપાન કરનારા આદમીઓ પોતાના જ્ઞાનતંતુઓને બગાડી તેને નબળા કરે છે; એટલુંજ નહીં, પણ પોતાના કુટુંબમાં માનસિક રોગો દાખલ કરેછે. તેમની છોકરીઓ નાજુક, નબળા બાંધાની, તથા ઉન્માદવાળી (હિસ્ટેરિકલ) હોયછે. તેના છોકરાઓ ઢીલા બાંધાના, ઉન્મત્ત આડે માર્ગે જનારા, વિચિત્ર અને રહેજમાં ઉશ્કેરાઈ જાય એવા તામસી સ્વભાવના હોયછે; અને હર્ષ અથવા શોક જેવા અચાનક બનાવથી ઘેલા થઈ જાયછે. દિવાનાપણું–માનસિક નબળાઈ–વીર્યસ્રાવ–નપુંસકતા–તથા મૂઢમતિ જેવા ગંભીર રોગો, દારૂડીઆઓ પોતાનાં બાળકોના વારસામાં મૂકી જાયછે. સદ્‌ગૃહસ્થો–જે આદમીઓ મદ્યપાન કરેછે તેમનાં છોકરાંનો બાંધો નબળો અને ઢીલો હોયછે. તેમના હાથ પગ ઠંડા રહેછે. તેમના શરીરની ઉષ્ણતા કમી હોવાથી, તેમની મતિ સ્વાભાવિક રીતે દારૂ પીવા તરફ દોડેછે અને એવી મતિને તેમના બાપનો દાખલો પુષ્ટિ આપે છે. મા અથવા બાપ પીધેલ હોય અને તે વખતે ગર્ભ રહે તો તે બાળક દિવાનુંજ જન્મેછે. મદ્યપાન કરનારાઓનાં છોકરાંને આંખના રોગો પણ વારસામાં મળેછે. તેમની આંખો ઝીણી તથા તેમની દૃષ્ટિ ટુંકી હોયછે, તેને લીધે નાની ઉમરથીજ તેમને ચશ્માની જરૂર પડે છે. કેટલાકને જુવાનીમાં મોતીયો થાયછે, કેટલાકોને કૂલું પડેછે અને ઘણાઓને ખીલ લાગુ પડેછે. દારૂડીઆઓનાં છોકરાંને શરીરમાં હાડી તાવ રહેછે તેથી તેમનું બદન, ઉમ્મર વધવા સાથે, વૃદ્ધિ પામવાને બદલે ક્ષીણ થતું જાય છે. 'વહુને શિખામણ' નામના ગ્રંથનો લખનાર ડાક્ટર શૅંવેસ કહેછે કે, ફ્રાન્સ અને ઇંગ્લંડની સ્ત્રીઓ જેઓ અતિશય દારૂ પીએછે તેઓ કાંતો વાંઝણી રહેછે–કે કાંતો મૂએલા ગર્ભને જન્મ આપેછે. અથવા જીવતું છોકરૂં આવે છે તો તે ઉપર જણાવેલા રોગોથી જીંદગી પર્યંત પીડાઇને ટુંક વખતમાં મરણ પામેછે. અથવા લાંબું આયુષ ભોગવે તોપણ તેની જીંદગી કદી પણ સુખાકારી નીવડતી નથી. સદ્‌ગૃહસ્થો—જે આદમી વ્યસની થવાને બદલે, મિતાહારી રહેછે તેનાં છોકરાં જન્મથીજ મજબુત બાંધાનાં જણાઈ આવેછે. એવાં છોકરાં જન્મે છેકે તરત જોસથી રડવા માંડેછે અને હાથ પગ હલાવે છે, એનું કારણ એમ છે કે તેઓ મજબુત બાંધાના અને મજબુત ફેફસાંવાળાં હોયછે. પણ એથી ઉલટું જે આદમી વ્યસની હોયછે તેનાં છોકરાં જનમતી વખતેજ નબળાં અને સુસ્ત જેવાં લાગેછે.

સદ્‌ગૃહસ્થો, ધી રાઇટ ઑનરબલ મી. ગ્લૅડસ્ટનને તો આપણે સઘળા ઓળખીએ છૈએ. એક સાધારણ વિદ્યાર્થીને પણ તેનું નામ ખબર હશે. સદ્‌ગૃહસ્થો, આપણે તેને એક રાજનીતિજ્ઞ અને છટાદાર વક્તા તરીકે ઓળખીએ છીએ. પણ તેણે કેટલાંક કાવ્યો પણ લખ્યાંછે. તેમાંના એક કાવ્યમાં 'ફ્રૂદરત' નું વર્ણન આપતાં તે એમ લખે છે કે મદિરા પાન કરનારાનાં છોકરાં જન્મથીજ નબળાં માલમ પડી આવેછે. તેઓ નબળા બાંધાનાં હોવાથી, સુસ્ત પડી રહેછે તેમજ તેમનાં ફેફસાં નબળાં હોવાથી તેમનાથી જોસભેર અને મ્હોટે ધાંટે રડી શકાતું નથી.

અફીણ, ભાંગ, અને ગાંજાથી સંતતિપર થતી શારીરિક અસર.

અફીણીનાં છોકરાં અફીણી, નબળા બાંધાનાં અને સુસ્ત હોયછે. તેઓની અક્કલ બુઠ્ઠી રહેછે તેથી તેઓ પર શિક્ષણની અસર ઝાઝી થતી નથી. ભાંગ પીનારાનાં છોકરાં ભાંગી જેવાં, અક્કલમંદ, તથા વાયુની પ્રકૃતિવાળાં હોયછે. મદિરાની માફક, ભાંગની અસર મગજ પર વિશેષ થવાથી, મૂઢમતિ તથા દિવાનાપણાંના માનસિક રોગો ભાંગી ભાઇઓનાં છોકરાંઓને થાયછે. અફીણીનાં છોકરાં દમીયેલ ઉત્પન્ન થાયછે તેમ ગાંજા પીનારાનાં છોકરાં ક્ષયરોગી થાયછે.

માદક પદાર્થોના સેવનાથી, છોકરાંની નીતિ, સ્થિતિ તથા મનપર થતી અસર.

મા અથવા બાપ દારૂડીઆ હોય—અફીણી હોય—ભાંગ અથવા ગાંજાના સેવક હોય—તો તેનાં છોકરાંની નીતિ, સ્થિતિ, અને મન પર ઓછી અથવા વધારે અસર થયા વગર રહેતીજ નથી. છોકરાંઓમાં નકલ કરવાનો કુદરતી સ્વભાવ હોયછે તે આપણે સઘળા જાણીએ છીએ. સદ્‌ગૃહસ્થો—બાપ મદિરા પીતો હોયતો તે જોઇને તેનાં છોકરાં તેની પાસે જઈ દારૂ માગેછે. છોકરાંઓ હમેશાં એમ સમજે છે કે બાપ જે કરે છે તે સારૂંજ કરતા હશે તેથી તેઓ તેની પાસે જઈ કહેશે કે "બાપા, તમે જે પીઓ છો તે અમને પણ આપો." બાપ કહેશે કે "નહીં, નહીં, એ તો દવાછે, તેથી તે તમને નુકસાન કરશે." "ચાલ્યાં જાઓ." પણ છોકરાંઓ આ જવાબથી સંતોષ નહીં માનતાં, બાપની ગેરહાજરીમાં કુંચીવડે કબાટ ઉઘાડી બાટલીમાંથી થોડો દારૂ પીએછે; અને એક વખત એ અમૃત–કહો કે, ઝેરી પ્યાલો—પીધો કે તેને વારંવાર ચોરી કરીને પીવાની ટેવ પડેછે. આવી રીતે બાપનો દાખલો લઈ છોકરાં પણ વ્યસની બને છે. ભાંગ અથવા ગાંજાની બાબતમાં પણ છોકરાંઓ બાપનું જોઇને બગડે છે; અને સદ્‌ગૃહસ્થો–હું ખાત્રીપૂર્વક કહું છું કે એવાં છોકરાંઓ દુરાચારી, વિષયી થાયછે; એટલુંજ નહીં, પણ આખરે કંગાળ હાલતમાં આવી દુઃખી જીંદગી ભોગવેછે. માદક પદાર્થોના સેવન કરનારાઓની નીતિ, સ્વભાવ, ધર્મ, તથા આચાર વિચાર જેવી રીતે ભ્રષ્ટ થઈ ગયલા હોયછે તેમજ તેઓનાં છોકરાંઓનું પણ થાયછે. વ્યસનથી આદમીનો સ્વભાવ બગડેછે—તેના મનોવિકાર કાબુમાં રહી શકતા નથી–તેઓ સ્વાર્થી, લંપટ, અને વિષયી થાયછે. આવા દાખલા લઇને તેનાં છોકરાં પણ તેવાંજ થાયછે. દારૂડીઆઓ, અફીણીઓ, તથા બીજા વ્યસનવાળાઓ મોટા જીવના, ઉદારવૃત્તિના હોવાથી, પૈસો ઉડાવી દેછે. તેઓને મોટાં કરજ થાયછે; અને તેઓ કંગાળ અને અધમ સ્થિતિમાં આવી પડેછે. આ સઘળાં કરજ અને કંગાળ અવસ્થાનો વારસો તેનાં છોકરાંને ભોગવવો પડેછે; અને સદ્‌ગૃહસ્થો—એ વારસો—ખૂરો, ભયંકર વારસો–તેમના શિરપર એટલો ભારી થઈ પડેછે કે તેના બોજા નીચે તેઓ કચડાઇને મરણ તોલ થઈ જાયછે.

સદ્‌ગૃહસ્થો—આવાં વ્યસનોરૂપી બદીને વધતી અટકાવવાના ઉપાયો યોજવાની જરૂર છે. દરેક માણસને માથે એક ગંભીર ફરજ બજાવવાની આવી પડીછે. અને તે માટે દરેક કેળવાયલો પુરૂષ તૈયાર થશે એવી મને આશાછે. આપણે ચોપાનિયા, ન્યુસપેપરો, તથા ભાષણોવડે, એ બદી સામે આપણો સખત પોકાર ઉઠાવવાનો છે, તેમજ આપણે આપણાં છોકરાંઓને એવો ઉત્તમ દાખલો દર્શાવવો જોઇએ કે જેથી તેઓ દુનિઆમાં બળવાન સદ્‌ગુણી અને કીર્ત્તિવાન થાય. સદ્‌ગૃહસ્થો, આવાં વ્યસનો રૂપી બદીને વધતી અટકાવવાને 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' તરફથી રાવબાહાદુર રણછોડલાલ છોટાલાલ ભાઇએ ભાષણો રૂપી ઉપાય યોજયો છે તેને માટે હું તેમને મારા ખરા અંતઃકરણથી ધન્યવાદ આપુંછું.

સદ્‌ગૃહસ્થો—

માદક પદાર્થોના ગેર ઉપયોગથી હમેશાં માઠાં પરિણામોજ આવેછે. માદક પદાર્થોના પૂજનારીઓ પોતાનાં તન, મન, નીતિ અને સ્થિતિ ને હાનિ કરેછે; એટલુંજ નહીં પણ તેઓ પોતાના છોકરાંઓમાં તથા પોતાના સઘળા કુટુંબમાં એ ઝેરી ચેપ દાખલ કરેછે. સદ્‌ગૃહસ્થો, આ દુનીયામાં આપણું કર્તવ્ય શું છે? ખાવું–પીવું–મોજ મઝા કરવી એજ આપણું કર્તવ્ય છે? નહીં–કદી નહીં. આપણે ઘણી ઘણી ફરજો બજાવવાની છે. આપણે ઇશ્વર પ્રત્યેની ભક્તિ મુક્તિરૂપી ફરજ બજાવવાની છે. આપણાં પિતરો તરફ કેટલીક ફરજો બજાવવાની છે. આપણે જનમંડળ તરફ પણ કેટલીક ઉપયોગી ફરજ અદા કરવાની છે. પણ સૌથી અગત્યની ફરજ, સદ્‌ગૃહસ્થો, આપણે આપણાં સંતાન પ્રત્યે બજાવવાની છે. તેમનું હિત અથવા અહિત કરવું એ આપણાજ હાથમાં છે. આપણે તેમને પાળી પોષી મ્હોટા કરીશું—આપણે તેમને ઉત્તમ કેળવણી આપીશું—સારા દાખલા દર્શાવીશું—તો તેમની જીંદગી સફળ અને સુખકારી નીવડશે. પણ એથી ઉલટું–વ્યસનાદિ દુર્ગુણોનો અસહ્ય ટોપલો તેમના શરીરપર આપણે મુકીશું—આપણે નિરોગી રહેવાને બદલે વ્યસની થઈ, આપણાં છોકરાંઓને ગંભીર રોગોનો વારસો આપીશું—તો હું ખાત્રી પૂર્વક કહુંછું કે આપણા પછીની પ્રજા આપણા કરતાં પણ વધારે નિર્બળ—વધારે નિસ્તેજ—વધારે નિર્ધન—અને વધારે અધમ થશે; તેમજ આપણી હાલની અર્ધ ગુલામી અવસ્થામાં વૃદ્ધિ થયા વગર રહેશે નહીં. તેટલા માટે, સદ્‌ગૃહસ્થો—દારૂ રૂપી રાક્ષસ જે આપણા દેશને પાયમાલ કરવા આવ્યો છે તેને હડસેલી કાઢવાની જુંબેસમાં દરેક જણ તન મન અને ધનથી સામેલ થશે એવી મારી ખાત્રીછે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. મે. સને ૧૮૯૬. અંક ૫ મો

રાત્રિ.

તોટક.

થઈ શાન્તિ અહીં દિન ક્ષોભ પછી,
દિસતો જ્યમ કંપ પછી ઉદધિ;
નિરખી જગને સહુ શાંતિ વિશે,
સરતો શશિ આ શું પ્રતિઓ દિશે? ૧

પ્રીતિથીજ ન પ્રાજ્ઞ નિશા નિરખે,
શિશુનું મન તેજ સમે ધડકે;
અપરાધિ જનો નવ શાંતિ લીયે,
અકલુષીજનો સુખમાં જ રમે. ૨

નદી ખીણ ગિરિ સહુ શાંત દિસે,
વન પ્રાણી પશુ ઉંઘતાં વિચરે;
તજી વૈર સ્વભાવિક જંતુ વસે,
જલનિધિ સરોવર વારિ વિશે. ૩

વિભુએ નિરમી દિસતી રજની,
અહિં ખીલવવા જન તર્ક મતિ;
નહિ કો મળશે બીજી ॥,
પુરી વિશ્વતણી ખુબ. ૪

સુખ ભોગવી આ નભરાજ તણું,
વનવાસ લીયે નકિ ચન્દ્ર જશું?
જઈ અસ્ત ગિરિ તણો કુંજ મહીં.
વિભુ ધ્યાન ધરી તપ ચ્હાય તહીં! ૫

સહુ તારક વૃન્દ હવે ખસતાં,
શશિ અસ્ત થતો નવ નીરખતાં;
જન કો ધનવાન ગરીબ થતાં,
જ્યમ નીચ જનો નવ ઓળખતાં. ૬

ભૃંગની ખાખર પ્રત્યુક્તિ.

ચોપાઈ.

હરીઆળી સુકાઈ ગઈ જ્યારે, કાળે ઉનાળે વન મહી ત્યારે;
એક આછી નદી તણા તટમાં, ખીલ્યા ખાખરા રેતાળ પટમાં.

ત્યાં, વૃંદથી ભૂલો પડેલો, શોધમાં માલતી તણી ઘેલો;
એક ભ્રમર ગુંજારવ કરતો, બેઠો આવીને તે પર ભમતો.

જોઈ ભ્રમર પોતાપર બેઠો, ખાખરો ખુબ ગર્વે ભરાયો;
બીજાં પુલની નતિ જણાઇ, 'કંઈકિ મારામાં પણ છે વડાઈ.

ફૂલ્યો ફાલ્યો હું નથી નકામ, ભોગી ઇચ્છે છે મુજમાં વિરામ;
બીજાં પુલસુ નથી મિથ્યા ડોળ, મારાં ફુલડાં છે રંગ ચોળ.

મારાથી છે આ વનનું સૌભાગ્ય, ઉનાળે તો બધું છું હું બાગ;
છોને ચંપક વાસ પ્રસારે, કદી નહિ તોલે આવે એ મારે.

ખાખરાનો જોઈ આમ ગર્વ, ભૃંગ બોલ્યો વચન ઘણાં મર્મ;
'અલ્યા મિથ્યા તું શાને ફૂલે છે, શીદ મન માંહી ગર્વ ધરે છે.

ગુણ વાસ કે જોઈ તવ રૂપ, નથી આવ્યો હું તુજપર મૂઢ;
છૂટો વૃંદથી કર્મ સંજોગે, હતો વિધુર હું કુંદ વિજોગે.

દૂર પાડવાને અભિલાષી, આવ્યો સરિત્ તટે અહીં નાશી;
દૂખી દૂરથી તને રંગ ચોળ, ખીલો ભાડામહી ઓળાઓળ.

જાણ્યું મેં જે ચિતાઓ ધિક્કે છે, વણ ધૂમનો અગ્નિ બળે છે;
દેહ દહનનો શુભ છે પ્રસંગ, ધિક જીવ્યું થઈ મન ભંગ,
એમ જાણી આવ્યો છું હું ભાઈ, શાને મનમાં તું આણે વડાઇ.

લૉર્ડ સોલ્સબરી ઇંગ્લાંડનો હાલનો પ્રધાન.

આખી દુનિઆમાં વિસ્તાર પામેલા ઇંગ્લાંડના સાર્વભૌમ રાજ્યના પ્રધાન વિષે જરા વધારે માહિતી મેળવવાની ગુજરાતી વાંચકને સહજ આકાંક્ષા થાય તે પુરી પાડવાને અંગ્રેજી ગ્રથને આધારે સંક્ષિપ્ત જીવન વૃત્તાંત આપવાનો આ લેખનો ઉદ્દેશ છે. પિતૃ બાપ દીકરાએ જે રાજ્ય કુશળતા દર્શાવી છે એવા રાજકીય બુદ્ધિના આનંદ અને વિસ્મયજનક વધારે દાખલા મળવા મુસ્કેલ છે. તોપણ આટલું તો ખરું છે કે, હાલનો પ્રધાન માર્કિવર્સ ઓફ સોલ્સબરી પણ રાજ્યતંત્ર ચલાવવામાં મોટી પ્રવીણતા બતાવી ગએલા એવા પૂર્વજોનો વંશજ છે. ઇલિઝાબેથનો પ્રધાન સેસિલ એનો પૂર્વજ હતો. મોટા ખાનદાનની સાથે એનું નામ પણ ખરેખર મોટું છે. રોબર્ટ આર્થર ટાલબોટ ગેસ્કોઇન સેસિલ એનું નામછે, ને એ ઇ. સ. ૧૮૩૦ ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખે જન્મ્યો હતો.

૪૦ સ૦ ૧૮૫૩ માં તે ઇંગ્લાંડની રાજ સભામાં દાખલ થયો ત્યાં સુધીની એની જીંદગી વિષે કાંઈ વિશેષ જાણવા જેવું નથી. ઇંગ્લાંડની પ્રખ્યાત ઇટન હાઇસ્કૂલમાં તે ભણ્યો હતો ને ત્યાંથી ક્રાઇસ્ટ ચર્ચની કોલેજમાંથી બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. ઇ. સ. ૧૮૫૧ ભવિષ્યમાં જેને રાજકીય સભામાં માન ખાટવાનો લોભ હોય તેણે સારી વક્તૃત્વશક્તિ સંપાદન કરવી જોઇએ ને એના આગલા હરીફ પણ હાલ વાનપ્રસ્થ શ્રી. ગ્લાડસ્ટનની માફક એ પણ ઓક્ષફર્ડની વક્તૃત્વોત્તેજક મંડળીમાં સારો આગેવાન ભાગ લેતો હતો. એશક તે કાંઈ જેવો તેવો વક્તા નથી. તેનું શરીર કદાવર અને ભવ્ય છે. અવાજ ગંભીર અને તેની બોલવાની રીત અગર જો જરા જોઇએ તે કરતાં વધારે ધીમી અને શાંત છે તો પણ તેજ કારણને લીધે તે વ્યાજોક્તિ અને રાજનીતિના મોટા સિદ્ધાંતોનો સ્પષ્ટિકરણમાં અનહદ શ્રેષ્ટતા ભોગવેછે. તોપણ બીજાની લાગણીમાં પ્રવેશ કરવાની, શ્રોતાનાં મન આકર્ષી લેવાની જે શક્તિ એનાથી ઉતરતી પંક્તિના વક્તાઓ ધરાવે છે, તે એનામાં નથી. તે પહેલા ન્યુસપેપરોમાં પુષ્કળ લખતો હતો. તેને લીધે સંસ્કારવાળી સુંદર ભાષામાં બોલવું એ એને મન ઘણું સહેલું કામ છે. પણ એના વાગ્બાણ કેટલીએક વખતે યોગ્ય નિશાન જોતાં નથી અને કેટલીએક વખતે તે જોઇએ તે કરતાં એની ઇચ્છા કરતાં એ વધારે ઉંડાં જતાં માલમ પડ્યાં છે. હિંદુસ્તાનના અડગ, નિઃસ્વાર્થી, અપ્રતિમ પ્રતિનિધિ મી૦ દાદાભાઈ નવરોજીને "હિંદુસ્તાનનો કાળો માણસ" એ ઉપનામ આપનાર લોર્ડ સોલ્સબરીજ હતો.

મી. ગ્લાડસ્ટન વિષે એથી જ ઉલટું બોલાય છે. તે એક ઘણો હાજરજવાબી અને ચાલાક વિવાદી છે. તેની ભાષા ઘણીજ મધુર અને પ્રસન્ન વિચારથી ભરપૂર છે. તેની બોલવાની છટા અત્યંત મનોહર છે. ને અગરજો તે એક પ્રતિપક્ષીને જવાબ આપતી વેળાએ અતિશય તીવ્રતા અને સંહારકશક્તિ દર્શાવે છે તો પણ તેની

ભાષા હમેશાં સુખકર છે. તેની જનસમુહ ઉપર એટલી બધી આકર્ષકશક્તિ છે કે જ્યાં તે ભાષણ આપવાનો હોય છે ત્યાં હજારો લોકો તેને સાંભળવાને ભેગા થતા માલમ પડે છે.

લોર્ડ સોલ્સબરીને માટે તેના સ્વદેશીઓ એવી પ્રીતિ રાખતા નથી. પરદેશના સંબંધમાં કોઈ પણ રીતે ઇંગ્લાંડને સર્વોપરી અને નિયામક બનાવવું એ તેની રાજ નીતિનો મોટો ઉદ્દેશ છે. તેને લીધે લોકોમાં તે માન અને સાનન્દાશ્ચર્યની લાગણી ઉત્પન્ન કરેછે ખરો, તોપણ એના રાજકીય અનુયાયીઓમાં પણ તે માયા કે આંતર પ્રીતિની લાગણી કદીએ ઉત્પન્ન કરી શકતો નથી. હાલની દીપક્ષી રાજસભાના દરેક પક્ષના આગેવાનને જે ઘણો અગત્યનો સદ્‌ગુણ છે તે આ પ્રમાણે લોર્ડ સોલ્સબરીમાં નથી.

હાલ તેની ઉમર ૬૬ વર્ષની છે. તેનું શરીર જેવું જોઇએ તેવું નીરોગી અને લડ નથી. એમ કહેવામાં આવે છે કે તેના મનનું વલણ એક ફીલસુફ અને અભ્યાસની જીંદગી ગુજારવા તરફ છે. તોપણ તેને લાગેછે કે તેનો અનુભવ, વગ અને વિચારશક્તિ તેણે સ્વદેશની સેવામાં વાપરવાં જોઇએ તેથી કદાચ તે હમણાંની પોતાની જગા છોડી દે એવો સંભવ નથી.

પદ્માક્ષી.

(ચાલુ)

લખનાર

N. J. P.

મારી પડોશમાં ઘરથી થોડેક છેટે શુકલ યજુર્વેદી માધ્યંદિની શાખાનો એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતો હતો; તેનું વય આશરે એંશીએક વર્ષનું થયું હતું. આખું વય તેણે ભારતવર્ષની પવિત્ર તીર્થ યાત્રાઓ કરવામાં ગાળ્યું હતું. ગામના લોકોની સાથે તેનો વિશેષ પરિચય ન થવાથી નાનીમોટાંની સ્ત્રી, પુરૂષો તો તેને ઓળખતાં પણ નહિ. મારા વૃદ્ધોની સાથે તેનાં વડિલોનું પરંપરાથી વિશેષ ઓળખાણ; એટલે હું તેની સાથે પ્રસંગોપાત વિશેષ પરિચયમાં આવતો. પચાસ વર્ષની વય સુધી તો તેણે લગ્ન કર્યું નહતું. કોઈ, કોઈ, વખત તો તેના કહેવા ઉપરથી એમ પણ અનુમાન થઈ શકતું કે તે ગૃહસ્થાશ્રમની ખટપટમાં ન પડતાં આખી ઉમ્મર આમ નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં જ ગુજારશે. છેવટે તે અનુમાન ખરું ન પડ્યું. છેક બાવન, ત્રેપન, વર્ષની વચે એક સોળ વર્ષની ઉમરની ઉછરતી બ્રાહ્મણની યુવા કન્યા સાથે તેણે લગ્ન કર્યું. વિવાહ પછીના તેના સઘળા વિચારો પ્રથમના કરતાં તદન બદલાઈ ગયા. તીર્થાટન વગેરે પ્રવાસનું કામ છોડી દઈ નીરાંતે તે આ નવોઢાની સાથે ગૃહસ્થાશ્રમમાં પડ્યો. દૈવ અનુકુલ એટલે તે સ્ત્રી પ્રથમ વર્ષમાંજ સગર્ભા થઈ, પ્રસૂતિ સમયમાં એક પુત્રીનો પ્રસવ આપી અચાનક તે બાઇનો સુવાવડમાંજ કાળ થઈ ગયો. અવસ્થાનો ગૃહસ્થાશ્રમ બ્રાહ્મણને ઉપાધિ રૂપ નીવડ્યો. અન્તઃકરણ ઘડાએલું એટલે સ્ત્રીનો શોક કાઢી નાખ્યો મા વિનાની છોકરીને ઉછેરવાના કામમાં તે ગુંથાયો. પાસે ધન નહતું તોપણ કષ્ટ વેઠી જેમ તેમ છોકરીને ઉછેરીને મોટી કરી, તે તેર વર્ષની થઈ એટલામાં પિતાને દમનો નઠારો વ્યાધિ વળગ્યો. શરીર છેક ઘસાવા માંડ્યું, આ છોકરીનું રક્ષણ કરનાર નજીકનું કોઈ સંબંધી નહતું એટલે વેળાસર લગ્ન કરાવું તો એની તરફની ચિંતા મને ઓછી થાય; એવા વિચારમાં તેણે પુત્રીના વિવાહમાં ચિત્ત વિશેષ રોક્યું. પુત્રીને લાયક વર મળે તો ઠીક; એમ ધારી તેણે શોધ તો ઘણોએ કર્યો પરંતુ છેવટે યોગ કાંઈ બન્યો નહિ. દિવસે, દિવસે, તેના બાપનું શરીર છેક ઘસાઇને મરણ પથારીપર પડ્યો. એટલામાં એક બ્રાહ્મણનો પુત્ર કાશીથી વિદ્યાભ્યાસ કરીને પોતાને ઘેર જતો હતો, તેણે આ ગામમાં આવી આ વૃદ્ધ બ્રાહ્મણને ઘેર ઉતારો લીધો. તેની ઉમર પચીશ વર્ષની હતી, તે જાતે દેખવડો અને વ્યાકરણ શાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસી હતો. લગ્ન કરવાની તેને સંપૂર્ણ મરજી છે; એમ વાત કરતાં પુત્રીના પિતાને જણાયું. આ યોગ ઠીક આવ્યો એમ ધારી પોતાની પુત્રી તેને આપવી; એવો નિશ્ચય તેણે કર્યો. વૈશાખ કૃષ્ણ પક્ષની અષ્ટમીએ લગ્ન કરવાને નીરધાર્યું. લગ્ન દિવસને હજી તેર દિવસ ખૂટતા હતા; એટલામાં એકાએક રાત્રિએ પુત્રીનો પિતા ગભરાયો. મારા વૃદ્ધ પિતા તે સમયે જીવતા હતા. મારૂં વય તે દહાડે અઠ્ઠાવીશ વર્ષનું હતું. યુવાવસ્થાનો સંપૂર્ણ બહાર એટલે તે દિવસે મારા મનમાં કંઈ જૂદીજ પ્રકારના વિચારો ચાલતા. પારકાના દુઃખમાં ભાગ લેવો કે તેને મદદ કરવી એ વિષય તે સમયે મારી બુદ્ધિની બહાર હતો. બ્રાહ્મણ માંદો વધારે છે માટે કોઈ બોલાવા આવ્યું હશે પણ તેમાં આપણું શું પ્રયોજન છે; તેની જ્ઞાતિના બ્રાહ્મણોનો ખપ; વૃદ્ધ પિતાજીએ વિલંબ ન કરતાં માથે પાઘડી મુકી ઝટ તે બ્રાહ્મણના ઘર પ્રત્યે ગયા. ત્યારે તો બ્રાહ્મણને આતુર સમય હતો. તેમ છતાં પિતાજીને જોઈ તે ઇપ્સિત અર્થને પામ્યો હોયતેવો જણાયો. પિતાજીની પ્રત્યે ભાગેબોલે નીચે પ્રમાણે તે બોલ્યો.

શેઠ! મારા પર અસાધારણ કૃપા આપે કરી છે; પરલોકમાં પણ આપનો ઉપકાર હું વિસરનાર નથી. હું આ છેલ્લો આશીર્વાદ દેવાને જ આપની વાટ જોયા કરતો હતો. પુત્રીના લગ્નનો ઉત્સવ દૃષ્ટિ પથે પડે એટલું પ્રારબ્ધ મારૂં નથી. દૈવને ગમ્યું તે ખરૂં; એમાં આપણો કશો ઉપાય નથી. માત્ર કહેવાનું એટલું જ કે આપ મારા પર મમતા રાખો છો તેને પરિપૂર્ણ કરવાને મારા દાદશાને દિવસે વૃષોત્સર્ગ ક્રિયા ન કરતાં ત્રયોદશાને દિવસે પાસે રહી આ અનાથ કન્યાને આ અતિથિ બ્રાહ્મણ સાથે લગ્ન વિધિ કરી આપજો એટલે હું કૃતાર્થ થઇશ.

શેઠજી બોલ્યા–મહારાજ આપ તે પુત્રીના સંબંધમાં કશી ફીકર રાખશો નહિ. હું આપની આજ્ઞાનુસાર યથાવિધિ તે કાર્યમાં બનતી મદદ કરીશ. શેઠનું વચન સાંભળી હર્ષના ઉદ્‌ગાર સાથે બ્રાહ્મણનો આત્મા પરલોકમાં ગયો. પિતાના મરણથી

પુત્રી વિશેષ આક્રંદ કરવા લાગી. મારા પિતાજીએ તેને વિશેષ દીલાસો આપ્યો. અગ્નિ સંસ્કાર આ વાગ્દાન થએલા અતિથિએ કરેલો હતો; એટલે સપિંડી વગેરે સઘળી ક્રિયા તેની પાસે કરાવી. મરનારની આજ્ઞા પ્રમાણે મરણાશૌચમાંથી મુક્ત થઈ ત્રયોદશાને દિવસે પુત્રીનાં લગ્નની સામગ્રી તૈયાર કરાવી. લગ્નનો સમય ગોરજનો હતો એટલે છેક સાંજે વર કન્યાને મોયરામાં બેસારી વેદોક્ત વિધિ પ્રમાણે કર્મ કરાવ્યું. સમપદી, લાજા હોમ વગેરે પ્રથમ દિવસનું સઘળું કર્મ યથાવિધિ સમાપ્ત કરી ચરભક્ષ માત્ર બીજા દિવસપર સંપ્રદાય પુરસ્સર મુલતવી રાખ્યો. લગ્ન થવા પછી સર્વ પોત પોતાને ઘેર વેરાઈ ગયાં. કન્યાને ભોજન કરાવી શેઠજીએ ઉંઘાડી દીધી. જમ્યા પછી મોડી રાત સુધી વરરાજા અને શેઠજીએ કન્યાના આપના સંબંધમાં કેટલીક વાતો કરી, શેઠજી પોતાને ઘેર સુવાને ગયા. વરરાજા પણ ભોંયપર પથારી કરીને સૂતા. મધ્યરાત્રિએ વરને તૃષા લાગી, ઘરમાં દીવો ન હતો. પથારીમાંથી ઉઠી આશરે, આશરે તે પાણીઆરા નજીક ગયો. ઉલેચણો શોધવાને પાણીઆરામાં હાથવડે તેણે ફાંફાં મારવા માંડ્યાં. ઉનાળાનો દિવસ અને પાણીઆરાની જગો ઠંડી તેથી એક મોટો ભુજંગ ગુછળું વળીને પાણીઆરામાં પડેલો તેના મોં પર વરનો હાથ અફળાયો; અફળાયાની સાથેજ તેણે હાથ પર જબરો ડંશ કર્યો. અરે પ્રભુ મને કંઈક કરડ્યું; એમ કહેતાંમાં તેના પ્રાણ નીકળી ગયા. રાત્રિએ આ કોઇના જાણવામાં આવ્યું નહિ. પ્રાતઃકાલે કન્યા જાગી અને પોતાના ઘરમાં આવી જૂએ છે તો પતિનું શબ પડેલું, તેણે બુમ પાડી. આડોસી પાડોસી સઘળાં ભરાઈ ગયાં. ઘસમસ્યા મારા પિતા ત્યાં ગયા. આ અનર્થ જોઈ મૂર્ખ લોકો અનાથ બાળક છોકરીને ગમે તેમ સ્થાપ દેવા લાગ્યા. કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ તો કહેવા લાગી કે છોકરી રાંડ નહારા પગલાંની, જન્મતાં વાંતજ માને ખાધી; બાપ મુઓ અને પરણતા પહેલાં ધણી મરી ગયો. છોકરીનાં પગલાં સારાં નહિ, એ અભાગિણી; નખેદ એનો સંગે સારો નહિ, કોઈ દયા કરે તેનું પણ ભગરે. ના બાપ; આ અકરમણ મોઇ; એને કોઈ બોલાવશો નહિ. એ કોઈ પૂર્વની રાક્ષસી હશે; તે હઇયાં જન્મીછે. આડોસી, પાડોસી કૌ, વૌ કરવા લાગ્યાં. બીચારી અજ્ઞાન બાળકી ગભરાઇને અવાચક બની ગઈ. છોકરીને દેખવડી જોઈ કોઈ કહે કે બળ્યું એનું રૂપ, એને બરડે તો સાપણ છે. જેમ જેને ખુશીમાં આવે તેમ સઘળાં મનુષ્યો છોકરીને સ્થાપ દેવા લાગ્યાં. મારા પિતા દૃઢ અને અનુભવી હતા એટલે તેણે મુખે મુખે લોકોની વાતને ન ગણુકારતાં છોકરીને અડી પોતાની છાતી સરસી ચાંપી. તેને રડતી છાની રાખી. લોકોને ઠપકો દઈ બોલતા બંધ કર્યા. બ્રાહ્મણોને બોલાવી તેના શબને ડેકાણે પડાવ્યું. તેની ઉત્તર ક્રિયા જવા પછી શેઠજીએ વિદ્વાન બ્રાહ્મણોની એક મોટી સભા એકઠી કરી. તેઓને પ્રશ્ન પૂછ્યો. આ બ્રાહ્મણની નિર્દોષ બાલકોને માત્ર સપ્તપદી કર્મ તેના પિતાની આજ્ઞાનુસાર મારા તરફથી કરવામાં આવ્યું છે; એટલામાં દૈવેચ્છાથી તેના પતિનો કાળ થયો. એને પુનઃ લગ્ન કરાવવું કે શી રીતે તેનો ખુલાસો આપ મને કરી આપો. કેટલાક આગ્રહી બ્રાહ્મણો તો આ સભામાં

બેસાયજ કેમ; કેવળ નાસ્તિકનો પ્રશ્ન છે; એમ કહી ઉઠીને ચાલતા થયા. ધર્મશાસ્ત્રના જેઓ સંપૂર્ણ જાણનાર હતા અને નિષ્પક્ષપાત ન્યાય તથા ધર્મનું ખરૂં સ્વરૂપ ઓળખતા હતા; તેમણે વિચાર કરીને ઉત્તર આપ્યું કે, શેઠજી આપનું પ્રશ્ન યોગ્યછે; પરંતુ એનો ન્યાય પુરસ્સર ખુલાસો આપવાનો કાળ અત્યારે નથી. રૂઢિનું પ્રબળ ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા માંડ્યું છે; શાસ્ત્ર મર્યાદાની શૃંખલા વ્યવહારથી ઢીલી પડીને છૂટી ગઈ છે. વેદ, અને સ્મૃતિકાળનું અતિક્રમણ થઈ પુરાણમર્યાદાના પ્રારંભકાળમાં આધુનિક વિદ્વાનો મન કલ્પિત વ્યવસ્થાઓ કરવામાં ગુંથાયા છે. અજ્ઞાનનો વધારો થવાથી કુસંપનું બળ દિવસે, દિવસે વૃદ્ધિ પામે છે, ભવિષ્યમાં આર્ય સંસાર કેવો નીવડશે તે કહી શકાતું નથી. પતિ પત્નીનો પ્રેમ પ્રાચીન આર્યોએ સંપૂર્ણ કેળવ્યો છે, તે પ્રેમ નિયોગની આજ્ઞા છતાં સતીત્વને દુષણ આપી શક્યો નથી. હવે પ્રેમનું ભયંકર સ્વરૂપ દેખાતું જાય છે; આ મારામારીના સમયમાં સામાન્ય નિયમો થળ પડે એ અસંભવિત છે; માટે આવેલું દુઃખ સહન કરી લેવું એ સિવાય અન્ય ઉપાય નથી. એટલું કહી સઘળા બ્રાહ્મણો વેરાઈ ગયા.

મારા પિતાએ મન સાથે નકી કર્યું કે આમાં આપણે નિરૂપાય છિયે. આગ્રહ કરીશું તેથી કંઈ વળવાનું નથી. કન્યા બ્રાહ્મણની છે; તેની જ્ઞાતિનો બ્રાહ્મણ પોતાનો જથો તોડીને આગળ વધે એટલું બધું સાહસ પરમાર્થને ખાતર કરે એવો કોઈ જણાતો નથી. સઘળી વાત પોતાના મન સાથે માંડી વાળી, વૃદ્ધાવસ્થામાં વધારે ખટપટ કરવા લાયક શરીર મારા પિતાનું રહ્યું ન હતું. છોકરીનો જન્મ કેવળ નિરર્થક ન થાય માટે પિતાજીએ તેના નિર્વાહનો બંદોબસ્ત કરી એક જન્માન્ધ વૃદ્ધસન્યાસિની શેવામાં તેને રાખી. સન્યાસીનું વય પોણોસો વર્ષનું થયું હતું. તે જન્મનો આંધળો હતો. ગામના મહાદેવની ધર્મશાળાના મેડાપર તે રહેતો હતો. શરીરે અશક્ત હતો એટલે ભિક્ષા લેવાને તેનાથી ગામમાં જવાતું નહિ. મારા પિતાએ એ સન્યાસી અને આ પુત્રીને માટે ખાસ રકમ શાહુકારને ત્યાં જમા કરાવી. તેના વ્યાજમાંથી બેઉનું ખર્ચ નભે. છોકરી રસોઈ કરીને નિત્ય સન્યાસીને જમાડે અને પોતે જમે. આંધળો સન્યાસી વેદાન્તની પ્રક્રિયા સારી જાણતો હતો. તેમ નાનપણથી સદાચરણી હતો. પરોપકાર કરવો એ મોટું પુન્ય છે એમ તે સમજતો અને પ્રસંગે પોતાની શક્તિ અનુસાર તેવાં કૃત્ય કરવાને તે ચુકતો નહિ. સન્યાસી એટલે ધન તો તેની પાસે ન હતું પરંતુ કોઈકને જ્ઞાન આપીને સારે રસ્તે વાળવું એ વાત તેને વધારે પ્રિય હતી. આ અનાથ બ્રાહ્મણની વિધવા બાળકી પોતાને રસોઈ કરીને જમાડે છે તેને સદુપદેશ કરવો એ વાત તેના મનમાં હસી. ભોજનનું કામ પરવાર્યા પછી તેને પોતાની પાસે બેસારી રોજ થોડો, થોડો, વેદાન્તનો ઉપદેશ કરવા માંડ્યો. વિધવા બાળકીની ઉમર અઢાર વર્ષની થવા આવી, એટલામાં મારા પિતાનો કાળ થયો. ઘરનો સઘળો બોજો મારે માથે પડ્યો. મારી ઉમ્મર તે વખતે બત્રીશ, તેત્રીશ વર્ષની થઈ હતી. ઘરનો વહો અને વ્યાપારમાંથી પિતાજીએ અવસ્થા થવાથી પાંચ વર્ષથી તદ્દન ચિત્ત કાઢી નાંખ્યું હતું એટલે તેમનાં જીવતાં

છતાં સઘળો વ્યવહાર મારે ભેડવો પડતો. સઘળી બાબતમાં હું બોમ્બિયો થએલો એટલે મરતી વખતે મને પિતાજીએ ઘર સંબંધી વિશેષ હકીકત કહી નહિ પણ મરતાં એટલું બોલ્યા કે બેલા સન્યાસી અને અનાથ બાળકોની ખબર રાખજે. મેં તેમને હા કહી. પિતાજીના જવા પછી બીજે, ત્રીજે દિવસે નવરાશને વખતે હું સન્યાસીના મકાનમાં જવા લાગ્યો. તેઓ પણ ભોજનથી પરવારેલા જ હોય એટલે વિધવા કન્યાને વેદાન્તનો પાઠ આપતા હોય એ અરસામાં હું પણ રસ પડવાથી ત્યાં બેસવા લાગ્યો. અત્યાર સુધી હું વ્યવહાર સિવાય બીજું જ્ઞાન હશે એમ જાણતો જ ન હતો. હવે મને તેમાં કોણ જાણે શાથીએ અભિરુચિ થવા લાગી; હું રોજ ખાઇને સન્યાસીને ત્યાં જવા લાગ્યો. મહારાજે જાણ્યું કે આ પણ સંસ્કારી છે એટલે મને ઉદ્દેશીને વધારે સ્પષ્ટ રીતે ઉપદેશ આપવા લાગ્યા. પોતે અંધ એટલે અમારૂં ઇંગિત જાણવાની સત્તા તેમનામાં ન હતી. નાનપણમાં મેં ગામઠી શાળામાં અભ્યાસ કરેલો હતો. પ્રાકૃત ભાષાનું અને સહજ સાજ સંસ્કૃતનું જ્ઞાન ત્યાં સંપાદન કરેલું. વ્યાપારમાં મોટી ઉમ્મરે ઘટાઇને સારો અનુભવ મેળવ્યો. બીજા ઉંચા સંસ્કાર મારી બુદ્ધિને થએલા નહિ, તેથી વેદાન્તનો વિષય મારા મનમાં સંપૂર્ણ પ્રવેશ કરી શકયો નહિ. બ્રાહ્મણની આ વિધવા કન્યા વણ ચાર વર્ષથી સ્વામીના સમાગમમાં રહેલી એટલે મારા કરતાં કંઈક વધારે સમજતી હોય એમ મને જણાયું. કોઈ વખત અવિદ્યાનું સ્વરૂપ મને ન સમજાય ત્યાં સ્વામી એને આજ્ઞા કરતા કે તું બરોબર સમજાવ. જ્યારે તે સદ્ગતનો વિવેક કરતી ત્યારે સ્ફટિકના પ્રસ્તરથી બનાવેલા ગોમુખમાંથી સરસ્વતીનું નિર્મળ જળ વહેતું હોય એવો વાણીનો પ્રવાહ જોઈ હું દિગ્મૂઢ થતો. એની વાણીનું રહસ્ય સમજવાને મારે જે કાળજી રાખવી જોઇએ તે ન રખાતાં તેનાં નિર્દોષ અવયવો અને ચંચળતા તરફ મારૂં ધ્યાન સ્વાભાવિક ખેંચાતું. રખેને તે જાણી જશે તો મારૂં અપમાન કરેછે એમ એના મનને ખોટું લાગશે એમ જાણી બીકનો માર્યો હું નીચું જોઇને સાંભળતો પણ થોડી વાર થતી એટલે એની મેળે મારાથી સામું જોવાઈ જતું. તે તુરત પોતાની આંખને નીચે ઢાળી દેતી પરંતુ તેનો મને જરાએ ક્ષોભ ન થતો. હું તેને ગર્ભિત સત્કાર માની લેતો; કારણ કે બીજાના સ્વભાવ જ એવા ચંચળ હોય છે એમ મેં ઘણી વાર્તાઓ ને કાણીઓમાં સાંભળેલું હતું. સ્વામીને નેત્ર હોત તો તે તુરત મને આવતો બંધ કરત પણ તેમનો અંધાપો મારી સ્વાભાવિકી લાગણીનો શિક્ષક થયો. મારા પિતાએ પરોપકાર બુદ્ધિથી તેં અનાથ વિધવાને આશ્રય આપ્યો છે, વળી તે ઉત્તમ બ્રાહ્મણની પુત્રી છે; વિધવા છે; મારી ઉપદેષ્ટા છે; પિતાશ્રીનું વચન પાળીને મારે પણ પૂજ્ય બુદ્ધિથી તેને આશ્રય આપવો એ મારૂં કર્તવ્ય છે; આ વિચારને દૃઢ રાખી હું મનને વારી રાખતો તથાપિ તેનું પ્રકૃતિજન્ય સૌંદર્ય અને યુવા મારા મનમાં અનેક ઉર્મીઓ ઉઠાવતાં. જ્યારે તે સાંખ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે જડની વ્યવસ્થા કરતી ત્યારે મારી ભીતર વ્યવસ્થાઓને તેની સાથે કશો સંબંધ રહેતો નહિ. મને વિચારમાં પડેલો

જોઈ કોઈ વખત આંખ ઉંચી કરી સહસા મલકાતે મોઢે તે કહેતી કે, તમે અન્તઃકરણમાં મનન કરેલાને ઘટાવી લેવામાં રોકાઓછો, ત્યારે મારે જૂઠી હા કહેવી પડતી, એટલુંજ નહિ પરંતુ તત્સંબંધી મિથ્યા પ્રશ્ન પણ કરતો. ઘેર ગયા પછી પણ મારા મનમાંથી તત્સંબંધી વિચારો દૂર ન થતા. કોઈ વખત તો ધ્યાનને ખાતરજ તે વિચારો મારા મનને ડોળે છે, એમ મારૂં અન્તઃકરણ મને કહેતું. રસ્તે જતો બ્રાહ્મણનો પુત્ર એનું આયુષ્ય ખૂટવાથી અચાનક મરી ગયો તેમાં નિરપરાધિ આ બિચારી અબળાનો શો દોષ ? પોતાની યોગ્યતા છતાં રૂઢિકરનું અતિથ્ય કરવામાં પરાણે પ્રતિરોધ કરાવનારાઓની દેશતથી મનોવૃત્તિઓને દબાવી સ્વયમેવ આવેલા સુખનો તિરસ્કાર કરી સતતના દાવાનલમાં બળવું એ કેમ સહન થાય ? સ્વાર્થીઓ કદિ તેવા ત્યાગનું નામ સન્યાસ કહેતા હોઇ; પરંતુ તે સન્યાસ શું અત્યાનંદનો અનુભવ કરાવશે ? ના કદિ નહિ. સ્વાભાવિક વેગથી ઉપરામ પામેલી ઇન્દ્રિઓના ગણને ધારણ કરી રહેલા જર્જરીભૂત શરીરથી કંટાળેલું મન વેદાન્તની પ્રક્રિયાને મનન કરી સદાની શાન્તિને માટે વિરચિત થાય એ વાસ્તવિક છે; પણ ઉદય થતા વેગોને બળાત્કારે અટકાવી અનિચ્છાએ આરંભાએલું જ્ઞાન અધિકાર ભ્રષ્ટતાથી ઉચ્છૃંખલ થાય છે; એ ઉચ્છૃંખલતા શું પરિણામે સન્નિપાત નથી કરતી ? કરે છે; ત્યારે તેવા સન્નિપાતથી પોતાનું ઐહિક અને પારલૌકિક બેઉ સુખને નાશ કરે તેવાં અનેક કર્મના દોષમાંથી મુક્ત થઈ નિર્બંધ કરેલા એકજ કર્મમાંથી ઐહિક સુખનો સાક્ષાત્ અનુભવ કરી લે તેમાં શાનું પાપ; તેની ચેષ્ટાઓથી ગર્ભિત ઇચ્છા જણાયા છતાં અનાદર કરનાર પણ પ્રેરાએલી દુર્વૃત્તિઓનો વિશેષ ઉત્તેજક થઈ તિરસ્કારને પાત્ર થાય છે એટલુંજ નહિ પરંતુ ઉત્તરોત્તર પાપનો પ્રેરક બનેછે; કારણ કે પોતાના જોવામાં કે જાણવામાં આવ્યા છતાં તેની મર્યાદા બાંધી હદમાં અટકાવી રાખતો નથી.

વાર્તાની જનમંડળ ઉપર થતી અસર.

(ચાલુ)

પુસ્તકોની અસર ધીરી પણ દૃઢ થાય છે. પુસ્તકો જમાનામાં એક મોટો ફેરફાર કરે છે. જેમ મનુષ્યને મનુષ્યનો સહવાસ, તે બેમાંથી જેનું મન વધારે પ્રબળ હોય તેના તરફ વાળે છે, તેમજ પુસ્તક પણ જો સારા લેખકની વિચાર યુક્ત અને સત્ય સંકલનાથી લખાયલું હોય તો, પોતાના વાચક–સહવાસીને પોતામાં અનુરક્ત કરી તેના મનનું વલણ પોતાનામાં જેવા વિચાર હોય તેવા વિચારવાળું કરેછે. પુસ્તક ખીલતા મનને માર્ગ દર્શાવે છે અને એ માર્ગનું અનુકરણ થતાં મનુષ્ય તદ્દન ભાવનાવાળો થાય છે. નિર્જીવ છતાં પુસ્તકો સજીવ છે. મનુષ્યની માફક તે મનુષ્યને દુઃખમાં દિલાસો આપે છે, સુખમાં આનંદમાં રમાડે છે અને પોતાની જાતને પોતાને ભાર રૂપ થતી અટકાવી જ્ઞાન તરફ વાળે છે. ખિન્ન થયેલાની વૃત્તિને વાચન પ્રફુલ્લ

કરે છે, આનંદિત મનને ખિન્ન કરે છે, રાગીને વિરાગી અને વરાગીને રાગી કરેછે. વાચનનું આ પ્રાબલ્ય શું ઓછું કહેવાય? આ રીતે મનુષ્યની વૃત્તિમાં ફેરફાર કરનારાં લખાણ શું સામાન્ય મગજમાંથી નીકળે છે? ઘણા શ્રમથી અને ઘણા અવલોકનથી સિદ્ધ થયેલું જ્ઞાન જ લોકપ્રિય ભાષામાં ઉતાર્યું હોય તો તે આવી જનતની અસર કરી શકે છે. ચાલુ ભાષા લોકને વધારે રૂચિકર લાગે છે અને એ ભાષામાં લખાયલા લેખ જનમંડળને સ્વપ્રવાહમાં ખેંચવાને શક્તિમાન થાય છે. પોતાના ધર્મના પ્રસાર માટે ભરતખંડના મહાન્ સુધારક બુદ્ધદેવે જે પહેલું પગલું ભર્યું હતું તે એજ હતું, કે તેના ધર્મના નવા સિદ્ધાંતો લોક ભાષામાં લોકને રૂચિકર શૈલીમાં લખાવી તેનો વિસ્તાર કરવો. આ ક્રમથી જોતજોતામાં બુદ્ધ ધર્મ આખા દેશમાં પ્રસરી ગયો અને વેદધર્મ જેના સિદ્ધાંતો સંસ્કૃતમાં હતા તે લોકના મનથી દૂર થઈ ગયો. જૈનાચાર્યોએ પણ લોકભાષાને માન આપી પોતાનાં શાસ્ત્રો તેમાં લખવા માંડ્યાં અને આજ ખ્રિસ્તી ધર્મ ગુરૂઓ પણ એજ ક્રમને માન આપી તેમનાં ધર્મતત્વોને દેશ દેશની ભાષામાં ઉતારી લોકમંડળને પોતાના ધર્મમાં લેવાને સમર્થ થતા જાય છે. વાચન એક વાર મનમાં જ્ઞાન સાથે અથડાય છે, બીજી વાર અંદર પ્રવેશ કરે છે અને ત્રીજીવાર ઘર કરી રહે છે. દેશી ભાષામાં સારા લેખ થાય તો તે જનમંડળમાં પોતામાં હોય તેવી યોગ્યતાનો આરોપ કરે છે, અને ટુંકામાં કહીએ તો-'It is chiefly through books that we enjoy intercourse with superior minds.' પુસ્તકદ્વારાએજ આપણે મહાન્ મનુષ્યોની સાથે વાતચીત કરીએ છીએ, તેમના સહવાસમાં રહેતા હોઇએ એમ મનથી અનુભવ લઇએ છીએ અને એમના ઉત્તમોત્તમ ગુણને ગ્રહણ કરીએછીએ. મોટા રાજાઓ અને મહા પુરૂષો પુસ્તકદ્વારાએજ સામાન્ય મનુષ્યની સાથે પરિચયમાં આવે છે. વિદ્યાનો મોટામાં મોટો લાભ છે તે માત્ર આવા મહા જન સાથેના અપરોક્ષ પરિચયનોજ છે. એક વસ્તુથી મન ખિન્ન થાય માટે તેને અનેક વસ્તુ સંકલનાના પરિચયમાં આણવું જોઇએ. પુસ્તકના વાચનથી અનેક વસ્તુમાં રમણ થાય છે, તેના ચિતાર મનને જુદા જુદા તરંગમાં રાખી પ્રસન્ન કરે છે અને પ્રસન્ન ચિત્ત સદ્ગુણનું ગ્રહણ કરે છે. મન એવા ધર્મવાળું છે કે, અકળાયું હોય ત્યારે કુમાર્ગે પોતાના દુઃખનો માર્ગ શોધે છે, માટે જ મનને ખિન્ન અને અકળામણથી દૂર રાખવા યત્ન કરવો. અજ્ઞાન જેવાં કુવા હવાડા કરે છે, તેનું કારણ એ જ છે કે, સંસારના પરિતાપથી અકળાયલા તેમના મનને બીજે આનંદ મળી શકતો નથી.

Without books God is silent, Justice dormant, philosophy lame and all things involved in cimmerian darkness.' પુસ્તક જીવતા મનુષ્યથી પણ વધારે ગમ્મત આપનારાં છે, એટલુંજ નહિ પણ જેવા મનુષ્યના સંગમાં આપણે રહેવા ઇચ્છતા હોઇએ તેવા મહા મનના મનુષ્યનો પરિચય પુસ્તકની મારફત થઈ શકે છે. એક સારા કુટુંબમાં રહેલો માણસ જેટલો બુદ્ધિશાળી અને ડાહ્યો નથી

બનતો, તેથી વધારે બુદ્ધિમાન્ અને ડાહ્યો એક મહા પુરૂષોનાં જીવન ચરિત્રોના વાચન સહવાસમાં રહેનાર નીવડેછે. આ ઉપરથી પુસ્તકોનું માહાત્મ્ય જોયા પછી જે વક્તવ્ય છે તે એજ છે કે, પુસ્તકનો સહવાસ જીવતા વિદ્વાનથી વધારે ઉત્તમ છે અને એકને નહિ પણ અનેક મનને શિક્ષણ આપવાને માટે તેજ સમર્થ છે. આથી જ પુસ્તક ઉત્તમ છે અને તે ઉત્તમ થવું એ તેના પ્રણેતાના સ્વભાવ તથા જ્ઞાન ઉપર આધાર રાખે છે. મેકોલે કહે છે તેમ, લેખકો બહુધા પોતાને જ પોતાના લેખમાં ચીતરે છે, એટલે લેખ છે તેજ લેખકની ખરી પ્રતિકૃતિ છે. મોટા વિદ્વાનોનાં નાનાં વચન પણ મોટાઓને શીખ લેવા જેવાં હોય છે. ઘણા અનુભવથી અને ઘણી જનતનાં દુઃખ, સુખ તથા ભ્રમણથી જ વિદ્વાન માણસ ખરી વિદ્વત્તા પ્રાપ્ત કરી શકે છે અને એ વિદ્વત્તા જે ચિતાર આપે છે તે વિદ્યાથી અને અનુભવથી સિદ્ધ થયેલો હોયછે.

વાર્તાના વાચન ઉપર વિવેચન કરતાં પુસ્તક વગેરે ઉપર ધ્યાન આપવું. તેમ જ વાર્તાના કરતાં નાટકો વધારે પ્રબળ અસર કરનાર છે, માટે તે વધારે કુશળ લેખકોને હાથે લખાવાં ઘટિત છે. એક સંસ્કૃત ભાષાનો પ્રાચીન વિદ્વાન્ કહી ગયોછે કે, 'નાટક એ લેખકને પોતાની વૃદ્ધાવસ્થામાં લખવા જેવો વિષય છે.' ખરૂં છે કે, જેમ વાક્યો નાનાં, ભાષા સહેલી, અલંકાર તથા આડંબરથી રહિત રચના અને ગૃહ વ્યવહારનું યથાર્થ દર્શન કરાવનાર હોય તેમ લોકના મનને તે વધારે રૂચિકર થઈ પડે. સહેલું લખાણ બાળકથી ગ્રહણ થાય છે અને જેને બાલક ગ્રહણ કર્યું તે લખાણ 'child makes a man' ની માફક જમાનાનું વર્તન થાય છે. કાળ લેખને બદલતો નથી પરંતુ લેખ કાળને બદલે છે. નવી પ્રજ્ઞાનું મન, તેના હાથમાં અને કર્ણમાં જેવા લેખનો પ્રતિધ્વનિ થાય છે તેવા વ્યવહાર ધોરણને ધારણ કરે છે, એટલે કાળને પણ લેખ બદલાવેછે. પરદેશી પ્રજા અને નૂતન વસ્તુનું દર્શન મનુષ્યના મનને અનુકરણીય વિષયો છે. પારકુ સારૂ લાગે તે ગ્રહણ કરવાની ઇચ્છા થાય અને તે પ્રમાણે વર્તાય એ સાહજીક ક્રમ છે. નાટકમાં આવા પ્રસંગો ઘણા આવે છે. નવી રીતભાત નવા ચાલ પહેરવેશ જોને નવિન પણ કંઈક સ્વાભાવિક અનુકરણની ઇચ્છા થાય તેનું ભાપણ તેમાં આવેછે અને એ બધું રંગભૂમિ ઉપર સાક્ષાત્ થતું દેખાડવામાં આવેછે. આથી નાટક વધારે અસર કરેછે અને જ્ઞાની તેમ જ પૃથક જન પણ તેને ગ્રહણ કરી તે પ્રમાણે ચાલે છે. પૂર્વનાં નાટકો અને આજનાં નાટકોમાં જે ફેર છે તે જમાનાનો અને લેખનો ફેર નથી પરંતુ લેખકોની ભાવનાનો ફેર છે. તેમના ભાવ પ્રસ્તુત વ્યવહારને લઇને બંધાય છે અને જેવા બીજમાંથી તેમનું બંધારણ થાય છે તેવાં તેનાં ફળ નવી પ્રજ્ઞામાં જોવામાં આવેછે. લેખની અસર જનમંડળ ઉપર ઘણી થાય છે માટે જ લેખ સુધરવા જોઇએ અને લેખકોનાં બહાર પડતાં પુસ્તકો ઉપર વિદ્વાનોથી સંસ્કરણ રૂપ ટીકાઓ થવી જોઇએ.

નિપુણતા.

નિપુણતા—કળવકળની જીંદગીમાં વિજય પ્રાપ્તિને માટે [૧]પ્રજ્ઞાના કરતાં વિશેષ આવશ્યકતા છે. આપણને ઘણાં તાદૃશ્ય દૃષ્ટાંતો મળેછે કે, આ ગુણ રહિત મનુષ્ય પોતે બુદ્ધિમાન હોવા છતાં પોતાના ઉદ્યોગમાં નિષ્ફળતા પામે છે. જ્યાં જ્યાં પ્રાબલ્ય નિષ્ફળ થયું છે, થાયછે અને થશે ત્યાં ત્યાં [૨]ચાતુર્ય ઘણું કરીને સાફલ્ય પામેલ છે પામેછે અને પામશે. અદ્યાપિ પર્યંત એવાં અસંખ્ય દૃષ્ટાંતો મળી આવ્યાંછે કે ઘણા માણસો [૩]ચારિત્રના કરતાં કૌશલ્યથી વધારે વગ મેળવી શક્યા છે. ફ્રાન્સિસ હૉર્નર, જે રાજ્યમાં નોકર નહિ હતો તે છતાં તેની નિપુણતાને લીધે પોતાના પ્રજા મંડળોમાં અસાધારણ [૪]અપરોક્ષ વગ ધરાવતો હોવાથી સિડનીસ્મિથ જેવો પ્રખ્યાત લેખક પણ લખે છે કે, તેની મુખમુદ્રાપર ઈશ્વરી દશ [૫]આદેશ (બાઈબલમાં કહેલ) હતાં. જેને ઈશ્વરે આ અત્યુતમ ગુણની બક્ષિસ કરેલ નથી, તેનાથી તે સહેલાઈથી સંપાદન કરી શકાતો નથી; તથાપિ આ બક્ષિસનું બીજા પ્રત્યે કેવું પ્રાબલ્ય રહે છે તેપર વિચાર કરવાથી ઘણો ફાયદો થવાનો, એ નિઃશંક છે.

નિપુણતાનું પ્રથમ અંગ આનંદ આપવાની શક્તિછે; જો વિવેક પૂર્વક આનંદ વૃદ્ધિ બીજાં પ્રત્યે કરી શકાય તો ભવિષ્યમાં લાભની આશા બેશક રખાય ખરી. દરેક મંડળમાં આનંદ આપનાર માણસ તુરતજ પ્રકાશી નીકળે છે, અને સર્વનાં મન પોતા તરફ ખેંચી લે છે. જ્યારે આ તક મળે ત્યારે તે જવા નહિ દેવા પ્રયત્ન કર્યા વિના રહેવું નહિ, કેમકે તેમ કરવાથી સમય સૂચકતાનો શ્રેષ્ટ ગુણ પ્રાપ્ત થઈ શકેછે. આનંદની સાથે વિનયની ખાસ અગત્યછે, તેટલા માટે સર્વ પ્રત્યે વિનયી રહેવું. સભ્યતાની કાંઈ કિમ્મત બેસતી નથી, તો પછી તેના ગ્રાહક શા માટે ન થવું? મફત પ્રાપ્ત કરેલ જો કોઈ વસ્તુ સર્વ ખરીદી શકનાર હોય તો માત્ર આજ છે. દરેકને જાતિ અનુભવ હોવો જોઇએ કે કંઈ ખરીદી શકવાને દ્રવ્ય અશક્ત થાય છે તે સભ્યતા સહેલાઇથી ખરીદી શકે છે. જો કોઈ વિનયર્થ બીજાનાં અંતઃકરણ વશ કરી લે તો તેને તેમના અંતઃકરણ અને સમૃદ્ધિ મળી ચૂક્યાં એમ સમજવું. એટલા માટે આપણે જેના પરિચયી થવું તેનો આ સાધનથી પ્રેમ સંપાદન કરવો.

[૬]અનુગ્રહ અને વિનય પૂર્વક પોતાની સાથે બીજાં વર્ત્તે એવું જોવાને આપણે દરેક ઉત્સુક હોઇએ છીએ, તો પછી નિર્મળ અને રમ્ય રીતભાતવાળા થવા કોશીશ શા માટે કરવી ન જોઇએ? નિર્મળ અને રમ્ય રીતભાત એ હર્ષના જન્મદાતા છે. ખાસ સંગીન યોગ્યતાના કરતાં, સુંદર રીતભાતથી ઘણા માણસો જીંદગીને વિષે બાહ્ય સિદ્ધિ કરી શક્યા છે, એમ શું આપણે જાણતા નથી? સહેજ અતિશ્યોક્તિ પણા સાથે સત્યતા પૂર્વક અસલી કહેવત કહેછે કે "માણસમાં રીતભાત હોય તો જ

૧ બુદ્ધિ. ૨ કળવકળ. ૩ Character. ૪ ખુદનું. ૫ આજ્ઞા. ૬ માયાળુપણું.

માણસ." ભાષણ અને મુદ્રા ચક્ષુને રોકે છે, અને [૧]શૈલીની સુંદરતા અને સુર કાનને પ્રસન્ન કરે છે. સુંદર રીતભાત ફક્ત સ્વચ્છ કપડાં પહેરવાથી થતી નથી, તોપણ રીતભાતનાં તે પણ એક અંગછે, માટે પૈસા અને વખતનો ભોગ ન આપવો પડે તેવી રીતે વસ્ત્ર સજવાં. પોતે સુખપ્રદ થવાનો અને બીજાને કરવાનો રસ્તો માણસની સ્વેચ્છા છે. લૉર્ડ ચેસ્ટરફીલ્ડ પોતાના પુત્ર પ્રત્યેના પત્રમાં જેમ લખેછે કે, હર્ષપ્રદ કરવાની આકાંક્ષાજ તેમ કરવાની અધિકળાછે, તેમ વિચારી આ દુનિયામાં કાંઈ પણ સારૂ કરવા અભિલાષા રાખનારે યુવાવસ્થામાં બીજાને સંતુષ્ટ કરવાની ઈચ્છાને પોતાના મનમાં જન્મ આપવો. જો [૨]તારૂણ્યમાં આ ભેટ સંપાદન કરી નહિ શકાય તો પાછળથી વિષમ લાગ્યા વિના રહેવાનું નથી એ નિઃસંદેહ છે. જોઇશું તો માલુમ પડશે કે શુભ અંતઃકરણ અને માયાળુ હેતુવાળા છતાં માત્ર રીતભાતની [૩]રૂક્ષતાને લીધે ઘણા લોકો દુશ્મન ઉભાં કરે છે. બીજાને સુંદર રીતભાતથી રાજી કરવા એજ એક જાતનો મહાન્ આનંદ છે, તેને માટે યત્ન કરવાથી શું નિરાશ થવાનું બનશે કે? નહિજ.

સંભાષણ એ પણ ચાતુર્યનું એક અંગ છે. સંભાષણિક શક્તિ ધરાવનાર માણસ બહુ સહેલાઈથી જનમંડળમાં પ્રિય થઈ પડે છે. સુપ્રસિદ્ધ ટૉડ લખે છે કે, જે માણસને બરાબર વાતચિત કરતાં આવડે છે તેની પાસે એક જાતનું સાધન છે કે જેની સહાયતાથી તે કેટલુંક શુભ કરી શકેછે. જે ઘણું કહી શકે છે અને જેની અસર બહુજ સારી થાય છે તેને ઉત્તમ વાગ્વિલાસી[૪] કહી શકાય. સદા સ્મૃતિમાં રાખવું કે, ઘણા લોકો ગપ્પાં મારવાના શોખથીજ વાતોના તડાકા મારે છે, તેવો અભ્યાસ પાડવા તરફ કંટાળો આવો, કારણ કે વાતાર્થે વાત કરવાની [૫]આસક્તિ જીંદગીમાં ઉદયને માટે ઘાતક છે. જિજ્ઞાના કરતાં મગજને વાતચિતથી [૬]વ્યાયામની જરૂર છે. ઘણા લોકો પોતાની વાતના [૭]આવેશમાં પોતાની પ્રથમ ધારણાના કરતાં એવું વિપરીત બોલે છે કે, જે પાછળથી પોતાને જ પશ્ચાતાપ રૂપ થઈ પડે છે. આ નિરંકુશ [૮]વાક્પટુતા અને વાણિનું નિર્મર્યાદપણું જીંદગીમાં અસંખ્ય આપત્તિ અને ઉપદ્રવના પ્રસંગ છે; રોષને જન્મ આપેછે; બીજામાં વિરોધ અને કલહનાં બી રોપેછે માટે આવી જગોએ સદ્વાગ્વિલાસી થવાના પ્રયત્ન કરવાનું મનમાં રાખી, મૌન [૯]કનકમય છે એમ સમજવું.

નિપુણતાને માટે જેટલી સારા વાગ્વિલાસી થવાની અવશ્ય છે તેટલીજ સારા [૧૦]શ્રોતા થવાની પણછે. શ્રોતા થવા ઇચ્છનારે, યૌવન કાળમાં બહુ સત્કારની આકાંક્ષા રાખવા તરફ મનનું વલણ નહિ કરતાં, એક તમાસગીરની માફક સભ્યતાથી બેસી સર્વ સાંભળી તેનાપર પુરતો વિચાર કરવો, એટલા માટે કે, એક રસજ્ઞ અથવા

૧ રીતિ. ૨ જુવાની. ૩ ખડબચડાપણું—ખોટ. ૪ વાતચિત કરનાર. ૫ પ્રીતિ. ૬ કસરત. ૭ જુસ્સો. ૮ તડાક તડાક જવાબ દેવા તે. ૯ સોના જેવું. ૧૦ સાંભળનાર.

ન્યાયકાર જે કહે છે તે સર્વ ગ્રહણ કરવા યોગ્ય જ હોયછે એમ નથી. આપણે આપણો આશય અનિશ્ચિત રાખી, બોલનારની લાગણીમાં પ્રવેશ કરવા શ્રમ કરવો. આ જગોએ એમ કહેવું અઘટિત નથી કે, સારા શ્રોતા થવું એ સારા વાગ્‌વિલાસી થવાના કરતાં ઓછું વિષમ છે.

ઉપપત્તિ જરા ભયાવહ છે. શિથિલતા અને વિરોધને તે ઉછેરે છે દલીલ કર્યા પહેલાં વિચાર કરવો કે તેમ કર્યાથી મિત્ર તો બોઇ નહિ બેસાય ? જો એવો સંભવ રહેતો દલીલ કરવા તરફ લક્ષ ન રાખવું. વાદ વિવાદપણું કદી બતાવવું નહિ કેમકે પક્ષ બંધાઈ જવાથી નુકશાન થવાનો સંભવ રહેછે. માત્ર વિરુદ્ધ પક્ષ બોલે તે સાંભળવું અને પોતે કબૂલ કર્યુંછે એમ બતાવી શાન્તિ પૂર્વક એમ કહેવું કે, જો હું ભૂલતો ન હઉં તો કેટલીક બાબત પર પુરતું લક્ષ અપાયું ન હોય એમ લાગેછે. ઘણા પોતે જાણતા હોય કે પોતાની દલીલ નાપાયાદાર છે છતાં વહોરાવાળાં નાડાની માફક મૂકવાનો વિચારજ કરતા નથી. આવા માણસોને પોતાની દલીલ ઠસાવવા જતાં ફાયદો થવાને બદલે ધારી શકીએ તેટલી હાનીનો ભય રહેછે. જેમ બને તેમ પોતાની હકિકત સ્પષ્ટ અને સામાસિક રીતે જણાવવા યત્ન કરવું.

આપણો ધર્મ હોય તે શિવાય બીજી જગાએ ગમે તેમ હોય પણ બીનુંઝ અપમાનથી મન દુભાવવું નહિ, કેમકે કોઇને મૂર્ખ અથવા શંખ બતાવવાથી તેને ફરિયાદ કરવાનું પૂરતું પ્રયોજન છે. કેટલાક જણતા કરતાં આખા મંડળનું મન કદી દુભાવવાનો ખ્યાલ પણ કરવો નહિ, કારણ કે એકલા માણસો જેટલા વખતમાં ભૂલી જાયછે, તેટલા વખતમાં મંડળ ભૂલી જતું નથી. મંડળનો ડંસ સર્પ જેવો છે. ઇગ્લંડના હીરા બર્ક અને વેલીંગટન પણ કદી લોકોના સમુદાયનું મન દુભાવતા નહિ; માટે વિવેક શુન્ય બનાવીએ તેના જેવા સામા માણસને એકે કારી ઘા નથી એમ લક્ષમાં નિરંતર રાખવું.

હાસ્ય શત્રુને ઉભાં કરેછે. આપણે જાણીએ છીએ કે મૃદુ ઉત્તર પ્રકોપને ફેરવી નાખેછે, તથાપિ તે ભૂલી જઈ કલેશને ઉછેરનાર જે અવજ્ઞાહાસ કરીએ છીએ. માણસ જાતની અને તેમાં પણ વિશેષે કરીને યુવાનોની સર્વથા વધારે લાગણી દુભાવનાર હાસ્યછે. દશમાંથી નવ માણસો પોતાની હાંસી થાય તેના કરતાં ગાળો ખાવી બલકે કોઈ જાતની હાની સહન કરવી વધારે પસંદ કરશે. ઘણું કરીને ઘણા માણસો પોતે હાસ્યોત્પાદક થાય તે શિવાયનું સર્વ જલદીથી વિસ્મરણ કરી દે છે. ઉપહાસને માટે થઇને મિત્ર ખોવા એના જેવું બીજું મૂર્ખાઈ ભરેલું કૃત્ય કયું છે વળી, ક્ષિપ્રત્તરૂપ તે માટે ધનિઃસ્પૃહ અને નિષ્પક્ષપાતિનાના શત્રુ બનાવવાને કાંઈ ઓછું મૂર્ખાઈ ભરેલું છે એમ નથી; એટલા માટે થઇને વિજય પ્રાપ્તિ કરવા ઇચ્છનારાએ અવશ્ય કરીને કોઇનું હાસ્ય કરવું નહિ.

૧ મત. ૨ ક્રોધ. ૩ હાસી. ૪ હસી કાઢવા જોગ. ૫ હાજર જવાબ.

ઘણી વેળાએ એવું પણ બને છે કે આપણાપર હાસ્યનું વાદળ ફરતું ફરતું ચઢી આવેછે. આવા સમયે તેમાંથી રક્ષણ કરવાનો સર્વોત્તમ ઉપાય એ છે કે, અનાદરની કલ્પના કરવાને અગર હાસ્ય થયું છે એમ વિચારવાને જલદી તત્પર નહિ થતાં, ડહાપણ પૂર્વક તે હાસ્યમાં ભાગ લેવો. જે પોતે વિવેકથી પોતાના હાસ્યમાં ભાગ લે છે તેને સર્વ ચાહે છે—અને તેથી તેના [૧]સૌજન્ય અને સનમતિ બતાવાય છે.

પોતાના અભિપ્રાયને માટે ધૈર્ય રાખવું. વખતો વખત હાસ્ય પાત્ર થવાનો સંભવ છે, પણ તેથી નુકશાન થવાની બહુ બીક રાખવી નહિ. પોતાનું ખરૂં સ્વરૂપ દર્શાવવામાં કાંઈ હાસ્યજનક નથી, પણ પોતાનું વિપરિતપણું દર્શાવવામાં અત્યંત ઉપહાસ સમાયેલ છે. કેવળ કાલ્પનિક સંકટને માટે પરિતાપ નહિ પામતાં, ક્રોધ યુક્ત નહિ થતાં, બીજાની સાથે અનુરાગમાં તણાઈ નહિ જવું એમ સ્મૃતિમાં રાખી પોતાના વિચારમાં સાહસ કરી બહુજ ચોકસપણું નહિ બતાવવું, કેમકે આપણી ગમે તેવી ખાતરી હોય તોપણ ઘણી વખતે આપણે અસત્યતાને આધીન થઈ ગયેલ હોઇએ છીએ. પોતાના અભિપ્રાયને એટલા માટે વળગી ન રહેવું કે સ્મરણ શક્તિ, ઘણી વેળાએ નુતન પેચથી આપણને ઠગે છે; અને સાવધ રહેતાં છતાં ભૂલ થાય ખવાય તો બહુ બીક ન રાખવી કેમકે જે માણસ ભૂલ થશે એમ ધારે છે તે કાંઈ કરી શકતો નથી.

એહદ પરોપકારના [૨]ઉદ્‌ગાર પર બહુ વિશ્વાસ ન રાખવો, કારણ કે સાપેક્ષ, [૩]અપરિચિત માણસના પ્રતિજ્ઞા પૂર્વક બોલાયલા અતિશય વચનોપર નિર્વિવાદિત વિશ્વાસ મૂકવાથી ઘણા લોકો ખરાબ સ્થતિએ પહોંચ્યા છે. દરેક કૃત્રિમ[૪] હોય છે એમ નથી, કેમકે જો એમ હોય તો દુનિયાનો જલદીથી [૫]પ્રલય થયા વિના રહે નહિ; પરંતુ કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે દરેક મિત્ર છે અથવા તો દરેક શત્રુ છે એમ ત્વરાથી માન્ય કરી લેવું નહિ. જેની સાથે પહેલો વખત પરિચય થાય તેની પરીક્ષા કરવા ચૂકવું નહિ, કેમકે ઘણીક વખતે ઘણા માણસો દેખાય તેના કરતાં વિપરિત લક્ષણના હોય છે. ગુણાવગુણનું અધ્યયન કરવા માટે ચક્ષુઓ ઉત્તમ ઉપદેશક છે. એમર્સન કહેછે " જ્યારે ચક્ષુનો અભિપ્રાય એક થાય અને જિહ્વાનો બીજો થાય ત્યારે અનુભવી માણસ પહેલાંનાપર શ્રદ્ધા રાખ્યા વિના રહેતોજ નથી.

નિપુણતાના ગ્રાહક થવાવાળાને બીજાનો વિશ્વાસ મેળવવાની ખાસ અગત્ય છે. બીજાનો વિશ્વાસ સાંપાદન કરવો એ કાંઈ સહેલું કૃત્ય નથી. આપણી ઘણી વખત કસોટી થાય છે ત્યારે જ આપણે બીજાના વિશ્વાસપાત્ર થઈ શકીએ છીએ. સર્વ કોઈ જાણે છે કે પોતાના હક્કો સાંભળવાને શાખતી થયેલી પ્રજાઓ, સર્વ બાબતોનો વિશ્વાસ પોતાના વિશ્વાસપાત્ર અગ્રેસરોપર મૂકી દે છે. આનું કારણ માત્ર એજ છે કે પ્રજાના લોકો જાણે છે કે, અમારા પ્રતિનિધિઓ અમારૂં ખરાબ કરવાને કદી ઉત્સુક

૧ સારો સ્વભાવ. ૨ વચન. ૩ સહવાસ વગરનો. ૪ કપટી ૫ નાશ.

થશે જ નહિ. ત્યારે જે જેના સહવાસમાં આવીએ તેનો વિશ્વાસ સંપાદન કરવાને ઇચ્છતા જ હોઇએ તો તેવી યોગ્યતા મેળવવા ત્વરાથી યત્ન શા માટે ન કરવું ?

સર્વ વિદ્યામાં, દુનિયાની રીતે, મનુષ્ય જ્ઞાન ઘણું જ ઉપયોગી છે. વિવેક પૂર્વક નિશ્ચય કરતાં શીખવું. કોનાપર, કેટલે સુધી અને કઈ બાબતમાં એ જાણવું અતિશય ઉપયોગી છે. આ કાંઈ સહેલું નથી. આપણા સંબંધમાં જેને રહેવાનું છે તેવાને પસંદ કરી તેનાપર વિશ્વાસ રાખવો. કોઈ માણસને પસંદ કર્યા પછી તેનાપર અવિશ્વાસ ન રાખવો; અને જો અવિશ્વાસ રાખવો હોય તો તેની સાથે પ્રવર્તાવવું નહિ. ઘણી ખરી વાર એવું બનેછે કે વિવેકપૂર્વક પ્રતિતિ રાખનાર, અપતિજ રાખનાર કરતાં વધારે લાભ મેળવી શકે છે.

હમેશાં સ્મૃતિમાં રાખવું જોઇએ કે આપણાથી ઓછી પ્રવિણતાવાળાને અનાયાસે મળવું થાય તો તેના પ્રત્યે તિરસ્કાર બુદ્ધિથી વર્ત્તવાને આપણને અધિકાર નથી. મોટી મિલકતના કરતાં સમદૃષ્ટિનો મહાન્ ગુણ સંપાદન કરવા જેવું બીજા એકેમાં માન સમાયેલું નથી. બુદ્ધિબળનો ઉપયોગ જો આવી રીતે કરવામાં આવે તો તે જ ભૂષણ છે એમ સમજવું.

અપ્રમત્ત[૧] થઈ આપત્તિ અને કષ્ટના સમયમાં નિર્ભયતા પૂર્વક પાર ઉતારનાર શીતળતા અને દૃઢતાના ગ્રાહક થવું જોઇએ, ખરેખર, શીતળતા અને દૃઢતા આ ભવ અને પરભવમાં અતિઉત્કૃષ્ટ સુખદાતા છે. સર્વ વ્યવહારમાં જેટલા ઉત્સુકની અંતઃકરણમાં આવશ્યકતા છે તેટલી જ મૃદુ મગજની પણ છે. કદી પણ ભિન્નજની લગામ છૂટી મૂકવી નહિ, અને જો મુકાઈ જવાનું બને તો ખોલવું બંધ રાખી અને જુસ્સો નહિ બતાવવા પ્રયત્ન કરવું; તિતિક્ષા[૩] એજ માણસમાં સર્વથી શ્રેષ્ઠ ગુણ છે.

સત્યતા અને વિચાર પૂર્વક બીજાની ઇચ્છા પૂર્ણ કરવાનું દરેકે શીખવું જોઇએ. ઇચ્છા પૂરી કરી શકાય એમ ન હોય તો "ના" કહેવાનો ભય કદી ખાવો નહિ, આનંદ સહિત "હા" દરેકથી કહી શકાતી નથી, પરંતુ "હા" કહેવાના કરતાં "ના" કહેવું એ વધારે દુર્ઘટ કામ છે. ઘણા લોકો તેમ નહિ કરી શકવાથી પરાભવને પામ્યા છે એમ આપણે વખતો વખત જાણીએ છીએ. પ્લુટાર્ક નામનો વિદ્વાન લેખક કહે છે કે, લધુ એશિયાના લોકો માંડલિક સ્થિતિએ પહોંચ્યા તેનું કારણ એક અક્ષર જે "ના" છે તેના ઉચ્ચાર કરવાનું અશક્તપણું છે. આ ભવ અને પરભવને માટે સત્યતાના જીવન વ્યવહારમાં જે અવશ્ય હોય તો ઉત્સાહ પૂર્વક "ના" કહેવા શક્તિ થવાની ઓછી જરૂર છે એમ નથી. સત્યતાને લીધે આપણા સાથે આનંદ સહિત કામપાડવા પાછા આવે તેવી અસર, આપણા સંબંધમાં આવનારને કરાવવા ઉદ્યોગ કરવો જોઇએ. શું એક બીજા સાથેનો વ્યવહાર એ ઘણા ધારે છે તેના કરતાં વધારે લાગણી અને આશયનો વિષય નથી કે ?

૧ તૈયાર. ૨ સાવધ. ૩ સુખ–દુઃખાદિ જે મળે તે સહન કરવું તે.

છેવટે મનુષ્ય જાતિ નિરંતર વિવેક પૂર્વક વર્ત્તે છે એમ કલ્પના પણ કરવી ન જોઈએ; કેમકે સજ્ઞાન અને બુદ્ધિ વિશિષ્ટ[૧] પ્રાણિ થવાનો દાવો કરી આપણે જાતે મુખ સ્તુતિ કરીએ છીએ, તે શું ખોટું નથી ? અલબત છે જ. આપણે અનુભવ રહિત સંકલ્પ વિકલ્પ કરનાર છીએ, તેથી આપણે ઘણી વેળાએ વ્હેમ અને પ્રકોપથી વર્ત્તીએ છીએ. પરિણામ એ થાય છે કે, આપણી શંકાનો નાશ કર્યાને બદલે બીજાની લાગણી દુભાવીએ છીએ.

જિવન ચરિત્ર.

જીવન ચરિત્ર સમસ્ત મંડળને અતિ લાભદાયક વસ્તુ છે. તેની વસ્તુની શૈલી આબેહુબ ચિત્ર આલેખવાની હોય તો તે ઉપકારક થઈ પડે છે; તેવું ચરિત્ર નિરૂપણ સુલભ નથી.

ઐહિક કે પારલૌકિક મનાતા સુખ માત્રને પામવાનાં સાધનોમાં પ્રધાનપણે સહાયભૂત થનાર પોતાના ઉત્તમ ચારિત્ર જેવું એક પણ નથી, તે ઉદાર, પરોપકારી, ધૈર્યવાન, ક્ષમાવાન હોવું જોઇએ.

આદિથી અંતસુધી ચારિત્ર આવું ઉત્તમ નીવડે, તેનાં કારણ રૂપે જન્મસંસ્કાર, સંબંધમાં આવતાં ભાંડું તથા મિત્રાદિક, ગુરૂ, પત્ની તથા પુસ્તકો વિગેરે છે, એટલે કે જન્મ અને સંબંધના સંસ્કારથી મળતું ગૃહ શિક્ષણ, તથા પુસ્તકોમાંથી પ્રાપ્ત થતું શિક્ષણ એ છે; અને જેમને ગૃહમંડળમાં વિંધાઈ રહેવા કરતાં શાળા વિગેરેમાં વિદ્યા પ્રાપ્તિ માટે જવાનું સદ્‌ભાગ્ય હોવાથી, વિશેષ રોકાવાનું છે, તેમને માટે તો એમ કહેવું જોઇએ કે,–ઘેર ઘેર સંસ્કારી ભાંડુનું મંડળ નથી હોતું તેથી તેવાં મનુષ્યોને આત્મશિક્ષણ માટે પુસ્તકો પ્રધાનપદે છે.

પરંતુ કેવાં પુસ્તકો ? વ્યાવહારિક વિષયો–ગણિતાદિ–વૃત્તિને ઘડતાં નથી. સાહિત્ય ઇતિહાસાદિક હેતુ પુરઃસર જ્યાં શીખવાય ત્યાંજ તેમનું શિક્ષણ ફળપ્રદ છે. તે સિવાયમાં નવલ કથાઓ, કાદંબરીઓ, નાટકો, ચરિતો ઘણી સારી સેવા બજાવે છે. એ ચારેમાં મનુષ્યની વિવિધ પ્રકૃતિઓની પ્રતિકૃતિ છે, કલ્પિત લીધેલાં પાત્રોની અનેક રૂપે અનેક સ્થિતિમાં દેખાતી વૃત્તિઓનાજ ઇતિહાસ હોય છે, અનેક કલ્પિત છતાં, જગતમાં ન જડે તેવાં છેક નથી હોતાં, તેથી તે બધાંયને આપણે 'ચરિતો'ની સંજ્ઞા આપીએ તો ખોટું નથી. ઇસિપનીતિ, કે પંચતંત્ર, બૃહત્કથાસરિતસાગર, કે બાળમિત્ર, ટુંકી કહાણીઓ કે સઘરાજેસંગાદિથી, તે બીજી ત્રીજીથી સાતમી સુધીનાં ધોરણોનાં પુસ્તકોમાંના રૂપકનાં અને ચારિત્રના પાઠ એ સઘળાં, નાના બાળકથી મોટાં સુધી સર્વને સમજાય, રસ પમાડે, એકરૂપ કરી દે, અને પોતાની વસ્તુની વૃત્તિમાં ઘસડે એવી શક્તિવાળાં, ચરિતો જ છે. આગળ વધી, નાટકો, ત્રોટકો, ગાથા, પુરાણ, કા-

૧ બુદ્ધિવાન.

દંભરી, નવલકથા અને કાવ્યો, તે પણ તેજ હેતુની સિદ્ધિ માટે છે કે થઈ પડે છે. પરંતુ નાનું બાલક જે 'બિલાડી અને બગલાની જમણવાર' તે સાચી માનવું, તે પરિપક્વ વય થયે આવાં નાટકાદિકને કલ્પિતમાની, તેના રસથી માત્ર સ્વાદ રસની નીચ વૃત્તિને જ સંતોષી બેસી રહે, અને કલ્પિત વાતો–જુઠી, જોડી કાઢેલી વાતો છે એમ–માની ભૂલી જાય, તેથી તેમનું હિત થાય એ સંભવ દૂર જતો જાય છેઃ જો કે વરસાદનો એક છાંટો પણ તેની અસર કર્યા વગર રહે નહિ, એવો નિયમ છે, છતાં ધાર્યો હેતુ આટલે જ બસ નથી થતો.

એક ગ્રંથકાર કહે છે કેઃ—

કાદંબરીકારો અને નવલકથાકારો પોતાનાં પુસ્તકોમાં નાયક નાયિકાનો સંબંધ કરાવતાં કેવી અનુપમ સમાનતાથી બંનેને જોડે છે? ઈશ્વરે જગતનું સૌંદર્ય એ બેને ઘડીનેજ ખુટાડ્યું હોય, તેવાં સૌંદર્યવાન્, ગુણવાન્, બુદ્ધિમાન્, તેમને ઘડી દે છે છતાં સત્ય જગત્ તરફ સત્યના દૂર્બિનમાંથી જોઈશું તો જણાશે કે જેને તેઓ સમાનતા કહેછે, તે તેમનાં પુસ્તકોમાં જ, અને તેમની કલ્પનામાં જ હોય છે.

આ લખાણ ઉપરની, 'આ તો કલ્પિત છે' એવી વાંચનારની થઈ જતી વૃત્તિનું દૃષ્ટાંત છેઃ જેમાંથી એટલું તાત્પર્ય નીકળી શકે કે, કલ્પિત કે જનાવરોની વચ્ચેની અસંભવિત વાતો છોડી હરરોજ પ્રસંગમાં આવે તેવાં મનુષ્યો નવલકથાદિકમાં જોઇએ, તોપણ ભીતી રહેછે કેઃ— લાગણીઓને ઉછાળી નાંખી નાયક નાયિકાની સ્થીતિમાં બેસી જવાને ઇચ્છા ઉત્પન્ન કરાવનાર પ્રથમ ત્રણ જાતનાં ચરિતો, નવલ કથા, કાદંબરી, નાટકો—અટીણ જેવું વ્યસન પાડી, રસેન્દ્રિયને લાલચુ કરી દેવા ઉપરાંત વિશેષ ફળપ્રદ ન નીવડે.

ત્યારે સત્ય જીવનચરિત—આપણા ભેગો વાસ કરી ગએલાં, સર્વ અંશે આપણા જેવી જ શકિતવાળાં લાગતાં, દુનિયામાં હયાતી ભોગવી ગએલાં, મનુષ્યોનાં ચારિત્રોનું નિરૂપણ—એ મુખ્ય અને ઉપકારક ચરિત હશું.

આ જાતનાં નિરૂપણના બે પ્રકાર છે; ચરિત્ર નિરૂપણ આપણે આજ જ કરવા લેઈ બેઠા નથી, પુરાણના ઇતિહાસો તેવે સત્યરૂપે જ મનાય છે, તેવા (૧) દૈવી મનુષ્યોનાં, અને સામાન્યજન મંડળમાં (૨) વીરનરોનાં.

પ્રથમ વર્ગનાં પાત્રોનાં ચારિત્ર્ય મહા અદ્‌ભૂત છે. વડીલ ભાઈ રામચંદ્રજીની આજ્ઞા શિવાય, વનવાસમાં પણ, બાર વર્ષ સુધી હોઠે લક્ષ્મણ ફળ અરાડતા નથી, છતાં ભાઇને તથા સીતાજીને સારૂ દરરોજ ફળાદિક પોતે આણી આપે છેઃ 'તમે જમ્યા, હવે હું ખાઉં?' એમ કદી પુછ્યું નથી. 'એ તો કદી કહેશે નહિને હું ક્યાં ભૂખે મરૂં?' 'એ તો જાણતા હશે કે, હું ફળ લેવા જાઉંછું ત્યારે ખાતો જ હોઈશ તો, એમ ધારતા હશે માટે લાવને ખાઉં' એવો વિચાર પણ નથી, ત્યાં ખાય તો ક્યાં-થીજ? અને અવધિ તો એ છે કે આમ એક બે દિવસ કે માસ નહિ–પણ બાર વર્ષ!! આ આમન્યા અને ભક્તિભાવનો અદ્‌ભૂત નમુનો છે. રાજાનું પ્રથમ કર્ત્તવ્ય

પ્રજા પાલન અને પ્રજાને સંતોષવી એ છે, તો સીતાના રહેવાથી કોઇને દુઃખ થતું હોય તો મારે સીતાનું સુખ વર્જ્ય છે, કહી સગર્ભા, અનાશ્રિત જંગલમાં મુકી દેછે, એ પ્રજાપાલન ધર્મ ઓછો છે? પણ આવાં ચારિત્રોને એક બાધ નડે છે, તે એકે વાચકને એમ ઉદ્‌ગાર થાય છે, અગર જેને બોધ કરવાનો અગર કોઇને બોધ થતો સાંભળવાનો પ્રસંગ મળ્યો હશે તેમણે પરિણામે સાંભળ્યું જ હશે કે–એ તો દૈવીઅંશ હતા, આપણાથી કંઈ તેવું થાય તેમ છે? આથી પાછો આપણો હેતુ શિથિલપ્રાય થઈ પડે છે. લોકો પોતાનાં ચારિત્ર સાથે આવાં ચારિત્રોની સરખામણી કરી જુએ નહિ જ, તો તો તેવાં ચારિત્રનાં નિરૂપણ ધર્મભાવના ઉત્પન્ન કરવા કે રસેન્દ્રિયને આરાધવા કામ આવે છે.

આથી સામાન્ય જનમંડળનાં ચરિતો અત્યુપયોગી છે, એ સહજ સિદ્ધ થયું.

આવાં ચરિત્ર નિરૂપણનું ફળ અતિ ઉત્કૃષ્ટ છે. જેમનાં ચરિત્ર નિરૂપિત થાય છે, તે મનુષ્યોની હયાતી, આપણી વૃત્તિને આંજી નાખી તેને તેના ઘરમાં સુદૃઢ કરે, તેટલે અંશે પુસ્તકનું ફળ ન નીવડે, તોપણ એવાં સાક્ષાત્‌કાર થતાં જીવન ચરિત્રનાં પૂતળાંમાંથી, બોધ લેવાની અને અવલોકન કરવાની જે બાળકોને ટેવ નથી, અને મોટાં થયે પણ જેમને તે ટેવ પડી નથી તેમને તે પાત્રો નિરૂપયોગી છે. જેમને ટેવ પડી છે, તેવાં બાકીનાંમાં મનુષ્ય જાતનો મોટો અણઘડ ભાગ દુરાગ્રહી, દોષૈક દૃષ્ટિ અને દ્વેષી હોય છે, તેથી સાક્ષાત્ મૂર્તિમાન ચરિતોમાં સજીવ પાત્રોમાં મનુષ્યને સાભાવિક એવા કોઇક દોષ દેખાય તો, અથવા ન હોય તોપણ પોતાની દોષ દૃષ્ટિથી તેમનામાં કલ્પી–તેવા દોષનેજ માત્ર જોવા પામે છે. સારગ્રાહી વર્ગ વિરલ અને થોડો-કજ હોય છે–જે સંસ્કારી, સુબુદ્ધિમાન્ સુશિક્ષિત છે તેજ હોય છે, તેથી જે મનુષ્યોને દ્વેષી દુનિયાં નજરે જોઈ ખમી શકતી નહતી તેજ મંદબુદ્ધિ મનુષ્યો કોઈ અસાધારણ લેખકની બુદ્ધિથી આલેખાયલા ચિત્રપટમાં, તેજ પાત્રો ઉપર દ્રિદા થઈ જાય છે.

આ ઉપરથી ફલિત એ થયું કે બાળક ગૃહ શિક્ષણના પ્રાંતમાંથી આગળ વધ્યું, ક્ષણ ક્ષણમાં વસ્તુ સંબંધ વિસરી જાય એવી બુદ્ધિ જઈ સજ્જડ સંસ્કારની છાયા પડી રહે તેવી પકવ બુદ્ધિનું થવા લાગ્યું, તેમ તેમ તેને જે પ્રકારનાં પુસ્તકો વૃત્તિ સદ્‌વૃત્તિ ઘડવા માટે જોઇએ, તે આ બીજા પ્રકારનાં સામાન્ય જનમંડળનાં ચરિતો છે.

ગમે તે મનુષ્યનું અગર દરેક મનુષ્યનું જીવન ચરિત લખાતું નથી. લખાય તે ઇષ્ટ પણ નથી. જેમનાં ચરિત્ર નવલ કથાના કોઈ પાત્રની માફક ચિત્તને એક રસ કરી મુકે છતાં સુમાર્ગ બતાવે; કોઈ એકાદ કે વિશેષ સદ્‌વૃત્તિઓનાજ ખેલ રૂપ જે-મનાં ચારિત્ર હોય, છતાં આ બનાવ આપણાજ કે આપણા ભાઇના ઘરમાં બને છે તેથી આપણે પણ તેવું કરવા સમર્થ છીએ એમ કોઈ પણ ક્ષણે પ્રત્યક્ષ કરી દે, તેવાંજ લખવાનું ફળ છે. એવાં પુસ્તકો આસપાસ જન્મ્યાં કરે તો, જેમ વિધાયકનેજ વિધેય જોઈ રહે છે, તેમ વાચકની વૃત્તિ ચારિત્રનાં પાત્રોની વૃત્તિરૂપ થઈ જવાની, વાંચવું જોઇએ, બીજાં ગોઠવનારની પેઠે નહિ.

વનસ્પતી ખોરાક તથા તેની તંદુરસ્તી પર થતી અસર.

એ ઉપર ડૉકટર કપીલરામ નરભેરામ પંડયા એ સ્પર્ધાથી આપેલું ઇનામી ભાષણ.

વનસ્પતી ખોરાક તથા તેની તંદુરસ્તી પર થતી અસર એ આ ભાષણનો વિષય છે. દુનીયામાં વસતી જુદી જુદી પ્રજાઓ જો કે તરેહ તરેહનો ખોરાક ખાઇને નિર્વાહ કરે છે, તો પણ એ સઘળા પ્રકારના ખોરાકના બે મુખ્ય ભાગ થઈ શકે (૧) વનસ્પતી ખોરાક. (૨) માંસાદિ ખોરાક. હવે એ બે તરેહના મુખ્ય ખોરાકમાં કયો સારો, કયો નરસો,–કયો તંદુરસ્તીને ગુણકારી અને કયો નુકસાનકારક વગેરે બાબતોનું સ્પષ્ટીકરણ અને નિર્ણય કરવાને, પ્રાચીનકાળના તેમજ અર્વાચીન કાળના ધાર્મિક, ઐતિહાસીક, તથા વૈદક પ્રમાણોનું અવલોકન કરવાની જરૂર છે.

વનસ્પતી એજ મનુષ્યનો મૂળ ખોરાક છે.

ઈશ્વરે પ્રથમ સૃષ્ટી ઉત્પન્ન કરી તે વખતે લોકો સાદા, નિર્દોષ, અને કુદરતાધીન હતા. ઝાડોનાં ફળ ફળાદિ તથા મૂળીઆં ખાઇને તથા પાણી પીને નિર્વાહ કરતા હતા.

હિંદુસ્તાનના અસલના આર્ય લોકો ઝાડોનાં ફળફળાદી તથા મુળીઆં ખાઇને જીવતા હતા. વેદ તથા શાસ્ત્રોમાં વનસ્પતી ખોરાકની જ આજ્ઞા આપી છે. એશીઆ ખંડની બીજી પ્રાચીન પ્રજાઓનાં વૃત્તાંત જોઇશું તો માલમ પડશે કે તેઓ પણ વનસ્પતી ખોરાક શીવાય બીજું કાંઈ જ ખાતા નહોતા. આરબ લોકોનો ખોરાક ઘણો સાદો હતો; અને હાલ પણ એમ જ છે. મહોત્સવને પ્રસંગે અથવા કોઈ મોટો પરોણો આવ્યો હોય તે વખતે જ બકરાંનો વધ કરે છે. પણ તેઓનો દરરોજનો ખોરાક રોટલી અથવા લોટની કાંજી અને ચોખા તથા દૂધ હોય છે. સીરીયાના લોકો, ચીનાઓ, તથા જાપાનના લોકો પણ વનસ્પતી ખાઇને રહેતા હતા, સીરીયામાં આવેલા લેબનના પર્વત પર વસતા લોકો ખજૂર અને પાણીપર ગુજરાન ચલાવે છે. અને તેઓ રાક્ષસ જેવા અને ૧૦૦–૧૧૦ વર્ષના આયુષ્યવાળા હોય છે. (આસહયા કુળ) યુરોપની અસલી પ્રજાઓ કેવા પ્રકારનો ખોરાક ખાતી હતી તે હવે તપાસીએ. અસલના ગ્રીક તથા રોમન લોકો વનસ્પતીનો ખોરાક ખાતા, હતા, અને પ્રાણીઓનો વધ કરતા નહોતા. ડાઇડિન કવી લખે છે કે, તે જમાનો સતયુગ હતો. માણસો ફળફળાદિનો આહાર કરતા અને પ્રાણીઓનાં માંસથી તે ઓના મુખને અપવિત્ર કરતા નહોતા. પશુ, પંખીઓ તથા સસલાં છૂટથી તથા

ઘાસ્તી વગર ફરતાં હરતા. ટુંકમાં કહીએ તો સઘળે સ્થળે શાંતિ હતી. પોપ, ટોમસન અને શેલી નામના નામાંકિત કવિઓ વનસ્પતી ખોરાકની પ્રશંસા કરી ગયા છે.

પ્રાણીના વધને સખત ભાષામાં વખોડી ગયા છે. બાઇબિલના પહેલા તથા બીજા જેનીસીસમાં ઇશ્વર આદમને કહે છે કે 'આ ઝાડો પર ફળો છે તે ખાજે,' એથાનીયન લોકો અંજીર ખાઇને રહેતા; અને આરકેડીયન લોકો 'એકોર્ન' નામનાં ફળ ખાતા. પ્રાચીન વૈદ્યો તથા ડાકતરો નામ તપાસતાં માલમ પડે છે કે તેઓ પણ વનસ્પતી ખોરાકને શ્રેષ્ઠ ગણે છે. ડાકતરનાં ગેલન, હિપોક્રેટીસ,–કેલ્સસ કહે છે પહેલા જમાના (સતયુગ) ના મનુષ્યનો ખોરાક વનસ્પતી અને ફળફાળદીનો જ હતો;

આર્ય વૈદ્યો સુશ્રુત, વાગ્ભટ અને ચરક લખે છે કે વનસ્પતીનો ખોરાકજ પુષ્ટીકારક અને રોગહારક અને આયુષ્યને વધારનાર છે; ટુંકમાં કહીએ તો પ્રાચીન કાળની દરેક પ્રજાના ગ્રંથકારો જેવાં કે શીલસુફ્રો, ઇતિહાસ કર્તાઓ, ડાકતરો અને કવીઓ-એ સઘળા એકે અવાજે વનસ્પતીના ખોરાકની પ્રશંસા કરી ગયા છે, પણ પ્રાણી વધને વખોડી ગયા છે.

વનસ્પતી ખોરાક દેખાવમાં રમણીય, સુંગંધીદાર અને સ્વાદીષ્ટ છે.

મનુષ્યને જોવાની સુંઘવાની, અને ચાખવાની, ઇંદ્રિઓ બક્ષી છે, તેના બળ વડે સારૂં હોય છે તે તરફ જ તેનું મન દોડે છે, પણ નઠારૂં હોય છે તેની તેને છીટ આવે છે. દાખલા તરીકે એ રકાબીઓ જેમાંની એક તાજા ફળથી ભરેલી તથા બીજી માંસથી ભરેલી–કોઇ પણ મનુષ્ય આગળ મુકીએ તો તજાં ફળથી ભરેલી રકાબી પર તેને વધારે ઇચ્છા થશે, કારણ કે તે કુદરતી બક્ષીસ છે.

'વનસ્પતી' માણસનો સ્વભાવીક ખોરક છે.

જુદાં જુદાં પ્રાણીઓની શારીરિક ઘટનાપરથી આપણને માલમ પડશે કે ઇશ્વરે માણસને માટે વનસ્પતીનો જ ખોરાક સરજ્યો છે અને તે જ સ્વભાવીક છે અને તેને અનુકુળ આવે છે. વાઘ, સિંહ, કુતરો વગેરે પ્રાણીઓને માટે માંસાહાર સરજ્યો છે અને તે તેમને સ્વાભાવીક અને અનુકુળ થઇ પડે છે. ઘોડો, હાથી ગાય, વગેરેનો ઘાસનો ખોરાક સરજ્યો છે, અને તે શીવાય બીજો ખોરાક તેમની પ્રકૃતીને માફક આવતો નથી. માંસાહારી પ્રાણીઓને પંજા અને નખ હોય છે; કુતરીઆ દાંત મોટા તથા લાંબા હોય છે; તેઓની હોજરી નાની હોય છે; આવી ઘટનાને લીધે તેઓને માંસાહાર અનુકુળ પડે છે; ટુંકમાં તેઓને પોતાનો ભક્ષ પકડવાને અને તેને ફાડી ખાવાને મજબૂત સાધનો આપ્યાં છે. પણ માણસની શારીરિક રચના એવી નથી. તેમજ ઘાસ ચરનાર પ્રાણી જેવી પણ તદન નથી, તેથી માણસને વનસ્પતી અનુકુળ આવે છે અને તેને બરોબર પચાવીને લોહી રૂપાંતર કરવાને દાંત, લાળ, જઠરરસ, પીત્ત વગેરે રસોવાળાં મર્મસ્થાનો બક્ષેલાં છે, કે જેવાં મર્મસ્થાનો

બીજા પ્રાણીઓમાં હોતાં નથી. લીનીયસ, બેરન,–કયુવીયર, ટોમાસબેલ વગેરે ડાકતરોનો મત એવો છે કે માણસના શરીરની રચના તરફ જોતાં,–(મુખ્યત્વે કરીને તેની હોજરી, મોં, હાથ)–એટલું માલમ પડે છે કે ઇશ્વરે તેને વનસ્પતીનો જ ખોરાક ખાવાનો માટે સરજ્યો છે.

વનસ્પતી માણસનો શ્રેષ્ટ ખોરાક છે.

દરેક માણસના શરીરની ગરમી કાં તો તમે સાહારાના જંગલ જેવા ઉષ્ણ પ્રદેશમાં જોશો, કે કાં તો રુવીસની સામુદ્રધુની જેવા બરફવાળા પ્રદેશમાં જોશો, તોપણ તે એક સરખી જ હોય છે. ખોરાક પચી રહ્યા પછી તેમાંના પદાર્થો પ્રાણવાયુ (ઓક્ષીજન) સાથે મળી જઈ એક તરેહનો અગ્નિ પેદા કરેછે તેને લીધે આ શારીરિક ગરમી ઉત્પન્ન થાય છે. વનસ્પતીનો ખોરાક, ડાક્તર ક્રીસ્તોફર હફલંડના મત પ્રમાણે લોહીને શાંત રાખે છે, તેથી રક્તાભિસરણ નિયમીત ચાલે છે; ધમનીઓમાં લોહીનો હદ બહાર જમાવ થતો નથી; મન અને શરીરને શાંત રાખેછે; અને ક્ષયને અટકાવે છે, એથી ઉલટું, માંસાદિ ખોરાક જલદી કોહી જાય છે; ઘણો જ ગરમ હોવાથી પીત્તને ઉકળેલું રાખે છે; લોહીનો જમાવ અને રક્તાભિસરણના વેગને વધારે છે; શરીરમાં લોહી વધવાથી આદમી પૂલી જાય છે; અને તે ખાધા પછી શરીરની સ્વભાવિક ઉષ્ણુતા વધીને સહેજ તાવ આવે છે. માંસાદિ ખોરાકમાંના નાઇટ્રોજન અતિશય હોવાથી, નજળા, સંધિવા, વગેરે રોગો ઉત્પન્ન થાય છે, પણ વનસ્પતી ખોરાક નિર્દોષ અને રોગહારક છે.

શરીરના જુદા જુદા અવયવોનું તથા મર્મસ્થાનોનું સંપૂર્ણ પોષણ કરવાને વનસ્પતી ખોરાક પૂરતો છે.

શરીરના સ્નાયુતંતુ, હાડકાં, ઇત્યાદિ સઘળા પ્રવાહી તથા અપ્રવાહી દ્રવ્યોનો હમેશાં ક્ષય થાય છે, અને તેનું પુનર્જીવન કરવાને ખોરાકની જરૂર પડે છે. ખોરાકમાં જૂદા જૂદા પ્રકારના એવા પદાર્થો આવે છે કે તે શરીરના દરેક અવયવોને પુષ્ટી આપી શકે છે. નાઇટ્રોજનવાળા પદાર્થો શરીરની અંદર ગરમી અને જુસ્સો ઉત્પન્ન કરે છે. કારબનવાળા પદાર્થો તથા તેલવાળા પદાર્થો શરીરમાં ચરબીનો ભાગ વધારી ગરમી ઉત્પન્ન કરે છે. જૂદાં જૂદાં ક્ષારો ખાવામાં આવે છે તે પણ ઉપયોગી થઈ પડે છે. સોડા અને પોટાશના ખારો જૂદાં જૂદાં રસોની વૃદ્ધિ કરે છે અને લોહીને પુષ્ટી આપે છે. લાઇમના ક્ષારો હાડકાંને મજબૂતી આપે છે, માંસાહારી માણસોનું કહેવું એમ છે કે વનસ્પતીના ખોરાકમાં 'નાઇટ્રોજન' અથવા 'ઓઝોટ' નહીં હોવાથી તે સ્નાયુને પુષ્ટી આપી શકતો નથી માટે વનસ્પતીની સાથે માંસ પણ ખાવું જોઇએ. તેમનો આ વિચાર તદ્દન ભુલ ભરેલો છે. એમ ધારો કે વનસ્પતીના ખોરાકમાં નાઇટ્રોજન હોતો નથી, તો શું તે વગર ચાલી શકે એમ નથી ? શું વનસ્પતીના ખાનારા મજબૂત બાંધાના, મજબૂત મગજના, તથા મજબૂત સ્નાયુવાળા

હોતા નથી ? હા, વનસ્પતીના ખોરાકમાં નાઇટ્રોજન ન હોય તોપણ ચાલી શકે એમ છે, કારણ કે બહારની હવા આપણે ફેફસામાં દરેક શ્વાસ માર્ગે લઇએ છીએ તેમાં સેંકડે ૭૬ ટકા નાઇટ્રોજનનો ભાગ આવે છે અને તે નાઇટ્રોજન લોહીમાં શ્વાસ વાટે મળી જઈ પોતાનું કામ બજાવે છે. **મૂરલોકો** જેઓ ભરવાડનો ધંધો કરે છે તેઓ ફક્ત ચુંદર ખાઇને રહે છે (એંડેન્સન); **હબસી** લોકો ફક્ત શેરડી ખાઇને રહે છે; અને મજબૂત હોય છે; **આઈરીશ** લોકો બટાટા ખાય છે; અને દક્ષણી લોકો ચોખા ખાય છે. આ ચારે પદાર્થોમાં 'એઝોટ' અથવા નાઇટ્રોજન હોતુ નથી તોપણ તે ખાનારા મૂરલોકો, હબસીઓ, આઇરીશ લોકો, તથા દક્ષણીઓ શું નબળા હોય છે ? નહીં, કદી નહીં. હવે એથી ઉલટું, એમ ધારો કે 'એઝોટ' ની ખોરાકમાં જરૂર છે, અને તે વગર ખોરાક પુષ્ટીકારક ગણાય નહીં તો વનસ્પતીનાં બીઆં રસ અને મૂળીઆમાં નાઇટ્રોજન હોય છે એમ રસાયણી પ્રયોગો પરથી સાબેત થાય છે. ઘઉંમાં સેંકડે ૮ ભાગ નાઇટ્રોજન હોય છે, ચોખામાં ૫ ભાગ; અને વટાણામાં ૨૨ ભાગ; તેમજ ઘી, દુધ, તેલ, દાળ, વગેરે બીજાં શાક તરકારી ખાઇએ છીએ તેમાં નાઇટ્રોજનનો ભાગ આવે છે. વનસ્પતી ખોરાકમાં નાઇટ્રોજન, કાર્બન, ફેટ, અને સોલ્ટસ વગેરે સઘળા પદાર્થો સમાયલા હોય છે તેથી તેઓ શરીરના સઘળા ભાગોનું પોષણ કરવાને પૂરતા છે.

વનસ્પતી ખોરાક અજીરણ કરેછે ?

જે લોકો નિયમીત કસરત કરે, સારી હવામાં રહે, મિતાહારી થાય, સ્વચ્છ પાણી પીએ, તથા ખોરાકને સંપૂર્ણ ચાવી નીરાંતે ખાય તો તેઓને એ ખોરાકથી અજીરણ થતું નથી; પણ જે લોકો આ નિયમોનું ઉલંઘન કરી, શાક, તરકારી, કઠોળ મીઠાઈ વગેરે અતિશય ગરમ અને મસાલાદાર પદાર્થો ખાય છે તેઓને અજીરણ અને વાયુ થયા વગર રહેતાં નથી. જે લોકોનો ખોરાક માંસાહાર છે તે લોકો એમ કહે છે કે વનસ્પતી ખોરાક હમને અજીરણ કરે છે, તેથી તે હમને માફક આવતો નથી. આ વિચાર તદ્દન ભુલ ભરેલો છે. કારણ કે માંસાહારની તેમને આદત પડવાથી વનસ્પતીના, અનુભવ વગર, તેઓ કેમ પરીક્ષા કરી શકે ? તેમજ માંસાહારી લોકો પેટ ભરાઇ રહ્યા પછી ચાહા પીએ છે અને ત્યાર બાદ ફળ ફળાદી ખાય છે, તેથી અજીરણ થયા વગર રહેતું નથી.

દુનીઆમાં વસતી જુદી જુદી પ્રજાનો મોટો ભાગ વનસ્પતી ખોરાક પર જ નિર્વાહ કરે છે.

ઇ. સ. ની પહેલી સદીના બ્રીટન લોકો વનસ્પતી અને મૂળીઆં ખાઇને નિર્વાહ કરતા હતા, અને રોમન લોકોની માફક ગરમ રોટલી તથા દારૂ વાપરતા નહોતા તેથીજ તેઓએ તેમને હરાવ્યા હતા. (બ્રીટન લોકોની રાણી બોઅડીશીયાનું ભાષણ). ઇંગ્લંડ અને વેલ્સના મજુર લોકો ૭૦ વર્ષ પર તેમજ હાલ પણ

વનસ્પતીનો ખોરાક ખાય છે. ઇલીઆમેથ રાણીના વખતથી માંસ મદીરા વગેરેનો પ્રચાર ચૈસાદાર લોકોમાં થવા માંડયો. આઇરીસ લોકોનો મુખ્ય ખોરાક વનસ્પતીનો જ હતો; અને હાલ પણ તે લોકો બટાટા, મશરૂમ વગેરે વાપરે છે. આયર્લેંડના ખેડુતો તથા ગામડીઆઓ બટાટા દુધ વગેરે ખાય છે, અને તેઓ મજબૂત બાંધાના, બચ્ચાં કચ્ચાંવાળા, અને સહન શીલતાવાળા હોય છે; તેમ જ તેઓની સ્ત્રીઓ મજબૂત અને ખુબસુરત હોય છે. સ્કૉચ લોકો પણ ખેતર તથા વાડીમાં ઉત્પન્ન થતાં ફળફળાદી, મૂળીઆં, તથા ધાન્યપર ગુજરાન ચલાવે છે. રોમન અને ગ્રીક લોકો અસલ એટલા બહાદૂર હતા અને દુનીઆમાં પ્રસિદ્ધ થઈ ગયા તેનું કારણ એ હતું કે તેઓ સાદો ખોરાક ખાતા હતા; પણ જ્યારથી માંસ મદીરા વગેરે મોજશોખમાં પડ્યા ત્યારથી તેમની પડતી થવા લાગી.

યુરોપના દક્ષિણ ભાગમાં વસતી પ્રજનો મોટો ભાગ વનસ્પતી ખોરાક ખાય છે. ફ્રેંચ લોકોનો કુ ભાગ પણ એજ ખોરાક ખાય છે. (મોડયુપીન) નૉર્વે, સ્વીડન ડેનમાર્ક, રશીઆ, પોલાંડ, જર્મની, ટર્કી, ગ્રીસ, સ્વીટઝરલંડ સ્પેન, પોર્ટુગાલ, અને યુરોપના સઘળા દેશોના ખેડુતો ગામડીઆઓ તથા મજુર લોકોનો મુખ્ય ખોરાક વનસ્પતીનો જ છે. એશીઆ અને આફ્રીકાના લોકો પોતાનો દેશ ગરમ હોવાથી વનસ્પતીનો ખોરાક પસંદ કરે છે. અસલના ઈરાનીઓ અને ઇજીપશન લોકોનો ઘણો ભાગ વનસ્પતી ખાયછે, (ડાક્ટર વેનપ્રૂથ) અને હાલના ઇજીપશનો પણ એજ ખોરાક ખાય છે. હીંદુઓ, ચીના, જાપાની લોકોનો ઘણો ભાગ પણ એજ ખોરાક ખાય છે.

વનસ્પતી ખોરાકમાં ગરથી તથા જુસ્સો ઉત્પન્ન કરવાની શક્તી છે?

ખોરાક એવા પ્રકારનો હોવો જોઇએ કે તે પુષ્ટી આપે તેમજ શરીરમાં ગરમી ઉત્પન્ન કરી દરેક અવયવને પોતાનું કામ કરવાને ચાલાકી તથા જુસ્સો આપે. માંસાદી ખોરાક વનસ્પતી ખોરાક કરતાં વધારે ગરમ હોવાથી હદ બ્હાર ગરમી અને જુસ્સો ઉત્પન્ન કરે છે. હિપોક્રેટીસ કહે છે કે ખોરાક વધારે ગરમ હોયતો શરીરમાં અનિયમીત ગરમી ઉત્પન્ન થાય છે અને તેથી રોગનાં બી રોપાય છે. એ રોગનાં બી ધીમે ધીમે રોપાય છે અને તે માણસને માલમ પડતાં નથી, અને કોઈ ગંભીર રોગ તેમાંથી ફાટી નીકળે છે. ત્યારે માણસ એમ સમજે છે કે એ રોગ ગરમ ગરમ ખોરાક ખાવાથી થયો નથી પણ કાંઇ બીજા કારણથી થયો હશે. કેટલાક લોકો એમ ધારે છે અને હાલના ડાક્તરો પણ એમ માને છે કે માંસ, મદીરા જેવા ગરમ પદાર્થોનું સેવન કરવાથી શરીર તથા મનની શક્તી વધે છે, અને માણસો ભારે કામો સહેલથી કરી શકે છે. આ વિચાર તદન હસવા લાયક છે. માંસ મદીરાનું સેવન કરવાથી થોડો વખત જુસ્સો રહે છે પણ પાછળથી પ્રત્યાઘાત રૂપે નબળાઈ પેદા થાય છે. વનસ્પતી ખોરાક એટલો ગરમી ઉત્પન્ન કરનાર તથા જુસ્સો આણનાર છે કે, તે ખાનારાઓ શ્રમ અને થાક લાંબા વખત સુધી ખમી શકે છે. ક્ષયરોગ, ગંડમાળ, નજળો, સંધિવા તથા પથરીના રોગો જેટલા પ્રમાણમાં માંસાહારી લોકોમાં માલમ પડે છે તેટલા પ્રમાણમાં વનસ્પતી ખાનારી પ્રજાઓમાં માલમ પડતા નથી.

મંગોપાર્કની જીંદગીનું દિગ્દર્શન.

મંગોપાર્ક સ્કોટલેન્ડના સેલ્કર્ક નામના પરગણામાં ફાઉલશીલ્સનામના ગામડામાં ઇ. સ. ૧૭૭૧ ના સપ્ટેમ્બરની તા. ૧૦ મીએ જન્મ્યો હતો. તેના બાપને તેર છોકરાં હતાં, તેમાં તે સાતમો હતો, અને પુત્રોમાં ત્રીજો હતો. વૃદ્ધ પાર્ક ૭૭ વર્ષની ઉમ્મરે ઈ. સ. ૧૭૯૨ માં મૃત્યુ પામ્યો ત્યારે તેનું વય ૨૧ વર્ષનું હતું. ગામડામાં કંઇક શીખ્યા પછી તેની પ્રકૃતિ સહજ ગંભીર અને એકાંતિક અગર વિચારશીલ માલમ પડવાથી તેને પ્રથમ પાદરી બનાવવાનો તેના પિતાએ વિચાર કર્યો હતો. પરંતુ મંગોપાર્કની પોતાની રૂચિ વૈદ્યકશાસ્ત્ર ઉપર વિશેષ હોવાથી, પંદર વર્ષની વયે તેને સેલ્કર્કના કોઈ ' સરજન'ને ત્યાં ત્રણ વર્ષ સુધી રાખ્યો, અને ઇ. સ. ૧૭૮૯ માં એડિનબરોની યુનિવર્સિટીમાં દાખલ કર્યો. વૈદ્યોની દરમ્યાન તે વનસ્પતિ શાસ્ત્રનો અભ્યાસ કરતો, અને તે અભ્યાસમાં જંગલો અને ડુંગરોમાં મુસાફરી કરતો. વાંચવાનો તેને મૂળથીજ ઘણો છંદ હતો. સુમાત્રા તરફ કોઇ વ્યાપારી મંડળીના વહાણને ડાક્તરની જરૂર હતી, તેથી તેના બનેવી મી. જેમ્સ ડીકસનની લાગવગથી તે જગા લઈ ઈ. સ. ૧૭૯૨ ના ફેબ્રુઆરીમાં જઈ બીજે વર્ષ પાછો ફર્યો. આ અરસામાં તેનો પિતા ગુજરી ગયો તે પાછળ કહ્યું છે.

ઇંગ્રેજ લોક સાહસિક પ્રજા છે, એટલુંજ નહિ, યુરોપની ઘણી ખરી પ્રજાઓ તેવી છે એમ કહ્યા વગર ચાલતું નથી. કોઈ તળાવમાં હિંદુનો છોકરો ડુબી ગયો હોય તો તે તળાવમાં તેનાં માબાપનો પગ દેતાં જીવ નહિ ચાલે, અને બીજા કોઈ તેના ભાઇને ત્યાં નહાવા જવા દેશે નહિ. કોઇ છોકરી ભણીને સારી હોશિઆર થઈ દૈવયોગે ગુજરી ગઇ, તો પછી—અગર, કદાચ તે પછી તેજ કુટુંબની બીજી પણ છોકરી ભણતાં ભણતાં ગુજરી જાય તો તો બેશક, હિંદુમાતા એમજ કહેવાની કે, ' અમને તો ભણ્યામણ્યુ સદતું નથી,' અને બીજીને ભણવા નહિ મોકલે. એક 'ક્રિકેટ' રમવામાં ઘણો કુશળ વિદ્યાર્થી જુવાન અવસ્થામાં ગુજરી ગયો, તેના ભાઇને તેનાં માબાપે કદી ક્રિકેટ રમવા દીધી નહિ—જો કે મોટા દિકરા કોઇ બીજા રોગથી ગુજરી ગયા હતા. આ ભણવું, રમવું વિગેરે રણક્ષેત્ર જેવાં નથી, કે જ્યાં મૃત્યુ માથા ઉપર ટાંપીજ રહ્યું હોય, તરવારના પટા જેવું નથી કે જ્યાં ડોક પર તરવાર ગમે તે પળે પડવાનો ભય છે, છતાં તેઓ આટલું ડરે છે. પરંતુ મંગોપાર્ક માત્ર ૨૧ વર્ષની વયે તો સુમાત્રા જઈ પહોંચ્યો, અને પાછા વળતાં સાંભળ્યું કે આફ્રિકાની વ્યાપારી મંડળીએ મેજર હાઉટનને આફ્રિકાની શોધમાં મોકલેલો, તે ત્યાંથી પાછો આવવા પામ્યો નથી, તેમ તેનો કંઇ પત્તો નહિ લાગવાથી તે આફ્રિકાના જંગલી, અભણ, વિકાળ, પશુવૃત્તિના, વાઘ જેવા માંસાહારી અને અવિચારી દેશીઓને હાથે માર્યો ગયો હશે. આવા દેશમાં સહાય કરનાર કોઇ પણ ખ્રીસ્તીનું ખુંપડું સરખું પણ ન મળે; ગાડાં, ઘોડાં કે કોઇ બીજો ટપાલ લાવવાનો પણ જ્યાં દેશ દેશ વચ્ચે સંબંધ નથી;

કૂળીઆ કૂળીઆનાં કુતરાંની માફક જ્યાં નિકટ નિકટનાં ગામના લોક કે દેશના કહેવાતા રાજા એક બીજા તરફ ધુરકીજ રહ્યા છે; અને લાગ ફાવવે હાથ આવતી પ્રજાને કુતરાને હાથે બિલાડું પડે તેમ ફેદી નાખે છે, ગામનાં ગામ બાળી નાખે છે; વર્ષમાં આઠવાર વસ્તી પોતાનો ઉચાળો લઇ બીજે ગામ ને બીજેથી ત્રીજે ગામ ત્રાસમાંને ત્રાસમાંજ ફરે છે; પરદેશી એટલેજ કાંઇક ભેદ, કપટ, દ્વેશ, ધર્મશત્રુ, જાતશત્રુ એમ જ્યાં મનાય છે; કુક્કર ખ્રીસ્તીને દેખે ત્યાંથીજ તેને પકડીને મારી નાખે, એવી ખરાબ જાત ખ્રીસ્તી છે, તો તેને માણસ જાત તો શત્રુ થઇને મારે તેમાં શું અણઘટતું છે એમ જ્યાં મનાય છે—એવી એવી અનેક વિટંબનાથી ગુંથાઇ ગએલા દેશોનાં જળાંમાં થઈ રસ્તો લેવાની હિંમત કરવી એ ઓછું સાહસ નથી. વહાણ કે બોટની મુસાફરી એતો હિસાબમાં જોને નથી; અનેક સમય સાંભળ્યું છે કે 'બોટ ડુબી ગઇ, બે હજાર માણસ ડુબી ગયાં; કલાણી બોટ લંડનથી નીકળ્યે પાંચ માસ થઈ ગયા, તેનો કંઈ પત્તો નથી. કલાણી બોટ તોફાનમાં દક્ષિણ ઘસડાઈ ગઈ અને દક્ષિણ ધ્રુવ તરફના બરફમાં જઇને ચોંટી,' વિગેરે, વિગેરે, પણ તેનો શું હિસાબ છે? જીવ જાણે કંઇ લેખામાં ન હોય, અગર ભય જાણે જાણતાજ ન હોય તેમજ અંગ્રેજો વર્તીજ જાય છે. મેજર હાઉટન ગયો ને પાછો ન ફર્યો તો શું થઈ ગયું! નાઉમેદી કે ભય થવાને બદલે ઉલટું જોર આવ્યું કે તેનાથી ન થયું તે હું કરીશ; અને ખરૂં કાર્ય તો એમજ થાય છે. કીડીઓ પાણીમાં એક પછી એક પડી તણાતી તણાતી આખરે થોડીક બચી, એક એકના પગ ઝાલી પુલ કરેછે એ તમે કદી જોયું છે? થોડીક સાહસ કરી પ્રાણાર્પણ કરે છે, એટલે બાકીની આ શ્રેષ્ઠ રૂપ પુલ ઉપર થઈ ચાલી જાય છે. તેમ કેટલાક મેજર હાઉટન ગયા અને તેમનાં હાડકાં ત્યાંજ પડ્યાં, તેમના પુલ ઉપર પાછળની પ્રજાઓ ગઇ, થાણાં, કોઠીઓ, લાદીઓ સ્થાપી, વિદ્યા હુન્નર ધર્મ કે વ્યાપારનાં મથક જમાવ્યાં અને આખરે દેશની કીર્તિ, સમૃદ્ધિ, બળમાં વૃદ્ધિ કરી. આવા પ્રાણાર્પણ કરનારાઓમાંનો મંગોપાર્ક એક હતો. હાઉટનની દૈવેા ગતિના સમાચાર સાંભળ્યા એટલે તો તે દેશ જોવા એકે પગે થઈ રહ્યા! હેતુ શો હશે? તેની મનોવૃત્તિ જેણે જાણી છે તેઓ કહે છે કે, ગામ પરદેશ જોવાં, અને અંધકારમાં પડેલા દેશની સ્થિતિનું જગતને ભાન કરાવી તેને અજવાળે લાવવેા એજ: કિંમતમાં—સ્વદેહ ત્યાગ!! બે વર્ષજવાની તૈયારીઓ, ગોઠવણો વિગેરેમાં ગાળી જીંદગીના એક કર્તવ્યના ફરમાનને તાબે થઇ ઇ. સ. ૧૭૯૫ ના મે માસની તા. ૨૨ મીએ તે ઉપડ્યો, ત્યાંથી, લગભગ અઢીવર્ષ ઉપર કંઇક વખત આફ્રિકામાં ગાળી, પ્રથમ મુસાફરીમાં નાઇજર નદીના દક્ષિણ પ્રવાહે સીલા સુધી અને ઉત્તર તરફ બેમ્બેકુ સુધી, એટલે આશરે ત્રણસેક માઇલ જઇ, છવીસ વર્ષની વયે, ઇ. સ. ૧૭૯૦ માં ક્રીસ્ટમસ પહેલાં ઘેર પાછો ફર્યો. આફ્રિકાની સાથે વ્યાપાર કરવાની જોગવાઈ કયે કયે રસ્તે છે? નાઇજર નદી સમુદ્રને મળતાં સુધીમાં કયા કયા દેશોમાં થઈને કયાં કયાં ગામ કે શહેરો પાસે થઇને વહે છે? તે તે દેશોની આયાત નિકાસ શું છે? તે દેશોમાં કઈ વસ્તુઓનો વિશેષ ખપ છે? અભણ લોકને નિરૂપયોગી જેવા ઉકરડામાં કેવાં રત્નો કયાં કયાં પડ્યાં રહ્યાં છે! એ બધી બીના આફ્રિકા સાથે વ્યાપાર કરવા તત્પર થએલી, મંગોપાર્કને મોકલનાર મંડળીને જાણવી હતી. તે મંડળે પાર્ક પાછો ફરતાં તેની નોટ-સ્મરણ નોંધ—અને મુખવર્ણન પરથી તેની મુસાફરીનો હેવાલ પ્રકટ કર્યો. તે હેવાલનો મુખ્ય આધાર લઈ પાર્કે પોતે પોતાની મુસાફરી વર્ણન પાછળથી પ્રસિદ્ધ કર્યું. પાછા ફર્યા પછી તેણે લગ્ન કીધાં અને વૈદ્યની દુકાન પાછી જમાવી. આ વખતે તેને કવિ સ્કેટ વિગેરે સાથે સારો ગાઢ સંબંધ થયો હતો. સાતેક વર્ષ આવી સુખશાંતિમાં ગાળ્યા પછી સરકાર તરફથી તેને આફ્રિકા ફરી જઇ આગળ વધવા આગ્રહ થયો, તે અનુસાર ઇ. સ. ૧૮૦૫ ના જાનેવારીની તા. ૩૦ મીએ તે પાછો ઉપડ્યો. અતિશય કષ્ટ સહન કરી, કાળ ભૂખ, તેથી પણ કાળ તૃષા, અને તૃષા તેથી અને વળી ઠંડા દેશનો તેથી, સર્વથી વધારે કાળરૂપ સહરાનો સૂર્ય, એ સર્વ સહન કરી પશુની જીંદગી ગાળી, આખર મહા કષ્ટે પ્રાણ છોડ્યા!!! એટલે તેનું પૂર્ણ ચરિત્ર વાંચી જનાર દરેક જણને તેનું ધૈર્ય, સહનશીલતા, ડાહાપણ, હિંમત, તરત બુદ્ધિ, નિડરતા, ઈશ્વરની ધારણા પરભાવ એ આદિક ગુણો જોઇ અદ્‌ભૂત આશ્ચર્ય થશે, પણ સાથે તેનું દુઃખ જોઈ, વાંચી કોઇ વાચકને તેનું ફરી જવું સાંભળી દુઃખ થયા વગર રહેશે નહિ. સ્વાભાવિકજ એમ પ્રશ્ન ઉઠશે કે મોતના મોંમાંથી અનેક વખત ઉગરેલો, ફરી જતાં સારી નહિ, પણ પ્રથમ કરતાં પણ ખરાબ પરોણાગત પામવાની ખાત્રી છતાં, શું ગુન્હો તેણે કર્યો હશે કે સરકારે તેને બિચારાને ત્યાં મોકલ્યો! તેની પોતાની ઇચ્છા કેટલે પ્રયત્ને ઉભી થઇ હશે? હવે વળી કુટુંબ જળમાં ગુંથાયો હતો, ત્યારે મૃત્યુ મુખે પડવાને શું જોઇને લલચાયો હશે? પણ ગયોજ. ટીંબકટુની દક્ષિણે ૬૫૦ માઇલ ઉપર બુસ્સા સુધી ગયો; સેન્સેન્ડીંગથી ઇ. સ. ૧૮૦૫ ના નવેમ્બરમાં ઉપડ્યા પછી ખાત્રીદાર સમાચાર બિલકુલ મળ્યાજ નથી. આથી લગભગ ૩૪ વર્ષની વયે તેણે દેહ ત્યાગ કર્યો હશે એમ કલ્પી શકાયું છે.

એના સંબંધી એક વાત તે પછીનાં આટલાં વર્ષોમાં માત્ર જાણવામાં આવીછે. ઇ. સ. ૧૮૫૮માં પશ્ચિમ કિનારા તરફ મુસાફરીએ આવનાર કોઇ વહાણના અમલદારને પાર્કના મૃત્યુસ્થાન પાસે થઇને જતાં, ત્યાંના કોઇ વૃદ્ધ દેશીએ એક પુસ્તક દેખાડ્યું. આ તેની પાસે ઘણાં વર્ષથી હતું. તેના ઉપર મંગોપાર્કનું નામ લખેલું હતું તથા તે ગણિતશાસ્ત્ર સંબંધી પુસ્તક હતું. તેમાં સ્વહસ્તે લખેલા વીલપ્રમની અને બીજી નોંધ લખી લીધેલી હતી. બે લાખ કોડીઓની કીમત ભાગવાથી તેને ખરીદી શકાય તેમ નહતું. પણ એક યુક્તિ સુઝી ઉઘાડ અડકાવ થાય એવો એક ચાપુ આ અમલદારે ગજવામાંથી કાઢી પેલાને બતાવ્યો, તે તો તે યુક્તિથી રતબ્ધજ થઇ ગયો, અને તે પુસ્તકને બદલે લેવા સ્વીકાર્યું.

એ પછી મંગોપાર્ક માટે અંધારામાં અટકળોછે. 'બીજળી' બોટ ડુબી, પણ કયાં? આગળ ઘસડાઇ ને ગઇ કઇ દિશામાં, એ સર્વ હાલતો મંગોપાર્કની ભેગાં થયાંછે, નસીબ યોગે કદાચ તે સંબંધી જાણવા વારો આવશે.

ઇ. સ. ૧૮૧૫માં કોઇ હબસી ગુલામને મુખેથી તેનો મૃત્યુનો હેવાલ સાંભળી, તથા તેની હાય લાગેલી નોંધોપરથી, મંડળીએ બીજો હેવાલ છપાવી પ્રસિદ્ધિમાં મુકયો.

ગ્રોહમોર્લિ કહે છે કે, ઇંગ્રેજી સાહિત્યમાં આના કરતાં વધારે રસિક મુસાફરી છે નહિ; જ્યાં બિલકુલ ગોરે પગ મુકયો નથી, એવા દૂરના મુલકમાં દૃઢ નિશ્ચય અને આનંદી પ્રકૃતિ તેમજ ધૈર્ય અને હિંમત રાખી ચાલ્યોજ જાય છે, એવા વખતનું તેનું લખાણ અણધાર્યે ચિત્રરૂપ આલ્બેમ્બ થતું જાય છે, તેમાં કોને રસ ન લાગે ? અનેક બાણોના પ્રસંગોમાંથી પોતાના ડાહાપણ વડે બચ્યો. તેની મુખમુદ્રા દયાર્દ્ર હતી, જેથી તેને જોનારમાં કંઇપણ ઇશ્વરનો વાસ હોય તો તેનામાં દયા ઉત્પન્ન થયા વગર રહેતી નહિ–માત્ર મુરલોકને થઇ. મોંનો મચકોડ, અને તદ્દન નિરાશાની સ્થિતિ; એ તો, જેણે પોતાની આનંદી અને ધૈર્યવાન પ્રકૃતિને લીધે જાણી નથી. જંગલમાં એક વખત તેનો ઘોડો ખુંચી લીધો, જોડાનાં તળીઆં ઘસાઇ તુટી ગયેલાં હોવાથી પગ બહાર કાઢી ચપલની પેઠે બુટને પગ સાથે દોરડીથી બાંધી લીધેલાં, તેવાં ફાટાં બુટપર પણ ચોરની નજર ચુકી નહિ. છેક નવસ્રો કરી દઇ રણમાં ઝાડની પણ છાયા વગર–સહરાના પ્રદેશમાં તેને મુકતાં મુકતાં પણ ચોરને દયા આવી. તેને છેક તો નવસ્રો મુકવો નહિ, એમ વિચારી કંઇક પાછું આપ્યું, એવી તેની મુખ મુદ્રાનો પ્રભાવ હતો. તેવી નિરાધાર સ્થિતિમાં પણ, ખાવાને કોડી વગર, પીવાને ટીપા વગર દેનાર, જોનાર, મનુષ્ય વગર જંગલમાં પણ નિરાશ થઇ પોક મુકી રોઇ પડયો નથી; સિંહની ગુફા તરફ તેને ભટકાવ્યો તેવા ત્રાસમાં પણ ઇશ્વરને ગાળ દીધી નથી. પરંતુ. અહા હા હા ! અદ્‌ભૂત ધૈર્ય ! એક લીલો છોડ પગ આગળ એના જોવામાં અરણ્યમાં એકલો જોઇ ત્યાં વનસ્પતિ શાસ્ત્રના અભ્યાસના વિચારમાં પડયો !!! તેમાંથી પોતે દિલાસો લીધો, અને ઇશ્વર ઉપર મૂક ભાવનાથી પ્રયત્ન કર્યોજ ગયો. તેનામાં મનુષ્ય પ્રકૃતિ ઓળખવાની સારી શક્તિ હતી. સ્પષ્ટ વક્તા, છતાં હાસ્યરૂપ કટાક્ષની શક્તિ સારી હતી. ગર્વ કે દંભનો લેશ તેનામાં હતો નહિ. પ્રકૃતિથી કંઇક ઘોડઓલો અને એકાંતિક હતો, તેનું કારણ એમ લાગે છે કે સામાન્ય વ્યાવહારિક વિષયોમાં અને જન સમાજમાં તેને રસ પડતો નહિ. તેની વિચારની વસ્તુઓ બીજીજ હતી, તેથી તેનું નામ સાંભળી મળવા ઇચ્છનાર કદાચ નિરાશ થાય. કદમાં તે ઉંચો હતો, આશરે છ એક ફુટ હશે. શરીર સંગીન હતું તેથી કદાવર દેખાતો અને અતિશ્રમ અને થાક સહન કરી શકતો. તેનો ચેહેરો ખુશી ઉત્પન્ન કરે તેવો તથા મુગ્ધ કરે તેવો હતો. નાક સહજ લાંબું હતું, પરંતુ પ્રમાણમાં તેનાં સર્વ અંગ મળી રહેતાં. તે ત્રણ પુત્ર અને એક પુત્રી પાછળ મુકી ગયો. મી. પાર્કની યાદગિરિમાં સેલ્કર્ક શહેરમાં એક કીર્ત્તિ સ્તંભ ઉભો કરવામાં આવ્યો છે, તેનાપર નીચેનો લેખ છે.

મંગો પાર્ક

સેલ્કર્ક પરગણામાં ફાઉલશીલ્સમાં જન્મ્યો હતો.
૧૦ મી સપ્ટેમ્બર ઇ. સ. ૧૭૭૧.

તેના ડાબા હાથની તળેજ નીચેના શબ્દો છેઃ—

'હું ફતેહ નહિ પામું તો શું થયું ? નાઇજર ઉપર હું મૃત્યુ તો પામીશ.'

* * * * * * * *

આ પ્રતિના સાહસિક લોકોમાં કઇ વૃત્તિ પ્રાદુર્ભાવ પામી હશે તે, એકાદ બે નમુના આપી પછી વધારે સ્પષ્ટ કરીશું. ગ્રો. હે. મોર્લિની ' મંગોપાર્કની મુસાફરી' ની આવૃત્તિમાં એક નોટ આપે છેઃ—ઈ. સ. ૧૮૧૯ ના જાનેવારીની તા. ૨૪ મીએ આફ્રિકા જવા એક બોટ ઉપડ્યા પછી તા. ૧૪ મી માર્ચે ધારેલે સ્થળે પહોચી બોડાક રોજ ત્યાં રહી બોટ ઘર તરફ એપ્રિલમાં પાછી ઉપડી, તે સમયે તેમાં ૨૨ વહાણુ વટીયો વિગેરે તથા ઘણાક ગુલામો હતા. કોઇનામાં કોઇ પ્રકારનો મરજ ઉપડતી વેળા જોવામાં આવતો નહતો, તેમ કાંઠાપર દેશીઓમાં પણ કંઇ રોગ જણ્યામાં આવ્યો નહતો : પરંતુ પંદર દિવસ મુસાફરી કરી ત્યારે નેત્રરોગનો ભયંકર મરજ જણાઇ આવ્યો. સીદી ગુલામો ૧૬૦ હતા, તેમની આંખો પુષ્કળ લાલ ચોળ થઇ ગઈ, અને આ ચિન્હ ઝડપ બંધ પસરતાં લાગ્યાં. પ્રથમ લાગ્યું કે પાણીની તાણને લીધે તથા નીચે ભંડાર ખાનામાં હવા ન મળવાથી આમ થઈ આવ્યું હશે : કારણકે આ વખત દરેકને માથા દીઠ દરરોજ આઠ ઔસ પાણી આવવામાં આવતું, અને તે પાછળથી ઘટાડીને અધોળથી પણ ઓછું કરી નાખ્યું હતું. તે પરથી દાકતરની સલાહ લઈ (દરેક વહાણુ કે બોટપર દાકતર હોયછેજ) ગુલામોને બહાર કાઢયા. પરંતુ આ તૃષાના તથા રોગના ત્રાસથી પીડાતા ગુલામોને જેવા બહાર કાઢયા કે તુરત તેમાંના કેટલાકે એક બીજાને બગલમાં લઈ સાથેજ દરીયામાં ઝંપલાવા માંડયું, તેથી તેમને હવા ખવરાવવાનો વિચાર માંડી વાળવો પડયો.

પરંતુ રોગ આખરે સર્વને લાગુ પડયો; સાથે અતિસાર ચાલ્યો, અને સ્થિતિ અતિશય ભયપ્રદ થઇ પડી. દાકતર સારો હતો ત્યાં સુધી તો તેણે અને તે ઉપચારો વાપર્યા, પણ આખરે પોતેજ આંધળો થઇ ગયો, અને એકજ ખલાસી નોકર સિવાય સર્વ આંધળા થઇ રહ્યા. એવે સમયે સ્પેનનું એક બીજું વહાણ તેમને આવીજ સ્થિતિમાં—તેના સઘળા માણસો તેજ રોગથી આંધળા થઈ ગયાથી, પવન કે દરીયાનાં મોજાં જેણી તરફ લઈ જાય તે દિશામાં પુર પાટ જતું—આવી મળ્યું. તેમણે બચાવવા આમની ઘણી પ્રાર્થના કરી પણ કોણ કોને બચાવે ? અપૂર્ણ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો તા. ૧૧–૪–૯૬ નો રોજ મળેલો વાર્ષિક સાધારણ સભાનો હેવાલ.

તા. ૧૧ મી એપ્રિલ સને ૧૮૯૬ ને રોજ સાંજના સાડા પાંચ વાગે ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની વાર્ષિક સાધારણ સભા હિમાભાઈ ઇન્સ્ટિટ્યુટમાં મળી હતી તે વખતે નીચે પ્રમાણે મેમ્બરો જાતે તથા પ્રોક્સીઓથી હાજર હતા.

મેમ્બરો.

૧. ઑ. રા. બા. રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ.
૨. રાવ બહાદુર લાલશંકર ઉમયાશંકર.
૩. રાવ સાહેબ માધવલાલ હરિલાલ દેશાઈ બી. એ.
૪. રા. રા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ બી. એ. એલ. એલ. બી.
૫. રા. રા. કમળાશંકર પ્રાણશંકર બી. એ.
૬. રા. રા. શિવાભાઈ મોતીભાઈ પટેલ બી. એ. એલ. એલ. બી.
૭. રા. રા. ડૉ. જ્હેસફ એન્ડમિન બામનોલકર.
૮. રા. રા. નાનાલાલ ભોગીલાલ.
૯. રા. રા. રેવાશંકર અંબારામ ભટ્ટ.
૧૦. રા. રા. મગનલાલ નરોતમદાસ પટેલ.
૧૧. રા. રા. ભગુભાઈ કૃતેહચંદ કારભારી.
૧૨. રા. રા. જગંનાથ રણછોડદાસ.
૧૩. રા. રા. કેશવલાલ મોતીલાલ.
૧૪. રા. રા. ઈશ્વરભાઇ ઝવેરભાઇ અમીન.
૧૫. રા. રા. ડાહ્યાભાઈ જમનાદાસ.
૧૬. રા. રા. હરિવલ્લવદાસ મોરલીધરદાસ.

નીચેના ગૃહસ્થો તરફથી પ્રોક્ષીઓ આવી હતી.

૧૭. જનાબે આલી શેખ. મદારૂલ મહામ વજીર બાઉદીનભાઈ સી. આઈ. ઈ.
૧૮. રા. રા. પુરુષોત્તમરાય સુંદરજી ઝાલા.
૧૯. રા. રા. અમરસી આણંદજી.
૨૦. રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ.
૨૧. રા. બા. ગોપાળજી સુરભાઈ.
૨૨. રા. રા. સુંદરદાસ ધરમશી.
૨૩. રા. રા. લક્ષ્મીદાસ નથુ.
૨૪. રા. રા. કરસનદાસ હરી.
૨૫. રા. રા. હંસરાજ કૃષ્ણદાસ.
૨૬. રા. રા. જીવણદાસ નારણદાસ.
૨૭. રા. રા. પ્રાગમલ લીલાધર.
૨૮. રા. રા. પરમાનંદદાસ ભોળાભાઈ પારેખ.
૨૯. રા. રા. હીરાચંદ દેવચંદ.
૩૦. રા. રા. હીરાલાલ ઇચ્છાલાલ મજમુનદાર.
૩૧. કુમારશ્રીજી છત્રસિંહજી રાજપિપળા,
૩૨. ઠક્કર હરિદાસ દયાળજી.

૩૩. રા. રા. અનુભાઈ મહીપતરામ નીલકંઠ.
૩૪. રા. રા. વૈદ્યરાજ પ્રભુરામ જીવણરામ.
૩૫. રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય બી. એ.
૩૬. રા. રા. પોપટભાઈ પ્રભુરામ વૈદ્ય. એલ. એમ. એન. એસ.

સોસાઈટીના પ્રેસિડંટ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. એ પ્રમુખસ્થાન લીધા બાદ તેમણે સભા મળવાનું પ્રયોજન જણાવ્યું. પછી તેમના ફરમાવ્યાથી આસી. સેક્રેટરી મી૦ મણિલાલ છબારામ ભટ્ટે સને ૧૮૯૫ ની સાલનો વાર્ષિક રિપોર્ટ પરિશિષ્ટ સહિત વાંચી સંભળાવ્યો; ત્યારબાદ નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યાઃ—

ઠરાવ પહેલો.

રા. રા. નાનાલાલ ભોગીલાલે દરખાસ્ત કરી અને રા. રા. ભગુભાઈ કૃતેહચંદે અનુમતિ આપી કે, હમણાં જે રિપોર્ટ વાંચવામાં આવ્યો તે મંજુર કરવો અને તે છપાવી મેમ્બરો તથા ટ્રસ્ટફંડો આપનારાઓમાં વહેંચવો.

આ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઈ.

ઠરાવ બીજો.

ડૉ. જ્હેસફ એન્ડમિને દરખાસ્ત કરી અને રા. રા. જગંનાથ રણછોડદાસે અનુમતિ આપી કે, નવા વર્ષને માટે નીચે લખેલા ગૃહસ્થોની વ્યવસ્થાપક કમિટિ નીમવી.

પ્રેસિડંટ.

ઑ. રા. બા. રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ.

ઑનરરી સેક્રેટરી.

રા. બા. લાલશંકર ઉમયાશંકર.

મેમ્બરો.

૩. રા. રા. કેશવલાલ મોતીલાલ.
૪. રા. સા. માધવલાલ હરિલાલ બી. એ.
૫. ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ એલ. એમ. એન્ડ. એસ.
૬. રા. રા. રમણભાઈ મહીપતરામ બી. એ. એલ. એલ. બી.
૭. રા રા. રણછોડલાલ વંદ્રાવનદાસ પટવારી બી એ. એલ. એલ. બી.
૮. રા. રા. કમળાશંકર પ્રાણશંકર બી. એ.
૯. રા. રા. ગોવિંદરાવ આપાજી પાટીલ બી. એ. એલ. એલ. બી.
૧૦. રા. રા. કૃષ્ણરાવ ભોળાનાથ.
૧૧. રા. રા. શિવાભાઈ મોતીભાઈ પટેલ બી. એ. એલ. એલ. બી.

૧૨. ડૉ. સોલોમાન અબરાહમજી એડલકર એમ. બી.
૧૩. રા. રા. રેવાશંકર અંબારામ ભટ્ટ.
આ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઈ.

ઠરાવ ત્રીજો.

રા. રા. કેશવલાલ મોતીલાલે દરખાસ્ત કરી અને રા. રા. રેવાશંકર અંબારામે અનુમતિ આપી કે, ગયા વર્ષના ઓડીટરો રા. રા. હરિવલ્લભદાસ મોરલીધર ભગત તથા રા. રા. માણેકલાલ આશારામ છે તેમને નવા વર્ષ માટે કાયમ રાખવા.
આ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઈ.

ઠરાવ ચોથા.

રા. રા. કેશવલાલ મોતીલાલે, સ્ત્રી મેમ્બરોની ફી ઓછી કરવા બાબતનો પોતે, મેનેજીંગ કમિટિ ઉપર મોકલેલો કાગળ વાંચી સંભળાવ્યા બાદ ડૉ. નીલકંઠરાયનો કરી કે, મહેતાજીઓની તથા સ્ત્રીઓની ફીનો દર રૂ ૨૫) કરી તેમને લાઈફ મેમ્બરને મળતા સર્વ હક સહિત મેમ્બર કરવાં. રા. સા. માધવલાલે હરિલાલ દેશાઇએ આ દરખાસ્તને અનુમતિ આપી અને સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યોઃ—
સોસાઇટીના ધારાની બીજી કલમની ત્રીજી લીટીમાં "જન્મપર્યંતના મેમ્બર" એ શબ્દોની પછી "સ્ત્રીઓ તથા માસિક ત્રીસ રૂપિઆના પગારની અંદરના શિક્ષકને રૂ ૨૫) લઇ લાઇફ મેમ્બર કરવામાં આવશે." એટલા શબ્દો વધારવા.

ઠરાવ પાંચમો.

ઑ, રા. બા. રણછોડલાલ છોટાલાલે, રાવ બહાદુર લાલશંકર ઉમયાશંકરે ઑનરરી સેક્રેટરી તરીકે ઘણું સારૂં કામ કર્યું છે, અને સોસાઇટીનો સુધારો વધારો એમના વડે જ છે એમ જણાવી, તેમનો ઉપકાર માનવાની દરખાસ્ત કરી, તેને રાવસાહેબ માધવલાલ હરિલાલ દેશાઈ તથા રા. રા. કેશવલાલ મોતીલાલે અનુમતિ આપી અને તે ઠરાવ સર્વાનુમતે મંજુર થયો.

ઠરાવ છઠ્ઠો.

રાવ બહાદુર લાલશંકર ઉમયાશંકરે દરખાસ્ત કરી અને રા. સા. માધવલાલ હરિલાલે અનુમતિ આપી કે, પ્રમુખ સાહેબે ઉત્તમ પ્રકારે સભાનું કામ ચલાવ્યું તે બદલ તેમનો ઉપકાર માનવો.
આ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઇ.

Ranchhodlal Chhotalal.
પ્રમુખ.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. જુન. સને ૧૮૯૬. અંક ૬ ઠ્ઠો.

સૈયરને શીખ.

(રાગ મોસાળાનો.)

સૈયર! ચાલો ખંતથી સદાચરણે,
જેમ વાધે જગતમાંહી લાજ,
તેમ કરવાં વિચારીને કાજ,
શીયળ વ્રત છે વનિતાનો તાજ—
સૈયર! ચાલો શીલથી સદાચરણે. ૧

જુઓ, જનકસુતા સુકુમારી,
પતિ માટે થઈ દુઃખીઆરી,
ફરી વન વનમાં મન મારી—
સૈયર! ચાલો શીલથી સદાચરણે. ૨

ક્રૂર રાવણે બહુ જ સતાવી,
ખડ્ગ ખેંચીને બ્હીક બતાવી,
તોય વ્રતથી ચળી ન ચળાવી—
સૈયર! ચાલો શીલથી સદાચરણે. ૩

નળ રાયની થઈ પટરાણી,
દુઃખે દાસી થઈ વહ્યાં પાણી,
એવી દમયંતી થઈ ગઈ શાણી—
સૈયર! ચાલો શીલથી સદાચરણે. ૪

ઘોર વનમાં નળે મૂકી હોતી,
પડે દારૂણ દુઃખ તેને સ્હેતી,
તોય ફરતી તેનું નામ લેતી—
સૈયર! ચાલો શીલથી સદાચરણે. ૫

સારાં જનની જ સોબત કરવી,
નાના જૈનનીએ શીખ સાંભળવી,
છાયા દુર્ગુણની દૂર કરવી–
સૈયર ! ચાલો શીલથી સદાચરણે. ૬

સાસુ સસરાનાં મન રાખી રે'વું,
કોને કંઇણ વચન નવ કે'વું,
મોઢું પેટ રાખી સહુ સે'વું–
સૈયર ! ચાલો શીલથી સદાચરણે. ૭

ઝાઝુ ફરવું ને બોલવું તજવું,
ચાર અક્ષરમાં સહુ સમજવું,
ભજે પોતાને તેને જ ભજવું–
સૈયર ! ચાલો શીલથી સદાચરણે. ૮

પ્રારબ્ધ–પ્રાબલ્ય.

શાર્દૂલવિક્રીડિતવૃત્ત.

જાને જીવ ઘરે બધી મુઝવણો, ઝાઝાં ભરે ઠાલવે,
મિથ્યા થાય નહીં કદી નશિબનું, પ્રાબલ્ય મોટું ખરે;
જન્મી જગત વિષે કહો સુખ કહાં? શેમાં દીઠું સત્ય જે,
સત્યાસત્ય તણો વિચાર કરતાં, મિથ્યા ભવાબ્ધિ દીસે. ૧

કેવું આ ઘટમાળ ચક્ર ફરતું, માયા તણા બંધને,
બાંધી સાંકળ એકમેક ભવની, બ્રહ્માંડ આખું ફરે,
જન્મે જીવ અગાધ લક્ષ જગમાં, પ્રીતિ તણા મન્થને,
મૃત્યુ થાય તથાપિ મોહ જીવને, જીવ્યા તણો સર્વને. ૨

બ્હાફાં સર્વ લઢી લવે મદ ધરી, ઝાઝા મનુષ્યો ખરા,
ઇર્ષા, મત્સર, કામ, ક્રોધ, ધરિને, આત્મા સુખી માનતા;
શીક્ષા માત્ર સ્મરે યદા મરણના, છેલ્લી ઘડી આચકા,
આવે, યાદ પ્રભુ પછી ભજનથી, ક્યાંથી કહો રાચતા. ૩

જાને કાજ ઘડયું ખગોળ જગ આ, બ્રહ્માંડ આદી બધું
આત્મા જન્મ લઈ સહે સુખ દુખો, શીક્ષા કર્યા કર્મનું;

યોની ક્ષુદ્ર મુખે ધરી જનમને, દારિદ્ર આપે ઘણું,
વ્યાધી ગ્રસ્ત કરે કદા ધનિકને, કર્મો પ્રમાણે લહું. ૪

વરતી વિશ્વ વિષે વસી ઘણી રહી, બીજાં નવાં થાયછે,
જાતાં મૃત્યુ થકી ઘટે નવ કદી, સૃષ્ટી વધી જાય છે;
જેનું જે મરતું ફરી નવ મળે, કલ્પાંત કોટી કરે,
સૃષ્ટી ચક્ર ફરી રહ્યું જનમનું, ફેરા બધા તો ફરે. ૫

મિથ્યા થાય નહીં થવાનું ભવમાં, સંકટ આવી પડે,
લીલા લ્હેર લખી કદા નશિબમાં, નિંદા થકી ના ઘટે;
ઇચ્છા ઇષ્ટ ફળે સદા પ્રભુતણી, ફાંફાં નકામાં ભરે,
ઇર્ષા, ક્રોધ, પ્રપંચ, લોભ, મનથી, પાપી જીવે તે મરે. ૬

માયા બ્રહ્મ ભર્યા ભવે ભટકતાં, એકાન્ત કો'દી કદા,
લાગે પંડિતને વિચિત્ર રચના, માયામયી સર્વદા,
કેવું આ અદભૂત કાર્ય પ્રભુનું, ચાલી રહ્યું વિશ્વમાં,
ક્યાંથી, કેમ, શું કામ, કોણ, જનમ્યો, હું–હું અભિમાનમાં. ૭

વોરન હેસ્ટિંગ્સ.

હિંદુસ્તાનના પહેલા ગવર્નર જનરલની,

ખાનગી જીંદગીનું એક પ્રેમાર્દ્ર પ્રકરણ.

એક અંગ્રેજી કહેવત છે કે, પહેરવેશથી પુરૂષ પરખાય છે. ઘરના શણગાર અને રાચરચીલાંથી તેમાં વસનારની સુઘડતા માલુમ પડેછે. પણ એ બંને કરતાં એક ત્રીજી વધારે સત્ય અને વિશ્વાસ રાખવા જોગ છે, " સંસાર વર્તનથી સત્પુરૂષ દેખાઈ આવે છે."

જાહેર જીંદગીમાં ગુંથાએલાં પુરૂષો કે સ્ત્રી પોતાના સ્વાર્થને માટે પોતાની ખોટી મોટાઇને માટે, પોતાના ઉપરીને રાજી રાખવા માટે સમયવીરની ખુશામત કરવા માટે પોતાના ઠાલા ગર્વને તૃપ્ત રાખવા માટે, અને બીજા એવા અનેક પ્રકારના હેતુને શરણાગત થઇને, એવાં કર્તવ્યો કરતા ચાલ્યા જાય છે કે જેને માટે તેઓ પોતેજ શાંતપણે વિચાર કરતાં શરમાશે; અને ગદ્‌ગદ્‌ કંઠે પ્રભુની ક્ષમા માગશે.

આટલી બધી ધામધમાલના વમળમાં તણાતી પુરૂષની ખરી વૃત્તિ પારખવાને તેની જાહેર જીંદગીની વર્તણુક તદ્દન અપૂર્ણ અને ભુલાવો ખવડાવે એવી હોયછે.

એવી જીંદગીમાં હજારો પ્રકારના સ્વાંગ ધારણ કરી જુદા જુદા ભાવ ભજવવા પડે છે. પ્રીતિની પાળી મારનારા ઘણા ઠગ ભગતો હોયછે, પણ પકડાતા નહીં હોવાથી પવિત્ર પુરૂષ તરીકે દુનિયાંમાં પસાર થાય છે. પણ ખાનગી જીંદગીમાં ઉતરતાં, દરબાર છોડી ઘરના શાંત અને નિરાંત દિવાનખાનામાં દાખલ થતાં સ્વાંગ ધારણ કરવાની કે ભજવવાની જરૂર જણાતી નથી. તેથી તે સમયમાં ઉભરાના આવેશમાં એકાંતમાં બોલેલા શબ્દો તેવા પુરૂષના મનની ખરી વૃત્તિનો ખ્યાલ આપે છે.

હિંદુસ્તાનના પહેલા ગવર્નર-જનરલ વોરન હેસ્ટિંગ્સને આપણે ઉપર લખેલા નિયમથી તપાસીશું. ઈ૰ સ૰ ૧૭૮૮ થી ૧૭૯૫ સુધી જે એની રાજ્યદ્વારી તપાસ ચાલી હતી, તેમાં આમની સભા તરફથી મુખ્ય કામ ચલાવનાર પ્રખ્યાત વક્તા અને રાજનીતિ પંડિત એડમન્ડ બર્કે પોતાની વક્તૃત્વ શક્તિની છટાના સપાટામાં તેના ઉપર "લોભ, તૃષ્ણા, ગર્વ, નિર્દયતા, દુષ્ટતા, ક્રોધ, માત્સર્ય—ડુંકામાં જે અવગુણો કાળામાં કાળું અંતઃકરણ દર્શાવે છે એ બધા—અવગુણમાંથી ઉત્પન્ન થતા સર્વે અપરાધનો તે ગુનેગાર છે એવું તહોમત મૂકયું હતું. "હું તેના ઉપર ન બાપાની જમીન ઉચાપત કરવાનું, નિર્દોષ વિધવાની મિલકત જપ્ત કરવાનું,.....ગરીબને ભક્ષ કરવાનું,.....અને તે ભ્રષ્ટતા કરતાં વધારે નિર્દયતા બતાવવાનું, તહોમત મૂકું છું. આવા આવા અપરાધના તહોમત સાથે ગંગા ગોવિંદસિંહની વાર્તામાં તેના કારભારી મારફતે જે જુલમ અને ત્રાસ વર્તાવતો તેને ચીતર્યો છે, તે જ્યારે કોઇ પણ માણસ વાંચે છે ત્યારે કમકમીના કંપારા સાથે કયો માણસ બોલ્યા વિના રહેશે કે, હેસ્ટિંગ્સ માણસના રૂપમાં મનુષ્ય ભક્ષી રાક્ષસ હતો.

પણ જ્યારે એના કટ્ટા શત્રુના કંપારી ઉપજાવે એવા તીક્ષ્ણ વાગ્બાણના પ્રહારમાંથી દૂર ઉભેલો, પોતાની પ્રિયતમા મેરિયન ઉપર કાગળ લખતો, કે તેના આરોગ્ય માટે પ્રભુની પ્રાર્થના માગતો, કે તેની સંગતમાં ફ્રાન્સિસના અગ્ન્યસ્ત્રના અંગારામાંથી છુટી તેના કોમળ હસ્તકમળની છાંયડીમાં આરામ લેવાની આશાને માટે ચિંતા બતાવતો જ્યારે આપણે તેને જોઇએ છીએ ત્યારે કોના કઠોરમાં કઠોર હૃદયમાં વિચાર નહીં આવે કે "કાળામાં કાળા અંતઃકરણ" ના માણસના હૃદયમાં પણ પ્રેમનો નિર્મળ ઝરો હમેશાં વહી શકે છે ને તે પ્રેમનો ઝરો વૈરીએ વર્ષાવેલા અગ્ન્યસ્ત્રથી ચારેગમ વેરાન થએલી વાડીમાં પણ એક લીલો, શીતલ આનંદદાયી બગીચો ઉછેરી શકે છે. જ્યાં સંસાર તપ્ત પુરૂષ વિશ્રામ અને વૈભવ, શાંત પણે ભોગવી શકે છે.

પણ આ પ્રિયતમા મેરિયન કોણ? આ મેરિયન અસલ જર્મનીના એક ઈમ્હોફ નામના બેરનની પરણેતર સ્ત્રી હતી. તેના પેટનાં બેને ત્રણ છોકરાં થયાં હતાં. તોપણ તે બે વચ્ચે સજાડ કે સેજ પ્રીતિ હોય એમ દીસતું નહોતું. મેરિયન મનોહર દેખાવની, સંસ્કાર પામેલી, અને અતિશય આનંદ આપે એવી રીતભાતની સુશિક્ષિત

સ્ત્રી હતી. તેનો ઘણી ચિતારાનું કામ કરવા મદ્રાસ જતો હતો એમ કહેવામાં આવ્યું છે, પણ તેનામાં તેથી કાંઈ વિશેષ હોય એમ જણાતું નથી. ભોગજોગે જે વહાણમાં ઇમ્હોફ કુટુંબ હિંદુસ્તાન આવતું હતું તેજ વહાણમાં હેસ્ટિંગ્સ પણ મુસાફરી કરતો હતો. હેસ્ટિંગ્સ વિલાસી કવિ, અને મોજી પ્રબળવૃત્તિનો પુરુષ હતો. મેરિયનને મન તે રૂચ્યો. એટલામાં નશીબયોગે તે માંદો પડયો. મેરિયને તેની ચાકરી કીધી. તેના ધણીએ તે કરવા દીધી. એકે બીજાની રજાથી કે બંનેને સાથે મળી જર્મનીની ન્યાય કોર્ટમાં છુટા થવા અરજી કીધી. ફરમાન સાત વર્ષે આવ્યું. હેસ્ટિંગ્સ મેરિયનને પરણ્યો; અને તેનો ઘણી પુષ્કળપૈસા લઈ જર્મની ગયો; ને ત્યાં આનંદમાં મોજ મારવા લાગ્યો.

લગ્નની પહેલાં આ સંબંધમાં હેસ્ટિંગ્સનું વર્તન કેવળ દોષરહિત ન હતું, એમ તેની જીંદગીના ફેટલાક વિવેચકો કહેછે. પણ તે વિચાર ભૂલભરેલો હોય એમ લાગેછે. નીતિને અનુસરી જોતાં કદાચ આપણને આમ એક પણીયત ઘણીને છોડી બીજાને સ્વીકારવામાં, તેમજ એવી છાંડેલી સ્ત્રીને અંગીકાર કરવામાં હીણપત જેવું લાગે પણ વિવાહ પછીનું તેમનું વર્તન, સંસારમંડળમાં તેમનો આવકાર, મેરિયન જ્યારે વિલાયત ગઈ ત્યારે રાજા રાણીએ કરેલો તેનો સત્કાર, એ બધા ઉપર વિચાર કરીએ છીએ ત્યારે, અને ઈંગ્લાંડના જનસમૂહમાં જરા પણ નીતિદોષ સાંખવામાં નહીં આવે એવું પ્રબળ લોકમત છે તે મનમાં લાવીએ છીએ ત્યારે મનમાં ખાત્રી થયા વિના રહેતી નથી કે લગ્ન પહેલાં આ વિવાહના સંબંધમાં કાંઈ ઘોંટાળો હોવો નહીં જોઇએ. બર્ક, શેરિડન અને ડોક્ષ જેવા વક્તા જેણે વોરન હેસ્ટિંગ્સને "કાળામાં કાળો રાક્ષસ" બનાવવાને જરાએ કચાશ રાખી નથી, તેઓને અને ફિલિપ ફ્રાન્સિસ જેવા તેના કટ્ટા વૈરીને પણ એ વિવાહના સંબંધમાં કાંઈ બોલવાનું મળતું નથી ત્યારે પ્રબલ અનુમાન ઉત્પન્ન થાય છે કે એ સંબંધ તદ્દન નિર્દોષ હોવો જોઇએ. લગ્ન પછી ફિલિપ ફ્રાન્સિસે આ સ્ત્રીને માટે પોતાની ભાર્યા ઉપર લખ્યું હતું કે:—"તે ખરેખર ગુણસંપન્ન સ્ત્રી છે; આ નવા સ્થાનમાં તે સંપૂર્ણ લાયકીથી વર્તે છે; અને તે દરેક માનચિન્હને યોગ્ય છે.

આ પ્રેમાળ પ્રમદા મળ્યા પછી, ફિલિપ, ફ્રાન્સિસ જેવા વાગ્પ્રહારીની સાથે બાથમબાથા કરવામાં તેનાથી પણ વધારે સખત અને નિર્દય પ્રહાર કરે એના આ સુભટને તેની સ્ત્રીની સોબતમાં પ્રેમાળ બકવા કરતો સાંભળતાં આપણને રમુજ મળે છે. ઇ. સ. ૧૭૮૦ માં તે બિમાર પડી અને હવા ફેર માટે ચિન્સુરા ગઈ. "મને તારી મહોબ્બત બહુ સાલે છે" તેણે લખ્યું, 'પણ આ કાગળથી તને દૃઢતા મળશે નહીં' હું તેને મળવા આવું છું "પરમેશ્વર તને સુખી રાખો કુશળ સહિસલામત મારા હાથમાં પાછી લાવો."

પણ મેરિયનની તબીયત વધારે બગડતી ચાલી ને આખરે ઈ. સ. ૧૭૮૪ માં

તે કલકત્તેથી વિલાયત જવા નીકળી. હેરિટંગ્સનું મનોહર, સર્વોત્તમ બુલબુલ ઉડી ગયું. "માત્ર કાલેજ સવારે હું મારા હાથમાં મારૂં સર્વસ્વ લઈ ફરતો હતો; અને આજે જાણે તે હયાત નહીં હતું તેમ અલોપ થયું છે" 'અરે મારી પ્રિયતમ મેરિયન! હું તારા વિના ઝુરી મરૂં છું. મને મારા પ્રાણ કરતાં પણ વધારે વા'લી હતી. જો તને પાછા મળવાની આશા ન હોત તો આ પ્રાણ જરૂર શરીર છોડી તારી પૂઠે દોડતે.' કવિ કાલિદાસના વિક્રમોર્વશી નાટકના નાયક પુરૂરવસની પેઠે તે પોતાની પ્રિયતમા મેરિયન—ઉર્વશીને મળવા કલ્પનાની સહાય માંગવા લાગ્યોઃ—કે જેથી—

गूढा नूपुरशब्दमात्रमपिमे कान्ता श्रुतौ पातयेत्
पश्चादेत्य शनैः करांबुजवृते कुर्वीत वा लोचने।

પણ નિરર્થક! તે ક્ષણિક દૃષ્ટિભ્રમ દક્ષણમાં નાશ પામ્યો. તેનું પ્રિય વદન અદૃશ્ય થઈ ગયું; આનંદી અને સુંદર ચહેરો છુપાઈ ગયો, અને તેનું મનોરંજક મધુર ગાણું શાંત શૂન્યકારમાં ચૂપ થઈ ગયું.!!

મેરિયનના સંબંધમાં થએલા અપરાધની લાંબી હાર તેના અંતઃકરણને કપકો આપવા લાગી ને તે મેરિયનને વિનવવા લાગ્યો "મારી મધુરી મેરિયન! કેટલી વાર કામની ધાંધલ છોડી, તારા હસતા વદન અને મધુર સંભાષણથી ક્ષણ વાર આશાએશ પામવા હું તારી પાસે દોડી આવતો તે યાદ કર! પ્રિયતમે તું મારૂં જીવિત છે. તારી જ આશાએ હું પ્રાણ ધરૂંછું.

પણ 'મારી મેરિયન, આપણી સ્થીતિમાં વધારે સુધારો થાય તેની આશા નહીં રાખતી. પણ જો મારા ઉપરનો તારો પ્રેમ સર્વે સંસારિક લોલુપતાથી મુક્ત હોય તો, અને મારી પૂર્ણ ખાત્રી છે કે તે તેમ છે તો, પછી તારે તારા પ્રિયતમને 'આવતો' જોઇને સંતોષ માનવો જોઇએ. "લાવતો" જોવાની આશા નહીં રાખવી જોઇએ. પૈસા થોડા છે પણ તેની આંટ સાચી છે ને તેનો તારા ઉપરનો પ્રેમ અપ્રતિમ છે અને વળી મારા હૃદયની પ્રેમ મૂર્ત્તિ! પ્રભુ તારૂં કલ્યાણ કરો ને તારૂં હમેશાં રક્ષણ કરો! તથાસ્તુ!

પ્રિય વાંચનાર! જે અંતઃકરણમાંથી આવો શાંત, ગંભીર પણ અત્યુઠિત પ્રેમનો અખંડ ઝરો ધોધો વહ્યો જાય છે, તે પુરૂષ તદ્દન પ્રેમરહિત નિર્દય રાક્ષસ હોય એમ માનવું તમારૂં મન કબુલ કરેછે, છતાંએ તેના ઉપર કામ ચલાવનાર સુપ્રસિદ્ધ નીતિ પંડિત એડમન્ડબર્કે તેને "નર્કનો કરોળીઓ" ચોર, જુલમગાર, લૂટારો ઠગારો, જુગારી, અને બીસ્સા કાતરૂં કહ્યો છે." પણ એડમન્ડબર્ક એક પક્ષનો વકીલ હતો, ને તેને સંપૂર્ણ માહીતિ ન હતી કે, આ તેનો બચાવ હતો.

પાણી તેના ગુણ ને ઉપયોગ.

આપણા દેશી લોકો ખુલ્લી અને ચોખ્ખી હવા કરતાં પાણીને વધારે જરૂરનું ગણે છે અને જ્યારે કોઈ માણસ લાંબા વખતની અસુક માંદગી ભોગવેછે ત્યારે કહે છે જે, તેને તો કલાણા દેશનું પાણી લાગ્યું છે, માટે પાણીના ગુણ અને તેના જુદા જુદા ઉપયોગનો ટુંક હેવાલ આપવો જરૂરનો છે.

ઘણું કરીને કુવાનું, તળાવનું અને નદીનું પાણી આપણા પીવાના અને વાપરવાના કામમાં લઈએ છીએ. પીવાના સારા અને તંદુરસ્ત પાણીની કસોટી એ છે કે તે ગ્લાસમાં લઇને જોવું અને તેમાં કોઈ પણ જાતનો રંગ, સ્વાદ અને નિચે કચરો હોય નહીં ત્યારે સમજવું કે પાણી પીવાને બરાબર લાયક છે.

ઝરાનું પાણી, ઉંડા કુવાનું પાણી અને ઉંચી જમીનની સપાટી ઉપરનું પાણી હમેશાં તંદુરસ્ત હોય છે.

સંધરી મુકેલું વરસાદનું પાણી અને ખેડેલી જમીનની સપાટી ઉપરનું પાણી શક ભરેલું હોય છે. નદીનું ગંદકીવાળું પાણી અતે છીછરા કુવાનું પાણી રોગીષ્ટ હોયછે.

અસ્વચ્છ પાણીમાં પ્રાણીજ અને વનસ્પતિ જ પદાર્થો અને બીજી ગંદકી જે વી કે કપડાંનો મેલ વગેરે હોવાથી તે પીવામાં લેવાથી ટાઢીયા તાવ, બદહજમી, મરડો અને ઝાડાની બીમારીઓ ઉત્પન્ન થાયછે માટે તે વાપરવામાં બહુ સંભાળ રાખવી જોઇએ.

ગંદું અને મેલુ પાણી પીવામાં આવ્યાથી કોલેરા અને ટાયફોઇડ નામનો ઝેરી તાવ ફાટી નીકળે છેતે વખતે હમેશાં દરદની શરુઆતમાં પાણીની તપાસણી થવી જોઇએ.

ઈલાજ તરીકે પાણી ઘણું અસરકારક છે અને તે જુદી જુદી રીતે વાપરવામાં આવે છે. તાવની બીમારીમાં બરફના રૂપમાં પાણી ઘણું ઉપયોગી છે. બરફના કકડા મોંમાં ચુસવાથી તરસ છીપે છે અને તાવની ગરમી ઓછી થાય છે. હોજરીનાં ચાંદાંમાં અને ઉલટી થતી હોય ત્યારે તે ચુસવાથી ઉલટી બંધ થાયછે અને રક્તાશ્રાવ થતું અટકે છે. અત્છેરથી શેર સવાશેર જેટલું ઠંડું પાણી સવારમાં ખાધા પહેલાં પીવાથી દસ્ત સાફ આવે છે. પુંઠમાં તેની પીચકારી મારવાથી બંધ કોશને દૂર કરી દસ્ત લાવે છે. જ્યારે પાણી મોટા જથ્થામાં પીવામાં આવેછે ત્યારે મુત્રપીંડ અને મુત્રાશયને સાફ કરેછે અને પીશાબ વધારે થાયછે. પાણી દવા તરીકે બહાર શરીર ઉપર ઘણી રીતે કામમાં આવેછે. અને તેની સારી નરસી અસરો તે વાપરવાની જુદી જુદી રીતો ઉપર આધાર રાખે છે, બરફ માથાના દુઃખાવામાં અને સુજેલા ભાગ ઉપર અને સોજા ઉપર લગાડવાથી ફાયદો થાયછે તથા આરામ મળે છે. સાદુ પાણી, બરફનું પાણી અને કોકરવું પાણી જખમ ધોવામાં અને તેના ઉપર પટી મારવાના કામમાં પણ આવેછે. તાવની ગરમી ઉતારવાને માટે ૪૫૦ અને ૬૦૦ ડીગ્રીની વચ્ચેના ઠંડા પાણીથી બાથ આપવામાં આવે છે, અને જ્ઞાનતંતુઓના તરે-

હવાર દરદોમાં તે ટોનીક તરીકે વપરાય છે. નાહાવામાં ઠંડુ અને ગરમ પાણી વપરાય છે. નાહાવાથી શરીર સાફ અને ચોખ્ખું થાયછે અને પ્રુરતી મળે છે એટલું જ નહીં પણ તેથી શરીરની તંદુરસ્તી સારી રીતે જળવાય છે. નાહાતી વખતે ઠંડુ પાણી શરીરને અડે છે ત્યારે શીતળ લાગણી માલમ પડેછે અને સહેજ ઠાઢની ચમકારી લાગે છે, ત્વચા ફીક્કી પડે છે, સંકોચાય છે અને શ્વાસ ઉતાવળો ચાલે છે પણ થોડી પળમાં ત્વચાનો રંગ ને ગરમી પાછી આવેછે અને આખા શરીરમાં હુંફ ફરી વળેછે, અને જો માણસ દશ કે બાર મીનીટ કરતાં વધારેવાર ઠંડા પાણીમાં રહેછે તો હુંફ જતી રહે છે અને ઠાઢનો ધ્રુજારો છુટેછે. ઠંડા પાણીથી નાહાવાની મતલબ હુંફ ઉત્પન કરવાની છે તેથી નાહનારે ઠંડી લાગવા માંડે તો તરત બંધ કરવું. મજબુત અને તંદુરસ્ત માણસને સવારમાં ઠંડા પાણીથી નાહાવાથી ફાયદો થશે અને નાજુક અને નબળા માણસને માટે બપોરનો વખત માફક આવશે. નાહ્યા પછી ઠંડી લાગે ઊંઘ આવે અને નબળાઈ જણાય તો ઠંડુ પાણી માફક નથી એમ સમજવું અને કોકરવું પાણી નાહાવામાં લેવું. સારી પેઠે જમ્યા પછી કોઇએ નાહાવું નહીં કેમકે તેથી પાચન ક્રીયામાં અડચણ પડે છે.

નબળાઈ અને જ્ઞાનતંતુઓના દરદોમાં અને અવયવોની કમતાકાદી અને કમકોવતીમાં ઠંડુ પાણી ઘણું ઉપયોગી છે.

ઠંડા પાણીથી નાહાવાની ટેવ પાડવાથી શરીર ઘણું મજબુત થતું જાયછે. એકદમ ઠંડુ પાણી સહેવાતુ નથી પણ ધીમે ધીમે ગરમ પાણી ઓછું વાપરવાથી ટેવ પડશે અને જો એકવાર ટેવ પડી તો તે પછી જશે નહીં ને વરસની સઘળી ઋતુમાં તે માફક આવશે. વળી એક બીજો ફાયદો એ છે કે કોઈ કેકાણે ઉનુ પાણી ન મળી શકે તો પણ ઠંડા પાણીની ટેવથી તેની અગવડ ખમવી પડતી નથી.

ગરમ પાણીથી નાહાથી પણ શરીર સાફ થાય છે અને હુંફ વળે છે, ગરમ પાણી ૯૪૦ થી ૧૧૨૦ ડીગ્રીસુધી વપરાય છે, પણ સાધારણ ઉપયોગને માટે ૯૬૦ થી ૧૦૦૦ ડીગ્રીસુધીની ગરમીનું પાણી બસ થશે. ગરમ પાણી ઉપર શરીર ઉપર રેડ્યાથી હુંફીયારી આવેછે, રક્તાશયને શ્વાસોશ્વાસ ઝડપથી ચાલે છે, તો પણ ધીમે ધીમે નાડી ધીમી અને ભરેલી ચાલેછે, સ્નાયુની શક્તિ ઓછી થાય છે અને જરા ઘેન આવે છે. એંચતાણના દરદમાં તે બહુ કામમાં આવે છે અને જે માણસો નબળાઇને લીધે ઠંડુ પાણી ખમી શકતા નથી તેઓને માટે ગરમ પાણી ફાયદાકારકછે.

વેપરબાથ જે વરાળ સ્નાન કહેવાય છે તે શરીર ઉપર ગરમી લગાડવાની સારી રીત છે અને તેની અસર પણ રામ બાણ થાય છે. ઉની વરાળ શરીર ઉપર લાગવાથી ઘણો પરસેવો છુટે છે અને તેથી સંધીવા નબળા અને જ્ઞાનતંતુઓના લાંબા વખતના કટલાક જુનાં દરદોમાં અને કેફસાના મરજમાં ફાયદો થાય છે.

ગરમ પાણીમાં દવાઓ નાંખીને પણ નાહામાં લેવાયછે અને તે જાત જાતના

દરદો ઉપર વાપરવામાં આવેછે. ફેફસાના, કલેજાના, દીલ ચુરદાના, આંતરડાંના અને મુત્રપીંડ વગેરેના વરમ ઉપર ગરમ પાણીનો ફલાટીનથી શેક કરવાથી ઘણો આરામ મળે છે. આંખો આવી હોય તો તેની ઉપર ખસખસના પોસ્ટોડા ગરમ પાણીમાં નાંખી શેક કરવામાં આવે છે. રાતના સુતી વખત ઉંઘ ના આવતી હોય તો ગરમ પાણીમાં પગ બોળી ટુવાલથી સારી રીતે મસળવાથી શરીરમાં હુંફ વળે છે અને ઉંઘ સારી આવે છે.

હમેશાં નાહ્યા પછી ટુવાલથી અથવા બીજા કોઈ કપડાથી શરીર સારી રીતે ઘસીને સાફ કરવું જોઇએ.

સાદા પાણી કરતાં દરીયાનું પાણી, ખાણોનું પાણી જેમાં મીઠું અને લોહ પ્રવાહીરૂપે હોય છે તે વધારે મજબુતી આપનાર અને કાયદાકારક છે તેથી જરૂર પડે તો આવું પાણી વાપરવું. જો તે ન મળી શકે તો સાદા પાણીમાં નીમક નાખવાથી પણ નકલ પાણી થઈ શકશે અને તે પ્રમાણે તે વાપરવું. ઉનાળાના દાહાડામાં સુરજના તાપમાં બાહાર ફરવાથી માથુ ચડે છે, લુ લાગે છે, અને બુખાર આવે છે, તે વખતે માથા ઉપર ઠંડુ પાણી ધાર કરી સારી પેઠે રેડવાથી ઘણો ફાયદો થાય છે.

પાણી જોઇએ તેટલું અને જ્યારે જોઇએ ત્યારે ઘણું કરીને મળી શકેછે. તેની કીંમત બેસતી નથી માટે તે સારી રીતે ડાહપણથી વાપરવું જોઇએ.

મંગોપાર્કની જીંદગીનું દિગ્દર્શન.

(ચાલુ.)

અન્તે એ બેઉ વહાણ એક બીજાથી છૂટાં પડ્યાં અને જાણવા પ્રમાણે સ્પેનના વહાણની કંઈ ખબર સાંભળી નથી—તે વિશાળ મહાસાગરમાં લાંબે પાટે સુતુજ.

આ વહાણમાં ૩૭ ગુલામો તથા દાક્તર સાથે ૧૨ વહાણવટીઓ તદન આંધળા થઈ ગયા. બીજાઓ કોઇ એક આંખે તો કોઈ બીજી રીતે બોડવાળા થઈ રહ્યા પણ આખરે કિનારો પામ્યા.

વાચનાર ! આ હાળીઓની મક્કાની મુસાફરી નહિ ! ' વિજળી બોટ ' યાદ છે ? આનું અને ઉપરની સ્પેનની બોટનું ભવિષ્ય કંઇ પણ ભિન્ન પડે છે ! પણ એવા ત્રાસદાયક બનાવ વર્ષો વર્ષ કેટલા બનતા હશે. દરીયો તોફાની હોય છતાં મેલ કોઈ અહવાડિએ બંધ રહી સાંભળ્યું છે? એ સાહસ વૃત્તિ આપણી વૃત્તિને જરા નવીન છે.

આપણાં હિંદુ કથા, પુરાણ, નાટકાદિકમાં પ્રેમ—બળ, ભક્તિ, વિવેક, શૃંગાર, નીતિ, ધૈર્ય, શૌર્ય વિગેરે વૃત્તિઓનું દૃષ્ટાંતિક મનન સારી પેઠે છે; અને તેજ પ્રેમ, ભક્તિ, વિવેક, નીતિ વિગેરેએ પ્રેરણા કરેલી ઝીણી કાંતો ફરજ, કે આભન્યા, ઉદારતા કે પરોપકાર વિગેરેનાં દૃષ્ટાંતની ખોટ નથી. બુદ્ધદેવ કે શંકરનો વ્યવહાર ત્યાગ, તે પ્રથમે

તો ધર્મસિદ્ધિ એટલે કે પોતાના આત્માના કલ્યાણ અર્થે, અને માત્ર તેના પરિણામેજ અન્યના કલ્યાણ અર્થે ગણાય; પરંતુ જેઓ તેમનો બોધ સ્વીકારી તેમના બોધનું સાર્થક કરે, તેટલાનેજ તે કલ્યાણ મળે છે. વળી તેમાં પણ એક બીજું છે, "સંન્યાસ ગ્રહણ કરનાર અનેક જાતના સંયમ વિગેરે પાળે છે, તેમાં તે દુઃખ પામે છે એમ આપણને લાગે છે ખરૂં ? દેહત્યાગ (દુઃખદ અવસ્થામાં મૃત્યુ–પ્રાપ્તિ) થાય છે એમ લાગે છે ? નહિજ. **मनएव मनुष्याणां कारणं सुख दुःखयोः** સુખ દુઃખનું કારણ મન છે, તે મન તો સ્વર્ગ પ્રાપ્તિની મહદાશામાં સંન્યાસ ધારણ કરવા જાય છે, તેથી, અને તે અવસ્થા વ્યાવહારિક લોકને પૂજનીય છે તેથી તેવો આત્મા માત્ર ઉલ્લાસમાં રહે છે. પ્રહ્લાદજીએ રાજ ત્યાગ કર્યું. રામે વનવાસ લીધો, લક્ષ્મણે બાર વર્ષ ક્ષુધામાં ગાળ્યાં, રામે સીતાનો પ્રજાની ખાતર ત્યાગ કરી તેનું સુખ ખોયું; ભરતજીએ રામ વિયોગથી વસ્તી તજી, એવાં એવાં દૃષ્ટાંતો ભેગાં કરી તેમનાં મૂળ કારણરૂપ વૃત્તિનું શોધન કરીએ તો માલમ પડશે કે એકને શોક થયો, બીજાને પિતાનું વચન અક્ષય રાખવાની ધર્મોજ્ઞાએ ફરજ આપી, ત્રીજાએ વડિલની આજ્ઞાની ખોટ દેખી; ચોથાએ રાજ્ય ફરજથી એમ કર્યું; પાંચમાએ શોકથી તેમ કર્યું, વિગેરે વિગેરે. એટલે કે આના કરતાં અનેક અત્યુત્તમ દૃષ્ટાંતો મળે, તો પણ આ સેહેલાં લઇ તેમાંથી એ તાત્પર્ય બતાવવું છે કે, તે તે કાર્યો કોઇ આત્મન્નતિ છુપો કે ધર્મબાધનો ઉઘાડો વિરોધ આવવાથી થએલાં છે, એમ ભાસ થાય છે. આવી ભરતજીની ઉદારતાને હું આત્મસમર્પણની ઉદારતાથી જુદી કરવા માગું છું. ઉપર કહી ગયા તે પરથી જણાયું હશે કે, આપણા આ ચારિત્રમાં કોઈ ગ્રમ આમાન્યા કે ધર્મ બાધથી કાર્ય નથી થયું; અસાર સંસાર તરફના ઉદ્વેગથી નથી થયું, પેટ પાલનની ખાતર પણ ખાસ નથી થયું; અને છતાંય, ઉપરનાં દૃષ્ટાંતોમાં જોખમ જીંદગીનું આવશ્યક પરિણામ રૂપ નહતું, તે આમાં છે. જાતને ફાયદો નહિવત્ છે. એક દેશ સેવાની ખાતર આત્માને સમર્પવો, તે આપણી પ્રજાના ઇતિહાસમાં વિરલ છે. કદાચ ક્ષત્રીય યુદ્ધોના જમાનામાંથી તમે તેને ખેંચી કાઢી, દેશ–સેવામાં પ્રાણાર્પણનાં દૃષ્ટાંત આગળ ધરો, પરંતુ તે પણ આપણે વિચાર કરીશું તો માલમ પડશે કે, યોદ્ધાઓનો ઘણોક ભાગ જો કાયુલની લઢાઇમાં દેશખાતર જતો હોય એમ માનતા હો, તો તો આમાં પણ તેમ માનવું પડશે. બાકીનાઓમાં મુખ્ય મુદ્દાનાં યોદ્ધાઓ અનેક વૈર, દ્વેષ, ધર્મ વૃત્તિ તિરસ્કાર વિગેરેના કોઈ કોઇ વિકારોની ઉશ્કેરણીથી દોરાય છે, અને અમુક લાભ સહજસાધ્ય, તાત્કાલિક છે, એમ જોઈ તેની આશા કરે છે. પ્રસ્તુત વિષયમાં–લાભ કોઇ પણ જાતનો નથીજ, કોષપણ મનોવિકાર કે આશા તેનો નિયામક નથી જ એમ કહેવાનો આધાર નથી, પરંતુ તે લાભ કે આશા તે પ્રધાન કારણ–મૂળકારણ–દોરનાર કારણ નથી પણ પરિણામી કારણ હોય છે. એક બે દૃષ્ટાંત જોઇએ. દક્ષિણ અમેરિકા ઓશીઆનીઆ, આફ્રિકા, સેબિરીઆ વિગેરે દેશો ઘણા અંધકારમાં છે, ધર્મ–વૃત્તિ બિલકુલ નથી, એમ માની કોઈ પાદરીઓ–જેઓએ હિંદ

સંન્યાસીની માફક વ્યવહાર સુખ તજ્યાં છે એમ માન્યું નથી તેઓને એવા મુલકોમાં બધાં સુખ તજવાં પડેછે. હેતુ, ધર્મબોધ જો કોઈનેં પણ થાય, તો એક આત્માનું પણ કલ્યાણ થાય, એ જીંદગીનું સાર્થક આફ્રિકા પર્વત ઉપરની બીણામાં ફ્રાન્સ ને સ્વિટઝર્લેંડ તથા ઇટલી વચ્ચે આવવા જવાના રસ્તા છે, ત્યાં કોઇ મુસાફર રસ્તો ભુલે અણધિતલ્યો બરફમાં દટાય, ભાંદો પડે, ક્ષુધાથી અશકત થઇ મરવા પડે, તો તેવાઓની સારવાર કરવા જીંદગીનાં સુખ ખોઈ પાદરીઓ એ બીણમાં વાસ કરી રહે છે, અને અનેક રીતે લોકોને સુખકારક ઉપકારક થઇ પડે છે. તેમની જીંદગીનો અંત સાંજ છે. તેજ પહાડમાં વળી એક પાદરીએ ચોડાક છોકરાઓને ફેળવવા માંડ્યા છે, તે એવા હેતુથી કે તેમને ઓશીઆનીઆમાં રક્તપિત્ત તથા કોઢ વિગેરેના દરદીઓની સારવાર માટે મોકલી દેવાય અને તેજ કાર્યમાં તેમનું જીવનકાર્ય સમાપ્તિ પામે. ઉપર દીધેલાં ઉદારતાથી ભિન્ન પાડેલી સ્વદેશભક્તિ ખાતર આત્માર્પણનાં દૃષ્ટાંતોમાં પણ કોઇને શંકા થશે કે એ પણ સંન્યાસીઓની પેઠે જ ધર્મકાર્ય છે; ત્યાં મારે કહેવું સ્પષ્ટ સમજવા માટે તેવી શંકા કરનારે એટલું વિચારી સ્પષ્ટપણે સમજી લેવાનું છે કે તમારા સંન્યાસીની આજ્ઞા હામહામ ફરવાની, વસ્તીમાં બને તો વાસ કરવાની અમુક પદાર્થો ન ખાવાની અમુક વૈભવ ન ભોગવવાની એવી છે, ત્યારે પાદરીઓ અમદાવાદ મુંબાઈ કલકત્તા કે લંડનમાં પણ રહેવા ચાહે તો દોષ ગણાય નહિ, વ્યવહારમાંથી નીકળી ગયા નથી માત્ર ઋષિ તપ ધ્યાન એ જીંદગીનું કર્તવ્ય જેઈ બેસે છે, ત્યારે આપણે લોકહિત એમ નથી ! કલ્યાણકારક કર્તવ્ય હાથ લીધું છે, પણ તે સર્વસ્વ સુખનો ત્યાગ કરીને, જંગલમાં અને રણમાં જઈ રહે છે.

આવા વિરલ પુરૂષમાંનો એક મંગોપાર્ક છે. અલબત્ત માણસ શાસ્ત્રના અભ્યાસીને તો એમાં પણ અમુકવૃત્તિ–કીર્ત્તિ લોભની–સાહસ કરવાં ગમે એવી અજંપે રહેનાર ચિત્તની–નવા નવા દેશ, લોક ઇત્યાદિ જોઈ મનને સંતોષનું સુખ આપવાની એવી એવી ઈચ્છા થઈ આવશે, અને હું પણ કબુલ કરૂંછું કે પ્રવૃત્તિ માત્રને માથે અમુક વૃત્તિ એક કારણરૂપેછે, પરંતુ તે કારણની તેની મુશ્કેલીની અને તેનાં પરિણામની, બીજાકારણ, વૃત્તિ, પરિણામ વિગેરે સાથે તુલના કરી જોવાથી સ્પષ્ટ થશે કે પરીણામ એટલું તો ભારે મુલ્ય છે કે શોખ, કીર્ત્તિ આદીનાં કારણ નીરસ થઈ એક નિષ્કામ્ય આત્માપેણ થવા જેવુંજ આપણને જણાશે.

આવાં દૃષ્ટાંત આપણામાં છેક નહિ હોય એમતો મારૂં કહેવું જ નથી, એમ ઉપર ઇસારો કર્યો છે, પરંતુ તે તે વિષયક ગ્રંથોમાં તે વૃત્તિને જ અવલંબીને લખ્યું, એવા સ્થાયિભાવ નથી, પરંતુ કંઇક કંઇક પ્રકરણમાં ફેંકી માર્યો હશે, જ્યારે વાચકનું ચિત્ત પ્રધાનવસ્તુના તત્વજ્ઞાનમાં લુબ્ધ થઈ રહ્યું હશે. હું માનુંછું કે યુરોપાદિના જે દેશ સમૃદ્ધિમાં આવ્યા છે, તેમ હજુ પણ ચઢશે, તે તે દેશનાં મનુષ્યોની સેવા પરાયણતાનું જ ફળ છે. શાસ્ત્રીય શોધ હોકે કળાકૌશલ્યના હો, પરંતુ સહજ આશ્રય કોઈ રાજ્ય કે કોઈ મંડળ તરફથી મળતાં જ, અને ઘણોક

ઠેકાણે તો માત્ર સ્વાશ્રય ઉપર શોખના માર્યા ખાવાપીવાના પણ તાન વગર, દુશ્મનો અને જંગલી પ્રાણીઓ વચ્ચે, પહાડ અને પર્વતો ઉપર નદીઓ અને ગુફાઓમાં, આફ્રિકાના રણમાં કે અરબસ્તાનનાં મેદાનમાં, ઘરબાર અને વહાલાં જનથી દૂર, મહાશોખી ઈંગ્રેજ અને ફ્રેંચ પ્રજાનાં ચાહ અને કોફી વગર ફ્રેંટન અને ઘોડા વગર, ઓવરકોટ અને બુટ સ્ટોકીંગ્સ વગર, ટેબલ અને ખુરસી વગર ખાણું લઈને, પગે ચાલીને, જમીન પર સુઈને,–મંગોપાર્કની માફક, હવાડામાં ગાયો ભેંસો અને ગધેડાંની સાથે સાથે ડોકું નીચું કરી પાણી પીને, રાત દિવસ, વર્ષ જીંદગી ગાળતા ફરતા હોય; અજ્ઞાન લોકને કેળવવાનો પ્રયાસ કરતા હોય કે ધર્મના બોધ દેતા હોય; દેશની પાક નિકાસની સ્થિતિ બારીક તપાસતા હોય કે રાજ્યનીતિ પ્રકરણનો વિચાર કરતા હોય, ભૂગોળ ખગોળની શોધો કરતા હોય કે રસાયન વનસ્પતિ કે પદાર્થ વિજ્ઞાનના શોધમાં પડયા હોય, એમ આકાશમાં ઉડતી ગોકળ ગાયોની માફક જ ઘણાક ગમે ત્યાં વાસ કરી મરણ શય્યાની ભૂમિ ઘણેક દૂર દેશમાં કરી રાખેછે. આટલા બધાનું ફળ શું નીકળેછે ?—હજારો સ્વદેશ ભક્તો પોતાનું ધાર્યું–બોધ કે વિદ્યાનો પ્રસાર–થાયછે તે જોઈ આત્માનંદ અનુભવેછે સ્વદેશમાં તેમના પર તાળીઓ પડે, તેમને રસ્તે પોતાના સ્વદેશી બંધુઓ જઈ વ્યાપાર અને આજીવિકા શોધી કાઢે અને વ્યક્તિવ્યક્તિના શ્રમના ફળથી સમુદાયનું બળ વધે, એજ ફળની તેમને અપેક્ષા છે, એજ તેમના સ્વર્ગની નીસરણી ‘ મારી પાછળનાં–બીજાં–ભોગવશે, પણ મારો તો જીવ ગયો તે પાછો આવનાર, ભોગવનાર નથી, ત્યારે જેને પડી હશે તે ઘણોય ભોવગશે, મરી પડશે મારો તો જીવ હું બચાવું ’ એવો, ‘ ઘરનાં છૈયાં ઘંટી ચાટે, ઉપાધ્યાને આટો ’ એ સંકુચિત ન્યાયને અક્ષરસઃ–ખરી પાડતા શબ્દ–બોધ આની સાથે તુલનામાં મુકતાં કેટલો હલકો, કેટલો તિરસ્કાર પામે કેટલો નીચ સ્વાર્થ-વૃત્તિને લાગેછે ?

એક ઈંગ્રેજ કવિ **મંગોપાર્કની** પ્રથમ મુસાફરી વાંચીને ઓટલો તો આશ્ચર્ય દયા અને મમતાથી ઉસ્કેરાઈ ગયો કે ઈ. સ. ૧૮૧૦ માં, તેના મૃત્યુ પછી પાંચ વર્ષ સુધી દેશમાં તેની કોઈને ખબર પણ પડી ન હતી, તે વખતે તેણે એક નાનકડુ રસિક કાવ્ય લખ્યું છે. તેનો મુખ્ય વિષય ‘ આરબ લોકની પરોણાગત’નો સાતમી ચોપડીમાંનો **મંગોપાર્ક** ઉપરનો પાઠ છે. તે પ્રસંગ અતિશય રસિક છે. મંગોપાર્ક અતિ દુઃસહ સ્થિતિમાં આવી પડયો તે સમયે તેની કરેલ બરદાસીનું તે વર્ણન છે, છતાં તે સ્થિતિની જાણ વગર વાંચતાં જ્યારે તે આટલું રસિક સાતમી ચોપડીમાં લાગેછે, તો જ્યારે પુસ્તકમાં બીજા ઇતિહાસના સંબંધમાં વાંચવામાં આવે તો કેટલું રસિક લાગે ?

શિષ્ટગ્રન્થગણના.

રા. રા. રત્નલાલ તથા રા. ભા. હરિલાલ હર્ષદરાય ધ્રુવે, ગુજરાતી ભાષાના સો ગ્રંથો ગણવાનો જે સ્તુત્ય ઉપક્રમ કર્યો છે તેને માન આપી, હું નીચેના ગ્રંથોની ગણના કરીશ તો તે અનુચિત નહિ જ લાગે. અંગ્રેજી ભાષા બહુ ખેડાઈ છે એટલે તેમાં સર જ્હન લબ્બક સાહેબે જેવા સો ગ્રંથોને પસંદ કર્યા છે તેવા ઉત્તમ ગ્રંથો માત્ર–સ્વતંત્ર–ગુજર્જરગ્રંથો તો ગુજરાતી ભાષામાં નથી એમ કહ્યા વગર ચાલતું નથી. સંસ્કૃત તેમજ અંગ્રેજીમાંથી ભાષાંતર થયેલા ગ્રંથોની પણ આમાં હું ગણના કરવા ધારૂં છું તેમ ઉક્ત ગૃહસ્થોએ પણ કરેલી છે.

(૧) તત્વજ્ઞાન–ધર્મ.

૧ વિચાર સાગર. (મ. સ.)
૨ સિદ્ધાંતસાર. (મ. ન. દ્વિ.)
૩ ચંદ્રકાન્ત. (ઇ. સ્. દે.)
૪ ભગવદ્ગીતા. (મ. ન. દ્વિ.)
૫ પંચદશી. (વિ. સ. પા.)
૬ પ્રાણુવિનિમય (મ. ન. દ્વિ.)
૭ પાંતાજલ યોગદર્શન (મી. કણીઆ.)
૮ મનુસ્મૃતિ. (મી. યાજ્ઞિક.)
૯ પારાશરીય ધર્મ શાસ્ત્ર.
૧૦ વ્યવહાર મયૂખ. (ભ. ના.)
૧૧ યાજ્ઞવલ્કય ધર્મ શાસ્ત્ર. (ભો. સા.)

(૨) કાવ્ય.

૧ પ્રાચીન કાવ્યો. (રા. બા. હરગોવિંદદાસ તથા રા. ઇચ્છારામનાં બૃહત્કાવ્ય વગેરે.)
૨ ઇન્દ્રજીત વધ.
૩ ઋતુ વર્ણન. (મ. છ. ભટ્ટ.)
૪ મેઘદૂત (બી. ભો. ભાષાંતર.)
૫ અનિલદૂત. (સ્વદેશવત્સલ.)
૬ ગીતગોવિંદ (કે. હ. ધ્રુવ.)
૭ અમરૂશતક. (કે. હ. ધ્રુ.)
૮ કુંજવિહાર. (હ. હ. ધ્રુવ)
૯ કુસુમમાળા. (ન. ભો.)
૧૦ કલાન્ત કવિ. (બા. ઉ. કં.)
૧૧ વસંતવિજય
૧૨ અભેદોર્મિ. (મ. ન. દ્વિ.)
૧૩ દલપતકાવ્ય.
૧૪ ઈશ્વર પ્રાર્થના માળા. (ભો. સા.)

(૩) નાટકો.

૧ શાકુંતલ. (ઝ. ઉ. યાજ્ઞિક.)
૨ મુદ્રારાક્ષસ. (કે. હ. ધ્રુવ.)
૩ પાર્વતી પરિણય (ક્રી. ધ. ભટ્ટ.)
૪ ઉત્તમરામચરિત. (મ. ન. દ્વિ.)
૫ માલતીમાધવ. (મ. ન. દ્વિ.)
૬ સીતાહરણ (બુદ્ધિપ્રકાશ.)
૭ કાંતા.
૮ લલિતાદુઃખદર્શક. (ર. ઉ.)
૯ મૃગાવતી (ભારતીભૂષણ.)
૧૦ પાર્થ પરાક્રમ વ્યાયોગ. (યશવંત ભારથી)
૧૧ આર્યોત્કર્ષક. (હ. હ. ધ્રુવ.)
૧૨ જયકુમારિ વિજય, (ર. ઉ.)

(૪) ગદ્યકાવ્ય.

૧ કાદંબરી (ભાષાંતર) છ. હ. પંડ્યા. ૨ મહાભારત. (મ. મ. ભટ્ટ.)
૩ રામાયણ (રા. ઇચ્છારામ સૂર્યરામ.) ૪ કિશોર સુંદરી. (સ્વદેશવત્સલ.)
૫ કુસુમાવલિ. ૬ મુક્તા. (વૈ. મ. ગો.)
૭ ભાગવત. ૮ વાસવદત્તા. (ભાષાંતર.)

(૫) નવલકથા.

૧ સરસ્વતી ચંદ્ર-ભાગ ૨. (ગો. મા. ત્રિપાઠી.)
૨ મુકુલ મર્દન. (કૃ. ભો. દી.) ૩ એ એહેનો (હ. દ્વા. કાં.)
૪ ગંગા ગુર્જર વાર્તા. (ઈ. સૂ. દે.)

(૬) બોધકવાર્તા.

૧ પંચતંત્ર. (પંચોપાખ્યાન) ૨ હિતોપદેશ. (૨. ઉ.)
૩ અસ્તોદય. (મ. સૂ. ત્રિ.) ૪ ચારિત્ર્ય. (બુદ્ધિપ્રકાશ.)
૫ બાળમિત્ર. ૬ ઇસપનીતિ.
૭ બાળવિલાસ. (મ. ન. દ્વિ.)

(૭) ઐતિહાસિક કથા.

૧ કરણઘેલો. (નં. ત્રિ.) ૨ પૃથુરાજચૌહાણ.
૩ ગુજરાતની જુની વાર્તાઓ (મ. છ. ભટ્ટ.) ૪ રાસેલાસ (ભાષાંતર ગુજરાતી પ્રેસ.)
૬ સિદ્ધરાજ જયસિંહ. (મ. રૂ. ની.) ૭ અરેબિયન નાઇટસ (ગુજરાતી પ્રેસ.)
૮ રાસમાળા. (૨. ઉ.) ૧૧ કથાસરિત્સાગર. (ઈ. સૂ. દે.)
૯ હિંદરાજસ્થાન. ૧૨ હિંદ અને બ્રિટાનિયા. ,,
૧૦ ગુજરાત રાજસ્થાન. ૧૩ ઇરાવતી. (છ. ઠા. મોદી.)

(૮) સાહિત્ય.

૧ નર્મ કોશ. ૨ નર્મ કથા કોશ.
૩ ઉત્સર્ગમાળા. (શા. વ. કા.) ૪ ગુજરાતી ભાષાનો ઇતિહાસ. (શા. વ. કા.)
૫ કેળવણીનો ઇતિહાસ. ૬ ટેલરકૃત વ્યાકરણ.
૭ અર્થ શાસ્ત્ર. (અં. સા. દે.) ૮ ચેતન શાસ્ત્ર.
૯ દેશી રમતો. (છ. ઠા. મોદી.)

(૯) અંગ્રેજી ભાષાંતર.

૧ ફ્રેન્ચ રેવોલ્યુશન. ૨ કર્તવ્ય.
૩ રૂલર્સ ઓફ્ ઈન્ડીયાનાં ભાષાન્તર. ૪ એન્જમિન ફ્રાંકલીન.
૫ જ્યૉર્જ વૉસિંગટ.

૧૦ ચરિત્ર.

૧ ભોળાનાથ સારાભાઈ જીવન ચરિત્ર. ૨ કરશનદાસ મૂળજી ચરિત્ર.
૩ વીર મંડળ.

(૧૧) પ્રવાસ.

૧ ઇંગ્લંડમાં પ્રવાસ. ૨ દુનિયાની મુસાફરી.
૩ હિંદુસ્તાનની મુસાફરી. ૪ ચીન જાપાન અમે. મુસાફરી.

૧૨ નીતિ-સ્ત્રી-ઉપયોગી.

૧ સુંદરી ગુણમંદિર. ૨ સતીમંડળ.
૩ સ્ત્રીધર્મનીતિ. ૪ વધૂ બોધ.
૫ રોશનઆરા બેગમ. ૬ પુત્રી શિક્ષા.
૭ મેરાતુલ અરૂસ. ૮ મા અને છોકરાં.
૯ પંડિતા રત્નલક્ષ્મી. ૧૦ બાળ ગરબાવલી.
૧૧ બાળકોનો આનંદ.

૧૦૦

માસિક-ત્રૈમાસિક.

૧ બુદ્ધિપ્રકાશ. ૨ શાળાપત્ર.
૩ સુદર્શન. ૪ સમાલોચક.
૫ વિવેચક. ૬ જ્ઞાનસુધા.

આમાં કેટલાક શિષ્ટ ગ્રંથો રહી ગયા હશે તો કેટલાક સાધારણ હોવાથી કાઢી નાંખવા જેવા પણ હશે. ગ્રંથ સંખ્યા તો વધારે છે પરંતુ નામથી સો ૧૦૦ ની ગણના કરી છે. પ્રાચીનકાવ્યનાં પુસ્તક ૩૫ અને રા. ઇચ્છારામ સૂ. દે. નાં બૃહત્કાવ્યનાં ૫ મળીને ૪૦ ગ્રંથો થાય છે. આમાં વિદ્વાનો સુધારો કરશે તો ઉપકાર થશે.

(વાચક.)

ગ્રંથાવલોકન.

જગદ્ગુરૂચરિત્ર.

આ પુસ્તક તેના મૂળ સંસ્કૃત સાથે, રા. સા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખરના પુત્ર ભા. મગનલાલ દલપતરામે છપાવીને પ્રસિદ્ધ કર્યું છે. મૂળ એક જૈન કવિએ

સંસ્કૃતમાં લખેલું સર્ગબદ્ધ કાવ્ય-મહાકાવ્ય છે. કર્તાએ પોતે પણ દરેક સર્ગના અંતમાં મહાકાવ્ય એમ લખેલું છે. મહાકાવ્યનાં લક્ષણ તો જો કે, આ નાનાશા પુસ્તકમાં નથી પરંતુ કાવ્ય ચમત્કૃતિ તો ઘણે ઠેકાણે જોવામાં આવે છે. બ્રાહ્મણ કવિઓ રાજાઓના વંશનાં વર્ણન કરતા ત્યારે જૈન કવિઓએ રાજવંશને બદલે લોક સમ્મત ગૃહસ્થોનાં વર્ણનને સ્વીકારેલાં હોય એવું ઘણાં જૈન પુસ્તકો અને રાશાઓ ઉપરથી જણાય છે. મધ્યકાળના લોકવ્યવહારની અને રાજ્યની જે કંઇક પણ છાયા ઐતિહાસિક દૃષ્ટિને ગમ્ય થયેલી હોય તો તે જૈન કવિઓથી જ થયેલી છે. પ્રબંધ ચિંતામણિ, કુમારપાળ, વસ્તુપાળ ચરિત્ર વગેરે પૂર્ણ ઐતિહાસિક ગ્રંથો પણ એજ વર્ગે લખેલા જોવામાં આવે છે. મોટાં નગરોના ગૃહસ્થ વર્ગનાં વર્તનો દૃષ્ટાંત રૂપે તેમણે પોતાનાં ' વખાણ ' કથાઓમાં ઉતારેલાં છે. આ પ્રમાણે જૈન કવિઓએ ગુજરાતના મધ્યકાળનું કંઇક સારૂ દિગ્દર્શન કરાવેલું છે એમ કહ્યા વગર ચાલતું નથી. આ પુસ્તક પણ એવું જ છે, એટલે કે તેમાંથી કંઇક ઇતિહાસ અને કંઇક તે કાળના લોકોની રીતભાત વગેરેનું વાચકને દર્શન થાય છે. આ કાવ્ય છે એટલે વસ્તુ માત્ર વસ્તુ જેવી તો નથી કારણ કે કર્તાએ નાયકને અને તેમાં આવતાં બીજાં વૃતાંતોને મસાલો ચડાવવામાં બાકી રાખેલી નથી, છતાં તેનાં સ્વરૂપ આપણને સમજાય છે. કચ્છમાં આવેલા ભદ્રેશ્વરને અલકાની ઉપમાએ મૂકેલું છે તે ઉપર હસતા પહેલાં આપણે તે કાળે ભદ્રેશ્વર સારૂ આબાદ હતું એમ જાણીને વધારે ખુશી થવાનું છે. આવાજ દૃષ્ટિબિંદુથી અમે આને એક ઐતિહાસિક પુસ્તક કહીએ છીએ. રા. સા. ખખ્ખર જ્યારે કચ્છમાં ઈ. કે. ઇન્સ્પેક્ટર હતા ત્યારે તેમને આ પુસ્તકની એક પ્રત મળી હતી અને તે, તેમણે ડૉ. બુલરને બતાવી હતી. ડૉ. બુલરે એશિયાટિક સોસાઇટીની નોંધમાં એક નાનું ચોપાનિઉ છપાવી આ વાર્તાને સંક્ષેપમાં પણ ઉપયોગિતાને સ્વરૂપે પોતાની નોટ સાથે છપાવી હતી પરંતુ તે અપૂર્ણ હોવાથી રા. સા. ના પુત્રે પૂર્ણ કરીને તે વસ્તુને સાદ્યંત જાણવાને ઇચ્છનારની ઉમેદ પુરી કરી છે. ચૌદમા સૈકામાં ગુજરાતમાં એક મોટો દુકાળ પડ્યો હતો અને એ દુકાળના વખતમાં આ ચરિત્રના નાયક લોકને અન્ન દાનથી પોતાની કીર્તિને અમર કરી હતી વગેરે વસ્તુને ઉદ્દેશી પુસ્તકલખાયલું છે. પરંતુ એના અનુષંગની બીજી ઘણીક જાણવા જોગ વાતો તેમાંથી જણાઇ આવે છે. જગડૂશાહ જ્ઞાતે શ્રીમાલ વણિક હતો. વંશ પરંપરાથી વ્યાપારમાં તેના પૂર્વજોએ લક્ષ્મી મેળવેલી હતી અને જગડૂશાહે એનો લોકહિતાર્થે સદુપયોગ કર્યો હતો. કાવ્યમાં કેટલીક બાબત અતિશયોક્તિ ભરેલી છે પરંતુ ઉપર આપણે જેમ તાત્પર્ય લીધું છે તેમ વિચાર કરતાં પુસ્તક એકંદરે ઘણું જ સારું છે. એમાંથી તે કાળનું સ્વરૂપ સમજાય છે એટલું જ નહિ પણ ઇતિહાસના જાણનારાઓને તો તેમાંથી ઘણીક વાતો નવી મળી શકે તેમ છે. રા. સા. ખખ્ખરનો આ યત્ન ખરેખર સ્તુતિ પાત્ર છે.

નવલગંગા—આ અને આની સાથેનાં ' બહાદુર કલો ' ' રમણ સુંદરી ' ' ચંદ્રકાન્ત ચંદ્રાવલિનાટક ' ' બાળશિક્ષણ ગરબાવલી ' નાં પુસ્તકો મી. ગોપાળજી કલ્યાણજી ફેલવાડાકરનાં બનાવેલાં છે. મી. ફેલવાડાકરે પોતાનાં પુસ્તકોની માળા બનાવેલી છે. તેમાં ઉપરનાં પુસ્તકો મેરને ઠેકાણે છે. નવલગંગા સંસારી વાર્તા છે અને તેમાં કેટલાક પ્રસંગ અરસજ્ઞ વાચકને પ્રસન્ન કરે તેવા છે. સુધારાને મી. ફેલવાડાકરે વગોવ્યો છે અને કોઇ ઠેકાણે ચઢાવ્યો છે એટલે કે એક સ્વરૂપતો એકે ઠેકાણે રહેલું નથી. સંસારી વાર્તાઓ અને તે પણ ખાસ કરીને ચાલતા જમાનાનું ચિત્ર આપે તેવી હોય તે બહુ જ સંભાળથી લખાવી જોઇએ. નવલગંગા તેવી સંભાળથી લખાયલી છે એમ અમે કહી શકીશું નહિ. પુસ્તકોનું દિગ્દર્શન કરી તે શાના સંબંધે છે તે જણાવવાના ધર્મે સરકારી રિપોર્ટરે એને એના જેવાં પુસ્તકોની શ્રેણિમાં ઉંચે દરજ્જે મૂક્યું હોય તેથી તે ઉત્તમ છે એમ કહેવાય નહિ. બહાદૂરકલો, રમણસુંદરી વગેરે પણ નવલગંગાના જેટલા જ મહત્વનાં છે એટલે કે એમાંથી સારા ભણેલા ગણેલાને કંઈ વધુ વાચન મળી શકે તેમ નથી. મી. ફેલવાડાકરનાં આ દરેક પુસ્તકમાં ઠામ ઠામ શ્લોકો અને અગ્રેજી પદ્યો છે પરંતુ તે એવાં અશુદ્ધ છે કે જેનો દોષ પ્રેસ ઉપર ન જતાં મી. ફેલવાડાકરના તે તે ભાષાના જ્ઞાન ઉપર આવે છે. સ્વભાષામાં બે અશુદ્ધ પુસ્તક લખવાનું સાહસ જેટલું જોખમકારી નથી તેથી વધારે પરભાષાની બે અશુદ્ધ લીટીઓનો ઉતારો કરવો એ જોખમ ભરેલું છે. ' બાળશિક્ષણ ગરબાવલિ ' કેળવણીખાતાવાળાઓએ કદાપિ મંજુર કરી હોય તો પણ શું ? બધાં પુસ્તક ઉપર એક એક મિનિટ પણ જો નજર નાંખી હોય તો ગરબાવલિની કિમ્મત થયા વગર રહે નહિ પરંતુ આજ અવલોકનનો અભાવ છે એટલે ઘણાં પુસ્તકો એમને એમ ચાલ્યાં જાય છે. મી. ફેલવાડાકરનો પ્રયત્ન સારાં પુસ્તકો કાઢવાનોજ હોય તો તેમણે આના કરતાં વધારે શ્રમ અને કાળજી રાખવાની જરૂર છે.

ગ્રંથકાર થતા પહેલાં દરેક માણસને એમ વિચાર કરવો જોઇએ કે, હું કેટલામાં છું. જો બધા જ ગ્રંથકારો થશે તો પછી તેમનાં પુસ્તકને વાંચશે કોણ ? ગુજરાતમાં જ્યારથી ગ્રંથો બહાર પડવા માંડ્યા છે ત્યારથી જ આમ થવા માંડ્યું છે. ગ્રંથોનો વેપાર વધી ગયો છે. વાર્તાઓમાં કમાણીએ કંઇક સમજુને પણ લોભ દેખાડ્યો છે અને જે ને તે પુસ્તક બહાર પાડવા ઉપર અને ગ્રંથકાર થવા ઉપર પડ્યા છે પરંતુ એ ક્રમ દેશને હાનિકારક નીવડવાનો ભય છે. કેટલાક ગ્રંથકારોને વાંચ્યા પછી જો કંઈ કુદરત હોય તો ગ્રંથકાર થવાય છે કંઈ આછા જ્ઞાનથી અને ભળતાં વાક્યો લખી ગ્રંથનું પૂર કરવાથી ગ્રંથકાર થવાતું નથી. જેને નામે ઘણા ગ્રંથો હોય એ સારો અને મોટો ગ્રંથકાર એમ અમે તો કહીશું જ નહિ. એક ગ્રંથ પણ જેણે સારો લખ્યો હશે તે કોઇના કહ્યા વગર જ ગ્રંથકારમાં ગણાશે. પુસ્તકોની અને ગ્રંથકારોની આઠલી બધી સોંઘવારી આખરે દુકાળનું કારણ થઈ પડશે,

અર્થાત્ નહારામાં સારાનો ભાવ નહિ પૂછાય એટલે તેઓ મૌન રહેશે અને એટલો જમાનો ગ્રંથોત્પત્તિના સંબંધે વાંઝીઓ રહી જશે. સારા ગ્રંથો બહાર પડેલા જોવાને જ અમે ઉત્સુક છીએ.

ભાટિયા મિત્રમંડળ—ભાટિઆ મિત્રમંડળનો પ્રથમ વાર્ષિક રિપોર્ટ અમને મળ્યો છે. એ મિત્રમંડળે એક વર્ષમાં પોતાના ઉદ્દેશને સારો ખીલવ્યો છે. મૂળ રમત ગમ્મતને ખાતર એ મંડળ ઉભું થયું હતું પરંતુ પાછળથી તેમાં મી. મૂળરાજ ખટાઉ જેવા ઘણાક સુશિક્ષિત ગૃહસ્થો જોડાવાથી સ્વજ્ઞાતિશ્રેય અને વિદ્યાવૃદ્ધિ એ બે ઉદ્દેશો પ્રાધાન્ય થતા ચાલ્યા અને મી. ગોવરધનદાસ ખટાઉ જેવા ઉદાર ગૃહસ્થે એક લાખ રૂપિઆ વિદ્યાની વૃદ્ધિ માટે અર્પણ કર્યાથી એ મંડળનો વિજય વહેલો થવાની દરેક રીતે આશા રખાય છે. ભાટિઆ વર્ગ ઘણો જ ધનવાન છે અને તેના પ્રમાણમાં વિદ્યા ઓછી છે તેને જોતાં આ પ્રમાણે ઉત્તેજન આપવામાં આવશે અને એ મંડળ પોતાનું કામ ખંતથી આગળ ચલાવશે તો થોડા જ કાળમાં એને આપણે એક મોટા વિદ્યાવર્દ્ધક મંડળ તરીકે ઓળખવા પામીશું. આ રિપોર્ટ ઉપરથી જ તેનાં સુચિન્હ માલૂમ પડે છે અને દરેક રીતે તેને વિજય મળેલો જોવાને અમે ઇચ્છીએ છીએ.

સમાલોચક—આ ત્રૈમાસિકના બે અંકો અમને મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારતાં તેના સંબંધે એટલું પણ કહેવું જ પડે છે કે, એણે બે અંકમાં જે ઘોષ કરી દેખાડયો છે તે આગળ ઉપર સારૂ નામ કાઢવાના ચિન્હરૂપ છે. મી. મણિલાલ છબારામ ભટ્ટ તેના તંત્રી છે અને એ જુવાન લેખક તેને જો સંભાળથી ચલાવશે તો સંપૂર્ણ સતોપકારક થઈ પડશે. ગ્રંથો ઉપર વિવેચન થવાની ખરેખરી આવશ્યકતાના વખતમાં થયેલો સમાલોચકનો ઉદય તેજસ્વી નીવડશે તો ગ્રંથકારોના સંબંધે સારૂ છાંડણ થશે પરંતુ આ બે અંકોમાં તો તેના નામને યોગ્ય વિવેચનોમાંનું લખાણ બરોબર નથી.

ભાષાચર્ચા.

વ્યાકરણના સંબંધે ગુજરાતી ભાષામાં અનેકવાર ચર્ચાઓ ચાલી છે પરંતુ એકેવાર કોઈ વિદ્વાન નિશ્ચય ઉપર આવ્યો નથી. ગુજરાતી ભાષાનું મૂળ જોવાને તથા તે કયી ભાષા ઉપરથી આજની સ્થિતિએ આવી તેના સંબંધે અનેક રીતે અનુમાન થયાં છે પરંતુ તેમાં પણ નિશ્ચયાત્મક અનુમાન કિંવા સિદ્ધાંત હજી થયો નથી. એ વિષયે ઘણીવાર ચર્ચા ચાલે અને જુદા જુદા વિદ્વાનો પોતાના મત પ્રદર્શિત કરતા રહે તેમ વધારે લાભ છે અને એજ ઉદ્દેશથી આ લેખ લખાય છે. ભાષાના ઇતિહાસ ઉપર શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ, રા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ, અને રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ વગેરે વિદ્વાનોએ નજર પહોંચાડી છે પરંતુ તેમના તરફથી કોઈ સિદ્ધ

લેખ હજી બહાર આવ્યો નથી. અમુક બાબત સંપૂર્ણ કર્યા પછી જ બહાર પાડવી એવો નિયમ આના સંબંધે હાનિકારક છે, માટે વિદ્વાનોએ જે કંઈ નવનીત શોધી કાઢયું હોય તે બહાર પડે તો વધારે સારૂ છે, કારણ તેમ થશે તો તેના ઉપર ચર્ચા ચાલશે અને એ બાબત છણાઈને એમાંથી એકાદ ભાગે પણ નીકળશે. પાછળ દૃષ્ટિ કરતાં ગુજરાતી ભાષા તેરમા સૈકા સુધી લંબાએલી જણાય છે પણ તે કાળની ભાષાના વજન આપવા જેવા લેખ મળ્યા નથી. રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે કેટલાંક ખત પત્રો મેળવ્યાં છે એમ સાંભળવામાં છે પણ તે પ્રસિદ્ધ કરી તેમણે પોતાના શોધને બીજા વિદ્વાનોના વિચારને માટે બહાર મૂક્યો નથી. આશા છે કે ભાષાના ઇતિહાસ સંબંધે શોધ ચલાવનારા ગૃહસ્થો પોતાના અપૂર્ણ તો અપૂર્ણ પણ જે કંઈક શોધ થયા હોય તે બહાર મૂકશે અને આ ચર્ચાને મહત્વ આપશે.

મૂળરાજ સોલંકીના વખતમાં ગુજરાતમાં બ્રાહ્મણો આવ્યા અને તે કાળથી ભાષામાં ઘણો સુધારો થયો. નૃસિંહ મહેતાની કવિતામાં જે ભાષાનું દર્શન થાય છે તે ભાષા બ્રાહ્મણોના આવ્યા પછીની જ ખીલેલી છે. નૃસિંહ મહેતાના પહેલાંની ભાષાના કવિયો છે પરંતુ તે કવિતાઓ ઘણી થોડી છે અને એ ઉપરથી તે કાળની ભાષાનો નિર્ણય થતો નથી. વળી ખતપત્રો ઉપરથી પણ શિષ્ટ જનની ભાષા જણાતી નથી. ખતપત્રો, જેવાં કામમાં તો જે ક્રમ પરાપૂર્વથી ચાલતો હોય છે તેજ સ્વીકારાય છે એટલે તે ઉપરથી ભાષાનું સમસ્ત સ્વરૂપ જણાતું નથી. એને માટે આ કાળનું દૃષ્ટાંત લઇએ તો જણાશે કે, હાલ ગુજરાતી ભાષાના કવિયોથી અથવા વિદ્વાનોથી જે લેખો લખાય છે તેમાં અને આજના વાણિયાઓ જે ખતપત્ર લખે છે તેમાં કેટલો મોટો ફેરફાર છે! ભાષાનો વિચાર સામાન્ય જન વર્ગમાં ચાલતી ભાષાથી જોવો થઈ શકે છે તેવો કવિતાઓ પરથી થઈ શકતો નથી. કવિની ભાષા હમેશાં ઉંચી હોય છે. ગુજરાતી ભાષામાં લખાયલી નૃસિંહ મહેતાની કવિતા આજની કવિતાભાષાથી વધારે ભિન્ન નથી એટલે નૃસિંહના વખતની ગુજરાતી ભાષા તો પૂર્ણ સ્વરૂપમાં આવેલી જ છે એમ કહ્યા વગર ચાલતું નથી. એના પહેલાં કેવી ભાષા લખાતી હશે તેના સંબંધે જે વિચાર થાય છે અને થયા છે તે માત્ર અનુમાન રૂપ જ છે. હવે કેટલાક વિદ્વાનો એમ કહે છે કે ગુજરાતી ભાષા પ્રાકૃત ભાષાઓપરથી થયેલી છે. આ સિદ્ધાંતને સ્વીકારવો કે નહિ તેના સંબંધે ઘણો મતભેદ છે. શૂરસેની, પ્રાકૃત, માગધી અને પીશાચી વગેરે ભાષાઓ ઉપરથી ગુજરાતી ભાષા થઈ, એ સિદ્ધાંતને સ્વીકારતાં જે આનાકાની કરવામાં આવે છે તે એવા વિચારથી કે પ્રાકૃત-વા-બાલ ભાષા તે સંસ્કૃતનું બગડેલું રૂપ નથી પણ એના ઉપરથી સંસ્કૃત થઈ એમ તેઓ માનવાને સાહસિક થાય છે. આજ હિંદુસ્તાનમાં બોલાતી ભાષાઓ ઉપર દૃષ્ટિ કરતાં તો એમ જણાય છે કે, હાલની બોલાતી ભાષાઓ પ્રાકૃત ઉપરથી આવેલી નથી પણ તે તે દેશમાં બોલાતી ભાષા સંસ્કૃતથી સંસ્કાર પામીને સુધરેલી છે. બાળ ભાષાઓનાં વ્યાકરણ જોઇએ છીએ તો સ્પષ્ટ જણાય છે કે તેમાં દરેક સંસ્કૃત શબ્દ કોઈ જુદા જ રૂપમાં હોય છે. હાલ બોલાતી ભાષાઓમાં સંસ્કૃત શબ્દો જોવાને તેવા જ રહેલા

છે અથવા જો તેમાં ફેરફાર થયેલો છે તો તે પ્રાકૃત ભાષાઓનાં વ્યાકરણના નિયમ પ્રમાણે થયો નથી હોતો. પ્રાકૃતમાંથી હાલની ગુજરાતીનું મૂળ ખેંચાતું નથી જો કે કેટલેક ઠેકાણે તેમ થાય છે અને તેનું કારણ એમ લાગે છે કે, હાલ બોલાતી ભાષા પ્રથમ બોલાતી જુદી જુદી ભાષાઓ તેમાં મુખ્ય કરીને શુદ્ધ સંસ્કૃત ઉપરથી થયેલી છે. જે શબ્દોનાં મૂલ પ્રાકૃતમાંથી ખેંચી શકાય છે તે પ્રાકૃતમાંથી આવેલા અને જેનાં મૂલ પ્રાકૃતમાંથી નથી ખેંચાતાં તે સંસ્કૃતમાંથી બારોબાર આવેલા એમ માનવું જ પડે છે. દાખલા તરીકે આપણે **आत्मा** શબ્દ લઇએ. હવે જો સંસ્કૃત ઉપરથી પ્રાકૃત અને પ્રાકૃત ઉપરથી ગુજરાતી ભાષા થઈ એમ સ્વીકારીએ તો **आत्मा** શબ્દનું મોં માયુ પણ હાથ આવે નહિ; કારણ કે પ્રાકૃતમાં તો **आत्मा नुं अप्पा** અથવા **अत्ता** થાય છે. ગુજરાતી ભાષામાં **अप्पा** અથવા **अत्ता नुं आतमा** થયું હોય એમ કોણ કહી શકશે? **आत्मा** નું એટલે કે સંસ્કૃતમાંથી જ એ શબ્દનું ગુજરાતી ભાષામાં **आतमा** થયેલું છે એમ સ્વીકારવું પડે છે.

આ પ્રમાણે વિચાર કરતાં તો એમજ અનુમાન થાય છે કે ગુજરાતી ભાષા માત્ર પ્રાકૃત ઉપરથી બનેલી નથી પરંતુ પ્રાકૃત, દેશા, અને સંસ્કૃત ભાષા ઉપરથી બનેલી છે. ભાષાની બાબતમાં આગ્રહથી એક પક્ષને સિદ્ધ કરવાને મથવું એ મિથ્યા છે. પ્રાકૃતમાં **काश्मीरनुं कम्हारो, गायनतुं घायणो, गोदावरीनुं गोद्यावरी नमस्कारनुं णमोक्कारो** વગેરે રૂપ થાય છે, જ્યારે ગુજરાતીમાં તે શુદ્ધ સંસ્કૃત રૂપે વપરાય છે અથવા જો તેમાં કંઈ ફેરફાર થાય છે તો તે પ્રાકૃતના નિયમે નહિ પણ કોઈ બીજા જ નિયમે થાય છે.

આ ઉપરથી અત્ર જે ચર્ચા કરવાનું બિંદુ છે તે એજ છે કે, ગુજરાતી ભાષા પ્રાકૃત ઉપરથી બનેલી નથી પરંતુ ઘણે ભાગે પાધરી સંસ્કૃત ઉપરથી જ બનેલી છે. ક્રિયાપદોના સંબંધે, ઘણાં ક્રિયાપદ દેશી ભાષાનાં રહેલાં છે જ્યારે શબ્દો સાવ સંસ્કૃતમાંથી લેવાયલા છે. ભાષાઓના સંબંધે આમ બને એ વાસ્તવિક છે. અમુક ભાષામાં શબ્દો બીજી ભાષાના ઝટ દાખલ થાય છે પરંતુ ક્રિયાપદ દાખલ થતાં નથી. હાલ અંગ્રેજી ભાષા બહુ ચાલે છે અને તેના શબ્દો ગુજરાતી ભાષામાં આવ્યા છે. પરંતુ કોઇ ક્રિયાપદ આવ્યું હોય એમ જણાતું નથી. આવી રીતે શબ્દો સંસ્કૃતમાંથી આવ્યા અને ક્રિયાપદો પરંપરાગત બોલાતી ભાષાનાં એનાં એ રહ્યાં અને ઉભય વિદ્યાની વૃદ્ધિ સાથે સંસ્કાર પામતાં ગયાં એટલે આજ ગુજરાતી ભાષા આવી સ્થિતિએ આવી છે. આના સંબંધે બીજા વિદ્વાનોની ચર્ચા આવ્યા પછી એક પછી એક વ્યાકરણનાં અંગને ઉપાડીશું. પ્રથમ ગુજરાતી ભાષાના મૂળ ઉપર ચર્ચા ચાલવા દેવી એ વધારે યોગ્ય લાગે છે. સર્વે વિદ્વાનોને આના સંબંધે પોતાના મત આપવાને હું આમંત્રણ કરીશ તો તે ખોટું નથી. ગુજરાતી ભાષાને વધારે ખીલાવવી એજ વિદ્વાનોનો ધર્મ છે.

जीवनगति निर्णय.

(અનુસંધાન ગતવર્ષના પૃષ્ઠ ૩૭૧ થી.)

પ્રકરણ ૩ જું.

સામાજિક કાર્યો નિર્દિષ્ટ નિયમોને આધીન છે.

" Step by step the notion of evolution by law is transforming the whole field of our knowledge and opinion. It is not one order of conception which comes under its influence, but it is the whole sphere of our ideas, and with them the whole system of our action and conduct. Not the physical world alone is now the domain of inductive science but the moral, the intellectual, and the spiritual are being added to its empire. ××× It was the last task of the astronomer to show eternal change even in the grand order of our solar system. It is the *crown* of philosophy to see immutable law even in the complex action of human life.

જગતની ભિન્ન ભિન્ન જાતિની પ્રથમાવસ્થાથી વર્ત્તમાન સમય પર્યંતના ઇતિહાસનું વિશેષ રૂપે અવલોકન કરી જોતાં સહજ જોવામાં આવશે કે અપરિપક્વ જાતિનું જીવન (National life) જન વિશેષના જીવનની પેઠે પર્યાય ક્રમે બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે; અને એકેક મનુષ્યના જીવનની પેઠે જાતિય જીવન પણ અવશેષે વિલોપ પામે છે. શું ભારતવર્ષ, શું ગ્રીસ કે રોમ એ સઘળાં પ્રાચીન રાજ્યોનો ઇતિહાસ પણ એ વિષયનું સ્પષ્ટ રૂપે પ્રમાણ આપે છે. પરંતુ જે જાતિય લોકનું જાતિય જીવન અધિકતર પરિમાણે પૂર્ણતાને પામ્યું છે, તે ક્રમે ક્રમે ઉન્નતિને પગથીએ જઈ પહોંચશે. ક્રમશઃ ઉન્નતિ એજ તેઓમાં એક માત્ર પરિવર્ત્તન છે; અને તેથી જ તેવી જાતિઓનાં જીવનમાં અમરત્વનો ભાવ દ્રષ્ટિએ પડે છે.

અતિ કનિષ્ટ એક સામાન્ય અને અપરિચિત જનપદથી ભાવી બહુ વિસ્તીર્ણ ચિરપ્રસિદ્ધ પ્રબલ શૌર્યવાન રોમ રાજ્ય ચઢી ગયું હતું. રોમનો ઇતિહાસ વાંચતાં જણાય છે કે રોમ એક તરતના જન્મેલા બાળકની પેઠે ભૂમિષ્ઠ થઇને કાલ સહકારે પૂર્ણ યૌવન પ્રાપ્ત થઇને પછી તે યૌવન મદે પ્રમત્ત થઇને તેણે તે વખતના જાણીતા સઘળા દેશ પ્રદેશમાં અધિકાર કરવા માટે અભિલાષા કરી પર્યાય ક્રમે યૌવનાવસાને પ્રૌઢાવસ્થા પ્રાપ્ત થતાં જ યૌવન સુલભ પ્રગાઢ તેજસ્વિતા અને પ્રમત્તતાથી વિવર્જિત થયું. અને એ વખતે પ્રૌઢ ઉચિત શાંત ભાવ ધારણ કરવાનાં સાહિત્ય વિજ્ઞાનદર્શન

અને રાજનીતિ વિષયમાં સમધિક અવલોકન કરવાનો આરંભ કરીને યુદ્ધ કિંવા રાજ્ય લાભ તૃષ્ણાનો ધણીકરીતે પરિત્યાગ કર્યો. એ પ્રૌઢાવસ્થા અતિ વાહિત થતાં રોમ રાજ્ય ધીરે ધીરે નિસ્તેજ થવા લાગ્યું એ શેષાવસ્થામાં રોમન જાતિની બીજી ભાવી ઉન્નતિની આશા રહી નહિ માટે બર્બર જાતિએ કરેલા રોમના પરાજયથી તે એકે વારે વિલોપ થઈ. દીર્ઘકાલથી ફલ પ્રાપ્તિ નહિ થયેલ પ્રાચીન વૃક્ષની પેઠે રોમ સમૂળું નાશ પામીને હવે તેના મૂલ દેશથી ઠેકાણે ઠેકાણે નવીન જાતિનાં બીજ અંકુરિત થવા લાગ્યાં.

પ્રાચીન ગ્રીસ રાજ્યનો સમગ્ર ઇતિહાસ વિશેષ રૂપે અવલોકન કરતાં જણાય છે કે ગ્રીક જાતિનું જીવન પણ એજ રીતે ચાર અવસ્થામાં વિભક્ત થઈ શકે છે, એમ સહજ જાણવામાં આવશે.

આપણા દેશના પ્રાચીન પંડિત લોકોએ જે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગ નક્કી કર્યા છે, તેના પ્રાકૃત અર્થ સંબંધે વિવિધ ભ્રમાત્મક સંસ્કાર પ્રચલિત થયા છે કિંતુ વિશેષ રૂપે વિચાર કરી જોતાં સહજ જણાય છે કે સત્ય યુગ જાતિના જીવનમાં બાલ્યાવસ્થા, ત્રેતાયુગમાં યૌવનાવસ્થા, દ્વાપર યુગમાં પ્રૌઢાવસ્થા અને કલિ યુગમાં વૃદ્ધાવસ્થા છે. આર્ય મહર્ષિઓએ દરેક યુગના લક્ષણોનો જે રીતે નિર્ણય કર્યો છે, અને દરેક યુગમાં જે રીતે સાહિત્ય, વિજ્ઞાન, દર્શન અને રાજનીતિ પ્રચલિત છે, તે રીતે જોતાં સ્પષ્ટ જણાય છે કે, જાતિય જીવનની એકએક અવસ્થા એ એક એક યુગ ગણવામાં આવ્યો છે. ચાર યુગનો એક કલ્પ પૂર્ણ થાય છે, અને એક કલ્પની અંતે મહા પ્રલય થઈને પૃથિવીનો લોપ થાય છે, એ પ્રકારે જે કહેવામાં આવ્યું છે, તે વડે પણ નિશ્ચય જણાય છે કે જાતિય જીવનના આદિથી અંતપર્યંતનો જે દીર્ઘ સમય તેને કલ્પ એવું નામ આપીને વ્યાખ્યા કરવામાં આવીછે.

વર્ત્તમાન સમયમાં યૂરોપના દાર્શનિક પંડિતોમાં સમાજ વિજ્ઞાનનું જે રીતે અવલોકન કરવામાં આવે છે, તેજ રીતે આર્ય દાર્શનિક પંડિતોમાં કેટલાક પરિમાણમાં સમાજ વિજ્ઞાનની (Sociology) ચર્ચા પ્રચલિત છે એમાં કંઈ પણ સંદેહ નથી. સમાજ વિજ્ઞાનનાં મૂળ સૂત્રોનું અવલંબન કરીને આર્ય દાર્શનિક પંડિતોએ યુગ નિર્ણય કર્યો છે. કિંતુ કાલાન્તરે અજ્ઞાનતાથી તે યુગાર્થ સંબંધે વિવિધ પ્રકારના કલ્પિત અને ભ્રમાત્મક સંસ્કાર જન્મ પામ્યા છે, આર્ય પંડિતો કોઈ એક વિષયનું જ્ઞાન મેળવે, તો તેઓ તે દરેક ભાવને, અવસ્થાને, અથવા તો વિષયને એક સાંકેતિક ચિન્હ અથવા નામદ્વારા પ્રસિદ્ધ કરીને સાધારણ લોકોને જણાવવાનો પ્રયત્ન કરે છે. આર્યોનાં વ્યાકરણનું અધ્યયન કરતાં જણાય છે કે કેટલાંક સાંકેતિક ચિન્હ કિંવા નામ દ્વારા કેટલાક વર્ણોને કિંવા ધાતુને ઉપજાવીને પછી તે વડે સૂત્રની રચના કરીછે. માટે સામાજિક દરેક અવસ્થાને એક એક "યુગ" એવું નામ આપીને તે નામવડે ભિન્ન ભિન્ન કાલ પ્રચલિત સામાજિક ભાવના કરી છે, એ વિષયમાં કંઈ પણ સંદેહ ઉત્પન્ન થઈ શકતો નથી.

વસ્તુતઃ આપણે પ્રત્યેક પ્રાચીન જાતિનો ઇતિહાસ વાંચીએતો જાતિઓનાં જીવનમાં સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિ એ ચારે યુગના સકલ લક્ષણો જાણી શકીએ. ભિન્ન ભિન્ન પ્રાચીન જાતિની પ્રથમાવસ્થાથી શેષાવસ્થા પર્યંતનાં ઇતિહાસનું વિશેષ રૂપે અવલોકન કરી જોતાં સ્પષ્ટ જણાય છે કે તેઓમાં પરસ્પર સાદ્રસ્યતા રહેલી છે. પ્રત્યેક જાતિનું જીવન એ એક પ્રકારના નિર્દિષ્ટ અને અખંડનીય નિયમ દ્વારા ચિરકાલ પરિશાસિત હોયછે. માટે ભિન્ન ભિન્ન જાતિના ઇતિહાસોમાં જે ઐક્યતા રહેલી છે, તેનો અવશ્ય સ્વિકાર કરવો જોઇએ. એક દેશના લોકની જાતિના જીવનની સાથે બીજા દેશના લોકની જાતિના જીવનની જે સકલવિભિન્નતા જોવામાં આવેછે, તે સઘળી વિભિન્નતાનું મૂળ કારણ કેવળ સ્થાન વિશેષની મૃત્તિકા, જલ, વાયુ, તાપ ઇત્યાદિ વિભિન્નતાજ છે. મનુષ્ય પ્રકૃતિ સકલ દેશમાં સર્વ વખતે એક પ્રકારના નિયમોને આધીન છે, કેવળ બાહ્યિક અવસ્થાની વિભિન્નતાનું બંધન તેઓમાં પરસ્પર જે કંઈ વિભિન્નતા રહેલી છે, તે સિવાય તેઓની પ્રકૃતિમાં બીજા કોઈ પણ પ્રકારની વિભિન્નતાની વિદ્યમાનતા હોવાનો સંભવ નથી. વસ્તુતઃ પ્રત્યેક મનુષ્ય પ્રકૃતિ એક પ્રકારના નિર્દિષ્ટ નિયમોને આધીન છે, એમ સ્વિકારીએ, તો મનુષ્ય સમાજનાં કાર્યો નિર્દિષ્ટ નિયમોને આધીન છે, એમ સહજ સ્વિકારીએ. કિંતુ—મનુષ્ય સમાજ કેવે પ્રકારે બંધાયું છે, અને સામાજિક ઉન્નતિ તેમજ અવનતિ કેવા પ્રકારના નિયમોને આધીન છે, તે પ્રથમથી નક્કી ન કરીએ તો સામાજિક કાર્યો નિર્દિષ્ટ નિયમાધીન છે કે નહિ તે જણાય નહિ એટલા માટે સર્વાગ્રે સમાજ બંધન સંબંધીય મૂલ સૂત્રો બાબત લખવું, એ ખરેખર પ્રયોજનીય જણાયછે. આ પ્રકરણમાં સાધારણ રીતે કેવળ સામાજિક સઘળાં અંગ પ્રત્યંગ લખીને ત્યાર પછી સામાજિક ગતિ સંબંધીય બે એક સાધારણ વિષયની વિવેચનામાં પ્રવૃત્ત થઇશું. કિંતુ ક્રમશઃ પરિવર્ત્તનદ્વારા સામાજિક પરિવર્ધન (social growth by process of evolution) સામાજિક વિશ્લેષણ (theory of social segregation)અને સામાજિક ગતિનો સામ્યભાવ (equilibrium of social movement) એ ત્રણ વિષય આ પછીના પ્રકરણોમાં લખીશું.

પ્રત્યેક નરનારી આ મોટા મનુષ્ય—સમાજના એક એક પરમાણું સ્વરૂપ છે. સકલ પરમાણું સ્વકીય ગતિ (molecular motion) વિવર્જિત થઇને યોગાકર્ષણ દ્વારા એકત્ર થઇને જેમ એક વસ્તુનો આકાર ધારણ કરે, તેવીજ રીતે પ્રત્યેક મનુષ્ય સ્વકીય સ્વાતંત્ર્ય અને સ્વાધિન ગતિ વિવર્જિત થઇને પરસ્પર સામાજિક સંબંધે આબદ્ધ થઇને સમાજગઠિત થાયછે. એક એક પરમાણું જેવી રીતે સ્વકીય ગતિ વિવર્જિત ન થતાં જૂદાં જૂદાં પરમાણુંની સાથે સંમિલિત થઇ શકે નહિ, તેવી રીતે પ્રત્યેક નર નારી પણ એકજ પ્રકારે સ્વકીય સ્વાધીન ગતિ વિવર્જિત ન થાયતો સામાજિક અવસ્થામાં જોડાવાને સમર્થ થાય નહિ. વસ્તુતઃ પરમાણુનો સંયોગ અને વિ-

યોગ સંબંધીય સાધારણ પ્રાકૃતિક નિયમ[૧] મનુષ્યોના સામાજિક સંમિલન સંબંધે સંપૂર્ણરૂપે પ્રયોજનીય છે, એમાં કંઈ પણ સંદેહ નથી. સકલ પરમાણુ જેવી રીતે સ્વકીય ગતિ વિવર્જિત થઇને પરસ્પર સંયુક્ત થતાં સંયોગથી ઉત્પન્ન થયેલ વસ્તુની ગતિ પ્રાપ્ત થાયછે, તેવીજ રીતે પૃથિવીનાં નર નારીઓ પોત પોતાની સ્વતંત્ર ગતિથી વિવર્જિત થઇને સામાજિક સૂત્રથી આબદ્ધ થતાં સામાજિક ગતિ દ્વારા પરિશાસિત થાયછે. એક વસ્તુનું બીજી વસ્તુની સાથે સંમિલન થાય, ત્યાં સુધી સ્વકીય પ્રકૃતિગતગતિ અનુસારે કાર્ય કરે છે. કિંતુ બીજા પદાર્થની સાથે એકત્ર થતાંજ સ્વકીય ધર્મ અને ગતિ વિવર્જિત થઇને સંયોગથી ઉત્પન્ન થયેલ પદાર્થની ગતિ અને ધર્મ પ્રાપ્ત થાયછે. હાઇડ્રોજન અને ઓક્સિજનના સંમિલનથી જલની ઉત્પત્તિ થાય છે. કિંતુ જલમાં હાઇડ્રોજન કિંવા ઓક્સિજનના ગુણ અને ધર્મ પ્રથક્ રૂપે રહી શકતા નથી. ઓક્સિજન અને હાઇડ્રોજન એ બન્નેનું સંમિલન થતાં નૂતન પ્રકૃતિ પ્રાપ્ત થાય છે. મનુષ્યો પણ વિવિધ સામાજિક સાંકળમાં આબદ્ધ ન થાય, ત્યાં સુધી પોત પોતાની સ્વતંત્ર ઇચ્છા દ્વારા પરિચાલિત થઇને એક પ્રકારની જીવન ગતિ ભોગવેછે. કિંતુ ભિન્ન ભિન્ન સામાજિક સાંકળોનો સંબંધ થતાં જ તેવી અવસ્થાનું પરિવર્ત્તન થાયછે. અને તેવી રીતની અવસ્થાના પરિવર્ત્તન નિબંધનવાળી જીવન ગતિનું રૂપાન્તર થઈ જાય છે. ગૃહસંસારમાં જોડાયો ન હોય એવા યુવાનની અવસ્થા કેવળ પોતાના સુખ સ્વચ્છંદતા સંબંધીય ચિન્તા દ્વારા પરિચલિત થાય છે. કિંતુ ગૃહસંસારમાં પડતાંજ તેની પોતાની સુખ શાન્તિની ચિન્તા સાથે તેની સહધર્મિણીની સુખ શાન્તિની ચિન્તા આવી પડેછે, અને તેથી તેની પૂર્વ વૃત્તિની જીવન ગતિનું રૂપાન્તર જે અવશ્યં ભાવી છે, તે સહજમાં હૃદયં ગમ થાયછે. પ્રત્યેક નર નારીનો સામાજિક સંબંધ જેટલો ઘનિષ્ટ હોયછે, તેજ પરિમાણમાં તેની જીવન ગતિ પણ મિશ્ર ભાવ અને જટિલતા પામે છે. અને અવશેષે સામાજિક ગતિએ તેના જીવનની એક માત્ર ગતિ નિર્ણિત થાયછે. માનવોના સંમિલનવડે સમાજ બંધાય છે, કિંતુ સમાજ બંધાયા પછી પ્રત્યેક નર નારીનાં જીવન તે વખતની પ્રચલિત સામાજિક ગતિનો આશ્રય લે છે, સરિતાનું જલ સમુદ્રમાં જઈ મળવાથી સમુદ્ર જલની સાથે મિશ્રિત થઇને જે રીતે એકાકાર થઈ જાયછે, તેજ રીતે પ્રત્યેક નરનારી મનુષ્ય સમુદ્રસ્વરૂપ આ મહાન મનુષ્યસમાજમાં પેસતાંજ સ્વાધીન જીવન ગતિ વિવર્જિત થઇને માનસિક કાર્ય સંબંધે સમાજ યન્ત્રણા અંગીભૂત થઈ જાયછે. એક

[૧] "The change from a diffused imperceptible state, to a concentrated perceptible state, is an integration of matter and concomitant dissipation of motion; and the change from a concentrated, perceptible state, to a diffused, imperceptible state, is an absorption of motion and concomitant disintegration of matter"—Herbert Spencer.

જડ પદાર્થ બીજા એક જડ પદાર્થની સાથે મિશ્રિત થતાં એકાકાર થઇને બન્નેની પૂર્વાકૃતિ લોપ થઈ જાય છે. બને મળીને એક નૂતન આકાર ધારણ કરે છે. કિંતુ માનવ મંડલના સંમિલન દ્વારા સમાજ બંધાઇને તે દરેકની આત્મિક આકૃતિનું રૂપાન્તર ન થતાં પણ તેઓની પરસ્પર માનસિક ગતિમાં સંયોગ ઉત્પન્ન થાયછે, અને એ સંયોગથી ઉત્પન્ન થયેલી ગતિ પ્રત્યેકનું જીવન શાસન કરે છે.

એક એક પરમાણું વિચ્છિન્ન અવસ્થામાં કયે ભાવે સ્થિતિ કરેછે, અને કેવી રીતે આકાર ધારણ કરે છે, તેનો નિર્ણય કરવો એ જેમ આપણને સંપૂર્ણ સાધ્યાતીત છે એવી જ રીતે સામાજિક ભાવ શૂન્ય માનવ પ્રકૃતિ કલ્પનાતીત છે એમ નક્કી થાય છે. એક એક જડ પદાર્થને આપણે પરમાણુઓનો સમૂહ કહીએ છીએ કિંતુ જડ પદાર્થમાંથી આપણે એક એક પરમાણુનું તોલન કરી શકતા નથી. મનુષ્ય સમાજમાંથી પણ એક એક નર નારીને છુટાં પાડીને તેની જીવનગતિનો નિર્ણય કરી શકતા નથી, પ્રત્યેક નરનારી મનુષ્ય સમાજમાં જન્મગ્રહણ કરીને સંપૂર્ણ સામાજિક ભાવ હૃદય ધરીને આપણી સન્મુખ ઉભો રહે છે. માટે સર્વ પ્રકારે સામાજિક ભાવ વિવર્જિત કરેલ અને સ્વતંત્ર ગતિની પ્રાપ્તિ થયેલ નર નારીઓને મનુષ્ય બુદ્ધિ અગમ્ય છે. મનુષ્યમાત્ર ગર્ભથી છુટું થઇને જન્મ ગ્રહણ કરે ત્યારથી કોઈ પણ મનુષ્યનો સંસર્ગ તેને ન થાય, તો તેની જનનીના સંબંધે તેના મનમાં જે સકલ ભાવની ઉત્પત્તિ થાય તે ભાવનિબંધન તેની જીવન ગતિ મિશ્રભાવપ્રાપ્તિ વાળી થાય છે. સૌર જગત્માં જે રૂપે ગ્રહ ઉપગ્રહ પરસ્પરના આકર્ષણવડે પરસ્પર સંબંધે જોડાયા છે, તેજ રીતે બરોબર એક એક માનવ પ્રકૃતિ બીજા માનવોની પ્રકૃતિ સાથે માનસિક આકર્ષણવડે સંયુક્ત રહેલી છે. માટે મનુષ્યની પ્રકૃતિગત ગતિનો સંપૂર્ણ રૂપે વિનાશ ન કરીએ તો તેને સમાજ બંધનથી વિચ્છિન્ન કરી શકાય નહિ. અત્યંત અસભ્ય જાતિમાં પણ વિવિધ સામાજિક બંધન જોવામાં આવે છે. સામાજિક બંધન કોઈ વખત યોગાકર્ષણની (attraction of cohesion) અને કોઈ વખત મધ્યાકર્ષણની (Attraction of gravitation) પેઠે કાર્ય કરે છે. યોગાકર્ષણ શક્તિની ન્યૂનાધિકતા પ્રયુક્ત વસ્તુ કોમલ કિંવા કઠિણ થાય છે. બહિર્જગત્માં આપણે જેટલા પ્રકારના જડપદાર્થ જોઇએ છીએ, તેમાંના કેટલાક અતિશય કઠિન,—જેમ ધાતુ, પાષાણ ઇત્યાદિ, અને કેટલાક છેક કોમળ—જેમ માખણ, જલ, વાયુ, ઇત્યાદિ કિંતુ પથ્થરમાં યોગાકર્ષણનું અતિશય પ્રયુક્તપણું હોવાથી તે અત્યંત કઠિન થયા છે. તેથી ઉલટું જલ, વાયુ ઇત્યાદીમાં યોગાકર્ષણ શક્તિની ન્યૂનતા હોવાથી તેણે એટલી બધી કોમળતા પ્રાપ્ત કરી છે. અસભ્ય જાતિમાં સામાજિક બંધનની દૃઢતાની ખામીને લીધે તેઓનું સમાજ બંધન કોમળ પદાર્થોની પેઠે સહજમાં વિનષ્ટ થઇ જાય છે. કિંતુ સભ્ય જાતિમાં સામાજિક બંધનની દૃઢતા પ્રયુક્ત તેઓનું સમાજસ્થપણું પ્રત્યેક નરનારીની જીવનગતિ પરસ્પરની સાથે એકદમ જડીભૂત થઈ જાય છે, અને એજ પ્રકારે સમાજ સહજમાં અન્ય સમાજના ઘર્ષણથી વિનાશ પ્રાપ્ત થતી નથી.

આકર્ષણ શક્તિ અને ગતિ વગેરે કાર્ય કેવળ જડ પદાર્થમાં પ્રત્યક્ષ છે, એમ નથી; સામાજિક કાર્યોમાં પણ આપણે વિવિધ શક્તિનાં કાર્યો અને ગતિના રૂપાન્તરનું નિરંતર નિરીક્ષણ કરીએ છીએ, આ જગતમાં આપણે જે કોઇ પરિવર્તન જોઇએ છીએ, તેનું મૂળ કારણ કોઈ પણ પ્રકારની શક્તિ છે, તેનો કોઈ પણ માણસ અસ્વિકાર કરી શકશે નહિ.[૧] કોઈ પણ વિષય, ઘટના કે અવસ્થાના કાર્ય કારણનું અવલોકન કરવાને આપણે પ્રવૃત્ત થઇએ છીએ. તો અવશેષે કોઇપણ પ્રકારની શક્તિ એ તેનું મૂળ કારણ છે, એમ નક્કી કરીએ છીએ. શક્તિ વિના કોઈ પણ પરિવર્તન સંભવિત નથી. તથાપિ શક્તિનું મૂળ કારણ શું છે, તે નક્કી કરવું એ મનુષ્યને અસાધ્ય છે. વસ્તુતઃ શક્તિનું મૂળ કારણ આપણાથી અજ્ઞેય અને અપરિજ્ઞાત રહેલું છે. આપણે કેવળ એટલું માત્ર કહીએ છીએ કે સૃષ્ટિ સ્થિતિ પ્રલય કર્તા મંગલ મય વિશ્વનિયંતા એ સકલ શક્તિનું મૂળ કારણ અને મૂળ શક્તિ છે. શું સજીવ કે નિર્જીવ, સકલ પદાર્થ તે એક માત્ર મૂળ શક્તિમાંથી શક્તિ પ્રાપ્ત થાય છે. શક્તિને અનિર્દિષ્ટ કારણનું નિર્દિષ્ટ ફલ ગણીને વ્યાખ્યા કરીએ છીએ. (the conditioned effect of the unconditioned cause). કિંતુ શક્તિનું મૂળ કારણ આપણાથી અપરિજ્ઞાત હોવા છતાં શક્તિનાં કાર્યોમાં નિર્દિષ્ટ નિયમ અને ફલાફલ બરાબર લક્ષમાં આવે છે. શક્તિ સિવાય કોઈ પણ ગતિ ઉત્પન્ન થતી નથી, અને ગતિએ શક્તિના રૂપાન્તર સિવાય બીજું કંઈ જ નથી. જગતના સકલ વિષયોમાં વિવિધ પ્રકારની વિરૂદ્ધ શક્તિ (Antagonistic forces) સ્થિતિ કરીને વિવિધ પ્રકારની ગતિ ઉત્પન્ન કરે છે. કોઈ કોઇ એવું વિચારે છે કે ગત્યુત્પાદન સંબંધીય સકલ સાધારણ

"૧ We come down then finally to force, as the ultimate of ultimates. Through Space, Matter, and motion are apparently all necessary data of intelligence, yet a phychological analysis shows us that these are either built up of, or abstracted from, experiences of force. Space and Time, if we know them, are disclosed along with those different manifestations of force as the conditions under which they are presented. Matter and Motion are concretes built up from the contents of various mental relations; while Space and Time are abstracts of the forms of these various relations, Deeper down than these however, lie the primordial experiences of Force, which, as occurring in consciousness in different combinations, supply at once the materials whence the forms of relations are generalized, and related objects built up."

Herbert Spencer.

નિયમ કેવળ જડ જગતનાં કાર્યોનું પ્રયોજન છે. કિંતુ માનવ જાતિનો સમગ્ર ઇતિહાસ સ્પષ્ટ પ્રમાણ આપે છે કે જાતિય ઉન્નતિ કે અવનતિ સંપૂર્ણ રૂપે ગતિ સંબંધીય નિયમોને આધીન રહેલી છે.

પાછલા પ્રકરણમાં લખ્યું છે કે ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિદ્વારા કોઇએક વસ્તુ ભિન્ન ભિન્ન દિશાઓથી આકર્ષાઇને અલ્પ વ્યાઘાતવિશિષ્ટપથે (Live of least resistance) તે વસ્તુ ગમન કરેછે. અર્થાત્ અલ્પ વ્યાઘાતવિશિષ્ટપથ એજ તે વસ્તુનો ગતિ માર્ગ નક્કી થયેલો હોય છે. સામાજિક કાર્યોની ઉન્નતિ કે અવનતિ સંબંધે એ નિયમ સંપૂર્ણ રૂપે પ્રયોજનીયછે. જગત્માં જ્યારે વિરૂદ્ધ અવસ્થા વાળી વિવિધ પ્રકારની શક્તિઓ એક સ્થાને એક સમયે સ્થિતિ કરે, ત્યારે તેથી જાતિય જીવન અલ્પ વ્યાઘાત વિશિષ્ટ સ્થાને કેવળ પરિવર્દ્ધિત થવાને સમર્થ થાય છે. તેના ઉદાહરણ માટે આપણે એક સાધારણ સામાજિક ઘટનાનું થોડું વિવરણ કરીએ. પ્રત્યેક જાતિય સમાજમાં આત્મ રક્ષાની ઈચ્છા અને વંશ વૃદ્ધિની ઈચ્છા અત્યંત પ્રબલ હોય છે. માટે આત્મરક્ષા અને વંશ વૃદ્ધિની ઇચ્છા રૂપ શક્તિદ્વારા જાતિય જીવન આકર્ષાય છે, અને તેનાવડે પરિચલિત થઇને સમાજસ્થ સકલ નરનારીની શક્તિ તત્ સાધને પ્રવર્ત્તિત રહે છે. આત્મરક્ષા અને વંશવૃદ્ધિના વ્યાઘાતથી ઉત્પન્ન થયેલ શક્તિ સ્વરૂપ અકાલમૃત્યુ, દૂષિત વાયુ, યુદ્ધ અને રોગ વગેરે વિરૂદ્ધ દિશામાંથી જાતિય જીવનને હઠાવીને ઉચ્ચડી દિશામાં આકર્ષણ કરે છે. આ ઠેકાણે એ વિરૂદ્ધ શક્તિદ્વારા જાતિય જીવન આકર્ષાય છે, માટે અલ્પ વ્યાઘાતવાળા માર્ગ સિવાય જાતિય જીવનનો બીજો કોઈપણ ગમનમાર્ગ હોતો નથી. અર્થાત્ દેશના જે જે સ્થાને દૂષિતવાયુ, દૂર્ભિક્ષ, યુદ્ધ અને રોગની શક્તિ અલ્પરૂપે રહેલી હોય છે, તે સઘળા સ્થાને આત્મ રક્ષા અને વંશ વૃદ્ધિની ઈચ્છાસંભૂત શક્તિ કાર્ય કરવાને સમર્થ થાયછે.[૨]

વસ્તુતઃ આપણે જડ જગતના પરિવર્ત્તનમાં ગતિ સંબંધીય જેટલા પ્રકારના નિયમો દેખીએ છીએ, તે સઘળા સામાજિક પરિવર્ત્તનમાં પણ જોવામાં આવેછે. શક્તિ આકર્ષણ અને ગતિના નિર્દિષ્ટ નિયમાધીન કાર્યો શું બહિર્જગત્ કે શું અંતર્

૨. Thus when we contemplate a society as an organism, and observe the direction of the growth we find this direction to be that in which the average of opposing forces is the least. Its units have energies to be expended in self-maintenance and reproduction. These energies are met by various environing energies that are antagonistic to them—those of geological origin, those of climate, of wild animals of other human races with whom they are at enmity or in competition. And the tracts the society spreads, are those in which there is the smallest total antagonism."

Herbert Spencer.

જગત્ સર્વત્ર વ્યાપ્ત રહેલાં છે. વાદ્યયંત્રના તાલમાં જેવી રીતે પરિમાણ યુક્ત સમયાન્તરે પરિવર્ત્તન થાયછે, તેવી જ રીતે કોઈ કોઈ પ્રકારના સામાજિક પરિવર્ત્તન પરિમેય સમયાન્તરે વારંવાર થાય છે. ગતિ સંબંધીય તેવો જ પરિમેય સમયાન્તર ઘટનાનાં કાર્યને (Rhythm of motion) અર્થાત્ ગતિના તાલ કહેવાય છે. સામાજિક ઘટનામાં પણ ગતિનો તાલ સતત્ દૃષ્ટિગોચર થાય છે. કોઈ કોઈ અસભ્ય જાતિ એક સ્થળે બે ત્રણ વર્ષ વાસ કરીને તે સ્થળનો પરિત્યાગ કરી વળી કોઈ ભીન્ન નૂતન સ્થળે વાસ કરે છે. વળી બરાબર બેત્રણ વર્ષ પછી તે નૂતન વાસભૂમિનો પરિત્યાગ કરીને અન્ય સ્થળે ચાલ્યા જાય છે. તેથી પુનઃ નિર્દિષ્ટ સમયાન્તરે એક સ્થાન પરિવર્ત્તનમાં ગતિનો તાલ જોવામાં આવેછે. અસભ્ય જાતિના લોકો પ્રથમતઃ જે સ્થળે વાસ કરે, તે સ્થળે ઉત્પન્ન થયેલ આહારીય દ્રવ્યની અધિકતા તેઓને (લોક સંખ્યા વૃદ્ધિ નિબંધન) તે સ્થાન પરિત્યાગ કરવાનો અટકાવ કરેછે, એ પ્રકારે એક એક નૂતન સ્થાનનાં આહારીય દ્રવ્યની અધિકતા નિબંધન તેઓના નિર્દિષ્ટ સમયાન્તરે તે તે સ્થળ પરિત્યાગ કરે છે. માટે નૂતન આવાસભૂમિ ગ્રહણ કરવામાં અને પરિત્યાગ કરવામાં પરિમેય સામયાન્તરિક કાર્ય અને પ્રતિકાર્ય જોવામાં આવે છે. કિંતુ દેશીય આભ્યન્તરિક વાણીજ્ય ઇત્યાદિમાં ગતિનો તાલ વિશેષ રૂપે જોઈ શકાયછે. મનુષ્ય સમાજની બાલ્યાવસ્થામાં વિનિમયકાર્ય (Exchange) સાંવત્સરિક (annual) કિંતુ લોક-સંખ્યા વૃદ્ધિ સહકારે સામાજિક બંધન જેટલું પરિવર્દ્ધિત થવા લાગે, તેટલું વિનિમયકાર્ય સંપાદનાર્થ સપ્તાહે સપ્તાહે ચૌટે ચકલે જોવામાં આવે. ત્યાર પછી ઉન્નત સામાજિક અવસ્થામાં વિનિમયકાર્યનાં સુવિધાર્થે દૈનિક બજારની આવશ્યકતા થઈ પડે, તેથી સહજ સિદ્ધ થાય છે કે લોકની પ્રયોજનીય વસ્તુ પ્રાપ્તિની ઇચ્છા એક શક્તિના જેવું કાર્ય કરીને જે પરિમાણમાં ગતિ ઉત્પન્ન કરે છે, તે જ પરિમાણમાં પ્રયોજનીય વસ્તુની અભાવ મોચન ઇચ્છાનું કાર્ય શક્તિ સંચાલન પૂર્વક મનુષ્ય સમાજની ગતિમાં તાલ સંસ્થાપન કરે છે.

ગામડાની મગરુરી.

(લખનાર—ડિ. એન. પંડિત.)

ઈંગ્લંડના દૂરના ગામડાંઓમાં ભટકતાં ભટકતાં, એક વખત હું વગર પગથિયાળે રસ્તે ચાલ્યો ગયો, અને બપોર થયા ત્યારે એક નાનું ગામડું દેખાયું, અને ત્યાં હું જરા થાક ખાવા બેઠો. મોટા ભવ્ય રેલ્વે સ્ટેશનોવાળાં શેહરોના કરતાં આ ગામડાના લોકોની મુખમુદ્રા ઉપર પ્રાથમિ શુદ્ધતાની છાંટ પડેલી મ્હારા જોવામાં આવી. આજ ગામડામાં રાત રહેવાનો મેં નિશ્ચય કર્યો, અને તેથી નાસ્તો પાણી કરી હું ગ્રામ્ય સૌંદર્યની મજા લેવા બ્હાર નિકળી પડ્યો.

જેમ કોઈ પરદેશી મુસાફર અનિયમિતપણે આમથી તેમ ભટકે છે, તેવી રીતે ફરતાં ફરતાં તે ગામડાની પાદરે એકેલા એક દેવળ તરફ હું ચાલ્યો ગયો. બરાબર

તે દેવલ એક આશ્ચર્યતાનું સ્થાન હતું—તેનું જુનું પુરાણું શિખર આઇવી (ivy) નામની લીલી વેલીઓથી આચ્છાદિત થઈ ગયું હતું, તેથી, ઉંચો સુરજ, બુરી દીવાલનો ખુણો, અને કડીયા કારીગરીનો શણગાર કદિ કદિ કુદરતી લીલા ગલીચામાંથી, ડોકીયાં કરતાં હતાં. સંધ્યા સમય પણ બહુ રમણીય લાગતો હતો. પ્રભાતમાં જરા વાદળાં ચઢી આવ્યાં હતાં, અને વરસાદની છાંટ પડી ગઈ હતી; પણ સાંજ પડતાં આકાશ ઉઘડી જઈ સ્વચ્છ થયું હતું, અને જોે કે કેટલાંક અડીયલ વાદળાંના કકડા માથા ઉપર ઝઝુમી રહ્યા હતા, તોપણ પશ્ચિમમાં ચીપોના જેવો ચળકાટવાળો પ્હોળો લીસોટો પડ્યો હતો, અને વરસાદ આવી જવાથી વૃક્ષન. ટપકતાં પાંદડાંમાંથી આથમતા સૂર્યનું તેજ ઝળહળ થઈ રહ્યું હતું, તથા આખી કુદરત ગંભીર હાસ્યથી સ્મિત કરતી હોય તેવું દેખાતું હતું. પૃથ્વીમાંનાં પાપો અને ઉદ્વેગો ઉપર હસતા, અને પોતાની પડતીમાં ગાંભીર્યતાથી કીર્ત્તિ સાથે ફરીથી ઉગવાની ખાત્રી આપતા ભલા ક્રીશ્ચનની છેલ્લી ઘડીના જેવો આ દેખાવ મ્હને લાગ્યો.

એક પથરનાં ઉપર હું બેઠો હતો. અને જેમ કોઈ આવા ગંભીર વિચાર શીળ વખતે પશ્ચાત દેખાવો અને કિશોર મિત્રો—દૂરના અથવા ગત થયલા સ્નેહી વિષે વિચાર ગ્રસ્ત બને—તેમ હું તદ્દન તલ્લિન થઈ ગયો હતો; તથા અતિ આનંદના કરતાં પણ આવી ગમગીનીવાળી કલ્પનામાં મને ઘણીવાર લ્હેર આવી જતી. વારે ઘડીએ પાસેના સુરજપરથી ઘંટનો ટકોરો મારા કાન સાથે અથડાતો; તેનો અવાજ સર્વ દેખાવમાં સામ્યતા ભરેલો હતો, અને કર્ણેન્દ્રિયને કઠોર લાગ્યા વિના, મારી લાગણીઓ સાથે તે અવાજ આલાપ કરતો હતો, તથા થોડીવાર પછી મને યાદ આવ્યું કે, કબરસ્તાનના નવા ઘરાકની આગાહી કરનાર આ ઘંટ ધ્વનિ છે.

તરતજ તે ગામડાની બ્હાર નિકળતું ડાઘુ—મંડળ મારી દૃષ્ટિએ પડ્યું. તેને એક ગલીમાં પેસતાં મે જોયું, પછી પાછું દેખાયું નહીં, અને થોડીવારે કાંટાની વાડની બાજુએથી બ્હાર નીકળી, હું જે જગાએ બેઠો હતો. તે જગાએથી, પસાર થયું, સફેદ વસ્ત્ર ધારી જુવાન છોકરીઓ પ્રેત—પટને ટેકો આપી, ચાલતી હતી, અને બીજી એક સત્તર વર્ષની છોકરી ધોળાં ફુલની માળા તથા ધોળાં હાથનાં મોજાં લઈ સૌની આગળ ચાલતી હતી; એ નિશાનીપરથી પ્રેક્ષકને એમ માલમ પડ્યું કે મરનાર જુવાન અને અને કુમારિકા હતી. મુડદાંની પાછળ તેનાં માબાપ ચાલતાં હતાં. તેઓ ગામડીયાના સમુદાયમાં જરા ખાતાં પીતાં અને સ્વચ્છ હતાં. મરનાર છોકરીનો બાપ પોતાની લાગણીને દાબતો હોય એવું જણાતું હતું; પણ તેની બેબ્હાકળી આંખ, કરચલિવાળું કપાળ અને કાળાશ મારતું મુખ જોતાં માલમ પડતું કે તેના અંતઃકરણમાં વેદના ઘણી થતી હતી. તેની સ્ત્રી પોતાના ધણિના હાથપર ટેકો દઈ માતૃ—પ્રેમના ઉછળતા ઉભરાથી દડદડ આંસુ પાડતી આક્રંદ સહિત ચાલતી હતી.

તે ડાઘુ—મંડળની પાછળ પાછળ હું પણ દેવલમાં ગયો. તે મુડદાંને દેવલના મધ્ય ભાગમાં મૂકવામાં આવ્યું, અને ધોળાં ફુલની માળા તથા હાથના ધોળાં મોજાં

તે મુડદા ઉપર અદ્ધર લટકાવ્યાં હતાં. સ્મશાન ભૂમિમાં મરણ ક્રિયાનો હૃદય-વેધક દેખાવ દરેક માણસે જોયો હશે ! કારણ કે એવો કોણ ભાગ્યશાળી હશે કે જેને કદિ પણ સ્મશાને જવાનો અને પોતાના વ્હાલાંના મૃત્યુ પાછળ ચાલવાનો, વખત નહીં આવ્યો હોય ?! નિર્દોષતા અને સુંદરતાની પ્રતિમારૂપ પ્રેતને દાટતાં જોવું એ દેટલું હૃદય વેધક લાગે છે! કબરને અતિ સાદું પણ અતિ ગંભીર અર્પણ-માટીમાં માટી-રાખમાં રાખ-ધુળમાં ધુળ-કરતાં, તે મરનારથી જુવાન સાહેલિઓની આંખમાંથી અખંડ અશ્રુધારા વેહવા લાગી. બાપ પોતાની વેદના દાબવાને તરફડીયાં મારતો હતો, અને માત્ર એવા વિશ્વાસથી દીલાસો લેતો હતો કે મરનાર પ્રાણીઓ ઇશ્વર પાસે વધારે સુખ ભોગવશે; પણ તેની માતો એનજ વિચારતી કે મારી છોકરી આવળના ફુલ જેવી હતી અને હજુ ખીલતી કળીમાંથી જ આ પ્રાણ ઘાતક અનાવ શો બન્યો ? ! રાચેલની માફક તે છોકરાંઓ પાછળ દીલગીરી કરતી અને દીલાસો કદી પણ ધરતી નહિ.

ઘેર આવતાં, એ મરનારનો સંક્ષિપ્ત ઇતિહાસ મારા જાણવામાં આવ્યો. એનું વૃત્તાંત ઘણું સાદું અને સરળ છે, મરનાર છોકરી ગામડાની ખુબ સુરતી અને મગ-રૂરીરૂપ ગણાતી હતી. તેનો બાપ પહેલાં પૈસાદાર જમીનદાર હતો, પણ પાછળથી હાલત જરા નબળી આવી ગઈ હતી. મરનાર તેની એકની એક છોકરી હતી, અને ગ્રામ્ય જીંદગીની સાદાઇમાં તે ઉછરેલી હતી; ગામડાના પાદરીની તે માનીતી શિષ્ય હતી, અને તે પાદરી પિતૃ-ભાવથી તેની કેલવણી પાછળ ખંત રાખતો હતો; સ્ત્રીને યોગ્ય તથા ઉપયોગી હોય એવી કેળવણી અપાતી હતી; કારણ કે જીંદગીના વ્યવહારમાં ભૂષણ-રૂપ થવાને તે પાદરી કેલવણી આપતો હતો, નહી કે, બી. એ. મે. એ. નું જ્ઞાન આપી સ્ત્રી છતાં સ્ત્રી વ્યવહારમાં અજ્ઞાન રાખવી. તેના માબાપને લાડકી હોવાથી અને ઘરના કામકાજમાંથી મુક્ત રહેવાથી તેના સુંદર નાજુક અવયવ વધારે સુશો-ભિત લાગતા હતા અને બગીચાના કુમળા છોડ જેવી તે દેખાતી હતી.

તેની ખુબસુરતીની શ્રેષ્ઠતા તેની સહચારિણીઓ કબુલ કરતી પણ દ્વેષબુદ્ધિ વગર; કારણ કે દંભ વગરની મૃદુ સરળતા અને રીતભાતમાં ધ્યાન ખેંચતી મમ-તામાં તે સર્વોપરી ગણાતી હતી. જુની ઇંગ્રેજી રીત ફદીવાળી એકાંત જગાએ આ ગામડું આવ્યું હતું. ગ્રામ્ય ઉજાણીઓ, અને તહેવારો રમતગમતો ત્યાં થતી અને મે (માસા)ના તહેવારની પ્રસિદ્ધ ક્રિયાનો કંઈક અંશ હજુ આ ગામડામાં દેખાતો હતો. હાલનો પાદરી જુના રીવાજનો હીમાયતી છે, અને એવો ભલો ક્રીશ્ચન છે જે એમ સમજે છે કે મ્હારૂં ધર્મપ્રસારાર્થ નિયુક્ત કાર્ય (Mission) પૃથ્વીમાં હર્ષ અને મનુષ્ય સમુદાયમાં ભલી લાગણી વધારવાનું જ છે. તેના આશ્રય હેઠળ તે ગા-મડાના વચલા ચોરામાં મે-દંડ (May-Pole) વર્ષોવર્ષ ઉભો કરવામાં આવતો. મે-દીવસે (May-day) તે મે-દંડ ઉપર માળાઓ તથા અસંખ્ય ફુલો વધાવવામાં આવતાં અને મે-રાણી (Queen of May) દર વર્ષે નવી નવી નીમાતી રમત

ગમતોની સરતનું ઇનામ પોતાને હાથે વ્હેંચતી હતી, અને ગ્રામ્ય કુદરતની રમ્ય ચિત્રાવલિનું સ્થાન તથા રમત ગમતોની વિચિત્રતા, દરેક મુસાફરનું ધ્યાન ખેંચ્યા વગર રહે એવાં નથી. એક મે-દીવસે જુવાન લશ્કરી સરદાર જેની પલટણ તે ગામડાની નજદીકથેાડા વખતથી પડાવ નાખી રહી હતી તે ત્યાં આવ્યેા, અને ગ્રામ્ય સરળતામાં મે-રાણીની ખુબ સુરતી જોઇ વિસ્મિત બન્યેા. ફુલોથી શણગારેલી ગા-મડાંની મગરૂરી રૂપ તે છોકરી નિર્દોષ આનંદના રમણીય ઉત્સાહમાં શરમાળ પણે મ્હોં મલકાવતી હતી. ગામડીયા રીતભાતની સાદાઇથી તે સરદાર તેણીની ઓળ-ખાણ કરવા ભાગ્યશાળી થયેા, અને ધીમે ધીમે સહવાસમાં વધારે આવતેા ગયેા; અને જેમ ખીન્ન જુવાન સરદારેા ગામડાંની છોકરીઓ સાથે અડપલાં કરી નાસી જાય છે તે પ્રમાણે આ સરદારે કરવા ઉચિત ધાર્યું નહી. તે કદિ પ્રેમી શબ્દોનું ઉચ્ચારણ કરતેા નહતેા, પણ શબ્દના ઉચ્ચારણ કરતાં પ્રેમના ખીન્નં ચિન્હેા વધારે અસરકારક રીતે હૃદયમાં પ્રવેશ કરે છે. ચક્ષુનેા પલકારેા, અવાજનેા રણકેા, ચેહેરેા અને ચારિત્ર્ય-તેજ પ્રેમનાં ખરાં ચિન્હેા છે, જે આપણને લાગે છે તથા સમજાય છે, તેનું વર્ણન કદિ થઈ શકતું નથી.

તે છોકરી સ્વભાવિકપણે તેના ઉપર પ્રેમ રાખતી થઇ; દરેક વિચાર અને લાગણીને મશગુલ કરનાર ઉગતેા પ્રેમાગ્નિ શું છે અથવા તેના પરિણામ કેવાં છે-એ ભાગ્યે જ તે વિચારતી. જ્યારે તે હાજર હોય ત્યારે તેના ચહેરા અને શબ્દોમાં તેણીનું ધ્યાન પરોવાતું, અને દૂર હોય ત્યારે એ વચ્ચે શું વાતચીત થઇ હતી તેનું જ સ્મરણ તેણીના ધ્યાનમાં રમતું હતું. તે સરદારની સાથે સાંકડી નેળોમાં ફરવા જતી. તે ઘણી સભ્ય ને સુધરેલી ભાષામાં વાત કરવા લાગ્યેા, અને કવિતા તથા કલ્પિત કથાઓની ભુતાવલિનું કંઈક કંઈક ભાન કરાવવા લાગ્યેા.

બન્ને જાતિ વચ્ચે, આ નિર્દોષ છોકરીના પવિત્ર પ્રેમ જેવેા ખીજાને પ્રેમ ભા-ગ્યેજ વસતેા હશે ! લશ્કરી પોશાકનેા ભપકેા કોઈ પણ સાધારણ સ્ત્રીને લલચાવવાને બસ છે; પણ આ છોકરીનું અંતઃકરણ બાહ્ય વસ્તુ ઉપર મોહિત થઈ ગયું નહતું. તેના પ્રેમમાં તેા ઈશ્વરી ભક્તિ જેવી પુન્ન પ્રદર્શિત થતી હતી. ઉંચી પંક્તિના પુરૂષ તરીકે તે છોકરી તેને માન આપતી હતી. કુદરતી રીતે નાજુક હોવાથી તેના સહ-વાસમાં તે કવિત્વ ઉત્સાહવાળી થતી ગઈ, અને સર્વ સુંદર સૃષ્ટિનું બારીક નિરી-ક્ષણ કરવાનું જ્ઞાનપણ એનાથી જ આવતું ગયું. ફુળ અને દ્વલાના નિંધ નિયમનું તેને સ્વપ્ને પણ ભાન નહતું. ગ્રામ્યરીતભાતના કરતાં બુદ્ધિમાં, વર્ત્તનમાં, ને વાણીમાં પડતા તફાવતથી જ એનેા સ્નેહ વધતેા ગયેા. જ્યારે તે વાત કરતેા ત્યારે મે-રાણી એકાગ્ર ચિત્તે સુકભાવિન આનંદમાં નીચી દૃષ્ટિ રાખી સર્વ સાંભળતી અને તેના ગાલ ઉપર ઉત્સાહની લાલી ચઢી આવતી; અથવા જો કદિ શરમાળ પ્રેમની વાંકી

નજર નાખતી પણ તુરતજ આંખો નીચી ઢાળી પોતે પોતાના મનમાં લજ્જાતી માલમ પડતી હતી.

તેને સરદાર પણ તેણીના જેટલાજ પ્રેમના આવેશમાં આવેલો હતો. આવો સંબંધ અનાયાસે હસતાં હસતાં બંધાતો ગયો; કારણ કે તેણે તેના બીજા લશ્કરી ભાઇબિંધોને, ગામડાંની છોકરીઓ સાથે કરેલાં પરાક્રમોની બડાઇ અને પોતાની જવાંમર્દીના ઝુંડા વિષે વાત કરતા ઘણીવાર સાંભળ્યા હતા. પણ તેનું અંતઃકરણ એવી રખડતી વિષયી જીંદગી ભોગવી હજુ બ્હેર મારી ગયું નહતું. જે યોગ્ય સ્થાનકેથી અગ્નિ સળગવો જોઇએ તેવીજ જગાએથી આ પ્રેમાગ્નિ પ્રજ્વલિત થયો હતો, અને પોતાની સ્થિતિનું જ્ઞાન આવે તે વેહમાંજ તે પ્રેમમાં લુબ્ધબની ગયો હતો.

આ પ્રમાણે આવી વગર વિચારી અને ઉતાવળી મહોબતમાં વિઘ્નો ઘણાં આવે છે. જનમંડળમાં ગણાતું મોટું કૂળ, કૂળેકૂળના લગ્ન સંબંધનો વ્હેમ, મગરૂર અને હઠીલા પિતાનું ઉપરીપણું વગેરે અનેક વિઘ્નોથી લગ્નની ગ્રંથી બંધાવી મુસ્કેલ લાગવા લાગી. પણ જ્યારે આવી કોમળને શ્રદ્ધાળુ નિર્દોષ છોકરી ઉપર તે નજર કરતો ત્યારે તેની રીતભાતની સ્વચ્છતા, વર્ત્તનની શુદ્ધતા, અને દેખાવની રમણીયતા જોઇને બધા કૂળના વિચારો ખુડી જતા હતા. વળી ભપકાદાર ગણાતા મનુષ્યોની બેવફાઇના દાખલા લઈ પોતાના મન સાથે ધીરજ ધારવાનો પણ પ્રયત્ન વ્યર્થજતો હતો, અને સ્ત્રીની પવિત્રતાના હલકા વિચારથી ઉમદા વિચારનો પ્રવાહ ભસ્મિભૂત કરવા ઘણું મથન કર્યાં પણ વ્યર્થ. જ્યારે જ્યારે તે મળતો ત્યારે તેની આસપાસ કુમારીકાની શુદ્ધતાની અદ્ભૂત પ્રણય વાળી મોહિનીની મોહજાળ પ્રસરેલી લાગતી અને તે મોહજાળમાં દૂષિત વિચાર કદિપણ પ્રવેશ થવા પામતો નહિ.

તે લશ્કરને દૂરના ભાગ ઉપર ઉપડી જવાને એકદમ આવેલા હુકમે મનની ગભરામણનો અંત આણ્યો. થોડા વખત સુધી ઘણાંજ દુઃખમય અનિશ્ચિતપણાની વેદનામાં તે ગરકાવ રહ્યો; નિકળવાના દિવસ સુધી પોતે કુમારિકાને ખબર આપવી કે નહિ તેજ વિચારોમાં દિવસો વ્યતીત થયા, અને એક સાંજે જ્યારે બન્નેજણાં ગામડાંની કાંટાવાળી વાડોની પગથિમાં પ્રેમ–વિનોદમાં ફરતાં હતાં ત્યારે તેણે એકદમ આ વાત કરી છેલ્લા પ્રણામને સ્વિકારવાની વિનતિ કરી.

છુટા પડવાનો કે વિયોગનો વિચાર તે છોકરીની કલ્પનામાં પણ ઉત્પન્ન થયેલો ન હતો, તેથી તેની આનંદીભિના રમ્ય સ્વપ્નનો પડદો ફરી ગયો, અનિવાર્ય અને અચાનક દુઃખની લાગણીથી તેની આંખો સ્થિર થઈ ગઈ, અને નાદાન છોકરાં ગોઠે મોટે અવાજે રડવા લાગી.

અપૂર્ણ.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. જુલાઇ. સને ૧૮૯૬. અંક ૭ મો.

કિંચિત્.

(મળેલું.)

(૪)

ગીતિ.

એક હઠીલા ભ્રમરે, આગ્રહ કીધો નીકળવા બારી,
દ્વાર હતાં ભીડેલાં, અને હતી જે જડિત કાચવતી. ૧
છિદ્ર મળે નહિ એકે, સર્વ દિશાએ શોધ કરી ચૂકયો,
ગુંજારવ કરતો તે, અભિમાનમાં ભાન સર્વ ભૂલ્યો. ૨
જેમ કાષ્ટ ભેદન છે, સ્હેલું તેવાં અન્ય કાર્ય માની,
કાચ કોરવા ઇચ્છે, મારી સપાટા પાંખ વડે ભારી. ૩
નિષ્ફલ ફાંફાં માર્યાં, વ્યર્થ ગયા સૌ યત્ન, કલાક ગયો,
બીજી એક બારીથી, ખિન્ન થઇને ગણગણતો નાઠો. ૪
એમ જ સંસારે આ ભૃંગ તરંગે ઉચ્છૃંખલ ચાલે,
ન કરૌં કર્મ સન્માર્ગે, વૃથા કાલ ઉન્માદ વિષે ગાળે. ૫
સાધન સરલ ન શોધે, સફલ થાય નહિ અર્થ એક એનો,
આ કારણ નરનારી, સત્કાર્યો, નીતિ રીતિ અનુસાર કરો. ૬

નિર્ગુણ.

"અવયવ રુપી ચાકરો" અને "દેહ રુપી ગેહ વિષે"

કવિત.

હાથ મને નવરાવે, ખવરાવે, પીવરાવે,
ખિજાનું ખિજાવી સાફ મને સુવરાવે છે;

કાંઈ કષ્ટ થાય તો પંપાળે મને પ્રીત કરી,
આવે કોઈ મારવા તો હાથ આડા આવે છે;
ચાર ચાકરો મળીને ચાકરી ન કરી શકે,
બહુ સારી એવી મારી ચાકરી બજાવે છે;
કહે દલપતરામ, જે કહું તે કરે કામ;
ઈશ્વરે આપેલા એ તો કિંકર કહાવે છે. ૧

દેહ રૂપી ગેહ એહ ઈશ્વરે બનાવી આપ્યું,
તેમાં રૂડી રીતિનું રસોડું પાણીયારું છે;
દળવાની ઘંટી અને ખાંડવાનો ખાંડણીયો,
કડછી[૧] હલાવાની તે કરે કામ સારું છે;
ધમવાની ધમણ છે, જાગતી રહે છે જ્યોત,
દીવા એ અખંડ બળે, ટાળે તે અંધારું છે;
કહે દલપતરામ, વહે નળ ઠામ ઠામ,
ઈશ્વરે આપેલું એવું ભલું ઘર મારું છે. ૨

કાન રૂપી મિત્ર બેય કરતારે કરી આપ્યા,
જેવી સાંભળે તે વાત મને સમજાવે છે;
દૃષ્ટિ રૂપી દાસી બેય, દેખે તેવું કહી દે છે,
છાનું ન છુપાવે એની નજરે જે આવે છે;
નાસિકા સુગંધ દુરગંધ સમજાવે મને,
ચાલી જવું ઘટે જ્યાંથી તે મને ચેતાવે છે;
કહે દલપતરામ મન રૂપી મિત્ર વળી,
યોગ્ય કે અયોગ્ય કૃત્ય બધું તે બતાવે છે. ૩

પગ રૂપી પાયદળ, પ્રભુએ આપ્યા છે મને,
વાહનનું કામ પણ, સારી રીતે સારે છે;
ભડકે જો ઘોડું બુંડી, ખાડમાં ભમાવી નાંખે,
હાથમાં ન રહે હાથી, ગાંડો થાય ત્યારે છે;
મનની ઇચ્છા પ્રમાણે, વાટે ચાલે પગ મારા,
ચાબુકે ચલાવવા ન પડે કોઈ વારે છે;
કહે દલપતરામ, કરે મન ધાર્યું કામ,
પ્રભુએ આપેલા એવા પગ જોડ મારે છે. ૪

જ્ઞાન રૂપી સારું ધન, સંઘરવા શક્તિ સમ,
અંતઃકરણ રૂપી, ભલોજ ભંડાર છે;
સચ્ચાઇ જુદાઈની જુદાઈ બુદ્ધિ ભાઈ કરે.

૧. જીભ.

ચિંતવું પ્રભુને એવો, ચિત્તનો વિચાર છે;
આ લોકમાં અતિ ઉપયોગી મારે એજ ધન,
અંતે પણ એજ મારી સાથે આવનાર છે;
કહે દલપતરામ, કરવાનું એજ કામ,
મનુષ્યનો દેહ પામી, મુલક મોઝાર છે. ૫

૬૦ ૬૦ ૬૧૦

"समालोचक" अने "सोशियल कॉन्फरन्स"

"સમાલોચક" નામના એક નવા જન્મ પામેલા માસિક ચોપાનીઆએ પોતાની બાલ્યાવસ્થામાંથી જ સંસારસુધારા તરફ પોતાનું શત્રુત્વ પ્રગટ કર્યું જણાય છે. એ પત્રના બીજા અંકમાં પૃ. ૬૮ મે "સાંસારિક મહામંડળ" એ મથાળા નીચે એક વિષય છે; તેમાં સુધારા અને સુધારાવાળા વિશે જે વિચાર દર્શાવ્યા છે તેને સંબંધે બે બોલ કહેવાની જરૂર છે.

હાલ જ્યારે નૅશનલ કૉંગ્રેસના પક્ષકારો, હિંદુસ્થાનની બધી પ્રજાઓ વચ્ચે એકત્વ છે, બધી એક જ પ્રજા છે, એમ બતાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે જ પરિષદના હિમાયતીઓમાંના કેટલાક, સોશિયલ કૉન્ફરન્સ જૂદું પડ્યું અને પ્રજામતમાં એટલે પ્રજામાં બે વિભાગ થયા તેથી આનંદ પામનારા છે; અને તે આનંદમાં "સમાલોચક" પણ બાળકની પેઠે ભાગ લે છે તે જોઈ ખેદ થાય છે. "અર્થાત્ પુનાના સંક્ષોભે પાછી ગુર્જર જનમંડલમાં મીલો (મીશ?) બાંધી આપી છે" આમ ગર્વથી બોલનાર "સમાલોચક" પોતાનું નામ સાર્થક ન કરે એમાં નવાઈ છે? નામ "સમાલોચક" છતાં કેટલી ટૂંકી નજરથી જુવે છે એ ઉપરના જ વાક્યથી જણાશે. નૅશનલકૉંગ્રેસવાળાને સંસાર સુધારો બીલકુલ પસંદ ન હોય તો પણ ગયા વર્ષમાં જે બે વિભાગ થઈ ગયા તેથી કૉંગ્રેસના જ હિતને કેટલું નુકસાન છે એની "સમાલોચક" ની બાળકબુદ્ધિને શી ખબર પડે? આવી જ બાળકબુદ્ધિ બે બે માસના બાળકે સંસારસુધારાના વિષય વિશે ચર્ચા કરતાં અને સુધારકોની ખોડ કાઢતાં બતાવી છે તે આગળ જતાં જણાશે. સુધારાની અપેક્ષા તો "સમાલોચક" ના કહેવા પ્રમાણે નવા જૂના, જુવાન ઘરડા, ભણેલા અભણ વગેરે સર્વ કોઈ સ્વીકારે છે, પરન્તુ વિરુદ્ધતા માત્ર તે સિદ્ધ કરવાની રીતિને સંબંધેજ છે. સુધારકો આટલું પણ જાણીને સંતોષ પામશે; કેમકે કેટલાંક વર્ષ ઉપર તો સુધારાની જરૂર જ સ્વીકારાતી નહિ (હમે તો ધારીયે છીયે કે હજી પણ સુધારાની જરૂર નથી એમ માનનાર અનેક મનુષ્યો છે; પરન્તુ "સમાલોચક"

નું વાકય કબૂલ રાખવાથી સુધારકોને હાનિ નથી) અને હાલ સુધારાની અપેક્ષા છે એટલું પણ વિરુદ્ધ પક્ષ કબૂલે છે તો સુધારકોનો કાંઈક વિજય થયો મનાય. "ધાંધલ કરવાથી સુધારો થનારો નથી" એમ કહેનાર "સમાલોચક"ને હમે કહીએ છીએ કે આટલાં વર્ષ ધાંધલ કર્યું તો જ "સુધારાની અપેક્ષા તો છે જ" એ વચન તમારા મુખમાંથી આજ નીકળ્યું. "સમાલોચક" ના કહેવા પ્રમાણે "સુધારકો એક ઘાના બે કડકા" કરતા નથી. સુધારકો પણ ધીરે ધીરે જ સુધારાનાં કામ કરવાનું કહે છે; પરન્તુ સુધારકોના "ધીરે ધીરે" માં અને "સમાલોચક"ના "ધીરે ધીરે" માં અન્તર એટલું છે, કે સુધારકો ધીરે ધીરે પ્રયત્ન કરવાનું, દૃષ્ટાન્ત આપવાનું વગેરે કૃત્ય કરવાનું કહે છે; અને "સમાલોચક"ના "ધીરે ધીરે"નો અર્થ હાથ પગ જોડી, મુખ બંધ કરી બેશી રહેવું, જે થાય તે જોયા કરવું તથા વખત અને વિદ્યાનો પ્રચાર બધું કરશે એમ આશા રાખી આવ્યા તેવા પાછા જવું એટલો બધો થાય છે.

"સમાલોચક" કહે છે કે "પહેલે પગલે જ વિધવાવિવાહ હાથ ધર્યો અને સારા નઠારા ઘરની વિધવાઓને સમજાવી, ચડ જા બેટા સૂળીએ ઈશ્વર ભલા કરેગા ના જેવું કરવા માંડયું. લોક લાગણી સામે થઈ અને થાય તેમાં નવાઈ શી? કારણ કે પગથીએ પગથીએ કામ ન લેતાં સુધારકોએ તો શિખર ઉપરથી જ પડતાં નાંખવા માંડયાં" વગેરે. હમે "સમાલોચક" ને પ્રશ્ન કરીયે છીએ કે વિધવાવિવાહની બાબતમાં "પગથીએ પગથીએ" કામ કેવી રીતે લેવાય? કદાચ એમ કહેવામાં આવશે કે આરમ્ભમાં કુમારિકા વિધવાઓ અને બાળવિધવાઓનાં લગ્નને ઉત્તેજન આપવું જોઈતું હતું અને મ્હોટી વિધવાઓના વિવાહ રોકવા જોઈતા હતા. પરન્તુ આમ પણ સમાલોચકનો કહેવાનો હેતુ જણાતો નથી કારણ કે "હવણાં તો હમે પુનર્લગ્નની વિરુદ્ધ છીયે" એમ કહી વિધવાવિવાહની વિરુદ્ધ પોતાનો મત દર્શાવે છે; પણ બીજા જ વાકયમાં એ પ્રતિબંધને પોતે જ કુધારો તો કહે છે-"એના ઉપર વિચાર કરતાં એ એક એવો જડ ઘાલીને બેઠેલો કુધારો છે" વગેરે. કુધારો માનવા છતાં હાલ તો સમાલોચક એની વિરુદ્ધ છે. તો પણ એમની ખાત્રી નથી કે એ કુધારો છે કે કેમ; એ વાકયના પહેલાં કેટલેક અન્તરે (પૃ. ૭૧) કહે છે "વસ્તી ઉપર અંકુશ મૂકવાને માટે વિધવાવિવાહનો નિષેધ છે એમ કોઈ અર્થશાસ્ત્રને આધારે કહે તો તે શું બોલ્યું?" "સમાલોચક" બાળક છતાં તેને એટલી તો ખબર હશે કે વસ્તી કાંઈ એકલી સ્ત્રીથી વધતી નથી. પુરુષ અને સ્ત્રી બન્નેને લીધે વસ્તી વધે છે; તો વસ્તી ઉપર અંકુશ રાખવા માટે વિધવાવિવાહનો નિષેધ થયો અને વિધુર વિવાહનો કેમ ન થયો? "ઉમ્મરે પ્હોચતી સ્ત્રીઓને આડે માર્ગે જતી અટકાવવાને માટે જ વેળા છતી સાંધી દેવાના ચાલ"ને સમાલોચક સત્ય કહે

છે તો ઉમ્મરે પ્હોચતી અને પ્હોચેલી વિધવાઓને આડે માર્ગે જતી અટકાવવાના પુનર્વિવાહના પ્રચારને સત્ય શા માટે ન કહેવું? "ઉમ્મરે પ્હોચેલા માણસને આસ કરીને પુરુષને પરિણીતાની સાથે જોડવા" ને સમાલોચક "ઘણું જ ઉત્તમ" માને છે તો ઉમ્મરે પ્હોચેલી સ્ત્રીઓને (વિધવાઓને) પુરુષ સાથે જોડવાને શા માટે અધમ ગણે છે? "સ્ત્રીઓના કરતાં ઉછરતા જુવાન છોકરાઓને વધારે છૂટ હોવાથી તેમને કુમાર્ગે જવાના પ્રસંગ વધારે" મળતા હશે તો સ્ત્રીઓને અને વિધવાઓને ઓછી છૂટ હોવાથી કુમાર્ગે જવાના ઓછાપણ પ્રસંગ મળતા હશે ખરા કે નહિ? કુમારિકાઓને અને પુરુષોને આડે માર્ગે જવાના પ્રસંગ વિવાહથી બંધ કરી શકાય તો વિધવાઓના વિવાહ કરીતેમને આડે માર્ગે જવાના પ્રસંગ શા માટે ઓછા કરવા નહિ? વિધવાવિવાહ ઇષ્ટ કે અનિષ્ટ, સશાસ્ત્ર કે અશાસ્ત્ર એ વિશે અધી સૈકાથી અનેક ચર્ચાઓ થઈ ગઈ છે, એ વિષય એટલો મહત્ત્વનો છે કે આ ચર્ચામાં તેનું સર્વથા અવલોકન થઈ શકે નહિ; એ વિશે ઘણીવાર વાદવિવાદ થઈ ગયા છે તે કદાચ "સમાલોચક" નવું જન્મેલું હોવાથી નહિ જાણતું હોય. "સારા નઠારા ઘરની વિધવાઓને સમજાવી ચઢ જા બેટા સૂળીએ" જેવું સુધારકો કરતા જ નથી. આજ સુધીમાં જેટલાં પુનર્લગ્ન થયાં તેમાંની કેટલી વિધવાઓ સુધારકોના સમજાવ્યાથી ફરી લગ્ન કરવા તૈયાર થઈ તે "સમાલોચક" કાંઈ પણ કહી સકશે? અને તે વિષે ખાત્રી પૂર્વક જાણ્યા વગર "સમજાવી" શબ્દ વાપરવો એ કહેવું સાહસ કહેવાય! સારા નઠારા ઘરની એ વચન પણ ઓછા સાહસવાળું નથી. અત્યાર સુધીમાં વિધવાવિવાહ થયા તેમાં નઠારા ઘરની કેટલી વિધવાઓ હતી તે "સમાલોચક" બતાવી સકશે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં હમે બાળક "સમાલોચક" ને બીજું સાહસ કરતાં અટકાવવાની ફરજ સમઝી કહીશું કે સારા નઠારા ઘરની વ્યાખ્યા નિશ્ચિત કરી પછી આગળ પગલું ભરજો. હળખેડુ તે નઠારો અને ધનવાન, વિદ્વાન્ કે અધિકારી તે સારો એવી અજ્ઞાનસૂચક વ્યાખ્યા કરી સારા નઠારાની ગણતરી કરશો તો કોઈકવાર સંકટમાં આવી પડશો. "સમાલોચક" ને કદાચ ખબર નહિ હોય માટે આ સ્થળે કહેવું પડે છે કે હાલ સુધીમાં જે પુનર્વિવાહ થયા છે તેમાં કોઈ વિધવાને કોઈ સુધારક સમજાવવા ગયા નથી. વિધવાને પુનર્વિવાહ કરવાનું કહેવું એ ઘણુ દુષ્કર કામછે; "સમાલોચક" ધારે છે તેવું સ્હેલું કાર્ય નથી. ઇષ્ટ મિત્રોને પણ એવે પ્રસંગે મુશ્કેલી લાગે છે તો અન્ય તટસ્થોથી એમ સમજાવાય શી રીતે? વિધવાઓ પોતાની રાજી ખુશીથી વિવાહ કરવાને આવે છે, ઘણી બરી પોતાની સાથે લગ્ન કરવાને તૈયાર થયેલા પુરુષને લઇનેજ આવે છે એટલે તેમને સમજાવવા જવું પડતું જ નથી. આમ તૈયાર થઈને આવેલાં સ્ત્રીપુરુષને સુધારકો સહાય કરે તેમાં

"ચઢ જા બેટા સૂળીએ" જેવું શું આવ્યું? સુધારકો વિધવા વિવાહને ઇષ્ટ ગણે છે, ન્યાયપુરસ્સર ગણે છે એટલે તેને લીધે એ સ્ત્રીપુરુષ સુખી થશે એમ માને છે; તો પછી તે માર્ગમાં જોજવાને સહાય કરનાર સૂળીએ ચઢાવે છે એમ શા માટે કહેવું? અને પરિણામ કદાચ સુખી ન નીવડે તેમાં લગ્ન કરાવનારનો હેતુ ખોટો હતો એમ કેમ ગણાય? એ રીતે તો પ્રથમ લગ્નમાંથી કોઈ અસુખી નીવડે કોઈ પસ્તાતાં હોય માટે શું પ્રથમ લગ્નથી જોડાનાર વર કન્યાનાં માતપિતા અને સગાં વ્હાલાં "ચઢ જા બેટા સૂળીએ" જેવું કરે છે એમ કહેવું? અને પુનર્લગ્ન કરનારાં જોડાં દુઃખી થયાં અથવા પશ્ચાત્તાપ કરે છે એમ શા ઉપરથી ધારવું? માત્ર "સમાલોચક" ના કહેવાથી? "આથી પુનર્લગ્ન કરનાર જાહેરમાં જો કે કબૂલ નથી કરતાં તો પણ અંતઃકરણમાં તો પૂર્ણ પશ્ચાત્તાપ પામતાં હશે એમાં ફેર નથી." જો જાહેરમાં કબૂલ ન કરે તો પછી અંતઃકરણમાં પશ્ચાત્તાપ પામતાં હશે એમ કહેવાને શો આધાર? "સમાલોચક" હશે શબ્દ વાપરી પોતાની પૂર્ણ બાલિશતા જણાવે છે. પશ્ચાત્તાપ પામે છે એમ કહી સકયા નથી એટલે હશે શબ્દ વાપરી પોતાનું વચન ખરું ઠરાવાનો પ્રયત્ન કર્યો છે; પરન્તુ એમ જગત્ ઠગાશે નહિ. જાહેરમાં કબૂલ ન કરે તો ખાનગીમાં પશ્ચાત્તાપ કરનારનો દાખલો "સમાલોચક" આપી સકે છે? નામ ઠામ દીધા વગર સત્યની ખાતર જ જો "સમાલોચક" કહે કે એવાં દૃષ્ટાંતો એમણે ખાનગી રીતે જોયાં છે તો હમે વાંધો લઇશું નહિ, તો પણ એવાં ઉદાહરણો હોય તેથી શું સુધારકોનો હેતુ એ સ્ત્રીપુરૂષોને દુઃખી કરવાનો હતો કે ચઢ જા બેટા સૂળીએ જેવું એ કાર્યને ગણો છો? પુનર્વિવાહને "સમાલોચક" અનિષ્ટ ગણતા હોય અને ગણે છે એમ હમે માનીયે છીયે કેમકે હમણાં તો હમે એની વિરુદ્ધ છીયે એમ એ બોલી ચૂકયા છે તો પછી પૃ. ૭૩ મે "પુનર્વિવાહના સંબંધમાં આમ જ થવું જોઇએ" એમ શા માટે કહે છે? એની આગળનાં વાકય વાંચ્યાથી જણાશે કે ગૃહસ્થ અને હળબેડુ વચ્ચે નહિ પણ વિદ્વાન્ કુટુંબ સાથે વિદ્વાન્ અને ધનીએ ધની કુટુંબ સાથે અથવા ભોજનવ્યવહારવાળી નાતો વચ્ચે પુનર્વિવાહ થાય તો "સમાલોચક" ને માન્ય છે, "બુણા બોચરાનાં અને ભિન્ન નાતમાં બે માણસને લાકડે માકડું વળગાડી દઇને સુધારાવાળા એક પુનર્લગ્ન થયું એમ માને છે" એને સમાલોચક "મોટો દોષ જ" ગણે છે. એક જ નાતનાં અને વગર બુણા બોચરાનાં અને લાકડે માકડું નહિ પણ યોગ્ય વિધવા અને યોગ્ય પુરુષનાં લગ્ન થાય તે "સમાલોચક" ને માન્ય છે? તો પણ એ પુનર્વિવાહની વિરુદ્ધ છે એમ તો એ જ પૃષ્ઠ ઉપર કહે છે! ઉપરના વાકયમાં હમે કેટલુંક સમજી સકતા નથી તેનો ખુલાસો સમાલોચક કરશે તો ઉપકાર થશે. બુણા બોચરાનાં એટલે શું? અને લાકડે માકડું વળગાડવું એનો અર્થ શો? બૂણા

બોચરાનાં એટલે નહાનાં ગામડાંનાં અથવા અપ્રસિદ્ધ કુટુંબનાં? શું ગામડાંનાં અથવા અપ્રસિદ્ધ કુટુંબનાં કે ગરીબ વર્ગના લોકને લગ્ન કે પુનર્લગ્ન કરવાનો અધિકાર નહિ? લાકડે માકડું તો સુધારકો પુનર્વિવાહમાં વળગાડે છે તેના કરતાં માબાપો છતી આંખે પોતાના સ્વાર્થ માટે અથવા મૂર્ખાઇથી પ્રથમ લગ્નોમાં અનેકવાર વળગાડતા જોવામાં આવે છે. પ્રથમ લગ્નનાં લાકડે માકડાં મા બાપ વળગાડે છે અને પુનર્લગ્નનાં "લાકડે માકડાં" પોતાની ખુશીથી વળગે છે. બૂણા બોચરાનાં કે ભિન્ન નાતનાં પુનર્લગ્ન કરે તેને પુનર્લગ્ન થયું ન માનવું? એ પુનર્લગ્ન નહિ તો શું? એવાં પુનર્લગ્ન કરાવવામાં દોષ "સમાલોચક" ને લાગતો હોય પણ તેવાં પુનર્લગ્ન થયેલાંને પુનર્લગ્ન થયાં એમ માનવામાં શો દોષ? પુનર્વિવાહ કરનારાં જોડાંને સુધારકો સહાય કરે છતે માત્ર એક ફરજ સમજીને જ કરે છે; એ કાર્ય ઇષ્ટ છે એમ તેઓ માને છે, અને એવી સહાયતાની હાલના કાળમાં જરૂર છે એમ તેઓ જાણે છે; કારણ કે સુધારકો સહાયતા ન કરતા હોય તો પુનર્લગ્ન કરનાર જોડાં પરણી સકે નહિ એવો હજી લોકમત વિરુદ્ધ છે; અને તેઓ જો લગ્નથી જોડાય નહિ તો તેમાંનાં ઘણાં ખરાં કુમાર્ગે જાય. આવા વિચારથી જ સુધારકો તેમને સહાયતા કરે છે; તો પછી એમ સહાયતા કરનારને "શિખર ઉપરથી પડતાં નાંખવા માંડ્યાં" "ચઢ જા બેટા સૂળીએ જેવું કરે છે" એમ શા માટે કહેવું? હિંદુસ્તાનની અથવા ગુજરાતની બધી નાત્યોવાળા રજા આપે ત્યારે પુનર્વિવાહનો આરમ્ભ કરવો એમ જો સુધારકોએ ધાર્યું હોત તો આજ સુધી આટલાં પણ પુનર્લગ્ન થયાં ન હોત. જાતિબંધનમાં કાંઈ એવી વિચિત્રતા છે કે તેથી કાંઈ પણ સારા કાર્યને સહાય થવાની શક્તિ જ તેમાં જણાતી નથી. હરેક સુધારાના કાર્યમાં નાત્યવાળા મંજુરી આપે અને પછી તે કાર્ય કરવું એ મિથ્યા આશા છે. રૂઢિવિરુદ્ધ કાર્ય કરનાર "લોકની આંખ્યે ચઢે" પુનર્વિવાહ કરનાર "લોક બત્રીશીમાં ચવાય," "ભાઈ ભાઇની નાત જાતમાંથી અને ભાઈ ભાઇની નાત જાતમાંથી નીકળી જાય," "લોક તેમને નાતરીઆં કહે" માટે શું એ કાર્ય બોટું કહી સકાય? જગતના ચાલતા પ્રવાહથી આડે જનારને જગત્ નિંદે એમાં નવાઈ નથી પરન્તુ આડે જનાર શા હેતુથી જાય છે; આડે જવું ઇષ્ટ છે કે અનિષ્ટ એ વિશે બુદ્ધિમાન્ વર્ગે વિચાર કરી પછી જ તેની નિંદા કરવી. આખું જગત્ એક કામ કરવા માટે એકી વખતે તૈયાર થાય એ બનવું અસંભવિત છે અને તેમ ન થાય ત્યાંસુધી તેવાં કાર્ય કરવા કોઇએ તત્પર ન થવું અથવા તેવાં કાર્ય કરનારને સહાય ન થવું એ માત્ર આલસ્ય અને ભીરુતાનું જ પરિણામ છે. લોકમાં "લોક જેવા થઈ વર્તવું" અને સુધારાનાં કાર્ય કરવાં એ બન્ને વાત એકી વખતે બની સકે એવી હમને તો લાગતી નથી. વિધવાવિવાહને સંબંધે સરકારે જે કાયદો કર્યો તે કાંઈ સામો

પક્ષવળે ચડયાથી અને લોકે વધારે બંદોબસ્ત રાખવાથી કે સુધારકોએ માગ્યો તે ઉપરથી કર્યો એમ નથી પરન્તુ વિધવાવિવાહની સંતતિને કાયદેસર ગણાવવાના હેતુથી અને વિધવાઓના લગ્નનો માર્ગ સરળ કરવા માટે થયો છે. સરકારના આ પગલાની સામે અભિપ્રાય બતાવતાં "સમાલોચક" કહે છે "મુસલમાની રાજ્યની અંદર ગમે તેવો જૂલમ થતો પણ હિંદુના ધર્મ વિરુદ્ધ ધારો બંધાયો નહોતો." અર્થાત્ સમાલોચક મુસલમાનોના ગમે તેવા જુલમ પસંદ કરે છે પરન્તુ હિન્દુ ધર્મ વિરુદ્ધ ધારો એટલે પુનર્વિવાહને કાયદેસર ગણવાનો ધારો તેમને પસંદ નથી. પરન્તુ ક્ષણભર ધારો કે મુસલમાનોને રાજ્ય સોંપી ઈંગ્રેજો આવતી કાલથી આ દેશ છોડી ચાલ્યા જાય અને મુસલમાનો પહેલાંની પેઠે "ગમે તેવો જુલમ" શરૂ કરે–હિંદુઓની સ્ત્રીઓને લઈ જાય, મિલકત લૂંટી જાય, તેમના દેખતાં ગોવધ કરે, જબરદસ્તીથી તેમના મોંમાં થુંકી ગાયનું અથવા બીજું માંસ પરાણે બવડાવી વટલાવે અને એક મહિના સુધી આવી તરેહથી "ગમે તેવો જુલમ" ચલવે તે સમાલોચકને પસંદ પડશે, કે એ મહિના પછી ઈંગ્રેજો પાછા આવી વિધવાવિવાહ કરનારને નાત્ય બહાર કાઢનારને દંડ અથવા કેદની શિક્ષા કરાવે, તેને પોતાના મૃત પતિની મિલકતનો અધિકાર બીજીવાર પરણવા છતાં રાખે, ઈંગ્લાંડ જનારને જાતિ બહાર કાઢનારને સજા ફરમાવે, સ્ત્રીપુરુષોના વિવાહની અમુક વય ઠરાવી તેની અંદર લગ્ન કરનાર કરાવનારને શિક્ષા ઠરાવે અથવા તેવાં લગ્નને ગેરકાયદે ગણે, વિધવાના કેશ લેનાર હજામને અને તેમાં મદદ કરનારને દેશ નિકાલની સજા ઠરાવે, સ્ત્રી પુરૂષોને જબરદસ્તી કેળવણી આપે–તે "સમાલોચક" ને પસંદ પડશે? મુસલમાનોનો ગમે તેવો જુલમ દુઃખદાયી હતો કે વિધવાવિવાહનો કાયદો, તેની તુલના કરવાની શક્તિ "સમાલોચક" માં જણાતી નથી. કદાચ મુસલમાનો કેવો જુલમ કરતા તે "સમાલોચક" ઇતિહાસ વાંચીને હજી શીખ્યા નહિ હોય. હિન્દુ ધર્મ વિરુદ્ધ બારાથી ધર્મ ભ્રષ્ટ થવાય કે વાસ્તવિક જોર જુલમથી વટલ્યાથી ધર્મ ભ્રષ્ટ થવાય? વિધવાવિવાહના કાયદાથી હિંદુની ધર્મની લાગણી દુખાય કે દેવની મૂર્તિઓનાં અપમાન, તેમના ઉપર લત્તા પ્રહાર, દેવાલયોના નાશ વગેરે તોફાનથી લાગણી દુખાય એ વિશે જરા ગંભીરતાથી વિચાર કર્યાથી "સમાલોચક" સમઝશે કે ગમે તેવા જુલમ કરતાં વિધવાવિવાહના કે સંમતિ વયના જેવા અનેક કાયદા સારા મુસલમાનોના જુલમને અને આ કાયદાઓને સરખા ગણનારની બુદ્ધિની શી પ્રશંસા કરવી! મુસલમાનોના સમયમાં વાસ્તવિક ધર્મને જ નુકસાન થતું–હિંદુને પરાણે મુસલમાન કરતા, દેવની મૂર્ત્તિઓને તોડી નાંખતા, દેવાલયને સ્થળે મસજિદો બનાવતા એમાંનું જરા પણ વિધવાવિવાહના કે સંમતિવયના કાયદાથી થાય છે? એ જાતના કાયદા તે ધર્મ વિરુદ્ધ એમ કહેનાર ધર્મ તે શું એ જ સમઝતા નથી એમ કહ્યા વગર છુટકો નથી. મુસલમાનોના જુલમ કરતાં આ કાયદા વધારે હાનિકારક એમ બોલી માત્ર અજ્ઞાનવર્ગને ઉશ્કેરવાનું જ ફળ થશે. લગ્ન કે પુનર્લગ્નના સંબંધના કાયદાને "સમાલોચક" ધર્મવિરુદ્ધ કાયદા કહેવા છતાં આગળ પૃ. ૭૧ મે બાળલગ્નને વિશે બોલતાં કહે છે કે "એમાં ધર્મ સંબંધી લાકડું નથી." જો લગ્નની બાબતમાં ધર્મસંબંધી લાકડું નથી તો પુનર્લગ્નની બાબતમાં પણ ધર્મસંબંધી લાકડું નથી એમ ગણવું પડશે; અને તેમ ગણીયે તો પુનર્લગ્નની બાબતના કાયદાને ધર્મવિરુદ્ધ કાયદો કેમ કહેવાય? ધર્મને લાકડું ગણનાર સમાલોચકને ધર્મ અથવા શાસ્ત્ર પ્રમાણ ઉપર શ્રદ્ધા કેટલી હશે તે સમઝવું મુશ્કેલ નથી; અને એવી રીતે ધર્મને લાકડું ગણનારને ધર્મના પક્ષકાર થવાનો કેટલો અધિકાર છે તેનો વાચકવર્ગે જ નિર્ણય કરવો. બંગાળામાંથી "વિધવાવિવાહનું નામ નિશાન પણ જતું રહ્યું છે એમ શા ઉપરથી સમાલોચક કહે છે? "અઠ્ઠાવીશ કરોડ પ્રજામાં ત્રણ વર્ષમાં માત્ર દશજ પુનર્વિવાહ થયા છે" એમ સમાલોચકને કોઈ સમાજે કહ્યું જણાય છે. કોઈ સમાજ તેનું સ્પષ્ટ નામ નથી કહેતા. ગમે તે સમાજે કહ્યું હોય પરન્તુ "સમાલોચકે" જરા વિચાર કરી એ વાકય સ્વીકાર્યું હોત તો શી હાનિ હતી? અઠ્ઠાવીશ કરોડ પ્રજામાંથી, ઇંગ્રેજ, યુરેશિયન, મુસલમાન, પારસી, યાહુદી, અને હિંદુમાંની નાતરીયા નાત્યો એ સર્વે બાદ કરી બાકી રહેલા જ ગણતરીમાં લેવાના છે; કારણ કે ઉપર કહેલા સર્વેમાં પુનર્વિવાહનો પ્રચાર છે; માત્ર જે વર્ગમાં તેનો પ્રતિબંધ છે તેમાંથી કેટલા પુનર્વિવાહ થયા એજ જોવાનું છે. બ્રાહ્મણ, વાણીયા, કાયસ્થ અને ક્ષત્રિ એ નાત્યોમાં જ પુનર્લગ્નનો નિષેધ છે. એ વાત સમાલોચકે અને હરકોઈ ગણતરી કરનારે ધ્યાનમાં રાખવાની છે. સમાલોચક પુનર્વિવાહની બિરુદ્ધમાં છે તેમ જ વિધવાવપનના વિરુદ્ધમાં છે કે નહિં તે સ્પષ્ટ જણાતું નથી. પરન્તુ એ બાબતનો સુધારો કરવો "તે પાણી વલોવવા" જેવું ગણે છે. વિધવાવપનની બાબતમાં જે કાંઈ થયું હશે તેની સંખ્યાનું પ્રમાણ એમને કાંઈ મળ્યું જણાતું નથી; નહિં તો વળી પાછા અઠ્ઠાવીશ કરોડમાં કેટલી વિધવાઓ થઈ અને કેટલીના કેશ ગયા અને કેટલીના રહ્યા એ સર્વ હકીકત વાચક સમક્ષ તેઓ હાજર કરી દેત. પુનર્વિવાહના વિરુદ્ધ મતવાળાએ કેશવપનના પક્ષમાં એટલે એ બાબતના સુધારાના વિરુદ્ધ શા માટે હોવું જોઇયે તે સમઝાતું નથી. જેમ પુનર્વિવાહની બાબતમાં ન્યાયનું તત્ત્વ વિશેષ છે તેવી જ રીતે કેશવપનના સુધારામાં પણ ન્યાયનો અંશ છે. ન્યાયવૃત્તિને સ્વાભાવિક માર્ગે ન જવા દેવાથી જ આ સુધારાની વિરુદ્ધ પક્ષ બંધાય છે. સમાલોચકના આ લેખમાં એક વિશેષતા હમે જોઈ કાંઇક આનન્દ પામીયે છીયે. પુનર્વિવાહ વિશે ચર્ચા કરતાં તેમણે એકે સ્થળે તેને શાસ્

વિરુદ્ધ કહ્યો નથી (હવે કહે તો કોણ જાણે?); આ ઉપરથી લાગે છે કે એને એ ધર્મશાસ્ત્રવિરુદ્ધ માનતા નથી; કદાચ અર્થ શાસ્ત્રના નિયમ વિરુદ્ધ ગણતા હશે ખરા, કેમકે હમે ઉપર બતાવ્યું તેમ વિધવાવિવાહના નિષેધને એ અર્થશાસ્ત્રના તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલો માને છે. પ્રજાઓના રીતિરીવાજ, વિધિનિષેધ, શી રીતે ઉત્પન્ન થયા, કયારે દાખલ થયા, અને શા માટે થયા એ વિશે તર્ક કરવામાં કાળક્ષેપ કરવો મિથ્યા છે; ગમે તો રામના સમયમાં નિષેધ થયો કે પાંડવના કાળમાં, અર્થશાસ્ત્રે નિષેધ કર્યો કે બીજા કોઈ શાસ્ત્રે પરન્તુ હાલના કાળમાં એ નિષેધ લાભકારક છે કે હાનિકારક એ વિચાર જ કરવાની ખરી આવશ્યકતા છે. "હિંદુસ્થાનમાં વિધવા વિવાહનો નિષેધ છે તેમ છતાં જેટલી વિધવાઓ નથી, તેથી વસ્તીના પ્રમાણમાં વધારે વિધવાઓ પુનર્વિવાહની છૂટવાળા દેશોમાં છે તેનું કેમ?" આમ પ્રશ્ન કરવામાં સમાલોચકકનો શો હેતુ છે તે સમઝવું મુશ્કેલ છે; પરન્તુ આ પ્રશ્ન જ કેવો વિચિત્ર છે અને તેમાં કેટલી સંદિગ્ધતા સમાયલી છે એ બતાવ્યા વગર ચાલે તેમ નથી. આમાં પણ વળી પાછી "અઠ્ઠાવીશ કરોડમાં દશ જ પુનર્લગ્ન થયાં" એમ કહેતાં જે ભૂલ્ય સમાલોચકે કરી છે તે થઈ જણાય છે. પુનર્વિવાહની છૂટવાળાની સંખ્યા સાથે આખા હિંદુસ્થાનને સરખાવવાનો નથી. આખા હિંદુસ્થાનમાં પુનર્વિવાહનો નિષેધ નથી. બ્રાહ્મણ, વાણીયા, કાયસ્થ અને ક્ષત્રિ એ વર્ગોમાં નિષેધ છે; અને એ વર્ગોની સંખ્યાનું પ્રમાણ અને પુનર્વિવાહની છૂટ્યવાળા દેશોની તેટલી જ સંખ્યાનું પ્રમાણ એમ ગણતરી કરવી જોઇયે; પરન્તુ જ્યાં સુધી અમુક સંખ્યા આપી રા. સમાલોચકકારે એ વિશે કાંઈ કહ્યું નથી ત્યાં સુધી એ વિશે હમે કાંઈ બોલવું દુરસ્ત ધારતા નથી. પુનર્વિવાહની છૂટ્યવાળા દેશમાં હિંદુસ્થાન કરતાં વધારે વિધવાઓ છે એમ એ શા ઉપરથી કહે છે? પુનર્વિવાહની છૂટ્યવાળા દેશ સુધી જવાની જરૂર જ શી છે? આપણા દેશમાંથી હજાર બ્રાહ્મણે કેટલી વિધવા છે અને હજાર કણબી, દરજી, પારસી, મુસલમાન વગેરે પુનર્વિવાહની છૂટ્યવાળી આ દેશની જ નાત્ય જાત્યોમાં કેટલી વિધવા છે એ જ સંખ્યાનું પ્રમાણ કાઢો એટલે જણાશે. પુનર્વિવાહની છૂટ્યવાળા દેશ એટલે શું? હિંદુસ્થાનની કેટલીક નાત્યો શિવાય બાકી બીજી બધી નાત્યોમાં, દેશોમાં પુનર્લગ્નની છૂટ છે એમ હમે જાણીયે છીયે; તો ઉપરના પ્રશ્નમાં પુનર્વિવાહની છૂટવાળો દેશ એમ કીયા દેશને ઉદ્દેશીને સમાલોચક પ્રશ્ન કરે છે? ચીન, જાપાન, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, અમેરિકા, યુરોપ–કીયા દેશને વિશે એ પ્રશ્ન છે તે જાણવું જોઇયે; પણ સુધારાના શત્રુઓની હાલની વૃત્તિ ઉપરથી અનુમાન થાય છે કે ઈંગ્લંડને ઉદ્દેશીને આ પ્રશ્ન છે; તો, આ દેશ કરતાં વિધવાઓ પ્રમાણમાં ઈંગ્લાંડમાં વધારે છે એમ પ્રથમ હમે જાણતા નથી, અને તેમ હોય તો પણ શું? હિંદુસ્થાન કરતાં પ્રમાણમાં ઈંગ્લાંડમાં વધારે વિધ-

વાઓ હોય તેમાં હિંદુસ્થાનના સુધારકો શું કરે? આ સ્થળે એ વાત સ્મરણમાં રાખવાની છે કે ઈંગ્લાંડ આદિ દેશોમાં સમાલોચક કહે છે તેમ પુનર્વિવાહની છૂટ છે અને આપણા દેશમાં નથી. એ દેશમાં છૂટ છે એટલે પુનર્લગ્ન કરવું હોય તો તેમની ખુશીથી કરી સકે છે કાંઈ નિષેધ નથી; અને ન કરવું હોય તો પણ ખુશીથી વિધવા રહે છે; અને આ દેશમાં વિધવાઓ રહે છે તે પોતાની ખુશીથી નહિ પરન્તુ નાત્યજાત્યના જુલમી રીવાજથી. તેમ જ ઈંગ્લાંડ વગેરે દેશોની વિધવાઓને જીંદગીના ગુજરાન સારૂ અનેક સાધન હોય છે; તે દેશોની સ્ત્રીઓને સ્વતંત્રતા વિશેષ હોવાથી સ્ત્રીઓ,–કુમારિકાઓ કે વિધવાઓ–પોતાના જીવનનિર્વાહને માટે અનેક સદુદ્યોગ કરી સકે છે. આ દેશની સ્ત્રીઓમાં વિશેષે કરી ઉંચા વર્ગની સ્ત્રીઓમાં ધંધોરોજગાર કરવાની બંધી અને કેળવણીના અભાવે અશક્તિ હોવાથી તે વર્ગની સ્ત્રીઓ પતિને કે પિતાને આધારે જ જીવી સકે છે; અને વિધવાવિવાહનો પ્રતિબંધ પણ ઉંચા વર્ગમાં જ છે; તેથી બીજા દેશોની વિધવાઓ વૈધવ્ય છતાં પણ જીવનનિર્વાહ પોતાની મેળે ચલવી સકે છે પરન્તુ આ દેશની વિધવાઓને પતિનાં સગાં વ્હાલાં કે પિતા અથવા તેનાં સગાં વ્હાલાં ઉપર જ આધાર રાખવો પડે છે અને તેથી ઘણીવાર તે બોજારૂપ થઈ પડે છે; અને કોઈ સગાં ન હોય તો નિરાધાર થઈ જાય છે. વિધવાવિવાહનો પ્રચાર કરવાનું આપણ એક મુખ્ય કારણ છે; પતિનાં સગાં કરતાં પતિ ઉપર આધાર રાખવો હરેક સ્ત્રીને વધારે પસંદ પડે અને તેથી તેને વિશેષ સુખ મળે. અન્ય દેશોમાં વિધવાવિવાહની છૂટ હોવા છતાં વધારે વિધવા હોય માટે આ દેશમાં વિધવા વિવાહ ન થવા દેવો એ કાંઈ ન્યાય નથી. અન્ય દેશમાં ગમે તેમ હોય–ઈંગ્લાંડમાં વિધવાઓ ઉપર આ દેશ કરતાં પણ વિશેષ જુલમ હોય; તેમના પુનર્લગ્ન માટે અહીં જેવો જ પ્રતિબંધ હોય તો પણ હિંદુસ્થાનમાં પુનર્વિવાહનો પ્રચાર થવો જોઇયે એમ સુધારકો માને છે. સુધારાના વિરુદ્ધ પક્ષકારો એક સિદ્ધાન્ત કરી બેઠા છે કે સુધારકો તો માત્ર ઈંગ્લાંડનું અનુકરણ કરવા માટે, ઈંગ્લાંડમાં અમુક રિવાજ છે તેનો આ સ્થળે પ્રચાર કરવા માટે જ–સુધારાની હિમાયત કરે છે. પણ તેમ નથી; સુધારકો જે જે સુધારા કરવાનું કહે છે તે તે તેની પોતાની સ્વતંત્ર ઈષ્ટાનિષ્ટતા અને યોગ્યાયોગ્યતા માટે જ કહે છે. ઈંગ્લાંડમાં કે અમેરિકામાં ગમે તે રિવાજ હોય તેને અને આ દેશના સુધારકોને કે સુધારાને કાંઈ જ સંબંધ નથી. તો પછી, ઈંગ્લાંડમાં વધારે વિધવાઓ છે કે નહિ એ પ્રશ્ન જ મિથ્યા છે. પુનર્વિવાહનો પ્રતિબંધ વસ્તી વધી જવાને લીધે અને વસ્તી ઉપર અંકુશ રાખવાને માટે થયો હશે એ અનુમાનમાં ચાતુર્ય છે પણ સત્ય કેટલું છે એ શંકા ભરેલી વાત છે; અને એવી જાતનાં અનુમાનથી લાભ કેટલો છે એ વધારે સંશય પડતું છે. વસ્તી ઉપર અંકુશ મુકવા માટે સ્ત્રીપુનર્વિવાહનો પ્રતિબંધ થયો

તો પુરુષપુનર્લગ્નનો નિષેધ કેમ ના થયો? "બધી જ સ્ત્રીઓ સંસારી થાય તો વર્ષે ૩૩ ટકા જેટલો વસ્તીમાં વધારો થવા માંડે તેને કેવી રીતે પોષણ આપવું?" એ ભય સમાલોચકને થયો તો બધા જ પુરુષો સંસારી થયાથી વર્ષમાં કેટલા ટકા વસ્તી વધે અને તેને કેવી રીતે પોષણ આપવું એ ભય કેમ ન થયો? વાસ્તવિક જોતાં, પુનર્લગ્નની છૂટ હોય તો બધાં જ સંસારી થાય એમ બનતું નથી. પુરુષપુનર્વિવાહની છૂટ હોવા છતાં ઘણા પુરુષો બીજીવાર અનેક કારણસર લગ્ન કરતા નથી–કન્યા ન મળવાથી કે ગમે તે કારણસર–પણ અવિવાહિત રહે છે; તેમ જ સ્ત્રીયોમાં પણ પુનર્લગ્નની છૂટ થવાથી બધી જ વિધવાઓ સંસારી થાય કે થઈ સકે એ માનવું જ ભૂલ્ય ભરેલું છે; જે નાતરીયા નાત્યો અને દેશોમાં સ્ત્રીપુનર્વિવાહની છૂટ છે તેમાં પણ બધી વિધવાઓ ફરીથી ઘર માંડે છે એમ બને છે? "સમાલોચક" જ કહેશે કે ના; કેમકે એમણે જ પૃ. ૭૧ મે કહ્યું છે કે "વધારે વિધવાઓ પુનર્વિવાહની છૂટવાળા દેશોમાં છે." આમ છતાં, આ દેશમાં ધારો કે, આવતી કાલથી વિધવાવિવાહની છૂટ થઈ તો શું પાંચ વર્ષની બાલવિધવાથી માંડીને ઘરડી રાંડીરાંડ ડોશી સુધી બધી વિધવાઓ સિંહસ્થનું વર્ષ ઉતરતાં લગનગાળામાં પરણી જશે? અને તે સર્વેને સંતતિ પણ થશે? આવી શંકાઓ કેવલ હાસ્ય જનક છે. તેમજ વળી, "રાંડે એટલા વિધવાઓને પરણે ત્યારે કન્યાઓને કયાં દેવી?" એ ભય પણ નિરર્થક છે. નાતરીઆ નાત્યો અને દેશોમાં રાંડે છે એટલા વિધવાઓને પરણે છે? અને એવી નાત્યોમાં અને દેશોમાં કન્યાઓ કોને દેવાય છે? પીપળાને?જે નાત્યોમાં વિધવાવિવાહનો નિષેધ છે તેમાંની ઘણીખરી નાત્યોમાં પણ એકએક પુરુષ બબ્બે ચચ્ચાર કન્યાઓ પરણે છે તે શું "રાંડેલા" વિધવાઓને પરણી જઈ કન્યાઓના માર્ગમાં રોકાણ કરવાથી? "રાંડે એટલા વિધવાને પરણે" એવો ઠરાવ કઈ સુધારા સમાજમાં થયો, અથવા તો કોયા સુધારકે એવો ઉપદેશ કર્યો તે "સમાલોચક" કહી સકશે? એટલું તો ખરૂં કે ૪૦--૪૫ વર્ષનો વિધૂર ૧૦–૧૨–૧૩–વર્ષની કુમારિકાને પરણે તે સુધારકો પસંદ નહિ કરે પરંતુ તે વિધુર ૨૦–૨૫ વર્ષની વિધવાને પરણે એ સુધારકોને માન્ય થશે; તો પણ એજ વિધુરને જો ૨૦–૨૫ વર્ષની કુમારિકા મળતી હોય તો સુધારકો એને વિધવા સાથે જ લગ્ન કરવાનું કહેશે નહિ. પણ આપણા લોકોમાં એ વયની કન્યાઓ મળતી નથી માટે સુધારકોનું કહેવું છે કે એવા પ્રૌઢ વયના વિધુરોએ લગ્ન કરવું જ હોય તો વિધવા સાથે કરવું જોઇયે; વિધવા એટલે ગમે તે વયની એમ નહિ પરન્તુ યોગ્ય વયની. ૪૦–૪૫ વર્ષના વિધુર વીસ પચીસ વર્ષની વિધવાને મૂકી બાર વર્ષની વિધવા સાથે લગ્ન કરે તેને સુધારકો બહુ સંમતિ નહિ આપે, પરન્તુ તેવા વિધુરને બાર વર્ષની કન્યા મળતી હોય અને બાર વર્ષની વિધવા પણ મળતી હોય તો તે વિધવા સાથે લગ્ન કરશે તો સુધારકો ઓછો વાંધો લેશે; અને તેનાં

કારણ સ્પષ્ટ છે. અસમસંગી વિવાહથી કન્યાઓના આરોગ્યને અને શરીરના બાંધા ને કેટલું નુકસાન છે એ વાત નિર્વિવાદ છતાં સમાલોકચને એ વિશે શંકા છે; અને એવા બનાવ એમના કહેવા પ્રમાણે "જગતના જોવામાં તો જુજ પણ આવતા નથી." એવા વિવાહથી દરેક કન્યા મરી જ જાય એમ બનતું નહિ હોય અને મરે તે એવાં કારણથી જ મુવાં એ વાત જાહેર ન જ થાય પરંતુ દાકતરોને પૂછવાથી જણાશે તેમજ સામાન્ય રીતે બુદ્ધિને જરા તસ્દી આપી અવલોકન કર્યાથી પણ જણાશે કે અસમાન વિવાહથી કેટલું નુકસાન થાય છે; એ પ્રત્યક્ષ વાતને ન સ્વીકારી સમાલોચક પૂછે છે "પૂર્વે ૨૫–૩૦ વર્ષનો બદ્ધવીર્ય બ્રહ્મચારી સંસાર માંડતો ત્યારે કેમ થતું હશે"? પણ સમાલોચકે જાણવું જોઇયે કે એવો બદ્ધવીર્ય બ્રહ્મચારી દશ બાર વર્ષની કુમળી કન્યા સાથે સંસાર નહોતો માંડતો પણ સોળસત્તર વર્ષની યૌવનપ્રાપ્ત કરેલી સ્ત્રી સાથે સંસાર માંડતો; એટલે તે અસમસંગ કહેવાય જ નહિ. અને મ્હોટી ઉમરના વિધુરોએ કુમળી કન્યા સાથે લગ્ન ન કરતાં યૌવન પ્રાપ્ત કરેલી વિધવા સાથે લગ્ન કરવું વધારે ઉચિત છે એમ સુધારકો કહે છે તે આવાં જ કારણોને લીધે. પુનર્વિવાહને સંબંધે "સમાલોચકે" એક જ લેખમાં ત્રણ જૂદે જૂદે સ્થળે (પૃ. ૬૯–૭૧–૭૩) જે આક્ષેપ કર્યા છે તેના ઉત્તરમાં આટલી ચર્ચા બસ છે એમ ધારી હવે એ લેખના બીજા ભાગ વિશે વિચાર કરીએ.

જેમ "સમાલોચક" સુધારાની અપેક્ષા સ્વીકારે છે તેમજ સ્ત્રીકેળવણીની પણ જરૂર માને છે; અને તે એટલે સુધી કે "સુધારકોથી મહાશ્રમે પણ જે સુધારો નહિ થાય તે સ્ત્રીકેળવણી કરશે" એમ તે કહે છે. મતાન્તર માત્ર કેળવણીના સ્વરૂપ વિશે છે. સમાલોચક કહે છે "પરન્તુ સ્ત્રી કેળવણીનું સ્વરૂપ બદલવાની જરૂર છે; સ્ત્રીઓની કેળવણી પુરૂષોથી ભિન્ન હોવી જોઇએ." આ સ્થળે હમારે એટલું જ કહેવાનું છે કે જો "સમાલોચક" કન્યાશાળાઓમાં અને છોકરાઓની નિશાળોમાં ચાલતાં ધોરણોની અને વિષયોની તપાસ કરશે તો તેમને ખબર પડશે કે સ્ત્રી પુરૂષોની કેળવણીમાં ફરક છે જ. કન્યાશાળાઓમાં શીવણ, ભરત, ગરણીઓ વગેરે શીખવાય છે તે છોકરાઓની નિશાળોમાં નથી શીખવાતું. ગાયકવાડી કન્યાશાળાઓમાં અને મુંબાઇની કેટલીક પારસી કન્યાશાળાઓમાં રસોઇનું કામ પણ શીખવાય છે પરન્તુ છોકરાઓની નિશાળમાં તે વિષય દાખલ થયો નથી. બાકી ગણિત, વાંચન, ઇતિહાસ, ભૂગોળ વગેરેની જરૂર તો જેમ છોકરાઓને છે તેમ છોકરીઓને પણ છે. ભૂમિતિના જ્ઞાનથી સીધી લીટી, વર્તુલ વગેરે સમજવાથી છોકરાઓને લાભ છે તેમ જ છોકરીઓને પણ છે. ચિત્ર વિદ્યા શીખનારને એનું જ્ઞાન અવશ્ય જોઇયે. બીજી વિદ્યાઓ જેવી કે ખગોળ, રસાયન, વગેરેથી

પણ સ્ત્રીઓને લાભ જ છે. સ્ત્રીપુરુષોના મગજમાં સમાલોચકના કહેવા પ્રમાણે ફેર હોય તો કદાચ પુરુષો કરતાં સ્ત્રીઓને બે વર્ષ મોડું જ્ઞાન મળે; પરન્તુ સમાલોચક એવો ફરક તો નહિ જ માનતા હોય કે પુરુષના મગજમાં ખગોળ, ભૂમિતિ વગેરે ઊંચા વિષયો ઊતરી સકે અને સ્ત્રીઓનાં મગજમાં તે નજ ઉતરે, કેમકે પૃષ્ટ ૭૨ મે એઓ રા. બા. લાલશંકરને અભિનન્દન આપતાં કહે છે કે " અમદાવાદમાં હાલ જે ઊંચી સ્ત્રી કેળવણી નું દર્શન થાય છે તે એ ગૃહસ્થના શ્રમનું ફળ છે. રા. બા. ભોળનાથના પછી રા. બા. લાલશંકરે અમદાવાદને તેમની ખોટ પડવા દીધી નથી. સ્ત્રીઓને ઊંચી કેળવણી આપવી અને ઊંચે દરજે ચઢાવવી એજ દેશોદયનું સુમાંગલિક ચિન્હ છે." સ્ત્રીઓને ઊંચી કેળવણી આપવી એમ માન્યા પછી કેળવણી ભિન્ન હોવી જોઇએ એમ કહેવાનો અર્થ સમઝાતો નથી. તો પણ એટલું કબૂલ કરીશું કે હાલની કેળવણીની પદ્ધતિમાં–પુરુષ અને સ્ત્રી બન્નેની– કેટલાક ફેરફાર થવા ઇષ્ટ છે, અને જો કોઈ પણ રીતે એ કાર્ય સિદ્ધ થાય તો સુધારકો આનંદ પામશે. સ્ત્રીકેળવણી અને ઊંચી સ્ત્રી કેળવણીથી, સમાલોચક લાભ માને છે અને તેનો પ્રચાર થતો જોઈ આનંદ પામે છે એ કાંઈ ઓછા સંતોષની વાત નથી; "સુધારકો સ્ત્રી પુરુષોને સરખાં ગણે છે, પરન્તુ ડા. ભાંડારકરે તો કબૂલ કર્યું છે કે ઉભયમાં મોટો ફેર છે" એમ કહી સમાલોચક સુધારકોમાં જ એકમતતા નથી એમ બતાવવાનો પ્રયત્ન કરે છે; પણ સમાલોચક જાણે છે તેમ સ્ત્રીપુરુષોના બાંધામાં ફેર, તેમના સાંસારિક કામોમાં ફેર, તેમના ઘાટમાં ફેર, સ્વભાવમાં ફેર વગેરે સ્વાભાવિક ફેર છે તે સર્વ સુધારકો માને છે; સુધારકો, માત્ર કૃત્રિમ ફેર–કેટલાક જુલમી રિવાજ અને રીતભાતને લીધે ફેર પડી ગયો છે તેજ ફેર દૂર કરવા મથે છે; અને તેવી વાતમાં જ સ્ત્રીપુરુષોને સુધારકો સરખાં ગણે છે; ઉદાહરણ તરીકે મોટી વાત લઇએ તો વિવાહ. પુરુષોને અનેક વિવાહ કરવાની છૂટ અને સ્ત્રીને એકજ લગ્ન કરવાની પરવાનગી એ નિયમને લીધે ઉઘાડો કૃત્રિમ ફેર છે તે સુધારકોને માન્ય નથી. સ્ત્રીના મરણથી તેના પતિના માથાનો એક પણ વાળ ખસે નહિ અને પુરુષના મરણથી સ્ત્રીના માથાના સર્વ કેશ કાઢી નાંખવા પડે એ પણ કૃત્રિમ ફેર છે, એવા બીજા ઘણા મોટા ફેર છે; જોનાં ઉદાહરણ લઇએ તો પુરુષ જોડા પહેરી છત્રી લઈ બહાર ફરી સકે પરન્તુ સ્ત્રી તડકે બળી જતી હોય કે વરસાદથી પલળી નિર્લજ દશામાં રસ્તે જતીહોય પરન્તુ છત્રીથી પોતાનું રક્ષણ કરવાનો કે લજ્જા બાળવાનો અધિકાર તેને નહિ, અથવા તો તડકે પગ બળી જતા હોય કે કચરાથી પગ ખરડાતા હોય તો પણ જોડા પહેરવાનો હક નહિ. સ્ત્રીપુરુષોમાં આ ફેર પડ્યો હશે તે કૃત્રિમ રિવાજથી કે સ્વાભાવિક શરીરબાંધાને લીધે ? સ્ત્રીઓને પુરુષ કરતાં કોમળ માનવા છતાં સુધારાના શત્રુવર્ગમાંથી

કેટલાક માને છે કે સ્ત્રીઓના પગ જ ઈશ્વરે એવા સખત ચામડાથી મઢ્યા છે કે તેમને તડકો લાગે જ નહિ, પગ બળે જ નહિ ! "સમાલોચક" આવો હાસ્યજનક બચાવ રજુ કરી સ્ત્રીપુરુષના બાંધામાં ફેર સાબીત કરવાનો પ્રયત્ન નહિ કરે એવી ઉમેદ છે. સ્ત્રીપુરુષોનાં સાંસારિક કામોમાં ફેર છે– પુરુષપુરુષનાં કામોમાં પણ ફેર હોય છે–પરન્તુ સ્ત્રીપુરુષોનાં મનુષ્ય તરીકે–મનુષ્ય પ્રત્યે, ઈશ્વર પ્રત્યે, કર્તવ્યોમાં ફરક છે એમ તો કોઈ કહેશે જ નહિ. અને કેળવણીનો મુખ્ય હેતુ કર્તવ્ય ભાન કરાવવાનો છે. જે કેળવણીથી મનુષ્યને કર્તવ્યભાન થાય એ કેળવણીની આવશ્યકતા સ્ત્રી અને પુરુષ બન્નેને સરખી છે. કેળવણી મળ્યા છતાં પણ કર્તવ્યભાન ન થાય તેમાં કેળવણીનો શો દોષ અને સુધારકોનો પણ શો દોષ ? જેમ સ્ત્રીઓને તેમ પુરુષોને પણ " ભાષણ આપવા શીખતા પહેલાં બહુ ઉપયોગી બીજી બાબતો શીખવાની છે." " છટાદાર ભાષણ કરતાં આવડતું હોય પરન્તુ સાસરીયાં સાથે અનુક્રમે વિવેકથી વાત કરતાં ન આવડતી હોય " તેમાં સુધારકો શું કરે ? પુરુષોમાં પણ એવા ઘણા મળી આવશે કે છટાદાર ભાષણો કરે, સભાઓ ધુજાવી નાંખે, ન્યાયાધીશને બખડાવી નાંખે, જથ્થાબંધ પુસ્તકો રચે, મોટાં મોટાં વિવેચનો લખે, નોકરીમાં માન પામે, દરજ્જે, દરજ્જે ચઢે, અનેક રાજ્યોને ઊધાંચત્તાં કરે પણ ઘરમાં ઘરડા બાપને માનથી ન બોલાવે, ભાઈ ભાંડુ કે દીકરા દીકરી સાથે લઢે, માને ગાળો દે, રસોઇમાં ભૂલચૂક થઈ હોય તો બાયડીને મારે, વગેરે અનેક રીતે દુરાચરણમાં પ્રવૃત્ત રહે પણ તેમાં સુધારકો કે કુધારકો કોઇનો શો દોષ ? કેળવણીથી કર્તવ્યભાન ન થાય તેમાં કેળવણીનો કે સુધારકોનો દોષ નથી પરન્તુ તે પાત્રનો જ દોષ છે. ઊંચી સ્ત્રીકેળવણીને અનુમોદન આપનાર "સમાલોચક" (પૃ. ૭૦મે) કહે છે " સ્ત્રીઓને કેળવવા માટે વધારે ઉછળતાં પગલાં ભરવાની જરૂર નથી," એ જરા આશ્ચર્ય જેવું લાગેછે. ઉછળતાં પગલાં એટલે શું ? " સ્ત્રી કેળવણીને પુરુષ કેળવણીના ચીલામાંજ ચલાવવી જોઇએ છીએ" એમ કહેનાર "સમાલોચક" તેને પુરુષ કેળવણીની પાછળ રાખવી અને ઉકશીને આગળ લઈ જવાનું સાહસ ન કરવું એમ કહેછે એ પરસ્પરવિરુદ્ધતાનું સમાધાન "સમાલોચક" કેવી રીતે કરે છે તે જાણવું જોઇએ. જો એક જ ચીલામાં ચલવવી હોય તો પાછળ ચાલતી સ્ત્રી કેળવણીને આગળ લાવવી જોઇએ જ; પરન્તુ બરૂં જોતાં સ્ત્રીકેળવણી પાછળ જ ચાલે છે અને પુરુષ કેળવણી આગળ ઉકશીને ચાલે છે એ વાત "સમાલોચક" ના જાણવામાં ન હોય એમ તો ધરાય નહિ. કેળવણીનો ઇતિહાસ, અને વર્તમાન સ્થિતિ જોતાં સ્પષ્ટ જણાશે કે પુરુષ કેળવણી કેટલી આગળ ઉકશીને ચાલે છે; અને તેથી "સમાલોચક" ને ભય છે તેવાં મનનાં કળેડાં

ઘણું નજરે પડે છે. પુરુષકેળવણીથી આગળ ઉકશીને સ્ત્રીકેળવણી જાય તો મનનાં કજોડા થાય એ ભય પામનાર સમાલોચક એટલું પણ નથી જાણતા કે પુરુષકેળવણી ઘણી આગળ ગઈ છે અને સ્ત્રી કેળવણી ઘણી પાછળ રહી છે તેથી મનનાં કજોડાં હકીકતમાં થાય છે. "ભાઈ બિ. એ. હોય અને ભાઈ એ. બિ. સી. ડી. પણ ન જાણતા હોય તો તેમનો મેળાપ ન થાય" તો ભાઈ બિ. એ. હોય અને બાઈ એ. બિ. સી. ડી. પણ ન જાણતાં હોય તો તેમનો મેળાપ કેમ થાય? બાઈ બિ. એ. હોય અને ભાઈ એ. બિ. સી. ડી. પણ ન જાણતા હોય એવો દાખલો એક પણ છે? ભાઈ બિ. એ. હોય અને બાઈ એ. બિ. સી ડી. તો શું પણ કકકો ખખખો ન જાણતાં હોય એવા તો ઘણા દાખલા મળી આવશે. પુરુષને કેળવણી આપતાં કોઇને પણ એવો વિચાર આવે છે? પુરુષકેળવણી કરતાં સ્ત્રીકેળવણી એટલી બધી પાછળ છે કે તે બીજાં પચીશ વર્ષમાં ઉકશીને આગળ વધે એવો ભય ધરવો મિથ્યા છે; એક ચીલામાં આવે તો પણ ધન્યભાગ્ય ગણવાં. પુરુષકેળવણીને અને સ્ત્રીકેળવણીને એક જ ચીલામાં ચલવવાની હોય તો પછી તે બે ભિન્ન હોવી જોઇએ એમ કહેવાનો અર્થ શો તે સ્પષ્ટ સમજાતું નથી. એક જ ચીલામાં ચલવવી એટલે સરખા વિષયો સરખા જથામાં શીખવવા એમ હોય તો "ભિન્ન" શી રીતે થાય? એક જ ચીલામાં ચલવવાનો અર્થ કેળવણી લેનારની સરખી સંખ્યા રાખવી એમ હોય તો તે કાંઈ સુધારકોના હાથમાં નથી. કેળવણી આપવાથી મનુષ્યની બુદ્ધિનો વિકાસ થાય, હૃદય ઉન્નત થાય, તેમને કર્તવ્યભાન થાય, જ્ઞાન મળે એ હેતુથી જ કેળવણી આપવાની છે; કેળવણી આપ્યાથી યોગ્ય લગ્ન થાય કે સારી નોકરી મળે એ હેતુ નથી. માટે જો કેળવણી આપવી ઇષ્ટ જ માનતા હો તો પછી "કેળવાયલાં કયાં દેવાશે" એવી શંકા જ થવી ન જોઇયે. છોકરાને કેળવણી આપતાં છોકરો કયાં પરણશે, એને કેવી કન્યા મળશે વગેરે વાંધા કઢાતા નથી તેમ જ છોકરીની બાબતમાં થવું જોઇયે; અને ત્યારે જ કેળવણી વધશે. સ્ત્રીપુરુષોનાં મગજમાં ફેર હોય તો પણ તેમનાં મગજ ખીલવવાની, તેમની બુદ્ધિને સતેજ કરવાની અને તેમને જ્ઞાન પ્રાપ્ત કરાવી મનુષ્યત્વમાં લાવવાની જરૂર તો છેજ. પ્રકારાન્તરે પણ પરિણામ તો એક જ આણવાનું છે. સદ્‌ભાગ્યે આ બાબત સમાલોચક બહુ વિરુદ્ધ ભાવ બતાવતા નથી એટલે એ વિશે કાંઈ વધારે કહેવાની જરૂર નથી.

જ્ઞાતિભેદ વિશે બોલતાં સમાલોચક કહે છે, ડા. ભાંડારકરે તેમના કૉન્ફરન્સના ભાષણમાં "ઢેડથી જ જ્ઞાતિબંધ તોડવાની વાત ઉપાડી હતી" આ ક્ષણે હમારી પાસે એમના ભાષણનો રીપોર્ટ નથી એટલે આમાં સત્યાંશ

કેટલો છે એ કહી સકાતું નથી. પરન્તુ હમને તો સ્મરણ છે કે એવું કાંઇએ ભાષણમાં કહ્યું નથી. "જ્ઞાતિબંધને ટુટેલો જોવાને" સમાલોચક પણ ખુશી છે એ આનંદની વાત છે; માત્ર એકદમ જ્ઞાતિભેદ ન તોડવો પરન્તુ ધીરે ધીરે એટલે પ્રથમ ભોજનવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર પછી બ્રાહ્મણે બ્રાહ્મણ મળે એમ પગથીએ પગથીએ ચઢવું એમ સમાલોચક શીખામણ આપે છે; પણ એમ પગથીએ પગથીએ કયાં સુધી ચઢવું એ કાંઇ તેઓ સ્પષ્ટ કહેતા નથી. ગુજરાતની નાત્યો લઇએ તો પ્રથમ છ જાતના નાગર ભેગા થાય અને બીજા બધા બ્રાહ્મણો પરસ્પર કન્યાવ્યવહાર કરે; તેમજ બધા વાણીયાઓમાં થાય; પછી નાગરો અને બીજા બ્રાહ્મણો મળી જાય અને પછી બ્રાહ્મણો અને વાણીયાઓ મળી જાય અને ત્યાર પછી તે સર્વે ઇતરજાતિ સાથે મળે એમ પગથીયે પગથીયે વધવાનું સમાલોચકને કબૂલ છે? "પૂર્વે બ્રાહ્મણની અને શૂદ્રની શિક્ષાઓ જૂદી હતી" એમ કહેવામાં ડા. ભાંડારકરે શી "ભૂલ" કરી તે સમાલોચક બતાવશે? "કાળી ગોરી ચામડીનો ન્યાય આજે પણ સમવિષમ છે" તેમાં ડા. ભાંડારકર શું કરે? હાલ રાજ્ય કર્તા તરફથી એવો અન્યાય ચાલતો હોય માટે શું પૂર્વ કાળના એવા અન્યાય વિશે ડા. ભાંડારકર બોલે તે તેમણે "ભૂલ" કરી કહેવાય? જ્ઞાતિબંધન તોડવાની બાબતમાં પણ "સમાલોચક" સ્ત્રીશિક્ષણની બાબતની પેઠે માત્ર પદ્ધતિ વિશે મતભેદ ધરાવે છે. જાતિભેદ તુટવો તો જોઇએ એમ કહે છે; પરન્તુ બ્રાહ્મણે એકદમ ઢેડ સાથે ભળવું નહિ પણ પ્રથમ બીજા બ્રાહ્મણ સાથે, પછી ત્રીજા સાથે એમ પગથીયે પગથીયે ચઢવું. હમારા જાણવા પ્રમાણે બ્રાહ્મણે એકદમ ઢેડ સાથે જ ભળી જવું એમ સુધારકોએ કદી કહ્યું નથી. કોઈ કોઈ સુધારક પોતાની રાજી ખુશીથી એકદમ જાતિ બંધનને તોડી પારસી, મુસલમાન, કે ઢેડની પણ છોછ ન રાખતા હોય તેમાં આખો સુધારકનો વર્ગ શું કરે? તેવા મનુષ્યોને તે કરવું ઇષ્ટ લાગે તો કરે. જાતિબંધનને તોડવાની યુક્તિ બતાવનાર સમાલોચક જ્ઞાતિજનોને શરણ જવાની, શરણ રહેવાની, તે કહે તેમ કરવાની, દંડ ભરવા વગેરેની શીખામણો આપે છે. જાતિભેદનું બળ તેમને શરણ રહેવાથી ઘટે, તેમને માન આપવાથી ઘટે કે તેમની દરકાર નથી એમ બતાવવાથી ઘટે એ વિશે હમને તો સંશય છે; પાળેલા હાથી સિંહ, શિકાર વગેરે ઉપમાના દાખલાઓ સમાલોચક બતાવે છે તોપણ હમારો તો અનુભવ એમ છે કે નાત્યવાળાને જેમ વધારે આધીન થઇશું તેમ તેઓ વધારે બળવાન થશે. નાત્યની મારફતે કોઈ પણ સુધારા હજી સુધી થયા નથી, અને એ રસ્તે કેટલા સુધારા ભવિષ્યમાં નમ્ર થવાથી, દંડ ભરવાથી, કે જમણ આપવાથી થશે એ હમે તો કહી સકતા નથી; પરન્તુ એટલું જ વિચારો કે નાત્યનો ધારો તોડનારને નાત્યવાળા દંડ વગેરે સજા કરે તો તેમનું બળ ઘટ્યું કહેવાય કે તે કાયદો તોડનારને

આંખ્યઆડાકાન કરી જતો મૂકે તો બળ ઘટ્યું કહેવાય? એક નાત્યની કન્યા બીજી નાત્યના વર સાથે પરણે અને નાત્યવાળા તે બન્નેના માબાપને શિક્ષા કરે એનું નામ સુધારો થયો નહિ કહેવાય, એનું નામ જાતિબંધન તુટ્યું નહિ ગણાય, પણ તેજ કાર્યની ઉપેક્ષા થાય અથવા તેથી પણ ઉત્તમ, વગર શિક્ષાએ નાત્યવાળા તે બન્ને સાથે વ્યવહાર રાખે ત્યારે જ સુધારો થયો ગણાશે.

એ જ રીતે સમુદ્રપ્રયાણને સંબંધે હમારૂં કહેવું છે કે જો ઈંગ્લાંડ આદિ દેશમાં જવું એ વાતને સુધારાની યાદીમાં ગણવું હોય તો તેમાં પ્રાયશ્ચિત્તની બાબત ભેળવવી નહિં. ઈંગ્લાંડ જઈ આવનાર હિંદુ પ્રાયશ્ચિત્ત કરી નાત્યમાં દાખલ થાય તો તેથી સુધારો થયો એમ ગણાય નહિં. વગર પ્રાયશ્ચિત્તે નાત્યવાળા તેની સાથે પૂર્વવત્ વ્યવહાર રાખે ત્યારે જ સુધારો થયો ગણાશે. તેવો મનુષ્ય પ્રાયશ્ચિત્ત કરી નાત્યમાં દાખલ થાય તો તેથી તેને પોતાને કેટલીક જાતિબહિષ્કારની પ્રતિકૂળતાઓ દૂર થઈ એટલું જ. ઈંગ્લાંડ જવાનો માર્ગ વધારે મોકળો કરવો અને એજ બાબતમાં સુધારો કરવો એ બે જૂદી જ વાતો છે. ઈંગ્લાંડ જઈ આવનાર પ્રાયશ્ચિત્ત કરે તો તેથી માર્ગ ખુલ્લો થયો એમ ગણાતું હોય તો ભલે પણ તેથી સુધારાનો વધારો થયો એમ ગણવું ન જોઇયે. આ બાબતને જો સુધારા સાથે ભેળવાની હોય તો તેમાંથી પ્રાયશ્ચિત્તનો અંશ કાઢી જ નાંખવો જોઇયે. ઈંગ્લાંડ વગેરે દેશોમાં જઈ આવી જાતિભેદ તોડવો એ જ આમાં સુધારાનો અંશ છે; જો તેમ ન હોય તો ઈંગ્રેજને અહીંથી પાછા ઈંગ્લાંડ જાય તે પણ સુધારક જ કહેવાય. આપણા દેશના જેઓ ઈંગ્લાંડ આદિ દેશોમાં જાય છે તે કાંઈ સુધારાને ઉત્તેજન આપવા જતા નથી; પોતાના સ્વાર્થ માટે જ જાય છે; અને તેઓ પાછા આવી પોતાના સ્વાર્થ માટે પ્રાયશ્ચિત્ત કરી નાત્યમાં દાખલ થાય તો ભલે પણ જ્યાં સુધી જાતિભેદ તોડે નહિં ત્યાં સુધી તેને સુધારાનું કાર્ય ગણાય નહિં. તેવા પ્રવાસીઓને નાત્યવાળા વગર પ્રાયશ્ચિત્તે પોતામાં ભેળવે તો ખરેખરો સુધારો થયો ગણાય. પરન્તુ એટલું ખરૂં કે આજથી ૩૦–૩૫ વર્ષ ઉપર પ્રાયશ્ચિત્ત કર્યા છતાં પણ પૂર્વવત્ વ્યવહાર રાખવો નહિં એવી વૃત્તિ હતી અને હજી પણ પ્રાયશ્ચિત્ત જ આપવું નહિં એવી પણ વૃત્તિ કેટલીક નાત્યોમાં છે, તેને બદલે હવે પ્રાયશ્ચિત્ત આપીને પણ પૂર્વવત્ વ્યવહાર રખાય છે એ કાંઈક આનંદની વાત છે; અને વગર પ્રાયશ્ચિત્તે પુનઃ સ્વીકાર થયાના દાખલા પણ છે. પ્રવાસપ્રાયશ્ચિત્તને સંબંધે "સમાલોચકે" તેના ઇતિહાસનું કાંઈક અજ્ઞાન બતાવ્યું છે તે વિશે જરા બોલવાની જરૂર છે. "સમાલોચક" કહે છે "પ્રથમ પ્રવાસે જઈ આવનારાઓએ જો પહેલેથી જ પ્રાયશ્ચિત્ત કરી દંડ આપી, ભાઈ બાપા કરીને નાતમાં પગ રાખ્યો હોત

તો આજ માર્ગ મોટો થયો હોત પરંતુ એમ ન કરતાં તેઓ આગ્રહ રાખી રહ્યા હતા." આમ લખવામાં કોને સંબંધે સમાલોચક કહે છે તે સ્પષ્ટ સમઝાતું નથી. પરન્તુ સમાલોચક ગુજરાતી પત્ર છે, એના તન્ત્રી ગુજરાતી છે અને આ લેખ પણ ગુજરાતીનો જ લખેલો લાગે છે તો ઉપરનું વાક્ય પણ ગુજરાતી પ્રજાને ઉદ્દેશીને જ હશે એમ સહજ અનુમાન થાયછે; અને ગુજરાતી પ્રજામાંથી પ્રથમ પ્રવાસે જનાર સ્વર્ગસ્થ મહીપતરામ રૂપરામ હતા એમ હમે તો જાણીયે છીયે. ત્યારે એ વચન જો એ ગૃહસ્થને ઉદ્દેશીને લખ્યું હોય તો હમે એમ જ કહીશું કે "સમાલોચક" ને એમના પ્રવાસ અને તેને સંબંધે બનેલી હકીકતનું કાંઈ જ જ્ઞાન ન હોવાથી તેમણે અજાણે અસત્ય લખ્યું છે. સ્વર્ગસ્થ મહીપતરામ રૂપરામે ઈંગ્લાંડથી આવી એકવાર નહિ પણ ત્રણવાર પ્રાયશ્ચિત્ત કર્યું; અને પ્રાયશ્ચિત્ત એટલે ભેગો દંડ તો સમઝવાનો જ. બીજા પ્રવાસીઓ એકવાર પ્રાયશ્ચિત્ત કરી પાવન થાય પરન્તુ આમને તો એક પ્રવાસ માટે ત્રણ પ્રાયશ્ચિત્ત કર્યા છતાં નાત્યે પાવન કર્યા નહિં. પ્રથમ એક બ્રાહ્મણને હાથે પ્રાયશ્ચિત્ત લીધું તે નાગરબ્રાહ્મણ ન હોવાથી રા. સા. મહીપતરામના નાતીલાઓએ તે સ્વીકાર્યું નહિં; તેથી નાગર બ્રાહ્મણને હાથે લીધું તે પણ ખરા અંતઃકરણથી લીધું નથી એવો વાંધો નીકળ્યાથી ત્રીજીવાર પ્રાયશ્ચિત્ત લીધું; તો પણ એ ગૃહસ્થ જાતે મરણપર્યન્ત જાતિબહાર જ ગણાયા. આમ ત્રણ ત્રણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી તેને નમનતાઈ ન ગણતાં આગ્રહ રાખી રહ્યા કેમ કહેવાય? સમાલોચક એ વાત જાણતા ન હોય તો તેમને ક્ષમા આપીશું; પરન્તુ એ વાત પ્રસિદ્ધ છે; એટલે જાણતા જ હશે. જાણ્યા છતાં જો એને આગ્રહ કહેશે તો નમનતાઈ શેને કહેવી? સમાલોચકને આવાં કાર્યનો અનુભવ હોત તો આમ લખત નહિં. એમને કદાચ ખબર નહિં હોય કે રા. સા. મહીપતરામે ત્રણવાર પ્રાયશ્ચિત્ત કર્યા છતાં એમની નાત્યના તે પછી જઈ આવેલા દશ પંદર પુરુષો છે તેમાંના કોઇને પણ હજુ સુધી નાત્યે સ્વીકાર્યા નથી; પ્રાયશ્ચિત્ત આપી પણ સ્વીકારાતા નથી. એમણે નમનતાઈ રાખ્યા છતાં એમની નાત્યને સંબંધે માર્ગ મોટો થયો નહિં. ઈંગ્લાંડ જવાનો માર્ગ તો મોટો જ છે પરન્તુ જઈ આવી નાત્યમાં દાખલ થવાનો માર્ગ મોટો થયો નહિં, તે કાંઈ રા. સા. મહીપતરામે આગ્રહ રાખી પ્રાયશ્ચિત્ત ન કરવાથી નહિં (કેમકે એમણે તો ત્રણ પ્રાયશ્ચિત્ત કર્યાં હતાં) પરન્તુ વડનગરા નાગરની હઠીલાઇને લીધે. નાત્યનો ગુન્હો કરી તેની શિક્ષા પામવી કે બચી જવું તેનો આધાર ગુન્હેગારની નમ્રતા કે આગ્રહ ઉપર હોવા કરતાં નાત્યના આગેવાન પુરુષોના ડાહ્યાપણ કે મૂર્ખાઈ, પ્રમાણિકતા કે અપ્રમાણિકતા ઉપર વિશેષ છે.

આ શિવાય સોશિયલ કૉન્ફરન્સના બીજા ઠરાવો વિશે સમાલોચકે

ટૂંકામાં જ કહી નાંખ્યું છે તેને હમે પણ ટૂંકામાં જ તપાસી જઈશું. કેફ નિષેધના ઠરાવ વિશે કહેતાં સમાલોચક તેની અગત્ય સ્વીકારી કહે છે કે "પરંતુ દિલગીર છીયે કે સુધારાવાળાઓમાં એની છાંછ ઓછી છે એમ લોક મત છે; પછી જે હોય તે ખરૂં." સમાલોચકને હમે એક બંધુ તરીકે શીખામણ આપીયે છીયે કે આવી બાબતમાં લોકમતને જરા પણ વજન આપશો અથવા તેથી દોરાઈ કાંઈ છાપી નાંખશો તો કોઈવાર અણધારી વિપત્તિ માથે વ્હોરી લેશો. કેફી પદાર્થનું સેવન કરવાથી આરોગ્ય, દ્રવ્ય વગેરેની હાનિ છે એમ સુધારકો માને છે; પરન્તુ તેવા પદાર્થોને દાક્તરો ઔષધ તરીકે આપે તો તેથી ધર્મભ્રષ્ટ થવાય કે વટલી જવાય એમ સુધારકો માનતા નથી અને તેવું નથી માનતા તેથી કદાચ સુધારકોને એની છાંછ નથી એમ લોકમત થયું હશે. પણ આમ બોલવામાં સમાલોચક કેફી પદાર્થ એટલે માત્ર મદ્ય જ ગણતા હોય એમ લાગે છે. સુધારકો મદ્ય, ભાંગ, અફીણ, તાડી, ગાંજો, એ સર્વને હાનિકારક ગણે છે; પણ કુધારાવાળા તો માત્ર મદ્યનો કે તાડીનો જ વાંધો ગણે છે; તેમને મતે ભાંગ, અફીણ પીનાર ધર્મભ્રષ્ટ ન થાય પણ મદ્ય પીનાર ધર્મભ્રષ્ટ થાય; પરન્તુ સુધારકો એ સર્વ પદાર્થોને ત્યાજ્ય ગણે છે. ઔષધાર્થે જ તેનો ઉપયોગ માન્ય કરે છે. સુધારકોમાં એની છાંછ ઓછી છે એમ કહેનાર સમાલોચકને ખબર નહિં હોય કે વગરસુધારાવાળામાં પણ એની છાંછ કયાં છે? મદ્યપાન કેટલું વધ્યું છે અને કેટલું ઉઘાડું થઈ ગયું છે એ વાત કાંઈ ગુપ્ત છે? અને જેટલો મદ્ય ખપે છે તેમાંથી સુધારાવાવાળામાં કેટલો વપરાય છે અને વગરસુધારાવાળામાં કેટલો ખપે છે તેની અજમાયશ કાઢી છે? ધર્મને બ્હાને દેવી ભક્તો મદ્યનું સેવન કરનારા કેટલા બધા છે તેની કદી તપાસ કરી છે? આ બે બાબતની તજવીજ કરી પછી કહેજો કે સુધારાવાળાઓમાં એની છાંછ ઓછી છે કે વગરસુધારાવાળાઓમાં અને દેવીભક્તોમાં? મદ્યાદિ કેફી પદાર્થોથી થતાં નુકસાન જાણ્યાથી શિક્ષિત અને સુધારક વર્ગમાં એવા હશે તે લોકો ધીરે ધીરે તેનો ત્યાગ કરવા લાગ્યા અને લાગશે પરન્તુ જેઓ ધર્મને બ્હાને દેવીના પ્રસાદ તરીકે મદ્યનું સેવન કરતા હશે તેવા જનો તેનો ત્યાગ નહિં કરે.

વેશ્યાઓના નાચની બાબત સમાલોચક એકમત છે તેથી તે વિશે એમણે વિરુદ્ધ કાંઈ કહ્યું નથી એટલે હમે પણ તે વિશે કાંઈ ન બોલતાં તેઓ એકમત છે તે જોઈ સંતોષ પામીશું; તેવી જ રીતે હિંદુસુસલમાનના વિરોધ વિશે પણ એકમતતા છે. જ્ઞાતિઓના વ્યવહાર સંબંધે છઠ્ઠો ઠરાવ થયો તે વિશે પણ નમનતાઇથી કામ લેવાની શીખામણ સમાલોચક આપેછે; પરન્તુ જ્ઞાતિઓ સાથે નમનતાઈ રાખવા વિશે હમે ઉપર બોલી ચૂકયા છીયે એટલે ફરી તે વિશે બોલતા નથી.

લગ્નના ઠરાવને સંબંધે સમાલોચક કહે છે કે "લગ્ન કે એવા બીજા સાંસારિક વ્યવહારમાં કાયદાને દાખલ થયેલો જોવા હમે બીલકુલ રાજી નથી." આ પ્રશ્ન મ્હોટો છે; એ વિશે ઘણી ચર્ચા થઈ ગઈ છે; તેથી આ સ્થળે પુનરુક્તિ કરી સ્થળ રોકવા ઇચ્છા નથી. પરંતુ એટલું તો કહેવું જ પડશે કે કેટલાક રિવાજ એવા છે કે કાયદા વગર ફરી સકે જ નહિ. સતી રોકવાનો કાયદો ન થયો હોત તો સતીનો ચાલ આજ સમૂળગો બંધ થયો હોત એમ કોણ કહી સકશે? અને હજી પણ કાયદાની મદદ વગર કેટલાક રિવાજ કયારે બંધ થશે તે હમે કહી સકતા નથી. "બળાત્કારે કામ ચિરસ્થાયી" નહિ થતું હોય પણ કાયદાના બળથી તો કામ ચિરસ્થાયી થાય. જ્યાં સુધી તે કાયદાનો અમલ હોય, તે કાયદો કરનારનો અમલ હોય ત્યાં સુધી તો ચિરસ્થાયી પણામાં વાંધો આવે નહિ. રાજ્યકર્તાનો અમલ જ બંધ થાય તો તે લગ્નના જ નહિં પણ બધાએ કાયદાનો અમલ અટકે અને પ્હેલાંનો કાળ જાય એમાં પણ સંશય નથી. પરંતુ કાયદાની અસર એવી છે કે તે પ્રચલિત થતાં પ્રજાને પોતાની ભાવનામાં કેળવે છે અને તેથી ઉચ્ચ ભાવનાના કાયદા લાંબો વખત ચાલ્યાથી પ્રજાના વિચારમાં ઘણી ઉન્નતિ થાય છે તેથી કાયદો બંધ થાય તો પણ તેનું કૃત્ય બધું જ ધોવાઈ તો ન જાય; અને જ્યાં સુધી કાયદો કરનારનો અમલ હોય ત્યાં સુધી તો કાયદાનું બલ ઘણું છે એ વાતની કોઈથી ના કહેવાય નહિ. હરેક વાતમાં કાયદો–રાજ્યકર્તાનો કરેલો કે મંડળીએ પોતે કરેલો–કાયદો હોવો જ જોઇયે. કાયદાના બંધારણ વગરની મંડળી તે મંડળી નહિ પણ જંગલી જાનવરોનું ટોળું જ કહેવાય; અને મંડળી પોતે મળી એકમત થઈ પોતાને માટે કાયદા ન કરી સકે અને તેમાં યોગ્ય ફેરફાર ન કરી સકે અથવા કરેલા કાયદા અમલમાં ન મૂકી સકે તો તેવી સ્થિતિમાં રાજ્યકર્તાએ વચ્ચે પડી મંડળીના એકંદર હિતના કાયદા કરવા જ જોઇયે, અને તેમાં વાંધો લેવો તે આત્મઘાતી કૃત્ય જ ગણાય. સ્મૃતિઓનાં વચનો તે કાયદા જ છે; તે કાળને અનુકૂલ કાયદા તે કાળના મહાપુરુષોએ કર્યા; જેમના હાથમાં સત્તા હતી તેમણે કાયદા કર્યા તેને હજી સુધી પવિત્ર ગણી માનવા મનાવવા સર્વ કોઈ ઉત્સુક છે તો હાલ જે સત્તાધીશો છે તેમને આપણા હિતાર્થે હાલના કાળને યોગ્ય કાયદા કરતાં શા માટે રોકવા? સ્મૃતિકાર આ દેશના જ હતા અને હાલના રાજ્યકર્તા પરદેશી છે માટે? હાલ કાયદા કરનાર પરદેશી ઈંગ્રેજો છે અને કાયદાને તાબે રહેનાર દેશીજનો છે, તેમજ પૂર્વ કાળમાં પણ કાયદો કરનાર આર્ય અને ભોગવનાર અનાર્ય એ બે ભેદ હતા. પરન્તુ હાલની કાયદા કરનારી મંડળીઓમાં માત્ર પરદેશી જનો જ છે એવું કાંઈ છે? આ દેશના પણ બે મંડળીઓમાં છે. તો આપણું હિતાહિત સાચવનારા સ્વદેશીજનો જે મંડળીઓમાં છે તેવી મંડળીઓ જો

આપણા સર્વના સામાન્ય કલ્યાણાર્થે, સંસારિક–કે હરકોઈ બાબતમાં કાયદા કરે તો શી હાનિ? હાલ સંસારી વ્યવહારી બાબતના ઘણા કાયદા ચાલવા છતાં નવા કાયદા થતાં કે ચાલતા કાયદામાં જરા પણ વધારો થતાં નાહક ધોંધાટ કરવો એ કેવળ ટૂંકી નજરનું જ પરિણામ છે. વિદ્યા અને વખત સર્વ કરશે એ આશા મિથ્યા છે. હાલ સુધી વિદ્યા અને વખતે કેટલું કર્યું તે જુવો અને પછી એવી ગંગવાના જળની આશા બાંધો. અંત્યજને પાવન કરવાના ઠરાવને અને વટલેલાને પાવન કરવાના ઠરાવને હવામાંના કિલ્લા ગણી સમાલોચકે એક જ વાક્યમાં પતવ્યા છે; તેમજ લગ્નના ભોગવટાના ઠરાવને પણ "તે ઠીક જ !!" એમ બે શબ્દથી જ પતવી દીધો છે; એટલે એ વિશે કાંઈ કહેવાને હમને અવકાશ એમણે આપ્યો નથી. એ ત્રણે ઠરાવની વિરુદ્ધ તો એમનો મત ખરો જ એટલું તો સમજાય છે; પરન્તુ એ વિશે કાંઈ સવિસ્તર એ બોલતા નથી એટલે તેનું ખંડન કાંઈ પણ થવું અશક્ય જ છે.

"સમાલોચક" નો આ આખો લેખ વાંચતાં એકંદર રીતે એમજ ભાસ થાય છે કે આ લેખના લખનાર સંસારસુધારાના વિરુદ્ધ, સોશિયલ કૉન્ફરન્સના વિરુદ્ધ, સુધારકો અને તેમનાં કૃત્ય તથા પદ્ધતિની વિરુદ્ધ જ છે. કૉન્ફરન્સના ગયા વર્ષના પ્રમુખ ડા. ભાંડારકર આજથી દશ વર્ષ ઉપરના સુધારકોમાં ગણાતા નહિ અને એમની સુધારક વૃત્તિ નવીન છે એમ "સમાલોક"ને શા ઉપરથી ખબર પડી તે સમજાતું નથી. એમનો પોતાનો જન્મ હાલ થયો એટલે કદાચ દશ વર્ષ ઉપરની વાતની એમને ખબર નહિ હોય પરન્તુ હમે તો જ્યારથી ડા. ભાંડારકરનું નામ સાંભળ્યું છે–ઘણાં વર્ષથી સાંભળ્યું છે–ત્યારથી તેમને સુધારક તરીકે જ જાણ્યા છે. મુંબાઈની પ્રાર્થના સમાજમાં ઓછાં વીશ વર્ષથી એ અગ્રેસર ગણાય છે. ઈ. સ. ૧૮૭૧–૭૨ માં જ્યારે મર્હુમ શેઠ માધવદાસ રઘુનાથદાસે બાઈ ધનકોર સાથે પુનર્વિવાહ કર્યો ત્યારે તે પુનર્લગ્નમાં જે થોડા ગૃહસ્થોને સુધારકમાં ગણી નિમન્ત્રણ હતું તેમાં ડા. ભાંડારકરનું નામ હતું અને એ ગૃહસ્થ હાજર પણ હતા. સુરોપયાત્રા કરી પ્રાયશ્ચિત્ત ન કરનાર ગૃહસ્થોમાં પણ ડા. ભાંડારકર છે અને તેને પણ આજ કેટલાંક વર્ષ થઈ ગયાં છે. ડા. ભાંડારકરની સુધારક વૃત્તિ નવીન છે એ કહેનાર માત્ર "સમાલોચક" જ છે; બાકી બીજા સર્વ જાણે છે કે એ ગૃહસ્થ પ્રથમથી જ–એટલે પચીસેક વર્ષ પહેલેથી જ સુધારક ગણાયા છે. "રાજ્યને સંસાર સાથે તેમજ સંસારને રાજ્ય સાથે નિત્ય સંબંધ નથી. આ બે બાબત ન બંધ બેસે એવી છે એટલે તેને સિદ્ધ કરવાની પણ અત્રે થોડી જ જરૂર છે,"–તેમજ વળી "સંસાર અને રાજ્ય એ બે જૂદાં ખાતાં છે અને તેમાં જે સુધારા થાય તે પણ જુદા જુદા મંડપમાં જ થવા જોઇએ"–

આ બે ઉદ્ગાર "સમાલોચકે" કાઢયા છેતે વિચિત્ર છે માટે તેમાં સત્ય કેટલું છે તે તપાસવું જોઇયે. આવી જાતનાં વચનો ગયે વર્ષે અનેક નીકળ્યાં હતાં અને એ "ધાંધલ"ના પરિણામમાંજ હિંદુસ્તાનની "એકજ પ્રજા"માં બે ફાંટાં તડ પડી ગયાં, અને, સુધારાના શત્રુવર્ગ રાજી થઈ ગયા! નેશનલ કાંગ્રેસમાં રાજદ્વારી સુધારા થતા નથી તેમજ સોશિયલકૉન્ફરન્સમાં સંસારી સુધારા થતા નથી; બન્ને સભામાં, શા શા સુધારા થવા જોઇયે એ વિશે વિચાર જ માત્ર થાય છે તો પછી તે બે ખાતાં જૂદાં છે માટે તેમાં સુધારા થાય તે પણ જૂદા મંડપમાં થવા જોઇયે એમ કહેવું મિથ્યા છે. બન્ને જૂદી જાતના સુધારા છે એમ સર્વે માને છે માટેજ તે વિશે વિચાર આરંભથી જ જૂદી મંડળીમાં જૂદી સભામાં થાય છે, માત્ર એકજ સ્થળમાં પણ જૂદે વખતે જૂદે દિવસે વિચાર થતા. એક સ્થળમાં બે જૂદી જાતનાં કાર્ય થાય તેથી કાંઈ તે બન્ને કાર્ય ગોળભેળ થઈ ગયાં, કે તેનું ભિન્નત્વ જતું રહ્યું એમ કેમ મનાય? એકજ ઘરમાં આજ લગ્ન થાય અને કાલે મરણ થાય માટે શું લગ્ન મરણ એકજ ગણાશે? "રાજ્યને સંસાર સાથે નિત્ય સંબંધ નથી" વગેરે સમાલોચકનો સિદ્ધાન્ત તકરાર ખાતર કબૂલ રાખીયે તો પણ શું એ બન્ને બાબતો વિશે એક જ સ્થળમાં પણ અન્ય પ્રસંગે અન્ય દિવસે અન્ય સભામાં વિચાર થવાથી નુકસાન થાય? રાજદ્વારી સુધારાના વિચાર જોગો સંસાર સુધારાનો વિચાર ન કરવો એમ આરંભમાં ઠર્યાથી તેને માટે જૂદો દિવસ નિશ્ચિત થયો; પરન્તુ એક મંડપમાં વિચાર કર્યાથી તે બન્ને સુધારાની વાત એકદી થઇ જાય છે એમ કહેવું નહાનાં બાળક શિવાય બીજા કોઇને શોભે? રાજ્યને સંસાર સાથે કે સંસારને રાજ્ય સાથે સંબંધ કદાચ નહિ હોય પરન્તુ રાજદ્વારી સુધારાને અને સંસારિક સુધારાને તો નિકટ સંબંધ છે એ વાત તો ઈતિહાસ જાણનાર અને હાલના જમાનાની સ્થિતિનું અવલોકન કાર સર્વ કોઈ કબૂલ કરશે. સંસાર અને રાજ બન્ને જૂદાં ખાતાં ભલે હોય, પણ તેમાં બનતા બનાવ તેમની સ્થિતિ વગેરે અનેક બાબતમાં બન્ને ખાતાને સંબંધ છે. રાજદ્વારી સુધારાનો આધાર સાંસારિક સુધારા ઉપર ઘણી બાબતમાં છે એ વિશે અનેક વાર ચર્ચા થઈ ગઈ છે અને બન્ને સુધારા સાથે થવા જોઇયે એ મતનો સ્વીકાર પણ ઘણે ભાગે થઈ ગયો છે; તે વિશે વિચાર જૂદા મંડપમાં ભલે થાય અને ભલે તેથી સમાલોચક વગેરે ટુંકી નજરનાં પત્રો આનંદ પામે પરન્તુ બન્ને સુધારા સાથે થવા જોઇએ, નહિ તો રાજદ્વારી સુધારાનું આયુષ્ય ઠુંઠું થઈ જશે એમાં સંદેહ નથી. સંસાર સુધારાનો "ખ્યાલ" પૂર્વે એટલે પ્રાચીન સમયમાં હતો કે નહિં એ અસંબદ્ધ વાત છે તોપણ સમાલોચક ડા. ભાંડારકરનું વાક્ય ઉતારી એ વિશે કહે છે કે "પૂર્વે સુધારાનો ખ્યાલ નહોતો એમ ડા. ભાંડારકરને મોઢેથી સાંભળતાં નવાઈ લાગે છે. બુદ્ધ મોટો સુધારક થયો હતો એમ વિદ્વાનો કહે

છે, તે ત્યારે ખોટું કે ખરું?" બુદ્ધ વગેરે બીજા પણ કેટલાક સુધારક થયા હશે પરન્તુ તે "સમાલોચક" કહે છે તેમ "હાલના સુધારકોના જેવો બૈરાં ભાયડામાં અભેદક સુધારાનો" ઉપદેશ કરનારા સુધારકો નહિ. તે કાળમાં સુધારાના વિષય જૂદા હશે હાલ જૂદા છે અને ઈશ્વરકૃપાથી દિવસે દિવસે સુધારાની વૃદ્ધિ થશે તો આજથી સોપચાસ વર્ષે કેટલાક કુધારા નીકળી જશે તો વળી તે વખતે સુધારાનું સ્વરૂપ બદલાઈ જશે. બુદ્ધે બ્રાહ્મણોના સ્વાર્થી અધિકાર સામે યુદ્ધ કર્યું હતું; હાલપણ બ્રાહ્મણોનો જ પરાજય કરવા સુધારકો મથે છે; પરન્તુ તે વખત ને હાલમાં કેટલુંક અંતર છે, અને અંતર હોય જ; એટલા લાંબા કાળના સુધારા અને હાલના સુધારા સરખા હોય જ નહિં. બુદ્ધે જાતિભેદને તોડવાનો પ્રયત્ન કર્યો હશે પરન્તુ યુરોપયાત્રા કરી જાતિભેદને તોડવો એ વાત તે કાળમાં નહિં હોય. બુદ્ધ વગેરે બીજા પૂર્વકાળના સુધારકો અને હાલના સુધારકોના પ્રયત્નોમાં ઘણું અંતર છે એટલે પૂર્વે સુધારાનો ખ્યાલ નહોતો એમ જ કહેવાય. બાળલગ્નનિષેધ, વિધવા વિવાહનો પ્રચાર, વિધવાવપનનિષેધ, જાતિભેદનો નાશ, યુરોપયાત્રા, સ્ત્રી પુરુષોને સરખો ન્યાય આપવાની વૃત્તિ (જેને સમાલોચક બૈરાં ભાયડામાં અભેદક સુધારા કહે છે) વગેરે જાતિના સુધારાનો ખ્યાલ આ સૈકામાં જ ઉત્પન્ન થયો છે અને તેથી જ પૂર્વે સુધારાનો ખ્યાલ નહોતો એમ કહેવાય છે. બુદ્ધ વગેરેએ, ધર્મ સંબંધી મતાન્તર હોવાથી પોતપોતાના ધર્મસિદ્ધાન્તો સ્થાપી પોતાના પંથમાં બીજાઓને ભેળવવાનો પ્રયત્ન માંડ્યો હતો; સંસાર સુધારા તરફ લક્ષ કોઇએ પણ આપ્યું નહોતું. ઉલટું બુદ્ધના મતાનુસારે વિધવાવપનનો પ્રચાર થયો એમ કેટલાક માને છે; તો તેને સુધારાનો ખ્યાલ કેમ કહેવાય? સ્ત્રીયોને ઉત્તમ શિક્ષણ આપવું, સ્ત્રીયોને જે જે સંસારિક અન્યાય છે તે દૂર કરી સ્ત્રી પુરુષોમાં "અભેદ" સ્થાપવો એ સર્વ ખ્યાલ પૂર્વે કયારે થયા હતા? કીયા પુરાણોમાં કીયે સ્થળે સુધારાની વાતો છે તે જ્યાં સુધી હરતનિર્દેશ કરી સમાલોચક બતાવે નહિં ત્યાં સુધી "પુરાણોમાં પણ સુધારાની વાતો છે" એમ હજાર વખત "સમાલોચક" કહેશે તો પણ હમે માનીશું નહિં અને કોઈ પણ સુજ્ઞ, જેણે પુરાણોની છાયા પણ જોઈ હશે તે એ વાતનો સ્વીકાર કરતાં વિચાર કરશે. "કાળે કાળે એની મેળે સુધારો થતો જ આવે છે. વિદ્યા, ઘોંઘાટ કરતાં ઘણો સુધારો કરે છે એ આજના કાગડા ઉડાડ ઘોંઘાટીયા સુધારાથી વધારે બળવત્તર અને કાયમ થાય છે" એમ જે સમાલોચક માનતા હોય ("દરેક વિદ્વાન" તો સ્વીકારતો નથી) તો પછી સુધારકોએ આમ પગથીયે પગથીયે જવું, અને આમ પ્રાયશ્ચિત્ત કરી દંડ આપી નમ્રતા રાખવી, લોજનવ્યવહાર હોય ત્યાં કન્યાવ્યવહાર આવી રીતે કરાવવો, પુનર્લગ્ન આ પદ્ધતિએ કરાવવાં, વગેરે વિધિનિષેધ સ્થાપી સમાલોચકે સુધારકોના માર્ગદર્શક થવાની જરૂરજ શી હતી?

એવો "ઘોંઘાટ" કરવાની પણ શી જરૂર હતી? માત્ર વિદ્યા અને કાળ બધુ કરશે એટલી શીખામણ આપી સંતોષ પામી મુંગા બેસવું હતું. વિદ્યા અને કાળ બધું કરે એમ માનીયે તો જગતમાં કાંઈ પણ ઉદ્યોગની જ જરૂર રહે નહિં. સંસાર સુધારા કાળથી થશે તેમ જ રાજદ્વારી સુધારા પણ કાળથી જ થશે એમ માનવું જોઇયે. રાજકર્તા જાણશે કે અમુક હક માટે પ્રજા લાયક થઈ છે તો તે હક આપશે. શા માટે "કાગડા ઉડાડ ઘોંઘાટ" દરફિસ્ટમસે કરવો? કાળ બધું કરશે એમ માની આળસુ બેશી રહ્યા હોત તો રાજદ્વારી કે સંસારી કોઈ પણ સુધારો આટલો પણ થયો ન હોત. વિદ્યા અને કાળથી થયેલા સુધારા કીયા અને કેટલા અને "કાગડા ઉડાડ ઘોંઘાટીયા સુધારા" કીયા અને કેટલા એ બે ભેદ પાડી ગણતરી કરી તુલના કરી બતાવ્યું નથી ત્યાં સુધી વિદ્યા અને કાળે કરેલા સુધારા ઘોંઘાટીયા સુધારા કરતાં વધારે કાયમ અને બળવત્તર થાય છે એમ કહેવું એ સાહસ જ છે; વધારે કાયમ અને બળવત્તર થશે એમ કહ્યું હોત તો જૂદી વાત હતી પરન્તુ સમાલોચકે બળવત્તર થાય છે એમ સિદ્ધાન્ત કર્યો છે. માટે હમારે પૂછવું પડે છે કે વિદ્યા અને કાળથી થયેલા કીયા સુધારા અને ઘોંઘાટીયા સુધારા તે કિયા? ઘોંઘાટીયા સુધારા એટલે શું એ જ પ્રથમ સમઝવું મુશ્કેલ છે. ભાષણો કરી ઉપદેશ કરી સભાઓ ભરી પુસ્તકો અને લેખો લખી કરેલા સુધારા તેને કદાચ સમાલોચક "ઘોંઘાટીયા સુધારા" કહેતા હશે. પરન્તુ લોકમત ફેરવવા માટે ભાષણો, ઉપદેશો, સભાઓ, પુસ્તકો વગેરે ઉપાયની આવશ્યકતા ખરી કે નહિ? સુધારા કરતા પહેલાં લોકમત ફેરવવો એમ કહેનાર પણ સુધારાના વિરુદ્ધ પક્ષવાળા ખરા કે નહિં? કદાચ "સમાલોચક" એ મતમાં નહિં હોય કેમકે એમનો આધાર તો વિદ્યા અને કાળ ઉપર જ હોય એમ જણાય છે. વિદ્યાનો આટલો પ્રચાર-પુરુષોમાં-થવા છતાં વિદ્વાન્ શિક્ષિત પુરુષોમાંથી કેટલા સુધારાના પક્ષમાં છે એ વિશે કાંઈ વિચાર "સમાલોચકે" કર્યો છે? સુધારાનાં કૃત્ય કરનારની સંખ્યા લઇયે-દૃષ્ટાંત તરીકે પુનર્વિવાહ લઇયે-તો તેમાં પણ વિદ્યા પામેલા કરતાં વગર ભણેલાઓ પુનર્લગ્ન કરનારા વધારે મળી આવશે. આ ઉપરથી હમે એમ નથી કહેતા કે વિદ્યાથી સુધારાના કાર્યને મદદ નહિં મળે અને નથી મળતી પરન્તુ એક તરફી વિદ્યાનો જ પ્રચાર થયો છે-માત્ર પુરુષો જ વિદ્યા લાભ મેળવે છે અને સ્ત્રીયો અશિક્ષિત રહી છે તેથી જ વિદ્યાને લીધે જેટલી સુધારાની વૃદ્ધિ થવી જોઇયે તેટલી થઈ નથી. સ્ત્રી અને પુરુષ બન્નેની કેળવણી એક જ ચીલામાં આરંભથી જ ચાલી હોત તો સુધારાના કાર્યને વધારે બળ મળત. કાળે કરી બધું થશે એ માનવું આલસ્ય સૂચક છે. કાળ એટલે શું? કાળ શાથી બદલાય છે? Men make time મનુષ્યો જ કાળને ફેરવે છે. પ્રયત્ન કરવો જ નહિં એમ માની બેશી રહીયે તો કાળ બદલાય જ નહિં

કાળનામાં પોતાનામાં શું બળ છે ? શી ચેતના શક્તિ છે ? વિદ્યા અને કાળથી સુધારા થશે એમ જ હોય તો પછી "સમાલોચક" કહે છે તેમ નાત્યો સાથે નમ્રતા વગેરે કાંઈ પણ કરવાની જરૂર નથી. "સાંસારિક સમાજ ભરવાથી અને ઠરાવો પસાર કરવાથી તેમ જ ધાંધલ કરવાથી સુધારો થવાનો નથી" એમ કહેનાર સમાલોચકને પૂછીશું કે કૉંગ્રેસ ભરવાથી અને ત્યાં ઠરાવો પસાર કરવાથી રાજદ્વારી સુધારો થશે ખરો ? એ ધાંધલથી ફળ માનો છો ખરા ? ઉપર હમે કહ્યું તેમ ધાંધલનો હેતુ લોકમત કેળવવાનો છે. અમુક કાર્ય સારૂ કે ખોટું અમુક સુધારો ઇષ્ટ કે અનિષ્ટ અને અમુક પદ્ધતિ સારી કે નહિં વગેરે બાબતોનો વિચાર કરી ઘણા મતે નિશ્ચય કરવાથી લાભ છે એમ સમઝીને જ સાંસારિક સમાજ નેશનલ કૉંગ્રેસ, મેડિકલ કૉંગ્રેસ, મ્યુનસીપલ કોર્પોરેશન, સનાતન ભારત ધર્મમહામંડળ; પ્રોવિન્શીયલ કૉનફરન્સ પ્રેસિડેન્સી એસોશીએસન વગેરે .મંડળીઓ ઉત્પન્ન થાય છે જો સાંસારિક સમાજને ધાંધલ ગણીશું તો આવી જાતની બધી મંડળીઓને ધાંધલ જ ગણવી પડશે. સુધારકોને વણિક્ પ્રવૃત્તિ ધરવાનું કહેનાર "સમાલોચક" ને ખબર નથી કે નાત્યો મારફતે સુધારા કરવાના પ્રયત્નો આજ સુધી કેટલા થયા છે અને તેમાંના કેટલા સફળ થયા છે. પ્રવાસ પ્રાયશ્ચિત્તને સંબંધે સુધારા થયા છે તેમ બીજી બાબતમાં પણ થશે એ ભવિષ્ય વાણી ખરી પડે તો ઘણું સારૂં. નાત્યો મારફતે સુધારા આજ સુધી થયા નથી પરન્તુ જો થાય તો સુધારકો જેટલો આનંદ કોઇને નહિં થાય. વાણીયાની બધી નાત્યો ભેગી થઈ ઠરાવ કરે કે આપણે સર્વે ભેગા જમીયે છીયે માટે કન્યાવ્યવહાર પણ આજથી કરો; બ્રાહ્મણો પણ તેવા ઠરાવ કરે; છ જાતના નાગરો એ જ રીતે ભેગા થાય; કણબીઓ અને ઔદીચ્યો ઠરાવ કરે કે એક ઉપર બીજી સ્ત્રી ન કરવી. કોઈ નાત્યવાળા ઠરાવે કે બાળ વિધવાઓને તો પુનર્લગ્ન કરવાની છૂટ આપવી અને કોઈ પણ વિધવાના કેશ લેવા નહિં; વળી કોઈ નાત્ય ઠરાવ કરે કે બાર વર્ષની પહેલાં કન્યાનું કે વીસ વર્ષ પહેલાં છોકરાનું લગ્ન ન કરવું. પચાસ વર્ષના પુરુષને પરણાવવો (નહાની કન્યા સાથે) નહિં, કન્યાવિક્રય કરવો નહિ; તેમ જ કોઈ નાત્ય ઠરાવે કે યુરોપાદિ દેશમાં જઈ આવનારને વગર પ્રાયશ્ચિત્તે સામેલ કરવો–વગેરે ઠરાવો નાત્યોવાળા ક્રમે ક્રમે કે એકદમ કરે તો સુધારકોને જેટલો આનંદ થશે તેટલો બીજા કોઇને નહિં થાય; અને હમે તો એટલે સુધી કહીશું કે આમ ક્રમે ક્રમે થાય તો પણ સુધારાના શત્રુવર્ગમાંથી વાંધા કાઢનાર અનેક નીકળે. "સામમુક્તિથી" સુધારા કરવા એ વાત સુધારકો પણ સ્વીકારે છે; પરન્તુ સામમુક્તિ એટલે શું એ વિશે કદાચ કયાળે કયાળે જૂદા મત થાય. નાત્યો મારફતે સુધારા કરાવવાના પ્રયત્નનો જેને કાંઈ પણ અનુભવ છે, એવાં કાર્યોમાં નાત્યોવાળા કેવું વર્તન રાખે છે તેની જેને

જરા પણ ખબર છે તે કહી શકશે કે નાત્યોવાળા, "દાઢીમાં હાથ ઘાલ્યાથી" "ભાઈ બાપાથી નમનતાઇથી કે કશાથી પણ રાજી થતા નથી. શાથી રાજી થાય છે, કયારે થાય છે વગેરે ન સમઝી સકાય એવી વાત છે; નાત્યોનું બંધારણ જ વિચિત્ર છે, તેમાં સત્તાધારીયો પણ વિચિત્ર છે એટલે એ માર્ગે કેવી રીતે સુધારા કરવા તે સૂઝવું જ કઠણ પડે છે; તો પણ ઉપર કહ્યું તેમ નાત્યો મારફતે પણ સુધારા થશે તો સુધારકો તો આનંદ જ પામશે. ગમે તે માર્ગે થાય, ગમે તે પદ્ધતિથી થાય–કાયદાના બળે થાય, સભાથી, ઉપદેશથી, પુસ્તકથી ગમે તે સદુપાયથી થાય તે સર્વે સુધારા સુધારકોને માન્ય છે. સુધારકોને પદ્ધતિ કે માર્ગ માટે વિવાદ નથી. જે જે સુધારાઓ થવા ઇષ્ટ તેઓ માને છે તે તે સુધારાઓ થાય, આપણા હિંદુ જનમંડળ ઉપર જે અનેક સંસારિક કલંક છે તે દૂર થઈ આપણી પ્રજા સંસ્કાર પામી ઉન્નતિ પ્રાપ્ત કરે એજ સુધારકોની ઇચ્છા અને આશા છે; અને એ જ લક્ષ્ય તરફ તેઓ નિરન્તર પ્રયત્ન કર્યે જાય છે; વિરુદ્ધ પક્ષવાળા ઘણીવાર તેમના ઉપર તીક્ષ્ણ બાણો પ્રેંકે છે પણ એવા પ્રહારોનો ભય ન રાખી હમેશ કર્તવ્ય પરાયણ રહી સુધારાના મહાકાર્યને વિજયી કરવું એ જ તેમનો દૃઢ નિશ્ચય છે અને ગમે તેવાં કટુ વાક્બાણના પ્રહારથી પણ એ નિશ્ચય શિથિલ ન થતાં સુધારકોનો ઉત્સાહ નિરંતર કાયમ રહી કાળક્રમે વૃદ્ધિ પામતો જશે અને **सत्यमेव जयते** એ મહાવાક્યને આધારે સુધારો અંતે વિજયી થશે એવી સર્વ સુધારકને અંતઃકરણપૂર્વક આશા છે.

ગુજરાતી ભાષાનું અભિમાન રાખનારને પ્રાર્થના.

વિદ્વાન પુરૂષો કહી ગયા છે કે કોઈ પણ પ્રજાની પડતીનો આરંભ થાય ત્યારે મુખ્યત્વે કરીને જે બાબતો દૃષ્ટિગોચર થાયછે તેમાંની પહેલી અને મહત્વની બાબત માતૃ ભાષાની અનાસ્થા એ જ છે. દેશમાં વિદ્યાકળાનો પ્રસાર કરવાનું સાધન સ્વભાષામાં લખાતા ઉત્તમ ગ્રંથો છે. માટે માતૃ ભાષાનું સાહિત્ય વધારવાનું ખરૂં અભિમાન રાખવું એ દરેક સુધરેલા પુરૂષનું મુખ્ય કર્ત્તવ્ય છે. સારા સારા ગ્રંથોનો વધારો કરવો, નાનાં મોટાં પુસ્તકોના બીજી ભાષામાંથી સ્વભાષામાં તરજુમા થાય એમ કરવું, જુદા જુદા વિદ્યાકળા સંબંધી ગ્રંથો સ્વતઃ લખાય અથવા બીજી ભાષામાંથી સ્વભાષામાં તરજુમારૂપે નહિ પણ ઉંચ પ્રમાણે થએલા ગ્રંથોનું વિવેચન કરવું કે તે સઘળા સમજી શકે, ભાષા પ્રૌઢ અને સંપૂર્ણ થવા તેનાં વ્યાકરણ અને શબ્દ કોષ પુરવાને તન મન ને ધનથી યત્ન કરવો, એ દેશ હિતચિંતકનો ખરો ધર્મ છે. કેમકે પોતાની સ્વભાષાને ઉત્તેજન આપવાને જર્મન, અમેરિકન, ફ્રેંચ અને અંગ્રેજ લોકોએ મહેનત કરી પોતાના દેશો ઉંચ સ્થિતિએ આણેલા છે. તેમનાં વિદ્યાસંબંધી

ધર્મ સંબંધી, સાહિત્ય સંબંધી, હુનર સંબંધી, અર્થશાસ્ત્ર આદિ શાસ્ત્રો સંબંધી સંખ્યા બંધ પુસ્તકો થએલાંછે તથા થતાં જાય છે તે જ કારણથી તે દેશોએ બીજા દેશોને હરાવી શ્રેષ્ઠતા મેળવીછે. તેમનાં જે જે વિષયનાં પુસ્તકો ખોળીશું તો તે સંખ્યાબંધ મળશે પછી તે વહાણ સંબંધી, કવાયદ સંબંધી, વરાળયંત્ર સંબંધી, ઇતિહાસ સંબંધી, ભૂગોળ સંબંધી, ખગોળ સંબંધી, લુહાર કામ સંબંધી, ભૂસ્તરવિદ્યા સંબંધી, પદાર્થ વિજ્ઞાન સંબંધી, રસાયણશાસ્ત્ર સંબંધી કે ગમે તે વિષય સંબંધી હોય એટલું જ નહિ પણ આપણા ધર્મ પંથો સંબંધીનાં પણ સંખ્યાબંધ પુસ્તકો યથાર્થ લખેલાં છે તથા લખાયછે અને તે પુસ્તકોને આપણા વિદ્યામાં આગળ વધેલા પુરુષો વાંચીને મગ્ન થાય છે તથા તેનાં વખાણ કરેછે. આપણા દેશની અસલ સ્થિતિ તથા વેદાંતના ગ્રંથો પણ એ જ ભાષામાંથી ઘણા જણ વાંચેછે તથા આપણી પ્રાચીન લિપિ પણ તેઓએ જ ખોળી કહાડી તથા જુના સીક્કાનો શોધ કરી જુની ભાષાઓની ખોળ કરેલી છે એમ ડિગ્રી મેળવેલા વિદ્વાન વર્ગ વખાણસાથે જણાવે છે. યુનિવર્સિટિની સંસ્કૃત પરીક્ષામાં પસાર થએલા અને તે ભાષાના ખરા કહેવાતા વિદ્વાનોના હાથમાં હમેશાં આ બાબતોનાં અંગ્રેજી પુસ્તકો જ પડેલાં હોય છે. તેઓ એ ભાષાના અલંકાર તથા ગૌરવનાં વખાણ કરેછે. ઇતિહાસ તથા ન્યાય અને સામાન્ય જ્ઞાન તેઓ એજ ભાષામાંથી મેળવે છે, તેમને એ ભાષા મીઠી લાગેછે અને તેમાં લખાણ કરવું વધારે સહેલું પડે છે તથા એમ હાવરો પડવાથી તેમને પોતાની માતૃભાષા ઉપર ખરો પ્રેમ રહેતો નથી એ સંબંધી નેટિવ પ્રેસના રિપોર્ટરનું લખવું પસંદ કરવા યોગ્ય છે.

ભાષા સુધારવાને અને સાહિત્ય વધારવાને ઉત્તમ ગ્રંથોની ઘણીજ અગત્યછે તથા છપાએલા ગ્રંથો ઉપર નિરીક્ષા કરી ટીકા કરવી એ પણ ઘણું જરૂરનું છે. હાલમાં ઉછરતા જુવાનીયાઓ થોડો ઘણો અભ્યાસ કરી નાનાં મોટાં પુસ્તકો પ્રસિદ્ધ કરે છે અને ત્રિમાસિક રીપોર્ટમાં માસિક તથા એવાં પુસ્તકોની સંખ્યાનો વધારો નેટિવરિપોર્ટર બતાવે છે પણ તેવાં પુસ્તકોથી દેશને ફાયદો થતો નથી. ભૂંડણનાં ઘણાં બચ્ચાં કરતાં સિંહનું એક બચ્ચું ઉત્તમછે તેમજ માલ વગરના ઘણા ગ્રંથો કરતાં મૂલ્યવાન થોડા ગ્રંથ હોય તે વધારે સારૂં. પુસ્તકો ઘણાં થાયછે તેમ તેના ઉપર અભિપ્રાય આપનારા પણ તેવાજ નીકળે છે. રા. નવલરામ લક્ષ્મીરામ પુસ્તકોનું વિવેચન કરતા તેવું પુસ્તકોનું વિવેચન કરનારા ઘણા નીકળે તો નિર્ભાગ્ય પુસ્તકોને આશ્રય મળે નહિ અને સારાં પુસ્તકોને ઘણી સારી મદદ મળે. જ્યારે શરમાશરમથી અને વગસગથી નમાલાં પુસ્તકોને આશ્રય મળે તથા તે વધારે ખપે અને ઉત્તમ પુસ્તકોને જોઇતો આશ્રય મળે નહિ ત્યારે ભાષામાં સાહિત્યનો વધારો શી રીતે થાય ? માલ વગરનાં પુસ્તકોનો ફેલાવો ઘણો થાય ત્યારે અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે તે ઘણા જણ વાંચે ને તેથી ઘણા જણનાં મનમાં વિકાર

થાય. સદેવંત સાવળીંગાની ને નાટકની ચોપડીઓના છંદો રસ્તામાં બોલી ચાલનારા આપણે જોઇએ છીએ. બાપ છોકરાને એમ કરવાથી વારે નહિ ગુરૂ તેમને ઠપકો દે નહિ તો છોકરાં તેવાં પુસ્તકો વાંચવામાં મન રાખે ત્યારે ગુજરાતી ભાષામાં સુધારો થવાનો સંભવ જ રહે નહિ. નાટકનાં ગાયનોથી છંદ તથા રાગ રાગણીઓના રાગ ઘણા ફરી ગયા છે અને ઘણા જણ એ છંદમાં પડી ખરાબ ખસ્ત થશે એવો ભય રહે છે. એ નાટકનાં પુસ્તકો રચનારા પણ અપૂર્ણ જ્ઞાનવાળા હોય છે અને નાટક સાંભળવા જનાર તેવાં પુસ્તકો સસ્તાં મળવાથી ખરીદે છે તેથી પણ ભાષા સુધરવામાં હરકત પડે છે. ઘણીવાર નાટકને મદદ આપવા કે કોઈ સ્નેહીને બતાવવા ખાતર આગળ પડતા વિદ્વાન તે નાટકમાં જાયછે તેથી બીજાઓને અસરથાયછે અને તેઓને નાટક તથા તેનાં પુસ્તકોનો છંદ લાગે છે. જો કે આવા વિદ્વદ્વર્ગના પુરૂષને એ નાટક કે તેનાં પુસ્તકો અસર કરતાંનથી પણ તેઓના પાસથી બીજાઓને લાભ કરવા જતાં દેશની સુખસંપત્તિ તથા ભાષાને ધોકો પહોંચે છે.

હાલની ગુર્જર પ્રજામાં ડિગ્રી વાળા પુરૂષો ગ્રંથકારનું કામ કરનારા ઓછાછે તેનું કારણ ઉપર દર્શાવ્યું છે કે તેમને સ્વભાષા તરફ પ્રીતિ નથી અને જે લખનારા છે તેમાંના ઘણા ખરા સંસ્કૃતમય લખે છે, બીજા દરજ્જાના સંસ્કૃત ગુજરાતી મિશ્ર લખેછે, સંસ્કૃત ન ભણેલા પણ ફારસી જાણનારા ફારસી ગુજરાતી લખેછે તેથી તેમનાં એવાં પુસ્તકો કેવલ ગુજરાતી જાણનાર સમજી શકતા નથી. તેઓનો અભ્યાસ ગુજરાતી ભાષાને બદલે અંગ્રેજીમાં હોવાથી તેમની ગુજરાતી ભાષાની ઢબ ઇંગ્રેજી ભાષાની ઢબ છબમાં તલ્લીન થઈ ગયેલી હોય છે તે કારણથી જે માતૃભાષાએ તેમને જ્ઞાનમાં વધારો કરી પરભાષામાં પ્રવેશ કરવાને મદદ કરેલી હોય છે તે વાત કાળે કરીને વિસરી ગયાથી જતી રહે છે એજ એમની માતૃભાષા ઉપર પ્રીતિ નથી એમ કહી આપે છે. જેમને સ્વભાષા ઉપર પ્રીતિ નથી અથવા તે તરફ લક્ષ નથી તેમને વિનતિરૂપે જણાવવાનું કે સંસારમાં છોકરાં ઉછેરવાનું કામ માતાનું છે તેથી બાપ કરતાં મા છોકરાને વાસ્તે ઘણું કષ્ટ વેઠે છે, તેવું કષ્ટ વેઠી પિતા છોકરાંને ઉછેરી શકે નહિ માટે જ માતૃપ્રેમ અપૂર્વ ગણાય છે. છોકરૂં મોટું થાય ને જ્યારે તેનામાં સદસદ્વિવેક શક્તિ ખીલે ત્યારે તેણે માતાનો પાડ કદી ભૂલવો જોઇએ નહિ તેમ જ જે વિદ્વાનોને સ્વભાષામાં કેળવણી મળી છે ને ત્યાર પછી તેઓ સર્વવિદ્યોત્તેજકાલયમાં દાખલ થવાને પાત્ર થયા છે તેમને જો ગુજરાતી ભાષા ઉપર પ્યાર ન હોય, અથવા એ ભાષા સુધારવા તરફ લક્ષ ન હોય તો તેઓ ગુજરાતીભાષાએ કરેલો ઉપકાર ભૂલી ગયા છે એમ માનવાને સબળ કારણ મળે છે. એવા વિદ્વાન વર્ગની ભાષા ઉપર અપ્રીતિ થવાથી ભાષા સુધારવાની સેવા તેઓ બજાવી ન શકે તો ફક્ત

ગુજરાતીનો અભ્યાસ કરનારા કેટલું કરી શકે ? ગુજરાતી સંપૂર્ણ જ્ઞાનવાળા પોતાની બુદ્ધિથી જે જે શ્રવણ કર્યું હોય તથા જે જે વાંચ્યું હોય એ સંબંધી પોતાના વિચાર સ્વભાષામાં સારી ઈબારતથી વાંચનારને દર્શાવી શકે છે પરંતુ તેમના વાંચવામાં બીજી ભાષાના ઇતિહાસના જુદા જુદા ગ્રંથો તથા વિદ્યાસંબંધી બાબતો આવેલી હોતી નથી તેથી તેમનું બહોળું વાચન હોવાનું કારણ છતાં ભાષાની સેવા બજાવે છે તેમને ધન્યવાદ આપીએ છીએ તથા જે વિદ્વાન સર્વવિદ્યોત્તેજકાલયમાં પ્રવેશ કરી તેમાં ઉચ્ચપદ ધારણ કરી ભાષાને દીપાવવા આગળ પડે છે તેમને મુબારકબાદી આપીએ છીએ. આવો દાખલો લઈ ભાષાની સેવા બજાવવા કડવા બોલથી લાગણી થાય એમ ડિગ્રીવાળાઓને લખીને પણ એ જ સૂચવવામાં આવે છે કે માતૃભાષાને તન મનને ધનથી મદદ કરો કે જેથી કૃતજ્ઞ થયા ગણાશો.

ગવર્મેન્ટ ગેઝીટમાં દર ત્રણ મહીને નવાં પુસ્તકો અને ચોપાનીયાં છપાય છે તે જોવાથી પુસ્તકોની ને માસિકોની સંખ્યા વધેછે એ વાત ખરી પણ એકંદર રીતે જોતાં તેમાંનાં ઘણાં ખરાં નિર્માલ્ય હોયછે તેવાં પુસ્તકોથી સાહિત્યમાં વધારો થતો નથી એટલુંજ નહિ પણ દેશની ઉન્નત સ્થિતિ થવાનો તેવાં પુસ્તકો ઉપરથી આધાર જ જતો રહેછે. જેમ ગદ્ય લખાણમાં વધારો થાયછે છતાં સાહિત્ય વધતું નથી એ ઉપર બતાવી ગયા તેમજ પદ્ય ગ્રંથકારો નવા નવા થતા જાયછે પણ તેમાં કવિ પંક્તિમાં આવવા લાયક થોડાજ હોયછે એ બાબતમાં પણ યુનિવર્સિટિના મહાન ભક્તો પછાડીજછે તેમાંથી આજસુધી નર્મદ કે નવલરામ જેવા કોઈ હીરા ઝળકતા નથી એનું કારણ પણ માતૃ ભાષા ઉપર પ્રેમ નથી એજ છે. સર્વ વિદ્યોત્તેજકાલયના ભક્ત રાજ્યોમાંના કેટલાક અંગ્રેજી કવિતા કરી જાણેછે તથા સર્વ ભક્તો એ કવિતા સમજી શકે છે પરંતુ તેમને માતૃ ભાષાના પદ્યમાં સમજવું સરખું એ કઠણ લાગેછે એ પણ ભાષા ઉપર અનાદર છે એમ બતાવી આપેછે. જો આ ભક્ત રાજ્યે સ્વભાષા સુધારવાને ખરેખરો મનથી પ્રયત્ન કરે તો સમય એવો આવે કે ગુજરાતી ભાષા તેમની બેનો બંગાળી ને મરાઠી કરતાં બહુ આગળ વધે.

તત્વવેત્તા કહી ગયા છે કે જે દેશમાં ભાષા, જાતિ અને ધર્મ પંથો ઘણા હોય તે દેશમાં ઐક્ય તૂટવાના તથા કુસંપ થવાના મોટા માર્ગ છે એ ખરૂં છે. જ્યારે કાઠીઆવાડ અને સુરત ભરૂચ વગેરે દેકાણે વાચનની એક ચોપડીએ ન હતી ત્યારે સુરત ભરૂચના કેટલાક શબ્દો કાઠીઆવાડમાં માલુમ નહિ હતા અને ત્યાં તે શબ્દો ગાળ રૂપે કે બીભત્સ રૂપ ગણાતા હતા ત્યારે તેમને એ શબ્દ સાંભળવાથી ખોટું લાગતું તેમજ કાઠીઆવાડના શબ્દો- તું અહીં પણ એમ થતું પરંતુ જ્યારથી વાચનમાળા થઇ છે ત્યારથી કાઠીઆવાડ અને આપણે સર્વ એક બીજાના શબ્દો સમજીએ છીએ તેથી

માઠું લાગતું નથી અને ભાષા એકત્ર થઈ ગઈ છે. તે ઉપરથી ભાષા જુદી જુદી હોવાથી કુસંપ વધે એ ઉઘાડું છે માટે ભાષા સુધારવાને વિદ્વાન વર્ગે ઘણો પરિશ્રમ કરવો જોઇએ. દેશમાં ઉચ્ચ સ્થિતિનાં થોડાં માણસો હોયછે તેમ વિદ્વાન વર્ગ પણ થોડો હોયછે તોપણ દેશનો સઘળો કાર્યભાર એ વર્ગની સંમતિથી ચાલે છે. જેમ ફોજમાં ઘણા સીપાઇઓ હોય પણ તે તમામ એક હોશીઆર જનરલથી કૃતેહ પામે છે તેમજ અવિદ્વાન વર્ગ વધારે હોય પણ તેમનું ગાડું વિદ્વાનને બુદ્ધિમાન નરોથી ચાલે છે અને આગળ પડતો જનરલ જેમ નાની ચુકથી આખા લશ્કરની દુર્દશા કરેછે તેમજ વિદ્વાન પંક્તિના લોકોની બીન કાળજીને લીધે આખા દેશની ભાષા કિમ્મત વગરની થઈ જાય છે. જ્યારે ભાષા નમાલી કહેવાય ત્યારે એ ભાષામાંથી ઉછરીને વિદ્વાન થએલાની કિમ્મત પણ ભાષા ઉપર લક્ષ ન રાખવાથી ઓછી થાયછે. આ કારણથી પણ દેશમાં ઉછરતા વિદ્વાન વર્ગે ભાષા પરિપકવ કરવા યત્ન કરવો એમાં તેમના સ્વાર્થની સાથે પરમાર્થ આવી જાય છે. પોતાના પ્રાંતની ભાષા સુધરે છે અને કાલે કરીને એ ભાષા પ્રૌઢ થવાથી વૃદ્ધાવસ્થામાં મા જેમ છોકરાએ સારી ચાકરી કરેલી જોઇ આશીર્વાદ દે છે તેમ એ ભાષા પ્રૌઢ થવાથી તેના ઉછરતા સેવકો હાલના સર્વવિદ્યોત્તેજકાલયના જે ભક્તો ભાષા સુધારવા યત્ન કરે તેમનો પાડ માન્યા વગર રહેનારા નથી.

અપૂર્ણ.

મહારાણી કૈસરેહિંદનો પ્રજા પ્રત્યે પત્ર.

શાહજાદી બિયાટ્રિસના પ્રિય પતિ સ્વર્ગવાસ થવાથી તમામ પ્રજાએ જે લાગણી બતાવી હતી તેને માટે મહારાણીએ નીચે પ્રમાણે પત્ર લખ્યો છે.

નંબર ૮૦૧.

હિંદુસ્તાન સરકાર.

હોમ ડિપાર્ટમેંટ.

પબ્લિક.

મુકામ સીમલા, તારીખ ૧ લી મે સન ૧૮૯૬.

જાહેરનામું.

મલિકામાઆઝમા કૈસરે હિંદનો હેઠળ લખેલો પત્ર, કે જે તા. ૧૬

મી ફેબ્રુઆરી સન ૧૮૯૬ ના લન્ડન ગેઝીટના ૨ જા સપલીમેંટમાં પ્રસિદ્ધ થયેા હતેા, તે સર્વ લેાકેાને જાહેર થવા સારૂ ફરીથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

મુકામ વ્હાઇટ હાલ, તારીખ ૧૫ મી ફેબ્રુઆરી સન ૧૮૯૬.

મહારાણીનેા હેઠળ લખેલેા પત્ર હેામ ડીપાર્ટમેંટના નેક નામદાર સેક્રેટરી ઑફ સ્ટેટની પાસે આવ્યેા છેઃ—

મુકામ ઑસબર્ન, તારીખ ૧૪ મી ફેબ્રુઆરી સન ૧૮૯૬.

મારી ઉપર તથા મારી પ્રિય પુત્રી શાહજાદી બિયાટ્રિસ તે બેટનબર્ગના શાહજાદા હેનરીની પત્ની ઉપર જે ભારે વિપત્તિનેા પ્રસંગ ગુજર્યેા છે તેના સંબંધમાં મારી વફાદાર પ્રજાએ બતાવેલી તીવ્ર લાગણી માટે તેનેા, અફસેાસ ! ફરીથી મારે આભાર માનવાનેા વખત આવ્યેા છે.

આ નવા દુઃખનેા પાર નથી, અને મને તેા તે બેવડી રીતે સાલે છે, કેમકે જેની મૂર્તિ મારા ઘરમાં સૂર્યના એક ઝગઝગતા કિરણની પેઠે પ્રકાશતી હતી એવા અતિપ્રિય અને સહાયકારી પુત્રનેા મને વિયેાગ થયેા છે, અને તે ઉપરાંત મારી વહાલી પુત્રીને, જેની સાથે પેાતે અત્યન્ત ઘાડા સ્નેહની ગાંઠે બંધાયલી હતી એવા ઊંચા દીલના અને એક નિષ્ઠાવાળા પતિનેા વિયેાગ થયેા છે.

જે પુત્રી મારાથી કદી વીખુટી પડી નથી અને જે મને દિલાસેા તથા સબુરી આપતી આવી છે તેના સુખનેા ભંગ થયલેા જોવેા એ મારાથી ખમાતું નથી. પણ મારી સમસ્ત પ્રજાએ ચેાગરદમથી જે સચેાટ લાગણી બતાવી છે તેથી મારૂં તથા મારી બાળકીનું મન બહુ ખેંચાયું છે, અને હમને સબુરી મળવા સાથે ઘણી શાંતિ વળી છે. તે માટે તેમજ જે પ્રિય તથા શૂરા શાહજાદાએ પેાતે સ્વભૂમિ તરીકે માનેલા દેશની સેવામાં પેાતાનેા જીવ અર્પણ કર્યેા તેની કરેલી કદર માટે હું મારી રૈયતનેા અંતઃકરણથી આભાર માનવાને આતુર છું.

આ પ્રસંગે મારી પ્રિય બાળકીની હિમ્મત, ગંભીરાઇ તથા ઇશ્વરની મરજીને આધીન થવા સંબંધી તેનું વર્તન સર્વેને દાખલેા લેવા યેાગ્ય છે.

વિક્ટેરીયા, રા. ફૈ.

જે. પી હ્યુવેટ,
સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True translation)
M. A. BAIG,
Oriental Translator to Government.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. અગસ્ટ સને ૧૮૯૬. અંક ૮ મેા.

રાવબહાદુર ભેાળાનાથ સ્ત્રી-વિદ્યાલય વિષે.

તા. ૧૫-૨-૯૬ને શનીવારે ગવનર સાહેબ લૉર્ડસેંડહર્સ્ટ સાહેબે તે મકાન ખુલ્લું મુક્યું તે વખતે કહેલી કવિતા.

દેાહરેા.

વનિતાઓ વિદ્યા ભણે, સમજે તેનેા સાર;
ઉપજે પ્રજા પ્રવીણતેા, સુધરે આ સંસાર. ૧

હરિગીત છંદ.

સંસારની સ્થિતિ સુધરવાને, નારિ સારિ સુધારવી,
તે સુધરવા સ્ત્રી જાતિમાં, વિદ્યા વિશેષ વધારવી;
એવાજ શુભ ઉપયેાગ માટે, ધર્મનું આ ધામ છે,
ભડભાઈ ભેાળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૨

પુસ્તકતણેા સંગ્રહ તથા, શુભ વસ્તુનેા સંગ્રહ થશે,
વનિતા વિવેકી વાંચશે, અજ્ઞાનતા તેથી જશે;
આ દેશની ઉન્નતિ થવાનું, એહ ઉત્તમ કામછે,
ભડભાઈ ભેાળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૩

સુખ કલ્પવૃક્ષ ઉછેરવાને, પ્રથમ આ કયારેા કર્યેા
શુભ સેંડહર્સ્ટ ગવર્નરે, નિજ કર વડે અંકુર ધર્યેા;
વધિ વૃક્ષ તે મેાટેા થશે, ગુણ લક્ષનેા વિશ્રામ છે,
ભડભાઈ ભેાળાનાથનું આ ઠામ નિશ્ચળ નામ છે. ૪

ગુણવંતિ પુરૂં જ્ઞાન પામે, બાળકેા તેવાં બને,
શિશુપણથી પામે સદ્ગુણેા, રહિ રેાજ નિજ માતા કને;
ઉત્તમ અધમ તે અવની સરખેા, પાકનેા પરિણામ છે,
ભડભાઇ ભેાળાનાથનું આ ઠામ નિશ્ચળ નામ છે. ૫

જેવાં સુતરૂ તેવાં ફળો, દુનિયાની અંદર દેખીએ,
જેવી નદી તેવાંજ મત્સો, લક્ષ ધરિને લેખીએ;
જેવી સુવનિતા તનુજ તેવા, નિયમ ઈશ્વરી આમ છે,
ભડભાઇ ભોળાનાથનું આ ઠામ નિશ્ચળ નામ છે. ૬

હીરા મણી માણુક તણી, આતો અનૂપમ ખાણ છે,
ચિંતામણિ કે કામધેનું, પુર્ણ તેહ પ્રમાણ છે;
વિદ્યા સ્વરૂપી વેલડી, તેમાં જ વસ્તુ તમામ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૭

શુભ સ્વર્ગ વાસ કર્યો ભલો, કહું ભાઈ તે કેવા હતા,
વિદ્યાની વૃદ્ધિ દેખીને દિલ રાજી રાજી તે થતા;
જેનાં રચેલાં પુસ્તકો, વંચાય ગામો ગામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૮

સ્ત્રીજ્ઞાનશાળા આ વિશાળા, જશ ભરી થઇ જામજો,
પ્રભુને પ્રતાપે અતિ અમાપે, જ્ઞાન ગોરી પામજો;
ગુણ છે ઘણા જી રહો તાજી, રાજી દલપતરામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૯

દોહરો.

રૂડું શ્રી મહારાણિનું, રહો અચળ આ રાજ,
રચાય જેના રાજ્યમાં, આવાં ઉત્તમ કાજ. ૧૦

યૂરોપખંડનો હાલનો સુધારો.

બોમ્બે ગઝેટ, તા. ૨૩ મે ઉપરથી.

યૂરોપખંડ હાલના વખતમાં બધી વાતે આખી દુનિયામાં અગ્રેસર છે. દરેક બાબતના સુધારાનાં ઉચ્ચ શિખર યૂરોપખંડમાં છે. દરેક પ્રકારના વ્યાપાર ધંધા મોટા અને બહોળા પ્રમાણમાં ચાલે છે. સંચા, ચરખા, વરાળ, વિજળી, ઇત્યાદિ પેદાશનાં સાધનો રોજ નવાં નવાં શોધી કાઢવામાં આવે છે. માણસ જાતની સત્તા જડસૃષ્ટિ ઉપર દહાડે દહાડે વધતી જાય છે. વાયુ, જલ, અગ્નિ, તેજ અને આકાશ ઉપર માણસ પોતાનો અમલ બેસાડે છે. આગળના વખતમાં ૧૦૦ બલકે ૧૦૦૦ માણસથી કામ થઈ શકે નહીં, તે હાલ એક માણસ સહેલાઈથી કરે છે. માણસોની માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ પણ વધી છે. હવે, સવાલ એવો ઉઠયો છે કે, યૂરોપ ખંડે એટલી સંપત્તિ મેળવી, એટલાં સાધનો શોધી કાઢ્યાં, એટલાં ઉચ્ચ શિખર આક્રમણ કર્યાં, તેમાં તેને એકંદરે ફાયદો થયો કે નુકસાન? એથી યૂરોપ ખંડ થાકી પાકીને લોથ થયો છે? અને તેના શરીરમાં કોઈ એવો રોગ પેઠો છે કે, જેથી તેની બધી તાકાદ ધોવાઈ જાય, અને તેના બધા સુધારાનો ઘાણ વળીને, તે લાંબો થઇને સૂવે, એવી બીક રાખવાનું કંઈ કારણ દેખાય છે?

ફ્રાન્સ દેશના એક તત્ત્વ–શોધકે આ સવાલ બારીકાઈથી તપાસ્યા છે, અને તેણે જે સિદ્ધાન્ત સ્થાપન કર્યા છે, તેનું આપણે વિવેચન કરીએ.

યૂરોપને પોતાની દરેક શક્તિ તાણીતાણીને હાલના જમાનામાં કામ કરવું પડે છે. આભ્યંતર અને બાહ્ય હરીફાઈ ઘણી વધી છે. વ્યક્તિઓ વ્યક્તિઓ સાથે, સંઘ સંઘની સાથે, સમાજ સમાજની સાથે અને રાષ્ટ્ર રાષ્ટ્રની સાથે, હમેશાં હરીફાઈ કરે છે. તેથી, યૂરોપને પોતાના શક્તિતંતુ અને જ્ઞાનતંતુ બહુ ખેંચવા પડે છે; અને તેથી, તેને થાક લાગ્યો છે. પહેલાંનાં સેંકડો વરસમાં નહિ થયું, તેટલું કામ અને તેટલો સુધારો છેલ્લાં પચાસ વર્ષમાં થયો છે. આખા યૂરોપને વાપરવા કે ખરચવા જોઇએ, તેના કરતાં ઘણો માલ બનાવવામાં આવે છે. મહેનત અને ભંડોળ ખરચીને બનાવેલો માલ દરિઆમાં તો નાખી દેવાય નહીં! તે પરખંડમાં મોકલાવીને વેચવાસારૂ નવા લોક અને નવી બજાર ખોળવી પડે છે. ત્યાં વેચવા જાય, એટલે તે વસ્તીને જોઇએ તેટલો માલ પૂરો પાડવાની ઉમેદથી, નવા સંચા, નવાં સાધનો, નવી યુક્તિઓ ખોળી કાઢીને હસ્તકૌશલ્યના માલની પેદાશ વધારવા ઉપર બધા મંડી પડે છે, અને ખેતીવાડીનો કોઈ ભાવ પૂછતા નથી. એમ કરતાં કરતાં, એ નવી વસ્તીને જોઇએ, તેના કરતાં પણ વધારે હસ્તકૌશલ્યનો માલ તૈયાર થઈને પડયો રહે છે. હવે વળી, બીજા નવા લોકો અને નવી બજારો ખોળવી પડે છે. એથી "અમારો બનાવેલો માલ આખી દુનિયાને પૂરો પાડવાનો હક અમારો છે," એવી યૂરોપની સમજ થઈ ગઈ છે. અગણિત દ્રવ્ય ખરચીને સંચા સુધારવામાં આવે છે, અને કારખાનાં ઉઠાવવામાં આવે છે. આજ લગી કોઈ કાળે જોયાં નહીં હોય, એટલાં કારખાનાં થયાં છે, અને તેમાં હજારો ઉત્તમ અને ચાલાક કારીગરો કામ કરે છે. કરોડો સુધી પૈસો એકઠો થાય છે, તેને કયાં કામે લગાડવો તે કોઇને સૂઝતું નથી.

એ પ્રમાણે યૂરોપમાં માલ બનાવવાનું કામ ધમધોકાર ચાલે છે, અને તે વેચવા સારૂ નવીનવી બજાર ખોળી કાઢવાની જરૂરિયાત વરસો વરસ વધતી જાય છે. એવામાં યૂરોપને એકદમ માલમ પડયું કે, બીજા

ખંડના લોકો એવાંજ સાધનો વડે પોતાને જોઇતો માલ પૂરો પાડવા લાગ્યા છે, અને તે માલ વળી વધારે સસ્તો મળે છે; આજ લગી જે લોકો યૂરોપના ઘરાક હતા, તે હવે માલ બનાવનારા થયા છે. આ દિશામાં યુનાઇટેડ સ્ટેટ્સના લોકોએ પ્રથમ શરૂઆત કરી. તેમનો દાખલો જોઇને, મધ્ય અમેરિકા, દક્ષિણ અમેરિકા, આસ્ટ્રેલિઆ, હિંદુસ્થાન, અને જપાન પણ તેમજ કરવા લાગ્યા. યૂરોપના આ જુવાન હરીફો પહેલાં પોતાની બજારની ગરજ પૂરી પાડે છે, તેથી યૂરોપ પોતાનો માલ તેમની બજારમાં વેચી શકતો નથી. એટલાથી એ હરીફો સંતોષ પામતા નથી. તેઓ પછી બીજી બજારોમાં યૂરોપની જોડે ચડસાચડસી ચલાવે છે. જૂની બજારોમાં માલ વેચી શકાતો નથી, એમ જોઇને આફ્રિકામાં સંસ્થાનો વસાવીને, ત્યાં યૂરોપ બંડે પોતાને સારૂ નવી બજાર ઉભી કરી. આટલા દિવસ સુધી, "બીજા દેશોમાં જેવી કમાઈ થતી હતી, તેવી કમાઈ આફ્રિકામાં થાય નહીં," એમ જાણીને, આફ્રિકા તરફ યૂરોપનું ધ્યાન ગયું નહતું. પણ "હાલ બીજા દેશોમાં આપણો માલ બિલકુલ ખપતો નથી, ત્યારે હવે આફ્રિકામાંજ ખપાવવો જોઇએ," એમ વિચારી યૂરોપ બંડનાં રાષ્ટ્રો અને રાજ-સત્તા-ધારી પુરૂષો આફ્રિકા ઉપર તુટી પડ્યા. પહેલ વહેલાં યૂરોપના બેકાર મજૂરો આફ્રિકામાં ગયા; પછી દુકાનદારો અને ફેરિયા ગયા; પછી કારખાનાવાળાની શાખાઓ ગઈ; પછી ભંડોળવાળા અને પેઢીવાળા ગયા એટલે, યૂરોપનો બરો કસ બધો ખેંચાઈ ગયો. યૂરોપમાં વળી મજૂરો જતા રહેવાથી, ગામડાંના લોકો શહેરોમાં આવીને વસે છે તેથી બેકારી અને બેકારની જમીન ઓછી થઈ, અને શહેરોમાં અસંતોષી તથા ભયંકર લોકોની ઠઠ ભરાઈ છે.

ઉપલી વાદ-રચના અને તેના ઉપરથી સ્થાપન થએલો સિદ્ધાંત જોઇને ભવિષ્યને વિષે ભય ઉપજે છે; તોપણ તેમાં શંકા લેવાની જગ્યા નથી. પ્રત્યક્ષ બનેલી તથા બનતી વાતોનો નિઃસંશય પુરાવો મળે છે. યૂરોપમાં ખેતીવાડીનો ધંધો ડુબતો જાય છે કે નહીં એવો કોઇને શક હોય તો આ પુરાવો છેઃ—આગળ ઈંગ્લંડમાં જે ખેતરો ખેડવાથી ફાયદો થતો હતો, તે ખેતરો ખેડવાથી હાલ ફાયદો થતો નથી; તેથી બેકારો તે બેકાર નથી, અને તેની હાલ પડતર જમીનમાં ગણતરી થાય છે. એ પ્રમાણે ઈંગ્લંડના સસેક્સ પ્રાંતમાં બેક તૃતીયાંશ ખેતર પડતર થયાં છે. એસેક્સ પ્રાંતમાં બેજ દશા થઈ છે. પણ ઈંગ્લંડના પૂર્વ કિનારા ઉપરના પ્રાંતોમાં બેથી મોટો ભાગ પડતર થયો છે. ઈંગ્લંડના બેકારો જમીનદારોને આગળ જે વજે આપતા હતા, તેમાં કેટલાબેક પ્રાંતોમાં સેંકડે ત્રીસ, કેટલાબેકમાં ચાળીસ, કેટલાબેકમાં પચાસ, અને કેટલાબેકમાં બેંશી અને નેવુ ટકા સુધી ઘટાડો થયો છે, અને વળી કેટલાબેક પ્રાંતોમાં તો જમીનદારો મ-

ફત જમીન બેડવા આપે છે; તોપણ બેડુતો બેડતા નથી; કેમકે તેમાં તોટોજ થાય છે, ફાયદો થવાની વાતજ નહીં. ફ્રાન્સમાં પણ બેજ સ્થિતિ છે. આગળ ફ્રાન્સમાં જેટલા ઘઉંના ૧૦૦ રૂપીઆ આવતા હતા, તેના હાલ ૨૫ થી ૨૭ લગી ઉપજે છે. ફ્રાન્સના બેડુતોને જેટલા ઘઉં પેદા કરતાં ૧૦૦ રૂપીઆ બરચ થાય, તેટલાજ પરદેશના ઘઉં ફ્રાન્સમાં લાવીને ૪૬ રૂપિયે વેચતાં પોસાય છે; તેમાં ફ્રાન્સની સરકાર પરદેશી ઘઉં ઉપર ૨૧ રૂપીઆ જકાત લે છે, તે જકાત નહીં લેવામાં આવે તો પરદેશી ઘઉં જ્યારે ૨૫ રૂપીએ મળે ત્યારે ફ્રાન્સના દેશી ઘઉંના ૧૦૦ રૂપીઆ આપવા પડે, એટલે ફ્રાન્સમાં ઘઉંનાં બેતર અને બેડુતની શી દશા થઈ છે તે જુઓ! હવે એમ કહો કે, ઘઉં નહીં બેડતાં, બીજો કોઈ પાક કરો. ત્યારે, એમ માલમ પડ્યું છે, કે બીજાં બધાં અનાજની બેજ દશા થઈ છે. ઈંગ્લંડમાં ઘઉં કોઈ પણ પેદા કરત નહીં; પણ, ઢોરોને ઘાસ જોઇએ, એટલાજ માટે ઘઉં વાવે છે. "વારૂ, અનાજ નહીં વવાય તો તેની વાત મૂકી, અમે ઢોર ઉછેરીશું" એવું ઈંગ્લંડનો બેડુત કહે તો કાનડા, હોલાંડ, સ્વીડન, અને ડેનમાર્ક, ઇત્યાદિ દેશોમાંથી ઢોર લાવીને ઓછી કીમતે વેચવા લાગ્યા ત્યારે "ઢોરોથી ચેપી રોગ અમારા દેશમાં આવે છે," એવો સબબ બતાવીને ઈંગ્લંડમાં ઢોર ઉછેરનારાબોને ઉત્તેજન આપવા માટે પરદેશથી ઢોર આવતાં બંધ કર્યાં, પણ બેથી થયું શું તે જુઓ! અનાજનાં જે બેતર હતાં તે ઘાસનાં બીડ થઈ ગયાં; બેટલે બેડુત વર્ગ અદૃશ્ય થયો અને બેબર જતાં નાનાં શહેરો ઉજ્જડ થયાં. ઈંગ્લંડના બેડુતો ઢોર ઉછેરીને ફાયદો લેવા જાય તો પરદેશનાં ઢોર અને જમાવેલું માંસ ઈંગ્લંડમાં લાવીને બેટલી જુજ કીંમતે વેચાય છે કે ઈંગ્લંડમાં ઢોર ઉછેરવામાં ફાયદો રહેતો નથી. ઠારેલું દૂધ બીજા દેશોમાં વેચવાનો ધંધો અત્યાર લગી સ્વીડનના લોકોએ પોતાનોજ કરી રાખ્યો હતો; પણ હાલ જપાન ઠારેલું દૂધ બનાવીને તેને "સ્વિટ્ઝરલંડનું દૂધ" નામ બેપેછે; અને તે ચીનમાં વેચેછે, અને બાબી દુનિયાને "સ્વીડનનું દૂધ" પુરૂં પાડવાની જપાન હિંમત રાખે છે. બેવો વખત હવે પાસે બાવ્યો છે કે, જ્યારે યૂરોપના લોકોને અમેરિકા, આસ્ટ્રેલિયા, અથવા ઉત્તર આફ્રિકાથી બોરાક લાવીને બાવામાં ફાયદો માલમ પડશે. ત્યારે યૂરોપના બેડુતોની શી દશા થશે, તેનો વિચાર કરો.

હવે યૂરોપના મજૂરિયાતની શી દશા છે, તે જુઓ! જપાનમાં સ્પિનિંગ અને વીવિંગ મિલોમાં ભાયડા અને બાયડીઓ બાર બાર કલાક રોજ કામ કરે છે; મિલો રાત દિવસ ચાલ્યાંજ કરે છે; અને ભાયડાની મજુરી રોજની ૪ બાના, તથા બાયડીઓની મજુરી ૩ બાના છે. જપાનમાં મજુરી બાપવામાં રૂપા નાણું ચાલે છે; પણ જપાનનો માલ યૂરોપમાં લાવીને

વેચે, એટલે સોના નાણામાં કીમત મળે છે. અને તે કીમત પાછા જપાનમાં લઈ જાય એટલે રૂપા નાણામાં વટાવતાં સેંકડે ૯૦ ટકા ફાયદો થાય છે. ઈગ્લંડના લેંકેયાશાયર પ્રાંતમાં ૬૭ કારખાનાંની મિલોને ખોટ ખાઈને ધંધો ચલાવવો પડે છે, અને તેથી જપાનની મિલોને ફાયદો થાય છે. જપાનનો માલ ઈગ્લંડમાં લાવીને વેચવો, અને ત્યાં ઈગ્લંડના માલ કરતાં સસતી કીમત લેવી, એમ કરતાં પણ જપાનના કારખાનાવાળાઓને ૧૭ ટકા ફાયદો પડે છે. એવા હરીફોની સામે યૂરોપના કારખાનાંને લાંબા વખત સુધી ટકી રહેતાં મુશ્કેલ પડે. હવે મજુરોની કર્તૃત્વ-શક્તિ જુઓ! બે મજુર લઇએ; તે હોશિયારીમાં બંને સરખા હોય; પણ એક માદક પદાર્થને બિલકુલ અડતો નહીં હોય, અને બીજો મરજી મુજબ માદક પદાર્થોનું સેવન કરે તો પહેલો અમદાસેવી બીજા કરતાં અવશ્ય લાભકારક હોવો જોઇએ. એમાં એમ ધારો કે, પહેલો મજુર જપાનનો છે, અને બીજો તે યૂરોપનો છે. એથી એવું પરિણામ આવ્યું છે કે, જપાનના લોકોએ ઈગ્લંડનો માલ ઘણાએક ઠેકાણેથી હાંકી કાઢ્યો છે. છેલ્લાં ૨૦ વરસમાં જપાનના આગેવાન અને કર્તાહર્તા પુરૂષોએ વ્યાપારિક ઉન્નતિ મેળવવા સારૂ મહેનત કરી છે, અને તેનું ફળ મેળવ્યું છે.

યૂરોપને આજ લગી કોઈ હરીફો નહતા, તે હમણાં પહેલ વહેલા ઉત્પન્ન થયા છે. પણ યૂરોપની સુધારો કરવાની શક્તિ હજુ ક્ષીણ થઈ નથી; તેથી સુધારાની જે ટોચ ઉપર હાલ યૂરોપ છે, તે ટોચ ઉપર જપાન આવી પહોંચે ત્યારસુધી યૂરોપ શું ત્યાં ને ત્યાં જ બેસી રહેશે?

બેકનકૃત નિબંધ.

ઈર્ષા

૫

પ્રીતિ અને ઈર્ષા જેવો વશીકરણ અથવા મારણમંત્ર એકે જણાયો નથી. એ બંનેથી અતિ ઉગ્ર ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે. પ્રીતિ અને ઈર્ષા પોતેજ તરત કલ્પનાઓ અને સૂચનાઓનું રૂપ ધારણ કરે છે, અને વશીકરણ કંઇ પણ હોય તો, જ્યારે તેના ઉત્તેજક વિષય સમક્ષ હોય છે ત્યારે અનાયાસે આંખમાં આવી જાય છે. વળી આપણે જાણીએ છીએ કે ઈર્ષાને નજર અથવા દૃષ્ટિ કહે છે, અને જોશીઓ ગ્રહોની ખરાબ અસરને નેષ્ટ ફળ કહે છે. અર્થાત્ નજર લાગવી કે દૃષ્ટિ બેસવી એ ઈર્ષાનું કાર્ય છે એમ હજી પણ માનવામાં આવતું હોય એવું જણાય છે. એટલુંજ નહિ પણ કેટલાક તો ઊંડા ઉતરીને એવું પણ લખી ગયા છે કે, જ્યારે ઈર્ષા ઉત્પન્ન કરનારનો ભપકો અને વિજય જોવામાં આવે છે, ત્યારે નજર લાગવાથી અ-

થવા દૃષ્ટિ બેસવાથી વધારેમાં વધારે પીડા થાય છે. કારણ કે, તે ઈર્ષા રૂપી શસ્ત્રને ધાર ચઢાવે છે. વળી જેના ઉપર ઈર્ષા ઉત્પન્ન થઈ તે માણસનો જીવ આવે વખતે શરીરના સૌથી ઉપરના ભાગમાં આવે છે, અને તેને નજર લાગે છે.

પરંતુ આ ઝીણી વાતો મૂકી દઇને અદેખાઈ કરવા તરફ વધારે વલણ કોનું હોય છે, સૌથી વધારે ઈર્ષા કોની થાય છે, અને ખાનગી ઈર્ષામાં ને જાહેર ઈર્ષામાં શો ફેર છે તેનો વિચાર કરીએ.

જે માણસમાં એકે સદ્‌ગુણ હોતો નથી તે સદ્‌ગુણી માણસની ઈર્ષા કરે છે. કારણ કે મનુષ્યનો સ્વભાવ એવો છે કે તેને પોતાનું કલ્યાણ અને બીજાનું અકલ્યાણ જોઇને સંતોષ થાય છે. અને જેનામાં પોતાનું કલ્યાણ કરી લેવાનું સામર્થ્ય નથી હોતું તે બીજાનું અકલ્યાણ જોઇને રાજી થાય છે. તેમજ બીજામાંના સદ્‌ગુણ પોતામાં આણવાની જેને આશા હોતી નથી તે બીજામાં ગુણની ન્યૂનતા બતાવીને બંને ગુણમાં સરખા છીએ એવું બતાવવાનો પ્રયત્ન કરે છે.

જે માણસ સદા ઉદ્યોગી અને બીજાના મનમાં શું છે તે શોધી કાઢવામાં ગુંથાએલો હોય છે તે ઘણું કરીને ઈર્ષાવાળો હોય છે. કેમકે તેવો માણસ એટલી બધી મહેનત કરીને બીજાના સંબંધી જે બાતમી મેળવે છે તે કાંઈ પોતાના ફાયદા માટે નથી હોતી. ત્યારે તો એમજ કહેવું જોઇએ કે તે બીજાની ઘણી માઠી હાલત થયેલી જોઇને જેમ કોઈ નાટક જોઇને મજા માણે તેમ મજા માણે છે. 'પોતે ભલો ને પોતાનું કામ ભલું' એ વિચાર જેમાં હોય છે તેવા માણસને બીજાની અદેખાઈ કરવાનું ઘણે ભાગે કારણ હોતું નથી. અદેખા માણસની સ્થિતિ ઘવાયેલા જાનવરના જેવી હોય છે. તેને ઘર બેઠાંબેઠાં ચેન પડતું નથી, આમ તેમ હીંડવુંજ જોઇએ છે. જેટલા બીજાના મનનો મર્મ શોધનારા તે બધા ઘણું કરીને દુષ્ટબુદ્ધિવાળાજ હોવાના.

જ્યારે કોઈ નવતર માણસના ભાગ્યનો ઉદય થાય છે ત્યારે ગર્ભશ્રીમંત લોક તેની અદેખાઈ કરે છે. કેમકે તે બંનેની વચ્ચેનો તફાવત નહિ જેવો થઈ જાય છે. પાછળનો માણસ આગળ આવે તે જોઇને એમ લાગે છે કે તેઓ પાછળ જાય છે પણ આ તેમની નજરની જ ભૂલ છે.

કુબડા, વૃદ્ધ અને શરીરની જૂદી જૂદી ખોડવાળા બધા અદેખા હોય છે. કારણ કે જેને પોતાની સ્થિતિ કોઈ પણ સાધનથી સુધારી શકવાનો સંભવ નથી તે બીજાની માઠી દશા કરવાને બને તેટલી ખટપટ કરે છે, પણ એકાદ અત્યંત શૂર અને પરાક્રમી પુરૂષમાં કાંઈ શરીરની ખોડ હોયછે તો તે બીજાના ઉપર ઝેર કરતો નથી. શરીરની ખોડને તે ભૂષણ સમજેછે.

"અહા! આ મહા પરાક્રમનું કામ ફલાણા લંગડાએ કે ફલાણા કાણાએ કર્યું" એમ લોક કહેશે એવું તેમને લાગે છે. અર્થાત્ તે એમ સમજે છે કે, અદ્ભૂત ચમત્કાર કરી બતાવવાથી જે કીર્તિ થાય છે તેટલી પોતાની થશે. આગેસીલૅાસ અને તૈમુરલંગ આનાં દૃષ્ટાંત છે, તે બંને લંગડા હતા.

દુર્દશા અને કષ્ટ ભોગવીને જે લોક સુખી થયા હોય છે તે પણ અદેખા હોય છે. કેમકે બીજા લોકનો સહેજ વાતમાં ભાગ્યોદય થાય છે તે તેમનાથી દેખી ખમાતું નથી. તેમના મનમાં એમ આવે છે કે અમારે આટલું દુઃખ ભોગવવું પડયું તો **બીજાને** શા માટે ન ભોગવવું પડે? એવા લોક બીજાનું દુઃખ જોઇને પોતે ભોગવેલું દુઃખ મટી ગયું માનેછે.

જે ઉછાંછળા અને મિથ્યા ડાળ ઘાલનાર હોય છે તથા પોતાથી બની શકે તેથી વધારે બાબતમાં પ્રવીણ હોવા જોઇએ એવી જેમની ઇચ્છા હોય છે તે પણ સદા અદેખા હોય છે.

સઘળી બાબતોમાં પ્રવીણ થવું એ કાંઈ સહેલ નથી. તેમજ એકાદ બાબતમાં પણ તેમના કરતાં વધારે પ્રવીણ ઘણા લોક હોય છે, ન હોય એવું કદી બનેજ નહિ. આથી તેમના મનને સદા બેચેની રહે છે. આડ્રિઅન બાદશાહ આ પ્રકારનો મનુષ્ય હતો. કવિ, ચિતારા, અથવા જે કામમાં પોતાને પાવરધો સમજતો હતો તે કામ કરનાર કારીગરની તે અત્યંત અદેખાઈ કરતો.

અદેખાનો એક છેલ્લો વર્ગ રહ્યો, તે આ. નિકટના સંબંધી, એક જાતનો રોજગાર કરનાર અને એક ઠેકાણે નહાનેથી મોટા થયેલા લોક પોતાના સોબતીનો ભાગ્યોદય થયેલો જોઇને તેમની વિશેષ ઈર્ષા કરે છે. કારણ કે પોતાના સોબતીની ચઢતી થઈ, પણ પોતાનું નસિબ ઉઘડતું નથી તે વાત તેમના મનમાં ખૂંચ ખૂંચ થાય છે. તે લોકોના જોવામાં આવે છે, તેઓને તે વાત વારંવાર યાદ આવે છે, અને લોકો પણ તે વિષે ચર્ચા કરે છે. લોક ચર્ચા કરવા લાગ્યા ને ઘણું કરીને સર્વના મોંમાંથી એજ વાત નીકળી એટલે ઈર્ષા બમણી વધી એમ સમજવું. અત્યાર સુધી અદેખાઈ કરનાર વિષે વિચાર ચાલ્યો, હવે વધારે ઓછી અદેખાઈ કોની થાય છે, તે વિષે વિચાર.

મોટા સદ્‌ગુણી માણસની ચઢતી થાય છે, ત્યારે તેની કોઈ ઝાઝી અદેખાઈ કરતું નથી, કારણ કે જે ચઢતી તેની થઈ છે તે તેને યોગ્ય જ છે એમ લોક માને છે. કોઇને કોઇનું દેવું હોય, તે તેનું આપે તેમાં કોઇને ઓછું લાગતું નથી, પણ ઇનામ અથવા બક્ષીસ આપે તો તરત જ ચાર આંખો થાય છે. તેમ જ ઝેર કરનાર અને જેના ઉપર ઝેર કરે તે બંને વચ્ચે તુલના થઈ શકે એમ હોય તો જ ઈર્ષા જાગૃત થાય છે. જે ઠેકાણે તુલના થાય એવું નથી હોતું ત્યાં ઈર્ષા નથી હોતી! તેથી રાજાની ઈર્ષા રાજા જ કરે છે; બીજા નથી કરતા. જે માણસમાં કાંઈ યોગ્યતા નથી હોતી તેવા માણસ નામાંકિત

થાય છે ત્યારે શરૂઆતમાં લોક તેમની અદેખાઈ કરે છે; પછી ઝાઝી નહિ. પણ ગુણવાન્ માણસની બાબતમાં આથી ઉલટું થાય છે. તેઓ ઘણા દિવસ વૈભવ ભોગવે છે એટલે તેમની લોક ઈર્ષા કરે છે. એનું કારણ એ કે જો કે તેમના ગુણ ઓછા થતા નથી તોપણ પ્રથમના જેટલું તેમનું તેજ પડતું નથી. કેમકે નવા નવા લોક આગળ આવતા જાયછે તે તેમના ગુણોને આંજી નાંખેછે.

કુલીન માણસો ઊંચે દરજે ચઢેછે ત્યારે તેમના ઉપર બહુ ઈર્ષા થતી નથી. કારણ કે લોકો એમ સમજેછે કે, એમના કુળને જે પ્રતિષ્ઠા મળવી જોઇએ તે જ તેમને મળી છે. બીજું કારણ એ છે કે તે ઊંચે દરજ્જે ચઢવાથી તેમની પ્રતિષ્ઠા વધી એવું કાંઈ નથી. વળી ઈર્ષાનું કામ સૂર્યનાં કિરણ જેવું છે. સૂર્યનાં કિરણો ઊંચાણ ઉપર અથવા ડુંગરા ઉપર જેટલાં સખત લાગે છે તેટલાં સપાટ મેદાનમાં લાગતાં નથી; તેવી રીતે જે માણસની પ્રતિષ્ઠા હમેશાંથી અધિક વધી જાય છે તેની જેટલી ઈર્ષા થાય છે તેટલી ઈર્ષા, જે માણસની પ્રતિષ્ઠા એક સરખી રહે છે તેની થતી નથી. એ જ માટે જે માણસ એકાએક એક સપાટે કીર્તિમાન થાય છે તેના ઉપર લોક જેટલું ઝેર કરે છે. તેટલું જે માણસ ધીમેધીમે થોડેથોડે વધે છે, તેના ઉપર કરતા નથી.

મોટા પ્રવાસ કરીને કે ચિંતા અને સંકટ સહન કરીને જે મોટી પદવીએ પહોચે છે તેમના ઉપર અદેખાઈ ઓછી થાય છે. કારણ કે લોકોને ખબર હોય છે કે મોટી પદવીએ ચઢતાં તેમને બહુ મહેનત પડી હોય છે. આમ સમજવાથી લોકોને કદી કદી તેવા માણસ ઉપર દયા આવે છે. અને જ્યાં દયા આવી ત્યાં ઝેરને પગ મૂકવાનું ઠેકાણું જડતું નથી. એટલા માટે જે ઊંડા અને સ્થિર બુદ્ધિવાળા હુશીઆર માણસ હોયછે તેમને જ્યારે મોટાઈ મળેછે ત્યારે તેમના મોંમાંથી રોજ રોદડાં સાંભળવામાં આવેછે કે "આથી તો મોત સારું. આતે કેટલો ત્રાસ સહન કરીએ!" તેમને કાંઈ ખરેખરો ત્રાસ થતો નથી, પણ પોતાના ઉપર કોઈ ઈર્ષા ન કરે તેટલા જ માટે તે એવું બોલે જાયછે. આ વાત જેમના ઉપર કામ આવી પડેછે તેમને જ લાગુ પડે છે. જે પોતાને હાથે, પોતાને માથે કામ ઓઢી લેછે તેમને તે લાગુ પડતી નથી. કેમકે કાંઈ પણ કારણવિના માત્ર મોટાઇને માટે જ સઘળું કામ પોતાના હાથમાં લેવાથી કોઇના ઉપર જેટલી ઈર્ષા થાય છે તેટલી બીજા કોઇ પણ કારણથી થતી નથી. તેમજ મોટા અમલદારે પોતાના હાથ નીચે કામ કરનારને પોતા પોતાના અધિકાર અને હુદ્દાનું માન પૂર્ણ રીતે ભોગવવા દેવાથી તે અમલદારની જેટલી અદેખાઈ ઓછી થાયછે તેટલી બીજા કોઇ પણ કારણથી ઓછી થતી નથી. કારણ કે તે હાથ નીચેના કામદાર

પોતપોતાનો અધિકાર બજાવતા હોવાથી મુખ્ય અમલદારની મોટાઈ લોકોની આંખમાં ખૂંચતી નથી.

જે લોક ઊંચે દરજ્જે ચઢીને ગર્વ કરેછે, અને તોરમાં ને તોરમાં ચાલેછે તેમના ઉપર સૌથી વધારે ઈર્ષા થાય છે. આવા લોકને રોફ બજવીને અથવા સ્પર્ધા કરનારને હલકા પાડીને પોતાની મોટાઈ બતાવ્યા વિના ચેન પડતું નથી. પણ જે શહાણા હોય છે તે તો પોતાના સંબંધમાં ઘણા મહત્વની ન હોય એવી એકાદ બાબતમાં જાણી જોઇને બીજાને જીતાવીને પોતાનો પરાજય દેખાડે છે. આથી અદેખા લોકની ઈર્ષા શાંત થાય છે. તોપણ એ તો ખરૂં છે કે કોઇને મોટાઈ મળ્યા પછી તેનું વર્તન સાદાઇવાળું અને કપટ વિનાનું હોય તો તેના ઉપર ઘણી ઈર્ષા થતી નથી. માત્ર તેનું વર્તન ગર્વ અને ફીશીઆરી ભરેલું ન જોઇએ. પણ જો વર્તન કપટયુક્ત અને ક્રૂર હોય તો તેની ઈર્ષા વધારે થવાની. જે પોતાનું વર્તન સાદાઇવાળું ને નિષ્કપટી રાખે છે તે પોતાને પ્રારબ્ધયોગે મળેલી મોટાઈ નિરંતર રહેવાની નથી ને પોતામાં ઘણી યોગ્યતા નથી, એવું સમજતો હોય એમ દેખાડે છે. આથી તેના ઉપર ઈર્ષા કરવાનું કારણ રહેતું નથી.

કોઇએ કોઇને કામણ કર્યું હોય ને જે ઉપાય કરે તેજ ઉપાય ઈર્ષાનો કરવામાં આવે છે. તે ઉપાય એજ કે પોતાના ઉપરની ઈર્ષા બીજા ઉપર ઉતારવી. એટલા માટે મોટા માણસોમાં જે શહાણા હોય છે તે પોતાને ઈર્ષા નડે નહિ કે દૃષ્ટિ લાગે નહિ માટે કોઇકને પણ આગળ કરે છે. અને ઈર્ષાનું ઝેર તેને લાગે તેમ કરે છે. કારભારી, નોકર, સહકારી, સોબતી વિગેરે આવા કામમાં ઉપયોગી થઈ પડે છે. અથવા તે કામ માટે દાંડ અને સાહસિક લોકોની કદી ખોટ પડતી નથી. તેમને તો અધિકારવાળો ઉદ્યોગ મળ્યો એટલે થયું. પછી ગમે તે થાય તો પણ પોતાને માથે ઈર્ષા ઓઢી લેવામાં આગળ પાછળ જોવાનાજ નહિ.

હવે કારભારમાં મોખરે હોનાર માણસના ઉપર જે ઈર્ષા થાય છે તેનો વિચાર કરીએ. આવા લોકો ઉપર ઈર્ષા કરવાથી કાંઇક ફાયદો થાય છે. પણ સામાન્ય લોક ઉપર ઈર્ષા કરવાથી કંઈ પણ ફાયદો થતો નથી. રાજ્યમાંના અગ્રેસર લોક ઘણા પ્રબળ થાય છે ત્યારે ઈર્ષા તેમને એક પ્રકારનો પ્રતિબંધ છે. ઈર્ષાને લીધે તેમનું તેજ પડવું જોઇએ તેટલું પડતું નથી, અને તેજ કારણથી તે મોટા લોકોની સત્તાને ઘાલવાની એક લગામ છે.

ઈર્ષાનું ફળ બેદિલી છે તેથી ઈર્ષા અને બેદિલી પરસ્પર પર્યાયરૂપે ચાલેછે. રાજ્યમાં બેદિલી ઉત્પન્ન થઈ એટલે ચેપી રોગની પેઠે તેની અસર થાય છે. એટલે જે પ્રમાણે ચેપી રોગ નીરોગી માણસને લાગતાં તેને બગાડી

નાખેછે તેજ પ્રમાણે બેદિલી એકવાર રાજ્યમાં પેઠી કે કારભારી ઉત્તમ કામ કરે તો પણ તેની નિંદા થાય છે, અને તે કામ અપ્રિય થાય છે. માટે વચ્ચે વચ્ચે પ્રશંસા યોગ્ય કામ કરે તોપણ તે કરનારને કોઈ સારો કહેતું નથી. ઉલટું એમ કહેવાય છે કે એતો પોતામાં મનની દૃઢતા નથી તેથી તથા બેદિલીથી બ્હીને કર્યાં, અને જે પ્રમાણે ચેપી રોગથી બ્હીનારાને તે રોગ, બોલાવ્યો હોય તેમ વળગે છે એવું સાધારણ રીતે જોવામાં આવે છે, તેજ પ્રમાણે જે બેદિલીથી બ્હીએ છે તેને તેની પણ પીડા વધારે થાયછે.

આ પ્રકારની બેદિલી જે લોકો પ્રત્યે હોય છે, તે મુખ્યત્વે કરીને મુખ્ય અધિકારી અથવા કારભારી પ્રત્યે હોય છે. ખૂદ રાજા પ્રત્યે કે રાજ્યનિયંતાપ્રત્યે હોતી નથી. પણ મોટા કારણ વિના કારભારી પ્રત્યે ઘણી બેદિલી થાય અને તેને ઘણો દોષ દેવામાં આવે તો તે દોષ ઉઘાડો ન હોય તોપણ રાજ્યનિયંતાનો જ છે એ પકકું સમજવું.

ઈર્ષા વિષે એક સામાન્ય વાત કહેવાની રહી ગઈ; તે એકે સર્વ વિકારોમાં તે સદા જાગૃત અને કેડો લેનારી છે. બીજા વિકારોને જાગૃત થવા સારૂ પ્રસંગ પ્રમાણે કારણની જરૂર હોય છે, પણ ઈર્ષાનું તેમ નથી. કોઈ કોઈના ઉપર તો તે ચાલતી જ હોય છે. માટે "ઈર્ષા નવરી હોય જ નહિ" એ કહેવત ખરી છે. એજ પ્રમાણે પ્રીતિ અને ઈર્ષા એ બંને વિકાર માણસને સૂકવી નાંખે છે એ આપણે જોઇએ છીએ. બીજા વિકાર એમ કરતા નથી. કારણકે તે બે વિકારની પેઠે બાકીના વિકાર સદા સર્વદા જાગૃત રહેતા નથી. ઈર્ષા સર્વ વિકારમાં નીચ અને નિંદ્ય છે. ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાં સેતાનને "રાતે ઘઉંના બેતરમાં નિંદણ રોપનાર અદેખો જીવ" એ નામ આપેલું છે તેનો અર્થ એટલોજ કે મનુષ્યમાં સદ્‌ગુણ દીઠા કે સેતાનના પેટમાં ચૂંક આવે છે, તેથી તે મનુષ્યમાં ગુપ્ત રીતે દુષ્ટ વાસનાની પ્રેરણા કરે છે. તેજ પ્રમાણે કોઈ ન જાણે એવી રીતે સારાનું ખોટું કરવામાં અદેખા માણસનો ઉદ્યોગ હમેંશા ચાલતો રહે છે.

અધિકાર.

અધિકારીઓ ત્રણ રીતે પરતંત્ર હોય છે. રાજાને કે રાજ્યને આધીન, કીર્તિને આધીન અને કામને આધીન. તેમનો દેહ રાજસેવામાં અર્પણ કરેલો હોય છે; તેઓ જે જે કરે છે તે તે કીર્તિ ઉપર ધ્યાન રાખીને કરવું પડે છે; અને કામને લીધે પુરસદ તો હોય જ શાની ? આથી તેમને એકે

તરફથી સ્વતંત્રતા હોતી નથી. સ્વતંત્રતાનો નાશ કરે એવી સત્તા મેળવવાની અથવા પારકા ઉપર સત્તા મેળવીને પોતાના ઉપરની સત્તા ખોઈ બેસવાની ઇચ્છાને વિચિત્ર કોણ નહિ કહે? અધિકાર પ્રાપ્ત કરતાં મહેનત પડે છે, અને તે મહેનતનો પરિણામ સપ્ત મહેનત. કોઈ કોઈ વાર અધિકાર અધમ સાધનથી મળે છે, અને અધમ સાધનથી ઉત્તમ અધિકાર હાથ આવે છે. અધિકારીની સ્થિતિ અસ્થિર હોય છે. ઉંચે અધિકારે ચઢ્યા પછી જો પાછાં ડગલાં ભરવાં પડે તો પડવાનું અને તેમાંથી બચ્યા તો નિસ્તેજ થવાનું તો નક્કી જાણી મુકવું. બંને શોક-જનક છે. "યશ રૂપી કાયાનો નાશ થાય તો પછી આ ખોળીયું શું કામ રાખવું?" વળી એવું થાય છે કે માણસ અધિકારના બંધનમાંથી મુક્ત થવા ઇચ્છે તે વેળા તેનાથી મુક્ત થવાતું નથી, અને જે વેળા મુક્ત થવું જોઇએ એ વેળા આધિકારીને પોતાને ઇચ્છા નથી થતી. આથી પણ વધારે ખેદકારક એ છે કે ઘડપણમાં અને મંદવાડમાં જે વખત આરામ અને એકાંત વાસની જરૂર છે તે વખતે પણ કેટલાક, ઘરમાં રહેવું પડે છે તેથી, અકળાઈ જઇને કામની લલુતામાં પડે છે અને ઘરડા ઘરડા શેઠીઆ પટેલીઆ પોળને ઓટલે અડંગા નાખે છે ને તેથી ઘડપણ વગોવે છે, તેમ તેઓ નિંદાને પાત્ર થાય છે. અધિકારીઓને પોતાને સુખી માનવાને બીજા માણસોનો અભિપ્રાય પ્રમાણ કરવો પડે છે એ વાત નિઃસંશય છે. કારણ કે જો તેઓ પોતાના અનુભવ ઉપરથી નિર્ણય કરે તો તો એમને લેશમાત્ર સુખ જણાતું નથી; પણ પોતાને બીજા લોકો કેવા સુખી ગણે છે તેનો વિચાર કરતાં તેઓને સુખ ભાસે છે. અથવા જેવા તેઓ છે તેવા થવાને બીજા લોકો ઇચ્છા કરે છે માટે જ કેમ જાણે તેઓ સુખી થઈ જતા હોય. પણ મનમાં તો કદાચ તેઓને એથી ઉલટું જ જણાય છે. કેમકે પોતાના દોષ પોતાને ભલેને સૌથી છેલ્લા જણાય, પણ પોતાની પીડાની તો પહેલવહેલી પોતાને જ ખબર પડે છે. મોટા લોકને પોતાની જાતની ખબર ઓછી હોય છે એમાં શક નથી, અને તે એટલે સુધી કે જ્યારે તેઓ ધંધારોજગારની ભૂલવણી ચૂકવણીમાં ગુંચાયા હોય છે ત્યારે તેમને પોતાના શરીરની અને મનની આરોગ્યતા ઉપર પણ ધ્યાન આપવાનો અવકાશ મળતો નથી. જેને બીજા બધા સારી પેઠે ઓળખે છે પણ જેને પોતાનું ભાન નથી એવા માણસ ઉપર મોતનો ઝપાટો જબરો લાગે છે. અધિકારને લીધે માણસમાં સારૂં અને ખોટું બંને કરવાની શક્તિ આવે છે. સારૂં કરવાની ઇચ્છા અને શક્તિ બંને સ્તુતિપાત્ર છે; પણ ખોટાની બાબતમાં તો પ્રથમ ઇચ્છા જ ન થાય તે સૌથી સારૂં; ને કદી ઇચ્છા થાય તો શક્તિતો અવશ્ય ન જોઇએ. પરોપકાર કરવાની શક્તિ જ ઉંચે અધિકારે ચઢવાનો સત્ય અને નીતિયુક્ત હેતુ હોવો જોઇએ. શુભ વિચારથી ઈશ્વર પ્રસન્ન થાય છે. પણ જો તે વિચાર

પ્રમાણે થાય નહિ તો તે શુભ વિચાર મનુષ્યના સંબંધમાં શક્તિ વિના કંઇ ઉપયોગના નથી. શક્તિ વિના શુભ વિચાર શુભ સ્વપ્ન સરખા જ. માટે શુભ વિચાર પ્રમાણે થવા સારૂ અનુકુળ ઉચ્ચસ્થાન રૂપી શક્તિ અને અધિકારની જરૂર છે. મનુષ્યનાં કૃત્યનું નિશાન પુણ્ય અને સત્કર્મ છે. અને તે બંને પોતાથી બને તો માણસમાત્ર હાશ કરીને બેસે છે. કારણ કે જો માણસ ઈશ્વરના આ સંસાર નાટકમાં વેષ ભજવવા શ્રમ લે તો ઈશ્વરના વિશ્રામમાં પણ તેનો ભાગ હોય જ. સૃષ્ટિ નિર્માણ કરીને જગત્કર્તાએ જોયું કે સર્વ સૃષ્ટિ ઘણી સારી થઇ એટલે પોતે તે દિવસે વિશ્રામ લીધો.

અધિકારનું કામ કરવામાં પ્રથમ અત્યુત્તમ અધિકારીઓના દૃષ્ટાંતનું અનુકરણ કરવું. કારણ કે અનુકરણ એ સદ્બોધનો ભંડાર છે. અને થોડો વખત વીત્યા પછી પોતાનું જ દૃષ્ટાંત લેવું અને આરંભમાં પોતાનું કૃત્ય સારૂં હતું કે નહિ તેની સૂક્ષ્મ દૃષ્ટિથી પરીક્ષા કરવી. વળી જે લોકોએ તે અધિકાર ઉપર આવીને યોગ્ય આચરણ કર્યું ન હોય તેમના વિષે પણ વિચાર કરવાની ઉપેક્ષા કરવી નહિ. તેમના દુર્ગુણો સંભારી આપી પોતે તેનાથી સરસ છે એમ બતાવવા માટે યત્ન ન કરતાં તેમના દુર્ગુણથી દૂર રહેવા સાવધ થવું. આટલા માટે આપણી અગાઉના જન અને જમાનાને વગોવ્યા વિના અથવા પોતાની સરસાઈ પ્રકટ કર્યા વિના શુદ્ધ આચરણ કરવું. અને પોતે બીજાના સદાચરણનું અનુકરણ કરવાનો તેમ જ પોતાનાં આચરણ બીજાને અનુકરણ કરવા યોગ્ય કરવાનો પોતાના મનમાં નિયમ કરી રાખવો. કોઈ પણ વસ્તુ પ્રારંભમાં કેવી હતી અને પછીથી તેમાં કેટલો અને કઈ રીતે બિગાડ થયો છે તે તપાસવું. પણ પ્રાચીન અને અર્વાચીન બંને સમયનો વિચાર કરવો. પ્રાચીન કાળમાં ઉત્તમ શું હતું તે શોધી કાઢવું અને હાલમાં સૌથી વધારે યોગ્ય શું છે તેનું જ્ઞાન મેળવવું. હમેંશા નિયમિત રહેવાનો પ્રયત્ન કરવો કે લોકો સમજી શકે જે ફલાણો ફલાણી વખતે ફલાણું જ કરશે. પણ તે નિયમિતપણું જાળવવાને અત્યાગ્રહ ન રાખવો. અને જ્યારે નિયમ મુકવો પડે ત્યારે લોકોને તેનો સંતોષકારક ખુલાસો કરવો. અધિકાર સારી રીતે સાચવી રાખવો પણ પોતાની સત્તા કેટલી કે કેટલી નહિ તે સંબંધી સવાલ ઉઠાવવો જ નહિ. અને "સત્તાને આધારે અમુક વસ્તુ કરવાનો મને હક છે અથવા જોઉતો ખરો તે કરવામાં કોણ આડું આવી શકે છે?" એવો ઘોંઘાટ કરી મુકવા કરતાં વગર બોલે ચાલે સત્તા હક પ્રમાણે બજાવે જવી એ બહેતર છે. તેમ જ તાબાની જગીઆઓ ઉપર પણ પોતાનો અમલીયાર રાખી રહેવું અને દરેક કામ પોતાને હાથે કરવા કરતાં પોતાની ઇચ્છાનુસાર તે બીજા પાસે કરાવી લેવામાં વધારે માન સમજવું. મળેલા અધિકારનું કામ કરવામાં જે મદદ અનાયાસે મળે તે લેવી એટલું જ નહિ

પણ બીજા પાસે માગવીએ ખરી. વળી કોઈ દોઢડાહ્યો થઇને અધિકારના કામ સંબંધી ખબર અંતર આપે તેને ધુત્કારી ન કાઢતાં તેમાંનો જે ભાગ યોગ્ય લાગે તે ગ્રહણ કરવો.

અધિકારને અંગે ચાર દુર્ગુણ મુખ્ય હોય છે. ઢીલ, લાંચ, અસભ્યતા, અને અતિપરિચય. કામ લંબાણે ન પડવા માટે એમ કરવું કે તે કામ-પ્રસંગે જે કોઈ મળવા આવે તેને મળવું. કામ કરવાનો વખત ઠરાવવો. જે કામ લઈ બેઠા હોઇએ તે પુરૂં કરવું અને અતિ આવશ્યક કામ સિવાયનું કોઈ કામ વચ્ચે લઈ બેસવું નહિ.

લાંચનો ઉપાય એ જ કે પોતે લાંચ લેવી નહિ ને પોતાના તાબાના નોકરોને લેવા દેવી નહિ; એટલું જ નહિ પણ લાંચ આપતાં અરજદારોને અટકાવવા. પોતે લાંચ નહિ લેવાથી પહેલું કાર્ય સિદ્ધ થશે અને પોતાને લાંચનો બહુ જ તિરસ્કાર છે એ પ્રસિદ્ધ થવાથી બીજું કાર્ય સધાશે. વળી લાંચ લેવી અથવા લેવા દેવી નહિ એટલું જ નહિ પણ તેનો વહેમ પણ ન આવે એવું વર્તન રાખવું. જે અધિકારી સબળ પ્રસિદ્ધ કારણ વિના પોતાના અભિપ્રાય બદલ બદલ કરતા જણાય છે તે અધિકારી લાંચનો વહેમ ઉત્પન્ન કરે છે, માટે જ્યારે પોતાનો અભિપ્રાય કે રીતિ બદલવાની જરૂર જ હોય ત્યારે તે બદલવાનું કારણ પ્રસિદ્ધ કરીને બદલવાથી વહેમનું કારણ રહેશે નહિ. પણ કદી તે કૃત્ય અને કારણ છુપાવવાનો વિચાર જ ન કરવો. કોઈ નોકર અ-થવા માનીતો માણસ સ્પષ્ટ કારણ વિના અધિકારીને ત્યાં ઘાલમેલ કરતો હોય તો તે દ્વારા ગુપ્ત રીતે લાંચ લેવાય છે એવો સંશય ઉત્પન્ન થાય છે.

અસભ્યતા નાહક બેદિલી ઉત્પન્ન કરે છે. આકરા અમલદારથી સર્વ કહીએ છે. પણ અસભ્ય અમલદારને સર્વ ધિક્કારે છે. અધિકારીના ઠપકામાં પણ ગંભીરતા જોઇએ. તેમાં તિરસ્કાર ન જોઇએ.

અતિપરિચય લાંચ કરતાં પણ વધારે ખરાબ છે. કેમકે લાંચતો કોઈ વખતે આવી ન આવી. પણ જો કોઇ અમલદાર આજીજી અથવા મિ-થ્યામાનમાં લેવાયો તો એનો કેડો કોઇ મુકશે નહિ. સૉલૉમન કહે છે કે કોઇ માણસનાં વખાણ કરવાં એ સારૂં નથી કેમકે તેવો માણસ શેર શાક માટે પણ અન્યાય કરશે.

"અધિકાર મળ્યે માણસની પરીક્ષા થાય છે. કેટલાક પ્રથમ કરતાં સારા જણાય છે ને કેટલાક ખરાબ નીવડે છે" એવું અસલ કહેવાયલું તે જરાએ ખોટું નથી. ગાલ્બા વિષે ટેસીટસ એવું કહે છે કે "જો તે રાજા ન થયો હોત તો બધા એમ કહેત કે એ રાજ્ય કરવા યોગ્ય છે." પણ વ્હેસ્પેશિયન

વિષે તેજ ગ્રંથકાર લખે છે કે "રાજ્ય મળ્યા કેડે સુધર્યો એવો રાજા તો વ્હેસ્પેશિયન જ." જો કે ગાલ્બા સંબંધી જે કહ્યું છે તે તેની હુશીઆ-રીના સંબંધમાં છે, અને વ્હેસ્પેશિયન વિષે તેના વર્તન અને સ્વભાવના સંબંધમાં છે, તો પણ તે ઉપથી એટલું તો સ્પષ્ટ દેખાય છે કે અમલ આવ્યા પછી માણસનો સ્વભાવ બદલાય છે. જો કોઈ માણસનો સ્વભાવ અધિકાર મળ્યા પછી સુધરે તો તે ઉપરથી ખચિત સમજવું કે એનામાં યોગ્યતા અને ઉદારતા મૂળથી જ છે. કેમ કે માન્યતા અને સદ્‌ગુણ એક સ્થાને વસે છે. અને વસવાં જોઇએ પણ એક જ સ્થાને. સૃષ્ટિમાં પદાર્થો જેમ પોતપો-તાની જગાએ બનતી ત્વરાએ જાય છે અને ત્યાં શાંત થઈ રહે છે, તેમ સ-દ્‌ગુણી માણસ અધિકાર મેળવવામાં બને તેટલું બળ અજમાવે છે; અને અ-ભિલાષ પુર્ણ થાય અને ધારેલી સત્તા મળે એટલે સ્થિર અને શાંત થાય છે.

મોટો અધિકાર મેળવવાને માટે કોઇ કોઇ વાર વાંકો ચૂકો રસ્તો લેવો પડે છે. જો રાજ્યમાં પક્ષ બંધાયા હોય તો ઉંચી પદવી મેળવવાની ઇચ્છા રાખનારે એક પક્ષમાં મળી જવું. અને ઇચ્છા પ્રમાણે અધિકાર મળ્યે સર્વ પક્ષ સાથે સમાન રહેવું. જ્યારે જ્યારે પોતાની જગાએ પ્રથમ રહી ગયેલા માણસની વાત નિકળે ત્યારે નિષ્પક્ષપાતથી અને નરમાશથી બોલવું. કારણ કે જો તેમ ન કરો તો જ્યારે તમે તે જગાએ નહિ હો ત્યારે બીજા તેને વિષે તેમ બોલશે. જો તમારે સહકારી હોય તો તેમને માનથી બોલાવો; અને તમારા નિમંત્રણની તેમને આશા ન હોય તે વખત તેમને નિમંત્રણ કરવું એ સારૂં છે. પણ તેઓ સકારણ આશા રાખી બેઠા હોય તે વખત તો તેમને બોલાવ્યા વિના રહેવું જ નહિ. અરજદારોની સાથે અથવા બીજાની સાથે બાનગી વાતચીત કરવામાં હુદ્દાનો વિચાર અતિશય રાખવો નહિ. પણ ઉ-લટું એમ કહેવાવું જોઇએ કે "એઉ સાહેબ જ્યારે સરકારી કામ ઉપર બેસે છે ત્યારે તો ઘેર હોય છે તેથી જૂદા જ હોય છે."

ગુજરાતી ભાષાનું અભિમાન રાખનારને પ્રાર્થના.

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૩ થી.)

પંચોપાખ્યાનમાં વિષ્ણુશર્મા પંડિતે મિત્રભેદનું પ્રકરણ કહેલું છે તે ઘણા જણના વાંચવામાં આવ્યું હશે. તે ઉપરથી રાજકીય બાબતમાં કોઈ રાજને હાની કરવી હોય તથા તેની પાયમાલી કરવી હોય તો એ મિત્રભેદની તાલીમ લીધેલા પુરૂષો કરી શકે છે એમ ઇતિહાસ ઉપરથી જણાય છે. એ

નીતિમાં કુશળ પુરૂષોને અંગ્રેજીમાં પોલીટીશીયન કહે છે. અને એ જ્ઞાનમાં હુશીયાર માણસો રાજમાં આગળ પડે છે, તથા પોતાના દેશમાં મિત્રપ્રાપ્તિ પ્રકરણ પ્રમાણે વર્તેછે તોજ તે સઘળા દેશો ઉપર સત્તા ભોગવી શકે છે. રાજનીતિજ્ઞ પુરૂષો પંચોપાખ્યાનનો ખરો ઉપયોગ કરે છે. હાલ આપણી મહારાણીનું રાજ્ય આખી પૃથ્વી ઉપર છે, તેથી જ કહેલું છે કે મહારાણીના રાજ્યમાં સૂર્ય પ્રકાશિત રહે છે, આથમતો જ નથી. મતલબ કે એક ઠેકાણે અસ્ત થાય ત્યારે તેનો બીજે ઠેકાણે ઉદય થાય છે. એ થવાનું ખરૂં કારણ તે દેશના વિદ્વાન ને અગ્રેસર લોકોએ પંચોપાખ્યાન ગ્રંથનું શ્રવણ મનન ને નિદિધ્યાસન બરોબર કરેલું હોય છે. એમનાજ દાખલા ઉપર આપણે તે દેશની અને આપણા દેશની તુલના કરીએ તો તુરત જણાઈ આવશે કે, આપણામાં મહોટી ખામીઓ છે. બીજી ખામીઓ કરતાં ભાષાનું ઐકય નથી એ ખામી વધારે છે. કુસંપ થવાનું મોટું કારણ, આખા દેશની ખરાબી કરનાર જૂદા જૂદા ધર્મપંથો ને અસંખ્ય જ્ઞાતિઓ છે, તેમ જ ભાષા પણ વધારે છે; એટલું જ નહિ, પણ જેમ નાતમાં તડો ને તેના પેટા વિભાગો છે, તેમ જ "બાર ગાઉએ બોલી બદલે" એ કહેવત પ્રમાણે ગુજરાતી ભાષાના વિભાગ થયા છે. ગ્રંથો બનાવનાર પણ જુદા જુદા જથામાં વહેંચી શકાય છે; જેમ કે સંસ્કૃતમય લખનાર, સંસ્કૃત–ગુજરાતી લખનાર, ફારશી–ગુજરાતી લખનાર, ગરબીની ભાષામાં લખનાર, અને છેલ્લા સાદી ભાષામાં સઘળા સમજી શકે એમ લખનાર. એમ થવાથી તેઓ એક બીજાના લખાણને વખોડે છે; તથા તેમના અનુયાયીઓ, જેમ ધર્મપંથોવાળા એક બીજાને ધિક્કારે છે તથા એક બીજાનું અભિમાન રાખે છે, તેમ જ એક બીજાની નિંદા કરે છે. એ પણ ભાષા સુધારવાના પ્રયત્નમાં નુકશાન કર્તા છે. જે અંગ્રેજી ભાષા ખેડાએલી છે, તેમાં સારા લખનારા પણ સરલ લખવાને પ્રયત્ન કરે છે ને લખે છે; તથા તેવા લખનારને વધારે ઉત્તેજન આપે છે. ત્યારે ગુજરાતી ભાષામાં સરલ લખનારને જે કનિષ્ટ ગણે તેમાં તેમની જ કીમ્મત થઈ જાય છે. જેમને ગુજરાતીમાં લખવાનો માવરો નથી અને સંસ્કૃત ભાષા આવડતી હોય, એવા શાસ્ત્રીઓ સંસ્કૃતમાંથી તરજુમો કરતી વખત ભાષા લખવામાં ઘણી ભૂલો કરે છે જેમ કે "કરતો હવો" "એવા જે તે ભકતના રક્ષક" ઇત્યાદિ; તેમને સારા ગુજરાતી લખનારા પસંદ કરતા નથી. તેમ જ જેમને ઇંગ્રેજી તથા સંસ્કૃતનો જ માવરો હોય તેઓ પણ ગુજરાતી લખાણમાં ઘણા પ્રકારની ભૂલ કરે છે. માટે લખવાનો માવરો રાખવો એ સર્વ વિદ્યોતેજકાલયના ભકતોએ ધ્યાનમાં રાખવું જોઇએ. ઇતિહાસ ને વિદ્યા જાણનારા પણ તેવી ભૂલો કરે છે. જેમને ગુજરાતી ભાષામાં શબ્દો જડતા નથી તેમને કાળે કરીને ચાલતા શબ્દો પણ જડશે નહીં. જે યુનીવરસીટીના

ભકતોને ગુજરાતી લખવાનો અભ્યાસછે તેઓ ઘણું સારૂ લખે છે, ને તે લખાણ રસ અલંકારાદિયુક્ત હોય છે. ભાષા પ્રૌઢ વાપરે છે અને લખવાની સરલતાને લીધે લોકમાં સાબાશીને પાત્ર થાય છે અને તેમને ધન્યવાદ આપવો એ ફરજ છે એમ અમારૂ આધીન મત છે.

ઉપરના સઘળા લખાણથી વાંચનારની ખાત્રી થશે કે ગુજરાતી ભાષા શાસ્ત્ર વધારે ખેડાય અને જેમ જેમ ઘણા વિષયોના સારા ગ્રંથો બહાર પડે તેમ તે ભાષા સંપૂર્ણતાએ પોહોચે. ભાષા સુધારવા તથા વધારવાને ખરા માર્ગે ચઢાવવા સારૂ જે વિદ્વાનો લક્ષ આપતા નથી અથવા લક્ષ આપવાને તેમને બીજી ભાષાની વધારે માહીતીને લીધે એ પુસ્તકો વાંચતાં વખત મળતો નથી એમ મનમાં આવતું હોય તે, સંસારસાગરમાં મોહપાશમાં લપટાઇ રહેલા મનુષ્યો પણ થોડો કાળ ભગવત્ સ્મરણમાં કાઢે છે તેમ પોતાની માતૃભાષાને મદદ કરવા લક્ષ આપે તો વધારે સારૂં છે. આ સિવાય બીજું વધારે કહી શકાતું નથી.

વૈદ્યશાસ્ત્ર.

(અનુસંધાન પૃષ્ટ ૮૯ થી.)

ગ્રીક સાહિત્યનો, તેની પડતી સુધીનો જે હેવાલ 'સર્વ જ્ઞાનસંગ્રહ'ની પોથીમાં આપ્યો છે તેમાંથી જે આપણે ત્યાં આપેલા ગ્રીક કવિઓ અને ગદ્ય લખનારાઓનાં નામ લઈ સ્ટોબીયસના કથાકોષમાંથી તેમને શોધી કાઢીશું તો આપણને માલમ પડે છે કે તેઓમાંના ૨૮ ની ઉમ્મર અટકળે કે વગર અટકળે તેમાં આપેલી છે. તેમાં નીચેના માલમ પડશે:–સોલન, ૮૦; મેનોફ્રેનિસ, ૯૦ ઉપર; સીઓસનો સાઇમોનીડીઝ, ૮૯; એને ક્રિઓન, ૮૫; સ્ટેસિકોરસ, ૮૦; પીંડાર, ૮૦; એસ્કિલસ, ૬૯; સોફોકિલસ, ૯૦; યુરિપિડીઝ ૭૫; કેટિનસ, ૯૭; યુપોલિસ, ૩૫; એરિસ્ટોફેનિસ, ૬૪; હીરોડોટસ, એ-છામાં ઓછાં, ૭૭; એને ગ્રઝીમેન્ડર, ૬૪; હેલેનીકસ, ૮૫; થુકીડીડીસ, ઘણું તો ૭૦, એન્ટિસન, ૬૯; ઝેનોફૂન, ૯૦ ઉપર; ગોર્જીઆસ, ૧૦૫ કે ૧૦૯; એન્ડોસીડીઝ, ઓછામાં ઓછાં ૭૪; લીસીઆસ, ૮૦; આઇસોક્રેટીસ, ૯૮; ડીસોસ્થેનિસ, ૬૩; એસ્કાઇનીસ, ૭૫; લાઇકરગસ, આશરે ૭૩; પ્લેટો, ૮૨; એરિસ્ટોટલ, ૬૩; થીઓક્રેસ્ટસ, ૮૫ કે ૧૦૭. આપણી ગણત્રીની ખાતર ગોર્જીઆસ અને થીઓસ્ક્રેસ્ટસને માટે કોષમાં આપેલી બેવડી ઉમરનું મધ્ય લેતાં ૧૦૭ અને ૯૬ આવે. હવે સરાસરી ઉમર ૭૮ કરતાં ઘણી વધારે માલમ પડશે, અને અટકળે આપેલી જેવી કે અટકળેલી ઉમરમાં યુપોલીસની ૩૫ છે, તેવી આમાંથી બાદ કરતાં આ આશ્ચર્યકારક મહોટી વયની સરાસરી ઘટી જશે નહિ.

તે જ 'સર્વજ્ઞાનસંગ્રહ'ની પોથીમાં ચીતરેલા ઇંગ્રેજી સાહિત્યના છેલ્લા અરસામાં જે વિદ્વાનોનાં નામ ત્યાં આપ્યાં હોય, તેમની ઉમર ઇ. સ. ૧૮૭૮ માં પ્રસિદ્ધ થયેલા વિન્સેન્ટના કથાકોષમાંથી લઇને, તેમને આની સાથે સરખાવીએ. તેઓમાં વર્ડઝવર્થ, ૮૦; કોલરીજ, ૬૨; સાઉથી, ૬૯; સ્કૉટ, ૬૧; બર્ક, ૬૮; શેલી, ૩૦; બાયરન, ૩૩; મેરી ગૉડ્વીન, ૩૮; સીનીઅૉર, ૭૪; હોર્નર, ૩૯; રોમિલી, ૬૧; રિકાર્ડો, ૫૧; મીલ, ૬૭; મિકલ્હોક, ૭૫; લેંકેસ્ટર, ૬૩; બોલ, ૮૦; હેરીઅટ માર્ટિનો, ૭૪; એલિયટ, ૬૮; મૂર, ૭૩; છે. આ ઓગણીસ જણની વયની સરાસરી ૬૧ અને ૬૨ ની વચ્ચે છે.

આમાંથી શેલી ડુબી ગયો હતો, અને રોમિલીએ આત્મઘાત કીધો હતો, એમ કોઇને વાંધો લાગતો હોય તો, આપણે પ્રાચીન સાહિત્યકારોની યાદી ઉપર ફક્ત આંખ ફેરવી જવાની જરૂર છે, એટલે માલમ પડશે કે તેમાં પણ આઇસોક્રેટિસ અને હિમોસ્થેનિસ બેના આત્મઘાતનાં અને એન્ટીફનને મારી નાખ્યાનાં દૃષ્ટાંત છે.

પરંતુ એમ કહેવામાં આવે કે ઇંગ્રેજી યાદી ઇ. સ. ૧૮૩૨ સુધીની જ છે, અને તે મુદત પછી વૈદ્યશાસ્ત્ર પ્રકાશ્યું છે અને ઝડપથી વધ્યું છે, તો જવાબ એ છે કે એરિસ્ટોટલના જમાનાની અને ચાલુ સૈકાની શરૂઆતની વચ્ચે વૈદ્યશાસ્ત્રે બેશક ઘણો જબ્બર ધસારો કર્યો છે, અને તેની સરખામણી કરતાં આ ધસારાની, સરાસરી ઉમ્મરનું પ્રમાણ વધારવામાં, અશક્તિ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. એમ બને કે આ સૈકાની શરૂઆતથી વૈદ્યકશાસ્ત્રમાં ઘણા ઝડપભેર થએલા સુધારાથી આયુષ્ તરતને માટે વધ્યું હોય, પરંતુ નીચે આપ્યાં છે તે કારણોને લીધે આ સુધારો ભાગ્યે જ સતત ચાલુ રહે. અને છેલ્લાં થોડાં વર્ષમાં નીપજેલાં પ્રસિદ્ધ પુરૂષોનાં મૃત્યુની સરાસરી પણ ગ્રીસના કવિઓ, ઐતિહાસકો અને વક્તાઓને મુકાબલે આવી શકશે નહિ. આના ટેકામાં વ્હીટેકરના ઇ. સ. ૧૮૯૦ના પંચાંગમાં આપેલી મરણનોંધ તપાસીએ. ઇ. સ. ૧૮૮૮–૮૯ ના વર્ષમાં ૨૩૮ પ્રસિદ્ધ પુરૂષો ગુજરી ગયા છે, તેમની મરણ સમયની ઉમ્મર તેમાં આપેલી છે, અને તેની સરાસરી ૭૦ થી સહજ કમતી માલુમ પડશે; આ આશ્ચર્ય ઉપજાવે એવી ભારે સરાસરી છે, પરંતુ પ્રાચીન ગ્રીસના વિદ્વાનોની કાઢેલી સરાસરી કરતાં તો ઘણી ઉતરતી છે.

આ પ્રમાણે એકંદરે એટલું સ્પષ્ટ થાય છે કે પ્રાચીન કાળના વિદ્વાનો લગભગ અર્વાચીન કાળના જેટલું જ લાંબું આયુષ્ ભોગવતા અને વિરૂદ્ધ પ્રકારના પ્રમાણને અભાવે સ્વાભાવિક રીતે એમ અનુમાન થાય કે આ પરિણામ સામાન્ય મનુષ્યોને એટલેકે આખી મનુષ્ય જાતને લાગુ પાડી શકાય.

પ્રાચીન દુનિયામાં અને મધ્યમ કાળમાં પ્રજાઓ, આપણે જેટલું આ ઓગણીસમી સદીમાં જીવીએ છીએ તેટલું જ જીવતી; અને જો તેઓ પણ આપણા જેટલું જ જીવતી તો એમ પણ સ્વાભાવિક રીતે ધારી શકાય કે તેઓ પણ એટલી જ સારી તંદુરસ્તી ભોગવતી હશે. આમ ત્યારે વૈદ્યશાસ્ત્રે મનુષ્ય પ્રજા સમસ્તની શારીરિક હાલત સુધારવાને અથવા આયુષ્ લંબાવવાને કંઈ કર્યું લાગતું નથી. તેમ જો કર્યું હોત તો તેથી સુખવૃદ્ધિ થાત. કારણ તંદુરસ્તી સુખવૃદ્ધિ કરે છે, અને ટુંકા જીવતર અને વારંવાર થતાં મરણથી નિરાધાર સંબંધીઓ અને મિત્રોમાં ઘણો દુઃખમય શોક થાય છે.

જો એમ સવાલ થાય કે જનસમાજની શારીરિક સ્થિતિ સુધાર્યા સિવાય વૈદ્ય શાસ્ત્ર વ્યક્તિને શી રીતે સુધારી શકે, તો જવાબ કંઈ આઘે શોધવા જવો પડે તેમ નથી. ખરૂં જોતાં ઉપર વૈદ્યશાસ્ત્રની પ્રસૂતિની શાખા વિષે વિચાર કરતાં જવાબ અપાઇ ચુક્યો છે. ત્યાં આપેલો ખુલાસો માત્ર વધારે વિસ્તારથી લાગુ પાડવાનો છે. પ્લેટોના રિપબ્લીક (પ્રજા સત્તાક રાજ્યના ગ્રંથ)માં આના ખુલાસા માટે સુચના મળી શકશે. તે એસ્કલેપીયસનાં વખાણ કરે છે, કારણ કે "જે શરીરને વિષે રોગ પૂર્ણ ઘર કરી રહ્યા હોય તેમને વિરેચન અને પાણીમાં ઝબકોળી રાખવાની મંદ પ્રક્રિયાઓવડે મટાડવાનો તે પ્રયત્ન કરત; ખીન ઉપયોગી જીવને લંબાવવો અગર નબળાઓ નબળાં બાળકો ઉત્પન્ન કરે એ વાત એને જોઇતી નહતી; જો કોઈ મનુષ્ય સામાન્ય સ્થિતિમાં રહેવાને અશક્ત જણાય તો તેવાને મટાડવાની એને કંઈ જરૂર નહતી; કારણ તેથી તે પેલા મનુષ્યને કે દેશને કંઈ સેવા કરી શકે નહિ." પ્લેટોએ ઘડેલાં ધોરણો પ્રમાણે જો વૈદ્યશાસ્ત્રની ક્રિયા સપ્ર રીતે ચાલવા દઇએ તો સામાન્ય આરોગ્ય અને સુખમાં વૃદ્ધિ *થાય. એવાં પણ દૃષ્ટાંત છે

* વિચાર સાગર! તું પણ નિઃસીમ છે! વાચક, ગભરાઇશ નહિ. સહ્ભાગ્યે તું તેવો માંદો નથી. હોઉં તો પણ હજુ એ પ્લેટોનાં ધોરણ ત્યાંને ત્યાં જ છે. બ્રિટિશ રાજનીતિમાં હજુ "૧૮૫૭ નો આઠમો" નામે કાયદો ઘડાયો નથી. દયાર્દ્ર, પરોપકારી, નિઃસ્વાર્થી આર્યમન! તને અને તારા જેવાં જ દયાળુ હૃદયોને આ વિચાર, અમેરિકાની ઇન્ડીયન પ્રજાના વિચાર જેવો, ક્રૂર જણાય તો આશ્ચર્ય નથી. પણ એ એક વિચાર–કલ્પના જ થઈ ગઈ.

પણ એ વિચારનો ક્રમ જરા વધારે સ્પષ્ટ કરીએ. પ્લેટો કહે છે કે અમુક ગામમાં ૧૦૦ મનુષ્યો છે. તેમાં ૨૦ માંદા છે. દરેક સાજું માણસ સુખના ૧૦ અંશ ભોગવી શકે છે. આ ગામમાં આવીને જો એમ પુછવામાં આવે કે અત્રે સુખ કેટલું છે, તો તેના જવાબમાં ૮૦ સાજાં છે તેમનું ૮૦×૧૦ અંશ સુખ કહેવાથી બસ થતું નથી. પ્રથમ તો ૧૦૦ માણસો વચ્ચે ૮૦૦ અંશ વહેંચી લેતાં માથા દીઠ ૮ અંશ એટલે કે આરોગ્યના કરતાં ૨ ઓછા

કે જેમાં માંદો માણસ મંદવાડમાંથી ઉઠ્યા પછી સામાન્ય કરતાં પણ વધારે સારી તંદુરસ્તી ભોગવે. કોઈ બરેબરો હૃષ્ટપુષ્ટ પુરૂષ કોલેરામાંથી મરતો બચી જાય તો માંદો થયો તે પેહેલાં હોય તેટલો જ આરોગ્ય, મટયા પછી પણ કદાચ થાય, અને આવા જીવને બચાવવાથી સરાસરી આરોગ્ય અને સુખને લાભ થાય. બીજા કેટલાએકની બાબતમાં સામાન્ય કરતાં નબળી સ્થિતિ ભોગવતો હોય તેવી હાલતને વૈદ્યની કુશળતાથી એટલે સુધી સુધારી શકાય કે સામાન્ય કરતાંય વિશેષ સારૂં આરોગ્ય ભોગવી શકે. પરંતુ એમ ધારવાનું નથી કે કાયદાના બંધારણથી કે સામાજીક મતથી, ડાકતરો ઉપર એવી સફાઈ થાય કે જેમની તબીયત સાધારણ કરતાં વધારે સારી તેઓને ચઢાવી શકવાનો સારો સંભવ જણાય તેમને જ માત્ર પોતાના ઔષધોપચાર કરવા. પરંતુ આવી સફાઇ દાક્તરો પર કરી નથી ત્યાં સુધી તે વૈદ્યશાસ્ત્ર મનુષ્યના દુઃખનો સરવાળો કમતી કરવામાં સાધનરૂપ છે એમ માની શકાય નહિ. જેઓ પોતાના દાક્તરનાં બિલ ચુકાવી શકે છે, અથવા તો જેઓને

આવે છે. એટલું તે ગામ દુઃખી. પણ વળી વધારામાં જે દુઃખી છે તે માણસ દરેક માથા દીઠ સુખના ૧૦ અંશ વિનાનાં છે, એટલુંજ નહિ, પણ દુઃખના ટકા માથા દીઠ ૧૦ અંશ લેખે, ૨૦૦ અંશ સુખનો ખાડો પડ્યો. એટલે કે ૧૦૦૦ નો ટેકરો હતો, તેમાંથી ૨૦૦ અંશનો ટેકરો ગયો અને વધારામાં ૨૦૦ નો ખાડો થયો, એટલે કુલ ૧૦૦૦–૪૦૦=૬૦૦ અંશ, ૧૦૦ માણસો વચ્ચે રહ્યા, એટલે માથા દીઠ ૬ અંશ આવ્યા. ત્યારે પ્લેટો કહે છે, અને ઉપર ગ્રંથકાર પણ કહે છે કે, દુનિયાનું સુખ વધારવું હોય તો એમ કરીએ કે પેલાં ૨૦ માંદાં બધાંનું સુખ ઓછું કરે છે; વળી સાજાં થઈ ઉઠશે તો પણ સાજાં હતાં તેવીજ તબીયત ફેરી થવાની નહિ, તેથી દરેક ૧૦ અંશ કરતાં ઓછા સુખને લાયક થવાનાં; વળી તેમનાં બાળક પણ દુર્બલ, દુઃખી અને તેથી સુખ ઓછું કરાવે તેવાં પાકવાનાં, માટે તેવાં મનુષ્યોને મટાડવાને બદલે મારી નાખ્યાં હોય તો બાકીનાં ૮૦ મનુષ્ય પોતપોતાનું ૧૦ અંશ સુખ ભોગવે, અને માથા દીઠ ૬ ને બદલે ૧૦ અંશ એટલે વધારે સુખ ભોગવે છે એમ કહેવાય ! ખરૂં છે, પેટાર્થ આયળ પરમાર્થ બિચારૂં ઝખ મારે છે. એટલાં મનુષ્યો જીવીને ખાલી ધાન કપડાં ખુટાડે, નજરે દેખા દઈને કંટાળો, દુઃખ, દુર્ગંધાદિકનો ત્રાસ બીજાઓને દે, તે કરતાં તો માંદા પડનારને પોતાને જ લાજમ છે કે તેમણે દુખી મરી આ બિચારા સુખી ગૃહસ્થોને દુઃખમય ત્રાસમાંથી મુક્ત કરવા; એટલે તેમનો મોક્ષ થાય ! **બહુરત્ના વસુંધરા** ! આ પણ એક પ્રતિનાં વિચારશીલ મનુષ્ય છે. તે આણે જોવાં જોઇએ, માટે હવે આગળ શું કહે છે તે જોઇએ.

મફત ઔષધોપચાર મળી શકે તેવા સર્વને કંઈ ભેદબુદ્ધિ સિવાય, દાક્તરો જ્યાં સુધી મટાડે ત્યાં સુધી, સામાન્ય રીતે તંદુરસ્ત હોય તેવાને વધારે સારી સ્થિતિમાં આણીને જ સામાજીક આરોગ્યમાં લાભ કરે છે, પરંતુ જેઓ તેમના વગર મરી જાત તેવાઓને બરાબ હાલતમાં જીવવા દેવામાં અને કેટલાંકને તો તેમની નબળાઇ લઈ ઉતરતાં, અને ત્રીજી પેઢીને તે નબળાઈ વારસામાં સોંપી જતાં બાળકો ઉત્પન્ન કરવામાં મદદ કરીને વૈદ્યશાસ્ત્ર પોતાનું સારૂં કામ રદ કરે છે.* **જયન્ત.**

---

* શરીર તો એક ઘર છે. જાતે શીયાળા ચોમાસાના સપાટા સહન ન કરતાં તેના ઝપાટા નીચે કરડડ, કરડડ થતું હોય અને વળી તેવા એકાદ સપાટામાં ગમે તેટલા ટાંકા ટેભા કરવા છતાં પણ પડી જઈ નીચે સુનારને દબાવી મારી નાખે, તેવા ઘરનું તો મૂળજ કાઢી નાખ્યું જોઇએ ! અને તે જ અલંકાર શરીરને પણ! નાકૌવત હાલ તે દુઃખ ભોગવે, વળી પોતાની પાછળ પ્રજા તેવીજ રોગીષ્ટ મુકી જાય, તેવી પ્રજા વળી એથી પણ નબળી પ્રજા ઉત્પન્ન કરી દુનિયામાં ઉત્તરોત્તર દુઃખની વૃદ્ધિ કરે તે કરતાં મૂળનો જ ઉચ્છેદ કરીએ તો પછી શાખાઓ કોને થશે ? કરડકણાં કુતરાં, તોફાની ઘોડા કે ઉંટને ગોળી બહાર કરી પટક લઈ પળમાં મારી નાખનાર બહાદૂર નરો આ જમાનામાં છે, તેમનો ટેકો લેજો, પણ આવાં નિરૂપયોગી અને વળી બીજાને નુકસાન કરનારનો તો બોડો જ કાઢજો. વેદ પ્રમાણ જેવું, આ, જુના પ્લેટોના પ્રમાણ સાથે બોલે છે, માટે નકામાં ખુણે સડતાં ડોસા ડોસીઓ વગર કામે, તમારા કામકાજપર ખુણે પડયે પડયે ટક ટક ટક કરનારાં, વળી વારેને ઘડીએ માંદાં સાજાં થઇને માથા કુટ અને દુઃખ આપતાં બધાંય વૃદ્ધો જેને ઘર હોય તેમણે હવે દુઃખમાંથી છુટવા વહેલો પ્રયત્ન કરવો; અને તે પ્રયત્ન જાતે કરશો તોજ બનશે ! કારણ ગ્રંથકાર દીલગીર છે કે કાયદો એવો બની શકે તેમ નથી, અગર સમસ્ત જનમંડળ પણ એક મોહોટી સભા ભરી એવો મત પ્રતિપાદન કરનાર નથી, ત્યારે દુઃખ શી રીતે ઘટે ?

આગળ ઉપર, સ્ત્રીઓને આ જમાનામાં, અમેરિકા અને બીજા કહેવાતા સુધરેલા દેશોમાં અપાતી સ્વતંત્રતાએ કેટલી હદ પાર જઈ કેવા દુઃખનો પાયો નાખ્યો છે, તે વિષે બોલવાનું આવશે, ત્યાં આવું જ જોઇશું કે મનુષ્ય સંબંધ, પ્રીતિ આદિક, ઘણેક અંશે સ્વાર્થની વાતો છે. સગવડનાં બધાં બંધન છે. પાલવતો ધંધો ન હોય તો વિરક્ત થઈ જવું. આ જ તત્વ, ઉપર પણ ઘણેક અંશે જોવામાં આવે છે. છતાં કદાચ આ વકીલો હીમાયત એવી કરશે કે અમે તેમનું દુઃખ જોઈ સહન કરી શકતા નથી, માટે મરણ વગર તો આખરે છુટકો નથી, ત્યારે જેટલો વેહેલો જાય તેટલો દુઃખમાંથી એ બિચારો જીવ છુટે! અતિશય દયા અને પરોપકાર બુદ્ધિ !!! **જયન્ત.**

વણજારાનો વૃત્તાન્ત.

(અંગ્રેજી ઉપરથી.)

દક્ષિણ નામે સામાન્ય રીતે ઓળખાતો હિંદુસ્તાનનો દ્વીપકલ્પ, સમણાજુ ત્રિકોણાકારનો આશરે ૮૦૦ માઈલની તળેટીનો એક પ્રદેશ છે. તેની ઉત્તર સીમાએ નર્મદા તથા મહાનદ આવી રહેલ છે. ચૌદમા સૈકામાં મુસલમાની ચઢાઈ પૂર્વે આ વિશાળ પ્રદેશમાં પાંચ જાતિના હિંદુઓ વસતા હતા, ને તે પ્રત્યેકના જુદા જુદા રાજાઓ હતા, પણ તેમની રીતિરીવાજ, પોશાક ને બોલીમાં બેશક ફરક હતો. તેઓ નીચે પ્રમાણે હતા. મુરહતના મુરહતો, તેલિંગના તૈલિંગો, કન્નુરના કાનુરો, ગુંડવાડાના ગૌંડો, અને તામુલના તામુલો.

વિશાળ નદીઓ, ઘાડાં જંગલો, કે મોટા પર્વતોએ આ જાતિઓના વિભાગ પડી ગયા હતા. પરંતુ તેમને એક બીજા સાથે વ્યાપાર નિમિત્તે સંબંધ થતો, તથા પરદેશી દુશ્મનોના હુમલા પાછા હઠાવવા સારૂ તેમના નાયકો પોતાનાં લશ્કરોને કેટલીક વાર એક સંપથી ભેગાં કરતા હતા.

મલબાર નામે ઓળખાતા તામુલના મુલકમાંથી મસાલા, મીઠું અને માછલાં કન્નુરમાં મોકલાતાં હતાં, ને તેને બદલે ત્યાંના પર્વતમાંથી સોનું, વણાટ કામ તથા પરચુરણ અનાજ પાછું મોકલાતું હતું, તેમ મુરહતની પાસેના મુલકમાંથી કાપડ, કપાસ તથા રેશમ ને તેલિંગમાંથી હીરા, છીંટ અને મસલીન વિગેરે માલ પણ કન્નુરમાં જતો હતો. પણ ગૌંડ લોકોનો, પહાડી અને જંગલના પ્રદેશમાં વસવાને લીધે તેમના પડોશીઓ સાથે બહુ જ થોડો સંસર્ગ હતો; ને હાલ પણ તેઓ કેટલેક દરજ્જે જંગલી અવસ્થા જ ભોગવે છે.

પરસ્પરનો સંબંધ મનુષ્યોની રીતભાતને કેળવવા તથા સુધારવાનું સાધન છે, સામાજીક સંબંધ વૃત્તિઓને શાન્ત કરે છે, તથા નૂતનતાની આકાંક્ષા નવીન ઉદ્દીપ્ત કરી તે સ્વભાવિક રીતે સુખસાહિત્ય ને વિદ્યાકલામાં વૃદ્ધિંગત સુધારો કરાવી આપે છે. એક દેશની બોંઘવારી બીજા દેશમાં જાય છે. તેથી ઘાડા સંબંધ બંધાય છે, ને સુલેહના સમયમાં વેપાર રોજગારનો વધારો થાય છે. હિંદવાસીઓ પોતાની સુખ સામગ્રી મેળવવા સારૂ વેપાર વિના પણ એક બીજા સાથે સંબંધ બાંધવા સ્વભાવથી જ આતુર હોય છે. અનિશ્ચિત વરસાદને લીધે કેટલીક વાર દુકાળ પડે છે, ને આવે સમયે તે દેશના લોકોને બીજા દેશમાં જતા રહેવું અથવા ત્યાંથી અનાજ મંગાવી લેવું એજ અવશિષ્ટ કર્તવ્ય રહે છે; ને ઘણું ખરૂં બીજો માર્ગ ગ્રહણ કરવામાં આવે છે.

શિષ્ટ નીતિનિયમો અથવા ઋતુની વહેમના પરિણામરૂપ આચાર તથા

ધર્મને લીધે હિંદુઓનો મોટો ભાગ પ્રાણી ભક્ષણ કરતો નથી બેતીની ઘણી થોડીજ પેદાશ લાંબા વખત સુધી રહી શકે છે, ને વરસાદ વિગેરેની અનુકૂલતા હોવાથી જ્યારે પાક પુષ્કલ હોયછે ત્યારે ભવિષ્યની અડચણો માટે થોડીજ કાલજી રાખવામાં આવે છે.

આવા સંજોગો વચ્ચે એક દેશથી બીજે દેશ ધાન્ય લઈ જવાનો ધંધો ઘણો બહોળો ને અગત્યનો છે, ને તે ઘણા લાંબા સમયથી આ વિષયના વિષયભૂત થયેલા લોકો ચલાવ્યાં જાય છે, તથાપિ પ્રસ્તુત કારણથી આ ક્રમ અગત્યનો છે ને ઘણેક પ્રસંગે માગણી ભારે થાય છે, તો પણ પાકની નિષ્ફલતા ઉપર તેનો ઘણો આધાર છે. તેથી ઘણા લોકોએ એ ધંધો આરંભવો એ જોખમ ભરેલું છે. દક્ષિણમાં વહાણ ચાલી શકે એવી એક પણ મોટી નદી નથી, તેમજ ગાડાં ચાલે એવા કોઈ રસ્તા નથી, તેથી આ સઘળો વિશાળ વેપાર પોઠ ઉપર લાદીને ચલાવવામાં આવે છે, ને તેજ આ વણજારા લોકોની મિલકત છે.

જે નામથી આ જાતિ ઓળખાય છે તે શબ્દનું વિવેચન બે રીતે થઇ શકે;" વન બાળનાર" અને "વનમાં વસનાર"* તેમના મુખ્ય ચાર ભાગ છે ને તેમના પણ બીજા ઘણા પેટા વિભાગો પડેલા છે. તેમની બોલીને રીત ભાત દક્ષિણની અન્ય પ્રજાઓ કરતાં વસ્તુતઃ એટલી બધી વિજાતીય છે, કે તેઓ પરદેશી તરીકે એકા એક ઓળખાઈ આવે છે. તો પણ તેમનો પોશાક દક્ષિણમાં ઘણે ઉત્તરે રહેનાર મરાઠા લોકોને મળતો છે. આ વાત ઉપરથી તેમની દંત કથાની સત્યતાની સાબિતિમાં એમ અનુમાન કરવું યોગ્ય ગણાશે કે તેઓ પ્રથમ એ દેશમાં આવીને વસ્યા હતા. પરંતુ તેમના આગમનનો નિશ્ચિત સમય અદ્યાપિ અંધકારમાં ઢંકાયલો રહે છે. પરંતુ ઉત્તર હિંદુસ્થાનમાંથી દક્ષિણમાં ઇસ્વીસનના ચૌદમા સૈકામાં મુસલમાનોના હુમલા વખતે તેઓ પ્રથમ આવ્યા હશે એમ સંભવિત છે. મરાઠાઓનો પોશાક સ્વીકારવા સાથે વણજારાની સ્ત્રીઓ પોતાને હાથે દાંતના સાદા અથવા રંગેલા ચુડા પહેરે છે ને તે હલકી ધાતુના પણ બનાવેલા હોય છે; ને પુરૂષો પોતાના પાયજામાના નાડાને છેડે ગુચ્છા બંધ ચિત્રવિચિત્ર રંગનાં પુમતાં રાખે છે. આ તેમના પોશાકની વિલક્ષણતા છે.

તેમણે પોતાના રિવાજ તદન નિરાળાજ રાખેલા છે, ને ભાષા એટલી બધી અવિકૃત છે કે અહુણાં બોલાતી મારવાડની ભાષાને ઘણેક અંશે મળતી છે એમ સાબિત થઈ શકે છે. તેમના રિવાજોમાં અવશ્ય લક્ષ આપવા યોગ્ય વાત એ છે કે તેમના નાના વા મોટા ગમે તેવડા ટોળામાં એકેક ભાટ હોય છે. તે તેમના પૂર્વજોનાં કૃત્યો કવિતા રૂપે ગાય છે, ને પ્રત્યેક ઉત્સવના પ્ર-

* **वाणिज्यकार**=વણજ કરનાર એ સંભવે છે. એડિટર.

સંગે તે મુખ્ય નાયક ગણાય છે. તે એક જાતની સિતાર વગાડે છે, તેના કેટલાક રાગ બહુ સુંદર હોય છે. મારવાડમાં હાલ પણ ભાટ સ્થળે સ્થળે જોવામાં આવે છે. ને આ બંને બિના વણજારાની ઐતિહાસિક આખ્યાયિકાની સાબિતિ છે. સેંકડો વર્ષો સુધી તેમના રિવાજ ને બોલી અસ્ખલિત રીતે કાયમ જ છે. એનું કોઇ પણ દેશના ઇતિહાસમાં સજાતીય દૃષ્ટાન્ત ક્વચિત જ ઉપલભ્ય છે, ને વિશેષે કરીને તેમનામાં કોઇપણ લિખિત સાધનો નથી; એ વાત લક્ષમાં લેતાં, આ જાણવા યોગ્ય ઐતિહાસિક દૃષ્ટાન્ત કિંચિત્ વિસ્મયકર ભાસે છે. કારણકે તેઓ નગરમાં કદી વસતા નથી, ને તેમના સંબંધમાં આવતા દેશીઓ સાથે ભેદભાવથી વર્ત્તે છે.

હિંદુસ્થાનમાં રજપૂતનામે ઓળખાતા લોકોની જાતિના આ દક્ષિણમાં રહેનાર વણજારા હોય છે. તે રજપૂતો અથવા ક્ષત્રિયોનો મુખ્ય ઉદ્યમ, યથાર્થ વંશપરંપરા સાચવવાની કાળજી રાખવામાં આવે છે. રજપૂત પોતાને માટે પોતાનું ખેતર જાતે ખેડી શકે પણ તે બીજાના આશ્રિત તરિકે નહિ. તે તો માત્ર શસ્ત્રધારી તરિકે જ ઉપરીની સેવા બજાવી શકે. આ વર્ણના હિંદુઓમાં વણજારા જાતિના લોકનો સમાવેશ થઇ શકે છે, ને દક્ષિણમાં તેમના મુખ્ય ચાર વિભાગ છે. ૧ રાઠોડ, ૨ ભરતીઆ, ૩ ચોહાણ, ૪ પંવાર.

આમાંની રાઠોડ જાતિની સંખ્યા બહુ મોટી છે. તેમની વંશાવલિ સાચવવા સારૂ તેઓ કેટલી કાળજી ધરાવે છે તેનો કંઈક ખ્યાલ, એક વંશાવલિનો કોઠો મળી આવ્યો છે તે ઉપરથી આવી શકશે. તેમાં તેના મૂલ સ્થાપક ભીઆથી હાલના નાયક રામચંદ્ર સુધીના વંશજોનાં નામ આપેલાં છે.

આ વિદેશવાસી રજપૂતો વિષે ઇતિહાસમાંથી આપણને કંઈ ખબર પડતી નથી. તે વખતે તેમના દેશમાં ખાસ ગણત્રીમાં ન ગણાય એટલી નાની સંખ્યા હોવાનું સંભવે છે; પણ તેમની દંતકથા પ્રમાણે રાઠોડ લોકો મારવાડમાં અજમેર પાસેના મુલકના જણાય છે; જે, રાઠોડ જાતના રજપૂતોનો મૂલ દેશ છે. રાઠોડ વણજારા નામના બધા લોકને ભીખા નામનો નાયક દક્ષિણમાં લઇ આવ્યો. તેમનાં નિકટ સંબંધથી જોડાયલાં સાત કુટુંબો હતાં. તે પ્રત્યેક કુટુંબના મુખ્ય પુરૂષનાં નામ આ પ્રમાણે હતાં. ૧ અલન, ૨ બલન, ૩ મોહન, ૪ મૂચલ, ૫ જાટસી, ૬ ધરમસી, ૭ ગોટી.

બીજાને કંઈ સંતતિ ન હોવાથી જોધપુરના રાજાના કુંવર ચંદ્રને પાટવી તરિકે દત્તક લીધો હતો.

ભરતીઆ નામે ઓળખાતી બીજી જાતિની ઉત્પત્તિ વિષે એક પ્રખ્યાત દંતકથા છે. યદ્યપિ તે હાસ્યાસ્પદ છે તો પણ ઉત્પત્તિ સૂચક હોવાથી અત્ર જણાવવી યોગ્ય લાગે છે. તો પણ ભરતીઆ નામે રજપુતો અદ્યાપિ બીકાનેરની પડોશમાં વસેછે, ને પ્રખ્યાત હિંદના ઇતિહાસકાર ફ્રેરિસ્તાએ તેનું વર્ણન કર્યું છે તેથી દક્ષિણના વણજારા લોકનેજ તે વાત લાગુ પાડવી કે નહિ એ સંશયાત્મક છે.

વણજારા લોકો દક્ષિણના ભરતીઆને માત્ર અર્ધી ગોઠ (કુટુંબ) માને છે, ને તેનું કારણ નીચે પ્રમાણે આપે છે. પંવાર લોકોએ પોતાના પ્રયાણમાં એક દીવસે કોઇક વડના ઝાડ નીચે બાળક (નર) પડેલું દીઠું. આ સ્થળ કોઈ પણ સ્થાનથી એટલું તો દૂર હતું કે તે બાળકને મારી નાંખવા સારૂજ કોઇએ અહિ નાંખ્યું હશે, એવા અનુમાન પર તે આવ્યા. પરંતુ તે યૂથમાંની એક ધાર્મિક સ્ત્રીએ તેને ઉચકી લીધું ને દત્તક તરિકે ઉછેર્યું. વડની નીચેથી તે જડી આવ્યાથી તેનું નામ "બડતીઆ" પાડ્યું. પંવારના ભેગો ઉછરી મોટો થવાથી તે બાળક તેમની રીતભાત ને બોલી શીખી ગયો. યૌવન પ્રાપ્ત થતાંજ એક સુંદર પંવારી સાથે પ્રેમાસક્ત થયો. પણ વણજારાની નાતમાં માંહોમાંહે લગ્ન થતાં ન હોવાથી તે બાળાએ તેની યાચના પ્રતિ લક્ષ આપવા ના પાડી. કેમકે ઉક્ત નિયમથી તેમનો સંયોગ અસંભવિત હતો. પ્રતિદિન તેમનો પરસ્પરનો સંબંધ પ્રેમોત્કર્ષમાં સાહાય્યભૂત નીવડ્યો અને શનૈઃ શનૈઃ વૃદ્ધિંગત પ્રેમાસક્તિ આગળ બુદ્ધિસ્થાપિત શાન્ત આદેશ નિષ્ફલ નીવડ્યા. તેમનો ગર્ભિત વ્યવહાર પ્રકટ થવાનો સમય આખરે આવી પહોંચ્યો. પછી એક બીજાના ભલા ખાતર તે સ્વલ્પ સંસાર (વણજર)નો ત્યાગ કરવા, ને જ્ઞાતિભ્રષ્ટ થવાનું ઉત્કટ પણ આવશ્યક દુઃખ વહોરવાને સંમત થયાં, ને એક રાત્રે પોતાના તંબુ બહાર નીકળી નાશી ગયાં. તેમના પલાયન થવાની વાત બીજે દિવસે સવારે પ્રસિદ્ધ થઈ. તેમની તપાસ થઈ, ને ઝલાયાં. એક પંચ નીમવામાં આવ્યું ને તેમના ઠરાવથી પંવારીને જ્ઞાતિ બહાર મુકવામાં આવી. પાછળથી તો તે જ્ઞાતિજનોએ આ દ્વંદ્વને તે યુવકના નામ ઉપરથી જ્ઞાતિબ્રિષ્કૃત "ભરતીઆ" જાતિના ઉપરી તરિકે સ્વીકારવા કબૂલ કર્યું. પણ આ વાત ઉપરથી તેઓ ફક્ત માતુલ પક્ષથી વણજારાના સંબંધનો હક ધારણ કરી શકે છે, તો પણ તેમનાં બાવન કુટુંબ થયાં છે તેમના પ્રત્યેકના જુદા જુદા મુખી હોય છે.

ત્રીજી જાતિ ચોહાણ નામે પ્રસિદ્ધ છે. તેનાં મુખ્ય છ કુટુંબોનાં નામ નીચે પ્રમાણેઃ–૧ કૂડા, ૨ પળતીઆ, ૩ લાવડીઆ, ૪ કરજુન, ૫ સુપત, ૬ મૂડ. આમાંથી ઘણીક પેટા શાખાઓ નીકળેલી છે.

પંવાર નામની ચોથી જાત બાર કુટુંબોમાંથી નીકળેલી છે. ૧ ગોરમા, ૨ અમગોટી, ૩ વકરોટી, ૪ ઇશિલવટ, ૫ જરભલ્લા, ૬ લોણશવટ, ૭ લોકવટ, ૮ લોંબવટ, ૯ બાણી, ૧૦ મોરી, ૧૧ અશેતી, ૧૨ ચરોતી.

આના પણ અનેક પેટાવિભાગ છે; પણ અત્ર તેનું વર્ણન નિરૂપયોગી છે.

ઇતિહાસમાં દક્ષિણના વણજારાનું પ્રથમ વર્ણન, બીજાપુર રાજ્યમાં મહમદ કાસિમ ફેરિસ્તાએ આશરે બસો વર્ષ ઉપર લખેલા "હિંદદેશમાં ઇસ્લામી ધર્મના ઉદયના પ્રસારનો ઇતિહાસ" નામના ગ્રંથમાંથી મળી આવે છે. દક્ષિણમાં મુસલમાન રાજાઓના વર્ણનમાં તે લખે છે કે ઈ. સ. ૧૪૧૭ ની સાલમાં ફિરોઝશાહ બ્રાહ્મણીના ભાઈ ખાનખનાએ એક વણઝારાનો મોટો કાફલો પકડયો હતો. તે વખતે પહેલા રાજાએ બળવો કરીને દક્ષિણની રાજધાની ગુલબર્ગની ગાદી પચાવી પડવાનું પ્રયત્ન કર્યું. ફેરિસ્તા તેમને "દક્ષિણમાં એક છેડેથી બીજે છેડે મુસાફરી કરનાર દાણાના વેપારીઓ" એવું નામ આપે છે. આ વખત સુધા આપણે તેમના વિષે તથા તેમની રીતભાત વિષે ખબર મેળવી શકીએ છીએ. પરંતુ બધા હિંદુ ઇતિહાસની પેઠે તેમનામાં પણ લખાણના અનસ્તિત્વને લીધે તેમની પોતાની કથાઓ એટલી ગુંચવણ ભરેલી છે કે તે ઉપર પુરતો વિશ્વાસ મુકી શકાય નહિ.

પંદરમા સૈકામાં પણ આ જાતિ દક્ષિણમાં જાણીતી હતી, એ વાત ઉપરથી એમ અનુમાન કરવું અયોગ્ય નહિ ગણાય કે ચૌદમા સૈકામાં દિલ્હીના નિર્દયરાજા મહમદ તઘલખના દક્ષિણમાં કેટલાક હુમલા વખતે મુસલમાની લશ્કરો સાથે આ ઉત્તર તરફના રજપુતોને લડવૈયા તરિકે તેમજ ધાન્યવાહી તરિકે કામે લગાડ્યા હશે. તેમજ દૌલતાબાદના તુરકી સુબાઓએ તેની હકુમતનો અનાદર કર્યો ત્યારે તે નર્મદાનદીની દક્ષિણમાં જ રહ્યા હશે. તોપણ તેમના આવવાના સંભવિત સમય વિષે લંબાણ ન કરતાં રાઠોડ જાતના વણજારાના પોતાના કહેલા વૃતાન્ત વિષે લખવું યોગ્ય ગણાશે.

હવે રાઠોડ વણજારાઓ એવી સ્થિતિએ આવી પહોંચ્યા કે સારંગ જેવા માણસને પણ ચોકસાઇને કાળજી રાખવાની જરૂર પડી. મૂળ કાનુનોમાં ફેરફાર કરવાની આવશ્યકતા તેને જણાઈ, જે અદ્યાપિ વર્તમાન છે, ને તેમના સ્વલ્પ સ્વરાજ્યના પાયારૂપ છે. તેને એમ પણ જણાયું કે મુખ્ય પુરૂષની પોતાની વર્તણુંકથી જ તાબાના માણસોની સેવા સાધી શકાય છે; ને સમગ્ર જાતિ, સામાન્ય પદાર્થસંચનું સ્વામિત્વ ધરાવતી હોવાથી, તેમાનો કોઈ પણ માણસ સ્વેચ્છાનુસાર પ્રદેશ પ્રયાણ કરીને પોતાની વિચક્ષણતાથી પ્રાપ્ત કરેલી પ્રબલ સત્તાને અસ્તવ્યસ્ત કરી શકે. તેને એમ પણ જણાયું કે ભોક્તા પુરૂષ વર્ગમાંથી અમુક સંખ્યા એક પુરૂષને માન્ય આપતી હોવી જોઇએ, ને "નાયક" નામ ધારી આ પુરૂષને તેના સમુદાય વા 'ટંડા'ના ભોક્તા પુરૂષોએ ચુંટી કાઢેલો હોવો જોઇએ; ને આવા "નાયકો"એ તે સર્વેના મુખ્ય પુરૂષ, જે ગાદી ઉપર વિરાજમાન હોય છે તેને માન આપવું જોઇએ. આ પદવી સ્વાભાવિક રીતે ભીખાના વંશજ સારંગભંગીને લેવી પડી. એને આવી

મળેલી કેટલીક ટુકડીઓના નામધારી મુખીઓ હતા. પણ હવેથી સર્વેની સંમતિથી એમ ઠરાવવામાં આવ્યું કે નાયકપણું નજીકના સગાને વંશપરંપરા મળી શકે, ને તે 'ટંડા'ના ભાગીદારોના મત વિશેષથી તેને બાતલ કરી શકાય. તે 'ટંડા'ની સંખ્યાનો આધાર અમુક સ્થલે કામના પ્રમાણમાં હોઈ શકે. આ લોકો આજ પણ વ્યક્તિપરત્વે ચાર પાંચથી બસેં પોઠના ભોક્તા હોય છે, ને આ 'ટંડા'માં ઘણીક વખત ભારે અગત્યના પ્રસંગે ત્રીસ હજાર પોઠ હોય છે. આ નાયક, તેને કામે લગાડનાર પુરૂષે અર્પણ કરેલી સઘળી વસ્તુઓને માત્ર પોતાના જ ઉપયોગમાં લઈ શકવાનો અપૂર્વ હક ધરાવે છે.

ઉઘાડા મેદાનમાં તંબુ સારૂ જોયતા લુગડા શિવાય ઘર જેવું કંઈ પણ ન હોઇને, ટોળાબંધ રહેવાથી બહુધા તરત જ નીપજતા સ્ત્રી પુરૂષના અસ્તવ્યસ્તમિશ્ર સંબંધનો અટકાવ કરવા સારૂ, વણજારામાં પોતાનાથી ઇતર જાતિની સ્ત્રીઓ પરણી લાવવાનો સારંગભંગીના સમયપૂર્વે ઘણા વખતથી ચાલ હતો. તોપણ હવેથી નવા કાયદામાં એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ રાઠોડ સ્વજાતિની સ્ત્રી સાથે સંબંધ રાખતાં ગુન્હેગાર નીવડયો તો તેને સ્વગોત્રગામી જાણવો; ને ગુન્હેગારને જ્ઞાતિ બહાર કાઢી મુકવાં. વણજારાના દરેક ટોળાએ આ રિવાજ સાચવી રાખ્યો છે, અને આ શિષ્ટસંપ્રદાય જ વણજારા સ્ત્રીઓના પ્રસિદ્ધ પાતિવ્રત્યનું બીજ છે.

(અપૂર્ણ.)

મનુષ્યના આચાર અને કર્તવ્ય.

૧ સુખ.

૧ આ મારૂં, આ પરાયું માણસ, એવી ભેદ બુદ્ધિ માત્ર ક્ષુદ્ર બુદ્ધિનાં મનુષ્યો રાખે છે. જેમના આચાર ઉદારતામાંથી જ થાય છે, તે આખા જગતને પોતાના કુટુંબ સમાન જાણી વર્તે છે.

૨ સ્વાર્થ બુદ્ધિથી–આપણા પોતાના જ સુખને માટે ચિંતા કરવાથી–જે સુખ મળી શકે તે સુખ બહુ તુચ્છ કહેવાય. આપણા વિચાર બહુ ઉદાર, અને આપણા જેટલી જ જગત્ માત્રના સુખ માટે ઉત્કટ ઇચ્છા રાખવાથી ઉત્તમોત્તમ સુખ પ્રાપ્ત કરી શકાય. આવું સુખ જો કે સાથે ઘણું કષ્ટ ઉત્પન્ન કરે છે, તો પણ, આપણું અંતર્ કબુલ કરે છે કે તે ઉત્કૃષ્ટ અને અતિ ઇષ્ટ છે. તેથી બીજી કોઈ પણ વસ્તુ કરતાં તેને બહુ આતુરતાથી પ્રાપ્ત કરવા તલપીએ છીએ, તે ઉપરથીજ તેને આપણે અન્ય દુઃખ કરતાં જુદું ઓળખી કાઢીએ છીએ.—જ્યોર્જ્‌ઇલિયટ.

૩ જે માણસ, પોતાના સુખનો નાશ થતો હોય તો પણ પારકાને સુખ

થવા ઇ છે, તે ઉત્તમ છે; જે પોતાનું અને પારકું બંને જાળવી જાણે તે મધ્યમ છે; જે પોતાનો સ્વાર્થ સાધવાથી પારકું નુકસાન થતું હોય તોપણ, પોતાનું સુખ સાધી લે છે, તે કનિષ્ટ છે. એથી પણ અધમવૃત્તિનાં મનુષ્યો પોતાનું સુખ કે સ્વાર્થ કંઈ પણ સધાતાં ન હોય છતાં, પરનું અનિષ્ટ કરવા જ તત્પર રહે છે. તેઓ મહાત્મા ભોજાદિકની ઇર્ષ્યા કરી, તેમની સમાન પદવી ધારણ કરવા પ્રયત્ન કરે છે, અને તે તેમને મળે છે પણ ખરી, માત્ર 'દ'ને બદલે 'સ' તેમની પદવીમાં આવે છે, તેથી તેઓ 'પરદુઃખભંજન'ને બદલે 'પરસુખભંજન' કહેવાય છે.

૪. સુખરૂપ સૂર્યનું કિરણ હજારો હૃદયોમાં થઇને પસાર થઈ જવા છતાં, પોતાનું મૂળ તેજ રજ પણ તેમાંથી ઓછું થતું નથી; એટલું જ નહિ, પણ જ્યારે સહૃદય અંતઃકરણપર તેનું પ્રતિબિંબ પડે છે ત્યારે, દર્પણ ઉપર જેમ સૂર્યનું તેજ પડી પાછું પરાવર્તન પામતાં વિશેષ ઉજ્વલ પ્રકાશ આપે છે, તેમ એને પણ વિશેષ પ્રકાશ મળે છે. સુખમાં ભાગ લેનાર મળે તોજ સુખ પૂર્ણ થાય છે.—જેન પોર્ટર.

૫. બીજાઓને સુખી કરવાની શક્તિ પ્રાપ્ત કરવામાં સઉથી વિશેષ સુખ રહેલું છે.—લુઈ સોળમો.

૬. જો સુખને તું ઓળખતો હોઉં, તો તારા પડોસીને તેનું ઓળખાણ કરાવી આપજે.—ઇ. ગ્રુક્સ.

૭. આપણી સત્તામાં જે વસ્તુ રહેલી છે, તેને ભોગવી જાણવામાં જ સુખ રહેલું છે—એટલે કે, જે સત્તા આપણને કે બીજાને કંઈ પણ નુકસાન કરતી નથી પણ ઉલટી લાભકારક નીવડે તે. મારા પડોસીને હેલો હરકત થયા સિવાય જો હું સુખ પ્રાપ્ત કરી શકું તો હું તેવી શક્તિને એક સદ્‌ગુણ માનું છું; પણ જાતે સુખ અનુભવાય અને સાથે સાથેજ મારાં ભાઇભાંડુ કે કોઈ પણ પરાયાને સુખનો અનુભવ આપી શકાય, તો તે અતિ ઉત્કૃષ્ટ પ્રતિનું સુખ છે.

જ્યોર્જ ફ્રેડરિક.

૮. ચંચળ લાગણી વાળાં માણસો સુખની લાલસા રાખતાં હોય તો સુખની જમાવટ સારૂ એક ચીજ કંઇક અંશે અગત્યની છે, એમ તેમણે સમજવું જોઇએ—તે એ છે કે, મનુષ્ય જાતની મૂર્ખતા તરફ કંઇક માનવૃત્તિ.

એકેન્જી.

૯. જીવનપ્રકારમાં—વ્યવહારમાં—સુખને ઉત્તમ રીતે અને નિશ્ચય પૂર્વક અથાવનાર વસ્તુઓમાં, પ્રથમે અંતઃકરણની શુદ્ધતા છે, તે પછી તુરતજ મનની સ્વતંત્રતા, એટલે કે, બીજાઓના મતને અને તેમની રૂઢિઓને ગુલામની પેઠે તાબે થઈ મોટાં કરી માનવાથી સ્વતંત્રતા, એ છે.—હુકર.

૧૦. સુખ અને ડાહાપણમાં ભેદ એટલો જ છે કે—જે માણસ પોતાને અતિ સુખી માને છે, તે ખરેખર તેવો છે જ; પણ જે પોતાને અતિ ડાહ્યો માને છે તે મૂર્ખનો સરદાર જ છે.—કોલ્ટન.

૧૧. મનોમન સાક્ષિરૂપ, પ્રત્યક્ષ ભાસતી સમાનતાના ભાનમાં સુખ રહેલું છે. એક ગામડીઆને ફ્રિલસુફના સંગમાં સુખ મળવાનો સંભવ જ નથી. તેઓ બંને સરખી રીતે સંતુષ્ટ થઈ શકે, પરંતુ સરખા સુખી ન હોય. નાનો અને મોટો પ્યાલો બંને પૂરા ભરેલા હોય, પણ નાના કરતાં મોટામાં માય વધારે.—ડા. જોન્સન.

૧૨. શારીરિક સુખ તંદુરસ્તીમાં રહેલું છે, તેમ માનસિક સુખ જ્ઞાનમાં રહેલું છે.

૧૩. જ્ઞાન અને સદ્‌ગુણ વધારે પ્રાપ્ત કરવાં, તે સુખવૃદ્ધિ કરવા સમાન છે.

૧૪. જેની સ્થિતિ પોતાની પ્રકૃતિને અનુકુળ હોય, તે સુખી છે, પણ જેની પ્રકૃતિ ગમે તે સ્થિતિને અનુકુળ થઈ શકે તે વધારે ઉત્તમ છે. ગ્રુમ.

૧૫. સુખ વહી જાય છે, અને ભાગ્યેજ કંઈ પણ નિશાની પાછળ મુકી જાય છે. જ્યારે અનંત-અમર-એવું કંઈ પણ પ્રાપ્ત થતું નથી, તો બેશક કશું પણ સુખ કહી શકાય નહિ. દુઃખ પણ વહી જાય છે—અને તે મોટો દિલાસો છે—પણ પાછળ ઉંડાં નિશાન મુકી જાય છે; આને જો આપણે સુધારી—લાભદાયક બનાવી—શકીએ તો તે નિશાન અતિ સુખકારક નીવડે છે, અને ચારિત્રને શુદ્ધ કરી સુધારી શકે છે; તેથી ઘણીવાર ઉત્કૃષ્ટ સુખનું ઉત્પાદક કારણ થઈ પડે છે. વળી આપણા જીવનમાં ખાસ લક્ષમાં એ રાખવાનું છે કે સુખ કે દુઃખને વિષે આપણે બહુ ચિંતાગ્રસ્ત નથી રહેતા, પરંતુ આપણો ધર્મ બજાવવામાં કંઈ પણ શ્રમ તથા પ્રયત્ન બાકી રાખીએ નહિ, તો સુખ જાતે જ આવે છે, એટલું નહિ, પણ કષ્ટ, ચિંતા અને દરીદ્રાવસ્થામાંથી પણ સુખ પ્રાપ્ત થાય છે. આવી સ્થિતિ ખાસ કરી સ્ત્રીઓને વિષે વિશેષ જોવામાં આવી છે.—જે સ્ત્રીઓનાં લગ્ન સુખદાયક નથી, પરંતુ જેમને તેમના નસીબે જે સ્થિતિ પ્રાપ્ત થઈ છે તે તજવા કરતાં મૃત્યુ વશ થવું વધારે રૂચે છે. (તે સ્ત્રીઓ સંતોષ વૃત્તિને લીધે દુઃખમાંથી છુટે છે, અને ખરેખરૂં સુખ તો પ્રાપ્ત ન કરે, પરંતુ ચિંતાદિક દુઃખોમાંથી છુટયા જેટલું સુખ સારી રીતે પ્રાપ્ત કરી શકે છે.)—હંબોલ્ટ.

૨ જીવનનો હેતુ.

૧. દરેક મનુષ્યે જન્મીને કંઇક ધારણા રાખવી જોઇએ—બાયસ.

૨. જે જે ઇચ્છાઓ કરે તેમાં વિવેકને સાથે સાથે રાખીને ચાલજે.

૩. મનુષ્યને જેની જરૂર છે, તે બુદ્ધિ નહિ, પણ જીવવું તે શા સારૂ તે જ્ઞાનની ખોટ છે; વળી કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની શક્તિની ખોટ નથી, પણ તેને માટે મહેનત કરવાની ઇચ્છાની ખોટ છે.—**લિટન.**

૪. જે માણસ નકામી જીંદગી ગાળે છે, તે નિરર્થક જીવે છે એટલું જ નથી, પણ એથી પણ વધારે ખરાબ કરે છે, કંઈ પણ હેતુ વગરનું જીવવું તેવું જીવવું કોઇકે ખરાબ પ્રવૃત્તિ માટેજ થઈ પડે છે.—**નેવિન્સ.**

૫. પ્રમાણિકપણે, ઉદ્યોગી, અને સદ્‌ગુણી જીવન ગાળવાનો આપણને લોભ થવો જોઇએ.—**સીલ્લી.**

૬. જેઓ ઉત્તમ પદવી પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવતા હોય, તેમણે પોતાનું વર્તન શક્તિ, હિંમત અને અચળ દૃઢતા યુક્ત એકજ સ્વરૂપે રાખવું જોઇએ. આવું વર્તન અનુપમ વિજય પ્રાપ્ત કરશે; તે સિવાયનું અતિ શોચનીય નિરાશા દેખાડશે.

૭. કેટલાક યુવાનોમાં હૃદયારની એવી નમ્રતા હોય છે કે તેથી પોતે એમ ધારે છે કે 'હું કોઈ મોટાં કાર્યો કરવાને લાયક નથી.' આ એક જાતની નબળાઈજ છે, તેથી તેવાં હૃદય કોઈ મહત્ કાર્ય કરવા પ્રયાસ કરતાં અચકી જાય છે. પરંતુ કેટલાંક મનુષ્યોમાં એવાં ઉચ્ચી પ્રતિનાં બુદ્ધિ અને સદ્‌ગુણ રહેલાં છે, કે તેથી તેઓને એમજ પ્રતીતિ થાય છે કે આપણને અગમ્ય કે અશકય કંઈ નથી.—**લેમ્બર્ટ.**

૮. યાદ રાખજો કે,—કોઈ પણ મનુષ્યનું ભાગ્ય ગમે તેવું ગરીબ કે ટુંકું હોય, પરંતુ તેનું ભરેલું એક પણ સત્ય પગલું, એક પણ સત્કાર્ય, આ પૃથ્વી પરથી ભુસાતું નથી. રસ્તે ચાલતા અસંખ્ય લોકોમાંતેનું પગલું સ્પષ્ટ દેખાતું નહિ હોય, પરંતુ રસ્તાને વધારે પહોળા કરવામાં પોતાનો ભાગ પોતે બજાવ્યાંજ જાય છે. ઘણાઓ જે રસ્તે ચાલ્યા નથી એવા પ્રદેશો તરફ અનેકને દોરી જવાનો લાભ જેઓને નસીબે લખ્યો હોય, તેઓ ખરા સુખી છે. વળી લોક ભય બતાવે, પાછળ આવવા ના પાડે અને સામા થાય તેમ છતાં પણ જ્યાં વિવેક અને સત્યનાં રાજ્ય હોય તે તરફ વધવાનો ઉજ્વળ પ્રસંગ પામે તો તેઓ ખરા સુખી છે! મનુષ્યને ઘટે તેવી તેની સેવા બજાવવી તે ઠીક છે, પરંતુ તેઓને પસંદ ન હોય, એવા અપ્રિય અને જેથી કંઈ પ્રાપ્તિ ન થઈ હોય, તેવાં કાર્યોમાં પણ તેમની સેવા બજાવવી એમાં મોટાઈ છે. આપણા પહેલાં થઈ ગયેલા મહંતો અને પરમાત્મશક્તિવાળા એમજ કરી ગયા છે. તેમનો બદલો પણ મોટો જ છે. મનુષ્ય જાતને વધારે સ્વતંત્રતા અને વિચાર શક્તિ આપ્યાં, અને મનુષ્યની આશા અને દૃષ્ટિ દીર્ઘ કરી, તેવા મહાત્માઓ સાથે પોતાના નામની ગણત્રી થાય એથી વિશેષ શું

જોઇએ? એમ કરતાં કરતાં જગત્‌ને જો એક તસુ—અરે એક દોરાપુર પણ આપણે આગળ ચલાવીએ, તો ઐહિક કોઈ પણું વિજયથી જે માનઅકરામ અને દોલતનો લાભ થાય, તે સર્વ કરતાં દોરાપુર ચલનની કીંમત વિશેષ છે. અને આવી સત્તા પ્રાપ્ત કરવાની શક્તિ આપણા કોઇથી ઘણે દૂર નથી. સ્વાર્થી લોભ કે અતિ પ્રબલ ધારણાથી પણ અગમ્ય છતાં, આ, જેઓ પોતાની સત્તા અને શુદ્ધવર્તનથી કેવાં મહત્ કાર્યો થઈ શકે છે એમ જોઈ શકે છે, તે સઘળાઓને ગમ્ય છે. દેખીતું ગમે તેવું મોટું કે સુખી કોઇનું નસીબ લાગે તો પણ પોતે જે સ્થિતિમાં હોય તેમાંજ રહીને જે માણસ પોતાના ઉચ્ચાશય પ્રમાણે પોતાનું જીવન ચલાવવાનો અને વૃત્તિ રાખવાનો ગુપ્તમંત્ર જાણે છે, તેને પેલાના સારા નસીબની અદેખાઈ કરવાની જરૂર નથી. ગુરૂત્વાકર્ષણનો સર્વ વ્યાપી નિયમ જગત્‌ગતિ કરે છે. ત્યાં જેવો લાગુ છે, તેવોજ એક લખોટી ગરબડે ત્યાં પણ લાગુ છે; માટે સત્યને આધીન રહી વર્તનાર ન્યાય અને પ્રેમથી દોરાઈ વહેનાર દરેક જીવનક્રમ મહાન કાલક્રમમાં પડેછે અને પોતાનાં અતિ રમણીય સ્વપ્નાંની ધારણાથી પણ ઉચ્ચ પરિણામો આખરે પ્રાપ્ત કરવા પહોંચે છે.—**કોન્વે.**

૯. એવા હેતુ કયા હોવા જોઇએ કે જે વળી આપણા કર્તવ્ય તરીકે બજાવવાના છે?—૧ આપણી જાતને પૂર્ણતાએ પોહોંચાડવી અને ૨ અન્યને સુખી કરવાં તે.—**કેન્ટ.**

૧૦. મહત્વાકાંક્ષા, એ અદ્‌ભૂત ચરિત્રવાન પુરૂષોનો જ લોભ છે. જેને એ આકાંક્ષા હોય છે, તે કાંતો ઘણાં અદ્‌ભૂત કે ઘણાં દુષ્ટ કાર્યો કરી શકે. તેમને દોરનાર ધોરણપર સઘળો આધાર છે.—**નેપોલિયન.**

શક્તિ માત્રના સદુપયોગ દુરૂપયોગ બંને થઈ શકે. મહત્વાકાંક્ષી પુરૂષો પુરૂષાર્થવાન છે. તેમની શક્તિનો મહત્વાકાંક્ષા પ્રાપ્ત કરવા સુમાર્ગે કે કુમાર્ગે ઉપયોગ થાય, તે પ્રમાણે તેમનાથી સારાં કે દુષ્ટ કાર્યો થાય.

૧૧. કાર્ય તો તમારે કરવું જ જોઇએ. અતિ તીવ્ર પ્રકૃતિનાં મનુષ્યોને ઉદ્યોગ વગરનું ચિંતન અતિશય ભય ભરેલું છે. દૂરનાં અને કાલ્પનિક પૂર્ણતાના વિચારનાં સ્વપ્નાંમાં આપણી જીંદગી વહી જવા દેવાની નથી. અપૂર્ણ અને અસત્ દુનિયામાં આપણું પુરૂષાર્થ વાપરવાની જરૂર છે. અને જેટલા ચિંતનથી આપણી પ્રકૃતિ ઉદાર થાય તેટલુંજ પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરવાનું ચિંતન કરવાનું છે. અને પૂર્ણતાએ પોહોંચવાનાં નિષ્ફળપ્રાય દેખાતાં બાદીયાંથી કંટાળી નિરાશ થવાય એટલું બધું ચિંતવન કરવાનું નથી.

૧૨. આપણા પ્રયત્નના પ્રમાણમાં આપણો વિજય છે. તેથી જો કંઈ પણ પ્રાપ્ત કરવા જેટલી ઉચ્ચાભિલાશા હશે નહિ, તો કંઈ પણ પ્રાપ્ત નહિ થશે. કોઇને એમ ન કહેવા દો કે—'હું કરી શકું તેવું કંઈ નથી.'

૧૩. જગત્‌માં કંઇક જેવા થવા પ્રયત્ન કરો તો તમે પણ કંઇક થઈ પડશો.

ઉચ્ચાશય રાખો, તો તે પામશો. વિજય અને કીર્ત્તિના મહાન ગુપ્ત મંત્ર જ એ છે. 'હું કંઈ કરી શકું રોમ નથી' આણે કદી કશું કાર્ય સિદ્ધ કર્યું જ નથી. 'હું પ્રયત્ન કરીશ' આણે અદ્‌ભૂત ચમત્કારો દેખાડ્યા છે.—હૉવેજ.

૧૪. જે મોટું છે, મહાપદની પ્રાપ્તિ કરાવે તેવું અને અમર છે, તે તો દુરાગ્રહથી પણ મેળવવું જોઇએ. તેને માટે ધૈર્યથી ઉદ્યોગ સતત અંત, અને અથાગ ઉત્સાહ વાપરવા જોઇએ. સુવા જતાં બરણ્ડવું પણ ઉઠીને તો કામે મંડી પડવું. આતો લાંબી શરત છે, કંઈ આનંદની લેહેરનું ફરવા જવું નથી; તેનો બદલો એક પાંદડું કે નિર્માલ્ય કથીર નથી, પણ કલગી કે રાજ્ય પ્રાપ્તિ છે. જોનારાઓ આપણા મિત્રો નહિ, પણ શત્રુઓ છે, અને વિજય એવો છે કે જેમાં લાખો મનુષ્યો માત્ર નબળાઇને લીધે તેમ બરે-બરા જુસ્સા કે હિંમતની ખોટને લીધે પરાભવ પામ્યા છે. જયન્ત.

રા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવનો શોકજનક પરલોકવાસ.

તા. ૨૯ મી જુન ૧૮૯૬

અમે ઘણી દીલગીરી સાથે રા. રા. હરિલાલના પરલોકવાસની નોંધ લઇએ છીએ. એ ગૃહસ્થ ઈ. સ. ૧૮૫૬ ના મે માસની તારીખ ૧૦ મીએ દેહગામ પાસે બહીયલમાં જન્મ્યા હતા. તેમના પિતા મર્હુમ રાવસાહેબ હર્ષદરાય હતા. રા. રા. હરિલાલે શ્રમ લઈ હોંસથી વિદ્યાભ્યાસ કર્યો, અને ૧૮૭૭ માં બી. એ, અને ૧૮૮૦માં એલ્. એલ્. બી. થયા. તેમને જુના શોધનો બહુ શોખ હતો. અને તેથી તેમણે ઇતિહાસના સંબંધમાં તથા ભાષાજ્ઞાનના સંબંધમાં ઘણું કર્યું છે. તે લોકોપયોગી કામમાં ઘણો શ્રમ લેતા. અને દેશનું કલ્યાણ કરવા પ્રયત્ન કરતા. તેથીજ બીજા વિદ્વાનોના મરણ કરતાં તેમના પરલોક-વાસથી એમને ઓળખનાર સર્વ વધારે દીલગીર છે. તે પ્રથમ કેળ-વણી ખાતામાં નોકર રહ્યા, અને થોડી મુદત પછી વકીલાતનો ધંધો કરવા માંડ્યો. પછી તેમને ગાયકવાડીમાં ઈન્સાફી ખાતામાં નોકરી મળતાં તે રાજ્ય સાથે જોડાયા, અને તે રાજની નોકરી આશરે બે માસ ઉપર કંઈ કારણસર છોડવી પડી, એટલે ફરીથી સુરતમાં વકી-લાતનો ધંધો કરવો શરૂ કર્યો. તેઓ વિદ્વાન હતા તેની સાથે મળતા-વડા સ્વભાવના હોવાથી અને દેશની દાઝ જાણનાર હોવાથી એ બહુ લોકપ્રિય હતા. ગુજરાતી ભાષાના લેખકોમાં તે બહુ આગળ પડતા હતા. અને તેમના પરલોક વાસથી ગુજરાતી ભાષાને ધોકો લાગ્યો છે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. સપ્ટેમ્બર સને ૧૮૯૬. અંક ૯ મો.

॥ મીઠાની મોઘવારી વિષે. ॥

દોહરો.

લૂણ પાણીને પવન તે, વણ મૂલે વપરાય;
એવી ઇચ્છા ઈશ્વરી, જોતાં જુઓ જણાય. ૧

ભુજંગી છંદ.

કૃપાળુ પ્રભુએ જુઓ શું કર્યું છે, મીંઠું ખારૂં પૃથ્વી વિષે પાથર્યું છે;
હશે ઈશ્વરી કેવી ઇચ્છા વિચારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૨

હવા પાણીને લૂણ માથે જકાત, હતી એવી કયાંઈ નહિ જાણી વાત;
દયાળુ સુણો દાદ આ તો અમારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૩

મીંઠું ખૂબ મોઘું થયું એહ ટાણે, દરિદ્રી દુખી આંખમાં આંસુ આણે;
મીંઠું ભીખતાં કયાંથી પામે ભીખારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૪

મીંઠાથી મળે બાજરી સારી સોંઘી, મીંઠા જેવી વસ્તુ થઈ આજ મોઘી;
કહું રીત એતો મહા કષ્ટકારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૫

પીંડા પામી પોકાર પ્રાણી કરેછે, વિના લૂણ પંડે પીંડાઈ મરે છે;
અરે એહના પ્રાણને લો ઉગારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૬

વિના દ્રવ્યથી લૂણ લેવા ન દેવું, નથી રૂચતું ઈશને કાંઈ એવું;
જુઓ અંતરે વાત આતો ઉતારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૭

પકાવો મીંઠું તે ભલે ભાઇ વેચો, પ્રભુએ દીધું તેહ લેતાં ન ખેંચો;
અરે એહ ભાસે મને પાપ ભારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૮

મીંઠું જેટલું એક શ્રીમંત ખાય, નહિ તેથી ઝાઝું ગરીબે ખવાય;
નહિ આપવું બેયને તુલ્ય ધારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૯

* નદીનાથ=સમુદ્ર.

વસેછે જનો જે *નદીનાથ તીરે, મૌંહું તો ય લેવા ન પામે લગીરે;
ખરી થાય તેથી જનોની ખુવારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૧૦

અદેખા જનો વિશ્વમાં જેહ છેય, ન ખાઈ શકે તો ય ખાવા ન દેય;
સદા ઘુળમાં તે ધરે ચીજ સારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૧૧

દીધું ઈશ્વરે તે મૌંહું વ્યર્થ જાશે, કહો તે થકી લાભ શો શ્રેષ્ઠ થાશે;
વદું શું ઘણાં વાક્ય હું વારૅં વારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૧૨

જુઓ ઈશ્વરે મોતૉ મોઘાં કર્યાં છે, ધરા ઉપરે અન્ન સસ્તાં ધર્યાં છે.
કરેછે કૃપા દીનને વિશ્વકારી, મીંઠાની મટાડો મહા મોઘવારી. ૧૩

દોહરો.

ઈશ્વર ઇચ્છા જોઇને, કરવાં સર્વે કામ;
એથી ઉલટું જે કરે, દુષ્કૃત દલપતરામ. ૧૪

સ્વાર્થપરતા.

સ્વાર્થપરતા એ અતિ નિંદાની વાત છે. સ્વાર્થી લોકો બીજાનું ઇષ્ટ અનિષ્ટ થતું હોય તે તરફ લક્ષ નહિ રાખતાં કેવળ પોતાના ઉદરપોષણને માટે જ તત્પર રહેછે, અને તેથી તેઓ લોકોની નિંદાને પાત્ર થાયછે. જે માણસ સ્વાર્થનો અને પરાર્થનો વિષય સમભાવે વિચારીને સ્વાર્થનું રક્ષણ કરે, તેને સ્વાર્થી કહી શકાય નહિ. માણસ સ્વાર્થ સાધવા માટે જે કાર્ય કરે તે સ્વાર્થ કહેવાય નહિ. જે માણસ સ્વાર્થને માટે બીજાનું અનિષ્ટ કરે, અથવા બીજાની સાથે અન્યાયનું આચરણ આચરે, તેને સ્વાર્થી કહી શકાય.

સાધુ લોકો પરાર્થનો નાશ કરીને કદી પણ અન્યાય રીતે સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરતા નથી. તેઓ જાણેછે કે પોતાના ઉદરપોષણને માટે બીજાનું અનિષ્ટ કરવાથી ઘોર પાપમાં પડાયછે. સ્વાર્થપરતા વડે ઠગાઈ, દગો, પક્ષપાત, વિશ્વાસઘાત વગેરે અનેક પ્રકારનાં પાપની ઉત્પત્તિ થાયછે, માટે સ્વાર્થપરતાનો ત્યાગ કરવો એ દૃઢી વાત છે.

સ્વાર્થી માણસ કદી પણ સુખી થઈ શકે નહિ. તેના સ્વાર્થીપણાની વાત ઉઘાડી થાય તો કોઈ પણ તેનો વિશ્વાસ કરે નહિ. એટલું જ નહિ પણ તેની સોબતમાં રહેવા ચાહના રાખે નહિ. જગતમાં સ્વાર્થી માણસનું કોઈ સગું નથી. ધિક્કારને પાત્ર થઈશું એવા ભયથી સાધુ પુરૂષો તેની સાથે મિત્રતા કરવાનું સાહસ કરતા નથી.

સ્વાર્થપર જ્ઞાની લોકો પણ છૂટથી વિચાર કરી શકતા નથી. ઘાડી મેઘમાળા સૂર્યનાં કિરણોને જેમ ઢાંકી દેછે, તેમ સ્વાર્થપરતા જ્ઞાની લોકના જ્ઞાનને ઢાંકી દેછે. તે સ્વાર્થથી છેતરાઇને ઘણાં જ ધિક્કારવા લાયક અને ખરાબ પરિણામવાળાં મહાપાપને પણ આશ્રય આપેછે. એવાં પાપથી જેઓનું ચરિત્ર કલંકિત થાયછે, તેમના કાનમાં સદુપદેશ પેશી પણ શકતો નથી. સદુપદેશનું ઉલ્લંઘન કરવાથી પરિણામે સ્વાર્થી લોકોનો સમૂળો નાશ થયેલો જોવામાં આવેછે.

સ્વાર્થી દુર્યોધને યુધિષ્ઠિરને ન્યાયના માર્ગથી ભ્રષ્ટ કરવા માટે કેટલો દગો, કેટલી નિષ્ઠુરતા, કેટલો વિશ્વાસઘાત કર્યો? તથાપિ નિઃસ્વાર્થ યુધિષ્ઠિર જ જય પામ્યા. સ્વાર્થી દુર્યોધન અને તેનું આખું કુટુંબ નિર્મૂળ થયું. સ્વાર્થીપણાને લીધે જ દુર્યોધનની પડતી થઈ છે, એમ અનેકનું માનવું છે એટલું જ નહિ, પણ તેનું પોતાનું માનવું પણ એમ જ છે. પરંતુ દુર્મતિ દુર્યોધન સ્વાર્થમાં ગાંડો બન્યો હતો. નઠારા મંત્રીની નઠારી સલાહથી પાપના માર્ગમાં તે અગ્રેસર થયો હતો.

દોહરા.

ભીષ્મપિતાઉપદેશનો, શબ્દ સુણે નહિ કાન;
ગાંધારીના વચનનું, રોજ કરે અપમાન. ૧.

સદા સ્વજન હિત વચનની, પડે કર્ણમાં વાત;
એકે નવ ઉરમાં વસી તેથી પામ્યો માત. ૨.

દ્રોણગુરૂ સમજાવતા, કૃપાચાર્ય વિધ વિધ;
વિદ્વર વિગતેથી કહે, ભૃગુ રામ ગુણનિધ. ૩.

ગુરુજનનાં વચનો તણો, કર્યો અતિ ઉપહાસ;
એવો જન બચતાં નકી, દુનિયા પામે ત્રાસ. ૪.

પાંડવ આવ્યા માગવા, વસવા માટે ગામ;
કૃષ્ણે સમજાવ્યો ઘણો, પણ માન્યું નહિ નામ. ૫.

દુર્મતિ રજ સમજ્યો નહિ, સ્વાર્થદૃષ્ટિ મતિમંદ;
ઉગરે કયા ઉપાયથી, પડ્યો સ્વાર્થને ફંદ. ૬.

દુર્યોધનની સ્વાર્થપરતાનું કેવું ભયાનક પરિણામ નીપજ્યું છે!

ધૃતરાષ્ટ્ર પણ સ્વાર્થમાં અંધ હતો, પુત્રની સ્વાર્થસિદ્ધિના માર્ગમાં પાછળથી કોઈ પણ જાતનો અંતરાય નડશે, એવા ભયથી તે કોઈ વખતે ન્યાયનો વિચાર કરવાનું સાહસ કરતો નહિ. અન્યાયનાં આચરણ આચરીને પણ જો પુત્રો મોટાઇનો લાભ મેળવતા તો તેથી તેનું મન પ્રફુલ્લિત થતું.

એ પ્રપુલ્લતાનું ફળ સો પુત્રોનો શોક! સો પુત્રના વિનાશથી ઉપજેલા શોકને લીધે ધૃતરાષ્ટ્ર વિલાપ કરવા લાગ્યો, ત્યારે સંજયે તેને કહ્યું, "તમે પોતે જાણીબૂઝીને જે અધર્મ કર્યો છે, તેનું આ ફળ છે. તેને માટે શોક કરવો ઉચિત નથી. સાંભળો.

ગીતિ.

કૌરવ સાથે પાસે રમતાં પાંડવ સમસ્ત ધન હાર્યા,
પાંચાળી પણ હાર્યા, તે વેળા તેં સ્વપુત્ર નવ વાર્યા. ૧

જાણી બૂઝી કીધું, મહા પાપ તે છેવટ સંતાપે,
શોક હવે શો કરવો, ભોગવવાં કર્મ જે કર્યાં આપે. ૨

વસ્ત્રે બાંધી લાવે અગ્નિ તે શું વસ્ત્ર નહિ બાળે,
કુકર્મ સર્વ કરેલાં શું નહિ વૈભવ માત્ર જરૂર ટાળે. ૩

નિજ કર્મોના ગુણથી, મળે શુભાશુભ ફળો સુણો રાજા,
કોને દોષ ન દેવો એથી બીજા દોષ થશે તાજા. ૪

જેઓ મહા પાપમાં પડીને નિંદાયા હોય, અને એવી રીતે નિંદાને પાત્ર થયેલાનો વંશ સમૂળો નિર્મૂળ થયો હોય, તેનાં પાપ જેમ તમારા ચરિત્રને સ્પર્શ ન કરે, તેમ કરવાને વિશેષ સાવધ રહેવું. ન્યાયની રીતે સધાતા સ્વાર્થનો ત્યાગ કરવાનું કહેતો નથી, પરંતુ અન્યાય અને ઠગાઈથી સધાતા સ્વાર્થથી બીજાનું અનિષ્ટ, થતું હોય તેનો સર્વથા ત્યાગ કરવો.

एकाग्रता.

કોઈ પણ વખતે કોઈ પણ કામમાં જોડાતાં એકાગ્રતાથી જોડાવું ઉચિત છે. એકાગ્રતા સિવાય કોઈ પણ કામને માટે કરેલો પ્રયાસ સફળ થવાનો સંભવ નથી. અભ્યાસ કરતી વખતે મન બીજી તરફ હોય, તો પાઠ કરવાનો વિષય સારી રીતે તૈયાર કરી શકાતો નથી,—અથવા તો તે સ્મરણમાં રહેતો નથી. જે માણસ બીજા વિષયો તરફ લક્ષ નહિ રાખતાં ચિત્તમાં ધારેલું કોઈ પણ કાર્ય હાથમાં લેશે, તે માણસ તે કાર્યમાં નિશ્ચય સફળતા મેળવશે.

એકાગ્રતા ન હોવાથી કાર્યમાં ભૂલ થવાનો સંભવ રહેછે. એક કાર્ય કરતાં કરતાં બીજું કાર્ય કરવું, એક વાત કરતાં બીજી વાત કરવી એ અતિ નિંદ્ય છે. ઉદાસીનતાથી કાર્ય કરેછે., તેઓ નિંદાને પાત્ર થાય છે.

એકાગ્રતા હોય તો માણસ ઘણી જ સારી રીતે કાર્ય કરીને સારો લાભ મેળવવા સમર્થ થાય છે. અધર જીવે વિચારતાં જે વિષય ત્રણ દિવસ સુધી પણ સમજવામાં ન આવે, તે વિષયની અંદર પેસી જઈને ધ્યાન પૂર્વક વિચારવામાં આવે, તો ઘણા જ ટુંકા વખતમાં તે સમજી શકાય. એકાગ્રતાના ગુણવડે આપણા મનની પ્રત્યેક વૃત્તિ બળવાન થાય છે. બુદ્ધિ એ મનની એક વૃત્તિ છે. બુદ્ધિશક્તિવડે આપણે કોઈ પણ વિષય મનમાં રાખી શકીએ છીએ. ધારો કે બુદ્ધિશક્તિ બહુ પ્રબલ નથી, ટુંકા વખતમાં કોઈ પણ વાત મગજમાં ઉતરતી નથી, પણ જો એકાગ્રતા હોય, તો બુદ્ધિશક્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે. એકાગ્રતાને ઠેકાણે ઉદાસીનતા હોય તો બુદ્ધિશક્તિ ધીમે ધીમે ઓછી જ થતી જશે.

એકાગ્રતા ન હોય તો જગદીશ્વરની ઉપાસના થઈ શકતી નથી. ઉદાસીન ભાવથી અનંતકાળ સુધી જગદીશ્વરની આરાધના કરવા છતાં તે પ્રસન્ન થશે નહિ; તેની આરાધના કરતી વખતે મન અને પ્રાણ તેને સમર્પણ કરવાં જોઇએ; ઉપાસના વખતે મનમાં અન્ય વિચાર રાખવા એ ચાલશે નહિ. મહાત્મા ધ્રુવ પાંચ વર્ષના બાળક હતા પણ એકાગ્રતાના ગુણવડે જગદીશ્વરના અનુગ્રહનું પાત્ર થયા

તમે જાણો છો કે સેંકડો રાજાઓ હારીને નીચે મ્હોએ ચાલ્યા ગયા, અને અર્જુને નિશાન વીંધીને દ્રૌપદી મેળવી. અર્જુન જ્યારે જે કામ હાથમાં લેતો, ત્યારે તેમાં તેની એકાગ્રતા થતી. તે વિષયમાં કદી પણ તેના મનમાં ઉદાસીનતા ઉત્પન્ન થઈ ન હતી. એનામાં એકાગ્રતાનો ગુણ હતો તેથી જ તે નિશાન વીંધી શકયો હતો. એકાગ્રતા ન હોવાને લીધે દુર્યોધનાદિ બીજા રાજાઓ તે કાર્ય કરી શકયા ન હતા.

ગુરૂ દ્રોણાચાર્ય કુરૂ બાળકોને અસ્ત્રવિદ્યા શીખવતા હતા. રાજકુમારો એ વિદ્યા શીખી રહ્યા, ત્યારે ગુરૂ વિદ્યાની કુશળતાની પરીક્ષા લેવા તૈયાર થયા. પ્રથમ તેમણે એક કારીગર પાસે લાકડાનું એક પક્ષી તૈયાર કરાવ્યું, અને તે પક્ષી એક વૃક્ષની ઉપલી ડાળે મૂકયું. પછી યુધિષ્ઠિરને પાસે બોલાવીને કહ્યું, "તારે આ વૃક્ષ ઉપર મૂકેલા પક્ષીનું મસ્તક છેદવાનું છે. મારો હુકમ થતાં જ તે કામ કરી શકાય તેને માટે તૈયાર થા."

યુધિષ્ઠિર બાણ ચડાવી તૈયાર થઈ ઉભા, એટલે દ્રોણાચાર્ય બોલ્યા. "વત્સ, તું શું શું જુએ છે?" યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો કે હું આપને જોઉં છું, મારા ભાઇઓને જોઉં છું, બીજા રાજપુત્રોને જોઉં છું, અને વૃક્ષ ઉપરના પક્ષીને જોઉં છું."

યુધિષ્ઠિરનો આવો ઉત્તર સાંભળી દ્રોણાચાર્ય બોલ્યા—"તું પક્ષીનું મસ્તક વેધી શકીશ નહિ,—ચાલ, બસી જા."

દ્રોણાચાર્યે એકે એકે દુર્યોધન વગેરેને એ જ રીતે પૂછ્યું; ત્યારે સઘળાએ યુધિષ્ઠિરની પેઠે જ ઉત્તર આપ્યો. છેવટે આચાર્યે અર્જુનને બોલાવીને કહ્યું,–"વત્સ, તારે પક્ષીનું મસ્તક છેદવું જોઇએ. જ્યારે હું કહું ત્યારે બાણ ફેંકવું, હવે તૈયાર થઈ જા."

અર્જુન બાણ ચઢાવીને તૈયાર થઈ ઉભો, એટલે તેને દ્રોણાચાર્યે પૂછ્યું "વત્સ, શું શું જુએ છે?" અર્જુને ઉત્તર આપ્યો. "પક્ષી જોઉંછું." દ્રોણાચાર્યે બીજીવાર પૂછ્યું,–મને, તારા ભાઇઓને કે અન્ય રાજકુમારોને શું તું જોઈ શકે છે?" અર્જુને કહ્યું,–"ના, એક પક્ષીના મસ્તક સિવાય બીજું કંઈ પણ જોઈ શકતો નથી–" ત્યારે આચાર્યે અર્જુનને પક્ષીના મસ્તકના બે વિભાગ કરવાનો હુકમ કર્યો. અર્જુને હુકમ થતાં જ લાકડાના પક્ષીનું મસ્તક ઉડાવી જમીન ઉપર પાડ્યું.

જુઓ કે, યુધિષ્ઠિર વગેરે સઘળાઓ પક્ષીનું મસ્તક છેદવાને આતુર હતા, પરંતુ તેમના મનની એકાગ્રતા ન હોવાથી ગુરૂએ તેમને એ કામ કરવાને લાયક ગણ્યા નહિ. અર્જુને તે દિવસે જે એકાગ્રતાના ગુણવડે તે પક્ષીનું મસ્તક છેદ્યું, તે જ ગુણવડે કેટલાક દિવસ પછી નિશાન વીંધ્યું. આ ઉપરથી ધ્યાનમાં રાખવું કે, એકાગ્રતા એ જગત્‌માં કાર્યસાધનનો મુખ્ય ઉપાય છે. જ્યારે જે કાર્ય કરવું, ત્યારે તે કાર્યમાં એકાગ્રતા રાખવી. યુધિષ્ઠિરાદિ પક્ષીનું મસ્તક વીંધતાં પાંચ દિશા તરફ ધ્યાન રાખતા હતા, પણ અર્જુને તૈયાર થઈને સ્થિર ધ્યાન રાખ્યું હતું; એકાગ્રતાના ગુણવડે અર્જુને કાર્યમાં સફલતા મેળવી, અને ઉદાસીનતાને દોષે યુધિષ્ઠિરાદિ એ જ કાર્યમાં નિષ્ફળ થયા.

વણજારાનો વૃત્તાન્ત.

(સાંધણ પૃષ્ઠ ૨૫૧ થી.)

આખી જાતિ અથવા ટંડાના મુખીની સત્તાનો અયોગ્ય ઉપયોગ થવાથી નીપજતા વૈરનો અટકાવ કરવા સારૂ એમ ઠરાવવામાં આવ્યું કે દંડ અથવા બહિષ્કાર સુધીની શિક્ષા કરવી; કોઈ પણ વણજારાને ન્યાયાધીશને હાથે મોતની સજા થઈ શકે નહિ, કેમકે તેમ થવાથી તેની સત્તા ઘણી વધી પડે, ને તેની પદવી રક્ષકપિતાને બદલે ભક્ષકભોક્તાની થાય; અને ટંડાના ભાગીદારોના પંચ આગળ કામ ચાલ્યા વિના કોઇને પણ શિક્ષા થાય નહિ, જેમાંના દરેક અથવા બધા સામે વાંધો લેવાની તેને છુટ છે, ને તે બંધવાની ઇચ્છા હોય તો આખા પંચની પણ સત્તા ન માનવા સુધી આ છુટનો ઉપયોગ કરી શકે; પણ તેમ કરવાથી તેની પાસેથી વણજારા તરિકેના સઘળા હક છીનવી લેવામાં આવેછે, ને જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે. તેનો વિધિ:–કાફલો તે બંધવાને છાવણી બહાર લઈ જઇને તેના માથામાં ચારવાર જોડો માર્યા પછી કાઢી મૂકેછે. વણજારાની જાતિમાં પણ તેનો પુનઃ પ્રવેશ થતો અટકાવવા સારૂ એક એવો નિયમ છે કે વણજારાનો કોઈ એકાકી માણસ અથવા નાની ટુકડી પ્રસિદ્ધ સ્થાપિત ટંડામાં સ્વીકારવામાં આવે નહિ. પ્રસંગપરત્વે સમુદાયને છુટા પડવું પડે તો એ અવસર વીત્યાબાદ તે માણસોએ પોતાના નાયક પાસે ફરી ભેગા થવું અથવા સ્વતંત્ર રહી નવી ટુકડી બાંધવી.

જો કોઈ બે વણજારા વચ્ચે જોખમ ભરેલો વિગ્રહ થઈ આવે તો મારામારી અથવા કેટલીકવાર શસ્ત્ર ખેંચવાનો વખત આવતો અટકાવવા સારૂ જાતિના પ્રત્યેક માણસને રીત પ્રમાણે કાયદેસર સમજુત થવા માટે તેમની વચમાં પડવાની ફરજ છે. જો તરવારો ખેંચાઈ હોય ને વાત ગંભીર જણાય તો વચ્ચે પડનાર માણસ પોતાની પાઘડી ઉતારી નાંખી એક છેડો હાથમાં રાખી તે બેજણ વચ્ચે લાંબી પાથરી દેછે. આથી કરીને કાયદાની રીત તથા તે પાળવાની જરૂરનું ભાન તેમને થઈ આવેછે; ને તે માણસ વચ્ચે પડ્યા પછી પણ તે કલહ જારી રાખવાના ગુન્હાને માટે પંચથી શિક્ષા થઈ શકે છે.

આ લોકોમાં જે એકત્રતા હોયછે તેથી, ને ધર્મવત્ પવિત્ર મનાતા તેમના રીતિરિવાજોને સર્વાંશે પાળવાના આગ્રહથી ચોરી આદિ તુચ્છ દોષ વારંવાર પ્રતીત થતા નથી. પરંતુ ગમે તે પ્રકારના દોષને માટે નીચે પ્રમાણે પંચથી દંડની શિક્ષા કરવામાં આવેછે.

૧ હલકા ગુન્હા માટે પાંચ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવેછે ને તે ગાદીના માલિકને આપવો પડેછે.

૨ ગાદી આગળ મૂકવા ઉપરાંત રાઠોડના સાતે કુટુંબને નામે એકેક રૂપિયો મળી એકંદર બાર રૂપિયા આપવા એ બીજી પંક્તિનો દંડ છે.

૩ ગાદી આગળ પાંચ રૂપિયા ઉપરાંત રાઠોડાના સાત રૂપિયા તથા ચોહાણના છ રૂપિયા ને પંવારના બાર રૂપિયા મળી એકંદર ત્રીસ રૂપિયા એ ભારેમાં ભારે દંડ છે.

દંડ એકઠો કર્યા પછી ગાદી ખાતે એક રૂપિયો રાખીને બાકીની રકમ ભાંગ, દારૂ અથવા તેવા જ માદક પદાર્થો સારૂ વાપરવામાં આવેછે. વાદી તથા પ્રતિવાદી જોડે બેસેછે, ભાંગનો ભુકો બંનેના જમણા હાથમાં અપાયછે, ને હમેશ માટે તેમનો કલહ શાન્ત થયાની નિશાની તરિકે તે ભુકાને ફુંક મારી ઉરાડી દેવામાં આવેછે. બાકીના લોકો ટોળે મળી મદ્યપાન કરેછે,

ને આ વખતે તેમના ભાટ લોકો તાત્કાલિક વા પૂર્વરચિત નામાંકિત પૂર્વજોનાં કૃત્યની કવિતાઓ સિતાર સાથે ગાયછે.

પોતાના વારસોના હાથમાં મોતની સજા ન આપવાનું આ માનનીય પુરૂષે યોગ્ય ગણ્યું હતું, તોપણ એવો નિયમ ઘડયો કે ખુનની બાબતમાં મરનારનાં સગાંસંબંધીઓએ મોત થયા પછી ત્રણ દિવસની અંદર ખુનીને મારી નાંખવો. પણ તે વખત વીત્યાબાદ જો વેર વાળવામાં આવે તો મૂળ ખુનીને મારનાર પક્ષને જ તેનાં સગાંસંબંધીઓ એવી જ શિક્ષા કરી શકે. આ સરલ નિયમથી ખુની ભાગ્યે જ મોતથી બચતો; તોપણ આવા જ દીર્ઘસૂત્રી વિગ્રહથી એકાદ પક્ષનો બહિષ્કાર પણ ઘણીક વખત કરવામાં આવતો હતો.

સારંગ ભંગીએ પોતાના પ્રતિપક્ષી ભગવાન ભરતીઆના કરતાં મોટી સંખ્યાવાળો કાફલો ભેગો કરવાથી ઉપરના નિયમો ઘડયા હતા એ આપણે જાણી ગયા. પરંતુ તેણે સત્વર પ્રાપ્ત કરેલી સત્તા, ઔરંગજેબની રહેમ નજર તથા પોતે વહોરી લીધેલી ક્ષુદ્રતાથી ભગવાનના મનમાં એટલી બધી ઈર્ષ્યા ભરાઈ ગઈ કે પોતાના પ્રતિપક્ષીને મારી નાખવાનો તેણે ઠરાવ કર્યો. મુરહતના એક રાજાએ સારંગને પ્રપંચપૂર્વક ગોદાવરીના દક્ષિણ તટ ઉપર મિજબાની માટે બોલાવ્યો, ત્યાં તે માત્ર પાંચ માણસો સાથે ગયો. રસ્તામાં સંતાઈને તેના પ્રતિપક્ષીએ તેને પકડયો, ને ફક્ત ભગવાનના ભાઈ સુંદરને તીર ફેંકી મારી નાંખવા અવકાશ મળ્યો, એટલામાં તેના ઉપર ત્રણસેં ભરતીઆ તુટી પડયા, અને અનુયાયીઓ સાથે જ તે મરાયો. રાઠોડ છાવણીમાં સારંગ પડયાના સમાચાર પહોચ્યા તે જ ક્ષણે મરનારના ભાઈ જોધા તથા પુત્ર ઠાકોરે બીરના જમીદાર ભગાજી પેદાજીની કુમક મેળવીને ભરતીઆની છાવણી ઉપર હુમલો કર્યો, બધાં ઢોર કબજ કર્યાં, માણસોને મારી નાખ્યા અથવા ભજાંગ કર્યા, અને ઘણી સ્ત્રીઓને કેદ કરી લઈ ગયા. આ સંપત્તિ પ્રાપ્ત થવાથી રાઠોડો અધિક સત્તાવાન થયા, અને અવશિષ્ટ ભરતીઆઓને એકત્ર સંઘટ્ટ થવાને સૂક્ષ્મ ઉપાયો શોધવા પડયા; ને થોડાંક વર્ષ પછી રાઠોડોની એક ટુકડીને હલ્લો કરી હરાવી.

ઔરંગજેબના વખત પછી લશ્કરો માટે ધાન્યવહન કરવામાં તેમનો ઉપયોગ થવાનું કંઈ પણ વર્ણન નથી; પરંતુ નાસિરજંગે નારાયણ ભંગીને તા. ૧૭ નવેંબર સન ૧૭૪૯ ને રોજ વિના ઉપદ્રવે પોતાના લશ્કરને ધાન્ય પહોચાડવાનો પરવાનો આપ્યો, ને તે વખત પછીથી તેમને દક્ષિણના સુબેદારો તરફથી લશ્કરને અનાજ પહોચાડવા વારંવાર હુકમો મળતા. મરહુમ નિઝામ-ઉલ મુલ્કના વખતમાં રાઠોડોનો મોટો કાફલો ગોદાવરીની નજીક હૈદ્રાબાદની ઇશાન બાજુએ ભદ્રાચેલમની પડોશમાં પડાવ નાખી રહ્યો હતો, તેવામાં ભરતી-

આની એક ટુકડીએ હુમલો કર્યો. ભારે યુદ્ધ મચ્યું તેમાં રાઠોડોને ઘણું વેઠવું પડયું, પણ સુભાગ્યે એક સ્ત્રીને કેદી કરી શકયા. થોડા માસ પછી કૃષ્ણા નદીને કાંઠે આવેલા રામગુરમ પાસે તેમનો ફરી ભેટો થયો, ને રાઠોડોની પૂરી હાર થઈ. સંખ્યાબંધ પ્રાણીઓ ને માણસો કપાયાં ને ઘવાયાં, ને વધારામાં ઔરંગજેબે સારંગ ભંગીને બક્ષીસ કરેલો વાવટો તથા સનંદ પણ શત્રુને હાથ ગયાં. આ પ્રતિષ્ઠિત વિજયચિન્હ હાલમાં ભરતીઆના મુખીના તાબામાં છે, તે તેમ જ રાઠોડોનો મુખી હૈદ્રાબાદમાં રહે છે, ને બંને પક્ષ વચ્ચે લેવડદેવડનો ધંધો ચાલુ છે.

રામગુરમની લડાઈએ તેમનો છેવટનો કલહ હતો. તેઓ તેનો ચોકસ સમય કહી શકતા નથી, તોપણ તે દક્ષિણમાં મોસ્ય બુસીની સત્તાના સમયમાં થયાનું જણાવેછે. તે વખતના વિગ્રહોની નામાંકિત તવારિખમાં ઓર્મ વણજારાને લંબારા અથવા લંબાડી નામથી ઓળખેછે, ને જણાવેછે કે તા. ૫ જુલાઇથી ૧૫ ઑગસ્ટ ૧૭૫૬ સુધી નિઝામના લશ્કર સામે હૈદ્રાબાદ આગળ ચાર મહાલની જગ્યોનો બચાવ કરવામાં બુસીને તેઓ ઘણા ઉપયોગી થઈ પડયા હતા. તે ગ્રંથકાર લખેછે કે "ધાન્યસંગ્રહ કરવા ઉપરાંત ચાર મહાલમાં લશ્કરને કસાઈ કામ માટે ઢોર, તથા ઘોડા, બળદ, હાથી તથા ઊંટ માટે ચારો પૂરો પાડવાને દક્ષિણમાં ખાસ જાણીતા લંબાડી નામના લોકોની ટુકડીઓએ માથે લીધું હતું. તે લોકો પોતાનાં ઢોર સાથે આખા દેશમાં એક સ્થળેથી બીજે સ્થળે ફરેછે, ને રણક્ષેત્રમાં લશ્કરોને સરંજામ પૂરો પાડવાને ઇજારા લેછે. લશ્કરોને અન્નચારો પૂરો પાડવાનો ધંધો પ્રખ્યાત છે, ને ઔરંગજેબના વખત સુધી પણ તેમના ગુજરાનના મુખ્ય સાધન તરિકે મનાયાનો પત્તો મેળવી શકાયછે. પણ વ્યાપારવસ્તુવાહકનો જ કે વ્યાપારીનો ધંધો તેઓ કરતા તે ચોકસ કહી શકાતું નથી; તેમ જ વ્યાપાર સારૂ નાણાવટીઓ અથવા સરકાર તેમને નાણાં ધીરતા હશે કે નહિ તે પણ કહી શકાતું નથી. બ્રિટિશ સરકારે તેમનો પહેલવહેલો ઉપયોગ સન ૧૭૯૧-૯૨ માં ટિપુ સુલતાન સાથેના પહેલા વિગ્રહમાં કર્યો હતો. તે વખતે હિંદુસ્તાનના ગવર્નરજનરલ માર્કિવસ કૉર્નવૉલિસ સાહેબની સરદારી નીચેના મદ્રાસના બ્રિટિશ લશ્કર સાથે હૈદ્રાબાદ અને પુનાનાં લશ્કરો આવ્યાં હતાં, ને તે વખતે બ્રિટિશ લશ્કરની નિર્ભય સલામતીનું મુખ્ય કારણ, પરશુરામભાઉના ઉપરીપણા નીચેના મરાઠા લશ્કર સાથે આવેલા વણજારાઓએ અણીને વખતે ખોરાક પૂરો પાડયો તે જ હતું. હૈદ્રાબાદમાં બ્રિટિશ એલચી સર જૉન કેન્નાવે તરફથી ભીમા નાયક ભંગીને અગાઉથી રોકડનાણું તથા પરવાનો આપવામાં આવ્યાં હતાં ને તે જ વખતે તેના ભાઈ સોમાને ખુદ લૉર્ડ કૉર્નવૉલિસના હાથનો પરવાનો મળ્યો હતો.

વણજારાઓને બ્રિટિશ સરકાર તરફથી મળેલો આ પહેલો જ દસ્તાવેજ છે. ઉપર જણાવ્યું છે કે બ્રિટિશ સેનાપતિએ એ વખતે તેમને નાણાની મોટી રકમ ધીરી હતી. આવો બનાવ પૂર્વે કદી પણ બન્યો ન હતો. પરંતુ આ પ્રમાણે નાણાં ધીરવાને તથા સોંપેલું કામ બરાબર બજાવવાને શી જામિનગિરી તે અમલદારે લીધી હશે તે કહી શકાતું નથી. તે ઘણું કરીને વિશ્વાસમૂલક કરાર હતો, પણ પરસ્પર એટલો બધો સ્વાર્થ મિશ્ર હતો કે બંને પક્ષને અન્યોન્ય વિશ્વાસ હતો.

આ કરારનું રહસ્ય એ હતું કે વણજારાઓને અનાજ ખરીદ કરવા સુગમ પડે તે સારૂ તેમને નાણાની અમુક રકમ ધીરવામાં આવે. તે તેમને અનુકૂલ પડતા ગમે તે સ્થલેથી ખરીદ કરી સરકારી છાવણીમાં આણી આપે. છાવણીમાં પ્રવેશ થયા પછી ખરીદ કરેલા માલનો હિસાબ આપે. ને ત્યાર બાદ લશ્કર જ્યાં જ્યાં કૂચ કરે ત્યાં ત્યાં અનાજ લઇ જવાને અને સેનાપતિની પરવાનગી મેળવ્યાવિના કોઇપણ થેલો ન ફાડવાને, તથા તે ધાન્ય સરેરાશ બજાર ભાવથી વેચવાને કરારપત્ર મેળવેછે. આ ઉપરથી એમ જણાયછે કે વણજારાનો હેતુ અનાજ મોંઘું હોય ત્યારે સંગ્રહ કરી આપી વેચવું અને સસ્તું હોય ત્યારે અને તેટલા લાંબા વખત સુધી સંભાળી રાખવું એ છે. તેમજ સેનાપતિનો પણ હેતુ એ જ પ્રકારનો છે, કે મોઘવારી વખતે અવિલંબે અનાજ મગાવી લેવું તથા આબાદીના વખતમાં હદ ઉપરાંત ભરી ન રાખતાં જરૂર પડતો માલ તૈયાર રાખવો. સન ૧૭૯૧માં નાણાની ધીરધારથી વણજારાઓમાં હિસાબી કારકુનો રાખવાની જરૂર પડી. તેમ જ લડાઇના વખતમાં સરકાર તરફથી તેમના કાફલા સાથે તે કામ સારૂ દેશી અધિકારી રાખવામાં આવે છે. પણ તે લોકમાં પોઠની અમુક સંખ્યાનો માલિક એક દોરડા ઉપર ગાંઠો વાળીને જ પોતાનો હિસાબ સંભાળી રાખેછે.

સન ૧૭૯૨માં સિરંગાપટ્ટમ આગળ થએલી સુલેહથી મદદગાર લશ્કરો વિખરાઇ ગયાં, અને વણજારા કૃષ્ણા નદીની ઉત્તરે પોતપોતાને ઠેકાણે પાછા ફર્યા. તેમ છતાં સન ૧૭૯૮માં મહિસુરના અસંતુષ્ટ અને લોભી રાજાની સત્તાનો અંત આણવા સારૂ નિઝામ અને બ્રિટિશ સરકારે એકસંપ કર્યો. અને વણજારાઓને ફરીથી બોલાવવામાં આવ્યા. હૈદ્રાબાદમાં તેમના મુખીને બ્રિટિશ રેસિડન્ટે રૂ. ૧૫૦૦૦૦ ધીર્યા, અને ઘાટ આગળ ૧૨૫૦૦૦ પોઠ જેટલું અનાજ ભરાઇ ચૂકયું. તે સર જોન માલ્કમની સરદારી નીચે નિઝામના લશ્કર સાથે મોકલવામાં આવ્યું. લેફ્ટેનન્ટ જનરલ હેરિસના લશ્કરે મહિસુર તરફ આગળ કૂચ કરી, પણ સિરંગાપટ્ટમ આગળ પહોંચતા પહેલાં તો ખોરાક ખુટવાથી ઘણું દુઃખ વેઠવું પડયું. એટલામાં ઘાટ આગળ ૧૫૦૦૦૦ પોઠ જેટલું ધાન્ય લઇને ભીમા નાયક હાજર થયાની ખબર તેમને કાને પડી.

પણ તેમને એકલા આગળ વધવા દેવા તે જોખમ ભરેલું હોવાથી આ અમૂલ્ય માલનું રક્ષણ કરવાને આખા ઘોડેસ્વાર લશ્કર સાથે મેજર જનરલ ફ્રેલાઇડને મોકલ્યો. પ્રખ્યાત કમરૂદ્દીનખાનના હાથ નીચે શત્રુનું સૈન્ય તેમની બાજુ ઉપર ભમ્યા કરતું હતું. પણ ઘાટ આગળ ભીમાનાયકને પહોંચતા અટકાવવાની હિમત ધરી શકયું નહિ. તે જ વખતે સિરંગાપટ્ટમને ઘેરો ઘાલતું લશ્કર ઘણી પીડા ભોગવતું હતું, ને ચોખા બે રૂપિયે શેરના ભાવે વેચાતા હતા. પણ બ્રિટિશ લશ્કરના અથાગ શ્રમથી સઘળી અડચણો દૂર થઇ; અને તા. ૪થી મે સન ૧૭૯૯ને દિવસે તે રાજધાનીની પાયમાલી અને ટિપુ સાહેબનું મોત નીપજ્યું. ત્યાંના ધાન્યભંડાર એટલા બધા ભરપૂર હતા કે ચોખાનો સરેરાશ ભાવ દર રૂપિયે પોણો મણ થઇ ગયો.

સિરંગાપટ્ટમ લેવાયા પછી કેટલાક દિવસ સુધી ભીમા નાયકવાળું ધાન્ય આવી પહોંચ્યું નહિ, તેથી કરાર પ્રમાણે તો તેમને ઘણું નુકસાન થાત; પણ પાછળથી મરાઠા સાથેના વિગ્રહમાં આ ઉપયોગી લોકોની મદદ લેવામાં આવી. રૂપિયાના પાંચ શેરના ભાવે બધું અનાજ ખરીદ કરી લીધું. ધીરેલી મૂળ રકમ વણજારાઓએ પાછી આપી દીધી ને તેમની મહેનતખર્ચ અને જોખમના બદલામાં પૂરતાં નાણાં મળ્યાં. તેમના નાયકોને માનપાનમાં પોશાક અને તરવારો બક્ષીસ આપી, અને મુખ્ય ઉપરી ભીમા ભંગીને હાથી એનાયત કરવામાં આવ્યો. આ વખતે તેમણે ઉદારતા દર્શાવી પણ થોડો વખત વીતતાં ક્રૂરતા બતાવવાનો પણ પ્રસંગ આવ્યો. (અપૂર્ણ)

મનુષ્યના આચાર અને કર્ત્તવ્ય.

૩

આત્મપરીક્ષા.

૧ પોતાને જાણી લેવા જેવી બીજી કોઈ મુશ્કેલ વસ્તુ આ જગતમાં નથી.—થેલ્સ.

૨ એક જ્ઞાન એવું છે કે તે સંપાદન કરવાની દરેક માણસને ફરજ છે અને તેથી લાભ છે.-તે એ કે આત્મપરીક્ષા.—કોલરીજ.

૩ દરેક માણસે પોતાની બુદ્ધિનું માપ કાઢી જોઈ જાતે વિચાર કરી શોધી કાઢવું કે કેવા ધંધામાં લાગવું પોતાને ઠીક પડશે.—એમર્સન.

૪ પોતે જ પોતાની જાતના મિત્ર કે શત્રુ થઇએ છીએ.—ગીતા.

૫ બીજું બધું અજ્ઞાન સારૂં પણ પોતાના પંડ વિષે અજ્ઞાન અતિશય શોચનીય છે.—**જડસન.**

૬ દુનિયામાં કેવો વેશ આપણે ભજવવાનો છે તે માત્ર પોતાના વિષે ના જ્ઞાનથી આપણને ખબર પડેછે.—**મેસન.**

૭ દુનિયામાં સુખી માણસ કોણ?—પોતાની ઇચ્છાઓ અને શક્તિ વચ્ચે રહેલો સમુદ્ર કેવડો છે તે જલદી જાણી શકનાર.—**ગીટી.**

૮ તમારી આવડ ગણી કાઢો, તમે શાને માટે નાલાયક છો તે શોધી કાઢો અને તેની ઇચ્છા કરવી છોડી દો.—**રોબર્ટસન.**

૯ તમારે કોનાથી વધારે સાવચેત રહેવું એ શોધી કાઢવું હોય તો હાથમાં દર્પણ લઈ જોશો એટલે તેનો ચેહેરો બહુ સ્પષ્ટ રીતે તમને ઓળખાઈ જશે.—**વ્હેટલી.**

૧૦ મારી જાતને મારા પોતાના સિવાય બીજું કોઈ નુકસાન કરી શકે તેમ નથી. જે નુકસાન બમણું છું તે હું સાથે જ લઇને ફરૂંછું, અને મારી પોતાની જ ભૂલથી મારે બરૂં જોતાં બમણું પડેછે. બીજાથી નહિ.—**સેંટબર્નીર્ડ.**

૧૧ જો પૂર્ણતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તમારી ભૂલો માટે અને ફરજોમાં પડતી ચૂકો માટે બહારનાં કારણ શોધવા જતા નહિ. અરે! જે આકસ્મિક ચૂકો ગણાય તેનાં કારણ પણ પોતાનામાં જ માનવાં.—**મેડમ સ્વેચ્ચાઈન.**

૧૧ જે માણસ પોતાને સ્વતંત્ર ધારેછે, એના જેવો પરતંત્ર બીજો કોઈ નથી.—**ગીટી.**

૧૩ આપણે પોતે આટલું કરી શકીશું એમ આપણને લાગેછે તે પ્રમાણે આપણે આપણી કીંમત બાંધીએછીએ. પણ બીજાં તો આપણે શું કર્યું છે તે જોઇને આપણી કીંમત કરે છે.—**લૉંગફેલો.**

૧૪ તમારો વર્તણુકને વાજબી ઠરાવવાનો પ્રયત્ન ન કરતાં તેને કસી જોવાની ટેવ રાખો.

૧૫ તમારો કટ્ટો શત્રુ તમારા તરફ જેવી નજર રાખે તેવી નજરે તમે તમારી જાતને જોતા રહો, તો તમે તમારા ઉત્તમ મિત્ર થઈ પડશો.

જેરીમી ટેલર.

૧૬ દરેકમાણસ પોતાને તપાસે તો પોતાની કેટલાએક વિચારમાં કંઈ કંઈ પણ ભૂલ દેખશે જ.

૧૭ જ્યારે એકલા હોઇએ ત્યારે આપણા વિચારપર પક્કી ચોકી રાખવાની છે; કુટુંબમાં હોઇએ ત્યારે પ્રકૃતિપર, મંડળીમાં જીભ ઉપર.—**હેન્નાહમુર.**

૧૮ બાનગીમાં એવું કંઇપણ કાર્ય ન કરો કે જે છુપી રીતે કરતાં તમને શરમ લાગે.

૧૯ જો કે માણસને પોતાની ભૂલ ન જાણવા માટે ઘણીવાર દોષ દેવાય છે, તોપણ ઘણાં જ થોડાં માણસો પોતાની શક્તિ કેટલી છે. તે જાણેછે માણસમાં તેમ જમીનમાં પણ કંઈ કંઈ એવું સોનાનું વળું આવેછે કે માલ ઘણીને પણ તેની બબર હોતી નથી.—**સ્વિફ્ટ.**

૨૦ માણસને પોતાની દોલત અને પોતાની શક્તિની સમજ ન હોય એમ લાગેછે. દોલત વિષે તેઓના વિચાર ન મનાય એવા હોયછે; અને શક્તિ વિષે તેઓને કંઈ પણ વિચાર આવતા નથી. પોતાની જાતપર આધાર રાખવો, અને આત્મનિગ્રહ રાખવો એ બે વિચારથી માણસ પોતાના જ ટાંકામાંથી પાણી પીતાં, પોતાની જ મીઠી રોટલી ખાતાં, પોતાનીજ કમાઇનું ખાતાં શીખતાં, મહેનત કરતાં અને તેને સોંપેલી સારી સારી વસ્તુઓને સંભાળથી વાપરતાં, શીખશે.—**બેકન.**

૨૧ પોતાની પરીક્ષાથી પોતાની પ્રકૃતિ ઓળખતાં કોઇને આવડતી નથી. કારણ કે લોકો કેટલીક વખત પોતાની કીંમત છેક હલકી ગણી કાઢે છે, પણ ઘણીક વખત તો અતિ ભારે ગણેછે; કારણ કે તે કીંમત પોતાના જ માપથી માપેલી હોયછે. પોતાને બીજા સાથે સરખાવી જોવાથી જ માણસ પોતાનું બરૂં મૂલ્ય સમજેછે, તેની બરી કીંમત તો જીંદગીના અનુભવથી તેના જાણવામાં આવેછે.—**ગીટી.**

૨૨ એકલાં પુસ્તકોનો જ અભ્યાસ કરવો નહિ; પણ મનુષ્યનો, અને તેમાં બાસ કરી તારો પોતાનો પણ અભ્યાસ કર. ત્યાં તને કંઇ વાંધાભરેલું દેખાય, તો બરાબોલા મિત્ર તરીકે ટીકા કર; મીઠી જીભવાળા ખુશામતખોરની પેઠે વખાણ ન કરતો. છેવટે તેવી મીઠાશના કરતાં અણગમતા સત્યમાં વધારે લાભ છે.—**ફ્રાન્સીસ ક્વાર્લસ.**

૨૩ તમારી બુદ્ધિના પ્રભાવથી બહુ ફુલાઇ જવાતું હોય તો તમારા કરતાં વધારે ચતુર હોય તે તરફ દૃષ્ટિ કરો, કે કંઇ વધારે સ્પર્ધાથી ઉશ્કેરાઓ. પરંતુ જ્યારે તમારી સ્થિતિથી અસંતુષ્ટ થાઓ ત્યારે તમારાથી હલકી સ્થિતિના તરફ દૃષ્ટિ નમાવો, કે તેથી સંતોષ શીખો.—**મૂર.**

૨૪. માણસની બરેબરી પૂર્ણતા ઘણીજ થોડી હોય, પણ બીજાની સાથે સરખામણીમાં તે ઘણી દેખાય. પોતાનો એકલાનો જ વિચાર કરે તો પોતાનામાં હુંપદ આણવા જેવું બહુ માલમ પડે નહિ; પણ બીજાની સાથે પોતાને સરખાવી જુવે તોતો કદી પોતાની શક્તિ માટે નહિ, તોપણ બીજાઓમાં તેવી શક્તિના અભાવ માટે હુંપદ આવે. આ બાબતમાં બુદ્ધિમાન

અને મૂર્ખના વિચારમાં ફેર પડેછે. બુદ્ધિમાન પોતાની શક્તિ વધારીને પ્રકાશવાનો પ્રયત્ન કરેછે, અને મૂર્ખ બીજામાં પોતાની શક્તિ જરાપણ ન હોય તેથી તેમનામાં ઝળકી ઉઠવા પ્રયાસ કરેછે. પહેલો વર્ગ પોતાની અશક્તિ સમજી નમ્ર થાયછે; બીજો વર્ગ બીજામાં દૂષણ જોઈ સાતમે સ્વર્ગે ચઢી બેસેછે. ડાહ્યો માણસ પોતાને શાની ખોટ છે તે શોધી કાઢી તે પૂરવા પ્રયત્ન કરેછે, ત્યારે મૂર્ખ પોતાની પાસે શું છે તે જ શોધે છે. ડાહ્યો મનુષ્ય પોતાની જાતે પોતાને સાબાશી આપી શકે, ત્યારે જ સુખી થાયછે, પણ મૂર્ખ પોતાની આસપાસના માણસો પાસે પોતાને સાબાશી અપાવી શકે ત્યારે સુખી થાયછે.—**એડીસન.**

૨૫. બુદ્ધિના વ્યાપારમાં એક ઘણો ડહાપણ ભરેલો નિયમ એ છે કે તમારા મનની ખાસ રચનાનો ખરેખરો ખ્યાલ જલદી તમારે આણવો. તેમ જ પોતાની ખાસીયતથી સારી રીતે વાકબ થઇ જવું. તમે ઝીણી નજર વાળા છો? અને બારીક અંતરથી તીક્ષ્ણ નજરે જોઇ શકોછો? કે સર્વગ્રાહી છો અને બહોળા અને વિશાળ દેખાવ મગજમાં ઉતારી શકોછો? તમારૂં મન વિચાર માત્રને રમુજી કરવાનું કરેછે કે તમને બતાવવામાં આવતી વસ્તુઓનો સામાન્ય બુદ્ધિથી વિચાર કરોછો? તમારી કલ્પના બહુ ફળદ્રુપ છે કે તમારી ન્યાયબુદ્ધિ અણીશુદ્ધ છે? તમે ધંડા છો કે ઝડપવાળા? ચોકસ કે ઉતાવળીઆ? ઘણું વાંચી જાણોછો કે ઘણું વિચારી જાણોછો? પોતાનામાં શી શક્તિ છે અથવા શી ખોડ છે, અને કુદરતે પોતાને માટે શું નિર્માણ કર્યું છે,તે જો માણસ નક્કી કરી શકે તો એ નાનો સૂનો લાભ નથી.—**સિડનીસ્મિથ.**

આ સત્યની તો કોઇથી કદી ના પડાય નહિ કે, જે માણસ પોતાની બુદ્ધિ અને શક્તિનું માપ પામ્યો છે તે કદીપણ નિષ્ફળ થયો નથી, પણ જે ચૂકયો છે, તે કદી ફાવ્યો નથી.—**સ્વિફ્ટ.**

૨૬. ગતદિવસનાં તારાં કાર્યોપર ત્રણ વખત નજર ફેરવી વાળવા પહેલાં, ઊંઘદેવીને તારી આંખોપર બેસવા દઇશ નહિ.—સત્યમાંથી હું ક્યાં ચળ્યો છું? હું શા કામમાં લાગ્યો છું? કરવું જોઇએ એવું શું અધુરૂં મૂકયું છે? આ પ્રમાણે પહેલેથી શરૂ કરી આગળ ચાલ, અને છેવટે જે ખોટું કર્યું હોય તે માટે પશ્ચાત્તાપ કર, અને સારા માટે ખુશી થા.—**પિથેગોરાસ.**

૨૭. સારા માણસને તો કોઇપણ દિવસનું પશ્ચાત્ અવલોકન દુઃખ કરતું નથી. તેમ બેવો એકપણ દિવસ ગયો નહિ હોય કે જે સંભારવો તેને ગમે નહિ. સારાં કૃત્યથી જીંદગીની મુદત લંબાતી જતી દેખાયછે, અને ગતદિવસોનો વિચાર આનંદ સાથે કરવા જેવું હોય તો આપણે બેવડું જીવીએ છીએ એમ કહી શકાય.—**માર્શલ.**

જયન્ત.

૪

પોશાક.

૧. ખુશી કરવાની કળામાં પોશાક પણ એક અગત્યની ચીજ છે. અને તેથી લક્ષ આપવા જેવી છે; કારણ કે કોઈ માણસના પોશાક ઉપરથી તેની બુદ્ધિ અને ચાલચલગત વિષે આપણને વિચાર બંધાયા વગર રહેતો જ નથી. પોશાકમાં જેટલો દિમાક હોય તે સઘળો અક્કલમાં કંઇક વાંધા દેખાડી આપે છે. બુદ્ધિમાન પુરૂષો પોતાના પોશાકમાં કોઈ પણ ખાસીયત વિચારપૂર્વક આવવા દેતા નથી; તેઓ શરીર રક્ષાની ખાતર જ બરોબર સ્વચ્છ રહે છે, બાકીનું લોકો માટે છે.—**ચેસ્ટર ફીલ્ડ.**

૨. જેમ દરિદ્રતામાં પણ માણસ ધીરજથી શોભેછે તેમ કુવસ્ત્ર–ફાટેલ તુટેલ વસ્ત્ર–પણ સ્વચ્છતાથી શોભેછે.

૩. ફક્કડ માણસ તો કપડાં ભરાવી રાખવાનું એક પુતળું છે.–તેનો ધંધો કામગીરી અને જીંદગી, કપડાં પહેરવાં એ જ છે. તેના આત્માની, પ્રકૃતિની, શરીરની કે નાણાંની શક્તિ આ એક જ હેતુને અર્પણ કરી હોયછે. તે ડાહ્યાડમરાની માફક અને ઠીકઠાક શણગારવું એ જ પોતાનું કર્તવ્ય સમજે છે. આમ જ્યારે બીજાઓ શરીરરક્ષાની ખાતર પોશાક પહેરેછે, ત્યારે એ પોશાક પેહેરવાની ખાતર જ જીવેછે. તેને તો પોશાક ઉપર સ્વાભાવિક રૂચિ છે. તે વસ્ત્રકાવ્યનો કવિ છે—**કારલાઇલ.**

૪. મન શણગારવા પહેલાં શરીર શણગારવાનું જેઓ વધારે ઉપયોગી ધારે છે, તેઓ તરવારને બદલે મ્યાનને વખાણનારાના જેવા છે—**લોર્ડહોવે.**

જયન્ત.

૫

કામ કરવાની હોંશ.

૧. હોંસથી જ્ઞાન પ્રાપ્ત થાય છે; તેના વિના તે નાશ પામે છે. જે માણસ આ લાભગેરલાભનો એવડો રસ્તો જાણતો હોય તેને એવી સ્થિતિ ધારણ કરવા દો કે જ્ઞાન વધે—**બુદ્ધ.**

૨. હોંસ ઉત્સાહ અને ખંત સિવાય કોઇ પણ મ્હોટો સુધારો મનુષ્ય કાર્યોમાં થઈ શકે નહિ. ઉદાર હેતુનું બીજ વાવી તેને દૃઢ આગ્રહનું પાણી સીંચવું જોઇએ.—**એડમ્સ.**

૩. બેદરકારીનાં પુતળાંઓએ કદી કોઈ મ્હોટા ગ્રંથો લખ્યા જાણ્યા

નથી; કે હેરત પમાડે તેવા કોઈ નવીન શોધ કર્યા નથી; કે આત્માને અદ્‌ભુતતામાં ગરકાવ કરે તેવું ગંભીર શિલ્પકામ વિચારી જાણ્યું નથી; કે દિવ્ય ગાન ગાયું નથી; કે કીર્ત્તિપ્રદ તસવીરો ચિતરી નથી; કે વીર્યવાન પરોપકારનાં કૃત્ય માથે લીધાં નથી.

૪. ઉત્સાહ કે જાતના સ્વાર્થ વગરનો ઉદ્યોગ ફક્ત વૈતરૂં જ છે, અને તે પશુના વૈતરા જેવું છે.

૫. હાથ અને બુદ્ધિ બંનેને પડયાં રહેવા દઇએ તો તે કંઈ કામ કરી શકતાં નથી. કોઈ પણ કાર્ય કરવામાં જે ઉત્સાહ થાયછે તે વડે જ તે કાર્ય થાયછે—બેકન.

૬. ઉત્સાહ વગર વિવેક બહુ ધીમો ચાલનાર છે, અને વિવેક વગરનો ઉત્સાહ બહુ આગ્રહી છે. માટે ઉત્સાહ વિવેકને ધકેલે ત્યારે વિવેકે ઉત્સાહને હદમાં રાખવો જોઇએ.—સેન્ટ બર્નાર્ડ.

૭. બેતમાથી ગરબડ સરબડ ઉપરચોટીયું કામ કરનાર માણસ વિવેક બુદ્ધિવાળા પ્રાણીની પેઠે કામ કરતો નથી. કારણ કે પુરૂષાર્થની ખરી શક્તિની સદસદ્‌ વિવેકની પેહેલી માગણી એ થાયછે કે વિચારને બરોબર અને પુરો સમજવો. અને કોઈ પણ ઉતાવળીયો ઉપર ચોટીયું જોનાર આ કરી શકવાનો ઢોંગ કરી શકે તેમ નથી—સોક્રેટીસ.

૮. બરેબરા ઉપાય સામે ટકી શકે તેવી મુશ્કેલીઓ તો થોડી જ છે. જેઓ આગળ ધસેછે, તેમના આગળ સામે દેખાતી હરકતો દૃષ્ટિ મર્યાદાની પેઠે નાસવા માંડેછે. ઉત્કટ ઇચ્છા અને અશ્રાંત મન ઠંડા અને નબળાને જે અસંભવિત જણાય તેવાં કામ કરી શકેછે. એકાદ છૂટા પ્રયત્નના ફળની અને આડે આવતી અડચણોની વચ્ચે ફક્ત દેખીતી અસમાનતાથી આપણે નિરાશ થવાનું નથી. હિંમત અને ઉદ્યોગ સિવાય કંઈ પણ સારૂં કે મહત્વનું કામ થઈ શકશે નહિ. પરંતુ મિનારાની રચના સાથે બીંધણાના એક ધાને સરખાવ્યો હોત; પર્વતના ખોદાવા સાથે કોદાળીના એક ધાને સરખાવી જોયો હોત; તો હિંમત અને ઉદ્યોગ નિરાશામાં ડુબ્યાં હોત; અને દુનિયા શણગાર ને સુધારા સિવાય રહી ગઈ હોત. વળી ઉદ્યોગમાત્ર આનંદદાયક છે, અને મેહેનત આપે તેવી રમતો ભાગ્યે જ આપણને કંટાળો ઉત્પન્ન કરે છે. કીર્ત્તિ અને ધન જ નહિ, પરંતુ આનંદ પણ પ્રાપ્ત કરવાનો છે. વળી ઇચ્છાની જોડે જ પ્રયત્ન પણ આવશ્યક છે, તે ભૂલવું ન જોઇએ.

જયન્ત.

બેકનકૃત નિબંધ.

ઉદ્ધતપણું.

૭*

ડિમોસ્થેનિસને કોઇએ એકવાર પૂછ્યું કે "જાહેર ભાષણ કરનારમાં મુખ્ય શું જોઇએ?" તેણે કહ્યું, "અભિનય અથવા હાવભાવ". "પછી શું?" "અભિનય." "પછી?" "અભિનય." નિશાળે ભણતાં છોકરાં પણ આ બાબત સમજેછે. પરંતુ તે વિષે સમજુ માણસોએ પણ વિચાર કરવો જોઇએછે. જે ગુણ આટલો બધો અગત્યનો છે એમ ડિમોસ્થેનિસ કહેછે, તે ગુણ તેનામાં સ્વાભાવિક ન હતો. પણ એનો તેને પૂર્ણ અનુભવ થયો હતો, તેથી તેણે ઉપર પ્રમાણે કહ્યું છે. કલ્પના શક્તિ, વકતૃત્વ શક્તિ, અને બીજા સારા સારા ગુણોને એક કોરે મૂકીને, જે ગુણ માત્ર ઉપર ઉપરનો જ છે અને વક્તા કરતાં નાટકનાં પાત્રોને વધારે શોભે એવો છે, તે ગુણની આટલી બધી પ્રશંસા કરવી, એટલુંજ નહિ, પણ જાણે તે ગુણમાં જ સર્વ કાંઈ છે અને તે ગુણ હોય એટલે બીજું કાંઈ ન જોઇએ એવું માનવામાં આવે એ આશ્ચર્યની વાત છે. પણ આનું કારણ સ્પષ્ટ છે. માણસના સ્વભાવમાં, સાધારણ રીતે, ડાહાપણ કરતાં મૂર્ખાઇનો ભાગ વધારે હોયછે. અને જે ગુણથી મનુષ્યોના મૂર્ખતાવાળા ભાગ ઉપર વધારે અસર થાય તે ગુણનો વધારે મહિમા.

એ જ પ્રમાણે રાજ્યપ્રકરણમાં ધીટપણું અથવા ઉદ્ધતપણું એક વિલક્ષણ ગુણ છે. "રાજ્ય પ્રકરણમાં મુખ્ય શું?" "ઉદ્ધતપણું." "બીજું શું?" "ઉદ્ધતપણું." "ત્રીજું?" "ઉદ્ધતપણું." વાસ્તવિક રીતે વિચાર કરતાં ઉદ્ધતપણું અજ્ઞાન અને નિર્લજ્જપણાથી ઉત્પન્ન થાયછે; અને તે ગુણ બીજા ગુણો સાથે સરખાવતાં કંઈ લેખામાં નથી. તોપણ જેનામાં ઊંડી સમજણ હોતી નથી અથવા જેનામાં હિંમત હોતી નથી, એવા માણસોની આ દુનિયામાં મ્હોટી સંખ્યા હોયછે, તેને જ તે ગુણ વશ કરી નાંખેછે, એમ નથી. પણ શાણા માણસો જે વખત સાવધાન નથી હોતા તે વખત તેમને પણ તે સપાટામાં લેછે. આથી જ ઉદ્ધત માણસો પ્રજાસત્તાક રાજ્યોમાં ફાવી જાયછે, એવું આપણે જોઇએછીએ. જે ઠેકાણે રાજાનું રાજ્ય હોયછે અથવા રાજસભા હોયછે ત્યાં તેમનું કાંઇ ચાલતું નથી. પ્રજાસત્તાક રાજ્યમાં પણ પહેલ વહેલી એમની જેટલી વાહવાહ થાયછે તેટલી પછીથી થતી નથી. કારણ કે ઉદ્ધત માણસોએ જે કામ કરવાને બીડું ઝડપ્યું હોયછે તે કામ તે કરી શકતા નથી.

શરીરરક્ષણને માટે ઉપાયો હોયછે તેમ રાજ્યરક્ષણને માટે પણ હોયછે. કેટલાક સુંઠને ગાંગડે વૈદ્ય થઈ પડેલા મ્હોટા મ્હોટા રોગ મટાડ-

* ગયા અંકમાં અધિકારના વિષયનો આંક ૬ સમજવો.

વાનું માથે લેછે, અને તેમને પોતાને અને રોગીને સુભાગ્યે બે ત્રણ ઠેકાણે તેમનો પ્રયત્ન સફળ થાયછે. તો પણ તેમનામાં શાસ્ત્રીયજ્ઞાન ન હોવાથી તેઓનું ટટ્ટુ ઝાઝા દિવસ ચાલતું નથી. એવા માણસો કોઇકોઇ વાર તો અશકય કાર્ય કરવાને પણ તૈયાર થઈ જાયછે, અને મોટી મોટી બડાશો મારે છે. પણ જ્યારે બોલ્યા પ્રમાણે કરી શકાતું નથી અને લોકોમાં ફજેતી થવાનો વખત આવેછે ત્યારે કહેછે કે "હું: એમાંશું?" આ પ્રમાણે બોલીને વાત ફેરવી વાળેછે અને પોતાને તે બાબત જાણે કંઈ લાગતું જ નથી એવું બતાવેછે.

ખરૂં કહીએ તો ઉદ્ધત માણસની બડાઇઓ સાંભળીને વિચારી માણસને ગમ્મત પડેછે; અને તોફાની લોકોમાં પણ કાંઈ એમની ઓછી હાંસી થતી નથી. કારણ કે મૂર્ખાઈ જોઇને હસવું આવેછે અને ઉદ્ધતપણામાં થોડી ઘણી પણ મૂર્ખાઇ હોયછે, એમાં કંઈ શંકા નથી. વિશેષે કરીને તો જ્યારે ઉદ્ધત માણસની ફજેતી થાયછે ત્યારે મજા પડેછે. કેમકે તે વખત તેમનું મ્હોં કરમાઈ જાયછે અને તે ઉપર શાહી ઢળી જાયછે. અને તેમ થવું જ જોઇએ. એમ થવાનું કારણ એ જ કે કોઈ લાજવાળા માણસને કદી ઝંખવાણા પડવા જેવું થાય તો તેના મ્હોનું તેજ જઇને પાછું આવેછે, પણ ઉદ્ધત માણસનું તો તેજ ગયું તે ગયું જ.

ઉદ્ધત માણસને આગળ ઉપર શાં સંકટ અને અડચણો પડશે તેનો વિચાર આવતો નથી, એટલી બધી તેમની અક્કલ બહેર મારી જાયછે, એ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ. આને લીધે તેઓની સલાહ લેવા જોગ નથી. કાંઈ પણ કામ કરતી વખત ઉદ્ધત માણસ કામના. આ ઉપરથી એવું સિદ્ધ થાયછે કે ઉદ્ધત માણસને સ્વતંત્ર કામ સોંપવું નહિ. તેને તો કોઈના હાથ નીચે જ રાખવો. તેણે બીજાના કહેવા પ્રમાણે ચાલવું એ એના લાભનું છે. કેમકે મસલત કરતી વખતે આગળ ઉપર શીશી અડચણો પડવાનો સંભવ છે તે વિચાર આવવો જોઇએ, અને કામ કરતી વખત તે અડચણોનો વિચાર ન રહે એ જ સારૂં.

પરગજુપણું અને પરોપકાર બુદ્ધિ.

૮

પરગજુપણું એટલે મનુષ્યનું ભલું કરવા ઉપર પ્રીતિ. એને જ મનુષ્યવાત્સલ્ય કહેછે. પરોપકાર બુદ્ધિ એટલે માણસનું કલ્યાણ કરવાની ઇચ્છા. આ ઇચ્છા પ્રમાણે ચાલવાથી માણસનું કલ્યાણ કરવાની ટેવ પડી જાય તેનું નામ પરગજુપણું. માણસના સઘળા સદ્‌ગુણોમાં ભલાઈ શ્રેષ્ઠ છે. કારણ કે તે ઈશ્વરનો ગુણ છે. જે માણસમાં ભલાઈ ન હોય તે માણસને જંપ વિનાનો, તોફાની, ક્ષુદ્ર પ્રાણી સમજવો. અને તેવા માણસને કીડા જેવો જ ગણવો. ભલાઈમાં કોઇવાર ભૂલ થવાનો સંભવ છે, પણ તેમાં અતિ

થવાનો સંભવ નથી. અતિશય સત્તા મેળવવાની ઇચ્છા કરવાથી દેવદૂતો સ્વર્ગમાંથી હેઠે પડ્યા.* અતિશય જ્ઞાન મેળવવાની ઇચ્છા કરવાથી માણસ સ્વર્ગમાંથી હેઠે પડ્યાં.¶ પણ ભલાઈમાં અતિશયપણું છે જ નહિ. અને પરગજુપણાથી દેવદૂતને કે માણસને માથે સંકટ આવી પડવાની ધાસ્તી નથી. પરગજુપણાનું ઝરણ જન્મથી જ ફૂટેલું હોયછે. અને જો તેનો પ્રવાહ મનુષ્ય જાતિ તરફ નથી વળતો તો બીજાં પ્રાણી તરફ વળેછે જ. આપણે તુર્ક લોકોનો દાખલો જોઇએ. તે લોકને મનુષ્ય ઉપર જોઇએ તેટલી દયા નથી હોતી તો તે મૂગાં પ્રાણી ઉપર બહુ માયા રાખેછે અને કુત્રાં તથા પક્ષીઓને ખાવાનું નાંખેછે. એવું કહેવાયછે કે કૉંસ્ટંટિનોપલ શહેરમાં કોઈ તોફાની ખ્રિસ્તી છોકરાએ એક બગલાની ચાંચમાં પથરો ઘાલ્યો તે જોઇને તુર્ક લોકોએ તેની પંચઈટાળી કરવા માંડી.

પરગજુપણામાં ભૂલ થવાનો સંભવ છે. તે ભૂલ કેવી જાતની થાય એ જાણવું જોઇએ અને તે થવા દેવી ન જોઇએ. બીજાનું ભલું કરવું પણ યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના કંઈ કરવું નહિ. ઈસિપ્‌નીતિમાં કહ્યું છે કે કુકડાને મોતીનો ચારો નાંખવાથી કંઈ ફળ નથી. મોતી વ્યર્થ જવાનાં. કુકડાને દાણાથી જ સુખ અને આનંદ થશે. ઈશ્વરે સૃષ્ટિ રચી છે તેમાંથી દૃષ્ટાંત લેવાં. તે ન્યાયી, અન્યાયી સર્વને વરસાદ, પ્રકાશ અને હવાનું સુખ આપેછે. પણ સંપત્તિ, અધિકાર, અને ગુણ સર્વ મનુષ્યને એક સરખાં આપતો નથી. સામાન્ય સુખ સર્વને આપવું. પણ વિશેષ સુખ તો પાત્રાપાત્રનો વિચાર કરીને જ આપવું. એક બાબતમાં બહુ સાવચેત રહેવાનું છે. તે એકે ઘર બાળીને તીર્થ ન કરવું. નમુના ઉપરથી છબી ચીતરતાં નમુનાનો નાશ થવા ન દેવો. સ્વહિત મૂળ નમુનો છે અને પરહિત તેની નકલ છે. એક શ્રીમંત ગૃહસ્થે ઇસુ ખ્રિસ્તને પૂછ્યું કે "ભવસાગર તરવાને હું શું કરૂં?" ઇસુખ્રિસ્તે જવાબ આપ્યો, "તારૂં સર્વસ્વ ગરીબ ગુરબાંને વહેંચી આપ ને હું ચાલું તેમ

* અમને ઈશ્વર કરતાં વધારે સામર્થ્ય મળે એવી દેવદૂતોને ઇચ્છા થઈ અને તેથી તેઓ ઇશ્વરના સામા થયા. ત્યારે દેવે તેમને સ્વર્ગમાંથી નરકમાં ધકેલી પાડ્યા. એવું ખ્રિસ્તી ધર્મપુસ્તકમાં લખેલું છે.

¶ ખ્રિસ્તી ધર્મ પુસ્તકમાં એવું લખેલું છે કે ઈશ્વરે પ્રથમ એક સ્ત્રી અને એક પુરૂષ ઉત્પન્ન કરીને તેમને એક સુંદર બાગમાં રાખ્યાં અને તેમને આજ્ઞા કરી કે આ બાગમાં જ્ઞાનવૃક્ષનાં ફળ તમારે ખાવાં નહિ. આ આજ્ઞા તેમણે ન માની અને એક સર્પે આવીને ભલેર્યા કે "તમે એ ફળ ખાઓ તો તમને પોતાના જેટલું જ્ઞાન થાય માટે ઈશ્વરે તમને તે ખાવાની ના કહીછે, માટે તમે સુખેથી ખાઓ." તેથી તે ફળ તેમણે ખાધાં. આ આજ્ઞાભંગથી ઈશ્વરે તેમને સ્વર્ગમાંથી ફેંકી દીધાં.

ચાલ. પણ મારી માફક ચાલવું હોય તો જ સર્વસ્વ ગરીબ ગુરબાંને આપી દેજે. નહિ તો નહિ." આનો અર્થ એ છે કે દ્રવ્યથી જેટલો પરોપકાર આપણે કરી શકીએ તેટલો જ વિના દ્રવ્યે કરી શકીએ એવી ખાત્રી હોય તો જ સર્વસ્વ વાવરી નાંખવું. નહિ તો પરોપકાર કરવાનું સાધન ખોઈ બેસવાના. અને કાંઠા ઉપરની કોરી જમીનને પાણી પાવા જતાં વહેળાનું પાણી સૂકવી નાંખવાના.

કોઇમાં જેમ પરોપકાર બુદ્ધિ સ્વાભાવિક રીતે જ આગળ પડતી હોયછે તેમ કોઇમાં દુષ્ટ બુદ્ધિ આગળ પડતી હોયછે. દુષ્ટબુદ્ધિવાળાને બીજા સુખી થાય તે ગમતું નથી. આ દુષ્ટબુદ્ધિનું જોર બહુ વધ્યું હોતું નથી તો તેનાથી તોછડાપણું, કુટિલપણું, આડાઈ અથવા દુરાગ્રહ કે એવું જ કાંઈ ઉત્પન્ન થાય છે. પણ જો દુષ્ટ બુદ્ધિ વધારે પ્રબળ હોયછે તો તેનાથી પરપીડાકારી ઈર્ષ્યા ઉત્પન્ન થાયછે. બીજાનું દુઃખ જોઇને તેઓ આનંદ માનેછે, અને તેમનું દુઃખ વધે તેમ કરેછે. કુત્રાં બિલાડાં પણ એક બીજાનું દુઃખ જોઇને દુઃખી થાય છે અને તેમની શક્તિ પ્રમાણે દુઃખી પ્રાણીની આસનાવાસના કરેછે. તો જે માણસ બીજાને દુઃખી જોઈ રાજી થાય તે કેવાં સમજવાં? તેઓ તો માખીઓની પેઠે તાજા ઘાને ટોચનારાછે. તેમને માણસનું મ્હોં ગમતું નથી. લોકોની ચઢતી ઢેરડી પાડવી એ જ તેમનો ઉદ્યોગ હોયછે. પણ એકાદ આવી રીતે દુર્દશામાં આવી પડેલો માણસ કદી તેમને કહે કે, "મારાથી દુઃખ સહન થતું નથી માટે જરા તમારે ઝાડે મને ફાંસો ખાવા દ્યો." તો તેની પણ હા કહેવા જેટલો ઉપકાર તેમનાથી થવાનો નહિ. કારણ કે કોઇ પણ આવી રીતે પણ દુઃખમાંથી છૂટે તે તેમનાથી સહન થઈ શકે નહિ.

ટાઇમન નામનો એથેન્સનો એક ગૃહસ્થ જનદ્વેષી હતો. તે પ્રથમ તો અવિવેકથી ઘણું ખરચ કરીને પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના લોકોને મદદ કરતો. આનો પરિણામ એ થયો કે પોતે દુર્દશામાં આવી પડ્યો અને જે લોક રોજ એને ત્યાં ખાતા પીતા હતા તેમની પાસે પૈસા ઉછીતા માગવાની ફરજ પડી. માગ્યા ખરા પણ કોઇએ ફૂટી બદામ પણ ન આપી; તેથી એને માણસમાત્ર ઉપર તિરસ્કાર આવ્યો; તેમનું અનિષ્ટ ઇચ્છવા લાગ્યો. અને જે લોક ફાંસો ખાવાને તૈયાર હોય તેવાને માટે તેણે એક ખાસ ઝાડ રાખ્યું હતું. પણ કેટલાએક તો તેવા પરોપકારમાં એ પાછી પાની કાઢેછે. આવા સ્વભાવનાંમાણસ નિર્માણ થવાં જ ન જોઇએ કેમકે તેઓનો સ્વભાવ મનુષ્ય સ્વભાવથી વિરૂદ્ધ છે.

પરગજુપણું અનેક જાતનું છે, અને તે અનેક રીતે ઓળખી શકાય છે. જો કોઈ માણસ બીજા અણજાણ્યા માણસ ઉપર દયાભાવ રાખે ને તેની સાથે સભ્યતાથી વર્તે તો તે ઉપરથી એમ જણાય કે તે આ દુનિયાદારીમાં સમજેછે, અને તેનું અંતઃકરણ બીજાનાં અંતઃકરણરૂપી અન્ય જમીનથી છૂટા

પડેલા બેટ જેવું નથી, પણ તેમની સાથે જોડાયેલા ખંડ જેવું છે. જો કોઈ માણસ પરાયાનું દુઃખ જોઇને દુઃખી થાય તો તે ઉપરથી એમ ધારવામાં આવેછે કે વૃક્ષ જેવું પોતે માથા ઉપર તાપ સહન કરીને તેની નીચે બેસનારાને શીતળ કરે છે, તેવું તેમનું મનછે. જો તે બીજાએ પોતાને કરેલા અપકારની તરત જ માફી આપે અને તેનો કીનો મનમાં ન રાખે તો જાણવું જે તેનું મન એટલું ઉચું છે કે તેને અપકારની ગોળીઓ લાગી શકે જ નહિ. જો તે પારકાએ કરેલા થોડા ઉપકારને મોટા માને તો એવું જાણવું જે તે માત્ર ભાવનો જ ભૂખ્યોછે. આપ્યા મેલ્યા સામું તે જુવે એવો નથી. અને જો સત્પુરૂષોના જેવી પૂર્ણતા કોઈનામાં હોય અને લોકોના ઉદ્ધાર માટે પોતે દુઃખ ખમવા તૈયાર હોય તો તેને દૈવીપ્રકૃતિનો સમજવો.

શેખશાદી કૃત કરીમાનું ભાષાંતર.

ગઝલ

ઈશ્વરપ્રાર્થના.

અમારી સ્થિતિની પ્રભો માફી દે, પડ્યા જે અભિમાનની બેડિયે.
ન તારા વિના કો શુણે દાદ એ, ક્ષમા દે ગુનાની, થયું એટલે.
પ્રભો પાપના પંથથી બાળજે, વળી સત્યનો પંથ દેખાડજે.

જીવને બોધ.

અજીએ વયે વર્ષ ચાળીસની, મતિ ના મટી છેક બાળીશની.
વહ્યાં કામ ને લોભમાં વર્ષએ, સુકર્મે ન ગાળી પળે એક તેં.
ડગ્યા આયુનો ના ભરૂંસો કરીશ, જગત્ બેલમાં નિર્ભયેના રમીશ.

ઉદારતાની સ્તુતિ.

ચલાવી જ ઉદારતા જે જને, કમાયો જ કીર્તિ ખરી તે જને.
મળે લોકમાં ખ્યાતિ ઔદાર્યથી, રહે ક્ષેમઆશા ય ઔદાર્યથી.
ન ઔદાર્યથી બીજું સારૂં કરમ, બળરો બીજાં એ વિના છે નરમ.
ખરો સાર આનંદનો એ જ છે, કમાણી બધી એ વિના વ્યર્થ છે.
પ્રપુલ્લિત એથી મનો લોકનાં, ભરી કીર્તિ રાખો તમે લોકમાં.
કદી ના ડગો ભાઈ ઔદાર્યમાં, ઉદારે મૂકયો જીવ આ આપમાં.

(અપૂર્ણ)

---

*આ ફારસી કવી શેખ શાદી મહમદ ગીજનવીના દરબારમાં કવિ હતો. તેણે નીતિપર કવિતાના તથા ગદ્યના ગ્રંથ રચ્યા છે. તેમાં મુખ્ય ગુલીસ્તાન, બોસ્તાન, અને કરીમા છે.

જૂનું જાય ને નવું થાય.

એક ગામડાનો ખેડુત પોતાના એક સગાને મળવા બીજે ગામ ગયો. તે વેળા તેના સગાએ તેને પુછ્યું, "ભાઈ, તમે ચાલતા આવ્યા કે ગાડામાં?" તેણે જવાબ વાળ્યો કે "હું તો ચાર જ્યૈં આપીને રેલ ગાડીમાં બેઠો' તો." આ સાંભળી તેના સગાના મનમાં તેને માટે છેક હલકો વિચાર આવ્યો ને તે બોલ્યો, "બહુ મુરખ લાગેછે ચાર જ્યૈં સરકારના ઘરમાં નાંખી દીધા! આટલું સાડા આઠ ગાઉ હાંડી નાંખ્યું હોત ને ગોળવાળાને હાટેથી ચાર જ્યૈંનો ગોળ લઇને ખાધો હોત તો?" આ બોલવા ઉપરથી એમ જણાય છે કે અંગ્રેજોએ બનાવેલી રેલગાડી ખેડુને ગોળ જેટલી પ્રિય નથી.

ઇંગ્લાંડમાં પણ રેલવે થયા પહેલાં એક ગામથી બીજે ગામ જવા સારૂ ઘોડા ગાડીઓ ચાલતી હતી. તેને મેલકોચ કહેતા. ત્યાં રેલગાડી શરૂ થઈ તે વખતે મેલકોચ વાળા આ અદ્‌ભુત નવી યુક્તિનો દ્વેષ કરતા અને રેલગાડીમાં ગેરફાયદા તથા મેલકોચમાં ફાયદા છે એવું સિદ્ધ કરવા રાત દિવસ અતિશય મહેનત કરતા. મેલકોચમાં મુસાફરી કરવી સારી છે અને રેલગાડીમાં મુસાફરી કરવી તે જોખમ ભરેલુંછે, એવું એક ગૃહસ્થના મનમાં ઠસાવવાને એક દિવસ એક ગાડીવાને ઘણું વકતૃત્વ વાપર્યું હતું. તે ગાડીવાન બોલ્યો. "સાહેબજી, રેલ ઉંધી વળેછે અને એથી કાંઈ થોડું નુકસાન નથી થતું. મેલકોચ પણ કદી ઉંધી વળેછે, એ વાત ખરી, પણ કદી મેલકોચ ઉંધી વળી, તો એથી કાંઈ ઝાઝું નુકશાન થવાનું નહિ; પણ જો રેલગાડી ઉંધી વળી તોતો ભોગ જ મળ્યા." ઉપરનો સુંદર, સરળ અને અખંડિત યુક્તિનો બોધ ગૃહસ્થોમાંથી કોઇએ ગ્રહણ કર્યો કે નહિ તે ખબર નથી; પણ સઘળે એટલું તો સારી પેઠે જોવામાં આવેછે કે આટલા પ્રયત્ન છતાં પણ મેલકોચની ગાડીઓ બંધ પડીછે, અને તેને ઠેકાણે રેલગાડી ચાલી રહીછે.

જ્યારે ઇંગ્લાંડમાં પહેલાં ચાલતાં હતાં તે પૈડાં વિનાનાં હળને ઠેકાણે પૈડાંવાળાં અને વરાળથી ચાલતાં હળનો ઉપયોગ થવા માંડયો, ત્યારે પ્રથમ ચાલતાં હળનો પક્ષપાત કરીને અસલી ખેડુતો નવા રિવાજથી દુઃખ પામી કહેવા લાગ્યા, કે "નવાં હળ વાપરવામાં સારાં છે, તથાપિ આથી ખેડુતોની હથોટી ઉતરી જવાની." તોપણ જૂના હળના દિવસ જતા રહ્યા અને નવી જાતનાં હળ ચાલવા માંડયાં.

જ્યારે જૂના સ્કાંડીનેવિયન ધર્મને બદલે ઉત્તરના વાયવ્ય ભાગમાં ખ્રિસ્તી ધર્મ ચાલવા માંડયો ત્યારે એક કવિ અતિકરૂણ સ્વરે તે પુરાતન ધર્મને માટે શોક કરવા લાગ્યો. ગ્રીસ અને રોમના મૂર્તિપૂજક ધર્મનો અસ્ત થયો ત્યારે પણ પંડિત અને કવિજન બંને ઘણો ખેદ પામ્યા હતા. પણ

સરળ ખ્રિસ્તી ધર્મે પોતાનું રાજ્ય સ્થાપ્યું. અને સ્કાંડિનેવિયન, ગ્રીક, અને રોમન ધર્મ, તેમના કવિત્વ, મૂર્તિપૂજા, દમાક અને પ્રતિમા સહિત અસ્ત પામ્યા.

યૂરોપખંડમાંથી સુંદરકળાકૌશલ ગયું અને તેની જગાએ જે નીરસ વિજ્ઞાન આવી રહ્યું છે તે કોણ દેખતો માણસ જોતો નથી?

માત્ર યૂરોપમાં જ નહિ પણ આખી પૃથ્વી ઉપર પુરાતન પોતાની જગા નૂતનને આપી દઇને ચાલી ગયુંછે. આસીરિયા ગયું, ને ગ્રીસ આવ્યું, ગ્રીસ ગયું ને રોમ આવ્યું. રોમ ગયું, રોમને ઠેકાણે ફ્રાન્સ, જર્મની, બ્રિટન આવ્યાં. એશીઆ ગયું ને યૂરોપ આવ્યું. હવે યૂરોપ કરતાં અમેરિકા ચઢેછે. પૃથ્વી ઉપર બધે જૂનું જાયછે અને નવું આવેછે. આ બ્રહ્માંડમાં પણ એજ નિયમ છે. અપાર આકાશના એક છેડા ઉપર જ્યોતિર્મય સૂર્ય બળ્યા કરેછે, તેને બદલે નવો સૂર્ય આ અનંત આકાશના કોઈ દૂરના છેડા ઉપર પ્રકાસવાનો. સૂર્યમાંથી ખરેલા કટકા ગ્રહરૂપે શોભેછે. અને તે ગ્રહો સૂર્યની પેઠે બળતા નથી તેથી તથા તેઓમાં પોતાનું તેજ નથી તેથી તે વસવા યોગ્ય છે. અને તેમાં ઘણાંઝાડ અને પ્રાણી ઉત્પન્ન થાયછે અને મરેછે. એકવાર જન્મેછે, બીજીવાર મરેછે. એક જાતનાં પ્રાણી જાયછે બીજી જાતનાં પ્રાણી થાયછે. ધીરે ધીરે ગ્રહ પોતે પ્રાણી રહિત થાયછે. હમણાં આકાશના એક દૂરના છેડાઉપર એક નવો ગ્રહ વસવા યોગ્ય થાયછે. અને ત્યાં આ નાટક જૂદી રીતે ભજવાયછે. ભરતખંડમાં પણ વખત એમ જ વહ્યો ગયો છે. વૈદિક યુગ ગયો તેની જગાએ પૌરાણિક યુગ આવ્યો, પૌરાણિક યુગ ગયો, તેની જગાએ બૌદ્ધ યુગ આવ્યો, બૌદ્ધ યુગ ગયો; તેની જગાએ તાન્ત્રિક યુગ આવ્યો.

મૂળ દેશીઓનું રાજ્ય ગયું, તેની જગાએ આર્ય લોકનું રાજ્ય થયું. પછી અનુક્રમે પઠાણ અને મોગલ રાજ્ય થઈ ગયાં અને હાલ અંગ્રેજી રાજ્ય ચાલેછે.

સંસ્કૃત ભાષા ગઇ ને પ્રાકૃત થઈ; પ્રાકૃત ગઈ અને ગુજરાતી વગેરે થઈ.

આ બ્રહ્માંડ રચાયું ત્યારથી એમ જ ચાલેછે. એક પ્રકારની કારીગરી જાય છે, બીજી જાતની ઉત્પન્ન થાયછે. એક ભાષા જાયછે, બીજી થાયછે. એક પંથ નરમ પડેછે, બીજો જમેછે. એક જાત જાયછે, બીજી આવેછે. એક પ્રાણી જાયછે, બીજું પ્રાણી પેદા થાયછે. એક ગ્રહ જાયછે, બીજો ગ્રહ દેખાયછે. એક સૂર્ય જાયછે, અને બીજો સૂર્ય થાયછે. જૂનું જાયછે અને નવું આવેછે. આ નિયમ આખા વિશ્વમાં અખંડિત ચાલેછે.

બાપ પણ દ્વિકરા આગળ હારીને રહેછે. રામનો સૈન્ય સહિત પરાભવ તેમના પુત્રો લવકુશે કર્યો હતો અર્જુન પોતાના પુત્ર બભ્રુવાહનને હાથે રણમાં પડયો હતો. છોકરા બાપથી વયે નાના હતા પણ યુદ્ધમાં તો જય છોકરાઓનો જ થયો હતો.

જે પુત્ર એમ માને છે કે પોતે પોતાના પિતા કરતાં વધારે ડાહ્યા છે તેમને એક કવિ બીજાને કહેછે. કે.—

"ડાહ્યા એવા થઈ ગયા, કહો પિતાને મૂર્ખ.
તમ પુત્રો શાણા અધિક, કહેશે તમને મૂર્ખ.

કવિયે રોષ કર્યો. પણ પુત્રોનો નિશ્ચય ફેર કરવાને તે શક્તિવાન થયો નહિ.

આપણામાં કહેવત છે કે "વારા કેડે વારો, તારા કેડે મારો." કહેવાની મતલબ એ છે કે સર્વેને પોતપોતાનો વખત આવેછે જ. પુત્રો પિતાને મોઢે કંઈ ન બોલતાં, બીજી જ રીતે તેમને સમજ પાડેછે કે "આપનો વખત હવે ગયો છે."

જાણવામાં ન આવે એવી કોઈ સત્તાથી બાળક જન્મેછે તથા વધે છે, આ શક્તિનો છેલ્લો વિકાશ જુવાનીમાં થાયછે. પછી માણસ ઉપર મૃત્યુની અસર થવા માંડેછે અને આખરે તે મૃત્યુ પામે છે. એક કાંકરો જે અદૃશ્ય શક્તિથી ઉછાળાય તેજ શક્તિથી તે ઉંચે પહોચેછે, પછી મધ્યાકર્ષણ શક્તિને લીધે તે કાંકરાની મધ્યોત્સારી શક્તિ ખપી જાયછે એટલે તે નીચે પડવા માંડેછે. મનુષ્યની પેઠે જ જાતિ અને ધર્મ એકદી થયેલી અદૃશ્ય નવી શક્તિથી પ્રકટ થાય છે અને ઉત્પન્ન થયા પછી ઉંચે ચઢીને તે ખપી જતાં પડવા માંડેછે. અને પછી તેનો નાશ થાયછે. સૂર્ય પ્રાપ્ત થયેલા કોઇક તેજથી આકાશમાં ઉત્પન્ન થાયછે. અને તે તેજ દિવસે દિવસે ઓછું થતાં થતાં આખરે બધું જતું રહેછે. ટુકામાં સૂર્યનું સૂર્યપણું નાશ પામેછે. સઘળે ઠેકાણે એક જ વસ્તુ જૂદે જૂદે રૂપે દેખાયછે– એટલે શક્તિ એકદી થયે જન્મ, અને શક્તિ છૂટી પડયે મૃત્યુ.

કેટલીએક શક્તિઓ કોઈ કોઈ વેળા એકઠી મળેલી હોયછે અને કોઈ કોઇવાર વીખરી ગઈ હોયછે. પણ તેની ખબર પડતી નથી. પળે પળે, વર્ષે વર્ષે, અને યુગે યુગે, આખા બ્રહ્માંડમાં કેટલાં બધાં જન્મ મૃત્યુ થાયછે તે જાણવામાં નથી. નિત્ય નિયમ પ્રમાણે જુનાનો અંત કયારે આવેછે અને નવાનો ઉદય શા ઉદ્દેશથી થાય છે તે અજાણ્યું છે. પણ માત્ર એટલું જાણવામાં છે કે, આ, બ્રહ્માંડના વિકારનો અંશ માત્ર છે, અને તેને માટે અતિ ઉપયોગીછે; પૃથ્વીના તત્વમાં, વનસ્પતિના તત્વમાં, અને પ્રાણીના તત્વમાં સ્પષ્ટ જણાય છે, કે આ અનંત જન્મમૃત્યુથી જ પૃથ્વી અને કદાચ આખું એ જગત્ ક્રમ પ્રમાણે આગળ ચાલેછે. એ જીનના પિસ્ટનને એ જ આગળ ધકેલનાર અને એ જ પાછું ધકેલનાર છે અને તેથી જ એંજીન ક્રમ પ્રમાણેચાલેછે

જે આ સકલ બ્રહ્માંડને ધીરે ધીરે વિના ગડબડે એક જ રીતે ચલાવેછે અને આ અસીમ બ્રહ્માંડના કોઈ ભાગમાં રહીને જે આ અલૌકિક કર્મ કરે

છે એવી ગુપ્ત, અનંત, અજય્ય આદિ શક્તિ કયીછે તે જાણવામાં નથી; પણ એટલું જાણવામાં છે કે એ શક્તિ કોઇથી દબાય તેવી નથી અને એ નિયમ કોઇથી તુટે એવો નથી.

તે જ આદિશક્તિના અલંઘ્ય અને હિતકારી નિયમથી, તથા નવી જાતની નવી સભ્યતાના નવા દેખાવોથી હાલ ભરતખંડમાં જૂનાનો અસ્ત અને નવાનો ઉદય થાય છે. આની તીવ્રગતિને કોણ અટકાવી શકે એમ છે?

સમુદ્રનાં ખળાય નહિ એવાં મોટાં મોજાંની પેઠે જ્યારે આર્યો આ દેશ ઉપર ફેલાઈ ગયા ત્યારે તેમની ગતિ અટકાવવાને કોઈ સમર્થ થયું હતું? ના. પછી જ્યારે મુસલમાન લોકોએ નવા ધર્મના પ્રતાપથી ઘણા બળવાન થઇને એક મોટા ઝાડની પેઠે આખી પૃથ્વી ઉપર શાખાઓ ફેલાવી અને મધ્ય તથા દક્ષિણ એશિયા, આફ્રિકા, અને ઘણે દૂર આવેલા યૂરોપ દેશના નૈઋત ખુણા સુધી પોતાની પાણીદાર તરવાર ઝબકાવી, ત્યારે તેમને કોણ રોકી શકયું હતું? કોઈ નહિ. તેમ જ હાલ જે ખ્રિસ્તી ધર્મના યૂરોપીઅન લોક પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી જમીન ઉપર ફેલાતા જાય છે તેમને ખાળવાને કોણ શક્તિવાનછે? કોઈ નહિ.

આર્યોની અલોભી, અનુદ્યોગી, અને ધ્યાનપરાયણ ધર્મનિષ્ઠા મુસલમાનોની નવીન ધર્મની ઝનૂન આગળ હઠી ગઈ. પછી મુસલમાનોની ઝનૂન ખ્રિસ્તી ધર્મની સંયમશિક્ષા અને ન્યાયપરતા પાસે નમી પડી. એક પછી એક આ કાર્ય થયાં તે કયા નિયમને અનુસરીને? આર્યોનો મુસલમાન આગળ અને મુસલમાનનો ખ્રીસ્તીઓ આગળ પરાજય થયો, તે શાથી? આ પરાભવનો અર્થ શો? આ, કેવળ નવી શક્તિ આગળ જૂની શક્તિનો અનિવાર્ય પરાજય છે. શક્તિનો નાશ થવાથી એક જાતિ અથવા ધર્મ અસ્ત પામેછે, અને નવી શક્તિ મળવાથી બીજી જાતિ અથવા બીજા ધર્મનો ઉદય થાયછે; આનો અર્થ એટલો જ કે જૂનું જાયછે અને નવું થાયછે. આ ઉપરથી સ્પષ્ટ સમજાયછે કે જૂના જૂના રિવાજો, જૂનાં જૂનાં યંત્રો, જૂના જૂના ગ્રંથો, એ સર્વમાં સુધારો થઈ ગયોછે ને જૂનાને સ્થાને નવું આવી રહ્યું છે. દુનિયા જ્ઞાનમાં આગળ વધતી જાયછે. અને એ જ પ્રમાણે આગળ વધતી જશે. પૂર્વે ઘણાં ઘણાં વિઘ્ન નડ્યાં હતાં, હાલ નડેછે, અને આગળ ઉપર નડવાનો સંભવ છે તોપણ તે સર્વ વિઘ્ન દૂર થઈ જ્ઞાનની વૃદ્ધિ સાથે અશુદ્ધની શુદ્ધિ પણ થશે જ.

તારામંડળ સાથે તાપનો સંબંધ.

ઘણા માણસોના મનમાં એવું છે કે તાપ કેવળ પદાર્થની પરીક્ષા કરવાના ઉપયોગમાં આવતી પદાર્થવિદ્યાનો એક વિષયછે; તેની સાથે ગ્રહગ-

ણિતનો કોઈ પણ વાસ્તવિક સંબંધ હોવાનો સંભવ નથી. થોડા દિવસ પહેલાં એ શંકા તદ્દન ખોટી લાગતી નહિ. પરંતુ પદાર્થવિદ્યા જાણનારાના નવા શોધથી ખાત્રી થઈ છે કે તાપની સાથે જ્યોતિષશાસ્ત્રનો એક ઘણો જ નજીકનો સંબંધ છે; તે એ કે જે સઘળાં મોટાં મોટાં કારણવડે જગત્ હાલના આકારમાં આવ્યું છે, તેમાંનું તાપ પણ એક કારણ છે. તાપને લીધે જ આખું તારામંડળ ચાલેછે; માટે તાપને લગતા વિચારો અવશ્ય તારામંડળને લગતા વિચારોનો એક ભાગછે.

તારામંડળમાંનો દરેક તારો પરમાણુનો બનેલો કઠણ પદાર્થછે, એ અનુમાન ઉપર આધાર રાખીને તેમનાં તત્વ અને ગતિનો વિચાર કરવામાં આવેછે; તે સઘળા શીતલછે કે ગરમ તેનો વિચાર કરવાનું આ ઠેકાણે પ્રયોજન જણાતું નથી. સૂર્યનો તાપ ગમે તેટલો હોય અને ગ્રહો શીતળ કે ગરમ હોય એટલા ઉપરથી તેમની ગતિમાં કોઇપણ પ્રકારનો ફેરફાર બહુ કાળે પણ થતો નથી, એ કહેવું ખોટું છે. પરંતુ તાપને લીધે કાળાન્તરે ગ્રહોની ગતિમાં કંઈ ફેરફાર થાયછે તે અનિવાર્યછે. ગ્રહોની ગતિસંબંધે તાપનું ફળ કાંઈ ટુંકી મુદ્દતમાં મળતું નથી; પરંતુ તાપનું જે કંઈ ફળછે, તે અવશ્ય માનવા લાયકછે. અને તે ફળથી યુગાંતર વખતે મોટો ફેરફાર થાયછે.

પૃથ્વીનો તાપ—પૃથ્વીનું ઉપર તળ જોતાં પ્રથમ એમ લાગેછે કે જમીનના અંદરના ભાગમાં તાપ બીલકુલ નહિ હોય, પરંતુ જરા સારી રીતે વિચાર કરી જોતાં એ ભ્રમ રહેશે નહિ. જ્વાલામુખી, ઉના પાણીના કુંડ, ઈત્યાદિ જોઇને આપણો વિશ્વાસ બેસેછે કે જમીનના ઉપર તલ કરતાં અંદરના ભાગમાં ઘણો જ સક્ષ્ય તાપછે. અંદરના તાપનાં ચિન્હ સર્વત્ર દેખાયછે. અંદરના તાપનું મૂળ કારણ ઝટ સમજાય એવું નથી. પણ જમીનની અંદરનો ભાગ (ભૂગર્ભ) તાપનો મોટો ભંડાર છે, એમાં સંદેહ નથી. ઊંડી ખાણને તળીયે તાપ માપવાનું યંત્ર લઇને જઇએ અને જોઇએ તો ઉપરના ભાગ કરતાં તળિયે તાપ વધારે માલમ પડે. જેમ જેમ ખાણમાં નીચા ઉતરીએ, તેમ તેમ તાપમાં વધારો થતો જણાશે. જો એ રીતે તાપમાં ઉત્તરોત્તર વધારો થતો હોય તો ૨૫-૩૦ માઈલ ઊંડે જ્યાં જવાની આપણી શક્તિ નથી ત્યાં, લોહાને લાલચોળ તપાવે એટલો તાપ હોય એ અસંભવિત નથી.

બીજાં નક્ષત્રાદિમાંનો તાપ—બીજાં નક્ષત્રાદિમાં તાપ છે અથવા હતો, તેનાં પ્રમાણ મળેછે. પ્રથમ ચન્દ્રમંડળનો વિચાર કરીએ. પહેલાં ચંદ્રમંડળ અત્યન્ત ગરમ હતું, હાલ ટાઢું થયું છે; તે ઉપર ટાઢા પડી ગયેલા સાધારણ જ્વાલામુખી પર્વતો જે ચંદ્રકલંકરૂપે દેખાયછે તે પૂર્વ અવસ્થાનું ઉદાહરણછે. ચન્દ્રમંડળના જ્વાળામુખીમાંથી અગ્નિ નિકળવો લાંબા વખતથી બંધ છે. ચન્દ્રનું ઉપરદળ હાલ છેક ટાઢું પડી ગયું છે; તેના ગર્ભમાં તાપ છે કે નહિ તે

બરોબર કહી શકાય નહિ. હવે એના ઉપરના ગ્રહનો વિચાર કરીએ. પૃથ્વી કરતાં બૃહસ્પતિ અને શનિમાં વધારે તાપછે એમ જોવામાં આવશે; આ અટકળ નથી, પણ પ્રમાણયુક્ત સત્યછે. સૂર્ય પોતે એક વિશાળ બળતો અગ્નિકુંડ છે. ગમે તેવો તેજસ્વી પદાર્થ હોય પણ સૂર્યના તેજ આગળ તેનું તેજ કાંઈ જ નથી. જૂદી જૂદી જાતના સ્થિર તારા સૂર્યના જેવા ઝગઝગતા અગ્નિકુંડ છે; અને જળવાયુ (હાઇડ્રોજન) નામના પદાર્થનો સમૂહ, તે સર્વનો અગ્નિ બળતો રાખેછે. આ સઘળામાં કોનો કેટલો તાપછે, તે કહેવું એ મુશ્કેલ છે, પરંતુ સઘળાનો તાપ સરખો નથી. તેમાં તો કંઈ સંદેહ જ નથી. સૂર્ય અને તારાઓ અવશ્ય સૌથી વધારે તપ્તછે; પરંતુ પોતાના તેજ વગરના પદાર્થો શીતળ છે, અને તેમની સંખ્યા વધારે છે, એવું અનુમાન કરવામાં આવ્યું છે. એઓને આપણે જોઈ શકતા નથી, એટલા માટે તેના અસ્તિત્વનું પ્રત્યક્ષ પ્રમાણ નથી.

તાપશાંતિનો નિયમ—પદાર્થ શીતળ થવા લાગેછે, તેનું કારણ એ કે તેની ગરમી બીજા પદાર્થમાં જાય છે. વાયુથી વીંટાયેલા પદાર્થની ઉષ્ણતા વાયુની ઉષ્ણતા કરતાં વધારે હોયછે ત્યારે બહાર નિકળતા તાપનું પ્રમાણ વધે છે. એ નિયમ પ્રસરેલો છે. પૃથ્વીમાં કે જગત્નાં બીજાં સ્થળોમાં બધે એ નિયમનું ઉલ્લંઘન કરી શકાય તેમ નથી, એ સિદ્ધ છે. પ્રત્યેક ગ્રહમાંથી, અને પ્રત્યેક તારામાંથી ચારે દિશામાં તાપ નિરંતર જાય છે. તાપથી અગત્યનાં ફળો ઉત્પન્ન થાય છે. સૂર્યમંડળમાંથી નિકળતા તાપનો પરિણામ ઉદાહરણને માટે બસ છે.

સૂર્યના તાપનાં કિરણ સઘળી દિશાઓને પ્રકાશિત કરતાં અખંડ પ્રસરેછે. એ તાપનો કાંઇક ભાગ પૃથ્વી ઉપર આવેછે, અને તેથી જ પૃથ્વીનાં સઘળાં પ્રાણી જીવેછે. તાપ એ જ સર્વ પ્રકારની ગતિનું મૂળ કારણ છે. સૂર્યમંડળ તાપમય ન હોત તો ત્યાંથી આટલો તાપ આવી શકત નહિ. કેટલીક રચનાઓનું અવલોકન કરીને એ તાપના પરિમાણનું અનુમાન કર્યું છે. સૂર્યનાં કિરણમાં સૂર્યકાંત કાચ ધરવાથી કાચ ઉપર સઘળાં કિરણો પડેછે; તે સઘળાં કાચની સામી બાજુએ એક બિંદુમાં એકઠાં થાયછે; એ બિંદુને એ કાચનું કેંદ્ર કહેછે. એ ઠેકાણે કોઈ પણ બળે તેવી જણસ ધરીએ તો તે સળગી ઉઠેછે. એ બિંદુમાં જે તાપ ઉત્પન્ન થાય, તે સૂર્યમંડળના તાપ કરતાં વધારે હોઈ શકે નહિ.

આ અત્યંત તેજસ્વી અને અતિ દાહક શક્તિવાળા બિંદુમાં કોઇપણ પદાર્થ રાખીએ તો તે જાણે બે લાખ અને પચાસ હજાર માઇલના અંતરે રહેલા સૂર્યમંડળમાં હોય એમ જણાય છે. પ્લાટિનમ, હીરો વગેરે અતિ કઠિન પદાર્થ જેને બાળવા અતિ કઠિણ છે, તેમને તેમાં ધરતાં રસ થઈ

જાય અથવા વરાળ થઇને ઉડી જાય. આપણાથી ચંદ્ર જેટલો નજીક છે, તેટલો નજીક જો સૂર્ય આવે, તો આખી પૃથ્વી મધ જેવી નરમ થઈ જાય.

સૂર્ય મંડળના તાપનું પરિમાણ છે? સૂર્યના તાપનું પરિમાણ સંખ્યાદ્વારા જણાવવું એ ઘણું જ કઠણ છે. કૃત્રિમ તાપ કરતાં સૂર્યનો તાપ એટલો બધો વધારે છે કે કોઇ પણ રીતે સંખ્યાદ્વારા પરિમાણ જણાવવું એ ઘણું જ અનિશ્ચિત ગણાય. કૃત્રિમ તાપનું પરિમાણ જો ૪૦૦૦ ડિગ્રી ફેરનહાઇટ હોય તો ઉપર કહેલા યંત્રવડે સૂર્યના તાપનું પરિમાણ ૮૦૦૦ ડિગ્રી હોય એ અસંભવિત નથી. ઘણાએ એ પરિમાણ કરતાં પણ વધારે પરિમાણ ગણ્યું છે.

મંડળ જેવું ગરમ, તેવો તાપ પણ પડે છે. તાપનું પરિમાણ વિવિધ રીતે કહી શકાય ખરૂં, પરંતુ કોઈ પણ પરિમાણ સંશય વગરનું નથી. સાડીતેત્રિશ ફુટ ઉંડા બરફથી સૂર્યમંડળને ચોમેર ઢાંકી શકાય તો તે બરફ એક મિનિટમાં ગળી જાય. જો ૪૫ ફુટ વ્યાસના માપનો બરફનો થાંભલો સૂર્યમંડળમાં ધકેલવામાં આવે, તો તે થાંભલાનો આગળનો ભાગ સૂર્યમંડળની પાસે જતાં જ પીગળી જાય. દરરોજ સોળ ટન કોયલા બાળવાથી જેટલો તાપ ઉત્પન્ન થાય, તેટલો તાપ સૂર્યમંડળના એક એક ચોરસ ફુટમાંથી નિકળે છે. જો એ તાપ યુક્તિથી કારખાનાના કામમાં લેઈ શકાય, તો તેથી સો ઘોડાના બળવાળું એંજીન એક વર્ષ સુધી ચાલે. પૃથ્વીમાં જેટલાં યંત્રો છે તે સર્વ યંત્રો સૂર્યમંડળની ગરમીથી વગર અટકયે ચાલ્યા જ કરે. સૂર્યમંડળના અકેક ચોરસ ફુટમાંથી દરરોજ કેટલો તાપ બહાર નિકળેછે તે તથા સૂર્યમંડળના પૃષ્ઠ ઉપર તેનું ઓછું થતું જતું પરિમાણ વિચારતાં આશ્ચર્ય ઉપજે. તાપના ક્ષયનું ખરૂં પરિમાણ અતર્ક્ય છે.

જાણવા જોગ બાબતો.

અત્યાર સુધીમાં ફોટોગ્રાફીમાં જે જે સુધારા થયા છે તેમાં થોડા વખત ઉપર જાહેર થયેલો સુધારો મુખ્ય છે. તે એ કે અપારદર્શક વસ્તુના અંદરના ભાગનો ફોટોગ્રાફ લઈ શકાયછે.

યુનાઇટેડ સ્ટેટસના સેંટ લૉરેંસ સ્ટેટની વૈદકશાળાના મુખ્ય અધિકારીએ ગાંડા માણસની ગાંડછા મટાડવાની નવી યુક્તિ શોધી કાઢી છે, અને તેના પ્રયોગોમાં કેટલીક વખત ફતેહ પામ્યો છે. ગાંડા માણસના બરડામાં એક કાણું પાડવામાં આવેછે અને મગજ તથા બરડાની કરોડ વચ્ચે ફરતો રસ થોડો કાઢી લેઇને તેમાંના જંતુઓની પરીક્ષા કરેછે. આ જંતુ મગજના તંતુઓ ઉપર અસર કરેછે ને મગજની બરાબરી કરેછે. એક વખત તેણે ગાંડા માણસના શરીરમાંથી કાઢેલા જંતુ એક સાજાસમા સસલાના

શરીરમાં મૂકયા. તેથી તે સસલું પેલો ગાંડો માણસ જેવા ચાળા કરતો હતો તેવા કરવા લાગ્યું. પછી તે સસલાના શરીરમાંથી પણ જંતુ કાઢવામાં આવ્યા. એટલે તે પાછું પોતાની મૂળસ્થિતિમાં આવી ગયું.

જાપાનના તાજીમા ઈલાકામાં આવેલા હાનીયુના અખાતમાંથી મોતીની છીપો જડવા માંડી છે.

પૃથ્વી ૬ ઠી જુલાઇએ સૂર્યથી વધારેમાં વધારે છેટે હોયછે.

સવારના પાંચ વાગ્યાનો વખત સરેરાસ સૌથી વધારે ઠંડો હોયછે.

લીંબુના રસમાં સાબુના જેવો ગુણ માલમ પડેછે. તે ચીકાશ કાપેછે અને મેલ દૂર કરેછે.

ઝડપથી લખનાર માણસ એક મિનિટમાં ત્રિશ શબ્દ લખી શકેછે. એટલા શબ્દો લખવામાં કલમને ૧૬॥ ફીટ ફેરવવી પડેછે. આ પ્રમાણે પાંચ કલાક સુધી લખતાં કલમ એક માઇલ ચાલેછે.

ફ્રાન્સની ઉત્તરે હેવર શહેરથી ત્રણ માઈલ ઉપર એક દીવા દાંડી છે તેમાં રાખેલા દીવાનો પ્રકાશ બે કરોડ ત્રીશ લાખ મીણ બત્તીઓના પ્રકાશ જેટલો છે. કોઈ કોઈ વખત તે ૧૪૪ માઇલને છેટેથી પણ દેખી શકાયછે.

જાડા માણસને પાતળા થવું હોય તો તેમણે જમતી વેળા કોઈ પણ પ્રવાહી પદાર્થ લેવો નહિ. એવો પ્રિન્સ બિસ્માર્કના વૈદ્યનો મત જાહેર થયેલો છે.

આપણાં પંચાંગો સૂર્યપ્રદક્ષિણાને આધારે બનાવવામાં આવેછે તેવી જ રીતે પોતાનાં પંચાંગ બનાવવા માટે પારસીઓમાં હીલચાલ થાયછે.

બે આંખો વચ્ચે બરોબર અંતર એક આંખ જેટલું હોયછે.

પોપીલસ નામના જીવડાના ૧૦૦ કટકા કરી નાખ્યા પછી તે દરેક કટકાનો એકેક જીવડો થાયછે, ને તેનો આકાર મૂળ જીવડા જેવો થઈ જાયછે.

ન્યુયોર્કમાં એક ૨૯ માળનું મકાન બંધાયછે તેનું છાપરૂં જમીનથી ૪૩૭ ફીટ ઉંચું થશે. રોમમાં સેંટ પીટરનું દેવાલય છે તેના કરતાં પણ તે મકાન ૫ ફીટ ઉંચું થવાનું. એટલે સેંટપૉલનું દેવલ જે માત્ર ૩૬૦ ફીટ જ ઉંચું છે, તે તો એના કરતાં બહુ જ નીચું રહેવાનું.

ન્યુર્યોર્કની એક સ્ત્રીની સ્મરણશક્તિ અસાધારણ છે તેથી તેના મગજના તંતુઓની રચના કેવી હશે તે જાણવાની ઈચ્છા ત્યાંની વૈદકશાળાના મુખ્ય ડાકટરને થઈ. એ વાત પેલી સ્ત્રીને જણાતાં તેણે વૈદક જ્ઞાનના ઉત્તેજન માટે પોતાના માથાનું ૪ પૌંડ કિંમત લઈ તે વૈદકશાળાને આપ મુવાને વાયદે વેચાણ કરી આપ્યું છે. આ બાબત તેણે પોતાના વસિયત નામામાં એમ લખ્યું છે જે "મારૂં શરીર પડે ત્યારે ધડ અને માથું બે જૂદાં

કરવાં અને માથું વૈદકશાળામાં આપી દઈ ઘડ રિવાજ પ્રમાણે જમીનમાં દાટવું."

અત્યાર સુધીમાં જે જે ધાતુઓની તોપો બનાવવામાં આવી છે તેના કરતાં જૂદી જ જાતની ધાતુની તોપો બનાવવાનો વિચાર કેનેડાની સરકારનો થયો છે. ત્યાંના એક શોધકે **એલ્યુમિનિયમ** નામની ધાતુની ત્રણ ઈંચીયા મોઢાની તોપ બનાવી તે વડે કેટલાક પ્રયોગો કરી જોયા છે અને તે સંતોષકારક જણાયા છે.

વિજળી અને લોહચુંબકનો ઉપયોગ શરીરના કોઈ ભાગમાં ભરાઈ રહેલી લોઢાની સોય અથવા તેવી બીજી વસ્તુ બહાર ખેંચી કાઢવામાં થવા લાગ્યો છે. અત્યાર સુધી આવા પ્રસંગમાં કાપકુપ કરવી પડતી હતી ને દરદી બહુ હેરાન થતા તે હવે બંધ પડશે.

એસેટીલાઈન ગેસથી રોશની કરવાની નવી યુક્તિ જીનિવાના એક પ્રોફેસરે શોધી કાઢી છે. તેનો પ્રકાશ એટલો બધો પડે છે કે સૂર્યના તડકામાં એક સાધારણ દીવાનું તેજ જેવું ઝાંખું જણાય તેવું ઝાંખું વિજળીના દીવાનું તેજ એસેટીલાઈનના પ્રકાશમાં દેખાયછે.

ઝાકળ ઉપર જૂદા જૂદા રંગનું વધારે ઓછું આકર્ષણ થાય છે. પાટિયાં અથવા કાચ જૂદા જૂદા રંગથી રંગી રાતે ઉઘાડા મૂકવાથી માલમ પડશે કે પીળા રંગના ઉપર સૌથી વધારે, લીલા રંગના ઉપર તેથી ઓછું, અને કાળા રંગના ઉપર તો છેક નહિ જેવું જ ઝાકળ પડેલું હોયછે.

પારીસમાં થોડા વખત ઉપર એક ગૃહસ્થને ત્યાં રાત્રે જમણવાર હતી, તે વખત અજાયબ રીતે પ્રકાશ કરવામાં આવ્યો હતો. રસાયનિક મેળવણીથી એક જાતનો ભૂકો બનાવી જમવા બેસવાના ઓરડામાં અને ત્યાં વાપરેલાં વાસણો ઉપર તે ભૂકો ઘસી દીધેલો હતો તેથી વિજળીના દીવા જેવો પ્રકાશ પડતો હતો.

ટ્રેસડન શહેરમાં એક ઘડીયાળ બનાવનારે ઘડીયાળમાંનો દરેક ભાગ કાગળનો બનાવ્યો છે. ને તે ઘડીયાળ સારૂં ચાલે છે. તેમ જ ઇંગ્લાંડમાં બાઈસીકલની ગાડીઓ પણ કાગળની બનાવવા માટે કારખાનું નિકળવાનું છે. કાગળના બાઈસીકલનું વજન આશરે અધમણ થશે.

સને ૧૯૦૦ ની સાલમાં પારીસમાં મોટું પ્રદર્શન ભરાવાનું છે તે વખત તેમાં મૂકવામાં આવનાર ફરબીનમાંથી ચંદ્ર માત્ર ૮૩ માઇલને અંતરે હોય તેમ દેખાશે.

રૂશિયામાં એ જાતનાં સૂરજમુખી ફૂલ થાય છે. એકમાંથી મોટાં બી નિકળેછે, તે ખોરાકમાં વપરાયછે; બીજામાંથી નાનાં બી નિકળેછે તેનું તેલ કાઢેછે. આ તેલનો ઘણો મોટો વેપાર ત્યાં ચાલેછે.

વાળ રંગવાથી જીંદગી ટુંકી થતી હોય એમ લાગે છે કેમકે પેરીસની એક વીમા કંપની વાળ રંગેલા હોય તેવા માણસની જીંદગીનો વીમો ઉતારતી નથી.

પુસ્તકોની પહોચ

અને

મોકલનારનો ઉપકાર.

દેવળદેવી—રચનાર પરલોકવાસી રા. રા. ભીમરાવ ભોળાનાથના પુત્ર સત્યેન્દ્રરાવ તરફથી મળ્યુંછે. પ્રસ્તાવનામાં લખ્યા પ્રમાણે કેટલાંક સંસ્કૃત પુસ્તકોની છાયા તેના ઉપર પડેલી દેખાયછે. પણ તે કાંઈ દોષ નથી. મનુષ્ય માત્રમાં એક પ્રકારે અથવા અનેક પ્રકારે પોતે મેળવેલા જ્ઞાન સિવાયનું જ્ઞાન શી રીતે હોય? ભાષા સહેલીછે. અને વસ્તુ બોધકારકછે.

અક્કલ વેચનારની દુકાન—રચનાર વ્યાસ ગણપતરામ મુગટરામ તરફથી મળીછે. લોકોમાં એક કે બીજે રૂપે સંભળાતી વાર્ત્તાઓનો પુસ્તકરૂપે સંગ્રહ ઠીક કર્યોછે. પુસ્તકના પુંઠા ઉપરજ "**શ્રી જગદંબાય નમઃ**" છપેલું છે. તે જોતાં જ કોઇને ગ્રંથકર્તાના સંસ્કૃતજ્ઞાનનો વિચાર આવી જાય; પણ વખતે જેના માથા ઉપરની બંને માત્રાઓ મુદ્રાયંત્રમાં પડી ગઈ હશે. ભાષા સરળ રાખવાનો નિશ્ચય ઘણે અંશે પાર પડેલો દેખાયછે. પણ લલ્લુ બહાદૂરના જીવન ચરિતનો ભાગ અતિશયોક્તિ ભરેલો લાગેછે.

મુકુલમર્દન—રચનાર રા. રા. કૃષ્ણરાવ ભોળાનાથ દિવાટીયા તરફથી આવ્યુંછે. તેના ઉપર એક વાચક તરફથી આવેલું વિવેચન આપીએ છીએ.

ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ પ્રકારની સાંસારિક નવલકથા ઘણી થોડી છે. જે થોડી છે તેમાં કોઈ અમુક બનાવો, પ્રસંગો કે કુદરતના દેખાવના ચકચકિત વર્ણન અને છટાદાર ભાષા માટે લોકમાં પ્રિય થઈ પડી છે, તો કોઈ મનુષ્ય સ્વભાવનું પ્રતિબિંબ દેખાડવાની ખુબી માટે અને હાલની હિંદુ કુટુંબના ઘર સંસારની પદ્ધતિના સુશોભિત વર્ણનને લીધે ચિત્તનું આકર્ષણ કરે છે. મુકુલમર્દન સાંસારિક અને ધાર્મિક અધમતાનું ભાન કરાવી, શુદ્ધ અને નીતિમાન ઘર સંસારનું શ્રેષ્ઠપણું, તથા ઉત્તમ ધાર્મિક પ્રવૃત્તિનો વિજય ઘણી ખૂબીથી પ્રતિપાદન કરે છે. ભાષા સરળ છતાં હલકી કે છુછલી નથી. અને વિષયને શોભે તેવી એકધારી ગંભીર અને કેવળ સ્વાભાવિક છે. સંસ્કૃત ભાષાના શબ્દોનું ઘણું મિશ્રણ હોવાથી ગુજરાતી ભાષાનું ગૌરવ વધેછે એમ માની કેટલીક વખત કેટલાક ગ્રંથકાર ભાષાને અસ્વાભાવિકરૂપ આપેછે તેથી તેઓ ધારેલી અસર ઉત્પન્ન કરી શકતા નથી, અને જે માટે પુસ્તક લખેછે તે

હેતુ સારી રીતે પાર પડી શકતો નથી. મુકુલમર્દન વાંચતાં વાંત જ સમજ પડવાથી હૃદય ઉપર તેની ઘરી છાપ બેસેછે અને આગળ વાર્તા વાંચવાનો વાંચનારને ખરો રસ પડે છે. સાધારણ કેળવણી અને સમજ શક્તિનાં માણસ પણ તે ઘણા ભાવથી વાંચી શકશે અને તે રચવાનો ખરો ઉદ્દેશ પાર પડશે એવી આશા રાખવામાં આવેછે. વાર્તાની સંકલના કરવામાં ગ્રંથકારે જે ચતુરાઈ અને ખૂબી વાપરી છે તેવી ચતુરાઈ અને ખૂબી ગુજરાતી ભાષાની હાલની બીજી કોઈ પણ નવલ કથામાં હોય એમ જણાતું નથી. પ્રત્યક્ષ ઉપદેશનાં વચન કહી નીતિ કે ધર્મવૃત્તિ સુધારવાની આશા ફોગટ છે. અને તે ધોરણે લખાયેલાં કાવ્ય કે નવલકથા નીચી પંક્તિનાં ગણાયછે તે વાજબી છે. મુકુલમર્દનમાં સદાચાર અને સદ્ધર્મનો ઉત્કર્ષ વાર્તાની સુંદર ઉત્તમ રચનામાંથી પરોક્ષ રીતે ફલિત થાય છે, એ એની ખૂબીનું ચિન્હ છે. ચિત્રમાં, શિલ્પમાં, પદ્ય કે ગદ્ય લેખનમાં રચના અને ગોઠવણીની ખૂબીથી કળાની ઉત્તમતા માપવામાં આવે છે તે ધોરણ વાસ્તવિક છે અને તે પ્રમાણે માપતાં મુકુલમર્દન પ્રથમ પદને લાયક છે. વાર્તા વાંચી રહ્યા પછી મન ઉપર ઉત્તમ સાંસારિક અને ધાર્મિક સંસ્કારોની ઉંડી છાપ પડી રહેછે. મી. કૃષ્ણરાવ ભોળાનાથ જેમણે આ વાર્તા સ્વકલ્પનાથી લખી છે તેમના ઉન્નત સંસ્કાર સુઘટિત સમજ શક્તિ અને વાર્તા ગોઠવવાની ઉત્તમ કુશલતા મુકુલમર્દન વાંચવાથી સ્પષ્ટ જણાઈ આવે છે. વાર્તાની નાયિકા સુધામુખીનું આચરણ શુદ્ધ અને સુદૃઢ આલેખ્યું છે. વિપત્તિની પરંપરા તેમ જ જુલમ અને ત્રાસની અનેક ધમકીથી નહિ ડગનારી, સત્તાનો સદ્‌ગુણથી પરાજય કરનારી સુધામુખી બાળપણના સુસંસ્કારને લીધે જગત્પિતા ઈશ્વર ઉપર દૃઢ શ્રદ્ધાવાળી અને ભક્તિપરાયણ થઈ છેવટે દેશસેવામાં તત્પર થાય છે. અને પોતે જે દુષ્ટ રિવાજને લીધે સંસારરૂપી દુઃખસાગરમાં ગોથાં ખાતી હતી તે રિવાજનું ઉચ્છેદન કરવાનો ઉપદેશ કરવાનું પણ લેછે. એક નહાની સરખી ભૂલ્યમાંથી મનુષ્ય પાપ પ્રવૃત્ત રહી અધમ દશાએ પહોચી પોતાની જીંદગી કેવી રીતે બરબાદ કરી નાંખે છે અને અંતકાળે તેને પોતાના પાપનો કેવો પસ્તાવો થાયછે તે સુધામુખીના અવિચારી ભર્તા અગ્નિમિત્રના જીવનવૃત્તાંત ઉપરથી જણાયછે. રાજ્યખટપટમાં મચ્યા રહેનારા લોકો તથા પૈસાના અને સ્ત્રીના નીચ લોભમાં લપટાયેલાઓ કેવાં દુષ્ટ અને ઘોર કર્મ કરેછે, પાખંડી ધર્મગુરૂઓ સદ્‌ગુણને બદલે લોકોમાં કેવો દુર્ગુણ ફેલાવે છે, સંસારનો વૈભવ અને સુખ કેવાં અનિત્ય છે, સંસારની લાલચો કેવી સરલ માણસને પણ ફસાવનારી છે, અને આ સંસારના દેખીતા દુઃખથી ઈશ્વરને દોષ નહિ દેતાં પરલોકમાં અક્ષય સુખમાં રહેવાની આશાયે ભક્તિમાન કેવી ધાર્મિક વૃત્તિ ધારણ કરેછે, એ વગેરે સુંદર રીતે દેખાડી આપનારાં અનેક ચિત્ર ગ્રંથકારે ઘણી કુશલતાથી ચિતર્યાંછે.

बुद्धिप्रकाश.

પુસ્તક ૪૩ મું. ઓકટોબર સને ૧૮૯૬. અંક ૧૦ મો.

शरद् ऋतु.

અનુષ્ટુપ.

વૈદ્યમાતા શરદ્ જાણો, તે માતા સહુની હજો;
ભવ ભોગ ભલી ભાતે, પ્રજાને સમજાવજો. ૧.

ઉપજાતિ.

અત્યંત શોભા ધરણી ધરેછે, શાંતિ નીચે ને વળી ઊપરે છે;
ગઈ જ રેલો કરી વાયદાઓ, દુઃખો ભરેલા બહુ ફાયદાઓ. ૨.
શી સૂચનાઓ ઋતુ આ કરે છે, તે તર્ક કાવ્યે કવિઓ ધરેછે;
તે મધ્ય નીતિ પર હોય સારા, ચહો તમે તે ગુણકારી પ્યારા. ૩.
ઘણું ચઢે તે પડવાનું અંતે, માટે તજો ગર્વ સમૂળ ખંતે;
એવું કહે વર્ષણ વાયુ શાંતિ, રખે ધરો આંહિ કશીજ ભ્રાંતિ. ૪.
ન સૂર્યનું સુખ જનો ગણેછે, અંધારૂં જ્યારે તપતાં હણેછે;
પરંતુ હેલી મચતીજ જ્યારે, છાતી મુઆઈ નહિ કોની ત્યારે. ૫.
એવી રીતે જ્યાં લગી સુખ દેખે ત્યાં સૂધી તેનું નહિ મૂલ લેખે;
પરંતુ પામે કદી દુઃખ થોડું, વખાણતાં સુખ ભરાય મોટું. ૬.
પૂરો નદીનાં બહુ તાણી લાવે, જે વસ્તુઓ માર્ગ વિષે જ આવે;
તેમાંની કોઈ વિખુટી પડેછે, કો સાથમાં સાગર જૈ ચડેછે. ૭.
એ રીતિએ સર્વ સગાં જનોને, સંપત્તિ સૌભાગ્ય તમે ગણો ને;
મળ્યાથી ના હર્ષ ન શોક જાતાં, કરો ન અશ્રુ થકી નેણ રાતાં. ૮.
વિદ્યુત્ ઝબુકે સમજાવવાને, "જે સ્થિર વસ્તું જગમાંની માને;
મારા સમી તે ક્ષણ માત્ર દીસે, માટે કરો ગર્વ નહિ અતીશે." ૯.
જે દુઃખ માંહે અતિ ખિન્ન થાતા, નિરાશ થૈને ગભરાઈ જાતા;
તેને શરદ્ ચંદ્ર ખરૂં કહે છે, 'ન દુઃખ જાશુ કદિએ રહે છે.' ૧૦.
વિચારીને વર્ણન આ કર્યું છે, જેણે સુખેથી મનડું ભર્યું છે;
વ્યાપાર સર્વે તાણું તત્વ આ જે, સમર્પું પ્રીતિ ધરીને હું આજે. ૧૧.

બેકનકૃત નિબંધ.

અમીરાત.

૬

અમીર લોક એ રાજ્યનો એક અંશ છે એ ધોરણ ઉપર પ્રથમ વિચાર કરીએ. પછી અમીરાત એ કેટલાક લોકોની સ્થિતિ છે, એ ધોરણ ઉપર વિચાર કરીશું.

જે રાજ્યમાં સમૂળા અમીર ન હોય તે રાજ્ય જુલમી હોવું જોઇએ. અમીરો હોવાથી રાજાનો અધિકાર નરમ પડેછે અને રાજકુટુંબ લોકોની આંખે ઓછું ચડેછે. પ્રજાસત્તાક રાજ્યમાં અમીરોની જરૂર નથી. જ્યાં અમીરકુટુંબો હોયછે ત્યાંના કરતાં પ્રજાસત્તાક રાજ્યમાં પ્રજા વધારે શાંત હોયછે અને હુલડ કરવાને એટલી બધી તત્પર હોતી નથી. કેમકે આવા રાજ્યમાં પ્રજાનું લક્ષ કામમાં હોયછે; કામદાર ઉપર તેમનું લક્ષ હોતું નથી; અને કદી કામદાર ઉપર લક્ષ હોયછે તો તે કામને જ સંબંધે હોયછે. તે અસલ બાનદાન છે એ વિચારથી નહિ. સ્વિસ લોકોમાં ધર્મના ફાંટા પુષ્કળ છે અને તે દેશનાં પરગણાં પણ ઘણાં છે તે છતાં ત્યાંનું રાજ્ય સરળતાથી ચાલેછે. કારણ કે ત્યાં કોઈ વ્યક્તિ સંબંધી વિચાર કરતું જ નથી અને સાર્વજનિક ઉપયોગીપણાના વિચારથી સર્વત્ર ઐકય ટકી રહેલું છે. એક સંપ કરી સ્પેનથી છૂટા પડેલા આ નેધરલાંડ દેશમાં રાજ્ય ઉત્તમ પ્રકારનું છે. કેમકે ત્યાં સઘળા એ સરખા જ દરજ્જાના હોવાથી દરેક વાતનો વિચાર નિષ્પક્ષપાતથી થાયછે અને લોકો કર વિગેરે જે આપવાનું હોયછે તે ખુશી થઇને આપેછે.

રાજ્યમાં મોટા અને બળવાન ઉમરાવ હોય તો રાજાનો વૈભવ વધારે દેખાય તે ખરૂં, પણ તેની સત્તા ઓછી થાયછે. લોકો જાગ્રત અને જુસ્સાદાર થાયછે પણ તેમના વિત્તની હાનિ થાયછે. રાજા કરતાં અથવા ન્યાયાધિકારી કરતાં ઉમરાવોની સત્તા વધારે ન જોઇએ. પણ તેમનો દરજ્જો એટલો ઉંચો હોવો જોઇએ કે હલકા લોકનું ઉદ્ધતપણું ઉમરાવો સૂધી પહોંચતાં જ ભાગી પડે અને રાજા સુધી જવા જ ન પામે.

રાજ્યમાં જો ઉમરાવોની સંખ્યા વધારે હોય તો દારિદ્ર આવેછે. અને રાજાને પણ અડચણ પડેછે, કારણકે તેમને અતિશય ખર્ચ થાયછે અને એવું બનેછે કે તેમાંના કેટલાક લાંબે દહાડે 'અલ્લા એક બદામ' થઈ જાય છે. અને તેમને માથે દેવાના ડુંગર થઈ જાયછે.

અમીરી એ કેટલાએક લોકોની ઐહિક સ્થિતિ છે તે લક્ષમાં રાખી

હવે વિચાર કરીએ. એકાદ જૂનો કિલ્લો, કે જૂની અખંડિત ઈમારત અથવા ઘણાં વરસનું મોટું ઝાડ જોઇએ છીએ ત્યારે આપણા મનમાં પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એ જ પ્રમાણે જે અસલી બાનદાન કુટુંબ કાળચક્રના સપાટામાંથી બચીને ટકી રહ્યાં હોય તે પ્રત્યે આપણો પૂજ્યભાવ કેટલો બધો હોવો જોઇએ ! કારણ જે કુટુંબો નવાં છે તે સત્તાથી થયાં છે. પણ જે જૂનાં છે તે તો કાળનાં કરેલાં છે.

જે પુરૂષને પહેલ વહેલી અમીરી મળે છે તે ઘણું કરીને ગુણવાન હોય છે. તેમના વંશજો તેટલા ગુણવાન હોતા નથી એટલુંજ નહિ પણ તે વંશજો તેમના પૂર્વજોના જેટલા નિર્દોષ પણ હોતા નથી. ઘણે ભાગે સત્કૃતિ અને દુષ્કૃતિ એ બેના મિશ્રણ વિના માણસની ચઢતી ભાગ્યે જ થાય છે. આમ હોય તો પણ પોતાના પૂર્વજોના સદ્‌ગુણ યાદ રાખવા અને તેમના દુર્ગુણ ભૂલી જવા એજ વંશજોને યોગ્ય છે.

જે અમીર કુટુંબના છે તેમનાથી ઉદ્યોગ થતો નથી અને જે ઉદ્યોગી નથી હોતા તે ઉદ્યોગીની ઈર્ષ્યા કરેછે, એવું સાધારણ રીતે જોવામાં આવેછે. અર્થાત્ એવું સિદ્ધ થયું કે અમીરો ઉદ્યોગી માણસની ઈર્ષ્યા કરેછે. વળી જે અમીરોને હવે વધારે ઉંચે દરજ્જે ચડવાનું રહ્યું નથી હોતું તે બીજાને ઉંચી પદવીએ ચઢતા જોઇને તેના ઉપર બળ્યા વિના રહેતા નથી. અમીરો અને બીજા લોકો વચે ઘણો જ તફાવત હોયછે તેથી અમીરોનો ખાર તેઓ કરતા નથી. કેમકે ખાર સરખા સરખામાંજ થાયછે. વળી અમીરોને માનમરતબો અસલથી જ મળતો આવેછે તેથી તે સંબંધે પણ તેમના ઉપર ખાર થતો નથી.

રાજાની પાસે હુશીઆર ઉમરાવ હોય તો તે ઉમરાવદ્વારા રાજાને કામ કાઢી લેવાનું ઠીક પડેછે અને તે કામ પણ વગર અડચણે થાયછે. કેમકે લોક ઉમરાવનું કહેલું મૂગે મોઢે સાંભળેછે. લોકો સમજેછે કે હુકમ કરવાનો ઉમરાવોને થોડોઘણો પણ હક્ક છે.

પ્રજાપ્રકોપ અને તેથી થતો ક્લેશ.

૧૦

હવાના ફેરફારની ખબર ઠોર ચારનારાઓને હોવી જોઇએ. તેજ પ્રમાણે પ્રજાના મનમાં વિકાર કયારે થાય તે જાણવાની રાજાને જરૂર છે. જેમ સૂર્ય જ્યારે વિષુવવૃત્ત ઉપર ચઢવા માંડેછે ત્યારે વાદળાં થાયછે, તેમ જ જ્યારે રાજ્યમાં સર્વ જાતની સમાનતા થાયછે ત્યારે દંગોફીસાદ થવાનો સંભવ વધારે હોયછે. અને જેમ વાદળાં થતા પહેલાં વંટોળીઓ થાયછે અને

સમુદ્રમાં તોફાન થાયછે તેમ જ રાજ્યમાં ગડબડ થવા પહેલાં તેનાં ચિહ્ન થાય છે. તેમાંનાં કેટલાંક નીચે લખ્યા પ્રમાણે થાય છે. રાજાની નિંદા થાય છે અને તેને વિષે લોકો નજરમાં આવે તેમ ઉઘાડે છોગે બોલેછે. તેની સાથે રાજ્યને પ્રતિકૂળ જૂઠી વાતો જ્યાં ત્યાં ઊડેછે અને લોકો તે સાંભળતાં વાંતજ સાચી માનેછે. રાજ્ય કર્તા જો કોઈ સારાં કામ કરે તો તે ગમેતેટલાં પ્રશંસનીય હોય તોપણ લોક તે કામ વખોડેછે અને એનો જૂદો જ અર્થ કરેછે, જૂઠી ઊડતી વાતો જો સંકટસૂચક હોય તોપણ તે સચ્ચીથી જ્યાંની ત્યાં જ દાબી દેવાનો પ્રયત્ન કરવાથી સંકટ દૂર થતું નથી પણ તે જાણી અજાણી કરવાથી જ પોતાની મેળે શમી જાય છે; અને દબાવવા ગયે ઉલટું આગ દિવસ ચાલે છે. તેમ જ સરકારના હુકમ ઉપર તકરાર કરવી, રદીઆ આપવા, સામું બોલવું, વગેરે પ્રજાધર્મનો ભંગ કરવાના અને આધીનતાનો અભાવ બતાવવાના પ્રયત્ન થાય છે. અને હુકમ કરનાર જો બીતા બીતા, ભાઈબાપા કરીને બોલવા લાગે તો તે વિશેષ તોફાનનું ચિહ્ન સમજવું.

રાજાએ સમસ્ત પ્રજાનાં માબાપ પ્રમાણે વર્ત્તવું જોઇએ. તેવી રીતે ન ચાલતાં જો રાજા એક જ પક્ષ તરફ વળે તો નાવની એક જ બાજુએ બધો ભાર રાખવાથી નાવની જેવી દશા થાયછે તેવી જ રાજ્યની થાયછે. ફ્રાન્સદેશમાં ત્રીજા હેન્રી રાજાના વખતમાં આ સ્પષ્ટ દેખાયું હતું. તે રાજાએ પ્રોટેસ્ટન્ટ લોકોનો નાશ કરવાને એક પક્ષ બાંધ્યો. તે પક્ષ કેટલાક દિવસ પછી તેના જ સામો થયો. અને આમ થાય એ સ્વાભાવિક છે. કારણ રાજા જ્યારે પોતાનું વજન એક પક્ષ તરફ જ મૂકે અને રાજસેવાધર્મની ગાંઠ કરતાં બીજી ગાંઠ વધારે મજબૂત બંધાય તો રાજાની સત્તા ઓછી થાય એટલું જ નહિ પણ પ્રસંગ આવ્યે ગાદી પણ ખોઈ બેસે.

તે પ્રમાણે જ્યારે માંહોમાંહે કલહ, ટંટા અને ફાટાફાટ ઉઘાડે છોગે ઉદ્ધતાઈ ભરેલી રીતે થવા લાગે ત્યારે સરકારનો ધાક જતો રહ્યો સમજવો. રાજ્યમાંના મોટા લોકની ગતિ મૂળગતિ ઉપર આધાર રાખનાર ગ્રહોની ગતિ જેવી હોવી જોઇએ. એટલે પ્રાચીન મત પ્રમાણે દરેક ગ્રહ પોતાની ગતિ પ્રમાણે ધીમે ચાલે છે અને પરમ મૂળ ગતિને લીધે ઝડપથી ચાલે છે. એ જ પ્રમાણે જો રાજ્યમાંના મોટા મોટા માણસો પોતાની સાધારણ ગતિ કરતાં વધારે ગતિથી ચાલે અને પોતાને ગતિ આપનારનું ભાન ભૂલી જાય તો સમજવું કે તે ગ્રહમંડળમાં કાંઈ બિગાડ થયોછે. વળી રાજ્યના મુખ્ય સ્તંભ ધર્મ, ન્યાય, મંત્રી અને લક્ષ્મી જો નબળાં પડીને લથડવા માંડે તો અચિંત બંડ થશે એવું સમજવું. પણ આવી ભવિષ્યની વાતો કરવી પડતી મૂકીને બંડનાં કારણ, બંડકરનારા અને બંડના ઉપાય એનો વિચાર કરીએ.

બંડનાં કારણ—આ વાતનો વિચાર સારી રીતે કરવો જોઇએ કારણ કે

બંડ ન થવા દેવાનો ઉત્તમ ઉપાય એજ છે કે તેના કારણનો સમૂળો નાશ કરવો. કેમકે બળતણ એકઠું થયું હોય તેના ઉપર કેણી તરફથી અગ્નિ આવીને પડશે તેનો કંઈ નિયમ નથી. બંડનાં મુખ્ય બે કારણ છે, એક અતિ દારિદ્રય અને બીજું અતિ અસંતોષ. નક્કી સમજવું કે જેટલા સારી સ્થિતિમાંથી ગરીબીમાં આવી પડયા છે તેટલા બધા બંડ કરવામાં પોતાની સંમતિ આપશે. રોમના જનપ્રકોપની શરૂઆત વખતનું વર્ણન લુકન નામનો કવિ નીચે પ્રમાણે કરે છે. "વ્યાજનો દર અતિ ભારે હતો અને વ્યાજનું વ્યાજ ચઢે તે ભરી શકાતું નહિ ને ટીંબો થયે જતો. આશામીઓ નરમ પડવા માંડી. એટલે ઘણાને લડાઈ ફાયદાકારક લાગી."

"ઘણાઓને લઢાઈ ફાયદાકારક લાગી" એટલે રાજ્યમાં ટંટો બખેડો કરવાની વૃત્તિ ઉત્પન્ન થઈ એ જરૂર જાણવું. વળી ઉંચી પંક્તિના લોકો ઘસાઈ ગયા હોય અને ઉતરતી પંક્તિના લોક ખાતા પીતા હોય તો પછી મોટો જ અનર્થ ગુજરવાનો સમજવો. કેમકે "પેટનો બળ્યો ગામ બાળે."

અસંતોષના સંબંધમાં એટલું જ કહેવાનું છે કે જે પ્રમાણે આપણા શરીરમાંના રસ કોઈ કોઈ વાર અતિશય તપી જાયછે અને આખા શરીરમાં લ્હાય લ્હાય થઈ રહેછે, તે જ પ્રમાણે અસંતોષ વધ્યો એટલે રાજ્યની તેવી જ દશા થાયછે. અસંતોષને લીધે કેટલું દુઃખ આવી પડશે તેનું પ્રમાણ અસંતોષના વાજબી અથવા ગેરવાજબીપણા ઉપર બાંધવું નહિ. એટલે અસંતોષ વાજબી હોય તો તેથી વધારે બીક અને ગેરવાજબી હોય તો ઓછી બીક એવું સમજવું નહિ. કારણ કે તોફાની લોકમાં વિચારીપણું ક્યાંથી હોય? તેમનામાં વિચારીપણા કરતાં અવિચારીપણું વધારે હોય છે. અને તેથી તે પોતાનું હિત પણ વિચારતા નથી. તે જ પ્રમાણે જે બાબતને લીધે અસંતોષ ઉત્પન્ન થાયછે તેના મોટા અથવા નાનાપણા ઉપરથી પણ અનર્થનું પ્રમાણ બંધાતું નથી. કેમકે જે બાબતને લીધે અસંતોષ થયો હોય તે નજીવી હોય અને તેથી ઉપજતો સંતાપ જો કે ધારવામાં ઓછો હોય તો પણ જો તે બાબતથી ભય ઉત્પન્ન થાય તો તે જ નજીવી બાબત મોટા અનર્થનું મૂળ થઈ પડેછે. વળી જુલમી અમલમાં જે વાતથી અસહ્ય સંતાપ થાયછે તે વાત નાહિંમત પણ કરેછે. એટલા માટે જે વાતથી દુઃસહ કલેશ થતો હોય, અને મનમાં બળાપો થતો હોય તે વાત મનમાંને મનમાં જ રહે છે; પણ બીકનું એમ નથી. રૈયતને બીક લાગી એટલે તે જીવ આપવા જ તૈયાર થવાની. તેવી જ રીતે અસંતોષ ઘણી વખત થવા છતાં અથવા ઘણા દિવસ રહ્યા છતાં તેનાથી કંઈ સંકટ ઉત્પન્ન થયું નથી એમ સમજીને રાજાએ કે સરકારે બેદરકાર રહેવું નહિ. દરેક વખતે વરાળથી અને પવનના સપાટાથી વાદળાં જામતાં નથી એ વાત ખરી,

પરંતુ ઘણાં વાદળાં એમને એમ ચાલ્યાં જાય તોપણ એકાદ વખત તે જ-
મવાનાં ને વરસવાનાંજ. કહેવત છે કે " ઝાઝું તાણીએ તો તુટી જાય." બંડ
શરૂ કરનાર કારણ નીચે પ્રમાણે છે.—ધર્મનો ફેરફાર, રૈયત ઉપર કર, કાય-
દામાં અને લોકાચારમાં ફેરફાર, રૈયતના હક્ક ડુબાવવા, સર્વત્ર જુલમ, અયોગ્ય
મનુષ્યનો ઉત્કર્ષ, પારકા લોકનું આવવું, દુકાળ, નોકરીથી દૂર કરેલા સીપાઈ,
મરણીયા થઈ રહેલા પક્ષો, અને જે જે બાબતથી લોકોને દુઃખ ઉત્પન્ન થાય
અને જેને જેને લીધે લોકો એક થઈ જાય તે તે બાબતો.

હવે ઉપાય એટલે જે સાધારણ ઉપાય છે તે કહું છું. પણ કયે
વખતે કયો ઉપાય લાગુ પડશે તે કહી શકાતું નથી. જેવો રોગ હોય તેવો
ઉપાય કરવો જોઈએ. બીજો નિયમ બાંધી શકાતો નથી. પ્રસંગ જોઇને
ઉપાય કરવો.

પહેલો ઉપાય એ કે ઉપર જે બખેડાનાં મુખ્ય કારણ કહ્યાં છે તે હરેક
પ્રયત્ન કરીને દૂર કરવાં. તે કારણો રાજ્યમાંની દુર્દશા અને દરિદ્રતા છે. તે
દૂર કરવાનો ઉપાય પણ કહું છું. નવા નવા વેપાર ધંધા કાઢવા, કારખાનાં
કાઢવાં, અને અનુદ્યોગીપણાનો નાશ કરવો, ઊડાઉપણાનો કાયદાથી પ્રતિબંધ
કરવો, જમીન સુધારવી, બજાર ભાવ ઠરાવી આપવા, કર વિગેરે યુક્તિ
સર જ લેવું, ઇત્યાદિ. સાધારણ નિયમ એટલો રાખવો કે રાજ્યમાંની ઉપ-
જથી જેટલી વસ્તીનું પોષણ થાય તે કરતાં વધારે વસ્તી ન થાય તેવા
ઈલાજ કરવા. પ્રજાની ગણતી સંખ્યાથીજ કરવાની નથી. કેમકે વસ્તીની
સંખ્યા થોડી દેખાય પણ જો લોકો ગજા કરતાં વધારે ખર્ચ કરનાર હોય
તો તે દેશને થોડા દિવસમાં ભૂખ ભેગા કરવાના. અને સંખ્યા મોટી છતાં
પણ જો લોકો ઓરડાને પુછીને ખરચ કરનારા હોય તો દેશને એટલું બધું
નુકશાન થવાનું નહિ. આ માટે અમીર ઉમરાવ અને બીજા મોટા લોક અને આ-
બરૂદાર ગૃહસ્થોની સંખ્યા બાકીની પ્રજાના પ્રમાણમાં જો વધી જાય તો
રાજ્ય તરત જ ગરીબ અવસ્થામાં આવી પડે. અને ધર્મોપદેશકોની સંખ્યા
પણ અતિશય વધવાથી એવું જ થવાનું. કેમકે તે કાંઈ કમાતા નથી એટલે દે-
શની દોલતમાં કંઈ વધારો કરતા નથી. નોકરીઓના કરતાં નોકરી કરનારાની
સંખ્યા વધે તોપણ એનું એ જ.

દેશની દોલત વધેછે તે ઘણું કરીને પરદેશમાંથી આવેછે તે ધ્યા-
નમાં રાખવું જોઇએ. કેમકે એકને ખોટ આવ્યા વિના બીજાને નફો થાય જ
નહિ. માટે પરદેશ સાથે વેપાર કરવા ઉપર લક્ષ રાખવું. એક દેશ બીજા
દેશ પાસેથી ત્રણ જાતની ખરીદી કરે છે. ૧ દેશમાં ઉત્પન્ન થનાર કાચો માલ,
૨ દેશમાં તૈયાર થયેલો માલ, અને ૩ માલ લાવવા લઈ જવાનાં વાહનો.
આ ત્રણ વસ્તુઓનો વેપાર બીજા હરકતે ચાલ્યો એટલે સંપત્તિની છોળેછોળો
દેશમાં ચાલી આવવાની. ઘણી વખત એવું બનેછે કે, કાચા માલ કરતાં
તૈયાર માલના પૈસા વધારે આવેછે. તેથી જે કોઈ એકાદ દેશમાં કાચો
માલ ન થતો હોય તોપણ ત્યાંના લોક મહેનતુ અને કારીગીરીમાં કુશળ
હોયછે, અને તેમની પાસે ઉપર કહેલાં વાહનોમાંનાં કેટલાંક હોયછે તો
તેઓ કાચા માલના કરતાં તેમાંથી વધારે પૈસા મેળવેછે. નેધરલાંડનો દા-
ખલો લઇએ. આ દેશમાં સ્વાભાવિક રીતે કાચો માલ કાંઇ ઉત્પન્ન
થતો નથી. પણ તેમાં સારાં સારાં કારખાનાં વિગેરે પુષ્કળ હોવાથી
દેશ તર થયો છે.

આટલું થાય તોપણ દેશમાંની સંપત્તિ થોડા લોકોના જ હાથમાં એકઠી
ન થાય એવી યુક્તિ કાઢવી જોઇએ. નહિતો દેશ છતે ધાન્યે ભૂખે મરશે.
પૈસો બાતર જેવો છે, એટલે તે ચારેગમ પથરાયા વિના ફળ આપશે નહિ.

હવે અસંતોષ દૂર કરવાનો—છેવટ તેની બીક દૂર કરવાનો જ—ઉપાય
કહું છું. પ્રત્યેક રાજ્યમાં બે પ્રકારના લોક હોય છે. મોટા લોક અને સાધારણ
લોક. જો આ બેમાંથી એક જ જાતના લોક અસંતોષી હોય તો બહુ બીવાનું
નહિ, કારણ કે સામાન્ય લોક મોટા લોકોની સંમતિ સિવાય આપોઆપ
સાહસ કરવાની હામ ભીડે નહિ,–અને મોટા લોકોની સંખ્યા નાની હોવાથી
સામાન્ય લોક તેમનો પક્ષ લે તો જ તેઓનું જોર ચાલે; પણ જ્યારે મોટા
લોકોના મનમાં એવું થાય કે "ઉતરતી પંક્તિના લોકમાં કયારે સળવળાટ
થાય અને આપણે કયારે તેમને જઇને મળીએ," ત્યારે જ બીક છે એવું જા-
ણવું. એક પ્રાચીન કવિ વાત કહે છે કે જ્યારે સર્વ દેવતાઓ જ્યુપિટરને
અવળે હાથે બાંધવા તૈયાર થયા ત્યારે જ્યુપિટરે પેલ્સસની સલાહથી
શતબાહુ બ્રાયેરીઅસને પોતાની મદદે બોલાવ્યો. આ ઉપરથી રાજાઓએ
શિખામણ લેવાની છે કે રૈયતને રાજી રાખવાથી પોતે નિર્ભય રહેછે. અ-
સંતોષ નિકળી જવાને માટે થોડોક માર્ગ આપવો એ સારૂં છે. એટલે તે-
ઓનાં કૃત્ય અને ભાષણ એકદમ દાબી દેવાં નહિ. (એટલી સાવચેતી રાખવી
કે તેઓ ઉદ્ધત અને શિરજોર ન થઈ જાય.) કારણ કે શરીરમાંનો બગાડ
ઘા વાટે બહાર નીકળી જતો હોય તેને માંહે ને માંહે જ ફેલાવી દેવાથી
જેમ શરીરમાં ભયંકર દુઃસાધ્ય રોગ થાય છે તેમ રાજ્યમાં થાય.

એવી કથા છે કે સૃષ્ટિ નિર્માણ થઈ ત્યારે ઇશ્વરે એપિમેથિઅસને એક
પટારો આપ્યો અને તેને કહ્યું કે "આ તું ઉઘાડીશ નહિ." પણ એપિમેથિ-
અસને એ પટારામાં શું છે તે જાણવાની ઉત્કંઠા થઇ, અને ઈશ્વરની આજ્ઞા
ન માનતાં તેણે પટારો ઉઘાડ્યો. તે ઉઘડતાં જ તેમાંથી નાના પ્રકારનાં દુઃખ
નીકળીને પૃથ્વી ઉપર ફેલાયાં. તે જોઇને તેણે પટારો એકદમ બંધ કરી દીધો
તેથી ઐાથી નીચે આશા હતી તે માત્ર પટારામાં રહી. આનો અર્થ એટલો જ

કે ગમે તેટલાં દુઃખ પડે તોપણ આશા છોડવી નહિ; તે બહુ જ જરૂરની છે. અસંતોષ દૂર કરવામાં પણ આશા જેવો બીજો સારો ઉપાય છે જ નહિ. લોકોને એક પછી એક એમ જૂઠી જૂઠી આશાઓ આપતા જવી એ અસંતોષ રૂપી ઝેરનો ઉત્તમ ઉતાર છે. જો કદી રૈયતને ખરું સુખ આપવાનું મનમાં ન હોય તોપણ માત્ર આશા દેખાડીને જે સરકાર લોકોનાં મન પોતાની તરફ વાળી લે છે, અને જે એવી રીતે રાજ્ય ચલાવે છે કે ગમેતેવી દુઃખની બાબત હોય તોપણ તેમાં કાંઇ આશા બતાવીને તે દુઃખ લોકને દુઃસહ લાગવા દેતી નથી, તે સરકાર શાણી. આમ કરવું કાંઇ કઠણ નથી, કેમકે કોઈ એકાદ માણસ હોય કે કોઈ પક્ષ હોય પણ તેને આશાથી દિલાસો મળ્યા વિના રહેતો નથી.

અસંતોષી બંડખોર લોક જેની તરફ થઈ જાય અથવા જેના કહેવાથી એકદમ એકઠા થઇ જાય એવો યોગ્ય માણસ રાજ્યમાં કોઇ ન હોય એવી બબરદારી પહેલેથી જ રાખવી. યોગ્ય માણસ એટલે જે મોટો હોય ને લોકમાં જેનું વજન પડતું હોય, અને પોતે અસંતોષી હોય; જો કદી હોય તો આવી જાતના માણસને સરકારે પોતાના પક્ષમાં મેળવી લેવો જોઇએ; અથવા તેના જ પક્ષમાં તેના જ જેવો એક બીજો માણસ ઉભો કરીને તેમનામાં ફાટાફાટ કરાવવી. આથી પહેલા માણસનું વજન કંઈ ઓછું થશે. જે પક્ષ રાજ્ય વિરૂદ્ધ હોય તેમાં પરસ્પર દ્વેષ ઉત્પન્ન કરીને, નહિતો છેવટ અવિશ્વાસ ઉત્પન્ન કરીને પણ ફાટાફાટ કરાવવી એ ઉપાય સાધારણ રીતે કંઇ ખોટો નથી. જો આમ ન થાય તો રાજ્યપક્ષમાં ફાટફૂટ થાય તથા વિરૂદ્ધ પક્ષમાં એકસંપ થાય અને તેથી રાજ્યનું આવી બન્યું સમજવું.

રાજાઓનાં માર્મિક ભાષણો કોઇકોઇ વાર અસંતોષ ઉત્પન્ન કરે છે એવું જોવામાં આવે છે. " સહા અક્ષર શત્રુ હતો અને તેનામાં રોમના રાજનિયંતાનું કામ કરવાની શક્તિ નહોતી " એવું સીઝરે કહ્યું તે તેને આખરે નડયું. કારણ કે લોકોએ આ બોલવાનો અર્થ એવો કર્યો કે સીઝર પોતાને રાજ્યનિયંતાનું કામ કરવાને શક્તિમાન ગણે છે, અને તેથી તે કામ જીવતા સૂધી છોડશે નહિ.

ગાલ્બાનો નાશ થવાનું કારણ પણ ભાષણ જ હતું, તેણે એક વાર કહ્યું કે " સિપાઇઓને મેં પગાર આપીને રાખ્યા છે, તેમને કાંઇ વેચાતા લીધા નથી. " સિપાઇઓને આજ સુધી જે ઇનામ અકરામ પાદશાહ પાસેથી મળતાં હતાં તે હવે નહિ મળે એવી તેમની ખાત્રી થઇ તેથી તેઓ ગાલ્બાના સામા થઈ બેઠા.

પ્રોબસ બોલ્યો હતો કે "હું બચીશ અને વધારે જીવીશ તો પછી રોમના રાજ્યમાં લશ્કરની કાંઈ જરૂર રહેવાની નથી." આ ઉપરથી સિપાઇ લોકો

નિરાશ થવાથી તેના સામા થયા. આવાં બીજાં ઘણાં ઉદાહરણ છે, માટે બારીક અને અણીને વખતે રાજાએ જે બોલવું તે વિચારીને બોલવું. તેમાં એ વિશેષે કરીને ઉપર કહેલાં ટુંકાં વાક્યો જેવું બોલતાં બહુ જ વિચાર કરવો. કારણ કે તે બાણની પેઠે ચોતરફ ઊડેછે અને લોક એમ સમજે છે કે તે બોલનારના મનનો અભિપ્રાય જણાવેછે. લાંબાં લાંબાં ભાષણો રૂચીકર હોતાં નથી અને તેના ઉપર કોઇ લક્ષ આપતું નથી.

છેવટ કહેવાનું એ છે કે હુલડ થાય તો તે શરૂઆતમાં જ બેસાડી દેવાને રાજા પાસે એક અથવા અનેક શૂર પુરૂષ જોઇએ, નહિ તો હુલડની વાત સાંભળતાં જ દરબારમાં થવી જોઇએ તેના કરતાં વધારે ગડબડ થઇ રહે છે અને રાજ્યને ધોકો લાગે છે. આ શૂર પુરૂષો પણ વિશ્વાસપાત્ર જોઇએ. તે કોઇ પક્ષના કે લોકપ્રિય ન જોઇએ. અને રાજ્યના બીજા મોટા માણસોના સમોવડીયા હોવા જોઇએ. નહિ તો વળી ફ્રાંસ કાઢતાં સાલ પેસે.

વણજારાનો વૃત્તાન્ત.

(સાંધણ પૃષ્ઠ ૨૬૭ થી.)

સિરંગાપટ્ટમને પડયાને ઘણો વખત થયો નહિ એટલામાં ધોંડી નામનો એક પક્ષકાર, વિખરાઇ ગયેલાં લશ્કરોનો ઘણો ભાગ એકઠો કરીને વિજેતાની સત્તાનો અનાદર કરવા પ્રવૃત્ત થયો. માર્કિવસ વેલેસ્લીની સરદારી નીચે એક મોટું લશ્કર તેની સામે મોકલ્યું, ને નિઝામના લશ્કર સાથે કર્નલ ડેલરિંપલના હાથ નીચે એક બીજી ટુકડી પણ પેલા લશ્કરની મદદે મોકલી. સરકારી લશ્કર સાથેનું થોડાક વણજારાનું ટોળું શત્રુના પક્ષમાં જવાને યત્ન કરતું હતું, તેવામાં આ બીજા અમલદારે તેમને અટકાવ્યા. તેણે તેમના સાથીઓને એક દૃષ્ટાન્ત દેખાડવા ખાતર મુખ્ય સાત નાયકોને ફાંસી દીધી, ને દર્શાવી આપ્યું કે જેટલે અંશે તેમનું ઔદાર્ય વાંછનીય હતું તેટલે જ અંશે તેમનું વૈર ભયપ્રદ હતું.

ઉપર જણાવ્યું છે કે મહિસુરના વિગ્રહમાં મદ્રાસ અને કર્ણાટકથી આવેલી આમદાની શિવાય ફક્ત વણજારા તરફથીજ ૪૦,૦૦૦ પોઠ આવી હતી. વળી સન ૧૮૦૩માં દક્ષિણમાં લડાઇ ચાલી તે વખતે જનરલ વેલેસ્લીના તાબામાં નિઝામ લશ્કરના ઉપરી કર્નલ સ્ટીવન્સનની છાવણીમાં સન ૧૮૦૩ ના ઓગસ્ટ માસમાં ભોરદાઉન ગામ આગળ વણજારાની પોઠ ભેગી કરી હતી, તે સંખ્યા એકલા રાઠોડની જ સમૃદ્ધિના વિસ્તારનો સહજ ખ્યાલ આપશે.

બ્રિટિશ લશ્કર સાથ ભીમાનાયક ભંગી પાસે. ... ...૩૫૦૦૦ પોઠ.
નિઝામ લશ્કર સાથ લેચ્મનનાયક ભંગી પાસે. ... ...૨૬૦૦૦ ,,
વણજારાના માંહોમાંહે ખાનગી વેપાર સાથ. ... ...૨૩૦૦૦ ,,
કુલ ૮૪૦૦૦ પોઠ.

તે વખતે લશ્કર સાથેના કામીસરી જનરલ કેપ્ટન સ્ટેન્ફોર્થ જોન્સનના પત્રક પ્રમાણે આ આંકડો મળતો આવે છે.

વણજારાની આ વ્યવસ્થાનો ઉપયોગ આ લડાઇ વિના બીજે કોઇ પ્રસંગે સુસ્પષ્ટ સાબિત થયો જણાતો નથી. લશ્કરી મોદીખાનાનું ગુંચવણ ભરેલું ખાતું, ઘણાં લશ્કરો અથવા જથ્થ નોકરો, ચોરી અથવા પ્રતારણાનું ભોખમ, અથવા આમદાનીની ઉચાપત, ઇત્યાદિ ભોખમ વિના, જે દેશમાં નિર્દય મરાઠાઓએ ઔદાનમૈદાન વાળ્યું હતું, જ્યાં દુકાળ ને પાયમાલીથી પ્રત્યેક સ્થળે દૃષ્ટિગોચર થતા ત્રાસદાયક બનાવોથી માનુષવૃત્તિને કમકમાટ ઊપજતો, જ્યાં ક્ષુધાર્ત્તમાતા પોતાના જ બાળક ઉપર ગુજરાન કરતી જણાતી હતી, જ્યાં અન્ય ક્ષણે અંત પામનાર જીવિત લંબાવવાને પુત્ર પોતાનાં માતપિતાના માંસથી જ નિર્વાહ કરતો; આવા દેખાવમાં, આવે સ્થળે, ને આવે પ્રસંગે સાહ હજાર માણસના બ્રિટિશ અને મળતિયા લશ્કરોને આ વણે વિગ્રહોમાં રૂપિયાના સાત શેરના સરેરાશ ભાવથી (પણ પાંચ શેરથી ઓછું કદી નહિ) ધાન્ય પુરૂ પાડવામાં આવતું હતું. આ અત્યુત્તમ વ્યવસ્થાના પરિણામેજ લશ્કરો સુગમતા ને ત્વરાથી દરેક દિશામાં જઇ શકતાં હતાં. પણ બીજી રીતે જોતાં રણસંગ્રામના સ્થાનભૂત પાયમાલ પ્રદેશનીજ આવક ઉપર જો જરાપણ વિશ્વાસ રાખ્યો હોત, ને પુના તથા હૈદ્રાબાદથી આગળ વધી વકાદારી ઉત્તર તરફ ન ગયા હોત, તો તો તે વિગ્રહોમાં કદાચ રક્ષણ જ થઇ શકત; તે ચઢાઇની ક્રિયામાત્ર ચોટા વિસ્તારવાળી સરહદનું રક્ષણ કરવામાં જ થઇ શકત; ને ગમેતેટલા પ્રયત્ન કર્યા છતાં પણ વારંવાર હુમલા થયાં જાત, ને દેશની અત્યંત દુર્દશા થાત.

વણજારાઓ બહુધા પોતાના કામકાજમાં બ્રિટિશ સરકાર સાથે પ્રમાણિકપણે વર્ત્તેલા છે, તોપણ શુદ્ધ નેકીના ધોરણ કરતાં સ્વાર્થપ્રતિ વિશેષ લક્ષ આપેલું જણાય છે. તેમના અપ્રમાણિકપણાનાં દૃષ્ટાન્તો પણ નજરે પડે છે, તેમાનું એક ઉપર વર્ણવ્યું છે. માર્કિવસ વેલિંગ્ટનની કૂચ વખતે બીજાં બે મળી આવે છે, તે અત્ર જણાવવાં યોગ્ય લાગે છે. પ્રથમમાં તેમની એક નાની દુકડીએ શત્રુને મળી જવાને કૂચ કરી, પણ નિઝામ ઘોડેસ્વારના ઉપરી દુલીખાને તેમને પકડ્યા. તેણે આ વર્તમાન લૉર્ડ વેલિંગ્ટનને જણાવ્યા. તેણે તેમનો માલ જપ્ત કરવાને તથા ટંડાના નાયકને ફાંસી દેવા

દુલીખાનને ફરમાવ્યું. નિઝામના અમલદારે હુકમનો બીજો ભાગ અમલમાં આણ્યો નહિ, પરંતુ જપ્ત કરેલો માલ લશ્કરના ઉપયોગમાં વાપરી દીધો, ને આમાંથી એક વિચિત્ર કૌતુક જાગ્યું, તે જોકે ચાલતી વાત સાથે નિકટ સંબંધ ધરાવતું નથી તોપણ લૉર્ડ વેલિંગ્ટનની વતીબુકને કેવું માન અપાતું હતું, તથા કેટલાક દેશીઓ માણસની અન્તર્વૃત્તિઓમાં પ્રવેશ કરી ઓળખી કાઢવાનું સામર્થ્ય ધરાવે છે તે જણાવવાને ઉપયોગી લાગવાથી વર્ણવવું આવશ્યક છે.

ઉપર જણાવેલી બિનામે પાંચ વર્ષ વીત્યા પછી સન ૧૮૦૮ માં શત્રુ સાથે સામેલ થઈ જનાર નાયકે સાંભળ્યું કે લેફ્ટેનન્ટ કર્નલ બર્કલી (જે દક્ષિણમાં માર્કિવસ વેલિંગ્ટન સાથે એડ્જ્યુટન્ટ જનરલ હતો) મદ્રાસમાં ટાઉન મેજરના પદપર હતો ત્યારે તેની પાસે ગયો અને ફર્યાદ કરી કે સન ૧૮૦૩-૪ ની સાલમાં દુલીખાને અનાજનો મોટો જથ્થો પડાવી દીધો હતો ને તેની કિમત વસૂલ આપી નહતી. કર્નલ બર્કલી આ વાતથી ઠગાયો, અને પોતાના સ્નેહીને હૈદ્રાબાદ લખ્યું કે ત્યાંના રેસિડેન્ટ કેપ્ટન ટોમસ સિડેનહામ સાથે વાતચીત કરીને દુલીખાન પાસેથી નાણાં વસૂલ કરાવી આપવાં. તે મુજબ કેપ્ટન સિડેનહામે થોડા વખત પછી દુલીખાનને કંઈ કાર્ય પરત્વે બોલાવ્યો; વાતચીત કરતાં એ પ્રસંગ સંભાર્યો ને વણજારા નાયકને બોલાવ્યો. દુલીખાનને તરતજ તે સાંભેગો યાદ આવ્યો ને બોલ્યો. "આ વૃદ્ધ માણસને ફાંસી દેવા હુકમ હાજર છે," ને પાયદીમાંથી બીજા કેટલાક કાગળો કાઢી જોઇતો કાગળ રજુ કર્યો. અલબત વણજારાની વાત મારી ગઈ ને કેપ્ટન સિડેનહામે તેના સુભાગ્યવશાત્ બચ્યાવનાં વખાણ કર્યાં. તો પણ દુલીખાનને પુછ્યા વિના તેનાથી ન રહેવાયું કે બેલેસ્લીના કાગળો તે કેવી રીતે લાવ્યો હશે. કેમકે જે પ્રયોજને તેને બોલાવ્યો હતો તે તો તેના જાણવામાં નહતું. તે અમલદારે કહ્યું "હા, ખરી વાત છે; પણ આપ જુઓ છો કે લૉર્ડ વેલેસ્લી પાસેથી જે જે કાગળો આવ્યા છે તે આ બંડલમાં છે. તે પુરૂષની બુદ્ધિ ને કુશળતાના માનની ખાતર તેહું મારા શરીરને લગતાજ અથવા પાયદીમાં રાખું છું, કેમકે એક લશ્કરી અથવા રાજનીતિજ્ઞ તરિકે તેની બેડ જે કદી બેઈ નથી. જ્યાં સુધી આ મારી પાસે છે ત્યાં સુધી મને ખાત્રી છે કે કાંઈ વિઘ્ન નડનાર નથી, તે બરોબર એક તાવિજ છે!"

કરાર તોડ્યાનો બીજો દાખલો બદ્રણભાઇ નજીક બન્યો હતો. ત્યાં હડહડતા દુકાળમાં રૂ. ૧૬,૦૦૦) ની કિમતે ૩૮,૦૦૦ શેર ચોખા લશ્કરી છાવણીમાં લાવવાને બદલે વેચી દીધા. માલની ઉચાપત કરવાથી કર્નલ સ્ટીવન્સને નાયકોને ફાંસી દેવાનો વિચાર કર્યો, પણ કેટલાક મુદ્દાસર તે વાત માંડી વાળી.

તેમના રીતિ રિવાજ વિષેઃ—પ્રથમ તો વણજારો જન્મતાં વાર જ ખુલ્લા મેદાનમાં છાવણીમાં જ ઉછરે છે. ઉષ્ણકટીબંધનો તાપ, ઠંડા પવનના સપાટા, ને વર્ષાઋતુની હેલી, જન્મથી જ સહન કરે છે. આ અવસ્થામાં તેના શરીરનો બાંધો મજબૂત થાયછે, અને રહેણી તથા સ્વભાવમાં કડકતા–ક્રૂરતા–આવેછે; તેમ જ વિચાર ને વર્તનમાં નિરંકુશતા–સ્વતંત્રતા–આવે છે. તેથી તે કસરતી, મજબૂત, ને બહાદુર નીવડેછે. સ્ત્રીઓની પણ એ જ સ્થિતિ હોય છે, ને તે સુરૂપવતી નથી હોતી એ સુવિદિત છે. પુરૂષનું કર્તવ્ય ઢોર સંભાળવાનું છે અને સ્ત્રીનું બીજાં હલકાં કામકાજ કરવા તથા બાલક ઉછેરવાનું છે. આગળ જણાવ્યું તેમ બંનેનો પોશાક મુરહતોને મળતો છે. માણસના હાથમાં બહુધા તરવાર, ઢાલ, ભાલો અથવા જામગિરી વાળી બંદૂક હોયછે. તેમની સાથે હમેશાં વિચિત્ર રીતે ઉછરેલા મોટા કદના અને સુંદર કૂતરા હોય છે. તેમનો રંગ ઘણું કરીને ધુળીઓ અથવા ભુંખરો હોયછે, ને તેમના બરછટ લાંબા વાળથી જંગલમાં ખુલ્લી જગ્યામાં ઉછરેલા જણાઇ આવેછે. સાલસાઇ ને મમતા તેમજ શિકારમાં ત્વરા ને હિંમત માટે આ પ્રાણી પ્રખ્યાત છે. આ કૂતરાની મદદથી તે સસલાં અને ભુંડનો શિકાર કરે છે. તેનું માંસ તેઓ બહુ વખાણેછે, ને ચોમાસામાં હરણનો પણ શિકાર કરેછે. ધાન્ય અથવા બીજા વેપારના માલના કાફલા સાથે કૂચ કરતી વખતે ને ભરતી અથવા ઠાલવતી વખતે પોતાના બૈલા ગણી રાખવાને ખાસ કાળજી રાખેછે; ને ધાડ પડવા સંભવ હોય ત્યારે પોતાના ઢોરને એકઠાં કરી બૈલાને છાતીપૂર ઉંચા બડકી દે છે, ને અપરિમિત સાહસને હિંમતથી લઢેછે. લશ્કર સાથે જતી વખતે પોતાનાં બૈરાં છોકરાંને પોતાના દેશમાં કોઈ નિર્ભય સ્થલે રહેવા દેછે. ઘરનાં છાપરાં ઉકેલવા, તૈયાર કાઢી મુકેલું પાણી વાપરી દેવા, તથા દુશ્મનના મુલકમાં લુટફાટ કરવાના ઔરંગજેબ પાસેથી મેળવેલા હકને બહાને તે સાધારણ રીતે લુંટફાટ ચલાવેછે. સુલેહના સમયમાં જ્યાં જ્યાં પ્રયાણ કરેછે ત્યાં ત્યાં ઘોળે દિવસે સરિયામ રસ્તા ઉપર કૂરતાથી લુંટ ચલાવેછે, ને કોઈ સામે થાય અથવા જાહેર પડી જવાનો વખત આવે તો ભાગ્યેજ જીવ લેતાં અટકેછે. તેમજ લડાઈના સમયમાં પોતાનાં ગામડાં તથા સરહદી દુશ્મનોના મુલકની સંભાળ રાખવાને તેમની ચોકી મૂકવાની ઘણી વખત જરૂર જણાઈ છે તથાપિ ગમે તે લાલચ આપતાં પણ કોઈ એકાકી માણસ પોતે કયા ટંડાનો છે તે જણાવશે નહિ, તેમજ તેમના ટંડાના નાયકો પણ તેમને કબુલ કરશે નહિ, ને તેમના કૃત્યનું વૈર લેશે નહિ. સ્પાર્ટન લોકોની પેઠે તેમનામાં પણ ચોરી એ ગુનો ગણાતો નથી, પણ પકડાઈ જવાથી શિક્ષા થાય છે. આ બાબતમાં તેમના પાપાચાર અને નેકીના સિદ્ધાંત બતાવનાર એક નામીચો દાખલો

મરાઠા વિગ્રહ વખતે સન ૧૮૦૩ માં બન્યો હતો. જનરલ વેલેસ્લી તરફથી કર્નલ સ્ટીવન્સન ઉપર એક સંધ્યાકાળે હુકમ આવ્યો કે તે જ રાત્રે તેની ઘોડેસ્વાર પલટન સારૂ પાંચસેં પોઠ અનાજ મોકલી દેવું. કેમકે અંધારામાં દુશ્મનોના રોકાણ વગર નિર્ભયતાથી આવી પહોંચે નહિ તો દિવસે રોકાણ થવાનો સંભવ હતો. ઘાસદાણો રવાને કરવા સારૂ મોદીખાનાના દેશી અમલદારને તરત જ મોકલવામાં આવ્યો. તે થોડાક સિપાઈ સાથે વણજારાની છાવણી તરફ જતો હતો તેવામાં કોઈક વેદનાથી પીડાતાનો આર્ત્તસ્વર તેને કાને આવ્યો. તે તરત જ તે સ્થલે ગયો ને લશ્કરમાં માલ વેચનાર કોઈ એક માણસને મારી નાંખવાની તૈયારીમાં બે વણજારાને ઉઘાડી તરવારે જોયા. તેમની તરત જ પુંઠ લીધી, તેમને પકડયા ને બીજે દિવસે બધા વણજારા નાયકોના દેખતાં તેમને ફાંસી દીધી. તેમણે નિઃશંકપણે જાહેર કર્યું કે આરોપીને કોઈ ઓળખતા જ નથી, ને મરનારાએ પોતાનો કાંઈ પણ હેવાલ જણાવવાની ના પાડી.

એને જ મળતો બીજો દાખલો હૈદ્રાબાદના નિઝામના લશ્કરના કમિસરી જનરલ મેજર મેકિન્ટોશના સંબંધમાં પણ બન્યો હતો. મદ્રાસથી જાલના તરફ જતાં રસ્તામાં નલગુંડાના ગામ આગળ તેનો બધો માલ લુંટી લઈ એસવાની પાલખી પણ ભાગી નાંખી, ને તેના બેધડકપણાથી માત્ર તેનો જીવ બચ્યો. તેને તેમની ભાષામાં વાત કરતાં આવડતી હોવાથી જીવ લેવાની તેમની મૂર્ખાઈ માટે પ્રશ્નોત્તર કર્યા ને જણાવ્યું કે તેથી તેમને કંઈ ફાયદો થવાનો નથી પણ બદલે જરૂર ઉઘાડા પડી જવાશે. પાછળથી તેઓ ઝલાયા ને તેમને હૈદ્રાબાદમાં બોલાવવામાં આવ્યા હતા. પણ તેમણે કંઈ પણ હેવાલ આપવા ચોખી ના પાડી.

આ પ્રમાણે વણજારાના ઇતિહાસનું સ્થૂલ સ્વરૂપ છે. જો તેમની ખાનગી અને ભટકેલ ટેવનો જ ફક્ત વિચાર કરીએ તો સુધારાની સ્થિતિમાં આવેલા દેશમાં તેમને તો અત્યંત જંગલી અવસ્થા ભોગવનાર કહ્યા વિના ચાલે નહિ. પરંતુ સાર્વજનિક લાભનો વિચાર કરતાં તેમને સામાન્ય પ્રજાના વર્ગ તરિકે લેખીએ તો પ્રત્યેક સમીપવર્તિ પ્રદેશમાં વ્યાપાર વૃદ્ધિમાં વા લશ્કરનો સરંજામ પુરો પાડવામાં તેમની વારંવાર ઉપયોગિતા સ્વીકાર્યા વિના રહેવાય નહિ. હવે તેમની ચારે જાતિનાં સાધન સાહિત્યોની વિગત આપી આ વિષય સમાપ્ત કરીશું.

૧ રાઠોડ લોકો ૯૦,૦૦૦ પોઠના માલિક છે. તે ગોંડવાડામાં વરધા નદીના મૂલ આગળથી માંડી નિઝમલ, હૈદ્રાબાદ, કાનૂલ, ને કુપરામાં થઇને મહિસૂરની સરહદ સુધીના પ્રદેશમાં વસેછે, ને પશ્ચિમમાં કોંકણના કાંઠા સુધી બેપાર ચલાવે છે. તે નીચે પ્રમાણે વહેંચાયલા છેઃ—

હૈદ્રાબાદ	...૫૦૦૦૦
ઔરંગાબાદ	... ૪૦૦૦
પુના તથા કોંકણ	...૨૪૦૦૦
પરચુરણ મુલક	...૧૨૦૦૦
કુલ	૯૦૦૦૦

૨ ભરતીઆ લોકો ચિકાકોલીથી દક્ષિણે નેલોર સુધીના પૂર્વ તરફના દરિયા કાંઠાના પ્રદેશમાં વસે છે, ને પશ્ચિમમાં રાઠોડની પૂર્વ શાખા સાથે જોડાય છે. તેમના ટંડાના વિભાગની સંખ્યાની પૂરી ખબર નથી પણ એકંદર સંખ્યા ૮૦૦૦૦ થાયછે.

૩ ચોહાણ લોકો નેલોરની દક્ષિણે કર્ણાટક, દ્રાવિડ ને મહિસુરના મુલકમાં વસે છે, ને ૧૮૦૦૦ પોઠના માલિક છે.

૪ સમગ્ર વણજારામાં પંવારનું સંખ્યાબલ બહુ ક્ષીણ છે, પણ કામના પ્રમાણમાં વસ્તીનો વિસ્તાર છે. બધા લોકોની પેઠે તેમનામાં પણ ગુજરાનના સાધન ઉપર પ્રજાનો આધાર છે. કેમકે જ્યારે કોઈની પાસે કૌટુંબિક પોષણ સારૂ પુરતા પૈસા નથી હોતા ત્યારે તે પરણવાની પણ ના પાડેછે. આ લોક તેમના ઢારના પ્રમાણમાં અન્ય જાતિ કરતાં વધારે સંખ્યાબંધછે ને તેથીજ વધારે ગરીબ છે. ઓરિસ્સા, ગંજામ, ને ગોંડવાડા સુધી વેપાર ચલાવેછે. ત્યાં દરિયા કાંઠેથી મીઠું મોકલેછે ને ચોખા મગાવેછે. નાગપુરમાં બધી વેપારની વસ્તુઓ તથા અનાજ લાવેછે, ને ૧૨૦૦૦ પોઠના માલિક છે.

વણજારાઓને જૂદાં જૂદાં લશ્કરોને માલ પૂરો પાડવા સારૂ રાખવામાં આવતા હતા ને કેટલીક વખત તેમને ઘણો સારો નફો મળતો હતો તેમ છતાં પણ આવી દેખીતી કંગાલ સ્થિતિમાં જ રહે છે એ વાત ઘણી આશ્ચર્યકારક છે. પણ તેમની દુરાચારી અને ભટકેલ રીત, અન્યોઅન્યપ્રતિ આસક્તિ, ઘરમાં એક પણ દિવસ ઉંઘવાનો ધર્માદિષ્ટ ત્યાગ, અને મદ્યની ટેવ સંબંધી વિચાર કરતાં વિસ્મયને અવકાશ મળતો નથી; ને છેલ્લી આદત તેમનામાં એટલી બધી જામેલીછે કે કોઈ પણ કુટુંબને, મુસાફરીમાં ઓવાયલાં અથવા મરી ગયેલાં ઢારને બદલે નવાં ખરીદ કરવાને નફો સંઘરી રાખવાનો ભાગ્યે જ વિચાર રહેછે !

હવે મુલતાની લોક સંબંધી બે બોલ લખી આ વિષય બંધ કરીશું. જ્યારે નાદિરશાહે હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી ત્યારે સન ૧૭૩૯ માં તે લોકો મુલતાનથી અસફજાહ સાથે દક્ષિણમાં આવ્યા ને ઔરંગાબાદની સમીપમાં વસ્યા, તથા ત્યાં રહીને હિંદુ વણજારાઓને મળતો જ વેપાર

ચલાવે છે. તે જાતે મુસલમાન છે. દેશ વિદેશ ભટકવું, ચોમાસામાં ઝુપડામાં રહેવું ને બાકીની મોસમમાં ખુલ્લા મેદાનમાં પડાવ નાંખવો તે શિવાય તેમનામાં કંઈ નવીન વિલક્ષણતા નથી. ઔરંગાબાદમાં આશરે પાંચ હજાર ઢોર છે ને હૈદ્રાબાદમાં પણ કેટલાંક છે. ત્યાંના વણજારાઘણું ખરૂં ગામમાં વસે છે, ને સોનું કાઢવાનો તથા શહેરના ઉમરાવ લોક સારૂ બરફ બનાવવાનો ધંધો કરેછે.

મનુષ્યના આચાર અને કર્તવ્ય.

(અનુસંધાન પૃષ્ટ ૨૭૨ થી.)

૬

વિવેક.

૧ જૂદા જૂદા દેશોમાં વિવેકની રીતો જૂદી જૂદી હોયછે. પરંતુ જે ખરો વિવેક સુબુદ્ધિ અને સારા સ્વભાવનું ફળ છે, તેતો સર્વત્ર એકજ હોયછે.

ગોલ્ડસ્મિથ.

૨. એમ કહેવાયછે કે આપણી આસપાસ જેઓ વસેછે, તેમને સુખી કરવાની આપણી અંતરની ઇચ્છામાંથી સભ્યતા જન્મ પામેછે; પરંતુ ઘણાંએક દયાળુ અને સારાં મનુષ્યો એવાં પણ પડયાં હોયછે કે તેઓમાં બીજાંને સુખી કરવાની મોટી કળાની અછત હોયછે; આ ઉપરથી એમ ઠરેછે કે દરેક ગુણની માફક વિવેકના સદ્‌ગુણને પણ યોગ્ય રીતે ઉછેરીને કેળવવાની જરૂર છે, નહિતો તે મનમાં જ રહી જાય અગર નીચ ધૂર્ત્તતાનું રૂપ ધારણ કરે. કારણ કે એવું કહેવાયછે કે સદ્‌ગુણ ઘણીવાર દુર્ગુણને રસ્તે ચાલેછે.—રિચર્ડસન.

૩. સભ્યતા એ સ્નેહથી દર્શાવેલી ખરેખરી મમતા છે. સર્વ સભ્યતાનો સાર આટલો જ છે.—વિધરસ્પુન.

૪. સભ્યતા વાથી પુલાવેલા ઉશિકા જેવી છે—તેમાં કંઈ માલ નહોય તોપણ દુનિયાંની ધકાધકીના શ્રમને તે કોઇ તરેહવાર રીતે દૂર કરેછે.

વેઝિન.

૫. આપણે જાતે આનંદમાં રહેવું અને આપણી આસપાસ જે હોય તે સર્વને બને તેમ આનંદમાં રાખવાં એ જ ખરો વિવેક છે.—પોપ.

૬. સભ્ય વર્તણુક છેક કૃત્રિમ ગણવા જેવી નથી. જનમંડળના આનંદનો જેઓને અનુભવ થઇ રહ્યો છે તેઓ દયાની લાગણી વધારતા જાયછે અને બીજાઓને સુખી કરવામાં ઉચ્ચ આનંદ માનેછે. મગરૂર સ્વાર્થી મનુષ્યને આ આનંદનું સ્વપ્ન પણ આવતું નહિ હોય.—કેમ્બ્સ.

૭. વાતચિતમાં વિવેકનો ગુણ અતિ અગત્યનો છે. તે માણસની સારી કેળવણીનાં બહારનાં ચિહ્નને વાપરી જાણવાની કળા છે. આ ચિહ્નો મનના ગુણ વિષે આપણને કશી ખાત્રી કરી આપતાં નથી. સભ્યતા એ પ્રમાણિક પણાનું અનુકરણ છે, અને માણસે અંતરમાં કેવા હોવું જોઇએ તે બહારથી દેખાડી આપે છે, ને તોરમાં, વાતચિતમાં, અને કૃત્યોમાં સર્વમાં તે દેખાઇ આવે છે.—લારોશફ્રેકોલ્ડ.

૮. બીજાઓના હક, દાવા તથા લાગણીઓ પોતાની દૃષ્ટિ બહાર કદી ન જાય એ રીતે રહેતું નીતિજ્ઞાનનું સતત જાગ્રત ભાન, એ સભ્યતાનું ખરૂં ઉદ્‌ભવ સ્થાન છે. સદ્‌ગૃહસ્થાઇના, બીજા સઘળા ગુણ કરતાં આ ગુણ વિશેષ આવશ્યક છે.—સિમ્સ.

૯. નાની નાની બાબતોમાં બતાવેલા વિવેકને એટલે, જીંદગીના વ્યાપારની રોજરોજની, ક્ષણુક્ષણની નાની નાની બાબતોમાં પોતાની જાત કરતાં બીજાને વિશેષ લાભ આપવો એને પરોપકાર બુદ્ધિ કહી શકાય. બીજાને સારૂં સ્થાન આપવું, વધારે સગવડ વાળી જગા આપવી, પ્રથમ પીરસાવવું, અને આના જેવી બીજી નાની બાબતમાં બીજાની સવડ અને સુખ સાચવવા શિવાય બીજું શું છે? અને આનું જ નામ સભ્યતા. આચારના નિયમને અનુસરીને નીચા નમી સલામો કરવી; અથવા બેદરકારીથી "સાહેબજી" "કે સાહેબ મહેરબાન" કરવા, એ કદી ખરી સભ્યતા નથી. સભ્યતા તો સ્વાભાવિક, અણુધારી મરદાની તથા ઉચ્ચ જોઇએ. જેની સાથે તમે વાતચિત કરતા હો, અગર રહેતા હો તે સઘળા સાથે હલકી બાબતોમાં પણ પ્રેમથી વર્તવાને હમેશાં તત્પર અને પરોપકારી મન શિવાય બીજા કશાથી આ વિવેક મળે એમ નથી.—ચેથેમ.

૧૦. જીંદગી કંઈ એટલીબધી ટુંકી નથી, કે વિવેક બતાવવાને વખત ન જ આવે.—એમર્સન.

૧૧. સદ્‌ગુણની સાથે જો અભાવ ઉત્પન્ન કરે તેવી રીતભાત હોય તો તે સદ્‌ગુણ પણ અભાવ ઉત્પન્ન કરેછે.—મિડલ્‌ટન.

૧૨. ખવરાવવું, પીવરાવવું અને ખાટલા ગોદડાં આપવાં એનું નામ જ વિવેક નથી. સત્ય, પ્રેમ, સન્માન, અને સભ્યતા પણ તારાં સર્વ કામમાં હોવી જોઇએ.—એમર્સન.

૧૩. સારૂં કૃત્ય કર્યું કદી જતું નથી. જે વિવેક વાવે છે, તે સ્નેહ લણે છે. અને જે મમતા રોપે છે, તે પ્રેમ ભેગો કરે છે.—એસિલ.

૧૪. સર્વ જોડે વિવેકથી વર્તો, પરંતુ મનનો પાર થોડાને જ આપવો. અને આ થોડાને પણ તેમની સારી પેઠે કસોટી કાઢી જોઈને જ.—વૉશિંગ્ટન.

૧૫. સભ્ય જનમંડળમાં વિવેક એ અતિ મોહક વસ્તુ છે, એની ના

પાડી શકાય તેમ નથી. આ સદ્‌ગુણ આપણને કેટલાકના દોષ સાંખી રહેવાનું, કેટલાકના તુરંગ અને ધૂનોને ધૈર્યથી સહન કરવાનું, તેમના વિચારો જાણીને મધુર સૂચનાઓથી તેમને સુધારવાનું અને સર્વને ખુશી કરવાની અંતઃકરણની ઇચ્છા વડે સર્વની પ્રીતિ મેળવવાનું શીખવેછે.—જેરેમીકલીયર.

૧૬. સાખ પાડવા સાથે સંબંધ ધરાવતી બીજી ઘણી વસ્તુઓની માફક વિવેકમાં પણ લોકો અંતઃકરણને બદલે બાહ્યોપચારથી શરૂઆત કરેછે. અંતઃકરણ સારૂં હશે તો તે રીતભાતને સુધારશે એમ વિશ્વાસ રાખવાને બદલે તેઓ એવો વિશ્વાસ રાખી બેસેછે કે રીતભાત સારી હશે તો અંતઃકરણ એની મેળે સુધરશે. મિસિસ ચાપ્‌લ્ડ.

જયન્ત.

શેખસાદી[1]કૃત કરીમા[2]

(સાંધણ પૃષ્ટ ૨૭૭ થી)

દાન સ્તુતિ.

મળે ધર્મ દાને જ સૌભાગ્ય છે, જનો ધર્મથી ભાગ્યશાળી બને;
જગત્‌માં બને દાનથી વીર તું, દયા દાનને દેશ ઉમ્રાવ તું.
સખાવત કરે ચિત્તથી શુદ્ધ જે, સખાવત કરે ભાગ્યશાળી જ જે;
સખાવત વડે તાંબુ સોનું બને, સખાવત ખરે સર્વ પીડા હણે.
બને તો રહો દૂર ના દાનથી, ભલાઈ મળે લોકમાં દાનથી;

કૃપણ નિંદા.

જગત્ ચક્ર ઇચ્છાનું સારે ફરે, ભવીશે ગુલામી જ એની કરે;
કદી દ્રવ્ય એને કરૂન[3] જેટલું, વશે હોય આ જગત પા જેટલું.

---

૧ ગયા અંકમાં શેખસાદી મહમદ ગીજનીના દરબારમાં કવિ હતો એમ છપાયું છે તે ખરૂં નથી. એતો શિરાજના રાજાઓના દરબારમાં હતો. ૨ આ કાવ્યનું મૂળ નામ પંદનામા છે, પણ એનો પ્રથમ શબ્દ "કરીમા" હોવાથી એ આખા કાવ્યનું નામ "કરીમા" પડી ગયું છે. ૩ કરૂન મુસા (મોઝીઝ) પેગંબરનો સગો હતો. એની પાસે એટલું બધું દ્રવ્ય હતું કે ચાળીસ ઉંટ તો એના ખજાનાની કુંચીઓ ઉચકવા જોઇતાં હતાં એમ કહેવાય છે.

નમે જે બધું જગત એને પડે, ન તોયે તું કંજૂસનું નામ દે;
ન કંજૂસના દ્રવ્યને માન દે, ન જાગીર એનીનું તું નામ લે.
બીજા ધર્મ કંજૂસ જે આચરે, તથાપિ ન સ્વર્ગે કદી સંચરે.
ઘણું કંજૂસો દ્રવ્ય જે સંગ્રહે, તથાપિ થઈ દીન શિક્ષા સહે.
કરી દાન સંપત્ ખરી ભોગવો, ન કંજૂસ થૈ જીવ દુઃખે દવો.

નમ્રતા સ્તુતિ.

થવું નમ્ર દીલે ગમે જે તને, જનો જગતમાં મિત્ર તારાં બને;
ખરી માણસાઈ જ છે નમ્રતા, નથી યોગ્ય કાંઈ વિના નમ્રતા.
કરે નમ્રતા માન વૃદ્ધિ ખરી, મળે ઊંચી સ્વર્ગે તથા પાયરી;
વધે તેજ તો નમ્રતાએ ખરે, જુઓ સૂર્યથી ચંદ્ર કાંતિ ધરે.
કુંચી સ્વર્ગના દ્વારની નમ્રતા, અલંકાર મોટાઈનો નમ્રતા;
સદા ટેવ જે નમ્ર થવા તણી, ફળે તેહને તો મહત્તા ઘણી.
ચઢાવે ઉંચે સ્થાનકે નમ્રતા, થઈ નમ્ર સર્દાર સૌ શોભતા;
અહંકાર જેને ચઢેલો જ છે, બને નમ્ર તે તો મળ ખૂબ દે.
ખરો સુજ્ઞ તો નમ્ર થૈને રહે, જુઓ વૃક્ષ ફાલી બહુ શું કહે;
કરો ગર્વ ના લોકની આગળે, નહિતો પડે ખર્જ આવી ગળે.
બને નમ્ર ગવિષ્ઠ એ છે નવું, સ્વભાવે ભિખારીનું એવું થવું.

ઇતિહાસ શા ઉદ્દેશે લખાવો જોઇએ.

પ્રખ્યાત ઇતિહાસ લખનાર કાર્લાઇલનું કહેવું એવું છે કે ઇતિહાસ એક અસ્પષ્ટ ધર્મ ગ્રંથ છે. અને આ લોકના દૈવી દેખાવોનું ગુંચવાડા ભરેલું વર્ણન કરે છે તેથી તેઓનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. જે આપણને ઈશ્વરની આજ્ઞાઓનું સ્મરણ ન કરાવે એવું કોઈપણ મનુષ્યનું ચરિત નથી તો પછી ઇતિહાસ અથવા પ્રજાના ચરિતથી ઈશ્વરાજ્ઞાઓનું સ્મરણ થાય એમાં શી નવાઇ ? મનુષ્યવ્યક્તિઓમાં જ્ઞાનપ્રકાશ કરવો અને તેનાથી પ્રજાનો ઉદ્ધાર કરવો એ જ નહિ પણ વધારામાં આ દુનિયામાંના પ્રખ્યાત મનુષ્યોની વિશેષ્ય પ્રકૃતિના પડદા ખસેડી નાખવા એ ઇતિહાસ લખનારનો ખરો ઉદ્દેશ હોવો જોઇએ. આ કારણથી ખરેખરા ઇતિહાસ લખનારા મનુષ્ય જાતિના ઉપકારક છે.

ઇતિહાસમાં બીનાઓના સાલવાર વર્ણન કરતાં કાંઇ વધારે હોવું જોઇએ. કોઇ પણ પ્રજાના અમુક સમયના અગણિત બનાવોથી ભરપુર સમસ્ત સાલવાર હેવાલો બારીકીથી તપાસવા એ ખરેખરાં ઇતિહાસલેખકનું કર્તવ્ય અથવા લક્ષ્ય હોવું જોઇએ. આ બનાવોમાં કેટલાએકને તો ઇતિહાસ સાથે કંઇ જ સંબંધ હોતો નથી, કોઇકોઇ વાર તે બનાવો કાળક્રમમાં પાસે પાસે આવી જાયછે તેથી કાંઈ સંબંધ જેવું દેખાયછે. આવી જાતના બનાવોમાંથી જે વડે પ્રજાનું જીવન ચરિત યથાર્થ સમજાય તેવાનું ગ્રહણ કરીને પ્રજાના ઇતિહાસ સાથે જેને યથાન્યાય કાંઈ પણ સંબંધ ન હોય તેવાનો ત્યાગ કરવો જોઇએ. ઇતિહાસલેખકોએ માત્ર કલ્પના કે ઉતારો કરીને તેમ તત્વજ્ઞાનની વાતો કરીને બેસી રહેવાનું નથી, પણ સત્યાસત્યનો વિચાર કરીને બનાવો ઉપરથી આગળ ઉપર શો પરિણામ થશે તેની સૂચના કરવાની છે.

કોઇ પણ પ્રજાનો ઇતિહાસ લખવાને માટે લેખકના મન ઉપર તે પ્રજાના પૂર્વવૃત્તની આબેહુબ છબી પડી રહેલી જોઇએ. તેની સાથે જે ભૂમિમાંથી મહાન પુરૂષો અને આધુનિક લોક સ્થિતિની ઉત્પત્તિ થઇ હોય તે ભૂમિનું પણ યથાર્થ જ્ઞાન હોવું જોઇએ. આ ઉપરાંત તેણે તે દેશની ભૂગોળવિદ્યા, મનુષ્ય વંશવિદ્યા, અને સાન્વય ઇશ્વરજ્ઞાનનો અભ્યાસ કરેલો જોઇએ તથા બનાવોનું શાસ્ત્રાનુસાર અવલોકન કરવું જોઇએ. તેને સૈન્યની હીલચાલ, રાજ્ય પ્રતિનિધિ સભા હજુરી મંડળ અને પ્રજા સંબંધી કાર્યમાં મોટા આગેવાનોનાં સ્પષ્ટ કામોનો જ અભ્યાસ જરૂરનો છે એમ નથી પણ સામાન્ય જનસમૂહનાં કાર્યો જે જે ગુપ્ત કારણોથી થાયછે તે સર્વ કારણો સમજવાં જોઇએ. કેમકે ભભકાદાર હીલચાલો દૃષ્ટિ અને કલ્પનાશક્તિ ઉપર બાધરી અસર કરેછે તેના કરતાં વધારે અસર આ કારણો કરેછે. લોકો બની ઠણીને બહાર નીકળે તે વખતે તેમને જોવા કરતાં તેમના ઘરમાં તેમના ડોળ કેવા હોય છે તે જાણવાનું એટલે તેમના મનના વિચાર અને તેમના ચરિતના સાધારણ બનાવો જાણવાનું સર્વને વધારે ગમેછે. અને જે ઇતિહાસકાર લોકોની આ સામાન્ય વૃત્તિને સંતુષ્ટ કરતા નથી તેમના લેખ લોકોને રૂચિકર લાગતા નથી. અને લોકોને રૂચિકર થઈ તેમની રૂચિના નિયંતા થાય એવા ઇતિહાસ લખવા એ પણ ઇતિહાસ કર્તાઓનો ઉદ્દેશ હોવો જોઇએ. ઉપર ઉપરથી જ અભિપ્રાય ન બાંધતાં ઇતિહાસ કર્તાએ ઊંડા ઉતરીને જે તત્વથી જનસમૂહના જીવન તથા કૃત્યની ઉત્પત્તિ થાયછે તે તત્વ પ્રસિદ્ધિમાં લાવવાં જોઇએ. વળી કાર્યની વ્યવસ્થામાં નીતિનાં જે તત્વ રહેલાં હોય તેનો શોધ અવશ્ય થાય એવી રીતે કાર્યનાં કારણ શોધવાં જોઇએ અને બનાવો બનવામાં પ્રધાન કારણ કયાં છે અને ગૌણ કારણ કયાં

છે તે પૃથક્ પૃથક્ જણાવવાં જોઇએ. જો કોઇ ઇતિહાસકર્તા મનુષ્યની જાતિ વ્યક્તિનાં કે કાળાવધિનાં રહસ્ય ઝટ જાણી ન શકે અથવા કાર્યના અગ્રેસરની ખરી અને ઉપલક મહત્તાનો તથા ગર્ભ શ્રીમંતાઇ અને કાકતાલીય ન્યાયથી મળતી નવતર મોટાઇનો યથાર્થ વિચાર કરી ન શકે તો તેટલી તેમાં કચાશ છે એમ માનવું.

એક કવિ યથાર્થ કહેછે કે—

" કોઇ ગર્ભ શ્રીમંત છે, કોઇ શ્રમેથી હોય;
જન્મ તથા શ્રમના વિના, બને જ મોટા કોય. "

અમુક સેનાપતિ અથવા રાજ્યકર્તાને તેના સમયના લોકના અજ્ઞાનથી તથા આત્મશક્તિથી કેટલો જય મળ્યો છે અને પોતાની આસપાસના સર્વને પોતાની મરજી પ્રમાણે તેમણે કેટલે અંશે ચલાવ્યાછે તેનો નિર્ણય ઇતિહાસના ગ્રંથમાં આવવો જોઇએ. માણસોનાં કૃત્યો ઉપર તેમનાં માબાપની, તેમની જાતની, તેમના દેશનાં હવાપાણીની, તથા વંશપરંપરાથી મનાતા આવેલા ધર્મના સિદ્ધાંતો અને ચાલતા આવેલા રીત રીવાજોની અસર કેટલી થઇ છે તે ધ્યાનમાં રાખવું જોઇએ, અને એક બનાવની સત્યતાની ખાત્રી ઘણાં પુસ્તકોથી કરવી જોઇએ. સત્યતા જણાયા પછી પણ સંતોષ માનીને બેશી રહેવાનું નથી પણ જે જે બાબતો સાથે તે બનાવોના સંબંધ હોય તે સર્વનો અભ્યાસ કરવો, ગુપ્ત રહેલાં કારણો શોધી કાઢવાં અને તે જ કારણોનો પરિણામ એ બનાવ છે એવું પરામર્શની રીતે સિદ્ધ કરવું જોઇએ. લૉર્ડ મેકાલે જ્યારે તેનો ઇંગ્લાંડનો ઇતિહાસ લખતો હતો ત્યારે એક ઓળખીતા સાથે વાત કરતાં તેણે કહ્યું કે " મારા ઇતિહાસમાંની એક લીટીના સંબંધની હકીકતો હું ઘણા કલાકથી વેટીકન પુસ્તકાલયમાં શોધતો હતો. "

દરેક બાબતની સત્યાસત્યતાની ખાત્રી કરવાના નિશ્ચયને ઇતિહાસ કર્તાએ છોડવો નહિ, પરંતુ એટલું યાદ રાખવું કે લખેલો હેવાલ ગમે તેટલી સંભાળથી લખેલો હોય તોપણ જાતિ અનુભવ અને ઓળખાણને તેના કરતાં વધારે વજનદાર ગણવાં. કાનને અને આંખને સાડા ત્રણ આંગળનું જ છેટું છે એ વાત ખરી, પણ જોવા અને સાંભળવા વચ્ચેનો ભેદ તે પ્રમાણે થોડો નથી. પ્રખ્યાત ઇતિહાસકર્તા સર વૉલ્ટર રેલેને લંદનના કિલ્લામાં કેદ રાખ્યો હતો, તે વેળા તેના ઓરડાની નીચે એક લીટીના વીસ અર્થ કરેલા પત્રા હતા. જો કોઈ તે અર્થ બોલે તો તેનાથી સંભળાય એવું હતું, પણ તે વાંચી શકાય એમ ન હતું. તેથી તેણે સત્યતા વાળો જગતનો ઇતિહાસ લખવાની

આશા મૂકી. ઇતિહાસ કર્તા મિલે હિંદુસ્તાનના પ્રત્યક્ષજ્ઞાન વિના ઇતિહાસ લખ્યો તેથી તેમાં ઘણી ચૂકો થઈ છે એટલુંજ નહિ પણ કલ્પના શક્તિને અભાવે તેના વૃત્તાંતોમાં તે રસ લાવી શક્યો નથી. ઇતિહાસ કર્તાને ઘણી ભાષાઓ આવડવી જોઇએ અને લખવાની શૈલી એવી સ્પષ્ટ, સંબદ્ધ અને ચિત્ર વિચિત્ર હોવી જોઇએ કે વાંચનાર તે ઇતિહાસ ધ્યાન પૂર્વક વાંચ્યા વિના અને વર્ણવેલા બનાવોના પરિણામથી ડાહાપણ ભરેલો બોધ ગ્રહણ કર્યા વિના રહે જ નહિ. ઇતિહાસ વાંચનારની નજર આગળ બનાવોની છબી તેના સર્વ પ્રકાશિત અને છાયાવાળા ભાગ સહિત ખડી થઈ રહેવી જોઇએ.

ઇતિહાસકર્તા અને વૈદ્ય બેનો ધર્મ સમાન છે. બંનેએ સ્વસ્થતાનો ભંગ થાય તે ઉપર ધ્યાન રાખવું, તે ભંગનાં કારણ શોધી કાઢવાં અને તેનો ઉપાય બતાવવો જોઇએ. સત્ય ઉપર પ્રીતિ રાખવાનું તેણે પ્રથમ શીખવું જોઇએ. આથી બીજાના લખેલા ઇતિહાસોમાં રહેલી ઝીણામાં ઝીણી ભૂલો પણ તે સુધારી શકશે એટલું જ નહિ પણ પોતાના ગ્રંથમાં રહેલી ભૂલ કોઈ બતાવશે તો તે સુધારતાં જરા પણ વાર લગાડશે નહિ. અને ડાકટર આર્નોલ્ડ જે ગુણની ઇતિહાસકર્તામાં આવશ્યકતા જણાવેછે તે ગુણ, એટલે ભૂલ સુધારીને સત્ય ગ્રહણ કરવામાં તત્પરતાનો ગુણ તેમાં સ્વાભાવિક રીતે આવશે.

ઑસ્વેલે લખેલા ડૉ. જોન્સનના જીવન ચરિત વિષે લખતાં કારલાઇલ લખે છે કે " મારે રાજસેવકો, હજુરીઓ, કે લોકપ્રતિનિધિસભાના સભાસદોનાં નામની યાદીઓ જોવી નથી, પણ ઇંગ્લાંડમાંના મનુષ્યનું જીવન ચરિત, એટલે તેમણે શું શું કર્યું, તેઓના વિચાર કેવા હતા, અને પરિણામે તેઓએ કેવાં સુખ અથવા દુઃખ ભોગવ્યાં તે જાણવું છે." ઇતિહાસ કર્તાએ જે ઉદ્દેશ ધ્યાનમાં રાખીને ઇતિહાસ લખવો તે ઉદ્દેશ આવા છે.

ઑક્સફર્ડની પાઠશાળામાં ભણતા હિંદુસ્તાનના દેશીઓ વિષે.

સર વિલિઅમ માર્કબીનું ભાષણ.

" ગયાં પંદર વર્ષમાં હિંદુસ્તાનથી જે જે દેશી વિદ્યાર્થીઓ ઑકસફર્ડની પાઠશાળામાં અભ્યાસ કરવા આવ્યા તે સર્વના સંબંધમાં થોડું ઘણું પણ આવવાની મારી ફરજ છે અને તેથી મને આનંદ થાય છે. હવે મારે સમજાવવું જોઇએ કે હિંદુસ્તાનના દેશી વિદ્યાર્થીઓના કેટલાએક દોષ વિષે ટીકા કરવામાં તેમના ઉપર કોઈ પ્રકારનો આરોપ મૂકવાનો મારો ઇરાદો નથી તેમની સાધારણ સારી ચાલચલગત અને ઉદ્યોગ સૌથી પ્રથમ દેખાઈ આવે

છે. તેમનાં સગાંવહાલાં અને મિત્રોથી છૂટા પડીને આટલે બધે દૂર આવીને જૂની જ જાતની કેળવણી અને આચાર વિચારવાળા તેમની વયના જુવાનીઆ ભેગા વસેછે અને કેવળ જૂદા જ પ્રકારની મોહક વસ્તુઓ જુએછે તે છતાં તે આવી સારી રીતે વર્તેછે, તે જોતાં આપણને આશ્ચર્ય ઉપજ્યા વિના રહેશે જ નહિ. આ અભિપ્રાય મારો એકલાનો નથી પરંતુ જેમનેજેમને તેઓ સાથે કંઈ પણ સંબંધ છે, તેમનો પણ સાધારણ રીતે એ જ અભિપ્રાય છે એમ મારૂં માનવું છે. તોપણ તેઓમાંના કોઈ કોઈ ઘણા જ નાલાયક હોય છે તે નજરે પડ્યા વિના રહી શકે તેમ નથી. વળી કેટલાએક વિદ્યાર્થીઓ એવા હોયછે કે તેઓ કેવળ નાલાયક ગણાય નહિ પણ તે પોતાનો વખત તથા પૈસા ફોકટ ગુમાવેછે અને ઑકસફર્ડમાં આવીને કાંઈ પણ લાભ લેતા નથી. કેટલાક એવા હોયછ કે તેઓ ઑકસફર્ડમાં આવીને કંઈક લાભ લેછે પણ જો તેમને માટે વધારે સારી વ્યવસ્થા થતી હોય તો લેછે તેના કરતાં ઘણો વધારે લાભ થઈ શકે. માટે આ જુવાનોની સ્થિતિ કેમ સુધરે તેનો વિચાર કરવાનો પ્રયત્ન કરવો આપણને ઘટેછે. અને તેથી જ મારા અનુભવે સૂચવેલી કેટલીક ટીકા કરૂંછું.

આપણે યાદ રાખવું કે ઑકસફર્ડ જેવી પાઠશાળાઓમાં સત્તા ઘણી જ ઓછી જોઇએ. પાઠશાળાઓની પદ્ધતિ એવા ધોરણ ઉપર રાખી છે કે વિદ્યાર્થીઓ નિશાળની સત્તામાંથી મુક્ત થાય અને હવે પછીની તેમની જીંદગીમાં સ્વતંત્રતા ભોગવવાને તૈયાર થાય. આ ઉદ્દેશથી પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓ ઉપર ઘણે ભાગે દાબ રાખવામાં આવતો નથી. ઇંગ્રેજ વિદ્યાર્થીઓને પાઠશાળાનો દાબ નથી હોતો તોપણ તેમનાં માબાપની તેમના પર સત્તા હોય છે. જો કોઇ વિદ્યાર્થી પાઠશાળામાં બરોબર ન ચાલતો હોય તો સાધારણ રીતે તેનાં માબાપની મદદ લેવામાં આવેછે. અને માબાપના સમજાવવા છતાં પણ છેવટ એમ જ લાગે કે પાઠશાળામાં તે ઠીક ચાલવાનો નથી જ તો તેનાં માબાપ તેને ત્યાંથી ઉઠાડી લેછે અને તેને યોગ્ય સ્થળે મૂકેછે. પરંતુ હિંદુસ્તાનથી આવેલા દેશી વિદ્યાર્થીઓને પાઠશાળા સિવાય બીજું કોઈ દાબમાં રાખે તેવું હોતું નથી. તેમનાં માબાપને છોકરાની ચાલ ચલગતની માહીતી મળતી નથી અને વિલાયતમાં કોઇ માબાપનું ઠેકાણું સાચવે એવું હોતું નથી. જો કોઇ દેશી જુવાન પાઠશાળામાં બરોબર ન ચાલે તો માત્ર એક જ રસ્તો છે કે તેને પાઠશાળામાંથી બડબડીયું આપવું. આનો પરિણામ એ જ કે તે બિચારાની જીંદગી ધૂળધાણી થઈ જાયછે.

બીજી એક અડચણ એ છે કે પાઠશાળામાં આખા વર્ષમાં લગભગ છ મહિના જ ભણવાનું હોયછે તેથી બાકીનો વખત ઑકસફર્ડની બહાર ગાળવો પડેછે. કોઈ કોઈ વાર હું દેશી વિદ્યાર્થીઓને પૂછુંછું કે તમે રજના

દિવસોમાં શું કરવાના છો? ત્યારે એમણે તે બાબતનો કંઈ પણ વિચાર કર્યો જણાતો નથી, અને ભય રહેછે કે તેઓ રજના દિવસનો જોઇએ તેવો સારો ઉપયોગ કરતા નથી.

દેશી વિદ્યાર્થીઓ ઘણે ભાગે સપ્ટેંબર માસમાં વિલાયત આવેછે અને અકટોબરમાં ઑકસફર્ડમાં રહેવા માંડેછે, ત્યાં તેમને કોઈ સલાહ આપનાર હોતું નથી, ઇંગ્રેજી રીત ભાતની તેમને ખબર હોતી નથી, અને ઇંગ્રેજ લોકના સહવાસના અનુભવ વિના પોતાની વયના જુવાનીઆની સોબતમાં પડેછે. આ નવા સોબતી અનુકરણ કરવા લાયક કે સોબત કરવા લાયક હોય કે નહિ, તે ઉપર દેશી વિદ્યાર્થીઓ સારા અથવા ખોટા નીવડવાનો આધાર છે. પણ યોગ્યતાનો વિચાર કરવાને અનુભવ જોઇએ તે દેશી જુવાનોમાં હોતો નથી. તેથી કોની સોબત કરવી, કોનું અનુકરણ કરવું અને કોનાથી દૂર રહેવું તેની તેમને ખબર પડતી નથી. અને જે ઇંગ્રેજ વિદ્યાર્થી તેમના ભેગા ભળે તેમના ઉપર બધો આધાર તેમને રાખવો પડેછે. કેમકે તેઓને પોતાની હાંસી થવાની બીક હોયછે અને રખેને બીજાને માઠું લાગે એ ભય હોય છે. વળી તેમને શાં શાં વિઘ્ન નડવાનો સંભવ છે તેની પ્રથમથી સૂચના આપે અથવા જેની પાસે તે સલાહ લેવા જઈ શકે એવું ત્યાં કોઈ હોતું નથી.

હિંદુસ્તનના દેશી જ્યારે પહેલવહેલા વિલાયત આવે છે ત્યારે સાધારણ રીતે તેમને ખરચ કરવાનું જ્ઞાન હોતું નથી. વારંવાર એવું બનેછે કે અવશ્ય ઉપયોગની વસ્તુઓ વેચાતી લેવી રહી જાયછે અને જે વસ્તુઓ એમને છેક નિરૂપયોગી હોયછે તેમાં તેઓ પૈસા બગાડેછે. પોતે કેવી રીતે ત્યાં રહેવું અને જે વસ્તુઓનો અપ પડે તે વસ્તુઓની શી કીમત આપવી તેનું તેમને કંઈ જ્ઞાન હોતુ નથી. આ બાબતમાં પણ સલાહ આપનાર ન હોવાથી તેમને મોટું નુકશાન થાયછે. હવે તેમના અભ્યાસના સંબંધમાં ખામીઓ હોયછે તે વિષે કહુંછું. ઘણા દેશી વિદ્યાર્થીઓ તો વિલાયત આવેછે ત્યાં સુધી પોતાને શું શું ભણવાનું છે તે પણ જાણુતા હોતા નથી તો પછી તેની તૈયારી તો તેમણે કયાંથી જ કરી હોય.

દૃષ્ટાંત—જેને ઑકસફર્ડની પાઠશાળામાં પૂર્ણ અભ્યાસ કરવો હોય તેને ઓછામાં ઓછી બે પુરાતન શ્રેષ્ઠ ભાષાઓ આવડવી જોઇએ. એમાંની એક પૂર્વદેશીય હોય તો પણ ચાલેછે. હિંદુસ્તાનના દેશીઓને લાટીન અને સંસ્કૃત જેટલી બીજી કોઈ ભાષા ફાવતી નથી. લાટીન તેમને બીલકુલ આવડતું નથી અને થોડું ઘણું સંસ્કૃત આવડતું હોય તે પણ નહિ જેવું જ હોયછે. આનો પરિણામ એ થાયછે કે પ્રથમના છ મહિના તો બે ભાષાઓ શીખવામાં જ જાયછે. અને તેનું જ્ઞાન પણ ઘણું જ અપૂર્ણ રહેછે. આ બે

ભાષાઓનો અભ્યાસ પ્રથમ પરીક્ષા થઈ રહ્યા પછી કેઇકે જ જારી રાખેછે, તેથી પહેલા છ માસ તો વ્યર્થ જાયછે. અને હિંદુસ્તાનમાં જ શીખીને આવવું જોઇએ તે બાબતો માટે નાહક વિલાયતનું છ મહિનાનું ભારે ખરચ ઉપાડવું પડેછે. કેટલાકે તો હિંદુસ્તાન છોડવા પૂર્વે એક બે અઠવાડીઆ પહેલાં જ નિશ્ચય કરેલો જણાયછે, અને વિલાયત આવીને શું કરવું તે સંબંધી સલાહ મેળવવામાં અને નિશ્ચય કરવામાં તે ઘણો વખત ગુમાવેછે. કેટલાકના મનમાં ઇંડિયન સિવિલ સર્વિસમાં દાખલ થવાનો અને તેમાં ન ફાવે તો બારીસ્ટર થવાનો અર્ધ વિચાર હોયછે. પરંતુ બંનેમાંથી એકમાં પણ કેવી રીતે દાખલ થવાય અને બંનેનો સાથે વિચાર રાખે તો કેટલી બધી મુસીબત પડે તેનો જરા પણ તેમને ખ્યાલ હોતો નથી. સારો રસ્તો તો એ જ છે કે વિલાયત આવતા પહેલાં જ તેઓએ પોતાના અભ્યાસ વિષેનો દૃઢ નિશ્ચય કરી રાખવો જાઇએ અને તે અભ્યાસને માટે બે ત્રણ વર્ષ સુધી તૈયારી કરવી જોઇએ.

હિંદુસ્તાનના વિદ્યાર્થીઓના ઓકસફર્ડમાં વસવાથી સંતોષ કારક પરિણામ થતો નથી તેનાં આ મુખ્ય કારણો છે એમ હું ધારૂંછું. અને તે કારણો દૂર કરવાનો પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે. નેશનલ ઇંડિયન એસોસીએશન આ બાબતમાં ઘણું કરી શકે એમ છે એવી મારી ખાત્રી છે. અને ખરૂં જોતાં મુખ્યત્વે કરીને મિસ મેનિંગની મમતા અને ઉત્સાહથી કેટલાક વિદ્યાર્થીઓના સંબંધમાં ઘણું થઈ પણ ચૂકયું છે. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને માટે માહીતીનું પુસ્તક છપાયું છે એ વાત ખરી, પણ દરેક વિદ્યાર્થીની યોગ્યાયોગ્યતાનો વિચાર કરે, તેમને યોગ્ય સલાહ આપે અને તેમને દાબમાં રાખે એવા માણસની જરૂર છે.

હવે વિલાયત આવતા પહેલાં હિંદુસ્તાનમાં કરવાની તૈયારી વિષે કહું છું. જે ગૃહસ્થો પોતાના છોકરાને વિલાયત મોકલવાનું ધારતા હોય તેમને આની આવશ્યકતા સમજાવવી જોઇએ. અને તેની સાથે વિલાયતમાં શેનો અભ્યાસ કરવો અને એને માટે કેવી તૈયારી કરવી તે જાણવાનાં સાધન હોવાં જોઇએ. ધારો કે કોઇને સિવિલ સર્વિસની પરીક્ષા આપવી છે, તો તેણે શેનો અભ્યાસ કરવો, તેમાંથી કેટલો હિંદુસ્તાનમાં કરી શકાય એમ છે અને કેટલો ઑકસફર્ડમાં જ કરવો પડે તેમ છે તે વિષે અનુભવી માણસની સલાહ લેવી. આવી સલાહ આપવા લાયક અનુભવી હિંદુસ્તાનમાં સુલભ હોવા જોઇએ અને તેઓ સલાહ આપવા તૈયાર છે એમ જણાવું જોઇએ. અભ્યાસ સિવાયની જે હરકતો વિષે પ્રથમ કહેવામાં આવ્યું છે તેનો ઉપાય એજ કે છોકરાઓને તેમનાં માબાપ સંભાળે તેવી રીતે સંભાળે એવા માણસની દેખરેખ નીચે તેમને રાખવા.

પાઠશાળામાં પ્રવેશ કરવા પહેલાં હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ આ માણસ સાથે થોડાંક અઠવાડીઆં રહે તો ઘણો ફાયદો થાય. કેમકે તેથી તેમને અંગ્રેજી રીતભાતનું જ્ઞાન મળે અને તે માણસ સાથે પાઠશાળાના સત્તાધારીઓ વ્યવહાર રાખી શકે. વળી તે માણસ એવો જોઇએ કે રજાઓના દિવસોમાં કાંતો તે વિદ્યાર્થીઓને પોતાના ઘરમાં જ રાખે અથવા કોઈ સારે યોગ્ય સ્થળે તેમને રહેવાને ગોઠવણ કરી આપે. આ ઉપરાંત તે માણસને વિદ્યાર્થીને પાઠશાળામાંથી ઉઠાડી લેવાની અને બીજે યોગ્ય સ્થળે શીખવા બેસાડવાની પૂર્ણ સત્તા મળવી જોઇએ. તેમજ એવી ગોઠવણ પણ થવી જોઇએ કે યોગ્ય કાર્યમાં જેટલા પૈસા તે વિદ્યાર્થીને આપે તેટલાજ તે વાવરી શકે.

કોઈ એવો સવાલ પૂછશે,–અને એ સવાલ મને ઘણી વાર પૂછવામાં આવ્યો છે–કે હિંદુસ્તાનના દેશીએ ઑકસફર્ડ આવવું લાભકારક છે? આ સવાલને! જવાબ દેવો ઘણો કઠણ છે. આ સવાલના જવાબમાં એટલુંજ કે હિંદુસ્તાનના વિદ્યાર્થીઓની અહિં આવી ગયા પછી હિંદુસ્તાનમાં કેવી સ્થિતિ થાય છે તે જોવું. કેટલાએક ઘણા પ્રખ્યાત થાયછે તે નિઃસંશય છે. આજ સવારે જ મિસ મેનિંગે મને કેંબ્રિજની એમ. એ ની પરીક્ષામાં પાસ થએલા પ્રોફેસર બોસનો દાખલો આપ્યો. તે ગૃહસ્થ હાલ કલકત્તાની પ્રેસિડંસી કૉલેજમાં શિક્ષાગુરૂ છે અને સૃષ્ટિપદાર્થ સંબંધી કેટલાક ઉપયોગી શોધ કરવામાં થોડા વખતથી ગુંથાએલો છે. આ શોધોને મોટામાં મોટા શાસ્ત્રીય પ્રમાણ ભૂત વિદ્વાનોની સંમતિ મળી છે અને તેમાં લૉર્ડ કેલ્વિને પોતે પણ મારા જાણ્યા પ્રમાણે સંમતિ આપી છે. પ્રોફેસર બોસે પોતાની જીંદગી પ્રખ્યાત કરવાનો આરંભ કર્યો છે તેમાં કંઈ શક નથી, પણ તેની સાથે આપણે એવું પણ જાણીએ છીએ કે વિલાયત કદી આવ્યા નથી તેવા ઘણા પુરૂષો પ્રખ્યાત થયા છે. બીજા ઘણામાંથી જેની સાથે મારે ઘણું સારૂં ઓળખાણ હતું એવા સર રોમેશ ચંદ્ર મિત્રનું દૃષ્ટાંત આપું છું. તે પુરૂષે એક વખત કલકત્તાની હાઇ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કામ પણ કર્યું હતું, આ કાંઈ ઓછી પ્રખ્યાતિ ન કહેવાય. પણ હવે આપણે જોવાનું એટલુંજ છે કે જે કેવળ હિંદુસ્તાનમાં જ શિક્ષણ પામ્યા છે તેમાં અને જે વિલાયતમાં શિક્ષણ પામ્યા છે તેમાં શો ફેર પડેછે. આ વિષે હું ખાત્રીથી કહી શકતો નથી. પણ મારા જાતિ અનુભવ પ્રમાણે મારે કહેવું પડેછે કે જે સૂચનાઓ મેં કરી છે તે અમલમાં આવે તો જ હિંદુસ્તાનના વિદ્યાર્થીઓનું અહિં આવવું સાર્થક થાય; પણ તેને અભાવે તો જોખમ અતીશય છે ને ફાયદાની આશા બહુ થોડી છે"

चारण अने चारणी भाषा.

(લખનાર છગનલાલ વિઘારામ રાવલ)

ચારણોનો અસલ દેશ મારવાડ છે, ત્યાંથી તેઓ આ દેશમાં આવી વસ્યા છે. તેમનામાં બે જાત છે, પરજીયા અને ગુર્જર, તેમાં પરજીયા ચારણ, કવિતા બનાવવાનો-બોલવાનો કે યાચક વૃત્તિનો ધંધો કરતા નથી; પણ ભેંસો વીગેરેનો વેપાર કરી ગુજરાન ચલાવે છે, બીજા પ્રકારના ચારણો કવિતા બનાવી કે બીજાની કવિતા ગાઇ ગુજરાન ચલાવે છે. તેમ હાલ કેટલાક ખેતીવાડી પણ કરેછે. મૂળ ધંધો તો કવિતાનો, પણ રજપૂત ઠાકોરો તેમ રાજાઓનું દીલ કવિતા ઉપરથી ઊઠી જવાના સબબે તે ધંધામાં તેમનું ગુજરાન થતું નથી. તેથી જ આવી રીતે બીજે ધંધે વળગ્યા છે. આખા ગૂજરાતમાં આ લોક પ્રસરેલા છે, ઠેઠ દમણથી તે પાલણપૂરની ઉત્તર સરહદ સૂધી, અને દ્વારિકાથી દોહદ-પંચમાલ સૂધી તેમની પ્રથક્ પ્રથક્ વસ્તી છે. તેઓ બહુધા શક્તિને માને છે, અને તેઓ એમ કહેછે, કે "દેવીની કૃપાથી હમે કાવ્ય કરીએછિયે," અફીણના અતિશય દુર્વ્યસનથી તેમની દિન પ્રતિદિન વધારે પડતી આવતી જાયછે.

રાજા કે ઠાકોરના લગ્ન વખતે તેઓ ભેગા થાયછે, ત્યાં તેમને ખોરાક તથા પૈસા મળેછે. બારોટ-ભાટ-કરતાં તેમનું દાપુ બમણું કહેવાયછે, એટલે તાગ વહેંચતાં બારોટને એક રૂપિયો મળે તો ચારણને બે રૂપિયા મળે છે. એ સિવાય તેવા પ્રસંગે તેમની સભા થાયછે, ત્યાં કોઇએ નવી કવિતા બનાવી હોય તો તેને દાપાના રૂપિયા ઉપરાંત બીજું ઇનામ મળેછે. લગ્નની વાત સાંભળી તે લોકનાં ટોળે ટોળાં એકઠાં થવા માંડેછે, તેથી તેવા અર્થથી બચવા માટે કેટલાક રાજા ઓચિંતા લગ્ન ઠરાવી દેછે. તેમ કેટલાક ગુપ્ત રીતે પરણી આવેછે જે રાજા અથવા ઠાકોર આવા પ્રસંગે એકઠા થયેલા ભાટ ચારણોને તાગ ન આપે તેની તેઓ અપકીર્ત્તિ કરે છે, અને વખતે તેનો ચાડિયો બાંધેછે. તેમ અપજશની કવિતા બનાવી જાહેરમાં બોલેછે, તેથી રાજાને • શરમાવાનું થાયછે. રાજાને અથવા કોઈ નાના ઠાકોરને અરસપરસ વેર હોય તો તેઓ એક બીજાની નિંદા થતા કવિતાઓ બનાવવાનું કહેછે અને તેમ કરી પોતાના દુશ્મનની ફજેતી કરાવે છે. આવી જ રીતે એક ચારણે કરેલું હોવાથી એક રજપુતે તેનું નાક કાપી નાખ્યું હતું, એમ સાંભળ્યું છે.

કહે છે કે પૂર્વે આ લોક કુંભારોના યાચક હતા, તેમના લગ્ન ઉપર હાજર રહે તો તેમને થોડા રૂપિયા અને એક ગધેડું આપવાનો ચાલ હતો; પછી સિદ્ધરાજ જયસિંહના વખતમાં તેમનો રજપૂતોમાં લાગો પેઠો. આ વાતમાં કેટલી સત્યતા છે તે વાંચનારે શોધી કાઢવું જોઇએ. બારોટ અને ચારણોને વેર હોવાથી કોઈ ભાટે પણ આ વાત જોડી કાઢી હોય

બારોટ લોક ચારણી ભાષાની કવિતા કરતા નથી, કેમકે તેમ કરવામાં પોતાની હલકાઈ સમજેછે, પણ ચારણ લોક હિંદી ભાષામાં કવિતા બનાવે તો તેમાં તેની હલકાઈ થતી નથી, પણ ઉલટું માન મળેછે.

કહેછે કે પ્રથમ કવિતા રચવાનું ક્રમ ફક્ત બારોટ-ભટનું જ હતું, તેમની બનાવેલી કવિતાઓ ચારણ લોક બીજાને સંભળાવી ખુશી કરતા અને તેથી તેમનું ગુજરાન ચાલતું, પણ તેમ કરતાં કરતાં તેઓ પણ કવિતા રચવાનું કામ લેઈ બેઠા, કેમકે જેને સો દોહરા મોઢે આવડતા હોય તો તે નવો દોહરો બનાવી શકે એવી કહેવત છે. આ કહેવત પ્રમાણે તેમને કવિતા કરવાનો ધંધો આવડયો. આમાં પણ સત્યતા કેટલી છે તે જોવું જોઇએ.

ચાર યુગના ચાર વરદાઈ ભાટ થઈ ગયા તેમ ચારણોમાં કોઈ નામાંકિત કવિ થઈ ગયો નથી, તેમ ભાટ બારોટની ઉત્પત્તિ માટે સંસ્કૃતમાં પુસ્તક છે તેવું આ લોક માટે હોય એમ જણાતું નથી.

કાવ્ય રચવામાં ભાટ-બારોટ જેટલી તેમની કીર્ત્તિ નથી, કેમકે ભાટ લોક હિંદીમાં કાવ્ય કરેછે, તેથી તે સર્વ દેશમાં પોષાયછે, તેમ હિંદી ભાષામાં સાહિત્યના ગ્રંથો હોવાથી ભાટ કવિયો કાવ્યના નિયમને અનુસરીને રસીક કવિતા બનાવે છે, ચારણોમાં સાધારણ કવિતા કરનારો માણસ રસઅલંકારના ગ્રંથો જોવા માટે બહુ શ્રમ લેતો નથી, તેમ તેની પાસે ચારણી ભાષાનાં તેવાં પુસ્તકો પણ હોતાં નથી, તેમના જે કવિઓ સારી કવિતા માટે બીજા ગ્રંથો જુએ છે તે બહુધા ચારણી ગ્રંથો કરતાં ભાષાની કવિતા વધારે રચે છે. કેમકે તેથી તેને સારૂં માન મળે છે, તેમ તેના રચેલા ગ્રંથોનો ફેલાવો વિશેષ થાય; કારણ હિંદી ભાષા સર્વદેશી અને ચારણી એકદેશી છે.

સંસ્કૃત, હિંદી, વ્રજ, મારવાડી તથા ગુજરાતી એમ પાંચ ભાષાઓ ભેગી મળવાથી ચારણી ભાષા બનેલી છે. આમાં સૌ કરતાં મારવાડી ભાષાનો વધારે ભાગ છે, કેમકે તે ભાષા તેમની સ્વદેશી છે, જેમ જેમ મારવાડથી તેઓ ગુજરાતના અન્ય દેશમાં ફેલાતા ગયા, તેમ તેમ તેમની ભાષામાં તે તે દેશના શબ્દો પેસતા ગયા. સૌરાષ્ટ્રી ચારણી ભાષા જોઇશું તો તેમાં સૌરાષ્ટ્રી ગુજરાતી શબ્દો વધારે જણાશે, સુરતી ચારણની બોલીમાં સુરતી, અને ચરોતરા ચારણની બોલીમાં મૂળ ભાષા ભેગા ચરોતરી શબ્દો ભેળાઈ ગયેલા માલૂમ પડશે.

કેટલાક સંસ્કૃત કવિઓએ જેમ આખું કાવ્ય એક જ વૃત્તમાં બનાવેલું છે, તેમ કેટલાક ચારણ કવિઓએ એક જ વૃત્તમાં આખું કાવ્ય રચેલું

માલુમ પડેછે ચારણોમાં પણ કેટલાક પ્રસિદ્ધ કવિઓ થઈ ગયા છે. વઢવાણમાં પીંગલસિંહ નામનો ચારણ કવિ થઈ ગયો તેણે ભીષ્મ પર્વનું ચારણી ભાષામાં કાવ્ય રચ્યું છે. તથા બીજા પણ ગ્રંથો લખ્યા છે. કોઈ કવિએ રામાયણનું ચારણી કાવ્ય લખેલું છે પણ તે અધુરૂં છે. ભાવનગરના રાજ્યમાં પીંગલસિંહ નામનો ચારણ કવિછે. તેના પિતા પણ એક સરસ ચારણ કવિ હતા. તેમણે કેટલાંક પુસ્તક બનાવ્યાં છે, પીંગલસિંહને ચારણી કવિતાનો મહાવરો નથી એવું સાંભળ્યું છે. આ વિના બીજા ઘણાક થઈ ગયા છે, પણ તેમની ભાષા જૂદી તેમ આપણા લોકને કવિતા ઉપર અભાવ, તેથી તેમના ગ્રંથોની પૂરી માહીતી નથી.

આ ભાષામાં ચાર પ્રકારની કવિતા જોવામાં આવે છે. ૧ લઢાઈનું વર્ણન; આમાં ઘણો ભાગ સાચો અને થોડોક ભાગ અતિશયોક્તિનો હોયછે, તેથી આ જાતનાં પુસ્તકો નવા શોધ માટે ઉપયોગી છે. આ જાતનાં પુસ્તકો પૈકી મારવાડના રાજા અભયસિંહની ગૂજરાત ઉપર ચઢાઈનું કાવ્ય (બરદ શૃંગાર), ઉજ્જણની લઢાઈ (ઔરંગઝેબ અને જશવંતસિંહ વચ્ચે થઈ તે), હમ્મીર પચીશી–અલાઉદ્દીને રણથંભોર ઉપર ચઢાઈ કરેલી તે, અને આમોદના રાજાની કવિતા રૂપે વંશાવળી, એ પુસ્તકો હાથ આવ્યાં છે. આવી જાતનાં પુસ્તકો થોડાં નથી. "પતાયણ" નામનું ચાંપાનેરના પતાઈ રાજાના નાશનું કાવ્ય પણ આ જ ભાષામાં છે. ૨ રામાયણ, મહાભારત કે પુરાણાદિક ઉપરથી સાર લેઈ રચેલાં કાવ્ય. જેમકે "નાગદમણ" "અંગદ વિષ્ટી" "રૂક્ષ્મણી હરણ" ઈત્યાદિ ૩ કલ્પિત શ્રૃંગાર રસનાં કાવ્ય. અને ૪ કોઈ રાજા કે સાધારણ રજપૂતની ઉદારતા માટે કરેલી અતિશયોક્તિની કવિતા. આમાં બીજા પ્રકારના ગ્રંથ વાંચક વર્ગને સહેજ કામમાં આવે તેવા ખરા, પણ ત્રીજા અને ચોથા પ્રકારના ગ્રંથ તો હાલ પોષાય તેમ નથી, પણ ચારણ કે તેવા યાચક લોકોને પોતાના ધંધા માટે કામના છે.

અપૂર્ણ.

જાણવાજોગ બાબતો.

એક ફ્રેંચે વિજળીનો એવો પ્રયોગ કર્યો છે કે છોકરૂં પારણામાં રડતું હોય તેનો અવાજ તેની મા અથવા ધાવ જ્યાં હોય ત્યાં સંભળાય. કેટલાક એવું ધારે છે કે વિજળીનો આવો ઉપયોગ કર્યો તેને બદલે એ છોકરૂં છાનું રહે એવો ઉપાય શોધી કાઢયો હોત તો વધારે ફાયદો થાત.

કાર્બોલિક ઍસિડ શરીરના કોઈ પણ ભાગ ઉપર ઠોળાવાથી બળતરા થાય છે અને ડામ પડેછે, તેનો ઉપાય એ છે કે તે જગા ઉપર સરકો ચોપડો. આથી બળતરા એકદમ બંધ થશે અને ડામ પડતો અટકશે. કદી કાર્બોલિક ઍસિડ પીવાઈ ગયો હોય તો તેની ઝેરી અસર દૂર કરવાનો ઉપાય એટલો જ કે પાણી અને સરકો સમભાગે મેળવી દરદીને પાવું. આવું પ્રોફેસર કાર્લ્ટનનું મત છે.

કોલંબીઆના સરકારી રિપોર્ટ ઉપરથી માલમ પડેછે કે ત્યાંનાં જંગલોમાં ચેપરો નામનું ઝાડ થાયછે તેની રચના એવી છે કે જ્યારે જંગલનાં જંગલ બળીને ખાખ થઈ જાયછે ત્યારે પણ તેમાં એ ઝાડને ઈજા આવતી નથી. સોનાની ખાણોવાળા પ્રદેશમાં એ બહુ ઉગે છે.

મોટાં શહેરોમાં એકઠો થતો કચરો અને કોહી જતી વનસ્પતી માણસની તંદુરસ્તીમાં બિગાડ ન કરે માટે તેને બાળી નાંખવામાં આવે છે. લંડનમાં આ કામને માટે એક મોટી ભઠ્ઠી બનાવવામાં આવી છે. આનાથી માત્ર કચરો બળી રાખ થાયછે એટલું જ નહિ પણ તેમાં એવી ગોઠવણ કરી છે કે તે રાખનો ચૂનો થઈ જાયછે, બળતી વખત નીકળતી હવા એકઠી કરી લેવામાં આવે છે અને તેની ગરમીથી એક વિજળીના દીવાના કારખાના માટે વિજળી ઉત્પન્ન કરવામાં આવે છે.

કોયલા અને ગજવેલમાંથી ખરા હીરા જેવા બનાવટી હીરા બની શકે એમ છે. એવું મો. મોઈસન તથા મો. રોશેલ નામના વિદ્વાનોએ પ્રયોગ કરી સિદ્ધ કર્યું છે.

ખેતરમાં વાવેલાં બી પક્ષીઓ વીણી ખાય નહિ એને માટે ફ્રાન્સના ખેતીવાડી ખાતાનો મો. ન્યુવેલ એવો ઉપાય બતાવે છે કે ઉકળતા પાણીમાં કેરોસીન તેલ રેડવું અને તે મેળવણી ડામરના તારમાં ભેળવીને તેમાં વાવવાનાં બી નાખવાં. આવી રીતે તારમાં બોળેલાં બી વાવવાથી પક્ષી તેનો નાશ કરી શકશે નહિ અને પાકને કંઈ નુકશાન થશે નહિ.

ઈટાલીનો સિનોર ગ્રિમાલ્ડી એક મિનિટમાં બસેં શબ્દ બોલી શકે છે. આટલું ઉતાવળું બોલનાર કોઈ માણસ જાણવામાં નથી એમકહેવાયછે.

સવિયાની રાણી નરમ ગાદી તકીયા પાસે જતી નથી તથા તેના કુટુંબીને જવા દેતી નથી. એવું માનવામાં આવેછે કે તેની આ ટેવથી તે રાજ કુટુંબનાં માણસ ખુબસુરત અને મજબુત બાંધાનાં થાયછે.

કુકડી આખી જીંદગીમાં વધારેમાં વધારે છસે ઈંડાં મૂકે છે.

ડયુક ઓવ કંબરલાંડ જન્મ્યો ત્યારે તેને નાક હતું જ નહિ. પણ શસ્ત્ર વૈદ્યોની હિકમતથી તેને કૃત્રિમ નાક થયું છે.

રામનો સેતુ સાંભળ્યો કે વાંચ્યો હશે પણ થોડાં વરસમાં હિંદુસ્તાન અને લંકા વચ્ચે સેતુ તૈયાર જોવાનો સંભવ છે.

પોર્ટુગાલની રાણીએ રોંટજને શોધી કાઢેલાં નવાં કિરણોની મદદથી પોતાના દરબારમાં આવતી સ્ત્રીઓની કમરની છબી પાડી ને ટટાર રહેવા

માટે તથા નાજુક દેખાવા માટે કમર કસી બાંધવાથી જે ઈજા થાયછે તે સાબીત કરી આપ્યું છે.

જમ્યા પછી તરત જ ઉંઘી જવાથી જઠરાગ્નિ મંદ પડી જાયછે અને જરા સુતાં સુતાં આરામ લીધાથી તે પ્રદિપ્ત થાયછે.

મોટામાં મોટો લોહચુંબકનો કકરો ૧૮૮૮ની સાલમાં ન્યુયોર્ક શહેરની યુનાઇટેડ સ્ટેટસ એંજીનીયર સ્કુલમાં લેફ્ટેનંટ કર્નલ ડમલ્યુ. આર.કિંગ નામના અમલદારે બનાવ્યો હતો. એનું વજન એક લાખ ત્રીસહજાર રતલ હતું.

એક જર્મન એંજીનીયરે હવાથી ભરેલી નળીઓ એવી રીતે ગોઠવી છે કે તે કદી ડુબે નહિ. તે નળીઓ નાની હોડીઓને જડી શકાય એવી છે. અને તેનો ઉપયોગ કરવાથી મછવા ઉંધા વળે તોપણ ડુબે નહિં એવું તે નળીઓના બનાવનારનું ખાત્રી બંધ કહેવું છે. વળી તે નળીઓ એવી રીતે ગોઠવવામાં આવેછે કે હોડી ઉંધી વળે તે વખત તે ઝાલી શકાય.

સ્વીડનની રાણી મુક્તિ ફોજમાં દાખલ થઈ છે. ઘણી વખત એ ફોજનો પોશાક પહેરીને તે ફરવા નીકળે છે.

સેલારી કાફી નામે પીવાનો પદાર્થ હાલમાં વપરાવા લાગ્યો છે. એવું કહેવાય છે કે એ પીવાથી શરીર તથા મગજને શક્તિ મળે છે.

માણસના શરીરમાં સરાસરી ૧૮૦ ગ્રેન લોહું હોયછે, અને તેમાં થોડો પણ ઘટાડો થાયછે તો ભારે મંદવાડ આવેછે.

વિજળી એક સેકંડમાં બે લાખ માઇલથી પણ વધારે ચાલી શકે છે.

નામદાર પ્રિન્સ ઓવ્ વેલ્સ જ્યારે ખીજવાયછે ત્યારે પોતાની ડાબી આંખ ફરકાવે છે, આસ્ત્રિયાનો સેનશાહ પોતાના ગાલ ફૂલાવેછે, રૂશિયાનો ઝાર પોતાના માથા ઉપર હાથ મૂકે છે, ગ્લૅડ્સ્ટન પોતાના પગની એડી ઉપર ચકર ફરેછે, અને તુર્કસ્તાનનો સુલતાન જોરથી પોતાનું ગળું દબાવે છે.

દારૂ પીવાનું વ્યસન છોડવું હોય તો પેટ ભરીને સફરજંદ ખાવાં. આ રીતે ઘણાઓનું તે દુઃખકારક દુર્વ્યસન છૂટી ગયું છે એવું એક અનુભવી દાકતર જણાવેછે.

પુસ્તકોની પહોંચ.

અને

મોકલનારનો ઉપકાર.

સાઠ સંવત્સરી કુંડળીઆ અને ચોમાસાના વર્ત્તારાનો કોહીનૂર, અથવા મકવાણા સંહિતા સંશોધન કરી રચનાર દેશી વાસુચક શાસ્ત્રી દેવજી ઉકાભાઈ મકવાણા તરફથી આવી છે. આખી દુનિઆના અન્ન વસ્ત્રનો આધાર વરસાદ ઉપર છે. અને વરસાદ જોઇએ તેટલો આવશે કે નહિ આવે તે જાણવામાં આવે તો આવતા વર્ષને માટે લોકોને દાણો, ઘાસ વિગેરે સંધરી રાખવાની સમજણ પડે. અનુભવ અને અવલોકન ઉપરથી આ બાબત વિષે અંગ્રેજી વાયુચક્ર શાસ્ત્રીઓ પોતાના મત આપેછે. પરંતુ તે કોઈ કોઈ વખત સાચા પડતા નથી. તો પણ અંગ્રેજ લોકની અવલોકન અને શોધન શક્તિનું જ્યાં ત્યાં ગાન થઈ રહેછે. આ પુસ્તક રચનારે જુના અનુભવી માણસોના અવલોકનનો સંગ્રહ કરી સુધારો વધારો કરી આપણા દેશમાં પણ ઉપયોગી અવલોકન કરનાર માણસો હતા અને તેમણે અવલોકન ઉપરથી કહેલાં વચનો ઘણી વાર ખરાં પડેછે તે બતાવવા પ્રયત્ન કર્યો છે તે સ્તુતિ પાત્ર છે. આ પુસ્તક વાંચવાથી કેટલાએકને તેમાંનાં વાકયો પ્રમાણે બનાવ બને છે કે નહિ તેની પરીક્ષા કરવાનું મન થશે અને તેમને અવલોકનનો અભ્યાસ થશે. અને કોઇને પણ તેમાં સુધારો કરવાનો લાગ મળશે. બીજી બાબતો ઉપર પણ લોકોમાં અવલોકન કરવાની અને તે ઉપરથી નિયમો બાંધવાની શક્તિ આવે તો બેશક દેશને અને મનુષ્ય જાતિને બેહદ ફાયદો થાય.

ઋતુ વર્ણન રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ. તરફથી આવ્યું છે. કવિતા કોઈ કોઈ સ્થળે સારી છે પણ એ પુસ્તકનો અભિપ્રાય પુસ્તકના મુખ પત્ર ઉપરનો શ્લોકજ બતાવી આપેછે. અમે દિલગીર છીએ કે રા. રા. છગનલાલ તથા શિવશંકર તુળજાશંકર દવે બી. એ. બંનેએ મળીને આ કાવ્ય રચ્યું છે અને પ્રકટ કરવાનું કાર્ય રા.રા.છગનલાલને એકલાને માથે પડયું છે. જો રા. રા. દવે જીવતા હોત તો અથવા રા. રા. છગનલાલે જો કોઈ સંસ્કૃત ભાષા જાણનારને "यथाम् न चेतो ललनासु लग्नम्" વિગેરે ચાર ચરણ વાળો શ્લોક બતાવ્યો હોત તો તે આ રૂપમાં અહિં મૂકાવા બાબત જ નહિ. તેમની કવિતામાં કેટલાક દોષ છે. પરંતુ તે ઉપર ટીકા કરવાને તે અમારે છાપવી એ યોગ્ય નથી લાગતું માટે એટલેથી જ પતાવીએ છીએ.

સંગીત રામ રાવણ નાટક. રા. રા. પર્વતસિંહ હરીસિંહ તથા રા. રા. રામસિંહ માનસિંહ તરફથી. હાલમાં ગાયન તથા નાટકનાં પુસ્તકો ગમે તેવી ભાષામાં પણ લખી પૈસા મેળવવાના ઉદ્દેશથી લખાયેલાં પુસ્તકમાં આ આવી શકે.

મહા કાળીની મૂર્તિ અને તેનો ભોગ—અંગ્રેજી ઉપરથી અનુકરણ. પ્રકાશક સુવિચાર દર્શક મંડળી તરફથી. ભાષાંતર કરતાં અનુકરણનું કામ વધારે મુશ્કેલ છે. ભાષાંતર કરીને અંગ્રેજી નામોને બદલે ગુજરાતી નામ મૂકયાં એટલે તે અનુકરણ ન કહેવાય. તેમાં રીત રિવાજ વિગેરેનું વર્ણન પણ જાતિ નામ અને સ્થળને છાજે તેવું જોઇએ. તે પ્રમાણે ઘણે અંશે થયું છે. ભાષામાં કોઈ કોઈ સ્થળે ગુજરાતી રૂઢી શિવાયની રચના જોવામાં આવે છે. એકંદરે વાર્તા સાધારણ વાંચનારનાં મન રંજન કરે એવી છે.

મહાજન મંડળ–કર્તા. રા. રા. મગનલાલ નરોત્તમદાસ પટેલ તરફથી. ગુજરાતી ભાષામાં આવા પુસ્તકની ખોટ હતી તે પૂરી પાડવા તરફ કર્તાનો યત્ન સ્તુત્ય છે. ભાષા સરળ છે. અને કોઈ કોઈ ઠેકાણે તેમણે ચરિત ઉપરથી કાઢેલા સારથી સારો બોધ થાય એમ છે. આ પુસ્તકના બે વિભાગ કરીને એકમાં પૂર્વે થઈ ગએલાં અને એકમાં આધુનિક જનોનાં ચરિત આપ્યાં હોત તો બેની કીમત ઓછી થાત અને લેનારને જે પુસ્તક લેવું હોત તે લઈ શકત. આ સાધારણ જનમંડળને તથા કર્તાને બંનેને અનુકુળ થાત.

સ્ત્રી વિનોદ. કર્તા ચુનિલાલ લલુભાઈ તરફથી આવ્યું છે. તેમાં સ્ત્રીઓને કેળવણી, તથા યોગ્ય છૂટ આપવાનો બોધ સારો કરેલો છે. પંદર લાખપર પાણી એજ કર્તાનું—આ વાર્તા ઘણે ભાગે "વિક્રમની વિસમી સદી"નું સ્મરણ કરાવેછે. ભાષા સહેલી છે તથા ઉદ્દેશ સારો છે.

ઓનરેબ્લ મિસ્તર લીવારનકૃત હિંદુસ્તાનના રક્ષિત રાજાઓનું અંગ્રેજી ઉપરથી ભાષાંતર. કર્તા રા. રા. દુલ્લભજી ધરમશી વૈદ્ય. અંગ્રેજ સરકારથી જેનું રક્ષણ થાયછે એવાં હિંદુસ્તાનનાં રાજ્યોની હકીકત આ પુસ્તકમાં આવીછે. અને ઇતિહાસને સંબંધે આ પુસ્તક ઘણું ઉપયોગી છે. ભાષાની સરળતા રાખીને ભાષાંતર કરવામાં કર્તાને યશ છે.

કૈલાસવાસી સૌભાગ્યવતી ડાકતર આનંદીબાઈ જોશી એમનું ચરિત, અસલ મરાઠી ઉપરથી ભાષાંતર કરનાર દ્વારકાબાઇ સાડયે તરફથી. "સ્ત્રી કેળવણી ઉપર સંસારના સુખનો આધાર છે." આમ મોઢે કહેવાથીજ ફાયદો થઈ જાયછે તેમ નથી. હમેશાં ઉપદેશની સાથે દૃષ્ટાંતો હોયછે તો તે ઉપદેશ મનમાં સારી રીતે ઠસે છે. અને દૃષ્ટાંતો કલ્પિત હોય તેના કરતાં જીવતાં અથવા મરણ પામેલાં મનુષ્યનાં ચરિત હોય તો એનાથી ફાયદો વિશેષ થાયછે. આ પુસ્તકનો હેતુ એ જ છે કે આ ચરિત વાંચવાથી ગુર્જર સ્ત્રીઓની કેળવણી વધે અને તેમની કેળવણીના ફળ રૂપે તેમના સંસારની સ્થિતિ અવશ્ય સુધરે. ભાષાંતર કરનાર બાઇ જાતે ગુજરાતી ન છતાં સરળ અને શુદ્ધ ગુજરાતી ભાષાંતર કર્યું છે એથી સાનંદાશ્ચર્ય ઉપજ્યા વિના રહેશે જ નહિ. વળી આ પુસ્તકમાંના આનંદીબાઇ જોશીના ચરિત તથા તેમનાં પત્ર વાંચવાથી સારો બોધ એકલી સ્ત્રીઓને નહિ પરંતુ પુરૂષોને પણ ગ્રહણ કરવા લાયક માલમ પડશે.

હૃદય વીણા કર્તા રા. રા. નરસિંહરાવ ભોળાનાથ ધી. એ તરફથી રવાના થયેલી. એને છેડતાં સહૃદય માણસના મનમાં અસર થયા વિના રહેજ નહિ. એમાંથી નીકળતા શબ્દ ગંભીર અને મનોવેધક છે. તેમજ તેના શબ્દથી થતા સૃષ્ટિ વર્ણન પ્રમાણે મન ઉપર છણી પડવા માંડે છે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. નવેમ્બર સને ૧૮૯૬. અંક ૧૧ મો.

આશ્વિન.

મનહર.

શરદ શોભાયમાન ભરપૂર ખાનપાન,
ગાનતાન ને નિશાન સર્વ સુખકેરાં છે;
તેમાં મુખ્ય આસો માસ સુખચેન ખાસ વાસ,
ઉજાસ ઉલ્લાસ ને સુવાસવાળાં દેરાં છે;
પૂજન ભજન સરજનહાર શક્તિતણાં,
ઘણાં રૂપ કલ્પી સૌ સમર્પી આદરેલાં છે;
ઈશ્વરની પૂજા ઉર, શક્તિ પુજાએ જરૂર,
એ વિચારે ભરપૂર મન સુધરેલાં છે. ૧
દસેરાનું મોટું પર્વ માને મને આર્ય સર્વ,
મહીપો ધરીને ગર્વ જતા દેશ જીતવા;
હવે રૂડું સાર્વભૌમ રાજ્ય થયે સર્વ સૈાખ્ય,
અહો એનું આનુપમ્ય ! છે ન જીતવા નવા;
પરંતુ ડરંતુ જેહ આર્ય કેરૂં મન તેહ,
રખે વટલાય દેહ એમ દેશ છોડવા:
તેણે ધારવો વિચાર મેળવવા સાર સાર,
દરીયા કે દેશપાર જઈ કીર્તિ જોડવા. ૨
ભલા ગુજરાતી ભાઇ, અરે તમે શરમાઈ,
જતા નથી એ નવાઈ ચાલ ગરબા તણે;
ભલે ગાય નારી મળી તાળી લઈ વાંકી વળી,
ભક્તિ નીતિ પ્રીતિ તણી ગરબીઓ જો ભણે;
પણ પુરૂષો પરાયા ઢોરના સમા હરાયા,
તેને શું નથી ધરાયા દેખાડીને નાચણે ?
કેળવી સુધારો બાળ શમે અનીતિની ઝાળ,

આવે નહિ કાંઈ આળ ચાલશો જો ડા'પણે. ૩
દિવાળીના દિવસોમાં દારૂખાનું છોડવાથી,
ભેજની ભૂંડી હવાનો નાશ થાય છે ખરો;
વળી રોશની વધારે કરવાથી તે બને જ,
ભિગાડ કદીતો સે'જ એમ દિલમાં ધરો;
એ વિચારથી સમસ્ત લોક લીંપી ગુંપી ધોળી,
ઉમંગથી રંગતા દીસે જ આપનાં ઘરો;
જુના નવા ચાલ સર્વ તપાસી તપાસી ભાઇ,
હેતુ સર્વના વિચારી રાખો વા જતા કરો. ૪
લક્ષ્મીતણા પૂજનના નિમિત્તથી મેળવાય,
સિલિક નગદ દર દાગીના તમામના;
વળી જળાશયે કે ઘરે ઘશીને માંજવાથી,
ચળકાટ વિધવિધ દેખીએ જ ઠામના;
વિવિધ પ્રકાર તણી આપલે કરી રહે જ,
જેવી જેને પ્રીતિ તેવી લોક બધા ગામના;
વ્યાધિ આધિ રહિત સહિત સર્વ ભાત સુખ,
સર્વને આગામી વર્ષ હજો એવી કામના. ૫

બેકનકૃત નિબંધ.

(સાંધણ પૃષ્ઠ ૨૯૭ થી.)

મુસાફરી.

૧૧

જુવાનીઆની મુસાફરી કેળવણીનો એક ભાગ છે અને મોટીવયમાં તે અનુભવ મેળવવાનો રસ્તોછે. કોઈ પરદેશની ભાષા જણ્યા પહેલાં પરદેશમાં મુસાફરી કરવા જાયછે, તે નિશાળે નવી ભાષા શીખવા જાયછે એમ કહેવું જોઇએ. તેવા ફરવાને મુસાફરી કહેવાય નહિ. જુવાન માણસે એકાદ શિક્ષક અથવા પુખ્ત ઉમરના ચાકર સાથે મુસાફરી કરવી તે ફાયદાકારકછે. માત્ર એટલું ધ્યાનમાં રાખવું કે તે શિક્ષકને તથા ચાકરને પરદેશની ભાષા આવડતી હોય અને તે પ્રથમ ત્યાં જઈ આવેલા હોય. આથી જે દેશમાં તેમને જવું હોય તેમાં જોવા લાયક શું શું છે, ઓળખાણ કોની કરવી, ત્યાં શું શીખવાનું છે તે સર્વ તેમનાથી સમજાશે. કેમકે જો કોઈ તેવું સમજાવનાર

સાથે ન હોય તો જુવાનીઆને તેની કંઈ સમજણ પડવાની નહિ અને તે જેવા જશે તેવા જ પાછા આવશે.

જ્યાં ઉપર આભ ને નીચે પાણી વગર કાંઇ જ જોવા જેવું નથી હોતું, તેવા સમુદ્રની મુસાફરીમાં લોકો રોજે રોજની હકીકત નોધી રાખેછે. પણ જમીન ઉપરના પ્રવાસમાં જ્યાં ઘણું ઘણું જોવાનું હોયછે, તેમાં કંઈ નોધ રાખતા નથી તે આશ્ચર્યની વાત છે. વખતે લોકો એમ ધારતા હશે કે જોવામાં આવેલી વસ્તુઓ કરતાં અકસ્માત બનનાર બનાવો લખવા વધારે યોગ્ય છે ! અને તેથી જ સમુદ્રની મુસાફરીની રોજે રોજની હકીકત લખતા હશે.

જોવા જેવી અને ધ્યાનમાં રાખવા જેવી વસ્તુઓ કહી તે આઃ—રાજાઓના દરબારોમાં પરરાજ્યના વકીલોની મુલાકાત થાયછે તે વેળાનો ઠાઠ, ન્યાયનું કામ ચાલતું હોય તેવી ન્યાયની કચેરીઓ, ધર્માધિકારીઓની સભા, દેવાલય અને મઠ, તેમાં યાદગીરી માટે મૂકી રાખેલી વસ્તુઓ, નાનાં મોટાં શહેરોના કોટ, બંદર, ડક્કા, પ્રાચીનકાળની વસ્તુઓ, જૂનાં ખંડેર, પુસ્તકાલય, પાઠશાળા, સભાઓમાં ચાલતા વાદવિવાદ અને વ્યાખ્યાનો, વહાણ, નૌકા સૈન્ય, મોટાં શહેરોની પાસે દરબાર ભરવાને અથવા સુખચેન ભોગવવાને માટે બાંધેલા મહેલ, બાગ, સૈન્ય સામગ્રીના ભંડાર, નાણાબજાર, વખારો, ઘોડેસ્વાર ઘોડા ફેરવતા હોય તે, પટા ખેલે તે, લશ્કરની કવાયત, જે નાટકોમાં ઊંચી પંક્તિના લોકો જતા હોય તેવાં નાટકો, જમદારખાનાં, અસાધારણ વસ્તુઓનું સંગ્રહસ્થાન વગેરે આ સર્વ વસ્તુઓ શિક્ષક અથવા નોકરે ખંત રાખીને ખોળી કાઢવી જોઇએ. સવારીઓ, મિજબાનીઓ, લગ્ન સમારંભ, મરણ પછીની ક્રિયાઓ, અને ફાંશીની શિક્ષાનું, જો કે માણસને સ્મરણ કરાવવું યોગ્ય નથી તોપણ તે છેક ઉપેક્ષા કરવા લાયક નથી. જો કોઇના મનમાં એવું હોયકે તરૂણોને થોડું ફરવાથી અને થોડા જ વખતમાં ઘણી માહીતી મળે તો પ્રવાસમાં નિકળ્યા પહેલાં જ જે દેશમાં જવું હોય તે દેશની ભાષાનું થોડું ઘણું જ્ઞાન તેમને હોવું જોઇએ, તે દેશની માહીતી વાળા શિક્ષક અને નોકર તેમની સાથે જવા જોઇએ; અને જે દેશમાં જવું હોય તે દેશનો નકશો અને વર્ણન જેમાં હોય એવું એકાદ પુસ્તક સાથે રાખવું જોઇએ. આથી તેમને જોઇતી સર્વ માહીતી મળશે. તેમણે રોજે રોજની નોધ રાખવી. એક જ સ્થળે ઘણા દિવસ રહેવું નહિ. માત્ર કામ જોગજ રહેવું. એકજ શહેરમાં પણ જૂદા જૂદા મોહોલ્લામાં ઘર બદલવાથી શહેરના જૂદા જૂદા મોહોલ્લાની વધારે સારી માહીતી મળેછે. પોતાના સ્વદેશી તે શહેરમાં રહેતા હોય તેમનાથી વેગળે રહેવું. જે ઠેકાણે તે ગામના સારા સારા લોક ભેગા થતા હોય ત્યાં જવું. એક ગામથી બીજે ગામ જવું હોય તો પ્રથમને

ગામથી કોઇ પાસેથી બીજા ગામના સારા સદ્‌ગૃહસ્થ ઉપર ભલામણનો લઈ જવો; એટલે બીજા ગામ સંબંધી જ્ઞાન મેળવવામાં તે સદ્‌ગૃહસ્થ મદદ મળશે. આ પ્રમાણે થોડા વખતમાં ઘણો લાભ થશે.

હવે પ્રવાસમાં કોની કોની ઓળખાણ કરવી તે વિષે પરરાજ્ય વકિલના ચિટનિસ અને બીજાં માણસોની ઓળખાણ બહુ ઉપયોગની કારણ કે તેમની ઓળખાણથી એક જ દેશમાં રહીને ઘણા દેશની માહીતી મેળવી શકાય છે, તેમ જ જે ઘણા પ્રખ્યાત માણસો હોય તેમની મુલાકાત લેવી. એથી તેમનું ખરૂં ચરિત્ર અને તેમની પ્રસરેલી કીર્તિ એ બે કેટલાં મળતાં આવેછે તે જણાશે. સાવધ રહીને વિચાર પૂર્વક ચાલીને કજીઆખોર માણસથી દૂર રહેવું. તીખા મીજાજના અને કજીઆખોર માણસથી દૂર રહેવું. નહિ તો તે લોક પોતાના કજીઆમાં આપણને લેતા પડે. જે દેશોમાં પ્રવાસ કર્યો હોય તેમને ઘેર આવ્યા પછી ભૂલી જવા નહિ. પણ ત્યાં જે સારા સારા ગૃહસ્થો સાથે ઓળખાણ થઈ હોય તેમની સાથે પત્ર વ્યવહાર ચાલુ રાખવો.

પ્રવાસ કર્યો છે એવું બતાવવાને પોતાનો પોશાક કે રીતભાત બદલવી નહિ, પણ કોઈ માહીતી માગે તો તે ખરેખરી આપીને તે બતાવવું. આગળ પડીને વાતો ન કરવી. પરદેશમાં જઈ આવીને ત્યાંના જે રીતરિવાજ પોતાના કરતાં સારા હોય તે સિવાય બીજાનો સ્વીકાર કરવો નહિ.

ઝડપ.

૧૨

દેખાડવા માટે જ કરેલી ઉતાવળથી દરેક કામમાં અતિશય અડચણ થાયછે. જેને વૈદ્ય લોક ખોટી ભૂખ કહેછે તેનાથી જેમ શરીરમાં અપકવ રસ ભરાયછે અને રોગનું બીજ ઉત્પન્ન થાયછે, તેમ ઉપલક ઉતાવળથી કામમાં બિગાડ થાયછે; માટે કાંઈ પણ કામ કેટલી વખત હાથમાં લીધું તે ઉપરથી તે કરવાની ઉતાવળનું પ્રમાણ કાઢવું નહિ. જેટલું કામ થાય તેટલા કામ ઉપરથી ત્વરાનું પ્રમાણ સમજશે. દોડવાની સરતમાં લાંબી ફલંગો કે ઊંચા થેકડા માર્યા કે ઉતાવળ થઈ જતી નથી, તેમ કામમાં પણ સમજવું. એકદમ સામટું કામ ન લેતાં થોડું થોડું પણ નિયમસર કરવાથી તે ઝડપથી થાયછે. કેટલાકની એવી રીત હોયછે કે પોતે જલદી કામનો નિવેડો કરેછે એવું દેખાડવાને તે જેમ તેમ કરી કામનો નિકાલ લાવેછે, અથવા કાંઈ યુક્તિ કરીને એવું બતાવેછે કે કામ પુરૂં થયું. પણ જેમ તેમ કરી કામ પુરૂં કરી નાંખવું અને થોડું થોડું કરીને પણ તે યથાસ્થિત કરવું એ બેમાં

ફેર છે. જે કામ એક સપાટે પૂરૂં થાય એવું ન હોવાથી વારે વારે હાથમાં ગાલવું પડતું હોય તો તેવું કામ જેમ તેમ કરી પૂરૂં કરી નાખવાથી તે ચોખ્ખું થઈ પૂરૂં થવાનું નહિ, અને તેમાં ઘોટાળો રહેશે જ. અમારો ઓળખીતો એક ડાહ્યો ગૃહસ્થ હતો તે જ્યારે કોઇને ઉતાવળથી કામ કરતાં દેખતો ત્યારે તેને કહેતો કે "આટલી ઉતાવળ ન કરો, જરા ધીમા પડો, એટલે કામ જલદી થશે."

પણ ખરી ત્વરા ઘણી મુલ્યવાન વસ્તુ છે. જણસોની કીમત પૈસાથી થાયછે તેમ કામની કીમત વખતથી થાયછે. અને જે કામ ઝડપથી નથી થતું તે મોધું પડેછે, એમ કહીએ તો ચાલે. સ્પાર્ટન અને સ્પેનીઅર્ડ લોક ત્વરાથી કામ કરતા નથી એ વાત પ્રસિદ્ધ છે, અને તેથી જ એવી કહેવત ચાલે છે કે "મોત આવે તે સ્પેનમાંથી આવજો." સારાંશ એ કે તે સ્પેનનું હોવાથી ઉતાવળું આવશે નહિ.

કામમાં જે કોઈ પ્રથમ માહીતી આપે તેની વાત બરોબર સાંભળી લેવી. તેને કહેવાનું હોય તે પ્રથમ જ કહી દેવું. તેના બોલવા માંડ્યા પછી વચમાં બોલવું નહિ. કેમકે જે રીતે તે પોતાની હકિકત કહેતો હોય તે પ્રમાણે તેને કહેવા ન દઇએ તો તેનાથી આગળ પાછળ બોલાઈ જાય છે અને સંભારી સંભારીને બોલવા માંડે છે એટલે તેની વાતથી કંટાળો આવે છે. પણ કોઈ કોઇવાર એવું એ બને છે કે નટ કરતાં સૂત્રધાર વધારે કંટાળો આપે છે.

એકની એક વાત ફરી ફરીને કહેવાથી ઘણું કરીને વખત નકામો જાયછે. પણ જે બાબતનો વિચાર ચાલતો હોય તે બાબત શી છે તે ફરી ફરીને કહેવાથી ઘણો વખત બચે છે. કેમકે તેમ કરવાથી વાતનો મુદ્દો છોડીને કોઈ નકામું બોલશે નહિ. દોડવામાં ભૂંઈ સુધી ઘસડાતાં લૂગડાં જેટલાં અડચણ કરેછે તેટલાં જ લાંબાં લાંબાં ભાષણો ઉતાવળમાં અડચણ કરેછે. ભાષણની શરૂઆતમાં પોતાના વિષેની પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત, માફી માગવી વિગેરેથી વખત નકામો જાયછે, અને જો તે બધી બાબતો વિનય દેખાડવાને બોલાતી હોય તો તે બડાઈ સિવાય બીજું કાંઈ નથી. પણ જો લોકો આગ્રહી હોય અને તેમના આગ્રહથી કામમાં હરકત આવવાનો સંભવ હોય તો કોઈ દિવસ પ્રસ્તાવના કર્યા સિવાય પ્રતિપાદન કરવાનો વિષય છેડવો જ નહિ. કેમકે જે ઠેકાણે મલમ ચોપડવું હોય તે જગાએ પ્રથમ શેક કરવો કે તરત મલમ અંદર ઉતરે.

એક વાત મુખ્યત્વે કરીને યાદ રાખવાની છે તે એ કે કામની વ્યવસ્થા અને વિભાગ કરવા તથા એક વખત એક જ ભાગ હાથમાં લેવો એ જ ત્વરાનો સાર છે; પણ વિભાગ કરવા તે ઘણા ન કરવા. જો કામના વિભાગ

કરવામાં ન આવે તો તે કામમાં ઉંડા ઉતરી શકાય નહિ, અને જો ઘણા વિભાગ કરવામાં આવેતો તેમાંથી સારી રીતે છૂટકો થાય નહિ. સવેળા કામ કરવાથી વખતનો ઉગારો થાય છે અને કવેળા કરવાથી બધો શ્રમ વ્યર્થ જાયછે. કામના ત્રણ ભાગ છે. ૧ તેની ગોઠવણ કરવી, ૨ તે વિષે વાદ વિવાદ કરવો અથવા તે સંબંધી તપાસ કરવો, અને ૩ તે પૂરૂં કરવું. જો ઉતાવળ કરવી હોય તો બીજા વિભાગનું કામ ઘણા માણસોને સોંપવું. પણ પહેલા તથા ત્રીજાનું તો થોડાને જ આપવું. આપણે જે જે સૂચના કરવી હોય તે લખી રાખીને વિચાર કરવા માટે પોતાની નજર આગળ રાખવી. આમ કરવાથી કામ ઝડપથી થાયછે, કારણ કે કદી આપણી સૂચના માનવામાં ન આવે તોપણ તે ઉપરથી આપણે આગળ શું કરવું તે સમજશે. મોંની મોઘમ વાતોથી તે સમજણ પડતી નથી. જો કે ધૂળ અને રાખ બંને નાખી દેવા જેવી વસ્તુઓ છે, પણ ધૂળ કરતાં રાખનું ખાતર સારૂં થાયછે.

चारण अने चारणी भाषा

(સાંધણ પૃષ્ઠ ૩૧૬ થી.)

હાલમાં આપણા સાહિત્યમાં ચોતરફથી વધારો થતો જાય છે. કેટલાક સંસ્કૃત કે ઇંગ્રેજી પુસ્તકોનું ભાંષાતર કરે છે, કેટલાક મરેઠી, બંગાળી, હિંદી કે વ્રજ ઉપરથી નવાં પુસ્તકો બનાવે છે ત્યારે કેટલાક રામાયણ, કે ભારતના અથવા અર્વાચીન કાળના ઇતિહાસિક બનાવો ઉપરથી નૉવેલો લખે છે. આ પ્રકારના વધારામાં ચારણી કાવ્યો કે પુસ્તકો કામમાં આવે તો સાહિત્ય શાસ્ત્રમાં એક નવા પ્રકારનો સારો વધારો થાય તેમ કેટલીક નવી હકીકત પણ જાણવામાં આવે તે ભાષાના ગ્રંથો ચાર રીતે ખપમાં આવી શકે.

૧ મૂળ ભાષા કાયમ રાખી તે નીચે ગૂજરાતીમાં ટીકા આપવી.

૨ ચારણી ભાષામાં કેટલીક ગુજરાતી ભાષા ઉમેરીબંધ બેસતી કરવી. જેમ હરિરસ નામના નાના ચારણી ભાષાના કાવ્યમાં આવો ફેરફાર કરવાથી હાલ કાઠિયાવાડમાં વંચાય છે.

૩ ચારણીનો જ મહાવરો કરી વગર ટીકાએ કામમાં લાવવી. કઠણ શબ્દનો કોશ આપવાથી બહુ હરકત પડશે નહિ.

૪ ચારણી કાવ્યનું ગુજરાતીમાં ગદ્ય કરવું.

આ ભાષા બીજી ભાષા જેટલી કઠિણ નથી તેથી પહેલા પ્રકાર પ્રમાણે કરવાની જરૂર નથી. બીજા પ્રકારે કરવા જતાં મૂળ હેતુ અને રસ બરોબર સચવાશે નહિ. તેથી વાંચનારા બરી બૂબીથી અજાણ્યા રહેશે. ઘડે ઘડા ભરાતો નથી. ત્રીજી રીતે કરવા જતાં સહેલું છે ખરૂં. મૂળ શબ્દોને છેક

તોડી નાંખ્યા હોય તેમને બનતા ફેરફારથી ફરીને ગોઠવ્યાથી આ રીત કામમાં આવે તેવી છે. ચારણી ભાષાનાં જાતિ અને વચન આપણી જુની ગુજરાતીને મળતાં છે તેમ કેટલાક ચારણની કવિતા બહુજ સહેલી છે તેથી આ રસ્તો ઉત્તમ લાગેછે, ફક્ત ગૂજરાતી પાંચ ચોપડીઓ ભણી ઇંગ્રેજી શરૂ કરેલું એવા કેટલાક ગ્રાજ્યુએટોને પૂરે પૂરૂં ગુજરાતી લખતાં નહિ આવડ્યાથી સંસ્કૃતમય લખે છે તેના જેવી આ ભાષા કઠીણ નથી. ચોથી રીતે કરતાં વાંચક મંડળને રસ પડે તેમ લાગતું નથી. આમાંથી કેઈ રીત શ્રેષ્ટ છે તે વિદ્વાનો શોધી કાઢશે તો મોટો ઉપકાર થશે.

વાંચવું અને સાંભળવું એમાં ઘણો તફાવત છે. કોઈ માણસ કવિતા બોલતો હોય તો તેના રાગથી સાંભળનારને સમજણ સાથે આનંદ થાય છે. પણ તે કવિતા વાંચી ગયાથી તેમ થતું નથી. આવી જ રીતે આ ભાષાનું પણ છે. કોઈ ચારણ, કવિતા બોલતો હોય તો કંઈક ગમત સાથે સમજ પડેછે. પણ તે જ કવિતા વાંચી જતાં તેટલો આનંદ થતો નથી. તેમ પૂરી સમજણ પડતી નથી. સમજણ પડે તો જ આનંદ થાય.

આપણા માનવંતા કવિ દલપતરામભાઈ હિંદી ભાષા સારી રીતે જાણે છે, તેમ રજવાડાના સારી રીતે ભોમીયા છે તેથી આ ભાષાની તેમને માહીતી હશે જ, પણ તેમાં તેમણે લક્ષ આપેલું હોય એમ જણાતું નથી. શબ્દોની ગમે તેમ મનસ્વીપણે ભાંગફોડ કરવાની પદ્ધતિને લીધે તેમને આ ભાષા ગમી નહિ હોય.

આ ભાષામાં ઘણું કરીને અક્ષરમેળ છંદ વાપરવાનો વધારે ચાલ નથી તેમ કવિ શીરોમણી પ્રેમાનંદ પેઠે દેશી રાગણીનાં ગીત પણ જોવામાં આવતાં નથી, તેમની કવિતાને ગીત કહે છે. અને તે કુલ ૮૪ પ્રકારનાં છે. "રઘુનાથ રૂપક" નામના ચારણી પિંગલમાં આ ગીતોનું માપ આપેલું છે.

આ ભાષામાં વ્યાકરણ નિયમ જણાતો નથી અને તેથી જ તે ભાષાની મહત્તા ઓછી છે. જો વ્યાકરણ નિયમે તેમની ભાષા બનેલી હોત તો જરૂર તે એક બોડાયેલી ભાષા ગણી શકાત. ચારણો હરેક શબ્દોનું મનસ્વીપણે ટુંકું રૂપ કરી દેછે, તેથી જ મહાવરા વિના સમજાતી નથી કે બોલાતી નથી. અજાણ્યા માણસને શબ્દોનાં મૂળ રૂપ શોધતાં ઘણી મહેનત અને ગુંચવણ પડે છે. હજુ પણ ચારણો–માન વાચક નામ ગઢવી–પોતાની બોલીમાંજ કવિતા કરે છે. ગૂજરાતી તેમને ગમતી નથી, ફીકી લાગેછે. કેટલાક વિદ્વાન ચારણો હિંદી અને વ્રજ ભાષામાં પણ કાવ્ય કરી જાણેછે.

આપણા જુના કવિ શામળભટને ગૂજરાતના કોઈ રાજાએ આશરો આપ્યો નહિ અને તેથી તેમને એક લેઉવા કણબીને આશરે પડી રહેવું પડ્યું અને ત્યાં જ ગામડાંમાં બેડુતો ભેગી જીંદગી ગુજારી. આથી આબુ-

નિક લેખકો તે વખતના રાજાઓને માથે દોષ મૂકે છે. અને તેઓ કવિતાના કદરદાન નહોતા તેમ ગણી તેમને મૂર્ખમાં લેખવે છે. પણ ખરી રીતે જોવા જઇશું તો, આમાં તે રાજાઓ બિલકૂલ દોષવાન નથી, કેમકે રાજાઓની પાસે રહેનારા રાજ્ય કવિઓની ભાષા હિંદી વ્રજ કે ચારણી છે. રાજ્ય કવિની ભાષા ગુજરાતી થઈ જ નથી, આજે પણ પચાસ વર્ષની વયના રાજાઓને જોઇશું તો તેમને ગુજરાતી કવિતા સાંભળવી કે વાંચવી ગમશે નહિ, કેમકે તે તો એમ જ સમજેછે કે કવિતાની ખૂબી તો હિંદી, વ્રજ, કે ચારણી ભાષામાં જ છે. કેટલાક નવા થતા રાજાઓને પણ હજુ આ પણી કવિતા જોઇએ તેટલી પસંદ પડતી નથી. ગૂજરાતની ઉત્તર અને પશ્ચિમના રાજાઓ તો ઘણે ભાગે મારવાડ મેવાડને મળતા છે. તેમ પૂર્વ દિશાના માળવા અને મેવાડ સાથે મળતા છે. તેમનો પોશાક, ખોરાક, કન્યા આપવા લેવાનો વહેવાર કે કચેરીની બેઠક હજુ પણ મેવાડ કે મારવાડ અથવા બેકદર રજપૂતાણા સાથે મળતી છે તો તેમની કવિતા પણ તે દેશની ભાષામાં હોય તેમાં આશ્ચર્ય જેવું નથી.

રા. બ. હરિલાલ ધ્રુવના કવખતના શોકજનક મૃત્યુથી બીજાના કરતાં ભાષા શોધકોને ઘણું નુકસાન થયું છે, પ્રાચીન ભાષાઓનો શોધ કરવો એ કંટાળા ભરેલું પણ ખરી વિદ્વત્તાનું કામ છે, બહુ ઊંડા ઉતર્યા વિના આ કામ પાર પડતું નથી, તેમને આ વાતનો ઘણો શોખ હતો, સાધારણ જ્ઞાનવાળા માણસો શોધ કરી તેમની પાસે જૂનાં પુસ્તકો મોકલતા, અને તે તેને શુદ્ધ કરી શાસ્ત્ર નિયમે ગોઠવી જાહેરમાં મૂકતા, તેમ પોતે પણ આ વિષયમાં ઘણો શોધ કરતા હતા, જૂના અક્ષરો, શબ્દોનું મિશ્રણ, ભાષાની અવગડતા, તેની સાથે કાના માત્રા વિનાના ઓડિયા અક્ષરોવાળાં જૂનાં–એક જાતની વાસ મારતાં–પુસ્તકોને વારંવાર ફેંદી તેનું મનન કરવું, એટલું ઉદ્યોગ, ધૈર્ય અને અપૂર્વ ઉત્સાહ વિના બનતું નથી, જેમ માટી સાથે મિશ્ર થયેલા સોનાને જૂદું પાડતાં મહેનત પડે છે, અથવા ધૂળ ધોઇયાને ધૂળમાંથી ધાતુની રજ એકઠી કરતાં ઘણી માથાકૂટ કરવી પડે છે, તેવું આ કામ છે.

પોતાની કવિતાના પોપડા બીજાના હાથમાં જાય તો તે કવિતાની નકલ કરી લે એવી બીકથી ચારણ લોક પોપડા લખવામાં એક ખૂબી વાપરેછે, તેઓ એક સલંગ પાનું ન લખતાં વચમાં વચમાં થોડોક ભાગ કોરો રાખે છે અને ત્યાં બીજું કાવ્ય લખેછે, આથી અજાણ્યા માણસને તેની નકલ કરતાં કેટલુંક વિચારવું પડેછે.

ચારણી ભાષા વિભક્તિ અને વચનમાં જૂની ગૂજરાતીને કેટલેક ભાગે મળતી આવેછે, તેથી તેમાં થોડુંક રૂપાંતર કરવાથી ઝટ સમજાય છે.

આપણા ગૂજરાતી કવિઓના કાવ્યનો ઉદ્ધાર થયો તે પ્રમાણે આ ભા-

ષાના કાવ્યનો ઉદ્ધાર થાય તો કેટલુંક નવું જાણવામાં આવે. ચારણી ભાષા બીજી ભાષા જેટલી ગૂજરાતીથી ભિન્ન નથી. તેમ આપણા લોકોમાંથી, રજપૂતો, ભાટ, બારોટ, ચારણો, મારવાડીઓ, અને જૂની પદ્ધતિના કવિઓ તે સારી સમજેછે. એટલે તેને ગૂજરાતી તો નહિ પણ તેની અંગતની ગણી માન આપીએ તો ખોટું નથી, શુદ્ધ મારવાડી અને આ ભાષામાં ઘણો તફાવત છે, તે બંને ભાષાનો મુકાબલો કર્યાથી જણાશે. તેથી મારવાડી ભાષાને ગૂજરાતી બનાવવા જેવું આ કામ થતું નથી, આ વિષે કોઈ વધારે શોધ કરી હકીકત જાહેરમાં મૂકશે તો વિશેષ ફાયદો થશે.

જૂદાં જૂદાં કાવ્યોમાંથી નીચે થોડાક નમુના આપ્યા છે.

સાંઆ ઝૂલા કૃત રૂકમણી હરણમાંથી.

શેરીએ શેરીએ પાટ પટ સાંધેઆ, બારણે બારણે તોરણ બંધેઆ.
ટોડલે ટોડલે માલ મોતી ગણી, ગોખડે ગોખડે લૂણ લે ચહીણી.
ઓઝલે ઓઝલે જુવતી ઉદ્દણે, ચોતરે ચોતરે હંસ મોતી ચગે
વાડીએ વાડીએ વાટિકા વન રે, આલપે કોકિલા કંઠ ઉંચા સ્વરે
મારગે મારગે મહમહી માળણી, ચોસરે ચોસરે મેલશુ ચોગણી
આંગણે આંગણે ચોક પુરે અબળ, કનકમે આંગળે કેળે કલસા કમળ
માંડવે માંડવે નાગવેલી વળી, અંબરે અંબરે ચુડીઆં ઉછળી
ડેહરે ડેહરે દૂધ સીંચે દહી, મોહલે મોહલે ધૂપણા મહમહી

સાંઆ ઝૂલા કૃત નાગ દમણમાંથી.

અધૂરે અમૃતે ન જાએ અદ્રાઈ, ઝગે કુંડળા લોલ કપૂર જાઈ;
ઈખે નાસિકા સગ દીપક એરી, કળી ચંપ જાણે લલી લંપ કેરી. ૨૮
નવા નેહ પંકજ દીરઘ નેત્રે, સોભા મીન ખંજન મૂધો સવેત્રે;
દોહે ભૃગટી ઓર દો દેખે દોહે, ભલે ભૃંગ સુતા સખી દેખે ભ્રાહે. ૨૯
જડેવાય તૂ નાગ કાળી જગાવે, હજી મુખ ચેપાંનરા સોહ આવે;
ખેલીજે રમીજે ઘણું માન ખોળા, ભરીજે નહીં આભસુ બાથ ભોળા. ૪૨

ગઢવી નાથાકૃત આમોદના રાજાની વંશાવળીમાંથીઃ—

તે નગરી ચંપાવતી, ચંદ્ર વંશીઆં તખત;
સારી ઘર દરિયા સહત, પાયે નમે છત્ર પત. ૨૮
તે નગરી ચંપાવતી, વીશ કોશમાં વાસ;
બારે માસ વસંત રતે, વધ વધ હાસ વિલાસ. ૨૯

તે નગરી ચંપાવતી, શ્યામા સોલ સૃંગાલ;
દાર હીએે જલ હંડચા, ભાર કનકાં ભાર. ૩૦

સાંઆા ઝુલા કૃત અંગદ વિષ્ટિમાંથી.

હૂ અંગદ હર ભેજેઉ, વીસ કને સણે વાત;
વાલે કહી જે વાનરૂ, તે રાવણ મૂ તાત. ૨
તાત હણૂ જણે તાહરૂ, કેમ વીસરીઉ દાઉ;
અંગદ ઓલગ આવ મૂ પંચવધ કરાં પસાઉ. ૩
તુ ઓળગુ રામ તજે જ્યલ વચારી જેએ;
ચંદન લેપન પરહરે, કઊચ ન ઘસે કેાએ. ૪

કવિ કરણીદાન કૃત "બિરદ સીંગાર"માંથી. (અભયસિંહે ગૂજરાતપર કરેલી ચઢાઇ.)

ડુંગરપર વાંસબાહલા દેશ, પાટવી રાણરા કરે પેસ;
લાયક લૂણાપર ગ્રહ લગાંણ, રાએે કુઅર દીધ ચાલ કરાંણ. ૧૨૧
માલહર આગલે નાંમ માંથ, હાલા હર ઝાલા જેડે હાથ;
જૂધ કેાળી કાઢી પર પ્રજાલે, આખેટ રમંતાં કીધ આલે. ૧૨૨

કવિના નામ વિનાની. "હમ્મીર "ચાલીશી "માંથી.

હૂ ભજ (બલ) સાઅર તરૂ સાહ સેના સંઘારૂ;
હૂ દલી ગઢ લેઉ, હૂ રણથંભ ઉગારૂ.
ખાંડે ખલ ખટ કરૂ હેર પીથલરૂ વાલૂ;
હૂ હીંદવાંણુ કરૂ સહુ અસરાંણુ સંધારૂ.
સંધારૂ મીર સેલાર સબ હુ અસપતે સુ કરૂ એમ;
હમ્મીર કહે રે ભટ સણે, મુજ વેર પતસાહ સમ. ૧૫

ખડીઆ જગા કૃત ઉજ્જનની લઢાઈમાંથી.

રાણીએા સતી થાય છે.

તણે વારે ત્રીઆં રતનેસ તણી, વધે સાહ સલેાલે સંગાર વણી;
પ્રભ હાથ મલ્હ જંપક જેમ, ગણ ગત્ર અછત્ર વના ગજેમ. ૧

કલે કંઠ જંકંઠ જંઘ કદલી ચલે ચત્ર પવેત્ર મંણાલ ચલી;
તન રંભહ ખત્રં કનક તસી ઓપે સરે નાગૂંદ્ર વેણુ અસી. ૨
વનતા મખ પુનમ ચંદ વણી નજ ભ્રહાં ભ્રંગ પ્રધા નેઅણી;
કંઠ કેાકીલ દંત અનાર કલી અગ્ર વખ અલગ કલા ઉજલી. ૩
આભુખણુ તંનસ ચંગ અસી જગમંગે અનંગ નખત્ર જસી;
સખ નખ લગી શણુગાર સજી લજે લેાક તજી વધે સત્રલતી. ૪
કલવંતી એ પ્રતવતા કેહેડી અધુરે ચત્ર પંખજ કે એહેડી;
ધરેઆ ઘણુ વાજંત્ર ઘાસુ ઘણું તણે વાર ત્રીઆં વધે રૂપ તણું. ૫
ચંતે ભ્રતે સરંમ સંસાર ચલી ભ્રમ મેાહ સંસાર તે આર ભલી;
મળવા પીએે સરંમ સેજ મરણું કરણા સેહે લેાક લગા કરણું. ૬
સરસથ ભણે કથ દેખ સતી જસી મીઢે ન કેા વર ઇંસ જતી. ૭

કવિના નામ વિનાની કવિતા.

ભાંગ અને અફીણુનેા સંવાદ (રૂપક)

ભાંગ કહે છે–

નર તૂને ખાએે અમલ પાછે પછતાવે,
નર તૂને ખાએે અમલ એહા ફળ પાવે;
ડાઢી મૂછ જસા તેા અંકાર ન આવે,
આંખ ઝરે ઉર હીઝરે ઉભા ઉહંધાવે;
દલ બાબલ ગલ દુબલા ભુડા બરસાવે,
કામણ કંથ જેએ ઉદ્યાંત ઉભી કુર લાવે;
કરસૂ મેાડે કરડકા આંસુ ઢલકાવે,
પૂત્ર વધે નહ પેટસૂ ઘર સૂત્ર ગમાવે;
તૂતેા ભૂડારે અમલ જગ કહે કહાવે.

સ્ફુટ કવિતા.

નાગબાઇના દુહા.

તરકાંના તાબૂત જૂના મે ફેરૂ જરૂર,
તે દી તૂ રજપૂત મૂ માંને રા મંડલક. ૧
પગ કાંબી પેરસેા હેએે કાપડ હેાય,
કાંજે વૂળ કેાય તે દી મૂ માન મંડલક. ૨

આ સિવાય ચારણ લોક કાવ્યની અંદર "અચનીકા" કરીને ગદ્ય લખે છે. દેખીતી રીતે આ ગદ્ય છે ખરૂં, પણ તેમાં ઠામ ઠામ શબ્દોના અનુપ્રાસ તેમ ઝડ ઝમક દેખાઈ આવે છે.

ઉપર પ્રમાણે જૂદા જૂદા કવિઓની જૂદી જૂદી કવિતા લખી છે. અસલ ઉપરથી ખરી નકલ કરી છે તેમાં કંઈ વધારે ઘટારો કર્યો નથી. કેમકે તેમ કરવાથી કવિતાનું અસલ રૂપ બદલાઈ જાય. આશા છે, કે સૌરાષ્ટ્રી મિત્રો આ વિષય ઉપર ધ્યાન દેશે કેમકે તેમને ત્યાં ચારણ અને ચારણી ભાષાનો પ્રચાર ઘણો હોવાથી સવિસ્તર હકીકત મળે એમ છે.

કવિશેખ સાદીકૃત ગુલિસ્તાંમાંથી ભાષાન્તર.

રાજ્ય કર્ત્તાઓના લક્ષણ.

વાર્તા. ૨ જી.

ખુરાસાનના રાજાઓમાંના એકે સુલતાન મહેમુદ સબક્તગીનને તેના મોત પછી સો વર્ષે સ્વપ્નામાં એવી સ્થિતિમાં દીઠો કે તેનું આખું શરીર ખવાઈને માટી થઈ ગયું હતું, પણ આંખો માત્ર આમ તેમ ટગરટગર જોતી હતી. આ સ્વપ્નાનો ખુલાસો કોઈ પણ શાસ્ત્રી કરી શકતો નહોતો. છેવટે એક સાધુએ તેનો ખુલાસો કર્યો, અને કહ્યું કે એની આંખો અદ્યાપિ પર્યંત જોયાં કરે છે કે એનું રાજ્ય પારકા લોકોના હાથમાં છે.

દોહરા.

છે દાટ્યા વસુધા વિશે, જનો પ્રસિદ્ધ ઘણાજ;
નથિ તેમની હયાતિનાં, ચિન્હ પૃથ્વીપર આજ.
માટીને સ્વાધિન કર્યાં, શબ પુરાતની છેક;
તે સૌ ભક્ષ કરી ગઈ, શેષ ન અસ્થી એક.
જતાં વિશ્વમાંથી વિત્યાં, વર્ષ વિશેષ તથાપિ;
હતો ન્યાયિ નૌ [1]શીરવાં, તેથિ કીર્ત્તિ રહિ વ્યાપિ.
ઓ નર! તારા મરણનો, પડે બધે પોકાર;
તે અગાઉ કર કામ શુભ, થાય સફળ અવતાર.

---

૧ એ ઇરાનનો બાદશાહ હતો. નૌશીરવાં આદિલના નામથી હજુ પણ મશહુર છે.

વાર્તા ૩ જી.

એક રાજ્ય કુંવર ઠીંગણો અને અણગમતા બાંધાનો હતો. અને તેના બીજા ભાઈ શરીરે હૃષ્ટપુષ્ટ અને રૂપાળા હતા. એક વખતે રાજ પિતાએ તેની તરફ ધિક્કારની નજરથી જોયું, કુંવર આ વાત ચતુરાઇથી વર્તી ગયો અને બોલ્યો હે પિતાજી! ઠીંગણો બુદ્ધિમાન ઊંચા મૂર્ખ કરતાં વધારે સારો હોયછે. જે કદમાં નાનું તે મૂલમાં વધારે.

દોહરા.

છે પર્વત પૃથ્વી ઉપર, સૌથી નાનો [2]તૂર;
પણ પદમાં છે પ્રભુ સમિપ, સૌથી શ્રેષ્ટ જરૂર.

ચામર છંદ.

એક દીન એક બુદ્ધિવાન દુબળા નરે,
એક હૃષ્ટ પુષ્ટ બુદ્ધિહીનને કહ્યું ખરે,
હોય જો ભલે જથો અધીક ગર્ધવો તણો,
તેથી એક વૃદ્ધ અન્ધ આરબી રૂડો ઘણો.
પિતા હસ્યો, સામદોએ વખાણ કર્યાં, અને ભાઇઓને માઠું લાગ્યું.

દોહરા.

ગુમ રહે ગુણ જ્યાં લગી, કરે મુખે ન ઉચ્ચાર;
પણ પરખાય વચન થકી, ગુણિજન કિંવા ગમાર.
હરેક જંગલ હોયછે, ખાલી એમ ન ધાર;
વાઘ ઊંઘતો કોઇમાં, હોય પ્રાણ હરનાર.

મારા સાંભળવામાં આવ્યું કે, રાજા ઉપર તે સમયમાં એક જોરાવર શત્રુ ચઢી આવ્યો. જ્યારે બંને લશ્કર સામ સામાં ઉભાં રહ્યાં અને લઢાઇની તૈયારી થઇ ત્યારે જે પેહેલ વેહેલોજ રણ સંગ્રામમાં ઘોડો દોડાવી નીકળ્યો તે એ કુંવર હતો. અને તે બોલ્યો કેઃ—

ઉઘાર છંદ.

સંકટમાં સદા છું ધીટ, ના રણમાં બતાવું પીઠ,
ઉર સંગ્રામને અતિ ચાહું, ભય પામી ન ભાગી જાઉં,
શોણિત ધુળમાં મુજ શીશ, રગદોળાતું તું દેખીશ,
સામદ જે લડે ધરિ ધીર, નિજ શિર સંગ ખેલે વીર,

---

૨ એ પર્વત ઉપર મુસા પેગમ્બર ઇશ્વર ભક્તિને માટે જતા.

રિપુ દળ દેખિ કંપે કાય, મૂકે ત્રાસિ પાછો પાય,
સૈન્યપતિ તજે મેદાન, સેનાનું વળે ઘમસાન.

આટલું કહીને શત્રુના સૈન્ય ઉપર ધશ્યો અને કેટલાક કસાએલા સિપાઇઓને કાપી નાંખ્યા. જ્યારે પિતાની રૂબરૂ પાછો આવ્યો ત્યારે જમીનને ચુંબન કરીને તેણે કહ્યું:—

વસંત તિલકા છંદ.

મારૂં શરીર તુજને નબળું જણાયું,
જાડાપણું ન સદ્‌ગુણ વિશે ગણાયું;
સંગ્રામમાં નબળી કેડનો અશ્વ દોડે,
લે પુષ્ટ ઘોરિ અપમાં નહિં કોઇ કોડે.

અરિ દળ અગણિત હતું અને આ તરફ સૈન્ય થોડું હતું, તેમાં વળી એક ટુકડીએ પાછી પાની કરવાનો ઇરાદો કર્યો હતો. આ વાતની જાણ પડતાં જ કુંવરે મોટેથી કહ્યું કે, હે શૂરવીરો! શ્રમ લ્યો, અને બાઇરાંઓની પેઠે બંગડીઓ ન પહેરો. સ્વારોને આથી પાનો ચઢ્યો, અને એકદમ ધશી પડ્યા અને તેજ દિવસે જય મેળવ્યો. રાજાએ કુંવરના માથા અને આંખોનું ચુંબન કર્યું અને ખોળામાં બેસાડ્યો. અને પ્રતિદિન પ્રેમ વધારતો ગયો. તે એટલે સુધી કે તેને પાટવી કુંવર બનાવ્યો. તેના બીજા ભાઇઓને ઇર્ષા ઉત્પન્ન થઇ. અને તેના ભોજનમાં ઝેર ભેળવ્યું તે તેની મોટી બેને છાનામાંથી જોયું અને બારણું જોરથી ઠોકયું, કુંવર ચતુરાઇથી ચેતી ગયો અને જમતાં અટક્યો ને બોલ્યો કે ચતુર માણસો નાશ પામે અને તેમની જગ્યાએ ગમાર માણસો આવે એ અશક્ય છે.

ચોપાઈ.

હુંમાં પક્ષીનો ન રહે વાસ, વિશ્વ થકી જો પામે નાશ;
ઘૂડ તણી છાયામાં તોય, કરે જવા નહિ ઇચ્છા કોય.

રાજાને આ બાબતની ખબર પડવાથી ભાઇઓને બોલાવ્યા અને તેમને યોગ્ય શિક્ષા કરી. પછી દરેકને આસપાસનાં પરગણાંઓમાંથી હિસ્સો વેહેંચી આપ્યો. તેથી તોફાન શમ્યું અને કંકાસનો નાશ થયો. કહેવત છે કે દસ દવેંશો (સાધુઓ) એક કામળીમાં સૂઈ શકે પણ બે રાજાઓ એક રાજ્યમાં સમાઇ ન શકે.

દોહરા.

સાધુજન સંતોષથી, અર્ધ રોટલો ખાય;

અર્ધ ગરિબ કંગાલને, આપી રિઝે સદાય.
અખિલ ધરા સ્વાધિન કરે, જો ધરણી, પતિ ધીર;
તૃપ્ત થાય તૃષ્ણા નહિ, તેની તોય લગીર.

ननाभिथां रसुलभियां.

સામાજીક સુધારણા.

કાળપરત્વે તથા સ્થાનપરત્વે નિયમસર સુધારા દાખલ થાય એ પણ દેશની સારી સ્થિતિ થવાનો સુમાર્ગ છે. કેમકે વેદ કાળથી તે આજસુધી તથા જંગલમાં વસતા જંગલી મનુષ્યથી તે નગરવાશીઓ સુધીના આચાર વિચાર અને વ્યવહારિક રીતભાતમાં મોટો તફાવત જણાયછે, તથા વેદકાળ અને હાલનો વખત તથા જંગલી મનુષ્યને નગરમાં રહેનારાં કેળવાયલાં મનુષ્ય એમને સરખાવી જોઇએ તો પ્રત્યક્ષ મોટો ફેરફાર જણાયછે, એટલું જ નહિ, પણ આજથી પચાસ વર્ષ પહેલાંનો કાળ ને હાલનો કાળ એની સરખામણીમાં પણ મોટો તફાવત નજર આવેછે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે સામાજીક સુધારણા કાળને અનુસરીને થયે જાયછે. અને તેના પુરાવામાં જુના ચાલને જુના ઇતિહાસ મજબુતીથી દાખલા આપી શકેછે સર્વ સ્થળે ને સર્વ કામમાં મનુષ્યની વ્યવહારિક સ્થિતિમાં ફેરફાર થતો જ જાયછે, તે રોકવાથી રોકાતો નથી તેને રોકવાને મથે તોપણ કાળબળ એવું તો જોરમાં આવેછે કે સુધારણા પોતાનું કામ કરેજ જાયછે અને રોકવા જનારા પરાજય પામી નિસ્તેજ થઈ જાયછે. "મિયા પડ્યા પણ ટંગડી ઉંચી," એમ કરીને પણ અભિમાનથી બોલાયલું ટકી રહેતું નથી, સુધારણા પોતાનુ બળ વધારતીજ જાયછે, એ દરેક શૂરા પુરૂષને ખુશ થવા જેવું છે. કેટલાક સમયને આડે આવનારા દહીંમાંથી ઘી કાઢી બોલે છે કે સુધારાની બીંગલ પુંકનારા બકે જાય, પણ તેમનાથી કશું થતું નથી. એ કહેનારા પણ સુધારાના મિત્ર છે, અને તેમનાએ કહેવાથી વધારે અસર થાયછે. અને એવું કહેનારાને સક્ષેપમાં જણાવવું જરૂરનું છે, કે આ જગતમાં જે જે સુધારા દાખલ થયાછે અને થાયછે, ને જેને તેઓ બકે જાયછે" કહેછે તેથી જ થયાછે. જેમકે દેશાટણ કરવું, જ્ઞાનમાં વધારો કરવો, જ્ઞાતિમાં સુધારાના વિચાર દાખલ કરવા, બાળ લગ્ન અટકાવવાં, લોકોપયોગી કામમાં લક્ષ આપવું, દેશની ઉન્નત સ્થિતિ કરવા પ્રયત્ન કરવો. આ સર્વ વાર્તા ભાષણો અને ગદ્ય પદ્યાત્મક લખાણોથી થવા લાગ્યાં છે. એ ખરૂં છે કે જેમ વૃક્ષનું બી વાવીએ તે વખત તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોયછે; પરંતુ જ્યારે તેનું વૃક્ષ થાયછે ત્યારે જ તેની ખુબી જણાયછે. તેમ જ જે સુધારા મૂળમાં થાયછે તે વખત તેનું મંડાણ ગણતીમાં

આવતું નથી, પણ તે જ્યારે વૃક્ષ પ્રમાણે પુષ્પ થાયછે અને તેનાં ફળ થાય છે ત્યારે તેની ખુબી વધારે દીપે છે. દેશાટણ વિષે પ્રથમ જ્યારે ગુ. વ. સોસાઇટીના આસિસ્ટંટ સેક્રેટરી કવીશ્વર દલપતરામે તથા સુરતના કવિ નર્મદાશંકરે તથા ગુજરાતમાં શિક્ષણ શાસ્ત્રના પિતા સ્વર્ગવાશી રા૦ સા૦ મહીપતરામ રૂપરામ સી. આઇ. ઇ. એમણે ભાષણો આપેલાં તે વખત લોકનું લક્ષ માત્ર તે તરફ ગયું હતું. હાલમાં સમુદ્રની મુસાફરી ઊંચી જ્ઞાતિમાંથી ઘણા કરી આવ્યા છે અને ઘણા કરવા જાયછે. એ જ ઉપરથી જણાઇ આવે છે કે કાળમાં કેટલો બધો ફેર પડયોછે, અને એ નિબંધોથી કેટલી અસર થઇછે. તેમજ કન્યા કેળવણીની પણ ઘણી અસર થઇછે, માટે જે બોલનારા છે તે બકે જાય છે એમ કહેવું એ ખરૂં નથી એ પણ અરેઅરા મદદ કરનાર છે. જેઓ વિદ્વાનમાં ગણાયે [illegible]

[illegible] લવાથી સાવધાન રહેવાય છે અને વધારે જોર આવેછે. રાજનીતિજ્ઞ કુ-
ા કહી ગયાછે કે જે રાજને માથે શત્રુ નથી, તેનું રાજ બરોબર ચાલતું
ી. શત્રુથી સાવધાન રહેવાય છે. જ્યારે શત્રુ જેવા પણ રાજકીય બાબતમાં
યોગી છે, જ્યારે ભાષણોમાં ખામી બતાવનારા મિત્ર જેવાથી કેટલો બધો
યદો થાય ? દેશની સુધરેલી રૂઢીઓમાં વખતો વખત ફેરફાર થતો જાય
એનો ખરો આધાર રૂઢીને મજબૂતપણે વળગી રહેનારાનો છે, કેમકે તેની
ામીઓ તેમના ભાષણથી નજરે આવી જાયછે. અને એવું છે તો જ તે
કહાલી શકેછે. બાળ લગ્નના સંબંધે રૂઢી માતાના દાસાનુદાસોનું પણ કહેવું
એવું થયું છે કે એ બાળ લગ્નનો ચાલ ખોટોછે. અને કેટલીક નોતોમાં તો
બાળલગ્ન અટકી ચુકયાં છે. આ શું સુધારાવાળાને સંતોષ થાય એમ નથી ?
જ્ઞાતિમાં સુધારો કરવા એટલે જ્ઞાતિમાં ખોટા ચાલ નાબુદ કરવા અને સારા
દાખલ કરવા. નકામું ખર્ચ થતું અટકાવવું. અને જરૂરનાં
ચાલ
યોગ્ય
ખર્ચ સ્થિતિ પ્રમાણે કરવાં. આ બાબત વર્તમાન પત્રો, અને ચોપાનીયાં, પોતાની
શક્તિ પ્રમાણે ભાષણો તથા વિવેચન કરવા મંડયાં રહેછે. કેમકે ખોટા વરા વા-
જન કરી ઘણાં કુટુંબો પાયમાલ થઇ ગયાંછે ને થતાં જાયછે. વિવાહની કે વરશીની
નાતોનાં લખલુટ ખરચથી મોભાવાળી આબરૂ દ્રવ્યના સંકોચને લીધે ઓછી
થઇ જાયછે, કેલવણીમાં વિક્ષેપ નાખેછે, અને પુણ્ય કર્મને બદલે પાપ કર્મ
કરાવેછે, એવા ચાલ જ્ઞાતિમાંથી નાશ કરવા પ્રયત્ન કરવા એ સર્વ કરતાં વિ-
શેષ જરૂરનું છે. દ્રવ્ય સંકોચથી કેટલાક માંદા પડી મરે છે, કેટલાક આત્મ-
ઘાત કરેછે કેટલાક મોટા કુટુંબનાને હલકાં કામ કરવાં પડેછે, કેટલાકને
નીચને ત્યહાં દાસત્વ કરવું પડેછે, તેમ છતાં તેવાં ખર્ચ કરવાની રૂઢી જતી
નથી. જ્યારે મા બાપનું બારમું આવે ત્યારે કાળા ચોરના કહાડીને પણ મો-
ભાવાળી આબરૂ સાચવવા વરા કર્યા હોયછે; તોપણ તે મોભાવાળી આબરૂ

દેવું થવાથી વિશેષે ઓછી થાયછે, અને તે દેવું કરનાર અને તેનું આખુ કુટુંબ પાયમાલ સ્થિતિમાં આવી પડેછે. આવા, દાખલા વારંવાર જોનારા અને જેમને તેવો અનુભવ થાયછે તે પણ આ ઉપર લક્ષ આપતા નથી એ અતિ શોચનીય છે. મરણ પાછળ ક્રિયા કરવામાં દશ પંદર રૂપીઆ ખરચ થાય પણ ઉપર મિષ્ટાન્ન જમાડવામાં ઘણાં નાણાં ઉડાવી મોટી જ્યાફતની આફત માથે લેવી એ મોટી શરમની વાત છે. મરણ પાછળ શોકને લીધે ધોળી કે કાળી પાઘડી બાંધવી, શાસ્ત્રવિરૂદ્ધ સવાર સાંજ કાણ મોકાણ માંડવી, રાગડા તાણીને રોવું કે કૂટવું, કાળો કેર થયો એમ માની ગજ્યું ખાવું વર્જવું, સુતકી થઈ અળગા રહેવું, શોકને લીધે બીજે ઠેકાણે જમવા ન જવાય એમ કરી શોક પાળવો, પણ જેનો શોક પાળ્યો હોય તેના બારમા કે તેરમામાં મિષ્ટાન્ન ખાવા બેસવું, અને તે મિષ્ટાન્ન કરવાને ગમે તેના રૂપીઆ ઉપાડી લાવવા પીપળે કે લીંબડે બાંધેલા મરનારને ત્યાંથી ઉતારવો, મરનારની વિધવાનો નિર્વાહ કેમ થશે તે તરફ લક્ષ આપવું, અને કુટુંબની ફજેતી પંદરમા પછી થવાની છે એમ જાણવા છતાં મિષ્ટાન્ન ઉડાવવાં એ કૃત્ય ધાર્મિક છે એમ કોણ કહી શકશે? અને એવા ચાલ સારા છે એમ કોણ બોલી શકનાર છે? આવા ચાલે દેશમાં સત્યાનાશની પાટી બેસાડી છે, માટે એ ચાલ એકદમ બંધ થવા જોઇએ. ઘણા અવિચારી માણસો કહેછે કે અમારા કુટુંબની ખાનદાની પ્રમાણે અમારાથી આવેલુ ટાણું સુનું જવા દેવાય નહિ. જો સુનું જાયતો અમારી આબરૂ ટકાની થઈ જાય માટે જ્યહાં સુધી અમને ધીરનાર મળે ત્યહાં સુધી ખરચ કરી આબરૂ સાચવવી એ જ અમારૂ ભૂષણ છે. પૈસો હશે તે રહેવાનો નથી ને પરમેશ્વર અનુકુળ આવશે તો દેવું વળાશે, પણ બાપને કે સગાને પીપળે બાંધેલો હેઠે ઉતારશે નહિ, એમ કહી દેવું કરી મોભાવાળી આબરૂ જાળવવા સારૂ ખર્ચ કરેછે. પરંતુ જેને ઘેરથી આબરૂ જવા તૈયાર થઈ હોયછે તે દેવાવાળાના પૈસા આપવા મળતા નથી તેથી બીજાનું દેવું કરે છે. અને બીજાનું પતાવવા ત્રીજાનું એમ કરતાં છેવટ તો તેની પાયમાલી થાયછે, અને આબરૂ તથા કુટુંબ સાથે જવાને તૈયાર થાયછે. એવા એ મનમાં સમજવું જોઇએ કે આબરૂ જવા બેઠી હોય તેને વધારે વાર રાખવાનો પ્રયત્ન કરવાથી ફાયદો નથી. એવી આબરૂને તો એકદમ રજા આપવી જોઇએ કે તે પોતાને તથા પોતાના કુટુંબને હેરાન કરે નહિ. આવી રીતિનું મૃત્યુનું ખર્ચ જેમ ઓછું થાય તેમ સારૂં. હિંદુના કોઈ પણ શાસ્ત્રમાં મુવાની જ્યાફત જમવી એમ કહેલું નથી, મૃત્યુની ક્રિયા કરવી એમાં વધારે દ્રવ્યનો ખપ પડતો નથી. એ રીવાજ ગુજરાત સિવાય બીજે ઓછે જ ઠેકાણે છે. કેટલેક ઠેકાણે અને કેટલીક સમજુ નાતોમાં તો મુવા પછી બ્રાહ્મણ એટલે કાયટું સરાવનાર અને તેનાં કુટુંબનાં જમે છે પણ

નાતના રીવાજ પ્રમાણે જમતાં નથી. રીવાજથી નાત જમાડવી એમાં જમાડનારને પુન્ય નથી. તેમ મૃત્યુની ક્રિયા કરનારને તથા જેની ક્રિયા કરેછે તેને પણ પુન્ય નથી. દેવું કરીને બ્રાહ્મણ જમાડે તો જેનું દેવું છે તેને પુન્ય થાય, પણ જમાડનારને પુન્ય થાય નહિ, માટે પાસે પૈસા થોડા હોય તો ક્રિયા ખર્ચમાં પણ કસર કરવી અને ન હોય તો ન કરવું. આવું છતાંજે મરણ પાછળ જ્યાફત કરી આફત ખેંચી લેછે એમની બુદ્ધિને શું કહેવું? માટે આ બાબત ઉપર જે પુરૂષો લક્ષ આપતા હોય અને જે આવાં ખર્ચ કરવાની મનાઈ કરાવતા હોય તે દેશના ખરેખરા હીતચિંતક છે, અને એવાની સંખ્યા દેશમાં વધે તો જ એ અયોગ્ય કાર્ય કરનારા દિવસે દિવસે ઓછા થતા જાય. જ્યારે દેશમાં એ બાબતની પૂરે પૂરી સમજુતી થશે ત્યારે જ લોકો આવાં અજ્ઞાન ભરેલાં ખર્ચ ખુટણમાં લખલુટ ખર્ચ કરતા અટકશે. છેવટતો તેમને અટકયા વગર છુટકો થવાનો નથી જ. વાદળ માથે આવ્યું છે તે પડશે એમ ધારી પહેલેથી ચેતવું એ જ લક્ષ પુર્વક અવલોકન ને સમય સૂચકતાનો ગુણ છે. જેવી રીતે અશુભ પ્રસંગમાં નાતો કરવી એ નુકશાન કારક છે તેવી જ રીતે શુભ કાર્યમાં પણ ઉડાઉ બની જ્ઞાતિ ભોજન કરવું તે છે. ગૃહસ્થે પણ અશુભના પ્રસંગ ઉપર પોતાની પાસે પૈસા હોય તોપણ નાત જમાડવી ન જોઈએ. કેમકે મોટાનું જોઈને ગરીબ તણાય-છે. કહ્યું છે કે " **यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।** " માટે મોટા ગરીબ કરતાં બમણા જવાબદાર છે. શિષ્ય ગુનો કરે તો તેના કરતાં તેના ગુરૂનો બમણો અપરાધ ગણાય. માટે મોટાએ એવા ગરીબોની દયા જાણવી એજ તેમને માનની નિશાની છે. આવા દાખલા દેશમાં જેમ જેમ બનતા જાય તેમ તેમ તેની નોંધ લેવી કે જેથી બીજા લોકોને દાખલા લેવાનું બને. એમ ધારી અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકાના કુહા ગામમાં આ માસમાં થએલા મેલાવડાની નોંધ લઈએ છીએ, એ કુહા ગામના સદ્‌ગૃહસ્થ પટેલ રા. રા. શંકરભાઈ જેઠાભાઇએ પોતાના ગામમાં એક વિદ્યોત્તેજક સભા સ્થાપી છે. તેનો હેતુ લેઉવા કણબીમાં વિદ્યાનો વધારો કરવો તથા મરણ પાછળ થતો લખલુટ ખરચ અટકાવવો અને ઉત્તર કાર્યના જે પૈસા થાય તે વિદ્યા વૃદ્ધિના ફંડમાં આપવા એવો રાખ્યો છે. એ સભામાં આજ સુધી ૫૦ મેમ્બરો થયા છે, અને તેઓએ ઉત્તર ક્રિયા કરવાનો પ્રસંગ પોતાને ત્યાં આવે ત્યારે સભાના નિયમ પ્રમાણે વર્તવાના સોગન ખાધા છે. મજકુર શંકરભાઇને ત્યહાં એમની માતુશ્રી ગયા ભાદરવામાં દેવલોક પામ્યાથી તે જ્ઞાતિના રીવાજ પ્રમાણે ઉત્તર કાર્યમાં ગામની તમામ વસ્તીને જમાડવી એવો પોતાના બાપદાદાનો રીવાજ હતો તે રીવાજ તેમણે તદન મૂકી દીધો, અને તે દિવસે કંઈ પણ ખરચ ખુટણનું કાર્ય કર્યું નહિ. પરંતુ તે અવસર ઉપર પોતાની જ્ઞાતિના દશકોશીના બીજા પાટીદારોને બોધ મળે અને એ રીવાજ અટકે એ માટે

તા. ૫ મીને રોજ આસપાસના તમામ લોકોને બોલાવી આશરે ૨૦૦૦ માણસ ભેગું કર્યું હતું. કરજ તથા વરા કરવાથી થતા નુકશાન વિષે રા. રા. રેવાશંકર અંબાશંકર તથા કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇને બોલાવી અસર કારક ભાષણો કરાવ્યાં હતાં. તથા તે પ્રસંગ નિમિત્ત નીચે મુજબ ધર્માદા ફંડમાં રૂપીઆ કાઢયા હતા. રૂ. ૧૦૦૦ પોતાની માતુશ્રીના નામની એટલે કશનબા કન્યાશાળાના મકાન સારૂ, રૂ. ૧૦૦૦ લેઉવા વિદ્યોત્તેજક ફંડમાં આપ્યા. એ ફંડમાંથી એ ગામમાં એક એંગલોવર્નાકયુલર સ્કુલ સ્થાપવાના છે, કન્યાશાળામાં ઈનામ આપવા વાસ્તે બોમ્બીન કંપનીનો એક શેર રૂ. ૨૫૦નો આપ્યો, રૂ ૫૦) તું કુહાની સ્કુલોમાં ઇનામ આપ્યું, રૂ. ૫૦૦)એ ગામમાં લાઇબ્રેરી કરવા સારૂ કાઢયા, અને રૂ. ૫૦૦) પોતાનો માતાના કહેવાથી સ્વામીનારાયણના મંદીર સારૂ કાઢયા. આમ રૂ ૩૩૦૦ પુન્યકાર્યમાં ખર્ચ કરવા કાઢયા, એ કામ એમણે ઉત્તમ કર્યું છે, અને એ જ્ઞાતિવાળાને દાખલો લેવા લાયક છે. કેમકે એમની જ્ઞાતિમાં ગરીબ બેડુતો છે, તેમની સ્થિતિ દિવસે દિવસે દયા ઉપજાવે એવી થતી જાય છે, તથા તેમાંના ઘણા ખરા દેવાના ડુંગર નીચે ચગદાઈ ગએલા છે. તેમને એમાંથી મુક્ત થવાને એમનો દાખલો ઘણો અનુકૂળ પડશે, એટલું જ નહિ પણ જે રકમ ભેગી થશે તેમાંથી વિદ્યા વૃદ્ધિનું કામ સારૂં ચાલશે, અને વિદ્યાને લીધે તેમની સ્થિતિ સારી થશે. માટે એમનું અનુકરણ બેમની જ્ઞાતિનાને જ નહિ પણ બીજાઓને એ કરવા લાયક છે. કહ્યું છે કે "પંચની લકડીને એકનો બોજ," તેમ ધીમે ધીમે એ ફંડમાં વધારો થતો જશે તેમ તેમની સ્થિતિ ગણિત પ્રમાણ શ્રેણી મુજબ વધશે. એ કામમાં એમની જ્ઞાતિના જે કોઈ આડે આવે તેમને આ કહેવત મનન કરવા જેવીછે. "કણબી પૂઠે ક્રોડ, કણબી કો પૂઠે નહિ; બરી એક છે બોડ, ઉંદુંનું બોસડ નહિ." એ પ્રસંગ ઉપર લાંબી લેઉવા વિદ્યોત્તેજક તથા હિતવર્ધક સભા તરફથી સદરહુ શંકરભાઇને કીનખાબના રૂમાલમાં કવર કરી માન પત્ર આપવામાં આવ્યું હતું, તે લાંબું હોવાથી તથા તેમાં લખેલી કવિતા પણ લાંબી હોવાથી તેનો સારાંશ અહિં લીધો છે. એ માનપત્રનો જવાબ શંકરભાઇએ યોગ્ય શબ્દમાં આપ્યો હતો. છેવટ કવીશ્વર દલપતરામે એક સોરઠો તે વખત બનાવ્યો હતો, તે એ કે "કુહા ગામમાં કામ, સુગુણી શંકરભાઇએ, કીધું ઉત્તમ આમ, નામ સદા નિશ્ચળ થશે." એ પછી મેળાવડો વિસરજન થયો હતો. ઉપર લખેલા રૂપીઆમાંથી સ્વામીનારાયણના મંદીરવાળા રૂ.૫૦૦ શિવાય રૂ. ૨૮૦૦ રા. રા. શંકરભાઇ જેઠાભાઈ ગુજરાત વર્નાકયુલર સોસાઇટી મારફત વ્યવસ્થા કરવા મૂકનાર છે, અને તેના વ્યાજમાંથી એમના જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા સોસાઇટી કરશે.

मुंबाइ इलाकाना आधुनीक केळवणी खातानो संक्षिप्त इतिहास.

સન ૧૮૫૪ના ડીસપાચ ઉપરથી જણાય છે કે આધુનિક કેળવણીનો પ્રથમ પ્રચાર મુંબાઈ બેટમાં પોર્ટુગીજ લોકો હિંદુસ્થાનના પાશ્ચિમ કિનારા ઉપર આવ્યા ત્યારથી ખ્રીસ્તિ પાદરીઓએ મરેઠી પ્રજામાં કરવા યત્ન કરેલો છે. જ્યારે મુંબાઇ બેટ ઇંગ્રેજ લોકના સ્વાધીનમાં આવ્યો ત્યારે અમેરીકન મીશનરીઓએ તથા સ્કોચ મીશનરીઓએ કેળવણીનો મૂળ પાયો નાખ્યો. સન. ૧૮૧૪ માં અમેરીકન મીશનરીએ પ્રથમ નિશાળ મુંબાઈમાં સ્થાપી. સ્કોટીશ મીશનરી સોસાઇટીએ એક નિશાળ સન ૧૮૧૫માં સ્થાપી. ત્યાર પછી લંડન મીશન અને ચર્ચની મીશનરી સોસાઇટીએ સન ૧૮૨૦ થી કેલવણી આપવાનું કામ શરૂ કર્યું. જે સ્કોટીશ સોસાઇટીએ નિશાળ સ્થાપી હતી તે પ્રથમ ઘણી કંગાળ સ્થિતિમાં હતી, પણ તેની જે એજ્યુકેશન સોસાઇટી હાલ છે તે સ્થપાઈ છે, અને પ્રથમ ખુશીથી એ ફંડમાં રૂ. ૨૩૭૧૧ એકદમ ભરાયા, અને તે સોસાઇટીએ ધર્મનું એ કામ જાણી ધર્મ-શિક્ષણ સાથે બીજી પણ શક્તિઓ વધવા શિક્ષણ આપી યત્ન કરવા માંડ્યો. જે સોસાઇટીએ કેળવણીનો ફેલાવો કરવાથી આગળ જતાં દેશી નિશાળની ચોપડીઓની ને નિશાળની કમીટી થઈ તેની એ સોસાઇટી મા બાપ હતી એમ કહેવું જોઇએ. આ મંડળીમાં સન ૧૮૪૦ માં કેટલાક સરકારી અધીકારીનો વધારો થવાથી તેનું એજ્યુકેશન ખાતાની મંડળી (Poard of Education) એવું નામ પડ્યું. તે મંડળીનું કામ સન ૧૮૫૫ ની સાલ સુધી એક સરખી રીતે ચાલું રહ્યું એજ પશ્ચિમ હિંદુસ્થાનનું નશીબ કહીએ તો ચાલે. એ એજ્યુકેશન બોર્ડ આખા ઇલાકાની કેળવણીની દેખરેખ રાખતું હતું, અને મેહેતાજીઓ તૈયાર કરીને પણ તે બોર્ડ જ મોકલતી હતી. એટલે એ બોર્ડના હાથમાં જ આખા કેલવણી ખાતાના યંત્રની દોરી હતી એમાં લગાર પણ અંદેશો નથી. સરકાર ફક્ત ઉંચા દરજ્જાની કેળવણીએ ચઢાવવા ઉપર નજર રાખતી. તે મુખ્ય કેળવણી (Primary) ની દેખરેખ મુકસીલમાં કલેકટરો અને તેના નાયબો રાખતા હતા. તેમને ડીસ્ટ્રીકટ ઓફીસર પણ કહેતા હતા. તોપણ એ કેળવણી કયે ઠેકાણે આપવી અને કેમ આપવી તે સર્વનો આધાર બોર્ડ ઓફ એજ્યુકેશન ઉપર હતો. સન. ૧૮૨૩ માં માઉન્ટ સ્ટુઅર્ટ એલફીન્સ્ટન મુંબાઇનો ગવર્નર થઈ ગયો, તેણે બોર્ડના એ કામને ઘણી જ મદદ આપી હતી. કેલવણીનો તે ખરો પિતા હતો. એની દેખરેખથી યુરોપીઅન અને દેશી સર્વ મેમ્બરોમાં એક બીજા ઉપર ખરો પ્યાર હતો. સન ૧૮૪૦ ના કેળવણી ખાતાના ઇતિહાસમાં નોંધવા જેવી વાત એ છે કે એ વખતની વિદ્યા વધારવાની મહેનત સ્તુતિ પાત્ર હતી. એ વખતમાં સારા સારા વિદ્વાનો થઈ ગયા છે, અને કેળવણી-

ની ઉલટ પણ તે વખતે ઘણી સારી હતી. શિક્ષક વર્ગ ઉપર વિદ્યાર્થીઓ પૂજ્ય બુદ્ધિથી જોતા હતા, એ બોર્ડની મહેનતથી જ છાપખાનાં ને વર્તમાન પત્રોનો પાયો નંખાયો હતો તથા કેટલીક ઇંગ્રેજી ચોપડીઓનો તરજુમો થયો હતો. તે વખત ખાતાના વિદ્યાધિકારી બાળ ગંગાધર શાસ્ત્રી જાંભેકર જેવાની કલમથી વ્યાકરણ વગેરે કેટલાંક મરેઠી પુસ્તકો લખાયાં હતાં, તે નવી વાચનમાળા ઓનરેબલ હોપ સાહેબે ૧૮૫૬થી કરવા માંડી ત્યહાં સુધી શાળામાં ચાલતાં હતાં.

(અપૂર્ણ)

જમસેદજી નસરવાનજી ટાટાના રૂના પાક વિષેના પત્રનો સાર.

"હાલનો રૂનો વેપાર એવો ચાલે છે કે, જે લોકોએ લાખો રૂપીઆ ખરચીને કારખાનાં બાંધ્યાં છે, અને તેમાં સાચા ગોઠવ્યા છે તેમને જ ચિંતા થાય એટલું જ નહિ પણ જે કોઈ હિંદુસ્તાનનું કલ્યાણ થવું ઇચ્છતા હોય તે સર્વને ચિંતા થાય. હાલમાં આપણા દેશમાં રૂ શિવાય બીજો વેપાર નથી એમ કહીએ તો ચાલે. અને તે વેપારમાં અખંડ લાભ થવાની આશા નો બધો આધાર પરદેશ ઉપર છે. તે દેશ ચીન છે. પણ ત્યાં જાપાની લોક ખરેખરા જાગૃત થયા છે, અને વિદ્યાકળામાં દોડાદોડ કરતા આગળ વધતા જાયછે. અને ચીન અત્યાર સુધી ઉંઘતું હતું તે પણ જાગૃત થવા માંડયું છે અને પોતાના શક્તિવાળા હાથ પગ હલાવવાનો પ્રયત્ન કરેછે.

વળી જર્મની, આસ્ટ્રિઆ અને બેલજીઅમ પણ પોતપોતાનાં કારખાનાંમાં માલ બનાવી અહિં મોકલવામાં ખરા મનથી ઇંગ્લાંડના પ્રતિસ્પર્ધી થવા લાગ્યાછે.

આવી વખતે આપણો ઉગતો અને એકનો એક ઉદ્યોગ નાશ પામવાની જે ધાસ્તી છે તે ધાસ્તી શી રીતે દૂર કરવી તેનો વિચાર કરવાની "આપણ સર્વ" ને જરૂર છે. "આપણ સર્વ" એટલે ૧. આપણા લાંબી મુંડી વાળા વેપારીઓમાં જે મુખ્ય આગેવાન છે તે, ૨. આપણા રાજ્યકર્તા, જે બરોબર સમજેછે કે રૂના ઉદ્યોગની મદદથી જ ઘણા પ્રાંતોના બેહુતો ટકી રહ્યાછે, અને રૂનાં કારખાનાંમાંથી પેદા કરીને જ પોતાનાં બેતર સંભાળી શકે છે; અને વખતસર સરકારભાગ ભરી શકેછે; અને ૩. આપણા દેશના કેળવણી પામેલા, અવકાશવાળા ગૃહસ્થો જે હવે સમજવા લાગ્યા છે કે ગરીબ ભૂખે મરતા અને દુઃખમાં દટાઈ ગયેલા ગરીબ લોકની સંખ્યા

વસ્તીના ત્રીજા ભાગની ગણાયછે તેમનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવાની જરૂર છે.

જે યુક્તિ હું લોકોને સમજાવવાને યત્ન કરૂંછું તે એટલી બધી અગત્યની છે કે તે જો થોડી ઘણી પણ ફળીભૂત થાય તો પણ દેશને અમૂલ્ય થઈ પડે. એટલા માટે હું ઉપરના ત્રણ વર્ગમાંના ૩ જા વર્ગના ગૃહસ્થોને આગ્રહથી પ્રાર્થના કરૂંછું કે તેઓએ દરેક પ્રાંતમાં પોતે જાતે અથવા બીજા મિત્રો સાથે મળીને મદદ કરવી. આ કામમાં તેમને કંઈ ભાર પડે તેમ નથી, પણ કેટલાકને તો તે આનંદદાયક થઈ પડશે. હું એમ માનું છું કે હિંદુસ્તાનના ધંધાદાર માણસને દરેકને થોડી ઘણી જમીન હોયછે. અને પોતાની દેખરેખ તળેની જમીનમાંથી અરધાક એકર જમીન ઉપર હું કહું તે પ્રયોગ કરી જોવા જેવું બીજું કંઈ વધારે સુગમ નથી. આમાં કંઈ શાસ્ત્ર કે વિદ્યાની જરૂર નથી. કોઈ પણ સાધારણ બેહુત આ પ્રયોગની મુખ્ય અને જરૂરની બાબતો સમજી શકશે. આખા હિંદુસ્તાનમાં પૈસો પૈસો ઉઘરાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. પણ આપણી વસ્તીનો મોટો ભાગ અજ્ઞાન અને ભૂખે મરતો હોવાથી એનો અમલ થવો મુશ્કેલ છે. પણ આ બાબતમાં તો હું આપણા દશેક લાખ બુદ્ધિમાન, ખાતાપીતા અને શ્રીમંત લોકને અરજ કરૂં છું, કેમકે તેઓ આપણી તંગીઓથી વાકેફ છે, અને થોડીક વાર ખાલી વાતો કરવી મૂકી દઈને પોતાનું કામ કરી શકે એવા છે. આપણી સરકારે પણ રાજ્યના બંધારણ અને પૈસાની અનુકુળતા પ્રમાણે ઘણીવાર પ્રયત્ન કર્યા છે, પણ તેમાં તેને યશ મળ્યો નથી. આમાં સરકારનો કંઈ વાંક નથી. આપણે હવે એટલું જોવાનું છે કે લોકો પોતાનાં જ સાધનોથી અને પોતાના જ અનુભવથી આ પ્રયત્નમાં ફાવી શકેછે કે નહિ. સરકારના પ્રયત્નને જે હરકતો નડી છે તે બધા સારી પેઠે જાણે છે. અથવા તો તેની અટકળ કરી શકયા છે. અત્યાર સુધી બધો આધાર પરદેશી કુશળતા અને અનુભવ ઉપર રાખવામાં આવ્યોછે, અને સ્થાનિક તથા દેશી અનુભવથી ફાયદો મેળવવાની કાંઈ કોશીશ કરવામાં આવી નથી. પણ હું ધારૂં છું કે સરકાર તરફના આ બાબતના સઘળા પ્રયત્નમાં હવે થોડુંક થયાં નવો જુસ્સો ઉત્પન્ન થયો છે. યુરોપીઅન કુશળતા અને જ્ઞાનવાળા માણસની દેખરેખ અને સૂચનાની સાથે હવે દેશી રીતિઓનો અભ્યાસ કરવાની અને તેમને ઉત્તેજન આપવાની વધારે કાળજી રાખવામાં આવેછે. મને લાગે છે કે આ રસ્તો ખરો છે. દરેક વસ્તુનો આધાર આખરે દેશી કામ કરનાર અને તે પણ જે બિલકુલ કેળવણી ન પામ્યા હોય તેમના ઉપર છે. અને તેથી જેજે ફેરફારની સૂચના કરવામાં આવે તે એવા હોવા જોઇએ કે આપણા બેહુતો તેમની પાસેનાં સાધનો અને બુદ્ધિથી અમલમાં

લાવી શકે. સાધનો તેમની પાસે કેવાં ને કેટલાં છે તે આપણે બધા જાણીએ છીએ. તોપણ કોઈ નવી રીત તેમને ફાયદા કારક જણાય તો તેનો ઉપયોગ કરવામાં તે પાછી પાની કાઢે એવા ભાગ્યે જ હોય છે. એમને વાંધો સર્વદા પૈશાનો જ છે.

બધા કબુલ કરે છે કે આપણાં કારખાનાં માટે ઊંચી જાતનું રૂ ઉત્પન્ન કરવાની ઘણી જરૂર છે. આવો ફેરફાર કરવાની હમણાં જ જરૂર છે એમ નથી. આપણે બધા જાણીએ છીએ કે આપણો ધંધો તોડી પાડવા માટે પૂર્વ અને પશ્ચિમમાં દિવસે દિવસે વધારે હરીફાઈ ચાલે છે. આવી વખતે આપણે સૌથી પહેલું એટલું કરવું જોઇએ કે આપણી આજુ બાજુ તપાસ રાખવી, એટલે જે માલ આપણે પરદેશથી મંગાવવો પડેછે તેની ખોટ આપણે અહીંથી જ પુરી પાડી શકીએ એમ છે કે નહિ તે જોવું. આપણા દેશમાં આવતા પરદેશી માલનાં પત્રક જોતાં માલમ પડેછે કે આપણાં ચાર મુખ્ય બંદરો ઉપર રંગેલો અને છાપેલો ઘણો માલ ઉતરે છે. ચારે બંદરનો થઈને તે માલ વરસોવરસ સરેરાસ ૩૦ કરોડ રૂપીઆનો હોયછે. આ માલમાં તાણો ૩૦ થી ૪૦ નંબરનો હોયછે અને વાણો ૪૦થી ૫૦નો હોયછે. હવે બધા કારખાનાવાળા થોડું ઘણું તો સમજે છે કે આપણા દેશના રૂમાંથી ૩૦ ઉપરના નંબરનો તાણો કાઢવો બહુ જ મુશ્કેલ છે. અને તેથી આપણી સાળો ઉપર જોઇતો માલ ઉતરે એમ નથી. જાડો વાણો આપણા દેશી રૂ માંથી કાઢી શકાય પણ ઉંચી જાતના માલ માટે પરદેશી રૂ થોડું ઘણું પણ જરૂરનું છે. ઊંચો માલ બનાવવાનો પ્રયોગ કરવાને કેટલાંક કારખાનાંમાં અમેરીકાનું અને ઇજીપ્તનું રૂ બે ત્રણ વરસથી વાપરવામાં આવે છે. અને તેઓને કેટલીક ફતેહ મળી છે. પરંતુ આ વરસ ઊંચા રૂના ભાવ ચઢી જવાથી આ પ્રયોગ લગભગ બંધ કરવામાં આવ્યા છે, જો હિંદુસ્તાનમાં જ લાંબા તાંતણાનું રૂ વાવી શકાય તો ત્રણ જૂદી જૂદી રીતે તેને ઘણો જ ફાયદો થાય.

૧ ખેતીનાં કામમાં સમજનારને વધારે લાભકારી પાક ઉતારવાનું વધારાનું કામ મળશે.

૨ પરદેશી માલ દેશમાં ઘણો ઓછો આવશે તેથી તેની કીમત પણ ઘણી ઓછી આપવી પડવાથી દેશને ફાયદો થશે.

૩ હિંદુસ્તાનમાં ત્રીસ કરોડ રૂપીઆનું કાપડ વરસો વરસ આવતું બંધ થવાથી સરકારને પણ હુંડીયામણમાં ઘણો ફાયદો થશે. આ સઘળા ફાયદા એક વરસમાં તો શું પણ પાંચ સાત વરસમાં એ દેખાઇ આવે તેમ નથી; પણ જો ઇજીપ્તના રૂનો પાક થોડો ઘણો એ થઇ

શકે તેમ નક્કી થશે તો હાલના મોટા મોટા સવાલોમાંના એકનું નિરાકરણ થશે.

ઘણા ખરા લોક જાણે છે કે હિંદુસ્તાનમાં દર એકરે સરેરાશ ૩૦ રતલ કરતાં એ ઓછું રૂ ઉતરે છે, અને તેમાં ભરૂચ જીલ્લામાં સૌથી વધારે ઉતરે છે ત્યાં પણ એકરે ૧૦૦ રતલથી ઓછું ઉતરે છે. પણ ઇજીપ્તમાં દર એકરે ૬૦૦ રતલ ઉતરે છે. કીમતમાં પણ હિંદુસ્તાનનું રૂ સરેરાશ ૩૫ પેનીએ રતલ ખપેછે અને ઇજીપ્તનું પ૫ પેનીએ ખપેછે. કીમતમાં આટલો બધો ફેર છતાં એ યૂરોપમાં ઇજીપ્તનો માલ વરસો વરસ વધારે પોસાતો જાયછે અને હિંદુસ્તાનનો માલ ઓછો પોસાય છે. તેટલા માટે જે આદેશનું હિત ચહાતા હોય તેમણે તનમનથી આ પ્રયોગ કરવામાં શ્રમ લેવો. એમાં ઘણું ખરચ નથી. ઇજીપ્તના જેવાં હવા પાણી અને જમીન બીજે નથી એ વાત ખરી, પણ આપણો દેશ મોટો છે અને તેમાં જુદાં જુદાં હવા પાણી અને જમીનવાળા પ્રદેશ છે, તેથી પાકને અનુકુળ આવે એવા પ્રદેશ મળી આવવા મુશ્કેલ નહિ પડે. અક્ષાંસ જોતાં, સિંધુ, ગંગા અને બીજી નાની નદીઓના પ્રદેશના અક્ષાંસ અને હવા પાણી ઇજીપ્તને મળતાં છે એટલું જ નહિ પણ જે કાંપ નાઇલના પ્રદેશને ફલદ્રુપ કરેછે તેવો કાંપ પણ ત્યાં છે. ઇજીપ્તમાં ખેડવાની રીત પણ આપણા હુશીઆર ખેડુત સમજે છે તેના કરતાં વધારે સારી કે શાસ્ત્રીય નથી. ઇજીપ્તમાં કપાસનું વાવેતર અને કાલાં ઊતારવાનું કામ માર્ચથી અકટોબર સુધી ચાલેછે. તે બે માસની વચ્ચેના વખતમાં જેવી ઋતુ હોયછે તેવી અહિં અકટોબરથી મે સુધી હોયછે. અને મારા ધારવા પ્રમાણે એ વખતમાં ઇજીપ્તનો કપાસ અહિં વાવી શકાય.

અત્યાર સુધી હું એમ ધારતો હતો કે ઇજીપ્તના કપાસને અનુકૂળ જમીન અને હવા પાણી ઉપર નજર રાખીને અહિં તે કપાસ વાવવાના જેટલા થઈ શકે તેટલા પ્રયોગ થયા છે. સુભાગ્યે મને મુંબાઈ ઇલાકાના અને મધ્ય પ્રાંતના પ્રવીણ ડિરેકટર જનરલ આફ એગ્રીકલ્ચરની સલાહ મળી છે. અને તેમણે મને આ બાબતનાં કેટલાંક પુસ્તકો આપેલાં છે તે ઉપરથી સાફ જણાય છે કે અત્યાર સુધી જેટલા પ્રયોગ થયા છે તે અનુકુળ જગા અને હવા પાણીનો વિચાર કર્યા વિના જ થયા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પ્રયોગો ખરીફના પાક વખતે કરવામાં આવ્યા હતા. પણ ખરૂં જોતાં તે રવીને વખતે થયા હોય તો જ સફળ થાય. આ ઉપરથી હું ઉતાવળથી એમ અનુમાન નથી કરતો કે જો ઇજીપ્તનો કપાસ રવીને વખતે વાવે તો નક્કી લાભ થાય. મારૂં કહેવું એટલું જ છે કે પ્રયત્ન સફળ થવાનો સારો સંભવ છે. અને આ પ્રયોગમાં ઘણું ખરચ થતું નથી તેથી આ અતિ અગત્યનો પ્રયોગ છેલ્લો વહેલો કરવામાં મદદ કરવી તે હું મારો અને બીજા પૈસે ટકે સુખી માણસોનો ધર્મ છે એમ સમજું છું.

આ પ્રયોગ કરવા માટે મળી શકે તેવું મોટું અને અનુકુળ જમીન તથા હવાપાણીવાળું ખેતર પસંદ કરવું જોઇએ. હાલમાં કેટલાક મિત્રોએ મહેરબાની કરીને મદદ કરીછે તેથી જ્યાં સૌથી સારૂં રૂ પાકે છે તેવા પ્રાંતોમાં એકેક એકરના આશરે છ સાત કટકા ઉપર તે પ્રયોગ અજમાવવાની ધારણા છે. આ ઠેકાણે મોટો વાંધો કાંસનો આવે છે. કાંસ ન હોવાથી કોસ ઉપર આધાર રાખવો પડશે. કાંસ ખોદાય એવી જમીન ઘણી છે. પણ તે ઘણે આઘેથી લાવવો પડે તેમ છે અને જમીન માફક નથી. માટે જે ઠેકાણે મારા માયાળુ મિત્રોએ એ પ્રયોગ કરી જોવાનું અથવા તેના ઉપર પોતાની દેખરેખ રાખવાનું માથે લીધું છે તેવી જગામાંજ આ પ્રયોગો અજમાવવાનું મેં દુરસ્ત ધાર્યું છે. આમાં જો જરાપણ કૃતેહ મળશે તો મારા મિત્રોને આ પ્રયોગ વધારે અનુકુળ પ્રદેશનાં ખેતરોમાં અજમાવવાનું સમજાવી શકીશ એવી મને આશા છે.

દેશને માટે જેને લાગણી થતી હોય તેવા ગૃહસ્થોને આ પ્રસંગે હું વિનતિ કરવાનું યોગ્ય ધારૂં છું કે તેઓ ઇજીપ્તના રૂના પાકના પ્રયોગ કર્યા હોય તો તેમાં તે સફળ થયા છે કે નિષ્ફળ તે કૃપા કરી મને જાણ કરે. આથી મારા જે મિત્રો પ્રયોગ કરવામાં મારી સાથે સામેલ થયા હશે તેમના દ્રવ્યનો અને કાળનો નકામો વ્યય થતો બચશે. સિંધમાં થોડાક બરોબર પ્રયોગ કરીને મને મદદ કરવા તરફ તે પ્રાંતના અમલદારો અને રહેવાસીઓનું ધ્યાન ખેંચવાની હું રજા લઉં છું. આ પ્રાંત તેના અક્ષાંસ, હવા પાણી, જમીન અને સિંધુ નદીના ફાંટાની બાબતમાં ઇજીપ્તની સાથે એટલો બધો મળતો આવે છે કે આપણા પ્રયોગોમાં તે સૌથી વધારે લાભ દાયક થઈ પડશે એવી મને આશા છે.

હવે આ સૂચનાપત્રના મુખ્ય હેતુના સંબંધમાં મારે કહેવું જોઇએ છે કે વાવણીનો જે વખત મેં બતાવ્યો છે તે આધારવાળી અટકળ ઉપરથી જ બતાવ્યો છે. અકટોબરથી મે સુધીના આઠ મહીના ઇજીપ્તના રૂના પાકને માટે જોઇતી સ્થિતિ લાવી મૂકે છે. અને તેટલામાં આ દેશના રવીના મુખ્ય પાકના માસ પણ આવી જાય છે. જમીન અને વરસાદની સ્થાનિક સ્થિતિ ઉપર દરેક પ્રયોગ કરનારે વાવણીના સમયનો આધાર રાખવો જોઇએ. અર્થાત્ સપ્ટેંબર આખરે વરસાદ બંધ થયા પછી તરતજ કપાસ વાવેથી ઠીક પડશે કે નવેંબર અધવાર્યાસુધી વાટ જોવી એ ઠીક છે તેનો વિચાર કરીને વાવણી કરવી. નવંબર વીત્યે વાવણી કરવી એતો જોખમ ભરેલું છે, કારણ કે કાલાં પાકતાં કેટલો વખત લાગેછે તે આપણને બરોબર ખબર નથી. વળી ચાસનું પ્રમાણ પણ જમીન અને ખાતરના ધોરણ ઉપર રાખવું જોઇએ. ઓછા કસવાળી અને ખાતર વિનાની જમીનમાં કસદાર અને સારી રીતે સંભાળેલી જમીન કરતાં ઓછું જ બી ઉગી શકે. અકટોબરથી મે સુધી ઇજીપ્તના નીચા

પ્રદેશમાં લેજ રહેછે. પણ આપણા દેશની જમીનમાં લેજ જૂદે જૂદે ઠેકાણે જૂદા જૂદા વખત સુધી રહે છે; માટે પાણી પાવાનો આધાર પ્રયોગ કરનારના પોતાના અથવા કોઈ હુશીઆર ખેડુતના અવલોકન ઉપર રહેવો જોઇએ.

એતો ઘણાના જાણવામાં હશે કે કપાસના છોડ ઘણાં ઉંડાં મૂળ નાંખે છે તે એટલે સુધી કે વખતે તો છોડ બહાર દેખાય છે તેના કરતાં બમણાં લાંબાં મૂળ હોયછે. અને હું પ્રયોગ કરનારને સૂચના કરૂંછું કે જેઓ કાળી અને કસદાર જમીનનો લાભ લઈ શકે તેવા હોય તેમણે વરસાદ બંધ થયા કેડે તરતજ કપાસ વાવવો અને કાલાં આવીને પાકે ત્યાં સુધી બીલકુલ પાણી પાવું નહિ. પ્રથમ થતું હોય તે પ્રમાણે નીંદવા વગેરેનું કામ થવા દેવું. ચાસ પાડયા વિના પણ ખાતર પૂરવામાં હરકત નથી અને જે જરૂર પડે તો બી રોપવાનાં હોય તે હારમાં હાથે વતી ખાતર છાંટવું.

આ સાધારણ બાબતો કહી. હવે બમીઅન જાતનો લાંબા તાંતણાનો કપાસ ઈજીપ્તમાં જે રીતે વવાયછે તેનું યથાશક્તિ વર્ણન કરૂંછું. પ્રથમ તો બેતર સારી પેઠે ત્રણ વખત હળવું જોઇએછે અને હળવામાં દસ દસ દિવસનો આંતરો પાડવો પડેછે. તેથી સૂર્યનાં કિરણ અને વાતાવરણની હવાની અસર તેના ઉપર થાય છે. ત્યાર પછી માટીનાં ઢેકાં ભાગીને તે સરખી પાથરવી જોઇએછે. પછી બબે હાથને છેટે ચાસ પાડવામાં આવે છે. તે ચાસ દસ ઇંચ પોહોળા હોય છે અને દશ ઇંચ ઉંડા હોય છે. છોડ વેંત વેંતને છેટે રાખે છે. વાવણી ૧૫ મી માર્ચ લગભગ કરેછે અને વાવતી વખતે દરેક હારમાં દશ દશ બી એકજ તરફ રોપે છે. આથી તે હારો વચે બરોબર બે હાથનું છેટું રહેછે. પણ બે કરતાં વધારે રોપ કદી ભેગા રહેવા દેતા નથી. સારા હોય તેવા બે રાખીને વધારાના નીંદી કાઢેછે. આટલું કરતાં કપાસ ચારથી છ ઇંચ ઊંચો આવી જાયછે.

એકવાર તો વાવીને તરત પાણી પાવામાં આવેછે. તે વખત જમીનમાં પૂરેપૂરી ભીનાશ આવી હોતી નથી. પછી જ્યારે બી ફૂટે છે ત્યારે બીજી વારનું પાણી પાય છે. વાવણી થયા પછી દશ પંદર દિવસમાં બી ફૂટેછે. વીશ દિવસ પછી હળ ફેરવવામાં આવે છે અને નીંદવાનું કામ ચાલેછે. આ થી નાના છોડની આશપાસની માટી ઉપર તળે થાય છે એને પાણી પાય છે; અને વધારાના રોપ ચુંટી નાંખેછે. પછી દશેક દિવસ કેડે ચોથીવારનું પાણી પાયછે અને જમીન સુકાયેથી ફરી હળ ફેરવેછે. પહેલી અથવા બીજીવાર હળતી વખતે જો મૂળમાં ખાતર પૂરૂ નથી હોતું તો તે આ વખતે પૂરવામાં આવેછે. અને વીસ પચીસ દિવસ પછી પાંચમીવાર પાણી પાવામાં આવેછે. એટલામાં જુન મહિનો આવી પહોંચેછે. પછી સપ્ટેંબર સુધી દશ દશ દિવસે પાણી પાવામાં આવે છે. આ વખતે પહેલીવારનાં કાલાં ઉતારે

છે અને બીજીવારનાં કાલાં ઉતારતાં સુધી વચમાં ફરીથી એક જ વાર પાણી પાવું પડેછે. ઉપરના નિયમોને વળગીને જ પાણી પાવાનું નથી. પણ છોડની સ્થિતિ જોઇને વહેલું મોડું પાણી પાવું જોઇએ. હવા સુકી હોય કે ભીની ગરમી થોડી પડતી હોય કે વધારે તેઉપર અને જમીનની જાત ઉપર ધ્યાન રાખીને પાણી પાવાની બાબતમાં ફેરફાર કરવો જોઇએછે.

અપૂર્ણ.

દૃષ્ટાંન્તિક દોહરા.

લખનાર પ્રાગજી ભીમભાઈ દશાઈ. દેગામ તા. પારડી.

ખરી ખુબી વાપરીને વિભુ, સૌને મા' સુખ દેણ;
અમુલ્ય રત્નો આપીઆં, જગમાં જુગલ નેણ. ૧

વશીકરણ છે વેણુમાં, વેણુ બને છે ક્રૂર;
કોયલ સુર પ્રીતે શુણે, મારે સૌ જન ઘુડ. ૨

સદ્‌ગુરૂ શિષ્ય સુધારી દે, નહિ તો શું ગુરૂ એહ;
લોહ બને કંચન નહિ, તો શું પારસ તેહ. ૩

હિમત હારી જાયતો, તરણું પણ મુરકેલ;
સુતનું મૃત્યુ શાંભળી, દ્રોણ પડયા રણએ'લ. ૪

ધરી હિમત ફરી ફરી કરો, કરો ન લહો પ્રતિકુલ;
શું તુટે ફરી સે'જમાં, રેવા કેરો પુલ. ૫

સારા જનના સે'જમાં, ગણાય દોષ અથાગ;
દેખાએ છે દશ ગણો, ઉજળે કપડે ડાગ. ૬

સુધર્યા બગડયા અર્થથી, ધરે વેર કે પ્યાર;
ચકોર ચાહે ચંદ્રને, ચોર ધરે છે ખાર. ૭

અન્ય પ્રાણી કરતાં અધિક, જનના જીવ બચાવ;
શોધ કર્યા આ સૃષ્ટિમાં, માનવીઓએ સાવ. ૮

દુર્જન ઠામે ઠામને, સંજ્જન સ્થલ કો એક;
જેમ બબુલ બહુ હોય છે, ચંદન સ્થલ ન દરેક; ૯

અનેક કવિમાં એક કો, કવિ પ્રાસાદિક હોય;
મણિ ભારે બહુ હોય પણ, પારસ મણિ તો કોય. ૧૦

તે સુતો શા કામના, નહિ ભક્ત વિદ્વાન;
નહિ દુઝે નહિ ગંભિણી, તે ગૌનું શું કામ. ૧૧

સંજ્જન મૈત્રી ચઢાવતા, દુર્જનની ન્યુન થાય;

ઇક્ષુ કર અવળી ધરે, એજ રીત સમજાય. ૧૨
રંકનું કો નહિ વિશ્વમાં, કરે શ્રીમત ને સાહ્ય;
પવન બુઝાવે દીપને, લાગી વધારે લાહ્ય. ૧૩
દિલ હોય નહિ દુષ્ટને, દયા તણું રજ ભાન;
બાળ્યા કાપ્યા દેશ બહુ, તૈમુર જંઘીસખાન. ૧૪
દુખ આપી નિજ દેહને, સુધારવું પરકાજ;
એતે વિક્રમ એક છે, પરદુખ ભંજન રાજ. ૧૫
ગજ્યું પુનિત સૌને ગમ્યું, ભ્રષ્ટ છતાં શોભંત;
અન્ય હાડ અડકાય ના, ધાલે કર ગજદંત. ૧૬
મોહગુણ મોહિત લહે, ઉર અટવાય જરૂર;
મોરલી નાદે થાય જ્યમ, મણિધર મન ચકચુર. ૧૭
કુદરતિ ધર્મજ શ્રેષ્ઠછે, જે સામાન્ય ગણાય;
દયા દાન સૌ ધર્મમાં, ન જરી ચોરી જણાય. ૧૮
ઉતર્યું અંતર સત્ય જે, ધરવું તેમાં ધ્યાન;
આની બિસાન્ટે ઉરધર્યું, ઉત્તમ આતમજ્ઞાન. ૧૯
જેથી ચાલે જીવિકા, તેપર ધરવી પ્રીત;
દળવુ જેની ઘંટીએ, ગાવાં તેનાં ગીત. ૨૦
મૂરખ પાસ ન રાખવો, રક્ષકમાં કો કાલ;
માખ બેઠી બેંચ્યું બડગ, કરતાં કપિ રખવાળ. ૨૧

તા–૨૪ મી શનીવારે/ અત્રેની હાઇસ્કુલના હેડ માસ્તર સાહેબ મિ. તલાટીએ આપણા છોકરાઓને કેવી રીતની કેળવણી આપવી તે વિષે ભોલાનાથ લીટરરી ઈન્સ્ટીટયુટમાં જાહેર ભાષણ આપ્યું હતું. ગુજરાત વર્નાકયુલર સોસાઈટી તરફથી નિમંત્રણ કરવામાં આવ્યાં હતાં અને મિ. તલાટીની વિનતિ ઉપરથી ઉત્તર વિભાગના કમિશનર સાહેબ મિ. લેલી પ્રમુખ સ્થાને બીરાજ્યા હતા. ભાષણનો વિષય અગત્યનો હોવાથી સાંભળનારની ઠઠ ઘણી જામી હતી, તે એટલે સુધી કે કેટલાકને જગા ન મળવાથી પાછા ગયા હતા. હાલમાં જે તે નોકરી કરવા માટે જ ભણે છે પણ હુનર શિખવામાં મન ઘાલતા નથી તેથી પરદેશનો માલ વેચાતો લેવો પડેછે અને દેશની દોલત પરદેશમાં જાયછે. પણ જો આપણા દેશી ભાઇઓ હુનરમાં મન ઘાલે તો બેશક તે ફાવે અને પરદેશમાં પોસાય એવો માલ તૈયાર કરી શકે અને દેશની દોલતમાં વધારો કરે, એ વિશે દાખલા દલિલથી મિ. તલાટીએ લોકોનાં મન ઉપર સારી અસર કરી હતી.

જાણવાજોગ બાબતો.

બીગબેન—નામે પ્રખ્યાત ઘડીયાળનો મિનિટ કાંટો સોળ ફૂટ લાંબો છે.

આખી દુનીયામાં મોટામાં મોટા આગ બોલવવાના બંબા બે છે. તે લીવરપૂલમાં છે અને તે દરેક પાછળ બે હજાર પાઉંડ ખરચ થયું છે.

ઈંગ્લાંડ અને સ્કોટલાંડ મળીને દર વરસે સીતેર હજાર ટન બુચ ખરીદ કરેછે.

ધાતુઓનો ઘણો ઝીણો ભૂકો કર્યો હોય તો તે વાતાવરણની હવા સાથે જલદી મિશ્ર થઈ જાયછે અને તેમાં ગરમી ઉત્પન્ન થાયછે. જો ઘણા જ બારીક ભૂકાને પીચકારીથી હવામાં ઉરાડવામાં આવે તો તે સળગી ઉઠેછે અને બળી જાયછે.

સ્ત્રી પણ નોકા સૈન્યની સરદારી ભોગવે છે એનો દાખલો ગ્રીસની રાણી છે. તે રાણીના પિતરાઈ ભાઈ રૂશીયાના ઝારે તેને રૂશીઅન કાફલાની મુખ્ય સરદાર (એડમીરલ) નો ઈલકાબ આપ્યો હતો.

માણસને થાક લાગેછે અને શ્રમથી પેદા થએલી ગરમી પરસેવામાં નીકળી જાય છે તેથી તેના શરીરનો થાક ઉતરી જાયછે. તેવી રીતે કુતરાને થાક લાગ્યો હોયછે ત્યારે તે જીભ બહાર કાઢીને લાળ કાઢેછે તેથી તેનો થાક ઉતરેછે.

પોર્ટુગાલની રાણીના મુગટની કીમત દસ લાખ પૌંડની ધારવામાં આવે છે. આટલો કીમતી મુગટ કોઈ રાજ્યમાં નથી એમ કહેવાયછે.

સ્ત્રીઓની શરીરશોભા વધારવાની યુક્તિઓ નવી નવી સાંભળવામાં આવેછે તેમાં આ એક વિચિત્ર યુક્તિ સાંભળવામાં આવી છે કે વિલાયતમાં સ્ત્રીઓ પોતાનો પોશાક શોભાવવા માટે બિલાડીની પૂંછડીઓનો ઉપયોગ કરવા લાગી છે અને તેથી તે પુંછડીઓનો વેપાર ચાલવા માંડ્યો છે.

બુટનું ચામડું સારી રીતે જળવી રાખવા માટે સહેજ ગરમ કરેલું એરંડીયું હાથેથી બુટ ઉપર મહીનામાં એક વાર ચોપડવું. પણ જો બુટ

કોઈ કોઈ વાર જ પહેરવામાં આવતાં હોય તો મહીનામાં બે ચાર વખત ઉપરનો ઈલાજ કરવો જોઈએ છે. આનું કારણ એમ સમજાય છે કે ચામડામાં રહેલો ચીકણો ભાગ પગની ગરમીથી ઓગળેછે અને તેથી તે ચામડું સુંવાળું રહે છે.

માથું દુખતું હોય ત્યારે કાનની પાછળના ભાગ ઉપર ઉનું પાણી રેડવાથી ઘણો ફાયદો થાયછે.

રમકડાં બનાવવાના હુનરમાં ઈંગ્લાંડ કરતાં જર્મની ચઢેછે. કેમકે દર વરસે જર્મનીમાં બનેલાં વીસ લાખ પૌંડની કીમતનાં રમકડાં ઇંગ્લાંડમાં ખપે છે.

પેરેફીન તેલ સળગી ઉઠે તો તેના ઉપર આટો નાખવાથી તે બળતું બંધ પડેછે.

ગરમ મુલક કરતાં ઠંડા મુલકમાં બહેરાપણું વધારે જોવામાં આવેછે.

મધમાખીને અંધારામાં કામ કરવું વધારે સુગમ પડેછે કેમકે સુરજના તડકાથી મધમાં કણીઓ બંધાઈ જાયછે તેથી તે ચુશી શકાતું નથી.

પોંપીઆઇના ખંડેરમાંથી સાબુ બનાવનારની દુકાન મળી આવી છે. તે ઉપરથી એવું સિદ્ધ થાય છે કે સાબુની બનાવટ આજથી ત્રણ હજાર વર્ષ ઉપર પણ થતી હતી. પોંપીઆઇના ખંડેરમાં ૧૮૦૦ વરસ ઉપરનો દટાએલો સાબુ જડયો હતો તેમાં પણ સાબુનો ગુણ માલમ પડયો હતો.

હડકાયું કુતરૂં કરડ્યા પછી તરત જ ગરમ સરકો અને નવાયું પાણી લઇને જ્યાં દાંત બેઠા હોય તે ભાગ ધોઇને સાફ કરવો. પછી તે કોરૂં પડવા દઇને તેના ઉપર હાઇડ્રોકલોરિક એસીડનાં થોડાં ટીપાં નાંખવાથી આરામ થાયછે.

આંખોની જાળવણી માટે થએલી કેટલીક સૂચનાઓ.

૧ એકદમ પ્રકાશમાંથી અંધારામાં અથવા અંધારામાંથી પ્રકાશમાં જવું નહિ.

૨. અંધારામાંથી અજવાળામાં આવ્યા પછી તરત વાંચવા લખવા કે સીવવા ગુંથવા મંડવું નહિ.

૩. ઝળઝળામાં, ચંદ્રના પ્રકાશમાં, અંધારામાં અથવા વાદળાના અંધકારમાં વાંચવાનો પ્રયત્ન કરવો નહિ.

૪. વાંચતી વખતે પ્રકાશનાં કિરણો ડાબા બ્હાથ ઉપરથી આવે એવી રીતે બેસવું.

૫ જે પ્રકાશમાં અક્ષર ઉકેલતાં આંખ તાણવી પડે તેમાં વાંચવું નહિ.

૬ આંખો ચોળવાની વૃત્તિ થાય તો તે વખત આંખને આરામ આપવાને હાથમાં જે કામ હોય તે પડતું મૂકી દેવું.

૭ આંખો ચોટી ગઈ હોય તો તે ઉઘાડવાને જરાએ જોર કરવું નહિ. પણ તેને થુંકથી પલાળીને ધીમે ધીમે ઉઘાડવી. અને પછી ઉના પાણીથી આંખો અને મોં ધોઈ નાંખવાં.

"રિવ્યુ સાયન્ટીફીક" નામના ચોપાનીઆના અધિપતિ ડાકતર રીચેટે ઉડવાનો સાચો શોધી કાઢયો છે. તે પક્ષીના ઘાટનો છે અને એકેકી પાંખ બસેં ફીટ લાંબી છે. એમાં એલ્યુમીનીઅમ નામની ધાતુનાં પતરાં વાપર્યાં છે.

એમ કહેવાય છે કે એંજીનની સીસોટીનો અવાજ ૩૩૦૦ વારને છેટે રેલવેનો ધમધમાટ ૨૮૦૦ વાર છેટે, બંધુકનો અને કુતરાના ભસવાનો અવાજ ૧૮૦૦ વારને છેટે, પડઘમનો ૧૬૦૦, માણસના બોલવાનો ૧૦૦૦, ઢેડકાંનો ૯૦૦, અને તમરાંનો ૮૦૦ વાર છેટેથી સંભળાય છે એમ જણાયું છે.

એક વઈદક વિષય લખનાર ચોપાનીયું કઠણ પથારી ઉપર સુવાની ભલામણ કરેછે, અને લખેછે કે રાત્રે સાત કલાક પૂરે પૂરી ઉંઘ આવ્યા પછી દિવસે ઉંઘવાની જરૂર નથી. જો આળસ આવે તો જરા કસરત કરવી.

પારીસના એક માણસે એવી યુક્તિ શોધી કાઢી છે કે તેથી વાળને ઉલ્ટો ચીરીને તેના છત્રીસ ભાગ થઈ શકેછે.

આ પણ પૈસો કમાવાની એક રીત. એક અમેરીકન સ્ત્રીને પાંચ છોકરાં સાથે અવતર્યાં અને તરત જ મરી ગયાં. તે સ્ત્રીએ તે છોકરાંના શબમાં ખુશબો ભરાવીને રખાવી મુકયાં છે અને તે પૈસા લઈ લોકોને જાહેર રીતે દેખાડેછે તેથી ઘણું કમાયછે.

કલકત્તાની "નેચરલ સોસાઇટી" ને હિંદી મહાસાગરમાંથી એક મોટો કાચબો જડયો છે. તેને એક હોજમાં રાખ્યો છે. રાત્રે અંધારામાં તે ઘણો જ

પ્રકાસેછે તેથી તે હોજમાં ઝગઝગાટ થઈ રહેછે. અને તેમાં તરતી ઝીણી માછલીઓ સુધાં જણાય છે.

હેર લીલીયન થેલ નામના એક જર્મને પણ ઉડવાનું યંત્ર બનાવ્યું હતું. ગઈ તા. ૧૧ મીએ તે યંત્રની મદદથી ઉડવા લાગ્યેા. પણ આશરે બસેં વાર ઉંચાઇએ પહેાંચતાં પવનના ઝપાટાથી પાંખેા સમતેાલ ન રહેવાથી તે નીચે પડી મરણ પામ્યેા.

સમુદ્રમાં મળી આવતા મીઠા પાણીના ઝરા–ઈરાની અખાતમાં આવેલા બહેરીન બેટમાં ઘણી સખ્ત ગરમી પડેછે. પરંતુ તેમાં મીઠા પાણીની નદી કે ઝરણ કંઈ નથી. વળી ગમે તેટલું ઉંડું બેાદતાં પણ મીઠું પાણી નીકળતું નથી. તેથી ત્યાં મનુષ્ય વસી શકે એમ નથી. એમ છતાં પણ કેટલાક ત્યાં વાસ કરીને રહ્યા છે. અને પીવાનું મીઠું પાણી દરીયામાંથી લાવેછે. આ મીઠા પાણીના ઝરા કીનારાથી એક મૈલને છેટે દરીયામાં છે. માકાડેાર નામના ડુબકી મારનારા સમુદ્રના તળીઆ સુધી ડુબકી મારીને તે ઝરામાંથી પાણીની મસકેા ભરી લેછે અને ઉપરનું ખારૂં પાણી તેમાં ભળી ન જાય માટે મસકનું મેાં એકદમ બંધ કરી દેછે. સમુદ્રની સપાટીની નીચે લગભગ ૪૦૦ ફૂટ ઉપર એ ઝરા માલમ પડેછે. આટલી ઉંડાઇએ આવેલા ઝરા પ્રથમ શી રીતે માલુમ પડ્યા હશે, તેનેા વિચાર કરતાં એમ કલ્પના થાયછે કે મેાતી શેાધનારને ડુબકી મારતાં તે પ્રથમ માલુમ પડ્યા હશે.

સાઇકિલ નામની ગાડીઓ જમીન ઉપર ચાલેછે તેવી જ રીતે પાણી ઉપર ચાલે તેવી બનાવવામાં આવેછે. થેાડા દિવસ ઉપર ટેમસ નદીમાં એવી એક ગાડી ચલાવી જોવામાં આવી હતી.

આલજીરીયામાં નાક, કાન અને ગળાના રેાગ ઘણા જ થેાડા થાયછે. તેથી ક્રેંચ ડાકતર મેડયુફે તેની તપાસ કરી, અને તેને માલમ પડયું કે આરબ લેાકેાની સ્ત્રીઓ તેમનાં બાળકેાને કદી પણ ચતાં સુવા દેતી નથી. ડા. મેડયુફનું ધારવું એવું છે કે ચતાં સુવાની ટેવથી ઘણા રેાગની ઉત્પત્તિ થાય છે માટે બનતાં સુધી ચતાં ન સુવું.

જર્મનીના સત્તાધારીઓએ તપાસ કરાવી છે કે તારનાં દેારડાંથી વીજળી પડવાનેા સંભવ વધેછે કે ઘટે છે. આ તપાસના પરિણામમાં એવું જાણવામાં આવ્યું છે કે તારનાં દેારડાંથી આસપાસની જગા ઉપર વીજળી પડવાનેા સંભવ ઘણેા જ ઓછેા રહેછે. કેમકે ૩૬૦ શહેર આગળ તારનાં દેારડાં છે તેમાં વીજળી એકજ વાર પડી છે અને તાર વીનાનાં ૫૬૦ શહેરેામાં છેતાળીસ વાર પડીછે.

બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૪૩ મું. ડીસેમ્બર સને ૧૮૯૬. અંક ૧૨ મેા.

ગુજરાત વર્નાક્યુલર સેાસાઇટીએ મી. એદલજી દેારાબજી તલાટીપાસે મી. લેલીના પ્રમુખપણા નીચે અપાવેલું હુન્નરની કેળવણી સંબંધી ભાષણ.

भणीने शुं करवुं ?

આજનેા મેળાવડેા ભેાળાનાથ સારાભાઈ લીટરરી લેડી ઇન્સ્ટીટયુટમાં થયેા છે અને તેમાં ગૃહસ્થેા અને બાનુઓનેા ભેગેા મેલાવડેા થયાથી મકાન બાંધનારનેા મેાટેા હેતુ પાર પડયેા એમ હું સમજુછું, અને બીજા મેળાવડા આ મકાનમાં જે કે થયા છે તેા પણ આ સમારંભને હું ઉત્તમ ગણુંછું કેમકે બાઇઓ અને ભાઇઓની ઘણી મેાટી સંખ્યા અહીં ખીચેાખીચ ભરાઈ છે. ઘણાં માણસેાનેા સમાગમ થયેા તથા ઘણા જણના સાંભળવામાં આ મારૂં ભાષણ આવ્યું તેથી ગુજરાત વર્નાક્યુલર સેાસાઇટીએ કરેલી મદદ બદલ મારે તેનેા પાડ માનવેા જોઇએ.

આ મકાનમાં ઉછરતી પ્રજાના મારા નાનકડા ઘણા મિત્રેા આવ્યા છે અને તેઓ લક્ષ દેઇને મારૂં ભાષણ સાંભળે છે, તેથી જરૂર ઘણેા ફાયદેા થશે એમ જે મારૂં ધારવું છે તે બરાબર છે. જ્યારે જમસેદમાં મારા નામથી બે પત્રેા મેં છપાવ્યા છે તે અહીં રજુ કરૂંછું, તે વાંચવાથી તેમાંનેા હેતુ જણાઈ આવ્યા વગર રહેશે નહિ. એ પત્રેાના ચર્ચાપત્રીઓએ આપેલા જવાબના મેં ઉત્તર આપ્યા તે પણ એમાં જ જણાવ્યા છે.

આપણા છેાકરાઓનું શું કરવું, તેઓને કેવી રીતની કેળવણી આપવી, અને કયેા ધંધેા શીખવવેા, એ સવાલ ઘણેા અગત્યનેા છે. એ સવાલ ઘણાં વરસ થયાં વિલાયતમાં ચરચાય છે, અને તે ચરચાવાનેા વખત કમનસીબે આપણા દેશમાં પણ આવ્યેા છે. એ અગત્યના સવાલ વીશે મારા વિચારેા જણાવવાની હું રજા લઉંછું.

આપણે જેને "ઉંચી કેળવણી" કહીયે છીયે તેમાં આપણે ઘણું હદ ઉપરાંત કરી મુકયું છે. દર વરસ સેંકડેા વિદ્યાર્થીઓ બી. એ. ની પરીક્ષામાં હાજર

થાય છે, અને તેમાંથી ઘણી મોટી સંખ્યા પાસ થાય છે. પણ પાસ થયા પછી તેઓ શું કરે છે તે તપાસીએ. આગળ જ્યારે સરકાર એવા પાસ થયલાઓને મામલતદારી આપતી હતી, ત્યારે હવે રૂ. ૨૫ થી ૩૫ ની કારકુની આપે છે, અને કેળવણી ખાતાંમાં રૂ. ૫૦ ના પગારથી શરૂઆત કરે છે. ઓછામાં ઓછા ચાર વરસના સખત અભ્યાસ પછી આ કમાણી કાંઈ ઘણી કહેવાય નહીં. બી. એ. થયા પછી ઘણાક એલ. એલ. બી. એટલે કાયદાની પરીક્ષા આપવા જાય છે અને પાસ થઈ વકીલાત કરે છે. આગળ જ્યારે થોડા વકીલો હતા, ત્યારે અલબત્ત તેઓને સારી કમાણી થતી હતી. પણ હવે તો ઢગલે ઢગલા વકીલો થાય છે અને જ્યાં જઇએ ત્યાં તેઓનાં પાટીઆં નજરે જોવામાં આવે છે અને કહે છે કે કેટલાકોને દર મુકદમાએ રૂ. ૫ પણ મળવા મુશ્કેલ પડે છે. જ્યારે કમાણી અત્યારથી આછી થઈછે, ત્યારે જે પ્રમાણમાં હાલ નવા વકીલો થતા જાય છે, તે પ્રમાણ જો ચાલુ રહ્યું તો બધાઓનું પેટ ભરાય તેટલો ધંધો મળશે કે ?

વકીલોનો જે ઊંચો વર્ગ સોલીસીટરના નામથી ઓળખાય છે, ત્યાં પણ એજ પ્રમાણે હદ મૂકયા જેવું થાય છે. હાલ મારા જાણવા પ્રમાણે ૧૦૦ ઉપર આર્ટિકલ્ડ કલાર્કો છે, અને વળી દર વરસે નવા નવા થતા જાય છે. હવે જ્યારે એ બધા પાસ થશે ત્યારે તેઓનું શું થશે ? આગળ ચાલો તો બારીસ્ટરો પણ અતિશય વધી ગયા છે. તેઓમાં કેટલાકો તો ઑફીસોનાં ભાડાં જેટલું પણ કમાતા નથી, અને હજી પણ ઘણાઓને વિલાયત જઈ બારીસ્ટર થવાની ઇચ્છા છે અને ઘણા જાય છે. તેઓ પાછા ફરયા પછી શું કરશે તેનો વિચાર તેઓ કરે છે વારૂ ? હવે બીજા ઊંચા ધંધા તરફ નજર કરીયે. થોડાં વરસ ઉપર મોહોલ્લે મોહોલ્લે દાક્તરોનાં પાટીયાં દેખાતાં હતાં. હવે દરેક મોહોલ્લે એકથી વધારે જણાય છે; અને થોડાં વરસ પછી શું થશે તે કાંઈ કહેવાતું નથી. આગળ "વિલાયતવાળા દાક્તરો." ગણતરીના હતા, હવે તેઓની સંખ્યા પણ વધી ગઈ છે. અને તેઓની ફી ઘટતી ચાલી છે. એજ પ્રમાણે ઈજનેરના ધંધામાં પણ ઘણા થઈ ગયા છે એમ હું ધારૂં છું,

ત્યારે હવે કરવું શું ? એ વિષે મારો વિચાર એવો છે કે સાધારણ કેળવણી લીધા પછી અથવા તો ઊંચી કેળવણી લીધા પછી પણ, મોટા ભાગે કાંઈ પણ હુન્નર અખ્તયાર કરવો.

હુન્નરથીજ દેશને ફાયદો થવાનો છે. જે જે દેશો હાલ તરી નીકળ્યા છે તે ફક્ત હુન્નરથી જ. આપણાં રાજદ્વારી મંડળો દેશને ફાયદો કરવાને વાસ્તે ખરા અંતઃકરણથી મહેનત કરે છે એ હું કબુલ કરૂં છું અને તેઓને તે મહેનતને માટે આપણે શાબાશી આપી શકીએ. પણ દેશની અઢતીના

જે ઉપાયો તેઓ સુચવે છે તેથી કાંઈ દેશનું દળદર ફીટી જવાનું નહી, એમ હું ધારૂંછું. પાંચ પંદર દેશીઓ સીવીલ સરવીસમાં દાખલ થયા, મોટે હોદ્દે ચઢયા, બે ત્રણ હજાર રૂપીઆનો પગાર કમાયા, તેમાં તેઓને પોતાને તથા તેઓના લાગતાવળગતાઓને ફાયદો થાય ખરો. પણ દેશને અને દેશીઓને તો તેથી કાંઈ પણ લાભ થવાનો નહિ. માટે જો દેશનો ખરો લાભ જોવો હોય તો આપણાં મંડળોએ હુન્નરો વધારવાના ને તેઓને ઉત્તેજન આપવાના ઉપાયો સૂચવવા જોઇએ, અને તેને માટે ચરચા ચલાવી ફંડ ઉભાં કરવાં જોઇએ.

જુઓ કે હુન્નરને લગતી આપણી હાલત કેવી નિરાધાર છે. હલકામાં હલકી ચીજને માટે પણ આપણે પરદેશ ઉપર આધાર રાખીએ છીએ. આપણા વપરાસમાં આવતી સેંકડો ચીજોમાંથી આપણા દેશમાં કેટલી થોડી બને છે, તેનો જ્યારે આપણે ખ્યાલ કરીએ છીએ, ત્યારે આપણે કેટલા પરઆધાર છીએ તે માલમ પડી આવે છે. વધારે દુઃખની વાત તો એ છે કે આપણા દેશમાંથી કાચો માલ જાય છે અને તેજ માલ સાફસુફ થઈ તેના ઉપર થોડો ઘણો સંસ્કાર પાછી આપણે દેશ પાછો આવે છે. એવા કાચા માલ કાંઈ સેંકડો જાતના જાય છે. ફક્ત એકજ દાખલો લ્યો. આપણા દેશમાંથી દર મહિને લાખો ચામડાં જુદે જુદે દેશ જાય છે, એ ચામડાં તે દેશોમાં સફા થઈ પાછાં આપણે દેશ આવે છે. હવે એ માલ સફા કરવાનાં કારખાનાં આપણા દેશમાં શું કરવા થવાં ન જોઇએ ? અને જે જે ક્રિયાઓ તે માલ ઉપર થાય છે, તે આપણા દેશમાંજ કાં થવી ન જોઇએ ? વાસ્તે મારો તો પક્કો વિચાર છે કે દેશને આબાદાની ઉપર લાવવાનું મુખ્ય સાધન હુન્નર જ છે. એનો સૌથી સરસ દાખલો લેવો હોય તો જર્મનિ અને જાપાન દેશો છે.

થોડાં વરસ ઉપર આપણા દેશમાં આવતો સઘળો માલ ઈંગ્લાંડથી આવતો હતો, અને ત્યાં બનેલો હતો. હાલ જે માલ જુઓ છો તે ઉપર "જર્મનિમાં બનેલો" એમ છાપો આવે છે. વિલાયતવાળા જાણીતા "રેકેલ તક" ના જે ઊંચા કારડો આવે છે તે ઘણા લોકો જાણીને અજબ થશે કે, જર્મનિમાં છપાયલા હોય છે. વિલાયતની જુદી જુદી હવાખાવાની જગોએ કાંઇને કાંઈ નવાઇની ચીજો વેચવામાં આવે છે અને તેઓની ઉપર A present from Brighton, Hastings & c. એટલે બ્રાઇટન, હેસ્ટિંગ્સ વગેરે શહેરથી લાવેલી ભક્ષિસ એમ લખેલું હોય છે. પણ અજબ જેવું છે કે તેજ ભક્ષિસની નીચે Made in Germany "જર્મનિમાં બનાવેલું" એમ લખેલું હોય છે. એ રીતે જર્મનિએ હુન્નરની બાબતમાં ઈંગ્લાંડને પાછળ પાડયું છે.

હવે જાપાન દેશનો દાખલો લ્યો. પચીસ વરસ ઉપર એ પ્રજા અરધ

જંગલી હાલતમાં હતી. આજે તે દુનિયાની સુધરેલી પ્રજાઓમાંની એક થઈ છે, ત્યાં રેલવે થઈ છે, તેઓએ મનવારો બનાવી છે, મીલો ઉભી કરી છે, અને જુદી જુદી ચીજો બનાવવાનાં કારખાનાં ઉભાં કર્યાં છે, અને તેમાંની કેટલીએક ચીજો તો એવી ઉમદા અને સસ્તી બનાવે છે કે, વિલાયતી માલને ટક્કર મારે. ફક્ત દીવાસળી અને છત્રીનો દાખલો લેવો. એ ચીજોનો આપણા દેશમાં મોટો ખપ છે અને તેનો મોટો ભાગ જાપાન દેશથી આવે છે. હવે અજબ જેવું એ છે કે, જો કે જાપાન દેશમાં હુન્નર શરૂ થયાને ફક્ત ૨૫ વરસ થયાંછે. તોપણ સઘળાં કામો દેશીઓ પોતે બનાવે છે. રેલવેમાં કે મનવારોમાં કે મીલોમાં ઇંગ્રેજો બિલકુલ નથી. એ દેશ હુન્નરમાં કેટલો આગળ વધી ગયો છે તે ગઈ લડાઈ વખતે જાપાને મેળવેલી ફતેહ ઉપરથી વધારે સાબિત થયું છે.

હુન્નરથી દેશને ફાયદો થાય છે, તેમ જ હુન્નર કરનારને પણ મોટો ફાયદો છે. નફટ નોકરી કરતાં તેમાં સ્વતંત્રપણું ઘણું છે, અને કેટલાએક "ઊંચા ધંધા" કહેવાય છે, તેના કરતાં નફો ઘણો છે. નોકરી કરનાર પોતાની ગફલતીથી અથવા બીજાં કારણથી નોકરી ખોઈ બેસે છે, વેપારમાં ખોટ આવે છે; પણ જે માણસની પાસે હુન્નર હશે તે કદી ભૂખે મરનાર નથી. વળી બીજાઓને રોજી આપવાનું અને આસપાસનાઓને ફાયદો કરવાનું હુન્નરમંદના હાથમાં ઘણું છે. એક સારી કમાઈવાળો બારિસ્ટર, વકીલ, અથવા ડાક્તર ઘણી સારી હાલતમાં રહેશે, પણ તે આસપાસનાઓને રોજી આપી શકશે નહિ, તેથી ઉલટું એક નાનો કારખાનાવાળો પણ ૧૦, ૧૫ માણસને નોકરી આપી તેઓની દુવા લઈ શકશે.

હવે હુન્નર શીખનારાઓને મારે કેટલીએક ચેતવણી આપવી જોઇએ. હુન્નર શીખતી વખતે અને ત્યાર પછી જ્યાં સુધી તેમાં જામે નહિ ત્યાં સુધી કાંઈ રોજ સાંજે લાકડી લઈ ભભકો મારી પાલવા બંદર અને બેંડસ્તાંડ ઉપર ફરવાનું મળશે નહિ, અલબત જામ્યા પછી જેટલું જોઇએ તેટલું મોજ મજા કરવાનું મળશે, પણ તેની અગાઉ તો ધંધો એજ મોજ, ધંધામાં રોકાવું એજ મજા સમજવી પડશે.

બીજી ચેતવણી એ આપવાની છે કે જેનાથી ધીરજ રખાય નહિ, નિષ્ફળતા ખમાય નહિ અને જરાજરામાં હીમત હારી જાય તેઓએ હુન્નર અખ્ત્યાર કરવાની વાત છોડી દેવી; હું જે હુન્નરો માટે બોલું છું તે અલબત હાલમાં ચાલુ છે તે નહિ, પણ નવા નવા હુન્નરો સમજવા કે જેમાં શીખવનાર કોઈ મળશે નહિ. એ હુન્નરો શીખનારે પોતે જ શીખવા પડશે તેમાં અનેક તરેહની મુશ્કેલીઓ આવી પડશે. ઘણા ઘણા અખતરાઓ કરવા પડશે, ઘણો માલ અને ઘણાં ઘણાં વસાણાં બગાડવાં પડશે. ટુંકામાં ઘણી મુશ્કેલાઇએ

તે હુન્નર શીખાશે. માટે એવા હુન્નરોમાં દાખલ થનારાઓને ખૂબ હીમત રાખવી, હારી જવું નહી; એકસો વખત નિષ્ફળ થશો પણ આખરે ફતેહ પામશો. ત્રીજી ચેતવણી એ આપવાની છે કે જેને જરા જરામાં સૂગ લાગતી હોય, ફલાણું તો વાસ મારતું છે, ફલાણું તો ગંધાય છે, તેવા વિચારવાળાઓથી કોઈ પણ હુન્નર શીખી શકાશે નહિ.

વળી જે લોકો હુન્નર શીખવાની મરજી રાખતા હોય તેઓએ બાંય ચઢાવી પોતપોતાને હાથે મજૂરની માફક કામ કરવા તૈયાર રહેવું જોઇએ. આપણા દેશમાં એવો ખોટો વિચાર છે કે હાથે કામ કરવું એ ગેરઆબરૂનું અને હલકું છે. એ વિચાર, અજબ જેવું છે કે, કેળવણી લીધેલાઓમાં પણ છે. એક દિવસે એક મારા ગ્રાજ્યુએટ ભાઈબંધ સાથે આ જ બાબત, એટલે આપણા છોકરાઓનું શું કરવું એ વિશે હું તકરાર કરતો હતો, તે દરમ્યાન જ્યારે મેં કહ્યું કે હુન્નર શીખનારને પોતાને હાથે કામ કરવું પડશે, ત્યારે તે ભણેલા ગ્રાજ્યુએટ ભાઇબંધે કહ્યું કે "ના એમ તો થાય નહિ, એ તો અમારામાં હલકું ગણાય."

ઉપલી જે મેં ચેતવણીઓ આપી છે, તે ઘણા વરસના અનુભવનું ફળ છે, કારણ કે હું કાંઈ પેલા વાર્તામાંના "કાજીજી હમતો કહેનેકે કરનેકે નહિ," તેવો નથી. ઘણા વરસના કેળવણીખાતાના અનુભવથી જ્યારે મેં વિચાર બાંધ્યો કે, આપણા દીકરાઓને હવેથી ઊંચી કેળવણી કરતાં કાંઈ પણ હુન્નર શીખવવો એ વધારે સારૂં છે, ત્યારે મારો વડો દીકરો આશરે ચૌદ વરસનો હતો, ત્યારથી જ મેં વિચાર કર્યો હતો કે એને કાંઈ પણ હુન્નર શીખવવો અને તેથી હું ત્યારથી બોળમાં રહ્યો હતો કે, શું હુન્નર શીખવવો ? તે વિષે વિચાર કરતાં એવું નક્કી કર્યું કે જે હુન્નરનો કાચો માલ આપણા દેશમાં બનતો હોય અને વિલાયત જઈ પાછો આવતો હોય તે હુન્નર પસંદ કરવો. એ વખત હું કરાંચીમાં હતો, ત્યાં સ્ટીમરો ભરીને ચામડાં મેં વિલાયત જતાં જોયાં, ત્યારથી જ મેં વિચાર કર્યો કે એ ધંધો મારા દીકરાને શીખવવો. તેથી એ ધંધા વિશે ત્યારથી જ ખબર કાઢતો રહ્યો. જે કોઈ વિલાયત જાય તેને એમ કહું કે એ હુન્નર વિષે ફલાણી ફલાણી ખબર લેતા આવજો. પછી મારા છોકરાએ મેટ્રિકયુલેશનની પરિક્ષા પાસ કરી, અને અમે નક્કી કર્યું કે તેને એ ધંધો શીખવવો. તેને કરાંચીનાં થોડાંક કારખાનાં જ્યાં મરાઠાઓ પોતાની અસલી રીતે ચામડાં પકવતા હતા તે દેખાડ્યાં, અને તે વિષે ચોપડીઓ વાંચવાનું શરૂ કર્યું. તેમાં પહેલી મુશ્કેલાઈ તો એ નડી કે એ હુન્નરને લગતી ચોપડીઓ કઈ કઈ છે તે પણ અબર નહતી. આખરે વિલાયત લખીને એક ચોપડી મંગાવી, તેવામાં મારે વિલાયત જવાનું ઠર્યું. ત્યાં કારખાનાંઓમાં ઘણી ઘણી બોળો કરી, પણ

કોઈ કારખાનામાં દાખલ થવા દે જ નહિ, અને શીખવવાને તો મોઢે ચઢીને ના કહ્યું. એકે તો કહ્યું કે તમો પાંચસો પાઉંડ આપો તો પણ અમે શીખવીયે નહિ, કારણ જર્મન લોકોએ અમારે ત્યાંથી શીખી જઇને અમારો ધંધો તોડી નાંખ્યો. પછી હું વિલાયત હતો ત્યારે મારાં છોકરાં કરાંચીથી મુંબઈ આવ્યાં. અને મારો છોકરો ચામડાં પકવવાના એક કારખાનામાં શીખાઉ તરીકે દાખલ થયો. મારે અહીંયાં જણાવવું જોઇએ કે, આપણા દેશમાં પણ એ કારખાનાંમાં કોઇને દાખલ કરતા નથી, તોપણ ધારાવી વાળા શેઠો મનચેરજી શાપુરજીની કંપનીવાળા શેઠ રૂસતમજી મનચેરજી તથા તેઓના બુઝોરગ પિતા શેઠ મનચેરજીએ ખુશીથી મારા છોકરાને દાખલ કરયો, એટલું જ નહિ, પણ એ કામ શીખવામાં દરેક તરેહની સગવડ કરી આપી અને ઉત્તેજન આપ્યું, જેને માટે હું આ તકે એ બેઉ બાપ દીકરાઓનો ઉપકાર માનું છું. એ કારખાનામાં દાખલ થયા પછી, બે વરસ સુધી દરરોજ સવારથી તે સાંજ સુધી ત્યાં જવાનું મારે દીકરે જરી રાખ્યું અને આખો દહાડો, છેક રાત સુધી પણ ત્યાં જ રહ્યો. એજ ઉપરથી મારે ઉપર ચેતવણી આપવી પડી છે કે, ધંધો શીખતી વખતે એશઆરામ અને મોજશોખનો વિચાર રાખવો નહિ.

ચામડાં પકવવાનાં કારખાનાંમાં અલબતે જરા ગંદવાડ તો હોય છે અને ત્યાં ખરાબ વાસ પણ હોય છે, પણ તેથી મેં ઉપર ચેતવણી આપી છે તેમ કોઇએ હારી જવું જોઇએ નહિ. એક દિવસ મારા છોકરાને જે નવો ધંધો શીખવતો હતો, તે વિષે મારા એક પારસી મિત્ર સાથે વાત કરતાં પોતાના દીકરાને પણ તેજ ધંધો શીખવવાની તે પારસીએ મરજી જણાવી, જે ઉપરથી મેં અમારા શેઠીયાઓની રજા માંગી. તે તેઓએ ઘણી ખુશીથી આપી, અને પેલા મારા મિત્રે પોતાના દીકરાને કારખાને મોકલ્યો. પણ દીકરાજીતો ઘણાજ સુગાળા તેથી એક દિવસ જઈ આવી બીજે દિવસે જવાનું માંડી વાળ્યું. અને કારણમાં જણાવ્યું કે, "એવું ગંધાતું કામ કોણ કરે?" એક દિવસે મારા દીકરાની ચામડાંની દુકાન પર એક નોકર જોઇતો હતો, ત્યારે મેં મારા સિપાઇને કહ્યું કે તારો કોઈ સગો હોય તેને લઇ આવ. તે કહે, ના એવું હલકું ચામડાંને અડવાનું કામ તો અમે કરીએ નહિ. હું અજબ થયો કે વાઇસ પ્રિન્સિપાલનો દીકરો ચામડાંને અડે અને ચામડાંનું કામ કરે પણ વાઇસ પ્રિન્સિપાલનો સિપાઈ અથવા તેનો સગો ચામડાંને અડતાં સુગાય! જ્યાં સુધી આપણામાંથી એ ખોટા વિચારો નીકળી જશે નહિ ત્યાં સુધી આપણો દેશ આબાદ થશે નહિ.

ઉપલા કારખાનામાં મારા છોકરાએ અનુભવ મેળવ્યા પછી અમારો વિચાર થયો કે, ચામડાં પકવવાનું કામ તો ચાળીસ કારખાનાઓમાં થાય

છે, પણ આખરે તે બધાં ચામડાં વિલાયત જાય છે, માટે હવે વિલાયત જેવાં ચામડાં બનાવવાનો ધંધો કરવો, તેથી તે કામ શરૂ કર્યું. પણ તેમાં અતિશય મુશ્કેલીઓ નડી; કોઈ શીખવનાર મળે નહિ. ચોપડીઓમાં કાંઈ પૂરૂ સમજાવેલું નહિ, તેથી પોતાની અક્કલથી જ કામ શરૂ કરવું પડયું. તેમાં સેંકડો રૂપીઆનાં ચામડાં બગાડ્યાં, કેટલા રંગો બગાડ્યા, જુદી જુદી તરેહનાં તેલો મંગાવ્યાં. વખતો વખત મીલોમાં ચામડાં તપાસવા આપ્યાં તે અમારા મેહેરબાન મિત્રોએ તેમાં ખાસ કરી સ્વદેશી મીલવાળા મી૦ ડોસાભાઈ મુલ્લાંએ તસ્દી લઈ વખતો વખત તપાસી તેની ખામીઓ અમને જણાવ્યા કરી. ઘણી વખત તો એમજ મનમાં લાગ્યું કે, આપણાથી એ ધંધો થઈ શકશે નહિ. પણ અમે બેઉ બાપ દીકરાએ હીમત છોડી નહી. તેમાં અમારે સારે નસીબે એક સલાહ આપનાર સારો માણસ મળી ગયો. હું વિલાયત ગયો ત્યારે ન્યુ કાસ્ટલ અપૉન ટાઇન શહેરમાં એક મોટું ચામડાંનું કારખાનું જોવા ગયો હતો. ત્યાં એ કારખાનાના મેનેજરની સાથે મારે દોસ્તી થઈ. તે ગૃહસ્થ હાલ લીડ્સ શહેરમાં યોર્કશીઅર કૉલેજ છે તેમાં ચામડાં પકવવાની વિદ્યાનો પ્રોફેસર છે, તેની અમને વારંવાર સલાહ ઘણી કીમતી થઈ પડી. એમ ઘણી ઘણી મુશ્કેલીઓ ખમી, જ્યારે હુન્નર હાથ કર્યો અને વિલાયત જેવાં ચામડાં બનાવ્યાં ત્યારે તેને વેચવાની મુશ્કેલીઓ આવી પડી, કારણકે મારે ઘણી દિલગીરી સાથે જણાવવું પડે છે કે, આપણા દેશીઓમાં ઘણા જ થોડા આપણા દેશના માલને ઉત્તેજન આપનારા છે. તેમાં ઘણા તો ફક્ત દેશી માલ છે તેમ જાણે કે તરત જ તે માલ હાથમાંથી ફેંકી દેછે. એ જ ઉપરથી મેં ઉપર ચેતવણી આપી છે કે હજાર તરેહની મુશ્કેલીઓ પહેલાં હુન્નર શીખવામાં અને પછી વેપારમાં જામવામાં નડશે પણ આખરે તો ફતેહ જ છે.

વળી દરેક હુન્નરમાં કારીગરીની, રસાયણી વસાણાંની, તેઓને મેળવવાની, તેઓનો ઉપયોગ કરવાની, એવી એવી બાબતો છૂપી રાખવાની ઘણી અગત્ય છે, તેથી તે કામ હુન્નર કરનારે પોતાના હાથમાં જ રાખવું જોઇયે, અને પોતાને હાથે જ કરવું જોઇયે, ઘણી વખતે મારો છોકરો ઘેર આવે છે ત્યારે ખરડાએલે કપડે અને રંગરેજના જેવા ખરડાયલા હાથે આવેછે, પણ તેથી હું શરમાતો નથી. ઉલટો ખુશી થાઉંછું, કે જો પોતે જાતે કામ કરશે, તો જ તે ધંધામાં ફાવશે. જો પારકા ઉપર આધાર રાખશે તો કદી ફતેહ[illegible] થશે નહિ, તેથીજ મેં ઉપર ચેતવણી આપી છે કે જેઓથી પોતાથી [illegible]નત કરવાનું બને નહિ, અથવા તો મહેનત કરવાનું હલકું ગણે, [illegible] કાંઈ પણ ધંધામાં પડવું નહિ. આપણા લોકોએ "ડીગનિટી ઓવ[illegible].ર" એટલે મહેનતનો મરતબો શું છે, તે સમજવું જોઇએ. કાંઈપણ કામને હલકું ગણવું

નહિ. ઇમાનદારીની મહેનત તે આખરૂ ભરેલી છે એમ સમજવું જોઇયે, અને જ્યાં સુધી કોઈ માણસમાં એવા વિચારો આવશે નહિ, ત્યાં સુધી તે માણસ ધંધો કરી શકશે નહિ.

હવે સારે નશીબે જેમ અમને અમારા ધંધામાં અતિશય મુશ્કેલીઓ નડી છે, તેમ નવા શીખનારાઓને નડશે નહિ એમ હું ખાતરી આપું છું. મારી પાસે ૬૫ જુદા જુદા ધંધાઓ વિષે ખબર અંતરથી ભરેલી ચોપડી છે, તેમાંથી જોઇતી ખબર અંતર દરેક જાણનારને હું મોટી ખુશીથી પૂરી પાડીશ. વિલાયતમાં The city & Guilds of London Institute નામની મોટી વગવાળી મંડળી છે; તેનું કામ હુન્નરોને ખીલવવાનું છે; અને તે કામ તે મંડળી એ રીતે કરે છે. તેના તાબામાં ત્રણ કૉલેજો છે, એમાં જુદા જુદા હુન્નરો શીખવવામાં આવે છે. અને તે હુન્નરો અને બીજા હુન્નરોમાં પરીક્ષા લઈ તે મંડળી સર્ટિફિકેટો આપેછે. હવે એ હુન્નરોને લગતી દરેક હકીકત ઉપલી કૉલેજોની મદદનજરમાં તથા પરીક્ષાઓને લગતી હકીકતોનાં ચોપાનીઆંઓમાં મળે છે. એ મંડળીનો મુંબઈ ખાતેનો હું આડતિયો છું, અને અહીંયાંની પરીક્ષા ઉપર ઉપરીપણું કરનારી મંડળીનો સરનશીન છું. ઘણાને ખબર નથી કે એ મંડળીની પરીક્ષાઓ આજ કેટલાંક વરસ થયાં મુંબઈમાં લેવાતી આવી છે, અને આ વરસે આશરે દશ જણ આવતા મે મહિનામાં થનારી પરીક્ષામાં બેસનાર છે. મારી ખાત્રી છે કે એ મંડળીની ઈરાદો અને કામકાજ જેમ જેમ આપણા દેશીઓમાં જાણીતાં થતાં જશે. તેમ તેમ એ પરીક્ષાઓમાં વધારે વધારે ઉમેદવારો આવતા જશે, અને હું કાંઇપણ શક વગર કહું છું કે બોહોળો ફેલાવો પામેલાં પત્રમાં આ મારૂ લખાણ પ્રગટ થવા પછી એ મંડળીના કામકાજ વિષે મારી ઉપર પૂછપરછના કાગળોના ઢગલા આવશે. તેના જવાબો હું મોટી ખુશીથી આપીશ. આગળ ચાલતાં એ મંડળીનું કામ હિંદુસ્તાનમાં ઘણું વધશે એમ ધારી મેં એવી સુચના કરી છે કે, એ મંડળીનો કોઈ પગારદાર આડતિયો મુંબઈમાં રાખવો, કે તે એ મંડળીનાં કામકાજથી લોકોને વાકેફ કરતો રહે, અને હુન્નરોને ઉત્તેજન આપવાનું એ મંડળીનું કામ તે હિંદુસ્તાનમાં કરે. હવે એ ૬૫ હુન્નરો કયા તેની એક ટીપ હું નીચે આપું છું:—

૧ મીઠું બનાવવાનો હુન્નર.
૨ એલકેલી પદાર્થો બનાવવાનો હુન્નર.
૩ સાબુ બનાવવાનો હુન્નર.
૪ પાંઉ બનાવવાનો હુન્નર.
૫ બીઅર અને તેની જાતના દારૂઓ બનાવવાના હુન્નર.
૬ સ્પીરીટ એટલે સખત દારૂ ગાળવાનો હુન્નર.

૭ કોલતારમાંથી બીજી બનાવટો બનાવવાનો હુન્નર.
૮ ખાંડ બનાવવાનો હુન્નર.
૯ રંગ, તેલ અને વારનીસ બનાવવાનો હુન્નર.
૧૦ તેલ, ચરબી અને મીણબત્તી બનાવવાનો હુન્નર.
૧૧ બાળવાની ગ્યાસ બનાવવાનો હુન્નર.
૧૨ લોખંડ અને પોલાદ બનાવવાનો હુન્નર.
૧૩ કાગળ બનાવવાનો હુન્નર.
૧૪ ફોટોગ્રાફ પાડવાનો હુન્નર.
૧૫ કુંભારકામ અને કોડીકામ બનાવવાનો હુન્નર.
૧૬ કાચ બનાવવાનો હુન્નર.
૧૭ ચામડાં કેળવવાનો હુન્નર.
૧૮ ચામડાં પકવવાનો હુન્નર.
૧૯ બુટ બનાવવાનો હુન્નર.
૨૦ રેશમ રંગવાનો હુન્નર.
૨૧ ઉન રંગવાનો હુન્નર.
૨૨ સૂતર રંગવાનો હુન્નર.
૨૩ સૂતરાઉ કાપડ અને લીનન નીઆરવાનો હુન્નર.
૨૪ છીંટ અને લીલન છાપવાનો હુન્નર.
૨૫ ઉન કાંતવાનો હુન્નર.
૨૬ કાપડ વણવાનો હુન્નર.
૨૭ સુતર કાંતવાનો હુન્નર.
૨૮ સુતરાઉ કાપડ વણવાનો હુન્નર.
૨૯ સણ કાંતવાનો હુન્નર.
૩૦ સણનાં કપડાં વણવાનો હુન્નર.
૩૧ રેશમ કાંતવાનો હુન્નર.
૩૨ રેશમી કાપડ તથા રીબન વણવાનો હુન્નર.
૩૩ જુત કાંતવાનો હુન્નર.
૩૪ જુત વણવાનો હુન્નર.
૩૫ લેસ બનાવવાનો હુન્નર.
૩૬ મોજાં વગેરે ગુંથવાનો હુન્નર.
૩૭ ટોપીઓ બનાવવાનો હુન્નર.
૩૮ ટેલીગ્રાફ અને ટેલીફોનનાં યંત્રો ચલાવવાનો હુન્નર.
૩૯ વીજળીના દીવા ગોઠવવાનો હુન્નર.
૪૦ ધાતુઓ ઉપર વીજળીક ક્રિયા કરવાનો હુન્નર.
૪૧ ધાતુનાં પત્રાંની બનાવટનો હુન્નર.

૪૨ ગ્યાસ અને પાણીના નળો મુકવાનો હુન્નર.
૪૩ રૂપાકામ બનાવવાનો હુન્નર.
૪૪ સોનીનો હુન્નર.
૪૫ મોટાં, નાનાં ઘડીઆળ બનાવવાનો હુન્નર.
૪૬ મિકેનીકલ એંજીનિયરનો હુન્નર.
૪૭ રસ્તા પર ચાલતી ગાડીઓ બનાવવાનો હુન્નર.
૪૮ રેલ ગાડી બનાવવાનો હુન્નર.
૪૯ છુટાં બીબાંથી છાપવાનો હુન્નર.
૫૦ શીલા છાપનો હુન્નર.
૫૧ ધાતુની બાણો બેાદવાનો હુન્નર.
૫૨ બાણો શેાધી કાઢવાનો હુન્નર.
૫૩ સ્લેટ પથ્થર બેાદવાનો હુન્નર.
૫૪ સુતારકામનો હુન્નર.
૫૫ વહાણ બનાવવાનો હુન્નર.
૫૬ વહાણ ઉપર ઓરડા અને કેબીનો વગેરે બનાવવાનો હુન્નર.
૫૭ કડીઆકામ અને સલાટકામનો હુન્નર.
૫૮ પ્લાસ્તર ઓવ પારીસ વગેરે ચીનેમાંથી રમકડાં પુલદાનો વગેરે બનાવવાનો હુન્નર.
૫૯ ફરનીચર બનાવવાનો હુન્નર.
૬૦ આટો દળવાનો હુન્નર.
૬૧ ચોપડી બાંધવાનો હુન્નર.
૬૨ ઘર રંગવાનો અને શણગારવાનો હુન્નર.
૬૩ દરજીકામનો હુન્નર.
૬૪ લકડકામનો હુન્નર (મેન્યુઅલ ટ્રેનીંગ.)
૬૫ ધાતુનો હુન્નર.

હાલ હું મુંબઇથી દૂર વસું છું તેથી એ હુન્નરોને લગતી ચોપડી મેં મુંબઇમાં દાક્તર તવરીયાને આપી છે. જેઓને એ વિષે કાંઈ પણ ખબર જોઇતી હોય, તેઓએ ભાયખલા સ્ટેશનની પાસે ત્રામવેના રસ્તાપર દાક્તર હોરમસજી તવરીયા રહે છે તેઓ પાસેથી ખબરો મેળવવી. છેલ્લે મારે એટલી સુચના કરવી છે કે દાક્તર તવરીયાને કાગળો લખી તેના જવાબો વાળવાની તસ્દી આપવી નહી, પણ જે જોઇએ તે, તેઓને ઘેર જઇને ચોપડીમાંથી ઉતારી લેવું.

આ સંબંધી મારે ઘણું જણાવવાનું છે માટે જેમ માળાના મણકામાંથી એક ઘેાડ તેમ મારી ભાષણમાળામાંનો પહેલો મણકો હું શરૂ કરું છું, અને એ

ભાષણમાળા આ અમદાવાદમાં જ આપવી જોઇએ. કેમકે એકતો મારૂં રહેઠાણ હાલ અહીં છે તેથી અહીંના લોકો પ્રત્યે મારી કાયા વાચા અને મને મારે મારૂં કર્તવ્ય કર્મ બજાવવું જોઇએ. અને હું અમદાવાદના ફાયદાને માટે જે કંઇ કહું તે મારી ફરજ જ અદા કરૂંછું, કેમકે ઉપકાર પ્રથમ પોતાનું ઘર પછી ગામ પછી પ્રગણું ઇત્યાદિ નિયમ પ્રમાણે જ થાયછે. અને એજ અનુક્રમ પ્રમાણે મેં અમદાવાદમાં ભાષણ આપ્યું છે. બીજું હિંદુસ્તાનના બીજા ભાગોની સાથે મુકાબલો કરતાં વ્યાપારની બાબતમાં સર્વ કરતાં ગુજરાત શ્રેષ્ઠ છે. કેમકે મદ્રાસ જાઓ કલકત્તે જાઓ કે હિંદુસ્થાનના ઘણા ભાગમાં ફરો તો તમને ગુજરાતના વ્યાપારી મળી આવવાના; અને ગુજરાતનાં બીજાં શહેરો કરતાં વ્યાપારની બાબતમાં અમદાવાદ શ્રેષ્ઠ છે એમાં લગાર પણ શક નથી. મુંબાઇથી ઉતરતે નંબરે મીલના વ્યાપારની બાબતમાં અમદાવાદ છે, અને અહીંનાં કારખાનાં જોયાથી કહી શકું છું કે જે બોબીનનું કારખાનું હિંદુસ્થાનના કોઈ પણ ભાગમાં નથી તે અહીં છે. વળી ધંધા રોજગારમાં જુનામાં જુનાં ઘણાં શહેર ઉતરતી સ્થિતિમાં આવતાં જાયછે અને તેમાં વસ્તી ઓછી થતી જાય છે, તેની જહોજલાલી દેશાવરોમાંથી માલ લાવ્યા છતાં ઉતરતી જાયછે. તેવા સમયમાં અમદાવાદ સર્વથી ચઢતી સ્થિતિ, મનુષ્ય સંખ્યા તથા વ્યાપારના ધમધોકાર વ્યવહારમાં આવેછે. અહીં ભાષણ આપવું ઉપયોગી છે. કેમકે મીલો, કાચની ફેકટરી, બોબીન ફેકટરી, મેચ ફેકટરી, મેટલ ફેકટરી, ચોખા ખાંડવાની ફેકટરી, લાકડાં કાપવાની ફેકટરી, રંગાટીનું કારખાનું, આટો દળવાનું કારખાનું, લોઢું અને તેના સંચા બનાવવાનું કારખાનું, ગાલીચા બનાવવાનું કારખાનું, કેાતર કામ, વાજીંત્ર બનાવવાનું કારખાનું, બરફ બનાવવાનું કારખાનું, લાકડાં વહેરવાનું કારખાનું, એટલું જ નહિ પણ ઇંટને નળીયાં બનાવવાની નવી ફેકટરીઓ અહીં થાયછે. ચામડાં બનાવવાનું કારખાનું પણ નિકળ્યું છે; માટે આ અમદાવાદ જ હુન્નરની બાબતમાં શ્રેષ્ઠ નિવડશે, અને અહીંથી જ હુન્નરને ઉત્તેજન મળશે. જ્યાં મદદ મળે ત્યાં કાયિક, વાચીક ને માનસિક ઉદ્યોગ થાય તે સારૂં છે."

આપણે બધા જાણીએ છીએ કે આપણી રાજકરતી સરકાર હુન્નરને ઘણું ઉત્તેજન આપે છે એ રાજ જ હુન્નરને લીધે વધારે આમદાની ભેગી કરે છે. આખી પૃથ્વીમાં ઉદ્યોગની બાબતમાં તપાસ કરીએ તો જર્મનિ અને ઈંગ્લાંડ ચઢીઆતે નંબરે છે એમ કહીએ તો તે ખોટું નથી. માટે હુન્નરની બાબતમાં પ્રથમ તજવીજ કરી તેને ઉત્તેજન મળવાને યત્ન કરવો એ દરેક નર નારીનો ધર્મ છે. હાલના સમયમાં ધંધા વિષે વધારે ચર્ચા કરવાની અગત્ય છે. કેમકે આજથી ત્રીસ વર્ષ પહેલાં થોડું ઘણું શીખેલાને ટપોટપ નોકરી મળતી હતી. લખેલા ઉપરથી ઉતારો કરનારાનો

પણ ભાવ પૂછતો. ખાનદાન માણસો જેની યાદશક્તિ લગાર સારી હોય તેને પણ ખાનદાની ઉપર જગા મળતી, અને તે પણ ન્યાયની અદાલત કે ફોજદારી કોર્ટોમાં. તેમનો સઘળો આધાર તેમના નાયબના ઉપર હતો. અને તેઓની વાર્તા આપણા જુના જમાનાના વૃદ્ધોને હાલ પણ કરતા સાંભળીએ છીએ કે અમુક મોલવી અથવા અમુક દેસાઈ આકરામાં આકરો સવાલ પૂછાવતા. એવા વખતમાં ભણવાની આટલી કાળજી હતી નહિ, પણ સુભાગ્યે ગુજરાત વર્નાકયુલર સોસાઇટીના પ્રયત્નથી તથા સરકારની અંતઃકરણની આએસથી વિદ્યાનો વધારો ઘણો થતો જાય છે. અગાઉ થોડું ઘણું અંગ્રેજી ભણેલાને રેલવે થયાથી સારી નોકરી મળેલી અને તેમને ઘણો પગાર મળવાથી પોતાની જીંદગી સારી રીતે ગુજરતા આપણે જોઇએ છીએ. નોકરોની અછતને લીધે સ્કુલોની સ્કુલો ખાલી થઈ જતી. નોકરો એટલા મોંઘા હતા. હાલ નોકરોની કરનો એવો સુકાળ થયો છે કે એક જગા ખાલી થાય તો સારા ભણેલાઓની ૧૦૦ અરજીઓ આવે, અને તેમાંના ૫૦ની સારી ભલામણ થાય. ઘણાખરા ઊંચી કેળવણી લે છે. મોચી, ધાંચી, અને ખાલપાનાં છોકરાં પણ સારૂં ઇંગ્રેજી ભણી નોકરી ખોળે છે; તેથી હાલમાં બી. એ. હોય તેને રૂ. ૨૦) નો પગાર પરાણે થાયછે. મેં સાંભળ્યુંછે કે બી. એ. ની અરજીઓ ઘણી ફાઇલ થઈછે, અને એક બી. એ. ને પ્રથમ તલાટીની નોકરી આપી હતી. હાલમાં આપણે અહીં જોઇશું તો કેટલા બધા ગ્રેજ્યુએટો છે. ડાકટરોનાં પાટીયાં પોળે પોળે ચોટેલાં છે, આર્ટીકલ્ડ કલાર્કોની જગા ખાલી થાય તો ઘણા ઉમેદવારો તૈયાર છે. બારીસ્ટરોમાંના કેટલાક માંખો ઉરાડે છે. તે આફીસના ભાડા જેટલું પણ રળી શકતા નથી. બાપ અથવા સસરા આપે ત્યારે બારીસ્ટર સાહેબનું પોષણ થાય. વિલાયત ભણેલાની કમાણી પણ ઓછી થઈ ગઈ છે, અને હાલચાલ લોકોને નોકરીને નોકરી જ કરવી સૂજે છે. તેથી પોતાના બાપદાદાનો ધંધો ભૂલી જઈ પારકા ઉપર આધાર રાખવાની વખત આવી છે. ધંધો શિખવ્યા વગર અને કર્યા વગર આપણાં છોકરાંની ભવિષ્યની જીંદગી સારી થશે નહિ. ધંધા નહિ શીખવાથી ઘણાખરા રૂના અને બીજા સટ્ટા (અને એવા ધંધા કરી પાયમાલ થઈ જાય છે છતાં તે જ) કરનારા બજારમાં દેખાય છે, "માટે ભણીને કરવું શું?" એ પ્રશ્નનો ઉત્તર "હુન્નર શીખવો" એ નિકળે છે. વગર ભણે હુન્નર કરવો એમ કહેવું નથી, પરંતુ છોકરાને વિદ્યાભ્યાસ સાથે હુન્નરની કેળવણી પણ આપવી જોઇએ.

માબાપોએ છોકરાંને જ્ઞાનનો વધારો થવા તથા તેની વિવેક શક્તિને વધારવા પ્રાથમિક કેળવણી ઉપરાંત ઉંચા દરજ્જામાં ઓછામાં ઓછું મેટ્રીક સુધી તો ભણાવવું જોઇએ. જેને પરમેશ્વરે શક્તિ આપી છે તેમણે તો બી. એ. સુધી અભ્યાસ કરવો જોઇએ. જેનાથી એ કરતાં વધારે અભ્યાસ થાય

તેને તે કરવાની મનાઈ નથી; પરંતુ એવા અભ્યાસીઓએ યદાર્થ વિજ્ઞાન અને રસાયન શાસ્ત્ર પૂર્ણ રીતિએ શીખવાં જોઇએ. ઓછામાં ઓછો અભ્યાસ સ્કુલ ફાઇનલ સુધી કરેલો હોય તો જ આ વખતમાં બીજા ધંધા શીખવાને લાયક થાય છે. કેમકે તેમાં ધંધા સંબંધીનાં મૂળતત્વનું કંઇક શિક્ષણ હોય છે, માટે એટલો અભ્યાસ પણ લાભકારી છે. આટલું થયું એટલે આપણાં છોકરાંનો હુન્નરમાં પ્રવેશ થયો એમ સમજવું નહિ; પરંતુ આપણી હાલત બીજા દેશોની સાથે મુકાબલો કરતાં નિરાધાર છે. કોઈ પણ વસ્તુ આપણે બીજાની મદદ વગર કરી શકવાને શક્તિમાન નથી, એટલું જ નહિ પણ સોયને ટાંકણી જેવી હલકામાં હલકી વસ્તુનો આધાર પારકા દેશ ઉપર રાખવો પડે છે. આ દેશમાં બનતી ચીજોનો કાચો માલ બીજા દેશમાં જાય છે, ને ત્યાંથી સારી વસ્તુઓ બની હરવર્ષ આવે છે. નિરૂપયોગી ચીંથરાં સરખાં પણ બીજા દેશમાં જાય છે ને ત્યાંથી શોભીતા રંગબેરંગી કાગળો અહીં આવેછે. સિવિલ સર્વિસ જેવી વિકટ પરીક્ષા આપી પાસ થનારાથી પણ દેશની દોલત સંબંધી સ્થિતિ સારી થવાની નથી. હુન્નરની કેળવણી ઘણી ફેલાશે ત્યારે જ દેશનું દળદર ફીટશે. આપણાં છોકરાં બીજા દેશનાં છોકરાં કરતાં મંદબુદ્ધિનાં નથી, આપણાં છોકરાં બીજા દેશનાં છોકરાં કરતાં કમજોર નથી, આપણાં છોકરાંની બીજા દેશનાં છોકરાં કરતાં મનશક્તિ બગડેલી નથી, આપણાં છોકરાં બીજા દેશનાં છોકરાં કરતાં લક્ષપૂર્વક અવલોકન શક્તિમાં તથા ભણવાની મહેનતમાં કંટાળી જાય એવાં નથી, આપણાં છોકરાં બીજા દેશનાં છોકરાં કરતાં ઉછાંછળાં નથી, આપણાં છોકરાં બીજા દેશનાં છોકરાં કરતાં અનીતિમાન નથી. ત્યારે આપણે બીજા દેશથી શા કારણથી ઉતરતા છીએ તેનો વિચાર કરવો જરૂરનો છે. વિચાર કરતાં આપણામાં મંડ્યા રહેવું એ ગુણ ઓછો છે એમ માલમ પડે છે. બીજા દેશના લોકો એ ગુણને લીધે જ નવી નવી કળાઓ શોધી કાઢી સંપૂર્ણતા મેળવે છે અને હુન્નરને લીધે જ તે દેશની સંપત્તિ વધે છે. રાજ્યકીય પરિષદ, સામાજીક પરિષદ, અને ધાર્મિક પરિષદ એ સભાઓ સ્થપાઇને દેશની જ્ઞાનસંપત્તિ વધારે છે એ ખરૂં છે, પણ દેશની યોગ્યતા વધારવાને હુન્નરની કેળવણી મળવાની પરિષદો સ્થપાવાની વધારે જરૂર છે; કેમકે આખી દુનિયાંનાં મહા રાજ્યોમાં ઇંગ્લાંડનું રાજ્ય સર્વોપરી ગણાય છે તેનું મોટામાં મોટું કારણ હુન્નર છે. અને વ્યાપારને લીધે દરેક રાજ્યમાં પૈસા ધીરવા વગેરેનું કામ અંગ્રેજ લોકો કરેછે. અને હાલમાં જર્મની પણ એ બાબતમાં ચઢતું જાયછે. એ દેશોના દાખલા જોવા તે કરતાં આપણા ભારત દેશની નજીકના જાપાન જેવા નાનકડા ટાપુનું હુન્નર બળ જુઓ. ત્યાંનો માલ અહીં કેટલો બધો આવેછે. ત્યાંની, દીવાસળીની પેટી પાઇ પાઇએ વેચાયછે છતાં મોટો નફો આવે છે. જે દેશ

વીશ વર્ષ પહેલાં કશી ગણત્રીમાં નહતો તે હાલ કેવી મોટી જાહોજલાલી ભોગવે છે? એની રાજ્યસત્તા તથા વ્યાપારી રીતભાત ઘણી ચઢીઆતી છે; એમ બીજા હુન્નરમંદ લોકો પણ કબુલ કરેછે. માટે એ સંબંધી કેળવણીની મોટામાં મોટી જરૂર છે. એ માટે હુન્નરને ઉત્તેજન આપવાને જેમ ગુજરાત વર્નાકયુલર સોસાઇટીએ ફંડો ભેગાં કરી વિદ્યાનો વધારો કરવા યત્ન કરેલો છે તેમ મોટાં મોટાં ફંડો એકત્ર કરી હુન્નરને ઉત્તેજન આપવા પ્રયત્ન કરવાની જરૂર છે. હુન્નરથી જ દેશને ફાયદો છે. એનો નજીકનો અમદાવાદ મીલોનો દાખલો ઉઘાડો છે. અમદાવાદમાં મીલો છે અને તેને લીધે ત્યાં ઘણાં માણસનું ગુજરાન ચાલે છે. એ સિવાય એ મીલો તેમના માલેક અને તેના લાગતા વળગતા તથા રૂ ખરીદ કરનાર, વ્યાપારી, દલાલો, શેર દલાલો અને એનાથી ઉપાર્જીત થએલા પૈસાથી રાખેલા ઘરના નોકરો અને કાપડના વ્યાપારી એ સર્વની રાજી અને ગુજરાન નભાવવાનું મુખ્ય સાધન છે. એથી આખા અમદાવાદનું તો શું પણ ભરતખંડના ઘણા લોકોનું ગુજરાન ચલાવાય છે

પરદેશથી આવેલી વસ્તુઓના નમુના જોઇએ તો તેમના ઉપર Made in Germany or Japan or England એવી છાપ હોય છે. જાપાન જેવો અર્ધ જંગલી દેશ કેવો સુધરી ગયો છે! જેજે કારખાનાં તમે ઇંગ્લાંડમાં જુઓ તેતે કારખાનાં જર્મનિમાં છે. જર્મનિ નૌકાસૈન્ય, રેલવે, ટેલીગ્રાફ, છત્રીઓ, દીવાસળીઓ, વગેરે ઘણા હુન્નરોમાં ફાવી ગયું છે.

હુન્નર કરનારને પોતાને જ ફાયદો છે એટલું જ નહિ પણ તેના જાતિ ભાઇઓને એ ઘણો ફાયદો છે. સારો ભણી ગણીને નોકરી કરનારો માણસ થયો અને ગરીબ પાઘડી બાંધનાર કે રસોઈ કરનારો થયો તો તેમાં સુખી કોણ છે તે તપાસીએ. મેટ્રીકયુલેશનમાં પાસ થનારને લાગવગ અને સીફારસથી પરાણે રૂ ૧૫) મળે પણ મોચીને ઉપ રૂપીઆ પગાર આપતા છતાં તે નોકરી કરવાને ના પાડે છે. જો કે સવારથી તે સાંજ સુધી જોડા શીવે છે તોપણ તે પોતાના ધંધામાં સ્વતંત્રતાથી જેવો ફાવેછે અને સુખી છે તેવો પગારદાર નથી. તે વિષે નીચેની કવિતા અધ્યયન કરવા લાયક છે.

ભુજંગી.

સહુથી સદા શ્રેષ્ઠ વ્યાપાર સારા, બીજા સર્વ ધંધા ઉતરતા બિચારા;
ગુલામી દશા સર્વથી જે નકામી, બળી ચાકરી આકરી દુઃખકારી. ૧
નહિ નાતના જાતના તે નઠારા, કરે નોકરી તેજ એવા બિચારા;
ન લાગે કદી જેથી પ્યારી પથારી, બળી ચાકરી આકરી દુઃખકારી. ૨
નથી સત્યવાદી તણું કામ એવું, ગુલામીપણું સામટું શીર લેવું;
પગારો બજ્યા મોટ મોટા પગારી, બળી ચાકરી આકરી દુઃખકારી. ૩

ઘણા જણ નોકરી મેલ્યાથી સારા ધંધાને લીધે પ્રખ્યાત થયાછે. તેમાંના ઓનરેબલ રા. બ. રણછોડલાલભાઇએ નોકરી છોડી વ્યાપાર કર્યો તો તે સુખી થયાછે. હાલ તેમની બુદ્ધિનો કસ પણ વેપારથી જ વધ્યોછે એમ કહીએ તો ચાલે. નોકરીમાં રહ્યા હોત તો લખપતિ થાત નહિ. તેમણે કેટલાં બધાં માણસને રાજીએ લગાડ્યાં છે? એ એમણે સારૂં કામ કર્યું છે. ભણી ગણીને બારીસ્ટર, સોલીસીટર, સીવિલ સરવંટ કે મિલિટરીમાં કર્નેલ સુધી ચઢ્યા હોત તો પોતે પેદા કરત, પણ બીજાને રાજી આપી શકત નહિ. માટે વ્યાપારના કામકાજમાં પડેલાં માણસો પોતાનું ગુજરાન ચલાવે છે, તથા બીજાને ગુજરાન ચલાવવાના મોટા સાધનરૂપ થાય છે, અને તેમનો મેળવેલો પૈસો લૌકિક કામમાં પણ સારો વપરાય છે. ઉદાર દીલના માણસ તો તેનો ઉપયોગ સારી રીતે કરે છે. એટલે ઉદ્યોગશાળા, ધર્મશાળા, પુસ્તકશાળા, કન્યાશાળા, ઉપદેશશાળા કરી લોકોને સુખી કરવા તરફ વધારે લક્ષ આપી શકેછે.

હુન્નર કળા શિખવા મંડનારને નીચેની ચેતવણી ઉપર લક્ષ આપવાની જરૂર છે. નવો ધંધો શીખનારે નાઉમેદ થવું ન જોઇએ, પણ હીમત રાખવી. એક વખત ભૂલથી કે બીજા કારણથી કરેલો પ્રયોગ રદ જાય તો બીજીવાર તે પ્રયોગ કરવો પણ આરંભેલો ઉદ્યોગ છોડી દેવો નહિ. કેમકે જે માણસ આરંભેલું કામ છોડી દે છે તે કનિષ્ઠ ગણાય છે. ઉદ્યોગ કરવામાં તથા હુન્નર વધારવામાં મોજમજા ભોગવવાની છોડી દેવી જોઇએ, અને નવા હુન્નરોમાં ધ્યાન આપી વધારવાની ઇચ્છાથી મંડ્યા રહેવું એટલે મોજમજા ભોગવવાનું મન થશે નહિ. હુન્નર શીખતી વખત ઘણી ધીરજ રાખવી જોઇએ, એટલું જ નહિ પણ કારખાનાં ચલાવતી વખત પણ ધીરજનો ખપ પડે છે. જે જે હુન્નરો હાલ સંપૂર્ણ સ્થિતિમાં આવ્યા છે તેનો ઇતિહાસ તપાસીએ તો તે ચલાવનારાને અને શોધ કરનારાને ઘણું સંકટ વેઠવું પડેલું છે, પણ આખરે તેઓ કૃતેહમંદ થએલા છે એમ માલમ પડશે. માટે કૃતેહ મેળવવાને ધીરજની ઘણી જરૂર છે. નવા હુન્નરો શોધનાર તથા કરનારને સ્વહસ્તે મહેનત કરવી પડે છે. ઓણીન કે દીવાસળીને વાસ્તે લાકડાં ને તેનાં યંત્રોની ક્રિયા જાતે મહેનત કર્યા વગર અને નહિ, તેમ કેટલીક ક્રિયાઓ દેખાડી શકાય નહિ એવી પણ હોય છે. માટે જાત મહેનત કરવાની ખરેખરી જરૂર છે. આપણા લોકોમાં એવા વિચાર અને કહેવતો ચાલતી આવેલી છે કે અમુક જાતના લોકોથી અમુક ધંધો થાય નહિ તેથી કેટલાક અકલવાળા ધંધા અજ્ઞાન માણસોના હાથમાં જ રહે છે. બ્રાહ્મણ દરજીનું કામ કરી શકે નહિ પણ ભીખ માગી શકે, દરજીથી મોચીનું કામ થાય નહિ, આબરૂદારથી હલકો રોજગાર થાય નહિ, એવી આડો રાખેલી છે એ નુક-

શાનકારક છે; માટે ધંધો શિખવામાં અને કરવામાં કોઈ પણ પ્રતિબંધ જોઇએ નહિ. એ બાબતની યુક્તિઓ બાબતે મિ. તલાટીની જાતમાહીતી અને અનુભવનાં ફળ જણાવવાં જરૂરનાં છે.

૧. કેટલાએક એમ ધારે છે કે "કાજીજી કહેનેકે કરનેકે નહિ. એ કહેવત પ્રમાણે ફક્ત કહેવાનુંજ રાખવું એ યોગ્ય લાગેલું નહિ, તેથી જે જે વિચાર આવ્યા તે પ્રમાણે પોતે શોધ કરતા ગયા. અને શોધમાં ચામડાંનો ધંધો પસંદ પડવાથી તે પોતાના પુત્રને શીખવવાના જુદા જુદા ઉપાય લીધા. મિ. તલાટી પોતે બોલીને નહિ પણ કરીને બતાવવા સારૂ પોતાના દીકરાને સવાર સાંજ કારખાનામાં મોકલવા મંડ્યા. તેમણે તેને ધંધા ઉપર રૂચિ થવાને સલાહ ને ઉશ્કેરણી આપવામાં બાકી રાખી નથી. તેના દોસ્તદ્વારા વારંવાર કહે કે આવા નીચા ધંધાનું કામ કોણ કરે, એ કામ તો ચામડીયાનું છે. આવા માણસના છોકરા જે ચામડાને સિપાઈ સરખા હલકા નોકર અડે નહિ તેવા ધંધામાં સામીલ થાય એ મોટી નામોશી છે, એમ કહેનારને ઉપદેશ કરી સમજાવવાનું કઠણ કામ એમણે બહાદુરીથી કર્યું છે. આવા કામમાં ઘણી મુશ્કેલી નડેલી પણ તેની દરકાર ન કરતાં છોકરાને ચામડાં રંગવાનું અને પકવવાનું શિખવાનો બોધ આપ્યો. પણ એવું શીખવનાર જ મળવા કઠણ થઈ પડ્યા અને પ્રથમ પ્રયત્નમાં રંગો બગડી ગયા અને નુકશાન થયું, તો પણ તેમણે છોકરાંને એ ધંધો શીખવવાને પાછી પાની કહાડી નહિ. એવામાં મિ. પ્રોકનરની સારી મદદ મળી તેથી ધંધો હાથે બેસવા મંડ્યો, અને થોડાક ચામડાના નમુના બનાવી દોસ્તોને આપ્યા. તેમણે ચામડાં પસંદ કર્યાં, પણ વેચવાની મોટી મુશ્કેલી આવી પડી તે કામમાં આખર ફતેહ મેળવી તેથી તેમના આનંદની સીમા નથી. કેમકે હાથે મહેનત કરવાની છોકરાને ટેવ પડવા લાગી. મેલાં અને ચામડાની ગંધવાળાં કપડાં સાથે છોકરો ઘેર આવે અને લોકોના બોલવા ઉપર કંઈ પણ દરકાર રાખે નહિ. જે જે છૂપું રાખવા જેવું હોય તે છૂપું રાખતાં સારી રીતે શીખ્યો. હાલમાં ફતેહ મળવાથી ધંધા સંબંધી બાબત શિખનારાને મિ. તલાટી પોતે તેમનો છોકરો અને ડાક્તર તવરીયા જોઈ એ તેટલી મદદ આપવા તૈયાર છે. હુન્નર સંબંધી સર્વ માહિતી City and guilds of Loddon Institution ની ચોપડીઓમાં યથાસ્થિત મળી આવે છે, અને જે પરીક્ષા આપવા અગર સંશય દૂર કરવા ઉપરના ગૃહસ્થોને પૂછે તેને યથાસ્થિત બતાવવા તેઓ તૈયાર છે. વિલાયત માંથી હુન્નર બાબતના સલાહકારો મેળવી આપવા અને બરી મદદ આપવા પણ તેઓ તૈયાર છે. ધંધા શાસ્ત્ર સંબંધી પુસ્તકો હાલમાં જોઇએ તેટલાં ઇંગ્રેજી ભાષામાં છે. વખત મળશે તો જુદા જુદા હુન્નરોની હકીકત આપવા

મી. તલાટીની ખુશી છે. અને અમને આશા છે કે તેમણે આજ જે બોલવું છે તેનાં મિષ્ટ ફળ બોલાવાનો વખત આવશે અને તે વખત બધા તેમને ઉપકાર સાથે સંભારશે.

સબળા

અથવા

સ્ત્રી જાતિનું પ્રાબલ્ય.

લખનાર રા. રા. દેવરામ શિવરામ દ્વિવેદી.
સાંધણ પુ. ૪૨ ના પૃષ્ઠ ૨૯૧ થી.

મનહર.

પતિ મહા મૂર્ખ હોય જ્ઞાન શૂન્ય હોય કદિ,
નારીને નડે અતિશે નારી સહે સારી તે;
નઠોર ગમાર પાપી પરિપૂર્ણ હોય પણ,
ડાહી નારી સમજાવે વારે વારે વારી તે;
હોય તે છકેલ કદિ ને ભમેલ ભૂત ભૂંડો,
નમી નમી નરમ નરમ બને નારી તે;
નિશ્ચય સહન શીલ નારીની સમાન કોઇ,
નહિ હોય નર માટે કહો ધન્ય નારીને. ૧
સહન કરે છે તેથી નિર્બળ કહો ન તેને,
એતો ખરે નારી તણું માન ને મોટાઇછે;
સહન કરેછે દુઃખ દારિદ્ય તમામ નારી,
હાય આજે દુઃખના ડુંગરથી દટાઇ છે;
નડેછે નમેરી નરો નિર્બળ નારીને અતિ,
તોય નારી નરોથકી ગુણમાં ગવાઇ છે;
છેક જે છકેલ બની ફાવે તેમ ફાટી જાય,
ધિક્ક એવા નરો તણી નીચ નકટાઇને. ૨

ઇંદ્રવિજય.

નારીનીં વાત ન ધ્યાન ધરે ઉચરે મુખથી કટુ વાક્ય કુછંદી,
ફંદી અરે નિજ હોય તથાપિ કહે બહુ નારીની જાતિ જ ફંદી;
બંદી કરી ઘરમાં નિજ નારી કહે જગમાં સહુ નારી નઠારી,
સારી નઠારી ન નારી પિછાની દમે દિનનીશ નરો નિજનારી. ૩

મનહર.

ગામમાં બજારમાં વિદેશમાં અધમ નરો,
ગરીબડી ગાય જેવા જોતાં વરતાયછે;
ધાંધલ કરેછે તેઓ ઘરમાં આવી વિશેષ,
બેશ બહાદુરી થકી નારી નમાવાયછે;
ધિક્કાર ધિક્કાર તેવા નામના નરોને અતિ,
અવિચારીઓથી દેશ સૌભાગ્ય તજાયછે;
નારીઓને ગોંધી ગોંધી દેશને દુર્બલ કર્યો,
કારણમાં નારીઓ અજ્ઞાન કહેવાયછે. ૪
કદાપિ કરે ન એવો લેશ મનમાં વિચાર,
શાથી નારી જ્ઞાન-હીન દુર્બલ ગણાયછે;
જુઓ કોઈ દુનિયાના દેશમાં વિશેષ ભાઈ,
વિના વાંકે નારીઓના હક્ક ક્યાં હણાયછે ?
સકળ સ્થળોમાં સહુ સમયમાં નારીઓને,
સારી પેઠે આજે માન મળતું જણાયછે;
દુઃખની વિશેષ વાત વધારે શું કહું આથી,
હાય ! હિંદવાણી હક્ક હિંદમાં હણાયછે. ૫

ઇંદ્રવિજય.

ખૂબ મથી મનથી તનથી સુધરી નિજ દેશ સુધારક સારા,
સ્વાર્થ તજે પરમાર્થ કરો પ્રતિદીન દયા દિલમાં ધરનારા;
દેશ હિતેચ્છુ નરો કમરો કસી નારીની નિર્બલતા હણિ પ્યારા;
ઐકય કરી ધરી ધીર ઉરે સહુ ઉન્નતિ માટ સજો જ સુધારા. ૬

આડંબર.

(લખનાર દેવરામ શિવરામ દ્વિવેદી.)

જેનામાં જે ન હોય તેનામાં તે ખોટી રીતે દેખાડવાનો પ્રયત્ન કરવો તેનું નામ આડંબર. આડંબર એ પરિણામે મિથ્યા જ છે. તેના અનેક પ્રકારછે, તેથી તે પૃથક્ પૃથક્ વર્ણવવા દુર્ઘટ છે. તો પણ તેનાં કેટલાંક રૂપ અહિં બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આડંબર એ હમેશાં નિંદાજનક છે, કેમકે તે એક જાતનું જૂઠછે. લઘુતા દબાવી રાખીને કૃત્રિમ ગૌરવ બતાવવું એજ તેનો મુખ્ય હેતુ હોય છે. તે સત્ય ઢાંકી રાખીને અસત્ય આચરવાનો ઉપાય છે. અર્થાત ખરી વાત

છુપાવી રાખીને જે ખરૂં નથી, તે લોકોને ખરા તરીકે બતાવીને છેતરવાની તેમાં ધારણા હોયછે. આડંબર કરનારને વેશધારી કહીએ તો ચાલે. કોઈ કોઈ વખતે એ આડંબર કરનારા વેશધારી બહુરૂપી પણ નિવડે છે.

આડંબર કરનાર જ્યારે પોતાનું રૂપ લોકોની નજરમાં જૂદા જ પ્રકારનું દેખાડવા ધારેછે, ત્યારે તે પોતાનો રંગ, પોતાનો વેશ, પોતાનું ઘર, પોતાનો માલ, પોતાનો અભ્યાસ, પોતાની શક્તિ કે પોતાની જે ચીજ વડે લોકોને અંજાવવાના હોયછે, તે ચીજમાં ખોટું, હલકું, કાચું, જૂદી જાતનું, ઓછી કીંમતનું અને અયોગ્ય મેળવે છે. પણ તે સઘળી આખી વસ્તુઓ જોતાંજ બીજાને મોહક અને દિલ પસંદ કરી મૂકેછે, એટલું જ નહિ પણ એવા માણસની વાણીમાં એવીતો મિઠાશ ભરેલી હોયછે, તેનું વર્ત્તન એવું તો સરળ હોયછે, કે તે જોતાં જ બીજાને જણાયકે વાહ ! કેવી પારમાર્થિક વૃત્તિ છે ! સુજ્ઞ અને વિચારવાન માણસો તેની આ ખોટી સરળતા,-ખોટો ડોળ ઝટ જાણેછે ખરા, પણ વખતે શરમથી કે વખતે બીજ કોઈ કારણથી તેના માલનું કે તેના બોલનું ખરાપણું સ્વીકારે છે. આમ જાણ્યા છતાં તેનો તિરસ્કાર અને ત્યાગ કરનારા માણસો પ્રમાણમાં બહુ હોતા નથી, પણ તેઓનાં આવાં આચરણથી જનમંડળને જે નુકસાન થાયછે, અને પોતાથી એવા ધૂર્ત્ત માણસોને જે આશ્રય મળેછે, તેનો જરા ખ્યાલ કરીને તેમણે શરમાવું જોઇએ, અને એવાઓને ઉત્તેજન નહિ પણ ધિક્કાર આપવો જોઇએ.

આડંબરનું સ્વરૂપ એવું તો મોહક અને ભપકાદાર હોય છે કે અજ્ઞાન લોકો તો દીવામાં જેમ પતંગીયું પડે છે, તેમ તેમાં આંખો મીંચીને એકદમ ઝંપલાવે છે, કેમકે આડંબરનો પ્રકાશ તેના ઉપર એટલો બધો પડે છે કે તેથી તે તરત અંજાઈ જાય છે. આગળ પાછળ વિચારવાનો અવસર પણ મળતો નથી. વિશેષ તો એવું હોય છે કે એમ ભૂલ ખાઇને આડંબરના તેજોમય ભપકામાં કંઈ તે એકલોજ પડતો નથી, પણ પોતાના સ્નેહીઓને અને આજુબાજુના બીજા લોકોને લઇને ઝંપલાવે છે, એટલે તે બીજા અજ્ઞાન લોકોને પણ ભૂલ ખવરાવે છે. આવું પરિણામ પશ્ચાત્તાપ અને દુઃખ સિવાય બીજું કવચિત જ આવે છે. આડંબર જોઇને માત્ર અજ્ઞાન લોકો જ અંજાઈ જાય છે એમ નથી. ઘણીવાર સાધારણ લોકો અને કવચિત્ ભણેલા અને ઉચ્ચ પંક્તિના લોકો પણ અંજાઈ જાય છે. આડંબર કરનાર પોતે તો પરિણામે મહાન દુઃખોનો ભોગ થઈ પડે છે, પણ કોઈ કોઇવાર એવું જોવામાં આવે છે કે એવા વેશધારીઓ મોટા જનમંડળને કવચિત્ એવી મોટી ભૂલ ખવરાવે છે કે તેથી ઘણા માણસોની જીંદગી ખરાબ થાય

છે, અને દુનિયામાં એવા પાયમાલ થઈ જાય છે કે આખી જીંદગીમાં ફરી ઉઠવા પામતા નથી.

આડંબરથી સાધારણ જનસમાજ પ્રથમ છેતરાય છે, પરંતુ પરિણામે તે આડંબરકારીનો તે આડંબર કાચા રંગની પેઠે છેક નામૂદ થઈ જાયછે. આવી સાધારણ સમજ ઘણા લોકોમાં હોયછે જ. તથાપિ આડંબરની ઘેલછા આડંબરનો ચસકો દુનિયામાં સર્વ સ્થળે લોકોને અસત્યમાર્ગમાં દોરતો અને મહા પાપમાં ધકેલતો જોવામાં આવે છે. આડંબર અન્ય લોકોને મોહ પમાડે છે, તેથી એવા મિથ્યાડોળી લોકો પ્રથમ ખાટી જતા જોવામાં આવે છે.

આડંબરથી ઉલટો શબ્દ સાદાઈ છે. સાદાઇને હમેશાં સરખુ સન્માન મળતું નથી. સાદાઈ કેટલીક વખત જગતનાં કેટલાંક અસત્યોમાં દબાઈ રહે છે. તેથી સાદાઇને ઇચ્છનાર માણસો ઘણી વખત લાભ પામતા નથી; એટલું જ નહિ પણ કવચિત્ નુકશાનમાં અને કવચિત્ બીજા જોખમમાં ઉતરી જાય છે. સાદાઈમાં જે સત્યતા રહેલી છે, તે સત્યતાની સાથે જનાર સાદો માણસ–આડંબરકારી અથવા જૂઠાણું પ્રસરાવનારા અને ખોટી રીતે લોકોને છેતરીને લાભ કાઢી લેનારાનો–ભોગ થઈ પડે છે.

આપણે ભૂલી જવું નહિ જોઇએ કે ઉપર કહ્યું તેમ સાદાઈમાં ઘણી વખત સત્વ અને સત્ય હોયછે એ ખરૂં, પણ આજકાલ સાદાઈ એ પણ એક જાતના આડંબરનું સાધન થઈ પડયું છે. કેટલાકનો ઇરાદો એવો હોય છે કે ઉપરથી સાદાઇનો ડોળ ઘાલવો, અને અંદરખાનેથી બતાવવું અથવા કહેવું કે જુઓ અમે સાદા છીએ, અમારી પાસે આડંબર નથી, અમે અસત્ય ભાષી નથી, અમે ડોળી નથી; એટલું જ નહિ પણ તેઓ લોકોને મહોંએ એવું બોલે છે કે અમે હોહા કરનારા નથી, અમારૂં અમારાપણું લોકો જાણે કે ન જાણે તેની અમને દરકાર નથી, અમે લોકો પાસેથી કંઈ પણ મેળવવા ઇચ્છતા નથી. આ અને આ સિવાય તેમનું બીજું બોલવું એમ સૂચવે છે કે અમે ધન, માન કે ઐશ્વર્યને ઇચ્છતા નથી; મળે તો ભલે, ન મળે તો પણ ભલે; અમે તો સરળ અને માત્ર સરળ છીએ. આવા લોકોની ગર્ભિત ઇચ્છા એવી હોય છે કે પોતાને માટે લોકોના મનમાં ઊંચો ભાવ ઉત્પન્ન કરવો, અને એ રસ્તે મળતો લાભ લઈ લેવો અથવા ખ્યાતિ મેળવવી. આવા માણસો પેહેલા કરતાં વધારે લુચ્ચા હોય છે, અને ઘણે ભાગે નિર્ધન પણ હોય છે. કદાપિ પ્રથમ તેની પાસે પૈસો હોય છે, તો સાદાઈ પકડ્યા અગાઉ ગુમાવેલો હોય છે.

મારૂં કહેવું એમ નથી કે જગત્ આંધળું છે. ખચિત જગત્ દેખતું

જ છે, અને ન્યાયી છે. પણ જ્યાં સુધી સાદાઈ ઢંકાઈ રહે છે, જ્યાં સુધી જગત્ની આંખ તેના ઉપર પડતી નથી, જ્યાં સુધી જગત્ના કાનમાં તેની સત્યવાત પેસતી નથી, ત્યાં સુધી ખરી સાદાઈ પણ દબાયલી જ રહે છે. આથી સર્વેએ જાણવું જોઇએ કે સાદા પણ સત્વવાન અને સત્યવાન માણસોએ લોકોમાં કોઈપણ રીતે–સભ્ય હોહા કરીને કે બીજી કોઇ રીતે જાહેરમાં આવવાની જરૂર છે.

આડંબરકારનો મુખ્ય મુદ્દો મોટાઈ અથવા ગૌરવ મેળવવાનો હોય છે. પરંતુ દેશના લોકો જ્યાં સુધી તેનું ખરૂં સ્વરૂપ જાણતા નથી, ત્યાંસુધી તેને લોકો તરફથી ધન અને માન મળે છે, પણ જ્યારે તેનું ખરૂં સ્વરૂપ જાહેરમાં આવે છે, ત્યારે લોકો તરત સમજે છે કે આતો ગધેડે વાઘચર્મ ધારણ કર્યું છે. આ વખતે તેનો આડંબર એકદમ તૂટી પડે છે. કેમકે તેના આડંબરથી છેતરાયલા લોકો તેના ઉપરના ખારથી પોંચા કરડતા હોય છે. તેઓ ઠામ ઠામ તેનું થૂકું ઓલે છે, અને તેને નુકશાન કરવાના ઉપાયો આવા લોકો ચોમેરથી યોજવા લાગે છે. આનું પરિણામ ઉપર કહ્યું તેમ તેના વિનાશનું કારણ થઈ પડે છે. પછી પશ્ચાત્તાપ અને આંસુ એ તેનાં હથિયાર અને ધંધો થઈ પડે છે.

આડંબર કરનારા લોકોને પોતાનો નીચ ધંધો ધમધોકાર ચાલતો હોય છે તેવે વખતે જગતના મહાન ન્યાયાધીશનો ડર હોતો નથી, નીતિ એ શું છે તે તેમને તે વખતે સમજવામાં આવતું નથી. ન્યાય શું છે એ ખચીત ઘણે અંશે દુનિયાના સર્વ લોકો સમજે છે. પોતે અન્યાય માર્ગે ચાલીને જે પાપ કર્મ કરવામાં રાત્રિદિવસ જોડાયલા હોય છે, તેઓ પોતે સારી પેઠે સમજે છે કે આ કામ આપણે અઘટિત કરીએ છીએ. ચોરી કરવા જતાં ચોર, અને ખૂન કરવા જતાં ખૂની માણસ પોતે સારી પેઠે સમજે છે કે આ અમે અન્યાય કરીએ છીએ. વળી તેઓ એમ પણ સમજે છે કે જનમંડળનું અહિત કરીને અમે અમારો સ્વાર્થ સાધીએ છીએ. આ કામની શિક્ષા અમને જનસમાજ તરફથી કોઇકે દિવસ પણ મળવી જોઇએ, તેમ જ ઈશ્વર પણ અમારા આ કામને માટે ખચિત નારાજ હોવો જોઇએ. આટલું છતાં તેના મનના સંસ્કાર જૂદી જ રીતે થયેલા હોઇને તથા તે કામમાં તેનું મન ઘડાઈ રહેલું હોઇને તેઓ પોતાનો માર્ગ છોડતા નથી. જેમણે સેકસપિયરનું લુક્રિશ્યસ નાટક તથા ફકીરજી એદલજીકૃત અમીરઅલી એ બે એતિહાસિક ઘટનાનાં પુસ્તકો વાંચ્યાં હશે, તેમને ઉપલી વાત સહજ સમજાશે.

આવા લોકો દુનિયાનું કેટલું અનિષ્ટ કરે છે, તેનો કિંચિત્ ખ્યાલ આપણે આપણા મનમાં કરવો જોઇએ. તેઓ પોતેજ પોતાનું અને જનમંડળનું જે

અકલ્યાણ કરે છે, તે સિવાય બીજું ઘણું અનિષ્ટ તો એ થાય છે કે શીળી કોલેરા ઈત્યાદિ ચેપી રોગોની પેઠે આ દુર્ગુણ પણ બીજાને લાગેછે. આની અસર બીજા લોકોને થાય છે. બીજા લોકો તેમ કરવા લલચાય છે, અને તેથી એની સંખ્યામાં વધારો થાય છે. ચેપની અસર અથવા સંગતનું ફળ અનિવાર્ય છે. આથી આ લોકો દુનિયાનું અનિષ્ટ કરનાર એક મહાન ઉપાધી છે.

મોટી આગનું મૂળ એક ચિનગારી હોયછે, સઘળાં અનિષ્ટનું મૂળ પણ નજીવું હોયછે, તેમ સઘળા દુર્ગુણનું મૂળ પણ નાનું અને નજીવું હોયછે. એ નાનાં અને નજીવાં મૂળો જ ડાળાં, પાંખડાં અને ફળ, ફૂલનું કારણ હોયછે. નાનાં અને નજીવાં કારણોએ જ વધી વધીને દુનિયામાં મહાભારત કાર્ય–અકાર્ય કર્યાંછે. આથી એવું અનુમાન થાયછે કે મૂળે તો કોઈ એક જ માણસ આડંબર કરનાર હોવો જોઇએ. હાલ આખી દુનિયામાં જે આડંબર વિસ્તર્યો છે, તે તે એકની જ અસર અથવા ચેપ હોવો જોઇએ.

જ્યારે આવા લોકો ઉઘાડા પડી જાયછે, ત્યારે કેવળ ફાંફાં મારેછે, પશ્ચાત્તાપ કરેછે, અને આંસુ પાડીને ભવિષ્યને કે બીજા કોઇને દોષ દેછે. જો કે એક વખત પાછા પડ્યા પછી આવા લોકો છેક નિરાશ થતા નથી, તો પણ જેઓ નિરાશ થઇને બેશી રહેછે, અથવા ખરો માર્ગ પકડેછે, તે ઘણું કરીને ઓછા લુચ્ચા, ઓછી અક્કલવાળા અને કંગાળ હોયછે. આવી રીતે પાછા પડેલા લોકો ઘણીવાર પેલા સત્યની આંગળીએ વળગીને જનારા ખરી સાદાઈવાળાનો આશ્રય લે છે. આથી વખતે તે ઠરી ઠામ બેસે છે પણ ખરા. પણ જેઓ પૂર્ણ લુચ્ચા અને બુદ્ધિમાન હોયછે, અને પોતાની બુદ્ધિનો ઉપયોગ એવા અસત્ય માર્ગમાં કરતા હોયછે. તેઓ એકવાર પાછા પડીને શાંત થતા નથી, કેમકે તેમનું મન રબ્બરના દડાનું વધારે અનુકરણ કરતું હોયછે. આથી તેઓ વધારે ને વધારે વિવિધ પ્રકારથી દુનિયાને છેતરવાના ઉપાયો શોધી કહાડેછે, પરંતુ છેવટે આડંબર ઉઘાડો પડ્યા વગર રહેતો નથી, તેથી ઘણી ઠોકરો ખાધા પછી બહુ મોટી ઉમ્મરે અથવા વૃદ્ધાવસ્થાએ લોકોના બહુ બહુ ધિક્કાર અને અપમાન પામીને પશ્ચાત્તાપ કરતા કરતા પોતાની શેષ રહેલી અધમ જીંદગી મહામહા દુઃખમાં ગુજારેછે.

દૃષ્ટાંતિક દોહરા.

સાંધણ પાને ૩૪૬ થી.

નહિ દીઠી નહિ સાંભળી, સમજ પડે શી રીત;
કૂવાનો જે દેડકો, સાગર વાત શૉં ચિત. ૨૨

પ્રીત ન છૂપે પેચથી, જોતાં તરત જણાય;
સૂરજ કિરણે સેંજમાં, પદ્મ પ્રફુલ્લિત થાય. ૨૩
પાસ તૂટે નવ પ્રેમનો શૂરો કાયર થાય;
વાંસ કેરીદે ભ્રમર પણ કમળ નહિ કોરાય. ૨૪
વિવેક વિણ વિદ્યા અચિત, જગમાં જોખમકાર;
શું મણિધારક સર્પ નહિ, કદિ ડંખ દેનાર. ૨૫
અકડ મરે અભિમાનથી, નરમ જીવે જગમાંય;
તરુ પડે તોફાનમાં, લતા નમી બચી જાય. ૨૬
કંજુસ ધન સાંચી મરે, બીજો ભોગી થાય;
માખી મધપુડો કરે, માનવી લૂંટી જાય. ૨૭
દુર્જન પાસ ન રાખવો, હોય કદી સુખદાય;
કાળપ ટાઢે કોયલે, ઉને દેહ દઝાય. ૨૮
બે નન્નાથી હા ભને, જો ધારી દિલ માંય;
સ્લેટ પેન કાળાં થકી, અક્ષર શ્વેત લખાય. ૨૯
જ્યાં જેવી સંગત જડે, તેવા ત્યાંહ થવાય;
પવને રજ ઊંચે ચઢે, જળમાં કાદવ થાય. ૩૦
અતિ ક્ષમા સારી નથી કરવો કંઈ પણ ક્રોધ;
ડસવું બંધ કરે ભલે પુંફાડો નવ રોધ. ૩૧
વણ કારણ બોલે બહુ, દ્વિગુણ નમાવી આપ;
દગાબાજ બમણું નમે, ચોર સિંહને ચાપ. ૩૨
બાહુ બળ બહુ હોય પણ, સહાયના ભર્યો ભાળ;
અર્જુન સુતનો અંગો વિણ, થયો કમોતે કાળ. ૩૩
સૌને રસ ભરી ભાગતી, સાસરીઆંની જાલ;
વિષ્ણુ પણ સાગર વિષે, વર્સોયા ધરી વહાલ. ૩૪

જમસેદજી નસરવાનજી ટાટાના રુના પાક વિષેના પત્રનો સાર.

(સાંધણ પૃષ્ઠ ૩૪૭ થી)

સાધારણ રીતે બોલીએ તો કપાસનું વાવેતર માર્ચ્ચ ૧લીથી ૩૦ મી સુધી થાય છે અને કાલાં ઉતારવાનું કામ નવંબરના પહેલા પખવાડીઆમાં પુરૂં થાય છે. કાલાં ઉતાર્યા પછી કપાસની સોટીઓ કાપી લેતા નથી પણ છેવટ

સુધી ઉભી રહેવા દે છે. ઉપર કહેલે વખતે ખેડાણ થાય છે અને બીજે કે ત્રીજે ખેડાણે સોટીઓ ઉપડી આવે છે. કપાસને બે જાતના નુકશાનનો ભય છે. એક તો તેને ચેળો ખાઈ જાય છે. તે ચેળાનો એકજ ઈલાજ અત્યાર સુધી આપણે જાણીએ છીએ. તે એકે જે પાંદડાં ઉપર તેનાં ઈંડાં અથવા કૂદાં જોવામાં આવે તે પાંદડાં કાઢી નાંખવાં. જો ઈંડાં પાકચા પહેલાં આ પ્રમાણે રોજ કરવામાં આવે તો આના જેવો સરળ ઉપાય બીજો એકે નથી પણ જો ઈંડાં પાકી જાય તો પછી ખેતરમાંથી ચેળો નીકળવાની જ નહિ. ઘણીવાર તો સખત ગરમી પડવાથી જ ચેળાનાં ઈંડાં ને ચેળ બંનેનો નાશ થાય છે અને તે ઈજીપ્તમાં વધારે વાર બને છે. બીજી હરકત ઝાકળથી થાય છે, અને તેનો ઉપાય માણસના હાથમાં નથી. તે ઑગષ્ટ અને સપટંબરના વચલા ભાગમાં આવે છે. જો તે ઑગષ્ટમાં આવે છે અને સૂર્યોદય થયા પછી પણ રહે છે તો ભારે નુકશાન કરે છે. તેને લીધે ત્રણ આની ઝીંડવાં અને નવા ફાલનાં આવતાં ત્રણ આની ફૂલ ખરી પડે છે અને પરિણામે પાક ત્રણ આની ઓછો ઉતરે છે. જો કાલાં ફૂટ્યા પછી ઝાકળ પડે તો બહુ નુકશાન ન થાય. અને સપટેંબરના દિવસ જેટલા જાય તેટલા પ્રમાણમાં નુકશાન ઓછું થાય. અકટોબરની શરૂઆત સુધી ઝાકળ ન પડે એવું કવચિતજ બને છે. પણ જ્યારે જ્યારે તેમ બને છે ત્યારે ત્યારે માલ સારો અને ઝાઝો ઉતરે છે.

ઈજીપ્તના ઉંચા પ્રદેશમાં કપાસ થોડાં વરસથી જ કાંસમાં સુધારો થયા પછી વાવવા માંડચો છે. ઉષ્ણતા માપક યંત્રમાં છાંયડે પારો ૩૦° સેં. અથવા ૮૬° ફે. ચઢે છે તે વખત કપાસ વાવવાને અનુકૂળ છે. ઈજીપ્તમાં કપાસ લોઢવા માટે પ્લૅટનાં બનાવેલાં યંત્ર વપરાય છે. એક કલાકમાં ચરખાદીઠ સો રતલ ચોખું રૂ નીકળે છે. જો ત્રણસે રતલ કાચું રૂ ચરખામાં નાંખે તો તેમાંથી સો રતલ ચોખું રૂ અને બસેં રતલ કપાશીયા નીકળે છે. દરેક કારખાનામાં એક્ટાઈટ નામનો એકકો ચરખો હોય છે. તે અમેરીકામાં મૂળ બનેલો હતો. તેમાં દાંતા હોય છે તેથી ગાંગડીનું રૂ પણ છુટું પડી શકે છે. પ્લૅટના ચરખામાં તે કપાશીયા ભેગું જ જતું રહે છે.

ઉપરની બધી બાબતો, પ્રથમ કહ્યું છે તેમ, માત્ર ઈજીપ્તના વાવેતર નેજ લાગુ પડેછે. ઈજીપ્તમાં માર્ચમાં શરૂઆત થાયછે તેને બદલે હિંદુસ્તાનમાં અકટોબરમાં શરૂઆત કરવી જોઇએ. અને હવા પાણી તથા જમીન ઉપર લક્ષ રાખી સઘળા સંસ્કાર વખતસર કરવા જોઇએ. ખેડ, ચાસ, વીગેરેના કામમાં ભરૂચ જીલ્લાના આપણા ખેડુતો પોતાનાં ઓજાર સારી રીતે વાપરી જાણેછે. બરોબર છેટું રાખીને કપાસ હાથે વતી જ વાવવો જોઇએ

છે. હળવામાં એક વાત યાદ રાખવાની છે તે એ કે જે હારમાં બી વાવવાં હોય તે હારની માટી રોપને ઉખડી પડવા ન દે એટલી જોઇએ. આથી બીજો ફાયદો એ છે કે નાનાં મૂળાડીયાંને ફેલાવાને જગા મળેછે અને તે મૂળાડીયાં વડે પાણી અને જમીનનાં પોષક તત્વ તે રોપ સહેલાઇથી ચૂસી લઈ શકેછે.

ઈજીપ્તમાં કપાસને પાકતાં સાત આઠ માસ થાયછે અને હિંદુસ્તાનમાં પણ સ્થાનના પ્રમાણમાં લગભગ એટલો જ અથવા કંઇક ઓછો વખત લાગવાનો સંભવ છે એ વાત ખેડુતે ભૂલવાના નથી. આ હિસાબે કાલાં ઉતરતાં બે માસ અથવા ચોમાસું બેસવાનો વખત થાયછે. પણ ઈજીપ્તના બીનાં કાલાં ઘણી સહેલાઇથી ઉતરે છે, કેમકે ૧૫ દિવસમાં તો બે વાર કાલાં ઉતરે છે. ઈજીપ્તમાં જ્યાં જ્યાં જમીન રસાળ હોય છે ત્યાં ત્યાં કાલાં ઉતાર્યા પછી જાર અથવા બીજું અનાજ વાવે છે. પણ આપણી ઋતુના ફેરફાર પ્રમાણે અહીં મકાઈ અથવા જાર વાવવી જોઇએ અને બીજા પાકને માટે જમીનમાં પ્રથમ ખાતર પૂરવું જોઇએ.

ઉપરના વિચાર પ્રકટ કર્યા પછી હું ફરીને વિનતિ કરૂં છું કે જે ગૃહસ્થોને આ વિષયમાં સ્વાર્થ હોય અથવા ગમત પડતી હોય તેમણે આ વિષે પોતાના વિચારો મને જણાવવા કૃપા કરવી, અને જો તે સંબંધી કોઈ પણ બાબતનો ખુલાસો જોઇતો હોયતો કૃપા કરી મંગાવવો."

कवि शेख सादिकृत गुलिस्तानमांथी भाषान्तर.

राज्यकर्ताओनां लक्षण.

(सांधण पृष्ट ३३५ थी.)

वार्ता ४ थी.

आरब लूटाराओनी एक टोळीए एक पहाडनी टोच उपर मुकाम कर्यो हतो, अने काफलाओनो रस्तो रोकयो हतो. आसपासना शहेरोनी प्रजा तेमना छळभेदथी भयभीत थई हती. तथा राजानुं लश्कर हारी गयुं हतुं. कारण के तेमणे पोतानुं अगम्य रहेठाण पहाडनी टोच उपर आश्रय तरीके पसंद कर्युं हतुं, ते जीह्वाना राज्याधिकारीओए तेमनो उपद्रव अटकावववाने साटु सलाह करी अने विचार्युं के जो आ टोळी ए ज प्रमाणे केटलाक वखत सुधी जारी रहेशे तो तेमनी सामां थवुं अशकय थई पडशे.

हरिगीत छंद.

जन एक अल्प श्रमे उखाडे मूळमांथी जे तरु,
थड तेनुं ऊंडुं जमतां उखडे न यंत्र बळे अरु;

નાનો ઝરો જે પાવડે રોકાય પાળ કર્યા થકી.
વધિ જાય તો વારૂણના બળથી ન તે અટકે નકી.

છેવટે એક જણને તેમની શોધમાં મોકલવાનો ઠરાવ કરીને લાગ જોઈ બેઠા. તેવામાં એક વખત લૂટારૂઓ મુસાફરોની ટોળી પાછળ ગયા હતા અને મુકામ ખાલી રહ્યા હતો. આ લાગ જોઇને કેટલાક કસાએલા અને અનુભવી સિપાઈઓને મોકલવામાં આવ્યા. તેઓ પહાડના એક કોતરમાં સંતાઈ બેઠા. રાત્રે જેવા લૂટારૂઓ થાકયા પાકયા લૂટ લઈ પાછા આવ્યા અને સામાન ઠેકાણે કરી હથિયાર શરીર ઉપરથી છોડી પરવાર્યા કે નિદ્રાએ શત્રુની પેઠે તેમના ઉપર હુમલો કરી વશ કર્યા.

દોહરો.

[1]યૂનસ પેગમ્બર ગયા, મીન મૂખમાં જેમ;
સૂર્ય બિંબ ડૂબી ગયું, અંધકારમાં તેમ.

બહાદુર સિપાઇઓ પોતાના ગુમ રહેઠાણમાંથી બહાર કૂદી પડ્યા. અને દરેકના હાથ તેની બાંધે બાંધ્યા. સવારે બધાને રાજાની હજૂરમાં લાવી ઉભા કર્યા. રાજાએ તેમને ગર્દન મારવાનો હુકમ કર્યો. એવું બન્યું કે આ લૂટારાઓ ભેગો એક તરૂણ હતો જેની જુવાનીનું સૌંદર્ય ખીલવાની તૈયારીમાં હતું અને જેના ગાલરૂપી બાગની લીલોતરી તરત જ થવા માંડી હતી. પ્રધાન મંડળ માંહેલા એકે રાજ્યાસનના પાયાને ચુંબન કરી પરાર્થ પ્રાર્થના કરવા માથું જમીન ઉપર મૂકયું અને કહ્યું કે આ જુવાનીઆએ અદ્યાપિ પર્યંત જીવનરૂપી વાડીમાંથી ફળ પ્રાપ્ત કર્યું નથી અને યુવાવસ્થાનો ઉપભોગ કર્યો નથી. તેથી આપની રાજવંશી ઉદારતાથી આશા રાખું છું કે આની દેહાંત શિક્ષા માફ કરી મુજ સેવક ઉપર ઉપકાર કરશો. રાજાને આ વાત પસંદ પડી નહિ અને તે (પ્રધાન) ના ઉંચા અભિપ્રાય સાથે મળતો આવ્યો નહિ. તે બોલ્યો.

દોહરા.

જાતી ગુણ જે જન તણા, હોય ખરાબ વિશેષ;
તેને સજ્જન સંગની, અસર ન લાગે લેશ.
કુપાત્ર જન કેળવણિથી, સુધરે નહી લગાર.
જેમ અખોડ ઘુમટ ઉપર, ટકે નહિ પળવાર.

એમના તોફાની વંશનું નિકંદન કરવું અતિ ઉત્તમ છે અને તેમનો વંશ મૂળમાંથી ઉખેડી નાંખવો એજ ડહાપણ છે. કારણ કે અગ્નિ બોલવી

૧ એ પ્રાચીનકાળમાં એક પેગમ્બર હતા એમને માટે એવું કહેવાય છે કે દરિયાકિનારે ફરતાં તેમને એક માછલી ગળી ગઈ હતી અને તે ઈશ્વરની કુદરતથી તેના પેટમાંથી પાછા નીકળ્યા હતા.

રાખવો અને ચણગારીઓ રહેવા દેવી, સર્પને મારી નાંખી તેનાં બચ્ચાંને જીવતાં રાખવાં એ ડાહ્યા માણસનું કામ નથી.

વસંતતિલકા છંદ.

આકાશમાંથિ કદિ અમૃત વૃષ્ટિ થાય, આવે ન તોય ફળ નેતરને કદાય;
ના સંગ નીચ નરનો કરિ કાળ ખોશો, ના વાંસમાંથિ કદિએ મિઠિ માંડ જોશો.

આવું ભાષણ સાંભળીને પ્રધાને તે, નાખુશીથી પસંદ કર્યું અને રાજાના ઉત્તમ અભિપ્રાયનાં વખાણ કર્યાં. અને કહ્યું મહારાજની ગાદી અમર તપો, મહારાજે જે કંઈ ફરમાવ્યું તે અક્ષરશઃ વાજબી અને નિર્વિવાદ છે, પણ જો એ નઠારાઓની સોબતમાં કેળવણી પામે તો તેમના ગુણ એનામાં આવે અને તેમની સાથે ભળી જાય. પરંતુ સેવક આશા રાખે છે કે સજ્જનોની સોબતમાં કેળવાશે તો તે ડાહ્યાઓના ગુણ શીખશે કારણ કે હજુ એ નાનો છે અને એ ટોળીની બંડખોર અને કુટિલપણાની ટેવોની અસર હજી એનામાં થઈ નથી.

ચોપાયા.

પુનિત [1]નૂહનો પૂત્ર હતો પણ, ભ્રષ્ટ જનોમાં ભાવ્યું,
કુસંગતી કરિતો પેગમ્બરી, કુળનું મૂળ કપાયું;
હતો શ્વાન [2]અસહાબ કહેફનો, પણ જન પવીત્ર સાથે,
સુસંગમાં બહુ દિવસ રહ્યા તો, મનુષ કર્યો જગનાથે.

આવું બોલ્યો અને રાજસભા તેની સાથે રાજાને પરાર્થ પ્રાર્થના કરવામાં સામેલ થઈ તેથી રાજાએ તેને સૂળીએ ચઢાવવાનો વિચાર માંડી વાળ્યો અને કહ્યું, જો કે મને ઉચિત નથી જણાતું તો પણ હું માફી આપું છું.

ઉધોર છંદ.

[3]રૂસ્તમ પુત્ર પ્રત્યે જાલ, બોલ્યો આણિ અંતર વ્હાલ;
અરિને તુચ્છ ગણિને ઉર, નિર્બળ જાણવો ન જરૂર.
છે જોયા પ્રસંગ અનેક, વીસરવા ન મનથી છેક;
જોનાનો ઝરો વધિ જાય, ઊટ બોજા સહીત તણાય.

૧ એ અસલના વારામાં એક પેગમ્બર થઈ ગયા. ૨ એક વખત દુનિઆના લોકો અધર્મી થઈ ગયા હતા ને ફક્ત છ સાત ફકીર પરહેજગાર રહ્યા હતા, તે ઈશ્વર ભક્તિ કરતા. તેઓ એક પર્વતની ગુફામાં ગયા અને ઘણીક મુદતલગી તેમાં રહ્યા. તેમની સોબતમાં એક કૂતરો હતો તે પણ તેમના જેવોજ પરહેજગાર બન્યો હતો. તેથી તે મરણ પામ્યો ત્યારે માણસના જેવો તેનો આત્મા થયો હતો એવી કથા છે. ૩ એ ઈરાનમાં અસલ એક મોટો યોદ્ધો હતો ને એના બાપનું નામ જાલ હતું.

ટુંકામાં છોકરાને લાલન પાલનથી ઉછેરવામાં આવ્યો અને એક વિદ્વાન વિદ્યા ગુરૂને તેની કેળવણીને વાસ્તે નીમ્યો. તેણે સુભાષિતપણું, વાદવિવાદ, અને રાજદરબારી સભ્યતા તેને શીખવ્યાં, તેથી તે સૌને પસંદ પડયો. એક દિવસ પ્રધાન તેની કુશળતાનું વર્ણન રાજાની આગળ કરવા લાગ્યો અને બોલ્યો કે વિદ્વાનોની કેળવણીએ તેના ઉપર અસર કરી તેની મૂળની અજ્ઞાનતાને તેના મનમાંથી દૂર કરી છે, અને સૌજન્યતાના ગુણોએ તેનામાં પ્રવેશ કર્યો છે. મહારાજા આ સાંભળીને હસ્યા અને બોલ્યા,

દોહરો.

કદિ ઉછરે વરૂ બાળ જો, રહિ જનમાં બહુ કાળ;
ફરે સ્વભાવ ન છેવટે, થાય વરૂ વિકરાળ.

આ વાતને બે વરસ વીતી ગયાં. શેરીના ભટકેલ લોકો સાથે તે છોકરો ભળી ગયો, લાગ આવેથી પ્રધાનને તેના બે પુત્રસહિત મારી નાખ્યો અને અખૂટ ખજનો લઈ લૂટારૂઓની ગુફામાં પોતાના બાપની જગ્યાએ જઈ ભરાઈ ગુનેહગાર થયો. બાદશાહે અચંબો પામી પોંચા કરડ્યા અને કહ્યું,

સવૈયા એકત્રીશા.

રાશી લોઢાની શી પેરે, પાણીદાર બને તરવાર,
કુપાત્રને કેળવો ભલે પણ, કોઈ સમે ન સુપાત્ર થનાર;
જુઓ દૃષ્ટિ એ મેઘ વૃષ્ટિનો, ગુણ સૃષ્ટિમાં એક સદાય
તોય વાડિમાં ગુલાબનાં તરૂ, ખાર-ભુમીમાં થોર જ થાય.

દોહરા.

ઉગે ન છોડ ગુલાબના, ખાર-ભૂમિમાં છેક;
તો શ્રમ રૂપ બી શિદ વ્યવો, ધરો ન કેમ વિવેક ?
બની દયાળુ દુષ્ટપર, જે જન કરે ભલાઈ;
તે સજ્જનની સાથ જ્યમ, તેણે કરી ભુંડાઈ.

વાર્તા ૬ ઠ્ઠી.

ઈરાનના એક રાજા વિષે એવું કહેવાય છે કે તેણે રૈયતની મીલકત ઉપર પોતાનો જુલમી હાથ લંબાવ્યો હતો અને અન્યાય તથા અધર્મ એટલે સુધી કરવા માંડયો કે લોકો કંટાળીને પરદેશ જઈ વસવા મંડયા. જ્યારે વસ્તીમાં ઘટાડો થયો અને તેથી કરીને મહેસુલમાં નુકસાન થયું ત્યારે અજનો ખાલી રહેવા માંડયો અને દરેક દિશામાંથી શત્રુઓ ચઢાઈ કરવાને તત્પર થયા.

પદ.

વસ્તીના લોકે બિમ્ર સાથે પાડયો વાંધો. એ રાગ.
માયાળુ મનથી, જન જાતિનું હીત કરશો.
વિપત્તિની વેળાએ દુશ્મન, દુઃખનો દરિયો તરશોરે. ટેક.
સંકટમાં અન્યની મદદને, જો કદિ ઇચ્છો જાતે.
તો શાન્તિમાં ઉદારતાથી, વરતો સૌની સાથેરે. માયાળુ૦ ૧
વફાદાર પરિપૂર્ણ હશે જો, દાસ તમારી પાસે,
કરુણા કેરી નજર વિનાતો, તે પણ અંતે નાસેરે. માયાળુ૦ ૨
માટે રાખો ટેવ નિરંતર, પૂર્ણ કૃપાળુ પણાની,
બને બિજા પણ કૃતજ્ઞ સેવક, મળે સહાય ઘણાનીરે. માયાળુ૦ ૩

એક સમયે કચેરીમાં શાહનામાનું પુસ્તક વાંચતા હતા, તેવામાં ઝુહાકના રાજ્યની પડતી અને ફરીદુનના ઉદય વિશેની વાત આવી. પ્રધાને રાજાને પૂછયું કે ફરીદુનની પાસે ધન અને લશ્કર એમાનું કશું એ નહોતું, તે છતાં તે રાજ્ય શી રીતે સંપાદન કરી શકયો ? બાદશાહે જવાબ દીધો, તેં સાંભળ્યું નથી કે લોકો તેની તરફ ભેગા થયા અને તેને સહાય કરી? તેથી તેને રાજ્ય મળ્યું. પ્રધાને પ્રતિઉત્તર કર્યો કે હે રાજન્! જો રૈયતનું ભેગું થવું બાદશાહી મેળવવાનું સાધન છે તો તું શા માટે તેમને વિખેરાઈ જવા દે છે? પણ મને એમ લાગે છે કે રાજ્ય કરવાની તારી ઇચ્છા નથી.

દોહરો.

પ્રેમે સેના પાળવી, એમાં પૂરૂં હીત;
રાજ્ય ભોગવે ભૂપતિ, સેના બળે અચીત.

બાદશાહે પૂછયું કે લશ્કર ભેગું કરવાનું શું સાધન છે? પ્રધાને જવાબ દીધો કે બાદશાહે ઉદારતા રાખવી જોઇએ કે જેથી લોકો તેની પાસે ભેગા થાય અને દયા રાખવી જોઇએ કે જેથી તેના આશ્રય નીચે તેઓ નિર્ભય રહે. અને તારી પાસે તો આ એમાનું એકે નથી.

દોહરા.

રાજ્ય કદી ન કરી શકે, જુલમગાર ભૂપાળ;
કેમ થાય ઘાતક વરૂ, ઘેટાંનો રખવાળ.
નાખ્યો પાયો જુલમનો, જે મહિપે થઈ ક્રુર;
તેણે તો નિજ રાજ્યનું, ખોદયું મૂળ જરૂર.

રાજાને પ્રધાનનો ઉપદેશ ગમ્યો નહિ તેથી તેણે તેને બંધીખાને નાંખ્યો. આ વાતને લાંબી મુદત થઈ નહિ એટલામાં રાજાના પિત્રાઇઓ લ-

ઢવાને સજ થયા અને પોતાના બાપનું રાજ્ય પાછું લેવાની માગણી કરી. જે લોકો જુલમથી કંટાળીને પરદેશ જઈ વસ્યા હતા તે તેમને મદદ કરવા સારૂ તેમની પાસે ભેગા થયા. છેવટે એ રાજાની પાસેથી રાજ્ય છીનવી લઈ પિત્રાઇઓને આપ્યું.

ચોપાયા.

જે રાજા નિજ આશ્રિત ઉપર, જુલમ ગુજારે જારી;
સંકટ વેળા થાય સર્વ તે, નૃપ ના શત્રૂ ભારી.
સલાહ શાંતિથી વરતી જે, પ્રેમ પ્રજાનો પામે;
તે નિશ્ચય રિપુના હુમલાથી, નિર્ભય રહી વિરામે.
ન્યાય થકી વરતી રૈયતનાં, મન જીતે જે ભાવે;
સર્વ પ્રજા લશ્કર છે તેનું, શત્રૂનું શું ફાવે.

નનામિયાં રસુલમિયાં.

ઑનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. ખાડીયા કન્યાશાળાનો સન ૧૮૯૬ ની સાલનો રિપોર્ટ.

તા. ૨૮ મી અકટોબર ૧૮૯૬ નેરોજ સાંજના પાંચ વાગતાં ખાડીઆમાં સાઠોદરા નાગરના હાટકેશ્વર મહાદેવમાં સભા મંડપમાં મિસિસ લેલીને હાથે તે શાળાની કન્યાઓને ઈનામ આપવા મેળાવડો મળ્યો હતો. મહેરબાન લેલી સાહેબ તેમનાં પત્ની તથા પુત્રી, સહિત બરોબર પાંચ વાગે આવ્યા એટલે મેળાવડામાં મળેલા સર્વ ગૃહસ્થોએ તેમને ઊઠી માન આપ્યું અને તે સર્વે પોતાની જગાએ બેહા પછી કન્યાશાળાની કન્યાઓએ ગીત ગાઇને તથા કિંડર ગાર્ટનની રમત રમીને સભાસદોનાં મન રંજન કર્યાં હતાં. પછી શાળાના સેક્રેટરી રા. બ. લાલશંકર ઉમીયાશંકર ત્રવાડીએ શાળાનો હેવાલ વાંચ્યો તેનો સાર નીચે મુજબ.

સ. ૧૮૯૨ માં ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આ-ઇ. ઇ. એ ખાડીયામાં કન્યાશાળા સ્થાપવા માટે રૂ ૧૨૦૦૦. ગુજરાત વર્નાકયુલર સોસાઇટીને સ્વાધીન કર્યા હતા. તે ઉપરાંત તુરત ખર્ચવા માટે રૂ ૩૦૦. આપ્યા હતા. સોસાઇટીએ તે ફંડમાંથી સ. ૧૮૯૨ ના સપટંબર ની ૧ લી તારીખે આ કન્યાશાળા સ્થાપી.

આ કન્યાશાળામાં ટ્રેઇનીંગ કાલેજના ત્રીજા વર્ષ સુધીની કેળવણી પામેલી ત્રણ સ્ત્રી શિક્ષક છે. અને બે પુરૂષ શિક્ષક છે. શાળાનું મકાન ભાડું, પગાર, તથા સર સામાનનું મળી સરેરાશ માસીક ખર્ચ રૂ. ૫૯ થાયછે.

આ વર્ષમાં વ્યાજના રૂ ૫૬૨–૧૦–૦ સરસામાન માટે સરકારમાંથી મળેલી ગ્રાંટના રૂ ૧૦૯–૮–૨ અને ઉઘરાણાના રૂ ૯૮–૬–૦ મળી. કુલ ઉપજ રૂ ૭૭૦–૧૧–૭ થઈ છે. સરકારમાંથી મળવાની ગ્રાંટની આ વર્ષની રકમ નકિ થઈ નથી એટલે આવી નથી. ગયે વર્ષ ગ્રાંટના રૂ ૨૮૪ મળ્યા હતા. કુલ ખર્ચ આ વર્ષમાં રૂ ૭૪૮. ૧૦. ૪ થયું છે.

આ કન્યાશાળામાં નીચે પ્રમાણે બક્ષીસો મળી છે. ઓ. રા. બ. રણછોડલાલે પોતાના પૌત્રની સ્વર્ગવાસી સ્ત્રી સૌ. દેવલક્ષ્મીના નામથી સાઠોદરા જ્ઞાતીની કન્યાઓને સ્કોલર શીપ આપવાને રૂ ૧૦૦૦ નાં મ્યુનિસીપલ ડીબેંચર આપ્યાં છે. તથા તેમની ભાણેજની દીકરી સૌ તાપીબાઇના નામથી સાઠોદરા જ્ઞાતીની કન્યાઓને સ્કોલર શીપ આપવાને રૂ ૫૦૦) નું મ્યુનિસપલ ડિબેંચર આપ્યું છે. આ સ્કોલર શીપોનો લાભ આ વર્ષમાં સાઠોદરા જ્ઞાતીની ૧૬ કન્યાઓને મળ્યો છે.

મરહુમ રા. બ. રણછોડલાલ કપુરચંદ દેસાઇએ પોતાની સ્વર્ગવાસી પત્ની સૌ. જડાબબાઇના નામથી સ્કોલર શીપ આપવાને વીરમગામ સ્પીનીંગ કંપનીનો એક શર આપ્યો છે. અને તેના વ્યાજમાંથી શાળામાં જેની સારી હાજરી હોય તેવી કન્યાઓને દર માસે સ્કોલર શીપો આપવામાં આવે છે.

શેઠ મણિલાલ રણછોડદાસે બે ફંડ અહિં બક્ષેલાંછે. એક તેમના પુત્ર મોહનભાઇના સ્મારકનું અને બીજું તેમના ભાણેજ ભાઇલાલના સ્મારકનું. તેમાંથી બડાયતા વાણીયાની કન્યાઓને જૂદી જૂદી નિશાળોમાં ઇનામ અથવા સ્કોલર શીપ અપાય છે. અને આ નિશાળ તેમાંની એક છે. તેમાં ત્રીજા ધોરણમાં ચંચળ વલભદાસ, બીજામાં દીવાળી રણછોડ, પહેલામાં ધારી વીજયા તથા ભૂરી રણછોડ અને બાળ વર્ગમાં કાશી ચુનીલાલ તથા ગીરજા ત્રીકમલાલને ઈનામ મળશે.

અહિંના વતની અને વડોદરાના સર ન્યાયાધીશ રા. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇના પુત્ર મી. વૈકુંઠરાયે પોતાની સ્વર્ગવાસી માતુશ્રી રત્નકોરના નામથી બ્રહ્મ ક્ષત્રીની નાતની કન્યાઓને ઇનામ આપવાને રૂ ૫૦૦) નું પ્રોમીસરી નોટ આપ્યું છે. તેમાંથી આ વર્ષ પાંચમા ધોરણમાં પાસ થયેલી સવિતા કલ્યાણરાયને રૂ ૮ા, ચોથા ધોરણમાં પાસ થએલી હીરા લક્ષ્મી ભોગીલાલ તથા રત્નગૌરી કિરપાશંકર દરેકને રૂ ૨ાા તથા ત્રીજા ધોરણમાં પાસ થએલી કમલાગૌરી ચિમનલાલને રૂ ૨ાા નું ઇનામ આપવાનું છે.

શાળામાં કન્યાઓની સંખ્યા ૧૬૪ છે. તેમાં ૬૬ બ્રાહ્મણ ૨૫ બ્રહ્મ

ક્ષત્રી, ૩૩ મેશ્રી વાણીયા, ૭ શ્રાવક વાણીયા અને ૩૩ બીજી પરચુરણ નાતોની છે. તેમાંની ૨ છઠા ધોરણમાં, ૫ પાંચમામાં, ૧૫ ચોથામાં, ૨૫ ત્રીજામાં, ૩૩ બીજામાં, ૩૨ પહેલામાં અને ૫૨ બાળ વર્ગમાં છે.

કન્યાશાળાની સરાસરી હાજરી ૧૦૯.૮૧ છે. આ વર્ષમાં નિશાળનું કામ ૨૭૨ દિવસ ચાલ્યું હતું. ત્રીજા ધોરણની પ્રાણગૌરી ગોવિંદલાલ ૨૭૦ દિવસ હાજર હતી તેથી તેને સારી હાજરી બાબતનું ઈનામ આપવાનું છે.

આ વખત કેળવણી ખાતાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટરે થોડા થોડા વિષયોમાં નિશાળની પરીક્ષા લીધી હતી પણ રા. રા. રેવાશંકર અંબારામ ભટે બધા વિષયો તપાસ્યા હતા અને તેમની પરીક્ષામાં નીચે પ્રમાણે પરિણામ આવ્યું હતું.

ધો.	પરીક્ષામાં બેઠી.	પાસ.
૫	૩	૨
૪	૬	૩
૩	૧૬	૯
૨	૨૧	૧૧
૧	૩૦	૧૮

બાળવર્ગને કિંડર ગાર્ટન પદ્ધતિ પ્રમાણે શિક્ષણ અપાય છે.

આ શાળા સ્થાપન કરનાર બૉ. રા. બ. રણછોડલાલે જે શરતોથી તે સ્કુલ સ્થાપી તેમાં એક એ હતી કે તેમાં સાધારણ ધર્મ અને નીતિનું શિક્ષણ આપવું. અને તેથી આ બે બાબતો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. ગુજરાત વર્નાકયુલર સોસાઇટીએ આ શાળામાં ચલાવવા માટે જુદા જુદા ગ્રંથોમાંથી ધર્મ અને નીતિને લગતાં વચનોનો સંગ્રહ કરી શિક્ષાવચન નામનું પુસ્તક પ્રકટ કર્યું છે. આ પુસ્તક એવું છે કે ગમે તે પંથ કે ધર્મનો વિદ્યાર્થી તે વાંચે તો તેનું મન જરા પણ દુભાય નહિ. અને જુદા જુદા ધર્મના ઘણા વિદ્વાન માણસોએ તે પસંદ કર્યું છે. મી. રેવાશંકરે આ પુસ્તકની રચનામાં મદદ કરી છે. અને આ સ્કુલને મદદ કરવા માટે કમીટી તેમનો ઉપકાર માને છે.

ચાર વર્ષથી કન્યાઓની સંખ્યા ૧૬૦ અને ૧૭૫ વચે રહે છે. કેમકે વધારેને બેસાડવાની સગવડ નથી. ઓનરેબલ રા. બા. રણછોડલાલે શાળાના મકાન માટે રકમ આપવાની ઇચ્છા બતાવી છે. પણ આ બાડીયા જીલ્લામાં યોગ્ય જગા વેચાતી મળી શકતી નથી.

મહેરબાન લેલી સાહેબ બહાદ્દર તથા તેમનાં પત્ની અને બીજા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓએ સ્ત્રી કેળવણીના કાર્યમાં ભાગ લેવા અહીં આવવાની તસ્દી લીધી છે તે માટે તેમનો અમે ઉપકાર માનીએ છીએ.